ॐ

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

# શ્રી
# પંચાસ્તિકાયસંગ્રહ

卐

: અનુવાદક :


પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ

બી. એસ સી.


卐


: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ—૩૬૪ ૨૫૦ (સૌરાષ્ટ્ર)

* ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૭૩ *

ॐ

नमः सर्वज्ञवीतरागाय ।

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# પંચાસ્તિકાયસંગ્રહ

મૂળ ગાથાઓ, સંસ્કૃત છાયા, ગુજરાતી પદ્યાનુવાદ,
શ્રીઅમૃતચંદ્રાચાર્યદેવવિરચિત સંસ્કૃત સમયવ્યાખ્યા
ટીકા અને તેના ગુજરાતી અનુવાદ સહિત

卐

અનુવાદક :

**પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ**

બી. એસ સી.

卐

પ્રકાશક :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ–૩૬૪ ૨૫૦ (સૌરાષ્ટ્ર)

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦**


| | | | | |
|---|---|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | : | પ્રત ૨૫૦૦ | વીર સં. ૨૪૮૪ | વિ. સં. ૨૦૧૪ |
| દ્વિતીય આવૃત્તિ | : | પ્રત ૧૦૦૦ | વીર સં. ૨૫૦૨ | વિ. સં. ૨૦૩૨ |
| તૃતીય આવૃત્તિ | : | પ્રત ૧૫૦૦ | વીર સં. ૨૫૦૪ | વિ. સં. ૨૦૩૪ |
| ચતુર્થ આવૃત્તિ | : | પ્રત ૨૦૦૦ | વીર સં. ૨૫૨૯ | વિ. સં. ૨૦૫૯ |


પરમાગમ શ્રી પંચાસ્તિકાયસંગ્રહ (ગુજરાતી)ના

❀ **સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા** ❀

શ્રી ઠાકરશી કાળિદાસ મોદી (પિતાશ્રી), શ્રી જેકુંવરબેન ઠાકરશી (માતુશ્રી), હસ્તે શ્રી ગિરધરલાલ તથા વિમળાબેન, દિલિપ, જિનેશ (પુત્રો), છાયા, સોનલ, ભારતી (પુત્રી), આશા, ફાલ્ગુની (પુત્રવધૂ), દૃષ્ટિ, વિરાલી, દીયા (પૌત્રી).

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા. ૬૬=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૪૦=૦૦ થાય છે. તેમાંથી ૫૦% સ્વ૦ શ્રી શાંતિલાલ રતિલાલ શાહ તરફથી કિંમત ઘટાડવામાં આવતાં આ શાસ્ત્રની વેચાણ કિંમત રૂા. ૨૦=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત : રૂા. ૨૦=૦૦**



: મુદ્રક :

**કહાન મુદ્રણાલય**

જૈન વિદ્યાર્થીગૃહ કંપાઉન્ડ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

✆ : (02846) 244081

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અર્પણ

જેમણે આ પામર પર અપાર ઉપકાર કર્યો છે, જેમની પ્રેરણા અને કૃપાથી પંચાસ્તિકાયસંગ્રહનો આ અનુવાદ થયો છે, જેઓ શ્રી કુંદકુંદભગવાનના અસાધારણ ભક્ત છે, પાંચ અસ્તિકાયોમાં સારભૂત એવા શુદ્ધજીવાસ્તિકાયને અનુભવી જેઓ સ્વ-પર કલ્યાણ સાધી રહ્યા છે, અને જેમની અનુભવઝરતી કલ્યાણકારિણી જોરદાર વાણીના પરમ પ્રતાપે પાંચ અસ્તિકાયોની સ્વતંત્રતાનો સિદ્ધાંત તથા શુદ્ધ-જીવાસ્તિકાયની અનુભૂતિનો મહિમા ભારતભરમાં ગાજતો થયો છે, તે પરમપૂજ્ય પરમોપકારી કલ્યાણમૂર્તિ સદ્ગુરુદેવ(શ્રી કાનજીસ્વામી)ને આ અનુવાદ-પુષ્પ અત્યંત ભક્તિભાવે અર્પણ કરું છું.

—*અનુવાદક*

ૐ

# જિનજીની વાણી

[રાગ-આશાભર્યા અમે આવિયા]

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.

વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.

ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો,
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.

વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.

જિનેશ્વરદેવની વાણીના વાયરા,
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

હિંમતલાલ જેઠાલાલ શાહ

ૐ

શ્રી સદ્ગુરુદેવાય નમઃ

# ❀ પ્રકાશકીય નિવેદન ❀

## [ પ્રથમ આવૃત્તિ પ્રસંગે ]

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવપ્રણીત 'રત્નચતુષ્ટય'માંથી શ્રી સમયસાર, પ્રવચનસાર અને નિયમસારના પ્રકાશન પછી હવે આ ચોથું રત્ન શ્રી પંચાસ્તિકાયસંગ્રહ ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરીને આ સંસ્થા હર્ષપૂર્વક મુમુક્ષુઓના હાથમાં મૂકે છે. ગુજરાતી ભાષાના આધ્યાત્મિક સાહિત્યમાં આ 'રત્નચતુષ્ટય'નું સ્થાન સર્વોત્કૃષ્ટ છે.

શ્રી અમૃતચંદ્રાચાર્યદેવની સંસ્કૃત ટીકાના અક્ષરશઃ ગુજરાતી અનુવાદ સાથે આ શાસ્ત્ર ગુજરાતી ભાષામાં પહેલી જ વાર પ્રસિદ્ધ થાય છે. મૂળ સૂત્રકાર તથા ટીકાકાર આચાર્યભગવંતોનો પરિચય, તેમ જ શાસ્ત્રના વિષયોનો પરિચય ઉપોદ્ઘાતમાં કરાવવામાં આવ્યો છે, તેથી અહીં તે સંબંધી ઉલ્લેખ નથી કરતા.

પૂજ્ય ગુરુદેવે આ પરમાગમશાસ્ત્ર ઉપર અનેક વાર પ્રવચનો કરીને તેનાં ઊંડાં રહસ્યો ખોલ્યાં છે. આ રીતે અનેક પરમાગમોનો આધ્યાત્મિક મર્મ સમજાવીને તેઓશ્રી ભારતના અનેક મુમુક્ષુ જીવો ઉપર જે પરમ ઉપકાર કરી રહ્યા છે, તે ઉપકાર વાણીથી વ્યક્ત થઈ શકે તેમ નથી. જ્ઞાનપ્રભાવક ગુરુદેવના પ્રતાપે જ જૈનસાહિત્યનાં આવાં આવાં રત્નો આજે મુમુક્ષુઓને પ્રાપ્ત થયાં છે.

શ્રી સમયસાર વગેરે પરમાગમોની જેમ આ પંચાસ્તિકાયસંગ્રહ પરમાગમનો ગુજરાતી અનુવાદ પણ પૂજ્ય ગુરુદેવની પ્રેરણા ઝીલીને વિદ્વાન ભાઈ શ્રી હિંમતલાલ જે. શાહે કર્યો છે. આ પવિત્ર શાસ્ત્રોના ગુજરાતી અનુવાદનું મહાકાર્ય કરનાર ભાઈ શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ અધ્યાત્મરસિક વિદ્વાન હોવા ઉપરાંત ગંભીર, વૈરાગ્યશાળી, શાંત અને વિવેકી સજ્જન છે, તથા તેમનામાં અધ્યાત્મરસઝરતું મધુર કવિત્વ પણ છે. પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના તેઓ બંધુ છે. તેઓ ઘણાં વર્ષોથી પૂજ્ય ગુરુદેવના પરિચયમાં આવ્યા છે, ને પૂજ્ય ગુરુદેવનાં અધ્યાત્મપ્રવચનોના ઊંડા મનન વડે તેમણે પોતાની આત્માર્થિતાને ઘણું પોષણ આપ્યું છે. તત્ત્વાર્થનાં મૂળ રહસ્યો ઉપરનું તેમનું મનન ઘણું ગહન છે. શાસ્ત્રકાર અને ટીકાકાર મુનિભગવંતોના હૃદયના ઊંડા ભાવોની ગંભીરતાને બરાબર જાળવીને તેમણે આ અક્ષરશઃ અનુવાદ કર્યો છે; તે ઉપરાંત મૂળ સૂત્રોનો ભાવભર્યો મધુર પદ્યાનુવાદ પણ (હરિગીત છંદમાં) તેમણે કર્યો છે, જે આ અનુવાદની મધુરતામાં ખૂબ જ વધારો કરે છે અને સ્વાધ્યાયપ્રેમીઓને ખૂબ જ ઉપયોગી થાય છે. આ ઉપરાંત જ્યાં જરૂર લાગી ત્યાં ભાવાર્થ દ્વારા કે ફૂટનોટ દ્વારા પણ તેમણે સ્પષ્ટતા કરી

છે. આ રીતે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનાં સમયસાર, પ્રવચનસાર, નિયમસાર અને પંચાસ્તિકાયસંગ્રહ જેવાં ઉત્તમોત્તમ—'રત્નચતુષ્ટય'—શાસ્ત્રોના અનુવાદનું પરમ સૌભાગ્ય તેમને મળ્યું છે તે માટે તેઓ ખરેખર અભિનંદનીય છે. પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણા ઝીલીને અત્યંત પરિશ્રમપૂર્વક આવો સુંદર અનુવાદ તૈયાર કરી આપવા બદલ ભાઈશ્રી હિંમતલાલભાઈનો આ સંસ્થા જેટલો આભાર માને તેટલો ઓછો છે. આ અનુવાદ અમૂલ્ય છે...કેમ કે માત્ર પૂજ્ય ગુરુદેવ અને જિનવાણીમાતા પ્રત્યેની પરમ ભક્તિથી પ્રેરાઈને પોતાની અધ્યાત્મરસિકતા વડે તૈયાર કરાયેલા આ અનુવાદનાં મૂલ્ય કેમ આંકી શકાય? આ અનુવાદના મહાન કાર્ય બદલ તેઓશ્રીને અભિનંદનરૂપે કંઈક કીમતી ભેટ આપવાની આ સંસ્થાની ઘણી જ ઉત્કંઠા હતી, અને તે સ્વીકારવા માટે તેમને વારંવાર આગ્રહભરી વિનંતી કરવામાં આવી હતી, પરંતુ તેમણે તે સ્વીકારવાની સ્પષ્ટ ના જ પાડી. તેમની આ નિસ્પૃહતા પણ અત્યંત પ્રશંસનીય છે. લગભગ નવ વર્ષ પહેલાં પ્રવચનસારના અનુવાદ વખતે જ્યારે તેમને ભેટના સ્વીકાર માટે કહેવામાં આવ્યું ત્યારે તેમણે વૈરાગ્યપૂર્વક એવો જવાબ આપ્યો હતો કે ''મારો આત્મા આ સંસાર પરિભ્રમણથી છૂટે એટલે બસ,—બીજો કાંઈ બદલો મારે જોઈતો નથી.'' ઉપોદ્ઘાતમાં પણ પોતાની આ ભાવના વ્યક્ત કરતાં તેઓ લખે છે કે : 'આ અનુવાદ મેં શ્રી પંચાસ્તિકાયસંગ્રહ પ્રત્યેની ભક્તિથી અને ગુરુદેવની પ્રેરણાથી પ્રેરાઈને, નિજ કલ્યાણ અર્થે, ભવભયથી ડરતાં ડરતાં કર્યો છે.'

ભાઈશ્રી હિંમતલાલભાઈને આ અનુવાદકાર્યમાં પ્રતસંશોધન, પ્રૂફરીડિંગ વગેરે નાનાંમોટાં અનેક કામોમાં ઘણી કીમતી મદદ બ્ર૦ ભાઈશ્રી ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયાએ આપી છે, તે માટે તેમનો આભાર માનવામાં આવે છે. આ શાસ્ત્રની મૂળ ગાથાઓ તથા તેની સંસ્કૃત ટીકાના સંશોધન માટે 'શ્રી દિગંબર જૈન શાસ્ત્રભંડાર' ઈડર, તથા 'ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ' પૂના તરફથી અમને હસ્તલિખિત પ્રતો મળી છે, તેથી તે બંને સંસ્થાઓનો પણ અત્રે આભાર માનીએ છીએ. ભાઈશ્રી અમૃતલાલ દેવકરણ વોરાએ પોતાના 'અમૃત પ્રિન્ટિંગ પ્રેસ'માં ઘણી કાળજી અને હોંશપૂર્વક આ ગ્રંથનું સુંદર મુદ્રણ કરી આપ્યું છે તે બદલ તેમનો પણ આભાર માનવામાં આવે છે.

મુમુક્ષુ જીવો સહેલાઈથી આ પરમાગમનો લાભ લઈ શકે તે હેતુથી આ પરમાગમના પ્રકાશનમાં કેટલાંક ભાઈબહેનોએ આર્થિક સહાય આપી છે તેથી આની કિંમત ઘટાડીને માત્ર ત્રણ રૂપિયા રાખવામાં આવી છે. આર્થિક સહાય આપનારાં ભાઈબહેનોનો આ ટ્રસ્ટ આભાર માને છે.

મુમુક્ષુ જીવો અતિ બહુમાનપૂર્વક સદ્ગુરુગમે આ પરમાગમનો અભ્યાસ કરીને તેના ઊંડા ભાવોને સમજો...અને શાસ્ત્રના તાત્પર્યભૂત વીતરાગભાવને પ્રાપ્ત કરો...એ જ ભાવના.

વીર સંવત ૨૪૮૪
વિ. સં. ૨૦૧૪
માગશર વદ આઠમ,
કુંદકુંદ-આચાર્યપદારોહણ દિન

રામજી માણેકચંદ દોશી
—પ્રમુખ—
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)

नमः भगवत्-श्रीकुन्दकुन्दाचार्यदेवाय।
नमः श्रीसद्गुरुदेवाय।

# ❀ પ્રકાશકીય નિવેદન ❀

[ આ ચતુર્થ આવૃત્તિ પ્રસંગે ]

આ 'પંચાસ્તિકાયસંગ્રહ' શાસ્ત્ર ઘણા સમયથી અપ્રાપ્ય હોવાથી અનેક મુમુક્ષુઓની તેના પુનર્મુદ્રણ માટે માગણી ચાલુ હતી, પણ કારણવશાત્ તેનું પુનઃ પ્રકાશન શીઘ્ર થઈ શક્યું નહિ. આજે તેની આ ચોથી આવૃત્તિનું પ્રકાશન કરતાં આનંદ અનુભવાય છે.

આ શાસ્ત્રના ગુજરાતી ગદ્યપદ્યાનુવાદના રચયિતા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ (બી. એસ સી.)નો ઉપોદ્ઘાત શબ્દશઃ આ આવૃત્તિમાં લીધેલ છે. અનુવાદક શ્રી હિંમતભાઈ શાહના શુદ્ધાત્માભિમુખ આધ્યાત્મિક વ્યક્તિત્વનો પરિચય પહેલી આવૃત્તિના 'પ્રકાશકીય નિવેદન', 'ઉપકૃતભાવભીનો અહોભાવ' અને 'અભિનંદન-પત્ર'માં વિશદતાથી કરવામાં આવ્યો છે, તેથી અહીં તે વિષે વિશેષ ઉલ્લેખ કર્યો નથી.

આ આવૃત્તિનું મુદ્રણસંશોધન શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા (પ્રમુખ), બ્ર૦ શ્રી ચંદુભાઈ ઝોબાળિયા, શ્રી પ્રવીણભાઈ સારાભાઈ શાહ તથા શ્રી મનુભાઈ કામદારે કરી આપેલ છે, તથા મુદ્રણકાર્ય 'કહાન મુદ્રણાલય'ના માલિક શ્રી જ્ઞાનચંદજી જૈને સુંદર રીતે કરી આપેલ છે. તે બદલ તે સૌનો આભાર માનીએ છીએ.

આ 'પંચાસ્તિકાયસંગ્રહ' પરમાગમ વીતરાગ સર્વજ્ઞ મહાશ્રમણ (પ્રવર્તમાન મહાધર્મતીર્થના મૂળ કર્તા એવા ભગવાન, પરમ ભટ્ટારક, મહાદેવાધિદેવ શ્રી મહાવીરસ્વામી)ના વદનારવિંદમાંથી નીકળેલ અર્થમય છે, તેથી તે સફળ છે. ચતુર્ગતિભ્રમણરૂપ પરતંત્રતાની નિવૃત્તિ અને શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સ્વતંત્રતાની પ્રાપ્તિ તેનું ફળ છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવે પ્રવચનની (ભાવ તેમ જ દ્રવ્ય શ્રુતની) ભક્તિથી પ્રેરિત થઈને માર્ગની પ્રભાવના અર્થે પ્રવચનના (દિવ્યધ્વનિના) સારભૂત આ 'પંચાસ્તિકાયસંગ્રહ' પરમાગમ પ્રણીત કરેલ છે. આમાં જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે શબ્દસમયના સંબંધથી (શુદ્ધ-જીવાસ્તિકાયપ્રમુખ) અર્થસમય કહેવાનો તેમનો ઈરાદો છે. માટે મુમુક્ષુઓએ નિજ કલ્યાણ માટે આ પરમાગમનો ઊંડાણથી અભ્યાસ કર્તવ્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખે આ 'પંચાસ્તિકાયસંગ્રહ' પરમાગમ ઉપર અનેક વાર પ્રવચનો થયેલ, અને મુમુક્ષુઓને તે સાંભળવા મળેલ. હાલમાં ટેપ-અવતીર્ણ પ્રવચનો સાંભળવા મળે છે, તેથી આપણે સૌ તેમના અત્યંત ઋણી છીએ અને તેથી તેમને ઉપકૃતભાવભીનું હાર્દિક વંદન કરીએ છીએ.

આ પરમાગમ શાસ્ત્રમાં દર્શાવેલા ભાવોને યથાર્થ સમજી, અંતરમાં તદનુરૂપ પરિણમન કરી, અતીન્દ્રિય જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા અતીન્દ્રિય આનંદને સર્વે જીવો અનુભવો એવી અંતરથી ભાવના ભાવીએ છીએ.

શ્રાવણ વદ ૨,
પૂજ્ય બહેનશ્રી ચંપાબેન-૯૦મો જન્મોત્સવ
વિ. સં. ૨૦૫૯; ઇ. સ. ૨૦૦૩

સાહિત્યપ્રકાશનસમિતિ,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

# ✻ શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ ✻

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં—અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

*—હિંમતલાલ જેઠાલાલ શાહ*

ॐ

नमः सद्गुरवे।

# ઉપોદ્ઘાત

[ પ્રથમ આવૃત્તિ પ્રસંગે ]

ભગવાન કુંદકુંદાચાર્યદેવપ્રણીત આ 'પંચાસ્તિકાયસંગ્રહ' નામનું શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે.

'દ્વિતીય શ્રુતસ્કંધ'ની ઉત્પત્તિ કઈ રીતે થઈ તે આપણે પટ્ટાવલિઓના આધારે સંક્ષેપમાં પ્રથમ જોઈએ :

આજથી ૨૪૮૩ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રની પુણ્યભૂમિમાં જગત્પૂજ્ય પરમભટ્ટારક ભગવાન શ્રી મહાવીરસ્વામી મોક્ષમાર્ગનો પ્રકાશ કરવા માટે સમસ્ત પદાર્થોનું સ્વરૂપ પોતાના સાતિશય દિવ્યધ્વનિ દ્વારા પ્રગટ કરતા હતા. તેમના નિર્વાણ પછી પાંચ શ્રુતકેવળી થયા, જેમાં છેલ્લા શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામી થયા. ત્યાં સુધી તો દ્વાદશાંગશાસ્ત્રના પ્રરૂપણથી નિશ્ચયવ્યવહારાત્મક મોક્ષમાર્ગ યથાર્થ પ્રવર્તતો રહ્યો. ત્યારપછી કાળદોષથી ક્રમે ક્રમે અંગોના જ્ઞાનની વ્યુચ્છિત્તિ થતી ગઈ. એમ કરતાં અપાર જ્ઞાનસિંધુનો ઘણો ભાગ વિચ્છેદ પામ્યા પછી બીજા ભદ્રબાહુસ્વામી આચાર્યની પરિપાટીમાં બે સમર્થ મુનિઓ થયા—એકનું નામ શ્રી ધરસેન આચાર્ય અને બીજાનું નામ શ્રી ગુણધર આચાર્ય. તેમની પાસેથી મળેલા જ્ઞાન દ્વારા તેમની પરંપરામાં થયેલા આચાર્યોએ શાસ્ત્રો ગૂંથ્યાં અને વીર ભગવાનના ઉપદેશનો પ્રવાહ વહેતો રાખ્યો.

શ્રી ધરસેન આચાર્યને બીજા આગ્રાયણીપૂર્વના પાંચમા વસ્તુ અધિકારના મહાકર્મપ્રકૃતિ નામના ચોથા પ્રાભૃતનું જ્ઞાન હતું. તે જ્ઞાનામૃતમાંથી અનુક્રમે ત્યારપછીના આચાર્યો દ્વારા ષટ્ખંડાગમ, ધવલ, મહાધવલ, જયધવલ, ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર આદિ શાસ્ત્રો રચાયાં. આ રીતે પ્રથમ શ્રુતસ્કંધની ઉત્પત્તિ છે. તેમાં મુખ્યત્વે જીવ અને કર્મના સંયોગથી થયેલા આત્માના સંસારપર્યાયનું—ગુણસ્થાન, માર્ગણાસ્થાન

આદિનું—વર્ણન છે, પર્યાયાર્થિક નયને પ્રધાન કરીને કથન છે. આ નયને અશુદ્ધ-દ્રવ્યાર્થિક પણ કહે છે અને અધ્યાત્મભાષાથી અશુદ્ધનિશ્ચયનય અથવા વ્યવહાર કહે છે.

શ્રી ગુણધર આચાર્યને પાંચમા જ્ઞાનપ્રવાદપૂર્વના દશમા વસ્તુના ત્રીજા પ્રાભૃતનું જ્ઞાન હતું. તે જ્ઞાનમાંથી ત્યારપછીના આચાર્યોએ અનુક્રમે સિદ્ધાંતો રચ્યા. એમ સર્વજ્ઞ ભગવાન મહાવીરથી ચાલ્યું આવતું જ્ઞાન આચાર્યોની પરંપરાથી ભગવાન કુંદકુંદાચાર્યદેવને પ્રાપ્ત થયું. તેમણે પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર, સમયસાર, નિયમસાર, અષ્ટપાહુડ આદિ શાસ્ત્રો રચ્યાં. આ રીતે દ્વિતીય શ્રુતસ્કંધની ઉત્પત્તિ થઈ. તેમાં એકંદરે જ્ઞાનને પ્રધાન કરીને શુદ્ધદ્રવ્યાર્થિક નયથી કથન છે, આત્માના શુદ્ધ સ્વરૂપનું વર્ણન છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા છે. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. '**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी। मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्॥**'—એ શ્લોક દરેક દિગંબર જૈન શાસ્ત્રાધ્યયન શરૂ કરતાં મંગલાચરણરૂપે બોલે છે. આ પરથી સિદ્ધ થાય છે કે સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીરસ્વામી અને ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામી પછી તુરત જ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન આવે છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ માને છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે. તેમના પછી થયેલા ગ્રંથકાર આચાર્યો પોતાના કોઈ કથનને સિદ્ધ કરવા માટે કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રોનું પ્રમાણ આપે છે એટલે એ કથન નિર્વિવાદ ઠરે છે. તેમના પછી લખાયેલા ગ્રંથોમાં તેમનાં શાસ્ત્રોમાંથી થોકબંધ અવતરણો લીધેલાં છે. ખરેખર ભગવાન કુંદકુંદાચાર્યે પોતાનાં પરમાગમોમાં તીર્થંકરદેવોએ પ્રરૂપેલા ઉત્તમોત્તમ સિદ્ધાંતોને જાળવી રાખ્યા છે અને મોક્ષમાર્ગને ટકાવી રાખ્યો છે. વિ. સં. ૯૯૦માં થઈ ગયેલા શ્રી દેવસેનાચાર્યવર તેમના દર્શનસાર નામના ગ્રંથમાં ❀કહે છે કે "વિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર શ્રી સીમંધરસ્વામીના સમવસરણમાં જઈને શ્રી પદ્મનંદિનાથે (કુંદકુંદાચાર્યદેવે) પોતે પ્રાપ્ત કરેલા જ્ઞાન વડે બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?" બીજો એક ઉલ્લેખ આપણે જોઈએ, જેમાં કુંદકુંદાચાર્યદેવને કળિકાળસર્વજ્ઞ કહેવામાં આવ્યા છે : "પદ્મનંદી, કુંદકુંદાચાર્ય, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય, ગૃદ્ધપિચ્છાચાર્ય—એ પાંચ નામોથી વિરાજિત, ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલવાની જેમને ઋદ્ધિ હતી, જેમણે પૂર્વ વિદેહમાં જઈને

❀ મૂળ શ્લોક માટે ૨૦ મું પાનું જુઓ.

સીમંધરભગવાનને વંદન કર્યું હતું અને તેમની પાસેથી મળેલા શ્રુતજ્ઞાન વડે જેમણે ભારતવર્ષના ભવ્ય જીવોને પ્રતિબોધ કર્યો છે એવા જે શ્રી જિનચંદ્રસૂરિભટ્ટારકના પટ્ટના આભરણરૂપ કળિકાળસર્વજ્ઞ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) તેમણે રચેલા આ ષટ્પ્રાભૃત ગ્રંથમાં........સૂરીશ્વર શ્રી શ્રુતસાગરે રચેલી મોક્ષપ્રાભૃતની ટીકા સમાપ્ત થઈ.'' આમ ષટ્પ્રાભૃતની શ્રી શ્રુતસાગરસૂરિકૃત ટીકાના અંતમાં લખેલું છે. [૧]ભગવાન કુંદકુંદાચાર્યદેવની મહત્તા બતાવનારા આવા અનેકાનેક ઉલ્લેખો જૈન સાહિત્યમાં મળી આવે છે; [૨]શિલાલેખો પણ અનેક છે. આ રીતે આપણે જોયું કે સનાતન જૈન સંપ્રદાયમાં કળિકાળસર્વજ્ઞ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન અજોડ છે.

ભગવાન કુંદકુંદાચાર્યનાં રચેલાં અનેક શાસ્ત્રો છે, જેમાંથી થોડાંક હાલમાં વિદ્યમાન છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના મુખમાંથી વહેલી શ્રુતામૃતની સરિતામાંથી ભરી લીધેલાં તે અમૃતભાજનો હાલમાં પણ અનેક આત્માર્થીઓને આત્મજીવન અર્પે છે. તેમનાં સમયસાર, પ્રવચનસાર, નિયમસાર અને પંચાસ્તિકાયસંગ્રહ નામનાં ઉત્તમોત્તમ પરમાગમોમાં હજારો શાસ્ત્રોનો સાર આવી જાય છે. ભગવાન કુંદકુંદાચાર્ય પછી લખાયેલા ઘણા ગ્રંથોનાં બીજડાં આ પરમાગમોમાં રહેલાં છે એમ સૂક્ષ્મ દ્રષ્ટિથી અભ્યાસ કરતાં જણાય છે. શ્રી સમયસાર આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દ્રષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધ સ્વરૂપ સર્વ તરફથી—આગમ, યુક્તિ, અનુભવ અને પરંપરાથી—અતિ વિસ્તારપૂર્વક સમજાવ્યું છે. શ્રી પ્રવચનસારમાં તેના નામ અનુસાર જિનપ્રવચનનો સાર સંઘર્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ, જ્ઞેયતત્ત્વ અને ચરણાનુયોગના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. શ્રી નિયમસારમાં મોક્ષમાર્ગનું સ્પષ્ટ સત્યાર્થ નિરૂપણ છે. જેમ સમયસારમાં શુદ્ધનયથી નવ તત્ત્વોનું નિરૂપણ કર્યું છે તેમ નિયમસારમાં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત્ત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. શ્રી પંચાસ્તિકાયસંગ્રહમાં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે.

---

૧. ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિદેહગમન સંબંધી એક ઉલ્લેખ (લગભગ વિક્રમ સંવતના ૧૩મા સૈકામાં થઈ ગયેલા) શ્રી જયસેનાચાર્યદેવે પણ કર્યો છે; તે ઉલ્લેખ માટે આ શાસ્ત્રના ૩જા પાનાની ફૂટનોટ જુઓ.

૨. શિલાલેખોના નમૂના માટે ૧૯મું પાનું જુઓ.

આ પંચાસ્તિકાયસંગ્રહ પરમાગમ શરૂ કરતાં શાસ્ત્રકર્તાએ તેને ‘સર્વજ્ઞ મહામુનિના મુખથી કહેવાયેલા પદાર્થોનું પ્રતિપાદક, ચતુર્ગતિનાશક અને નિર્વાણનું કારણ’ કહ્યું છે. તેમાં કહેલા વસ્તુતત્ત્વનો સાર આ પ્રમાણે છે :—

વિશ્વ એટલે અનાદિ-અનંત સ્વયંસિદ્ધ સત્ એવી અનંતાનંત વસ્તુઓનો સમુદાય. તેમાંની પ્રત્યેક વસ્તુ અનુત્પન્ન અને અવિનાશી છે. પ્રત્યેક વસ્તુમાં અનંત શક્તિઓ અથવા ગુણો છે, જે ત્રિકાળિક નિત્ય છે. પ્રત્યેક વસ્તુ પ્રતિક્ષણ પોતામાં પોતાનું કાર્ય કરતી હોવા છતાં અર્થાત્ નવીન દશાઓ—અવસ્થાઓ—પર્યાયો ધરતી હોવા છતાં તે પર્યાયો એવી મર્યાદામાં રહીને થાય છે કે વસ્તુ પોતાની જાતને છોડતી નથી અર્થાત્ તેની શક્તિઓમાંથી એક પણ ઘટતી–વધતી નથી. વસ્તુઓની (–દ્રવ્યોની) ભિન્નભિન્ન શક્તિઓની અપેક્ષાએ તેમની (–દ્રવ્યોની) છ જાતિઓ છે : જીવદ્રવ્ય, પુદ્ગલદ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય અને કાળદ્રવ્ય. જેનામાં સદા જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ વગેરે અનંત ગુણો (–શક્તિઓ) હોય છે તે જીવદ્રવ્ય છે; જેનામાં સદા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે અનંત ગુણો હોય છે તે પુદ્ગલદ્રવ્ય છે; બાકીનાં ચાર દ્રવ્યોના વિશિષ્ટ ગુણો અનુક્રમે ગતિહેતુત્વ, સ્થિતિહેતુત્વ, અવગાહહેતુત્વ અને વર્તનાહેતુત્વ છે. આ છ દ્રવ્યોમાંથી પહેલાં પાંચ દ્રવ્યો સત્ હોવાથી તેમ જ શક્તિ અથવા વ્યક્તિ-અપેક્ષાએ મોટા ક્ષેત્રવાળાં હોવાથી ‘અસ્તિકાય’ છે; કાળદ્રવ્ય ‘અસ્તિ’ છે પણ ‘કાય’ નથી.

જિનેંદ્રના જ્ઞાનદર્પણમાં ઝળકતાં આ સર્વ દ્રવ્યો—અનંત જીવદ્રવ્યો, અનંતાનંત પુદ્ગલદ્રવ્યો, એક ધર્મદ્રવ્ય, એક અધર્મદ્રવ્ય, એક આકાશદ્રવ્ય અને અસંખ્ય કાળદ્રવ્યો—સ્વયં પરિપૂર્ણ છે અને અન્ય દ્રવ્યોથી તદ્દન સ્વતંત્ર છે; તેઓ એકબીજા સાથે પરમાર્થે કદી મળતાં નથી, ભિન્ન જ રહે છે. દેવ, મનુષ્ય, તિર્યંચ, નારક, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય વગેરે જીવોમાં જીવ-પુદ્ગલ જાણે કે મળી ગયાં હોય એમ લાગે છે પણ ખરેખર એમ નથી; તેઓ તદ્દન પૃથક્ છે. સર્વ જીવો અનંત જ્ઞાનસુખના નિધિ હોવા છતાં, પર દ્વારા તેમને કાંઈ સુખદુઃખ નહિ થતું હોવા છતાં, સંસારી અજ્ઞાની જીવ અનાદિ કાળથી સ્વતઃ અજ્ઞાનપર્યાયે પરિણમી પોતાના જ્ઞાનાનંદસ્વભાવને, પરિપૂર્ણતાને, સ્વાતંત્ર્યને અને અસ્તિત્વને પણ ભૂલી રહ્યો છે તથા પર પદાર્થોને સુખદુઃખના કારણ માની તેમના પ્રત્યે રાગદ્વેષ કર્યા કરે છે; જીવના આવા ભાવોના નિમિત્તે પુદ્ગલો સ્વતઃ જ્ઞાનાવરણાદિકર્મપર્યાયે પરિણમી જીવની સાથે સંયોગમાં આવે છે અને તેથી અનાદિ કાળથી જીવને પૌદ્ગલિક દેહનો સંયોગ થયા કરે

છે. પરંતુ જીવ અને દેહના સંયોગમાં પણ જીવ અને પુદ્‌ગલ તદ્દન પૃથક્ છે અને તેમનાં કાર્યો પણ એકબીજાથી તદ્દન ભિન્ન ને નિરપેક્ષ છે એમ જિનેંદ્રોએ જોયું છે, સમ્યગ્જ્ઞાનીઓએ જાણ્યું છે અને અનુમાનગમ્ય પણ છે. જીવ કેવળ ભ્રાંતિને લીધે જ દેહની દશાથી અને ઈષ્ટાનિષ્ટ પર પદાર્થોથી પોતાને સુખીદુઃખી માને છે. વાસ્તવમાં પોતાના સુખગુણની વિકારી પર્યાયે પરિણમી તે અનાદિ કાળથી દુઃખી થઈ રહ્યો છે.

જીવ દ્રવ્ય-ગુણે સદા શુદ્ધ હોવા છતાં, તે પર્યાય-અપેક્ષાએ શુભાશુભભાવરૂપે, દેશશુદ્ધિરૂપે, શુદ્ધિની વૃદ્ધિરૂપે અને પૂર્ણશુદ્ધિરૂપે પરિણમે છે તથા તે ભાવોના નિમિત્તે શુભાશુભ પુદ્‌ગલકર્મોનું આસ્રવણ અને બંધન તથા તેમનું અટકવું, ખરવું અને સર્વથા છૂટવું થાય છે. આ ભાવો સમજાવવા માટે જિનેન્દ્રભગવંતોએ નવ પદાર્થો ઉપદેશ્યા છે. આ નવ પદાર્થો સમ્યક્‌પણે સમજવાથી, જીવને શું હિતરૂપ છે, શું અહિતરૂપ છે, શાશ્વત પરમ હિત પ્રગટ કરવા જીવે શું કરવું જોઈએ, પર પદાર્થો સાથે પોતાને શો સંબંધ છે—ઈત્યાદિ વાતો યથાર્થપણે સમજાય છે અને પોતાનું સુખ પોતામાં જ જાણી, પોતાના સર્વ પર્યાયોમાં પણ જ્ઞાનાનંદસ્વભાવી નિજ જીવદ્રવ્યસામાન્ય સદા એકરૂપ જાણી, તે અનાદિ-અપ્રાપ્ત એવા કલ્યાણબીજ સમ્યગ્દર્શનને તથા સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરે છે. તે પ્રાપ્ત થતાં જીવ પોતાને દ્રવ્ય-અપેક્ષાએ કૃતકૃત્ય જાણે છે અને તે કૃતકૃત્ય દ્રવ્યનો પરિપૂર્ણ આશ્રય કરવાથી જ શાશ્વત સુખની પ્રાપ્તિ—મોક્ષ—થાય છે એમ સમજે છે.

સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં જીવને શુદ્ધાત્મદ્રવ્યનું જે અલ્પ આલંબન થયું હોય છે તે વધતાં અનુક્રમે દેશવિરત શ્રાવકપણું અને મુનિપણું પ્રાપ્ત થાય છે. શ્રાવકને તથા મુનિને શુદ્ધાત્મદ્રવ્યના મધ્યમ આલંબનરૂપ આંશિક શુદ્ધિ હોય છે તે કર્મના અટકવાનું ને ખરવાનું નિમિત્ત થાય છે અને જે અશુદ્ધિરૂપ અંશ હોય છે તે શ્રાવકને દેશવ્રતાદિરૂપે તથા મુનિને મહાવ્રતાદિરૂપે દેખાવ દે છે, જે કર્મબંધનું નિમિત્ત થાય છે. ક્રમે ક્રમે તે જીવ જ્ઞાનાનંદ-સ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યને અતિ ઉગ્રપણે અવલંબી, સર્વ વિકલ્પોથી છૂટી, સર્વ રાગદ્વેષ રહિત થઈ, કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી, આયુષ્ય પૂર્ણ થતાં દેહાદિસંયોગથી વિમુક્ત થઈ, સદાકાળ પરિપૂર્ણ જ્ઞાનદર્શનરૂપે અને અતીન્દ્રિય અનંત અવ્યાબાધ આનંદરૂપે રહે છે.

—આ, ભગવાન કુંદકુંદાચાર્યદેવે પંચાસ્તિકાયસંગ્રહ શાસ્ત્રમાં પરમ કરુણાબુદ્ધિથી પ્રસિદ્ધ કરેલા વસ્તુતત્ત્વનો સંક્ષિપ્ત સાર છે. તેમાં જે રીત વર્ણવી તે સિવાય બીજી

કોઈ રીતે જીવ અનાદિ કાળના ભયંકર દુઃખથી છૂટી શકતો નથી. જ્યાં સુધી વસ્તુસ્વરૂપ જીવના ખ્યાલમાં આવતું નથી ત્યાં સુધી બીજા લાખ પ્રયત્ને પણ તેને મોક્ષનો ઉપાય હાથ લાગતો નથી. તેથી જ આ શાસ્ત્રને વિષે પ્રથમ પંચાસ્તિકાય અને નવ પદાર્થનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે કે જેથી જીવ વસ્તુસ્વરૂપને સમજી મોક્ષમાર્ગના મૂળભૂત સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય.

અસ્તિકાયો અને પદાર્થોના નિરૂપણ પછી આ શાસ્ત્રમાં મોક્ષમાર્ગસૂચક ચૂલિકા છે. આ અંતિમ અધિકાર, શાસ્ત્રરૂપી મંદિર ઉપર રત્નકળશ સમાન શોભે છે. અધ્યાત્મરસિક આત્માર્થી જીવોનો, આ અતિ પ્રિય અધિકાર છે. તેમને આ અધિકારનો રસાસ્વાદ લેતાં જાણે કે તૃપ્તિ જ થતી નથી. તેમાં મુખ્યત્વે વીતરાગ ચારિત્રનું—સ્વસમયનું—શુદ્ધ મુનિદશાનું—પારમાર્થિક મોક્ષમાર્ગનું ભાવવાહી મધુર પ્રતિપાદન છે, તેમ જ મુનિને સરાગ ચારિત્રની દશામાં આંશિક શુદ્ધિની સાથે સાથે કેવા શુભ ભાવોનો સુમેળ અવશ્ય હોય જ છે તેનો પણ સ્પષ્ટ નિર્દેશ છે. જેમના હૃદયમાં વીતરાગતાની ભાવના ઘોળાયા કરે છે એવા શાસ્ત્રકાર અને ટીકાકાર મુનીંદ્રોએ આ અધિકારમાં જાણે કે શાંત વીતરાગ રસની સરિતા વહાવી છે. ધીરગંભીર ગતિએ વહેતી આ શાંત રસની અધ્યાત્મગંગામાં નહાતાં તત્ત્વજિજ્ઞાસુ ભાવુક જીવો શીતળીભૂત થાય છે અને તેમનું હૃદય શાંત-શાંત થઈ મુનિઓની આત્માનુભવ- મૂલક સહજશુદ્ધ ઉદાસીન દશા પ્રત્યે બહુમાનપૂર્વક નમી પડે છે. આ અધિકાર પર મનન કરતાં સુપાત્ર મુમુક્ષુ જીવોને સમજાય છે કે ‘શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયે સહજ દશાનો અંશ પ્રગટ કર્યા વિના મોક્ષના ઉપાયનો અંશ પણ પ્રાપ્ત થતો નથી.’

આ પવિત્ર શાસ્ત્રના કર્તા શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રત્યે પૂજ્ય ગુરુદેવ (શ્રી કાનજીસ્વામી)ને પારાવાર ભક્તિ છે. તેઓશ્રી અનેક વાર કહે છે કે—‘શ્રી સમયસાર, નિયમસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયસંગ્રહ આદિ શાસ્ત્રોની ગાથાએ ગાથાએ દિવ્યધ્વનિનો સંદેશ છે. એ ગાથાઓમાં એટલી અપાર ઊંડપ છે કે તે ઊંડપ માપવા જતાં પોતાની જ શક્તિ મપાઈ જાય છે. એ સાગરગંભીર શાસ્ત્રોના રચનાર પરમ કૃપાળુ આચાર્યભગવાનનું કોઈ પરમ અલૌકિક સામર્થ્ય છે. પરમ અદ્ભુત સાતિશય અંતર્બાહ્ય યોગો વિના એ શાસ્ત્રો રચાવાં શક્ય નથી. એ શાસ્ત્રોની વાણી તરતા પુરુષની વાણી છે એમ સ્પષ્ટ જાણીએ છીએ. એની દરેક ગાથા છટ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા મહામુનિના આત્મ-અનુભવમાંથી નીકળેલી છે. એ શાસ્ત્રોના કર્તા ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં

ગયા હતા અને ત્યાં તેઓ આઠ દિવસ રહ્યા હતા એ વાત યથાતથ્ય છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે. તે પરમ ઉપકારી આચાર્યભગવાને રચેલાં સમયસારાદિ શાસ્ત્રોમાં તીર્થંકરદેવના ૐકારધ્વનિમાંથી જ નીકળેલો ઉપદેશ છે.'

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર સમયવ્યાખ્યા નામની સંસ્કૃત ટીકા લખનાર ( લગભગ વિક્રમ સંવતના ૧૦મા સૈકામાં થઈ ગયેલા ) શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ છે. જેમ આ શાસ્ત્રના મૂળ કર્તા અલૌકિક પુરુષ છે તેમ તેના ટીકાકાર પણ મહાસમર્થ આચાર્ય છે. તેમણે સમયસારની તથા પ્રવચનસારની ટીકા પણ લખી છે અને તત્ત્વાર્થસાર, પુરુષાર્થસિદ્ધ્યુપાય આદિ સ્વતંત્ર ગ્રંથો પણ રચ્યા છે. તેમની ટીકાઓ જેવી ટીકા હજુ સુધી બીજા કોઈ જૈન ગ્રંથની લખાયેલી નથી. તેમની ટીકાઓ વાંચનારને તેમની અધ્યાત્મરસિકતા, આત્માનુભવ, પ્રખર વિદ્વત્તા, વસ્તુસ્વરૂપને ન્યાયથી સિદ્ધ કરવાની અસાધારણ શક્તિ, જિનશાસનનું અત્યંત ઊંડું જ્ઞાન, નિશ્ચય-વ્યવહારનું સંધિબદ્ધ નિરૂપણ કરવાની વિરલ શક્તિ અને ઉત્તમ કાવ્યશક્તિનો પૂરો ખ્યાલ આવી જાય છે. અતિ સંક્ષેપમાં ગંભીર રહસ્યો ગોઠવી દેવાની તેમની શક્તિ વિદ્વાનોને આશ્ચર્યચકિત કરે છે. તેમની દૈવી ટીકાઓ શ્રુતકેવળીનાં વચનો જેવી છે. જેમ મૂળ શાસ્ત્રકારનાં શાસ્ત્રો અનુભવ–યુક્તિ આદિ સમસ્ત સમૃદ્ધિથી સમૃદ્ધ છે તેમ ટીકાકારની ટીકાઓ પણ તે તે સર્વ સમૃદ્ધિથી વિભૂષિત છે. શાસનમાન્ય ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ કળિકાળમાં જગદ્‌ગુરુ તીર્થંકરદેવ જેવું કામ કર્યું છે અને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે જાણે કે તેઓ કુંદકુંદભગવાનના હૃદયમાં પેસી ગયા હોય તે રીતે તેમના ગંભીર આશયોને યથાર્થપણે વ્યક્ત કરીને તેમના ગણધર જેવું કામ કર્યું છે. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે રચેલાં કાવ્યો પણ અધ્યાત્મરસથી અને આત્મ-અનુભવની મસ્તીથી ભરપૂર છે. શ્રી સમયસારની ટીકામાં આવતાં કાવ્યોએ (–કળશોએ) શ્રી પદ્મપ્રભદેવ જેવા સમર્થ મુનિવરો પર ઊંડી છાપ પાડી છે અને આજે પણ તે તત્ત્વજ્ઞાનથી અને અધ્યાત્મરસથી ભરેલા મધુર કળશો અધ્યાત્મરસિકોના હૃદયના તારને ઝણઝણાવી મૂકે છે. અધ્યાત્મકવિ તરીકે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવનું સ્થાન અદ્વિતીય છે.

પંચાસ્તિકાયસંગ્રહમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે ૧૭૩ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે સમયવ્યાખ્યા નામની અને શ્રી જયસેનાચાર્યદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. શ્રી પાંડે હેમરાજજીએ સમયવ્યાખ્યાનો ભાવાર્થ ( પ્રાચીન ) હિંદીમાં લખ્યો છે અને તે ભાવાર્થનું નામ બાલાવબોધભાષાટીકા રાખ્યું છે. વિ. સં. ૧૯૭૨માં શ્રી પરમશ્રુતપ્રભાવકમંડળ દ્વારા પ્રકાશિત હિંદી

પંચાસ્તિકાયમાં મૂળ ગાથાઓ, બંને સંસ્કૃત ટીકાઓ અને શ્રી હેમરાજજીકૃત બાલાવબોધભાષાટીકા (શ્રી પન્નાલાલજી બાકલીવાલ દ્વારા પ્રચલિત હિંદી ભાષામાં પરિવર્તિત કરાયેલા સ્વરૂપે) પ્રગટ થયેલ છે. હવે પ્રકાશન પામતા આ ગુજરાતી પંચાસ્તિકાયસંગ્રહમાં મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત સમયવ્યાખ્યા ટીકા અને તે ગાથા-ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. જ્યાં વિશેષ સ્પષ્ટતા કરવાની જરૂર જણાઈ ત્યાં કૌંસમાં અથવા 'ભાવાર્થ'માં અથવા ફૂટનોટમાં સ્પષ્ટતા કરી છે. તે સ્પષ્ટતા કરવામાં ઘણાં ઘણાં સ્થળોએ શ્રી જયસેનાચાર્યદેવકૃત તાત્પર્યવૃત્તિ અતિશય ઉપયોગી થઈ છે; કેટલીક જગ્યાએ તો તાત્પર્યવૃત્તિના કોઈ કોઈ ભાગનો અક્ષરશઃ અનુવાદ જ 'ભાવાર્થ' અથવા ફૂટનોટરૂપે લેવામાં આવ્યો છે. શ્રી હેમરાજજીકૃત બાલાવબોધભાષાટીકાનો આધાર પણ કોઈક સ્થળે લીધો છે. શ્રી પરમશ્રુતપ્રભાવક મંડળ દ્વારા પ્રકાશિત પંચાસ્તિકાયમાં છપાયેલી સંસ્કૃત ટીકાને હસ્તલિખિત પ્રતો સાથે મેળવતાં તેમાં ક્યાંક અલ્પ અશુદ્ધિઓ રહી ગયેલી જણાઈ તે આમાં સુધારી લેવામાં આવી છે.

આ અનુવાદ કરવાનું મહાભાગ્ય મને પ્રાપ્ત થયું તે મને અતિ હર્ષનું કારણ છે. પરમપૂજ્ય સદ્‌ગુરુદેવના આશ્રય તળે આ ગહન શાસ્ત્રનો અનુવાદ થયો છે. અનુવાદ કરવાની સમસ્ત શક્તિ મને પૂજ્યપાદ સદ્‌ગુરુદેવ પાસેથી જ મળી છે. પરમોપકારી સદ્‌ગુરુદેવના પવિત્ર જીવનના પ્રત્યક્ષ પરિચય વિના અને તેમના આધ્યાત્મિક ઉપદેશ વિના આ પામરને જિનવાણી પ્રત્યે લેશ પણ ભક્તિ કે શ્રદ્ધા ક્યાંથી પ્રગટત, ભગવાન કુંદકુંદાચાર્યદેવ અને તેમનાં શાસ્ત્રોનો લેશ પણ મહિમા ક્યાંથી આવત અને તે શાસ્ત્રોના અર્થ-ઉકેલની લેશ પણ શક્તિ ક્યાંથી હોત? આ રીતે અનુવાદની સમસ્ત શક્તિનું મૂળ શ્રી સદ્‌ગુરુદેવ જ હોવાથી ખરેખર તો સદ્‌ગુરુદેવની અમૃતવાણીનો ધોધ જ—તેમના દ્વારા મળેલો અણમૂલ ઉપદેશ જ—યથાકાળે આ અનુવાદરૂપે પરિણમ્યો છે. જેમણે સિંચેલી શક્તિથી અને જેમની હૂંફથી આ ગહન શાસ્ત્રનો અનુવાદ કરવાનું મેં સાહસ ખેડ્યું હતું અને જેમની કૃપાથી તે નિર્વિઘ્ને પાર પડ્યો છે તે પરમપૂજ્ય પરમોપકારી સદ્‌ગુરુદેવ (શ્રી કાનજીસ્વામી)ના ચરણારવિંદમાં અતિ ભક્તિભાવે વંદન કરું છું.

પરમપૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યે પણ, આ અનુવાદની પૂર્ણાહુતિ કરતાં, ઉપકારવશતાની ઉગ્ર લાગણી અનુભવાય છે. જેમનાં પવિત્ર જીવન અને બોધ આ પામરને શ્રી પંચાસ્તિકાયસંગ્રહ પ્રત્યે, પંચાસ્તિકાયસંગ્રહના મહાન કર્તા પ્રત્યે અને

પંચાસ્તિકાયસંગ્રહમાં ઉપદેશેલા વીતરાગવિજ્ઞાન પ્રત્યે બહુમાનવૃદ્ધિનાં વિશિષ્ટ નિમિત્ત થયાં છે, એવાં તે પરમપૂજ્ય બહેનશ્રીનાં ચરણકમળમાં આ હૃદય નમે છે.

આ અનુવાદમાં, માનનીય મુરબ્બી વકીલ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી તથા બાળબ્રહ્મચારી ભાઈશ્રી ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયાની હાર્દિક મદદ છે. માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈએ પોતાના ભરચક ધાર્મિક વ્યવસાયોમાંથી સમય કાઢીને આખો અનુવાદ બારીકાઈથી તપાસ્યો છે, યથોચિત સલાહ આપી છે અને અનુવાદમાં પડતી નાનીમોટી મુશ્કેલીઓનો પોતાના વિશાળ શાસ્ત્રજ્ઞાનથી નિવેડો કરી આપ્યો છે. તેમની સલાહ મને બહુ ઉપયોગી થઈ છે. બ્ર૦ ભાઈશ્રી ચંદુલાલભાઈએ આખો અનુવાદ બહુ જ ઝીણવટથી તપાસી ઘણી ઉપયોગી સૂચનાઓ કરી છે, બહુ મહેનત લઈને હસ્તલિખિત પ્રતોના આધારે સંસ્કૃત ટીકા સુધારી આપી છે, અનુક્રમણિકા, ગાથાસૂચી, શુદ્ધિપત્રક વગેરે તૈયાર કર્યાં છે, તેમ જ ખૂબ ચોકસાઈથી પ્રૂફ તપાસ્યાં છે—આમ અતિશય પરિશ્રમ ને કાળજીપૂર્વક સર્વતોમુખી સહાય કરી છે. આ રીતે બંનેએ કરેલી હાર્દિક મદદ માટે હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. તેમની સહૃદય સહાય વિના આ અનુવાદમાં ઘણી ઊણપો રહી જવા પામત. જે જે ટીકાઓ અને શાસ્ત્રોનો મેં આધાર લીધો છે તે સર્વના કર્તાઓનો પણ હું ઋણી છું.

આ અનુવાદ મેં પંચાસ્તિકાયસંગ્રહ પ્રત્યેની ભક્તિથી અને ગુરુદેવની પ્રેરણાથી પ્રેરાઈને, નિજકલ્યાણ અર્થે, ભવભયથી ડરતાં ડરતાં કર્યો છે. અનુવાદ કરતાં શાસ્ત્રના મૂળ આશયોમાં કાંઈ ફેરફાર ન થઈ જાય તે માટે મેં મારાથી બનતી તમામ કાળજી રાખી છે. છતાં અલ્પજ્ઞતાને લીધે તેમાં કાંઈ પણ આશયફેર થયો હોય કે ભૂલો રહી ગઈ હોય તો તે માટે હું શાસ્ત્રકાર શ્રી કુંદકુંદાચાર્યભગવાન, ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, પરમકૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવ અને મુમુક્ષુ વાચકોની અંતરના ઊંડાણમાંથી ક્ષમા યાચું છું.

જિનેન્દ્રશાસનનું સંક્ષેપથી પ્રતિપાદન કરનારા આ પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ કરી તેના આશયોને જો જીવ બરાબર સમજે તો તે અવશ્ય ચાર ગતિનાં અનંત દુઃખોનો નાશ કરી નિર્વાણને પામે. તેના આશયોને સમ્યક્ પ્રકારે સમજવા માટે નીચેની બાબત લક્ષમાં રાખવી ખાસ જરૂરની છે :—આ શાસ્ત્રમાં કેટલાંક કથનો સ્વાશ્રિત નિશ્ચયનયનાં છે (–જેઓ સ્વનું પરથી પૃથક્‌પણે નિરૂપણ કરે છે) અને કેટલાંક કથનો પરાશ્રિત વ્યવહારનયનાં છે (–જેઓ સ્વનું પર સાથે ભેળસેળપણે નિરૂપણ કરે છે); વળી કેટલાંક કથનો અભિન્નસાધ્ય-

સાધનભાવાશ્રિત નિશ્ચયનયનાં છે અને કેટલાંક ભિન્નસાધ્યસાધન-ભાવાશ્રિત વ્યવહારનયનાં છે. ત્યાં નિશ્ચયકથનોનો તો સીધો જ અર્થ કરવો જોઈએ અને વ્યવહારકથનોને અભૂતાર્થ સમજી તેમનો સાચો આશય શો છે તે તારવવું જોઈએ. જો આમ કરવામાં ન આવે તો વિપરીત સમજણ થવાથી મહા અનર્થ થાય. 'પ્રત્યેક દ્રવ્ય સ્વતંત્ર છે. તે પોતાના જ ગુણપર્યાયને અને ઉત્પાદવ્યયધ્રૌવ્યને કરે છે. પરદ્રવ્યને તે ગ્રહી-છોડી શકતું નથી તેમ જ પરદ્રવ્ય તેને ખરેખર કાંઈ લાભનુકસાન કે સહાય કરી શકતું નથી. .....જીવનો શુદ્ધ પર્યાય સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત છે અને અશુદ્ધ પર્યાય આસ્રવ-બંધના કારણભૂત છે.'— આવા મૂળભૂત સિદ્ધાંતોને ક્યાંય બાધ ન આવે એવી રીતે હંમેશાં શાસ્ત્રનાં કથનોનો અર્થ કરવો જોઈએ. વળી આ શાસ્ત્રને વિષે કેટલાક પરમપ્રયોજનભૂત ભાવોનું નિરૂપણ અતિ સંક્ષેપમાં જ કરાયેલું હોવાથી, જો આ શાસ્ત્રના અભ્યાસની પૂર્તિ સમયસાર, નિયમસાર, પ્રવચનસાર વગેરે અન્ય શાસ્ત્રોના અભ્યાસ વડે કરવામાં આવે તો મુમુક્ષુઓને આ શાસ્ત્રના આશયો સમજવામાં વિશેષ સુગમતા થશે. આચાર્યભગવાને સમ્યગ્જ્ઞાનની પ્રસિદ્ધિ અર્થે અને માર્ગની પ્રભાવના અર્થે આ પંચાસ્તિકાય-સંગ્રહ શાસ્ત્ર કહ્યું છે. આપણે તેનો અભ્યાસ કરી, સર્વ દ્રવ્યોની સ્વતંત્રતા સમજી, નવ પદાર્થોની યથાર્થ સમજણ કરી, ચૈતન્યગુણમય જીવદ્રવ્યસામાન્યનો આશ્રય કરી, સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન પ્રગટાવી, માર્ગને પ્રાપ્ત કરી, ભવભ્રમણનાં દુઃખોના અંતને પામીએ એ જ ભાવના છે. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે પંચાસ્તિકાયસંગ્રહના સમ્યક્ અવબોધનું ફળ નીચેના શબ્દોમાં વર્ણવ્યું છે :—"જે પુરુષ ખરેખર સમસ્તવસ્તુતત્ત્વના કહેનારા આ 'પંચાસ્તિકાયસંગ્રહ'ને અર્થતઃ અર્થીપણે જાણીને, એમાં જ કહેલા જીવાસ્તિકાયને વિષે અંતર્ગત રહેલા પોતાને (નિજ આત્માને) સ્વરૂપે અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વભાવવાળો નિશ્ચિત કરીને, પરસ્પર કાર્યકારણભૂત એવા અનાદિ રાગદ્વેષપરિણામ અને કર્મબંધની પરંપરાથી જેનામાં સ્વરૂપવિકાર આરોપાયેલો છે એવો પોતાને (નિજ આત્માને) તે કાળે અનુભવાતો અવલોકીને, તે કાળે વિવેકજ્યોતિ પ્રગટ હોવાથી (અર્થાત્ અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વભાવનું અને વિકારનું ભેદજ્ઞાન તે કાળે જ પ્રગટ વર્તતું હોવાથી) કર્મબંધની પરંપરાને પ્રવર્તાવનારી રાગદ્વેષ-પરિણતિને છોડે છે, તે પુરુષ, ખરેખર જેને સ્નેહ જીર્ણ થતો જાય છે એવો, જઘન્ય સ્નેહગુણની સંમુખ વર્તતા પરમાણુની માફક ભાવી બંધથી પરાઙ્મુખ વર્તતો થકો, પૂર્વ બંધથી છૂટતો થકો, અગ્નિતપ્ત જળની દુઃસ્થિતિ સમાન જે દુઃખ તેનાથી પરિમુક્ત થાય છે."

આસો વદ ૪,
વિ. સં. ૨૦૧૩

*— હિંમતલાલ જેઠાલાલ શાહ*



ભગવાન શ્રીકુંદકુંદાચાર્યદેવ વનમાં તાડપત્ર ઉપર શાસ્ત્ર લખે છે.

ॐ

# ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

વિષે

## ઉલ્લેખો

वन्द्यो विभुर्भुवि न कैरिह कौण्डकुन्दः
कुन्द-प्रभा-प्रणयि-कीर्ति-विभूषिताशः।
यश्चारु-चारण-कराम्बुजचञ्चरीक-
श्चक्रे श्रुतस्य भरते प्रयतः प्रतिष्ठाम्॥

[ચંદ્રગિરિ પર્વત પરનો શિલાલેખ]

અર્થ :—કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત થઈ છે, જેઓ ચારણોનાં—ચારણઋદ્ધિધારી મહામુનિઓનાં—સુંદર હસ્તકમળોના ભ્રમર હતા અને જે પવિત્રાત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી?

..............कोण्डकुन्दो यतीन्द्रः॥
रजोभिरस्पृष्टतमत्वमन्त-
र्बाह्येपि संव्यञ्जयितुं यतीशः।
रजःपदं भूमितलं विहाय
चचार मन्ये चतुरंगुलं सः॥

[ વિંધ્યગિરિ–શિલાલેખ ]

અર્થ :—યતીશ્વર (શ્રી કુંદકુંદસ્વામી) રજઃસ્થાનને—ભૂમિતળને—છોડીને ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલતા હતા તે દ્વારા હું એમ સમજું છું કે, તેઓશ્રી અંદરમાં તેમ જ બહારમાં રજથી (પોતાનું) અત્યંત અસ્પૃષ્ટપણું વ્યક્ત કરતા હતા (—અંદરમાં તેઓ રાગાદિક મળથી અસ્પૃષ્ટ હતા અને બહારમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા).

❀

जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण ।
ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति ।।

[दर्शनसार]


❀

અર્થ :—(મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે (શ્રી કુંદકુંદાચાર્યદેવે) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત ?

❀

હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

[શ્રીમદ્ રાજચંદ્ર]



પંચપરમાગમ-અનુવાદક, ઊંડા આદર્શ આત્માર્થી,

**પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ** (B. Sc.)

ॐ

श्रीसीमन्धरपरमात्मने नमः।

અધ્યાત્મરસિક, શ્રુતભક્ત, આત્માર્થી વિદ્વાન ભાઈશ્રી

## હિંમતલાલ જેઠાલાલ શાહ (B.Sc.)ને

સાદર સમર્પિત

# ❀ અભિનંદન-પત્ર ❀

## શુદ્ધાત્મરસિક વિદ્વાન બંધુ !

વિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર પરમાત્માની અને ભરતક્ષેત્રના ચરમ તીર્થનાયક શ્રી મહાવીર દેવાધિદેવની દિવ્ય વાણી દ્વારા જે શુદ્ધાત્મદર્શક શ્રુતપ્રવાહ ચાલ્યો, તેને ઝીલીને—તદ્રૂપ પરિણમીને પરમ પાવન અધ્યાત્મયોગીન્દ્ર આચાર્યવર શ્રી કુંદકુંદદેવે પોતાના સમસ્ત આત્મવૈભવથી પારમેશ્વરી વિદ્યાનાં અનુપમ રત્ન સમાન શ્રી સમયસારાદિ સર્વોત્તમ પરમાગમોમાં સંગૃહીત કર્યો.

તીર્થંકર ભગવાનથી વારસામાં આવેલાં અને કુંદકુંદાચાર્યદેવે ચીવટથી સંઘરેલાં આ પરમાગમોમાં ઉલ્લસતા શુદ્ધાત્મવૈભવરૂપ અદ્ભુત નિધાનને અંતર્ચક્ષુથી નિહાળનાર, વીતરાગ-સર્વજ્ઞપ્રણીત મોક્ષમાર્ગના યથાર્થ જ્ઞાતા, અમોઘ ઉપદેષ્ટા, મહાન સમર્થક અને પ્રચારક, પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ સભા સમક્ષ સંસારતાપવિનાશક, ઉપશાંતરસપૂર્ણ, અપૂર્વ પ્રવચનો દ્વારા આ પરમાગમોનાં અંતર્ ઊંડાં રહસ્યો ખોલવા માંડ્યાં.

પૂજ્ય ગુરુદેવશ્રીના પરિચયમાં આપ આવ્યા અને તેમના શ્રીમુખેથી આપે પણ આ આત્મસ્પર્શી પ્રવચનો સાંભળ્યાં. તેના પરિણામે આપની આત્માર્થિતા

ઉલ્લસી આવી, અને આપની વિદ્વત્તા અધ્યાત્મરસિકતાના ઓપથી શોભી ઊઠી.

પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણા ઝીલીને, તેમની કલ્યાણવર્ષિણી શીતળ છાયામાં રહી, શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર અને પંચાસ્તિકાયસંગ્રહની સંસ્કૃત ટીકાનું ઘણું ઊંડું અવગાહન કરી, આચાર્યદેવના હાર્દ સુધી પહોંચી, પૂર્વાપર યથાર્થ સંબંધ વિચારી, અત્યંત સાવધાની ને અતિ પરિશ્રમ પૂર્વક આપે સાંગોપાંગ સુંદર, સરળ અને પૂરેપૂરો ભાવવાહી અનુવાદ ગુર્જર ગિરામાં કર્યો, અને અધ્યાત્મજિજ્ઞાસુ સમાજને અધ્યાત્મનિધાનની અણમોલ ભેટ આપી. આવી પ્રવચનભક્તિવત્સલતા અને અનુપમ અધ્યાત્મસાહિત્યસેવા ભારતના ધાર્મિક ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેશે. તે દ્વારા જૈનસાહિત્યસૃષ્ટિમાં આપે સોનગઢને ઉજ્જ્વળ બનાવ્યું છે. જૈનશાસનની આવી મહાન સેવા માટે આપને અનેક કોટિ ધન્યવાદ ઘટે છે.

શ્રી સમયસારાદિ મહાન પરમાગમોનાં મૂળ ગાથાસૂત્રોનો અત્યંત ભાવવાહી ગુજરાતી પદ્યાનુવાદ પણ આપે કર્યા છે. આ ઉપરાંત શ્રી સમવસરણ-સ્તુતિ તથા અન્ય કેટલાંક અધ્યાત્મ કાવ્યોની પણ આપે રચના કરી છે. શાસ્ત્રના ગંભીર અર્થો ઉકેલવાની વિલક્ષણ કુશાગ્રબુદ્ધિ, શાસ્ત્રોક્ત સૂક્ષ્મ અધ્યાત્મ વિષયોને શબ્દ-ભાવગંભીરતા જાળવીને, સરસ અને સુગ્રાહ્યપણે અનુવાદમાં રજૂ કરવાની વિશિષ્ટ કળા, વાંચતાં જ અધ્યાત્મ પ્રત્યે રુચિ જાગૃત કરે એવી અધ્યાત્મરસભરી લેખનશૈલી, કાવ્યમાં પણ અધ્યાત્મ ઉતારવાની ખાસ શક્તિ વગેરે વિશેષતાઓ આપની અધ્યાત્મરસિકતા પ્રસિદ્ધ કરે છે.

—આપની એ અધ્યાત્મરસિકતાનું અમો બધા સન્માન કરીએ છીએ.

## આત્મજ્ઞાનપિપાસુ !

આપ સ્વભાવથી જ ગંભીર અને શાંત છો, વૈરાગ્યશાળી, સદ્ધર્મ-રુચિવંત તેમ જ તત્ત્વાન્વેષક છો, સંસ્કૃતભાષાનું વિશાળ જ્ઞાન ધરાવો છો તથા વિશિષ્ટ ક્ષયોપશમવંત પ્રતિભાસંપન્ન વિદ્વાન છો. વળી આપે જૈનશાસ્ત્રોનું ઊંડું ચિંતન-મનન-અવધારણ કર્યું છે. આમ છતાં આપની આત્મજ્ઞાન-

પિપાસા અત્યંત તીવ્ર છે, તેને માટે આપનો અવિરત પ્રયત્ન છે. વૈરાગ્ય-પરાયણતાની સાથે આત્મહિતસાધના પણ આપ કરી રહ્યા છો તે અત્યંત પ્રશંસનીય અને અનુકરણીય છે.

## નિસ્પૃહ શ્રુતભક્ત !

મહાન પરમાગમોના અનુવાદનું જે શુભ કાર્ય આપના દ્વારા થયું છે તેને અમો આપનું મહાન સૌભાગ્ય ગણીએ છીએ. પરમપૂજ્ય સદ્‌ગુરુદેવના આશ્રય તળે આ ગહન શાસ્ત્રોનો અનુવાદ આપે પરમાગમ પ્રત્યેની ભક્તિથી અને ગુરુદેવની પ્રેરણાથી પ્રેરાઈને, નિજ કલ્યાણ અર્થે, ભવભયથી ડરતાં ડરતાં કર્યો છે. આવું અજોડ કાર્ય કરવા છતાં આપે કોઈ પણ જાતના બદલાની આશા રાખી નથી, એટલું જ નહિ પણ અત્યાગ્રહ કરવા છતાં કાંઈ પણ બદલો સ્વીકારવાની કે અભિનંદનપત્ર લેવાની પણ આપે અનિચ્છા જ દર્શાવી છે. તેથી અમારે આપનો ઉપકાર માનીને જ સંતોષ કરવો પડે છે. આપની શ્રુતભક્તિ નિસ્પૃહતાને લીધે વિશેષ શોભી ઊઠે છે.

આપની મહાન શ્રુતભક્તિ અને નિસ્પૃહતા, અધ્યાત્મરસિકતા અને મુમુક્ષુતા, વૈરાગ્ય અને વિનય—ઈત્યાદિ અનેક ગુણોની ઘણી જ પ્રશંસાપૂર્વક અમો આપને હાર્દિક અભિનંદન આપીએ છીએ ને શ્રી કુંદકુંદપ્રભુનાં આ ‘રત્નચતુષ્ટય’ના અનુવાદના ફળમાં આપને ‘અનંત ચતુષ્ટય’ની પ્રાપ્તિ થાઓ—એવી શ્રુતદેવતા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

આપના ગુણાનુરાગી
શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, તથા
શ્રી સમસ્ત દિ. જૈન મુમુક્ષુમંડળ વતી
રામજી માણેકચંદ દોશી
—પ્રમુખ

પંચપરમાગમના અનુવાદક, કુંદકુંદભારતીના પનોતા પુત્ર,
ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન, આદરણીય

**શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ પ્રત્યે**

## ઉપકૃતભાવભીનો અહોભાવ

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વડીલ બંધુ, પ્રવચનસાર પરમાગમના સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા પંડિતરત્ન શ્રી હિંમતભાઈએ—કે જેમને ભગવત્કુંદકુંદાચાર્યપ્રણીત પરમાગમોના ગુજરાતી અનુવાદ તથા તેના ઉપોદ્‌ઘાતથી વ્યક્ત થતા તેમના અધ્યાત્મરસભીના ઊંડા આત્માર્થથી પ્રભાવિત થઈને પરમકૃપાળુ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ અતિ પ્રસન્નતાથી 'નિકટ મોક્ષગામી' તરીકે બિરુદાવ્યા છે અને પૂજ્ય બહેનશ્રીના સ્વાનુભવવિભૂષિત નિર્મળ જ્ઞાનમાં જેમના વિષે 'નિકટ ભવ્ય'તાનો તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાનના 'વિશિષ્ટ પુરુષ'પણાનો તથા જાતિસ્મરણજ્ઞાનમાં 'જૈનંદ' અથવા 'જયંદ' નામના ધાર્મિક ગુણોવાળા ભાઈ તરીકે સમ્યક્ પ્રતિભાસ અંતરથી આવ્યો છે એવા આ પૂર્વના સંસ્કારી, અસાધારણ વ્યક્તિત્વના ધારક, ઊંડા આત્માર્થીએ—નિજ આત્માના પ્રયોજન અર્થે ભગવત્કુંદકુંદાચાર્યનાં પંચપરમાગમોનો—મૂળ પ્રાકૃત ગાથાઓનો ગુજરાતી હરિગીત છંદમાં તથા સંસ્કૃત ટીકાઓનો ગુજરાતી ભાષામાં—સીધો, સરળ અને ભાવવાહી અનુવાદ કરીને સમગ્ર મુમુક્ષુ સમાજ ઉપર મહાન મહાન ઉપકાર કર્યો છે. તે અનુવાદોની શરૂઆત પહેલાં તેમણે જે 'ઉપોદ્‌ઘાત' લખ્યા છે તે ઘણા જ તત્ત્વગંભીર, અધ્યાત્મરસભરપૂર, પરમાગમોના હાર્દને સ્પષ્ટપણે પ્રકાશનાર, ઊંડા અને આત્માર્થપ્રેરક છે. તેમના જીવનમાં પરમાગમો સહજપણે વણાઈ ગયા હોવાથી તેઓ વારંવાર કહે છે કે—'આત્મપ્રાપ્તિનો પુરુષાર્થ કરવાનો રસ્તો પ્રાપ્ત કરવો હોય તો પ્રવચનસાર, સમયસાર આદિ પંચપરમાગમનો—મૂળ શાસ્ત્રનો—ઊંડાણથી અભ્યાસ કરવો જોઈએ.'—એ એમનું હૃદય છે.

કુંદકુંદભારતીના પનોતા પુત્ર શ્રી હિંમતભાઈ અધ્યાત્મરસિક, વિદ્વાન અને ઊંડા આદર્શ આત્માર્થી હોવા ઉપરાંત ગંભીર, વૈરાગ્યશાળી, શાંત, ઊંડા તત્ત્વચિંતક અને વિવેકી સજ્જન છે, તથા કવિ પણ છે. તેમણે પંચપરમાગમોના ગુજરાતી અનુવાદ ઉપરાંત પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનું જીવનચરિત્ર, સમયસાર-સ્તુતિ, સીમંધરજિન-સ્તુતિ, જિનવાણી-સ્તુતિ, સમવસરણ-સ્તુતિ, સદ્‌ગુરુદેવ-સ્તુતિ, માનસ્તંભ-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી ચંપાબેન વિષે અધ્યાત્મ તેમ જ તત્ત્વરસથી તરબોળ સુમધુર કાવ્યો વગેરે ગદ્યપદ્યાત્મક અનેક રચનાઓ કરી છે. આવાં અનેક અધ્યાત્મરસપૂર્ણ કાવ્યો રચવાની

આશ્ચર્યકારી કવિત્વશક્તિ તેમનામાં સહજ રહેલી છે. આ ભવ્ય રચનાઓ દ્વારા સમગ્ર મુમુક્ષુ જગત ખૂબ ખૂબ ઉપકૃત થયેલ છે. આ માટે શ્રી હિંમતભાઈનો જેટલો ઉપકૃતભાવભીનો આભાર માનવામાં આવે તેટલો ઓછો છે. પંચપરમાગમ જેવાં પવિત્ર શાસ્ત્રોનો અનુવાદ તેમણે સંપૂર્ણ નિઃસ્પૃહભાવે નિજકલ્યાણ અર્થે કર્યો છે. આ મહાન લોકોત્તર કાર્ય કરવાનું પરમ સૌભાગ્ય મળ્યું તે માટે તેઓ ખરેખર ઘણા જ અભિનંદનીય છે.

જેમની અંતઃપરિણતિ નિરંતર શુદ્ધાત્મ-અભિમુખ પ્રગતિ કરી રહી છે એવા આ, પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મહાન કૃપાપાત્ર, ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો—પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય ભગવતી બહેનશ્રીની ઉપકારછાયાતળે—આપણને અમૂલ્ય સત્સમાગમ પ્રાપ્ત થયો છે તે આપણું મહાન પરમ સૌભાગ્ય છે. વર્તમાન જેમની અંતરંગ દશા આત્મસાક્ષાત્કારના પુરુષાર્થ તરફ સતત ઢળી રહી છે એવા આ 'નિકટ મોક્ષગામી' અને 'નિકટ ભવી'ને આપણા સૌનાં શત શત હાર્દિક અભિવાદન.

આવા અનેક સદ્ગુણોના ધારક, આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ પ્રત્યે ઉપકૃતભાવભીનો અહોભાવ વ્યક્ત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે બદલ અમે ધન્યતા અનુભવીએ છીએ.

માગશર વદ ૮, વિ. સં. ૨૦૫૮,
ભગવત્કુંદકુંદ-'આચાર્યપદારોહણ' દિન

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ
—પ્રમુખ તથા ટ્રસ્ટીગણ

# ❀ શાસ્ત્રોના અર્થ કરવાની પદ્ધતિ ❀

વ્યવહારનયનું શ્રદ્ધાન છોડી નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે. વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને વા તેમના ભાવોને વા કારણ-કાર્યાદિકને કોઈને કોઈમાં મેળવી નિરૂપણ કરે છે, માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે, તેથી તેનો ત્યાગ કરવો. તથા નિશ્ચયનય તેમને જ યથાવત્ નિરૂપણ કરે છે, કોઈને કોઈમાં મેળવતો નથી, માટે એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે, તેથી તેનું શ્રદ્ધાન કરવું.

પ્રશ્ન :—જો એમ છે, તો જિનમાર્ગમાં બંને નયોને ગ્રહણ કરવાનું કહ્યું છે—એ કેવી રીતે?

ઉત્તર :—જિનમાર્ગમાં ક્યાંક તો નિશ્ચયનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને તો 'સત્યાર્થ આમ જ છે' એમ જાણવું; તથા ક્યાંક વ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને 'આમ છે નહિ, નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે' એમ જાણવું. આ પ્રમાણે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે. પરંતુ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી 'આમ પણ છે અને આમ પણ છે' એમ ભ્રમરૂપ પ્રવર્તવા વડે તો બંને નયોને ગ્રહણ કરવાનું કહ્યું નથી.

પ્રશ્ન :—જો વ્યવહારનય અસત્યાર્થ છે, તો તેનો ઉપદેશ જિનમાર્ગમાં શા માટે આપ્યો? એક નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું હતું?

ઉત્તર :—આવો જ તર્ક શ્રી સમયસારમાં કર્યો છે; ત્યાં આ ઉત્તર આપ્યો છે :—

जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं ।
तह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं ॥

અર્થ :—જેમ અનાર્યને–મલેચ્છને મલેચ્છભાષા વિના અર્થ ગ્રહણ કરાવવાનું શક્ય નથી, તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે. તેથી વ્યવહારનો ઉપદેશ છે.

વળી આ જ સૂત્રની વ્યાખ્યામાં એમ કહ્યું છે કે—'व्यवहारनयो नानुसर्तव्यः' અર્થાત્ નિશ્ચયને અંગીકાર કરાવવા માટે વ્યવહાર વડે ઉપદેશ દેવામાં આવે છે, પરંતુ વ્યવહારનય છે તે અંગીકાર કરવા યોગ્ય નથી.

પ્રશ્ન :—(૧) વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ ન થાય—એ કેવી રીતે? તથા (૨) વ્યવહારનયને અંગીકાર ન કરવો—એ કેવી રીતે?

ઉત્તર :—(૧) નિશ્ચયનયથી તો આત્મા પરદ્રવ્યથી ભિન્ન, સ્વભાવોથી અભિન્ન સ્વયંસિદ્ધ વસ્તુ છે. તેને જેઓ ન ઓળખે, તેમને એમ જ કહ્યા કરીએ તો તેઓ સમજે નહિ. તેથી તેમને સમજાવવા, વ્યવહારનયથી શરીરાદિક પરદ્રવ્યોની સાપેક્ષતા વડે નર-નારક-પૃથ્વીકાયાદિરૂપ જીવના ભેદ કર્યા, ત્યારે 'મનુષ્ય જીવ છે', 'નારકી જીવ છે' ઈત્યાદિ પ્રકારથી તેમને જીવની ઓળખાણ થઈ; અથવા અભેદ વસ્તુમાં ભેદ ઉપજાવી જ્ઞાન-દર્શનાદિ ગુણ-પર્યાયરૂપ જીવના ભેદ કર્યા, ત્યારે 'જાણનારો જીવ છે', 'દેખનારો જીવ છે' ઈત્યાદિ પ્રકારથી તેમને જીવની ઓળખાણ થઈ. વળી નિશ્ચયથી તો વીતરાગભાવ મોક્ષમાર્ગ છે; પણ તેને જેઓ ન ઓળખે, તેમને એમ જ કહ્યા કરીએ તો તેઓ સમજે નહિ; તેથી તેમને સમજાવવા, વ્યવહારનયથી તત્ત્વાર્થશ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક પરદ્રવ્યનું નિમિત્ત મટાડવાની સાપેક્ષતા વડે વ્રત-શીલ-સંયમાદિરૂપ વીતરાગભાવના વિશેષો દર્શાવ્યા, ત્યારે તેમને વીતરાગભાવની ઓળખાણ થઈ. આ જ પ્રમાણે, અન્યત્ર પણ વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ ન થવાનું સમજવું.

(૨) અહીં વ્યવહારથી નર-નારકાદિ પર્યાયને જ જીવ કહ્યો. તેથી કાંઈ તે પર્યાયને જ જીવ ન માની લેવો. પર્યાય તો જીવ-પુદ્ગલના સંયોગરૂપ છે. ત્યાં નિશ્ચયથી જીવદ્રવ્ય જુદું છે; તેને જ જીવ માનવો. જીવના સંયોગથી શરીરાદિકને પણ જીવ કહ્યાં તે કહેવામાત્ર જ છે. પરમાર્થે શરીરાદિક જીવ થતાં નથી. આવું જ શ્રદ્ધાન કરવું. બીજું, અભેદ આત્મામાં જ્ઞાન-દર્શનાદિ ભેદ કર્યા તેથી કાંઈ તેમને ભેદરૂપ જ ન માની લેવા; ભેદ તો સમજાવવા માટે છે. નિશ્ચયથી આત્મા અભેદ જ છે; તેને જ જીવવસ્તુ માનવી. સંજ્ઞા-સંખ્યાદિ ભેદ કહ્યા તે કહેવામાત્ર જ છે; પરમાર્થે તેઓ જુદા જુદા છે નહિ. આવું જ શ્રદ્ધાન કરવું. વળી, પરદ્રવ્યનું નિમિત્ત મટાડવાની અપેક્ષાએ વ્રત-શીલ-સંયમાદિકને મોક્ષમાર્ગ કહ્યો તેથી કાંઈ તેમને જ મોક્ષમાર્ગ ન માની લેવા; કારણ કે પરદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગ આત્માને હોય તો આત્મા પરદ્રવ્યનો કર્તા-હર્તા થઈ જાય, પણ કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને આધીન છે નહિ. આત્મા તો પોતાના ભાવ જે રાગાદિક છે તેમને છોડી વીતરાગી થાય છે, માટે નિશ્ચયથી વીતરાગભાવ જ મોક્ષમાર્ગ છે. વીતરાગભાવોને અને વ્રતાદિકને કદાચિત્ કાર્યકારણપણું છે તેથી વ્રતાદિકને મોક્ષમાર્ગ કહ્યા પણ તે કહેવામાત્ર જ છે. પરમાર્થે બાહ્યક્રિયા મોક્ષમાર્ગ નથી. આવું જ શ્રદ્ધાન કરવું. આ જ પ્રમાણે, અન્યત્ર પણ વ્યવહારનયને અંગીકાર ન કરવાનું સમજી લેવું.

પ્રશ્ન :—વ્યવહારનય પરને ઉપદેશ કરવામાં જ કાર્યકારી છે કે પોતાનું પણ પ્રયોજન સાધે છે?

ઉત્તર :—પોતે પણ જ્યાંસુધી નિશ્ચયનયથી પ્રરૂપિત વસ્તુને ન ઓળખે ત્યાંસુધી

વ્યવહારમાર્ગ વડે વસ્તુનો નિશ્ચય કરે. તેથી નીચલી દશામાં પોતાને પણ વ્યવહારનય કાર્યકારી છે. પરંતુ વ્યવહારને ઉપચારમાત્ર માની તેના દ્વારા વસ્તુનું શ્રદ્ધાન બરાબર કરવામાં આવે તો તે કાર્યકારી થાય, અને જો નિશ્ચયની માફક વ્યવહાર પણ સત્યભૂત માની 'વસ્તુ આમ જ છે' એવું શ્રદ્ધાન કરવામાં આવે તો તે ઊલટો અકાર્યકારી થઈ જાય. એ જ પુરુષાર્થસિદ્ધ્યુપાયમાં કહ્યું છે:—

**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम्।**
**व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति॥**
**माणवक एव सिंहो यथा भवत्यनवगीतसिंहस्य।**
**व्यवहार एव हि तथा निश्चयतां यात्यनिश्चयज्ञस्य॥**

અર્થ:—મુનિરાજ, અજ્ઞાનીને સમજાવવા માટે અસત્યાર્થ જે વ્યવહારનય તેને ઉપદેશે છે. જે કેવળ વ્યવહારને જ સમજે છે, તેને તો ઉપદેશ જ દેવો યોગ્ય નથી. જેવી રીતે જે સાચા સિંહને ન સમજે તેને તો બિલાડું જ સિંહ છે, તેવી રીતે જે નિશ્ચયને ન સમજે તેને તો વ્યવહાર જ નિશ્ચયપણાને પામે છે.

—શ્રી મોક્ષમાર્ગપ્રકાશક

# નિશ્ચયવ્યવહારાભાસ-અવલંબીઓનું નિરૂપણ

હવે, નિશ્ચય-વ્યવહાર બન્ને નયોના આભાસને અવલંબે છે એવા મિથ્યાદ્રષ્ટિઓનું નિરૂપણ કરીએ છીએ :—

કોઈ જીવો એમ માને છે કે જિનમતમાં નિશ્ચય અને વ્યવહાર બે નય કહ્યા છે માટે અમારે તે બન્નેનો અંગીકાર કરવો. આમ વિચારી, જે પ્રમાણે કેવળનિશ્ચયાભાસના અવલંબીઓનું કથન કર્યું હતું તે પ્રમાણે તો તેઓ નિશ્ચયનો અંગીકાર કરે છે અને જે પ્રમાણે કેવળવ્યવહારાભાસના અવલંબીઓનું કથન કર્યું હતું તે પ્રમાણે વ્યવહારનો અંગીકાર કરે છે. જોકે એ પ્રમાણે અંગીકાર કરવામાં બન્ને નયોમાં પરસ્પર વિરોધ છે, તોપણ કરે શું? બન્ને નયોનું સાચું સ્વરૂપ તો ભાસ્યું નથી અને જિનમતમાં બે નય કહ્યા છે તેમાંથી કોઈને છોડ્યો પણ જતો નથી, તેથી ભ્રમપૂર્વક બન્ને નયોનું સાધન સાધે છે. તે જીવો પણ મિથ્યાદ્રષ્ટિ જાણવા.

હવે તેમની પ્રવૃત્તિની વિશેષતા દર્શાવીએ છીએ :—

અંતરંગમાં પોતે તો નિર્ધાર કરી યથાવત્ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગને ઓળખેલ નથી પરંતુ જિન-આજ્ઞા માની નિશ્ચય-વ્યવહારરૂપ બે પ્રકારના મોક્ષમાર્ગ માને છે. હવે મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી, મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપણ કર્યો છે તે નિશ્ચયમોક્ષમાર્ગ છે, અને જ્યાં મોક્ષમાર્ગ તો છે નહિ પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે વા સહચારી છે, તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર-મોક્ષમાર્ગ છે; કારણ કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે. સાચું નિરૂપણ તે નિશ્ચય, ઉપચાર નિરૂપણ તે વ્યવહાર. માટે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ જાણવો. પરંતુ એક નિશ્ચયમોક્ષમાર્ગ છે તથા એક વ્યવહારમોક્ષમાર્ગ છે એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે.

વળી તેઓ નિશ્ચય-વ્યવહાર બન્નેને ઉપાદેય માને છે. તે પણ ભ્રમ છે, કારણ કે નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરોધ સહિત છે...

—શ્રી મોક્ષમાર્ગપ્રકાશક

# શ્રી પંચાસ્તિકાયસંગ્રહની વિષયાનુક્રમણિકા

*


| વિષય | ગાથા |
|---|---|
| **૧. ષડ્દ્રવ્ય-પંચાસ્તિકાયવર્ણન** | |
| —ષડ્દ્રવ્યપંચાસ્તિકાયના સામાન્ય વ્યાખ્યાનરૂપ પીઠિકા— | |
| શાસ્ત્રના આદિમાં જિનને ભાવનમસ્કારરૂપ અસાધારણ મંગળ | ૧ |
| સમયને અર્થાત્ આગમને પ્રણામ કરીને તેનું કથન કરવા વિષે શ્રીમત્કુંદકુંદાચાર્યદેવની પ્રતિજ્ઞા | ૨ |
| શબ્દરૂપે, જ્ઞાનરૂપે અને અર્થરૂપે—એમ ત્રણ પ્રકારનો 'સમય'શબ્દનો અર્થ તથા લોક-અલોકરૂપ વિભાગ | ૩ |
| પાંચ અસ્તિકાયોની વિશેષસંજ્ઞા, સામાન્ય-વિશેષ-અસ્તિત્વ તથા કાયત્વનું કથન | ૪ |
| પાંચ અસ્તિકાયોને અસ્તિત્વ કયા પ્રકારે છે અને કાયત્વ કયા પ્રકારે છે તેનું કથન | ૫ |
| પાંચ અસ્તિકાયોને તથા કાળને દ્રવ્યપણાનું કથન | ૬ |
| છ દ્રવ્યોને પરસ્પર અત્યંત સંકર હોવા છતાં તેઓ પોતપોતાના નિશ્ચિત સ્વરૂપથી ચ્યુત થતાં નથી એવું કથન | ૭ |
| અસ્તિત્વનું સ્વરૂપ | ૮ |
| સત્તાને અને દ્રવ્યને અર્થાંતરપણું હોવાનું ખંડન | ૯ |
| ત્રણ પ્રકારે દ્રવ્યનું લક્ષણ | ૧૦ |
| બંને નયો વડે દ્રવ્યના લક્ષણનો વિભાગ | ૧૧ |
| દ્રવ્ય અને પર્યાયોના અભેદપણાનું કથન | ૧૨ |
| દ્રવ્ય અને ગુણોના અભેદપણાનું કથન | ૧૩ |
| દ્રવ્યના આદેશને વશ સપ્તભંગી | ૧૪ |
| ઉત્પાદને વિષે અસત્‌નો પ્રાદુર્ભાવ અને વ્યયને વિષે સત્‌નો વિનાશ હોવાનો નિષેધ | ૧૫ |
| દ્રવ્યો, ગુણો અને પર્યાયોનું પ્રજ્ઞાપન | ૧૬ |
| 'ભાવનો નાશ થતો નથી અને અભાવનો ઉત્પાદ થતો નથી' તેનું ઉદાહરણ | ૧૭ |
| દ્રવ્ય કથંચિત્ વ્યય અને ઉત્પાદવાળું હોવા છતાં તેનું સદા અવિનષ્ટપણું અને અનુત્પન્નપણું | ૧૮ |
| ધ્રુવતાના પક્ષથી સત્‌નો અવિનાશ અને અસત્‌નો અનુત્પાદ | ૧૯ |
| સિદ્ધને અત્યંત અસત્-ઉત્પાદનો નિષેધ | ૨૦ |
| જીવને ઉત્પાદ, વ્યય, સત્ વિનાશ અને અસત્-ઉત્પાદનું કર્તાપણું હોવાની સિદ્ધિરૂપ ઉપસંહાર | ૨૧ |
| છ દ્રવ્યોમાંથી પાંચને અસ્તિકાયપણાનું સ્થાપન | ૨૨ |
| કાળ અસ્તિકાયપણે અનુક્ત હોવા છતાં તેનું અર્થપણું | ૨૩ |
| નિશ્ચયકાળનું સ્વરૂપ | ૨૪ |
| વ્યવહારકાળનું કથંચિત્ પરાશ્રિતપણું | ૨૫ |
| વ્યવહારકાળના કથંચિત્ પરાશ્રિતપણા વિષે સત્ય યુક્તિ | ૨૬ |

| વિષય | ગાથા |
|---|---|
| **ષડ્દ્રવ્યપંચાસ્તિકાયનું વિશેષ વ્યાખ્યાન** | |
| **—જીવદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન—** | |
| સંસાર-અવસ્થાવાળા આત્માનું સોપાધિ અને નિરુપાધિ સ્વરૂપ | ૨૭ |
| મુક્તાવસ્થાવાળા આત્માનું નિરુપાધિ સ્વરૂપ | ૨૮ |
| સિદ્ધના નિરુપાધિ જ્ઞાન, દર્શન અને સુખનું સમર્થન | ૨૯ |
| જીવત્વગુણની વ્યાખ્યા | ૩૦ |
| જીવોનું સ્વાભાવિક પ્રમાણ તથા તેમનો મુક્ત ને અમુક્ત એવો વિભાગ | ૩૧-૩૨ |
| જીવના દેહપ્રમાણપણાના દૃષ્ટાંતનું કથન | ૩૩ |
| જીવનું દેહથી દેહાંતરમાં અસ્તિત્વ, દેહથી પૃથક્પણું અને દેહાંતરમાં ગમનનું કારણ | ૩૪ |
| સિદ્ધભગવંતોનાં જીવત્વ અને દેહ-પ્રમાણત્વની વ્યવસ્થા | ૩૫ |
| સિદ્ધભગવાનને કાર્યપણું અને કારણપણું હોવાનું નિરાકરણ | ૩૬ |
| 'જીવનો અભાવ તે મુક્તિ છે' એ વાતનું ખંડન | ૩૭ |
| ચેતયિતૃત્વગુણની વ્યાખ્યા | ૩૮ |
| કયા જીવને કઈ ચેતના હોય છે તેનું કથન | ૩૯ |
| ઉપયોગગુણના વ્યાખ્યાનનો પ્રારંભ | ૪૦ |
| જ્ઞાનોપયોગના ભેદોનાં નામ અને સ્વરૂપનું કથન | ૪૧ |
| દર્શનોપયોગના ભેદોનાં નામ અને સ્વરૂપનું કથન | ૪૨ |
| એક આત્મા અનેક જ્ઞાનાત્મક હોવાનું સમર્થન | ૪૩ |
| દ્રવ્યનું ગુણોથી ભિન્નપણું અને ગુણોનું દ્રવ્યથી ભિન્નપણું હોવામાં દોષ | ૪૪ |
| દ્રવ્ય અને ગુણોનું સ્વોચિત અનન્યપણું | ૪૫ |
| વ્યપદેશ વગેરે એકાંતે દ્રવ્ય-ગુણોના અન્યપણાનું કારણ હોવાનું ખંડન | ૪૬ |
| વસ્તુપણે ભેદ અને (વસ્તુપણે) અભેદનું ઉદાહરણ | ૪૭ |
| દ્રવ્ય અને ગુણોને અર્થાંતરપણું હોવામાં દોષ | ૪૮ |
| જ્ઞાન અને જ્ઞાનીને સમવાયસંબંધ હોવાનું નિરાકરણ | ૪૯ |
| સમવાયને વિષે પદાર્થાંતરપણું હોવાનું નિરાકરણ | ૫૦ |
| દૃષ્ટાંતરૂપ અને દાર્ષ્ટાંતરૂપ પદાર્થપૂર્વક, દ્રવ્ય અને ગુણોના અભિન્ન-પદાર્થપણાના વ્યાખ્યાનનો ઉપસંહાર | ૫૧-૫૨ |
| પોતાના ભાવોને કરતા થકા, શું જીવો અનાદિ-અનંત છે ? શું સાદિ-સાંત છે ? શું સાદિ-અનંત છે ? શું તદાકારે પરિણત છે ? શું તદાકારે અપરિણત છે ?—તે આશંકાઓનું સમાધાન | ૫૩ |
| જીવને ભાવવશાત્ સાદિ-સાંતપણું અને અનાદિ-અનંતપણું હોવામાં વિરોધનો પરિહાર | ૫૪ |
| જીવને સત્ ભાવના ઉચ્છેદ અને અસત્ ભાવના ઉત્પાદમાં નિમિત્તભૂત ઉપાધિનું પ્રતિપાદન | ૫૫ |
| જીવને પાંચ ભાવોની પ્રગટતાનું વર્ણન | ૫૬ |
| જીવના ઔદયિકાદિ ભાવોના કર્તૃત્વપ્રકારનું કથન | ૫૭ |
| નિમિત્તમાત્ર તરીકે દ્રવ્યકર્મોને ઔદયિકાદિ ભાવોનું કર્તાપણું | ૫૮ |
| કર્મને જીવભાવનું કર્તાપણું હોવાની બાબતમાં પૂર્વપક્ષ | ૫૯ |

| વિષય | ગાથા |
| --- | --- |
| ૫૯મી ગાથામાં કહેલા પૂર્વપક્ષના સમાધાનરૂપ સિદ્ધાન્ત | ૬૦ |
| નિશ્ચયથી જીવને પોતાના ભાવોનું કર્તાપણું અને પુદ્ગલકર્મોનું અકર્તાપણું | ૬૧ |
| નિશ્ચયનયે અભિન્ન કારકો હોવાથી કર્મ અને જીવ સ્વયં પોતપોતાના રૂપના કર્તા છે—એ વિષે નિરૂપણ | ૬૨ |
| જો કર્મ અને જીવને અન્યોન્ય અકર્તાપણું હોય, તો 'અન્યે દીધેલું ફળ અન્ય ભોગવે,' એવો પ્રસંગ આવે;—આવો દોષ બતાવીને પૂર્વપક્ષની રજુઆત | ૬૩ |
| કર્મયોગ્ય પુદ્ગલો આખા લોકમાં વ્યાપેલાં છે; તેથી જ્યાં આત્મા છે ત્યાં, વિના-લાવ્યે જ, તેઓ રહેલાં છે—એ વિષે કથન | ૬૪ |
| અન્ય વડે કરવામાં આવ્યા વિના કર્મની ઉત્પત્તિ કઈ રીતે થાય છે તેનું કથન | ૬૫ |
| કર્મોની વિચિત્રતા અન્ય વડે કરવામાં આવતી નથી—એ વિષે કથન | ૬૬ |
| નિશ્ચયથી જીવ અને કર્મને નિજ નિજ રૂપનું જ કર્તાપણું હોવા છતાં, વ્યવહારથી જીવને કર્મે દીધેલા ફળનો ભોગવટો વિરોધ પામતો નથી—એ વિષે કથન | ૬૭ |
| કર્તૃત્વ અને ભોક્તૃત્વની વ્યાખ્યાનો ઉપસંહાર | ૬૮ |
| કર્મસંયુક્તપણાની મુખ્યતાથી પ્રભુત્વગુણનું વ્યાખ્યાન | ૬૯ |
| કર્મવિયુક્તપણાની મુખ્યતાથી પ્રભુત્વગુણનું વ્યાખ્યાન | ૭૦ |
| જીવના ભેદોનું કથન | ૭૧-૭૨ |

| વિષય | ગાથા |
| --- | --- |
| બદ્ધ જીવને કર્મનિમિત્તક ષડ્વિધ ગમન અને મુક્ત જીવને સ્વાભાવિક એવું એક ઊર્ધ્વગમન | ૭૩ |
| —પુદ્ગલદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન— | |
| પુદ્ગલદ્રવ્યના ભેદો | ૭૪ |
| પુદ્ગલદ્રવ્યના ભેદોનું વર્ણન | ૭૫ |
| સ્કંધોને વિષે 'પુદ્ગલ' એવો જે વ્યવહાર છે તેનું સમર્થન | ૭૬ |
| પરમાણુની વ્યાખ્યા | ૭૭ |
| પરમાણુઓ ભિન્ન ભિન્ન જાતિના હોવાનું ખંડન | ૭૮ |
| શબ્દ પુદ્ગલસ્કંધપર્યાય હોવાનું કથન | ૭૯ |
| પરમાણુના એકપ્રદેશીપણાનું કથન | ૮૦ |
| પરમાણુદ્રવ્યમાં ગુણ-પર્યાય વર્તવાનું કથન | ૮૧ |
| સર્વ પુદ્ગલભેદોનો ઉપસંહાર | ૮૨ |
| —ધર્મદ્રવ્યાસ્તિકાય અને અધર્મ-દ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન— | |
| ધર્માસ્તિકાયનું સ્વરૂપ | ૮૩ |
| ધર્માસ્તિકાયનું જ બાકીનું સ્વરૂપ | ૮૪ |
| ધર્માસ્તિકાયના ગતિહેતુત્વ વિષે દૃષ્ટાંત | ૮૫ |
| અધર્માસ્તિકાયનું સ્વરૂપ | ૮૬ |
| ધર્મ અને અધર્મના સદ્ભાવની સિદ્ધિ માટે હેતુ | ૮૭ |
| ધર્મ અને અધર્મ ગતિ અને સ્થિતિના હેતુઓ હોવા છતાં તેમનું અત્યંત ઉદાસીનપણું | ૮૮ |
| ધર્મ અને અધર્મના ઉદાસીનપણાની બાબતમાં હેતુ | ૮૯ |
| —આકાશદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન— | |
| આકાશનું સ્વરૂપ | ૯૦ |
| લોકની બહાર પણ આકાશ હોવાની સૂચના | ૯૧ |

| વિષય | ગાથા |
|---|---|
| આકાશને વિષે ગતિસ્થિતિહેતુત્વ હોવામાં દોષનું નિરૂપણ | ૯૨ |
| ૯૨મી ગાથામાં ગતિપક્ષ સંબંધી કથન કર્યા પછી સ્થિતિપક્ષ સંબંધી કથન | ૯૩ |
| આકાશને ગતિસ્થિતિહેતુત્વનો અભાવ હોવા વિષે હેતુ | ૯૪ |
| આકાશને ગતિસ્થિતિહેતુત્વ હોવાના ખંડન સંબંધી કથનનો ઉપસંહાર | ૯૫ |
| ધર્મ, અધર્મ અને લોકાકાશનું અવગાહની અપેક્ષાએ એકત્વ હોવા છતાં વસ્તુપણે અન્યત્વ | ૯૬ |
| —ચૂલિકા— | |
| દ્રવ્યોનું મૂર્તામૂર્તપણું અને ચેતનાચેતનપણું | ૯૭ |
| દ્રવ્યોનું સક્રિય-નિષ્ક્રિયપણું | ૯૮ |
| મૂર્ત અને અમૂર્તનાં લક્ષણ | ૯૯ |
| —કાળદ્રવ્યનું વ્યાખ્યાન— | |
| વ્યવહારકાળ તથા નિશ્ચયકાળનું સ્વરૂપ | ૧૦૦ |
| કાળના 'નિત્ય' અને 'ક્ષણિક' એવા બે વિભાગ | ૧૦૧ |
| કાળને દ્રવ્યપણાનું વિધાન અને અસ્તિકાય-પણાનો નિષેધ | ૧૦૨ |
| —ઉપસંહાર— | |
| પંચાસ્તિકાયના અવબોધનું ફળ કહીને પંચાસ્તિકાયના વ્યાખ્યાનનો ઉપસંહાર | ૧૦૩ |
| દુઃખથી વિમુક્ત થવાના ક્રમનું કથન | ૧૦૪ |
| **૨. નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગપ્રપંચવર્ણન** | |
| આપ્તની સ્તુતિ પૂર્વક પ્રતિજ્ઞા | ૧૦૫ |
| મોક્ષમાર્ગની સૂચના | ૧૦૬ |
| સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સૂચના | ૧૦૭ |
| પદાર્થોનાં નામ અને સ્વરૂપનું કથન | ૧૦૮ |

| વિષય | ગાથા |
|---|---|
| —જીવપદાર્થનું વ્યાખ્યાન— | |
| જીવના સ્વરૂપનું કથન | ૧૦૯ |
| સંસારી જીવોના ભેદોમાંથી પૃથ્વીકાયિક વગેરે પાંચ ભેદોનું કથન | ૧૧૦ |
| પૃથ્વીકાયિક વગેરે પંચવિધ જીવોના સ્થાવર-ત્રસપણાસંબંધી કથન | ૧૧૧ |
| પૃથ્વીકાયિક વગેરે પંચવિધ જીવોના એકેન્દ્રિયપણાનો નિયમ | ૧૧૨ |
| એકેન્દ્રિયોને ચૈતન્યનું અસ્તિત્વ હોવા સંબંધી દૃષ્ટાંત | ૧૧૩ |
| દ્વીંદ્રિય જીવોના પ્રકારની સૂચના | ૧૧૪ |
| ત્રીંદ્રિય જીવોના પ્રકારની સૂચના | ૧૧૫ |
| ચતુરિંદ્રિય જીવોના પ્રકારની સૂચના | ૧૧૬ |
| પંચેન્દ્રિય જીવોના પ્રકારની સૂચના | ૧૧૭ |
| એકેન્દ્રિયાદિ જીવોનો ચતુર્ગતિસંબંધ દર્શાવીને તે જીવભેદોનો ઉપસંહાર | ૧૧૮ |
| ગતિનામકર્મ અને આયુષકર્મના ઉદયથી નિષ્પન્ન થતાં હોવાથી દેવત્વાદિનું અનાત્મસ્વભાવપણું | ૧૧૯ |
| પૂર્વોક્ત જીવવિસ્તારનો ઉપસંહાર | ૧૨૦ |
| વ્યવહારજીવત્વના એકાંતની પ્રતિપત્તિનું ખંડન | ૧૨૧ |
| અન્યથી અસાધારણ એવાં જીવકાર્યોનું કથન | ૧૨૨ |
| જીવ-વ્યાખ્યાનના ઉપસંહારની અને અજીવ- વ્યાખ્યાનના પ્રારંભની સૂચના | ૧૨૩ |
| —અજીવપદાર્થનું વ્યાખ્યાન— | |
| આકાશાદિનું અજીવપણું દર્શાવવા માટે હેતુ | ૧૨૪ |
| આકાશાદિનું અચેતનત્વસામાન્ય નક્કી કરવા માટે અનુમાન | ૧૨૫ |

| વિષય | ગાથા |
|---|---|
| જીવ-પુદ્‌ગલના સંયોગમાં પણ, તેમના ભેદના કારણભૂત સ્વરૂપનું કથન | ૧૨૬-૧૨૭ |
| જીવ-પુદ્‌ગલના સંયોગથી નિષ્પન્ન થતા અન્ય સાત પદાર્થોના ઉપોદ્‌ઘાત અર્થે જીવકર્મ અને પુદ્‌ગલકર્મના ચક્રનું વર્ણન | ૧૨૮-૧૩૦ |
| —પુણ્ય-પાપપદાર્થનું વ્યાખ્યાન— | |
| પુણ્ય-પાપને યોગ્ય ભાવના સ્વભાવનું કથન | ૧૩૧ |
| પુણ્ય-પાપનું સ્વરૂપ | ૧૩૨ |
| મૂર્તકર્મનું સમર્થન | ૧૩૩ |
| મૂર્તકર્મનો મૂર્તકર્મની સાથે જે બંધપ્રકાર તથા અમૂર્ત જીવનો મૂર્તકર્મની સાથે જે બંધપ્રકાર તેની સૂચના | ૧૩૪ |
| —આસ્રવપદાર્થનું વ્યાખ્યાન— | |
| પુણ્યાસ્રવનું સ્વરૂપ | ૧૩૫ |
| પ્રશસ્ત રાગનું સ્વરૂપ | ૧૩૬ |
| અનુકંપાનું સ્વરૂપ | ૧૩૭ |
| ચિત્તની કલુષતાનું સ્વરૂપ | ૧૩૮ |
| પાપાસ્રવનું સ્વરૂપ | ૧૩૯ |
| પાપાસ્રવભૂત ભાવોનો વિસ્તાર | ૧૪૦ |
| —સંવરપદાર્થનું વ્યાખ્યાન— | |
| પાપના સંવરનું કથન | ૧૪૧ |
| સામાન્યપણે સંવરનું સ્વરૂપ | ૧૪૨ |
| વિશેષપણે સંવરનું સ્વરૂપ | ૧૪૩ |
| —નિર્જરાપદાર્થનું વ્યાખ્યાન— | |
| નિર્જરાનું સ્વરૂપ | ૧૪૪ |
| નિર્જરાનું મુખ્ય કારણ | ૧૪૫ |
| ધ્યાનનું સ્વરૂપ | ૧૪૬ |
| —બંધપદાર્થનું વ્યાખ્યાન— | |
| બંધનું સ્વરૂપ | ૧૪૭ |
| બંધનું બહિરંગ કારણ અને અંતરંગ કારણ | ૧૪૮ |
| મિથ્યાત્વાદિ દ્રવ્યપર્યાયોને પણ બંધના બહિરંગ-કારણપણાનું પ્રકાશન | ૧૪૯ |
| —મોક્ષપદાર્થનું વ્યાખ્યાન— | |
| દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત પરમ-સંવરરૂપે ભાવમોક્ષના સ્વરૂપનું કથન | ૧૫૦-૧૫૧ |
| દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત એવી પરમ નિર્જરાના કારણભૂત ધ્યાન | ૧૫૨ |
| દ્રવ્યમોક્ષનું સ્વરૂપ | ૧૫૩ |
| —મોક્ષમાર્ગપ્રપંચસૂચક ચૂલિકા— | |
| મોક્ષમાર્ગનું સ્વરૂપ | ૧૫૪ |
| સ્વસમયના ગ્રહણ અને પરસમયના ત્યાગપૂર્વક કર્મક્ષય થાય છે—એવા પ્રતિપાદન દ્વારા 'જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે' એવું નિરૂપણ | ૧૫૫ |
| પરચારિત્રમાં પ્રવર્તનારનું સ્વરૂપ | ૧૫૬ |
| પરચારિત્રપ્રવૃત્તિ બંધહેતુભૂત હોવાથી તેને મોક્ષમાર્ગપણાનો નિષેધ | ૧૫૭ |
| સ્વચારિત્રમાં પ્રવર્તનારનું સ્વરૂપ | ૧૫૮ |
| શુદ્ધ સ્વચારિત્રપ્રવૃત્તિનો માર્ગ | ૧૫૯ |
| નિશ્ચયમોક્ષમાર્ગના સાધન તરીકે, પૂર્વોદિષ્ટ વ્યવહારમોક્ષમાર્ગનો નિર્દેશ | ૧૬૦ |
| વ્યવહારમોક્ષમાર્ગના સાધ્ય તરીકે, નિશ્ચય-મોક્ષમાર્ગનું કથન | ૧૬૧ |
| આત્માના ચારિત્ર-જ્ઞાન-દર્શનપણાનું પ્રકાશન | ૧૬૨ |
| સર્વ સંસારી આત્માઓ મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ | ૧૬૩ |

| વિષય | ગાથા |
| --- | --- |
| દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથંચિત્ બંધહેતુપણું અને જીવસ્વભાવમાં નિયત ચારિત્રનું સાક્ષાત્ મોક્ષહેતુપણું | ૧૬૪ |
| સૂક્ષ્મ પરસમયનું સ્વરૂપ | ૧૬૫ |
| શુદ્ધસંપ્રયોગને કથંચિત્ બંધહેતુપણું હોવાથી તેને મોક્ષમાર્ગપણાનો નિષેધ | ૧૬૬ |
| સ્વસમયની ઉપલબ્ધિના અભાવનો રાગ જ એક હેતુ | ૧૬૭ |
| રાગલવમૂલક દોષપરંપરાનું નિરૂપણ | ૧૬૮ |
| રાગરૂપ ક્લેશનો નિઃશેષ નાશ કરવાયોગ્ય હોવાનું નિરૂપણ | ૧૬૯ |
| અર્હંતાદિની ભક્તિરૂપ પરસમયપ્રવૃત્તિમાં સાક્ષાત્ મોક્ષહેતુપણાનો અભાવ હોવા છતાં પરંપરાએ મોક્ષહેતુપણાનો સદ્ભાવ | ૧૭૦ |
| માત્ર અર્હંતાદિની ભક્તિ જેટલા રાગથી ઉત્પન્ન થતો સાક્ષાત્ મોક્ષનો અંતરાય | ૧૭૧ |
| સાક્ષાત્ મોક્ષમાર્ગના સાર-સૂચન દ્વારા શાસ્ત્રતાત્પર્યરૂપ ઉપસંહાર | ૧૭૨ |
| શાસ્ત્રકર્તાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવનારી સમાપ્તિ | ૧૭૩ |

ॐ

नमः श्रीसर्वज्ञवीतरागाय ।

# શાસ્ત્ર-સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥१॥

अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलमलकलङ्का ।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान् ॥२॥

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥३॥

## ॥ श्रीपरमगुरवे नमः, परम्पराचार्यगुरवे नमः ॥

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्रीपंचास्तिकायसंग्रहनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधर-देवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेव-विरचितं, श्रोतारः सावधानतया शृण्वन्तु ॥

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥१॥

सर्वमङ्गलमाङ्गल्यं सर्वकल्याणकारकं ।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ॥२॥

नमः श्रीसर्वज्ञवीतरागाय।

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# પંચાસ્તિકાયસંગ્રહ

## —૧—

## ષડ્‌દ્રવ્ય-પંચાસ્તિકાયવર્ણન

श्रीमदमृतचन्द्राचार्यदेवविरचिता समयव्याख्या।

सहजानन्दचैतन्यप्रकाशाय महीयसे।
नमोऽनेकान्तविश्रान्तमहिम्ने परमात्मने ॥१॥

---

મૂળ ગાથાઓનો અને સમયવ્યાખ્યા નામની ટીકાનો

## ગુજરાતી અનુવાદ

[પ્રથમ, ગ્રંથના આદિમાં શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત પ્રાકૃતગાથાબદ્ધ આ 'પંચાસ્તિકાયસંગ્રહ' નામના શાસ્ત્રની 'સમયવ્યાખ્યા' નામની સંસ્કૃત ટીકા રચનાર આચાર્ય શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ શ્લોક દ્વારા મંગળ અર્થે પરમાત્માને નમસ્કાર કરે છે:]

[શ્લોકાર્થ :—] સહજ આનંદ અને સહજ ચૈતન્યપ્રકાશમય હોવાથી જે અતિ મહાન છે અને અનેકાંતમાં સ્થિત જેનો મહિમા છે, તે પરમાત્માને નમસ્કાર હો. [૧]

दुर्निवारनयानीकविरोधध्वंसनौषधिः ।
स्यात्कारजीविता जीयाज्जैनी सिद्धान्तपद्धतिः ॥२॥

सम्यग्ज्ञानामलज्योतिर्जननी द्विनयाश्रया ।
अथातः समयव्याख्या संक्षेपेणाऽभिधीयते ॥३॥

---

[હવે ટીકાકાર આચાર્યદેવ શ્લોક દ્વારા જિનવાણીની સ્તુતિ કરે છે:]

[શ્લોકાર્થ:—] [1]સ્યાત્કાર જેનું જીવન છે એવી જૈની (—જિનભગવાનની) સિદ્ધાંતપદ્ધતિ—કે જે [2]દુર્નિવાર નયસમૂહના [3]વિરોધનો નાશ કરનારી ઔષધિ છે તે— જયવંત હો. [૨]

[હવે ટીકાકાર આચાર્યદેવ શ્લોક દ્વારા આ પંચાસ્તિકાયસંગ્રહ નામના શાસ્ત્રની ટીકા રચવાની પ્રતિજ્ઞા કરે છે:]

[શ્લોકાર્થ:—] હવે અહીંથી, જે સમ્યગ્જ્ઞાનરૂપી નિર્મળ જ્યોતિની જનની છે એવી દ્વિનયાશ્રિત (બે નયોનો આશ્રય કરનારી) [4]સમયવ્યાખ્યા (પંચાસ્તિકાયસંગ્રહ નામના શાસ્ત્રની સમયવ્યાખ્યા નામની ટીકા) સંક્ષેપથી કહેવામાં આવે છે. [૩]

[હવે ત્રણ શ્લોકો દ્વારા ટીકાકાર આચાર્યદેવ આ પંચાસ્તિકાયસંગ્રહ નામના શાસ્ત્રમાં કયા કયા વિષયોનું નિરૂપણ છે તે અતિ સંક્ષેપથી કહે છે:]

---

૧. 'સ્યાત્' પદ જિનદેવની સિદ્ધાંતપદ્ધતિનું જીવન છે. (સ્યાત્ = કથંચિત્; કોઈ અપેક્ષાથી; કોઈ પ્રકારે.)

૨. દુર્નિવાર = નિવારવો મુશ્કેલ; ટાળવો મુશ્કેલ.

૩. દરેક વસ્તુ નિત્યત્વ, અનિત્યત્વ વગેરે અનેક અંતમય (ધર્મમય) છે. વસ્તુની સર્વથા નિત્યતા તેમ જ સર્વથા અનિત્યતા માનવામાં પૂરેપૂરો વિરોધ આવતો હોવા છતાં, કથંચિત્ (અર્થાત્ દ્રવ્ય-અપેક્ષાએ) નિત્યતા અને કથંચિત્ (અર્થાત્ પર્યાય-અપેક્ષાએ) અનિત્યતા માનવામાં જરા પણ વિરોધ આવતો નથી એમ જિનવાણી સ્પષ્ટ સમજાવે છે. આ રીતે જિનભગવાનની વાણી સ્યાદ્વાદ વડે (અપેક્ષાકથનથી) વસ્તુનું પરમ યથાર્થ નિરૂપણ કરીને, નિત્યત્વ-અનિત્યત્વાદિ ધર્મોમાં (અને તે તે ધર્મ બતાવનારા નયોમાં) અવિરોધ (સુમેળ) અબાધિતપણે સિદ્ધ કરે છે અને ધર્મો વિના વસ્તુની નિષ્પત્તિ જ ન હોઈ શકે એમ નિર્બાધપણે સ્થાપે છે.

૪. સમયવ્યાખ્યા=સમયની વ્યાખ્યા; પંચાસ્તિકાયની વ્યાખ્યા; દ્રવ્યની વ્યાખ્યા; પદાર્થની વ્યાખ્યા. [વ્યાખ્યા=વ્યાખ્યાન; સ્પષ્ટ કથન; વિવરણ; સ્પષ્ટીકરણ.]

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



पञ्चास्तिकायषड्द्रव्यप्रकारेण प्ररूपणम् ।
पूर्वं मूलपदार्थानामिह सूत्रकृता कृतम् ।।४।।

जीवाजीवद्विपर्यायरूपाणां चित्रवर्त्मनाम् ।
ततो नवपदार्थानां व्यवस्था प्रतिपादिता ।।५।।

ततस्तत्त्वपरिज्ञानपूर्वेण त्रितयात्मना ।
प्रोक्ता मार्गेण कल्याणी मोक्षप्राप्तिरपश्चिमा ।।६।।

---

[શ્લોકાર્થ :—] અહીં પહેલાં ★સૂત્રકર્તાએ મૂળ પદાર્થોનું પંચાસ્તિકાય અને ષડ્દ્રવ્યના પ્રકારથી પ્રરૂપણ કર્યું છે (અર્થાત્ આ શાસ્ત્રમાં પ્રથમ અધિકારને વિષે શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવે વિશ્વના મૂળ પદાર્થોનું પાંચ અસ્તિકાય અને છ દ્રવ્યની પદ્ધતિથી નિરૂપણ કર્યું છે). [૪]

[શ્લોકાર્થ :—] પછી (બીજા અધિકારમાં), જીવ અને અજીવ એ બેના પર્યાયોરૂપ નવ પદાર્થોની—કે જેમના માર્ગ અર્થાત્ કાર્ય ભિન્નભિન્ન પ્રકારના છે તેમની—વ્યવસ્થા પ્રતિપાદિત કરી છે. [૫]

[શ્લોકાર્થ :—] પછી (બીજા અધિકારના અંતમાં) તત્ત્વના પરિજ્ઞાનપૂર્વક (પંચાસ્તિકાય, ષડ્દ્રવ્ય અને નવ પદાર્થના યથાર્થ જ્ઞાનપૂર્વક) ત્રયાત્મક માર્ગથી (સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાત્મક માર્ગથી) કલ્યાણસ્વરૂપ ઉત્તમ મોક્ષપ્રાપ્તિ કહી છે. [૬]

---

★ આ શાસ્ત્રના કર્તા શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ છે. તેમનાં બીજાં નામો પદ્મનંદી, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય અને ગૃદ્ધપિચ્છાચાર્ય છે. શ્રી જયસેનાચાર્યદેવ આ શાસ્ત્રની તાત્પર્યવૃત્તિ નામની ટીકાનો પ્રારંભ કરતાં લખે છે કે : 'હવે શ્રી કુમારનંદી-સિદ્ધાંતિદેવના શિષ્ય શ્રીમત્કુંદકુંદાચાર્યદેવે—જેમનાં બીજાં નામો પદ્મનંદી વગેરે હતાં તેમણે—પ્રસિદ્ધકથાન્યાયે પૂર્વવિદેહમાં જઈ વીતરાગ-સર્વજ્ઞ સીમંધરસ્વામી તીર્થંકરપરમદેવનાં દર્શન કરીને, તેઓશ્રીના મુખકમળથી નીકળેલી દિવ્ય વાણીના શ્રવણ વડે અવધારિત પદાર્થ દ્વારા શુદ્ધાત્મતત્ત્વાદિ સારભૂત અર્થને ગ્રહીને, ત્યાંથી પાછા આવી અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વના ગૌણ-મુખ્ય પ્રતિપાદન અર્થે અથવા શિવકુમારમહારાજાદિ સંક્ષેપરુચિ શિષ્યના પ્રતિબોધન અર્થે રચેલા પંચાસ્તિકાય-પ્રાભૃતશાસ્ત્રનું યથાક્રમે અધિકારશુદ્ધિપૂર્વક તાત્પર્યાર્થરૂપ વ્યાખ્યાન કરવામાં આવે છે.'

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

अथ सूत्रावतार :—

इंदसदवंदियाणं तिहुवणहिदमधुरविसदवक्काणं ।
अंतातीदगुणाणं णमो जिणाणं जिदभवाणं ॥१॥

इन्द्रशतवन्दितेभ्यस्त्रिभुवनहितमधुरविशदवाक्येभ्यः ।
अन्तातीतगुणेभ्यो नमो जिनेभ्यो जितभवेभ्यः ॥१॥

अथात्र 'नमो जिनेभ्यः' इत्यनेन जिनभावनमस्काररूपमसाधारणं शास्त्रस्यादौ मङ्गलमुपात्तम्। अनादिना सन्तानेन प्रवर्तमाना अनादिनैव सन्तानेन प्रवर्तमानैरिन्द्राणां शतैर्वन्दिता ये इत्यनेन सर्वदैव देवाधिदेवत्वात्तेषामेवासाधारणनमस्कारार्हत्वमुक्तम्।

---

હવે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત) ગાથાસૂત્રનું અવતરણ કરવામાં આવે છે :

શત-ઈન્દ્રવંદિત, ત્રિજગહિત-નિર્મળ-મધુર વદનારને,
નિઃસીમ ગુણ ધરનારને, જિતભવ નમું જિનરાજને. ૧.

અન્વયાર્થ :—[इन्द्रशतवन्दितेभ्यः] સો ઈન્દ્રોથી જે વંદિત છે, [त्रिभुवनहित-मधुरविशदवाक्येभ्यः] ત્રણ લોકને હિતકર, મધુર અને વિશદ (નિર્મળ, સ્પષ્ટ) જેમની વાણી છે, [अन्तातीतगुणेभ्यः] (ચૈતન્યના અનંત વિલાસસ્વરૂપ) અનંત ગુણ જેમને વર્તે છે અને [जितभवेभ्यः] ભવ ઉપર જેમણે જય મેળવ્યો છે, [जिनेभ्यः] તે જિનોને [नमः] નમસ્કાર હો.

ટીકા :—અહીં (આ ગાથામાં) 'જિનોને નમસ્કાર હો' એમ કહીને શાસ્ત્રના આદિમાં જિનને ભાવનમસ્કારરૂપ અસાધારણ [૧]મંગળ કહ્યું. 'જેઓ અનાદિ પ્રવાહથી પ્રવર્તતા (-ચાલ્યા આવતા) થકા અનાદિ પ્રવાહથી જ પ્રવર્તતા (-ચાલ્યા આવતા) [૨]સો સો ઈંદ્રોથી વંદિત છે' એમ કહીને સદાય દેવાધિદેવપણાને લીધે તેઓ જ (જિનો જ) અસાધારણ નમસ્કારને યોગ્ય છે એમ કહ્યું. 'જેમની વાણી અર્થાત્ દિવ્ય ધ્વનિ ત્રણ

---

૧. મળને અર્થાત્ પાપને ગાળે—નષ્ટ કરે તે મંગળ છે, અથવા સુખને પ્રાપ્ત કરે—લાવે તે મંગળ છે.
૨. ભવનવાસી દેવોના ૪૦ ઈન્દ્રો, વ્યંતર દેવોના ૩૨, કલ્પવાસી દેવોના ૨૪, જ્યોતિષ્ક દેવોના ૨, મનુષ્યોનો ૧ અને તિર્યંચોનો ૧—એમ કુલ ૧૦૦ ઈન્દ્રો અનાદિ પ્રવાહરૂપે ચાલ્યા આવે છે.

**त्रिभुवनमूर्ध्वाधोमध्यलोकवर्ती समस्त एव जीवलोकस्तस्मै निर्व्याबाधविशुद्धात्मतत्त्वोपलम्भोपायाभिधायित्वाद्धितं, परमार्थरसिकजनमनोहारित्वान्मधुरं, निरस्तसमस्तशंकादिदोषास्पदत्वाद्विशदं वाक्यं दिव्यो ध्वनिर्येषामित्यनेन समस्तवस्तुयाथात्म्योपदेशित्वात्प्रेक्षावत्प्रतीक्ष्यत्वमाख्यातम्। अन्तमतीतः क्षेत्रानवच्छिन्नः कालानवच्छिन्नश्च परमचैतन्यशक्तिविलासलक्षणो गुणो येषामित्यनेन तु परमाद्भुतज्ञानातिशयप्रकाशनादवाप्तज्ञानातिशयानामपि योगीन्द्राणां वन्द्यत्वमुदितम्। जितो भव आजवंजवो यैरित्यनेन तु कृतकृत्यत्वप्रकटनात्त एवान्येषामकृतकृत्यानां शरणमित्युपदिष्टम्।—इति सर्वपदानां तात्पर्यम्॥१॥**

---

લોકને—ઊર્ધ્વ-અધો-મધ્ય લોકવર્તી સઘળાય જીવસમૂહને—નિર્બાધ વિશુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિનો ઉપાય કહેનાર હોવાથી હિતકર છે, પરમાર્થરસિક જનોનાં મનને હરનાર હોવાથી મધુર છે અને સમસ્ત શંકાદિ દોષોનાં સ્થાન દૂર કરવામાં આવ્યાં હોવાથી વિશદ (નિર્મળ, સ્પષ્ટ) છે' એમ કહીને (જિનો) સમસ્ત વસ્તુના યથાર્થ સ્વરૂપનો ઉપદેશ કરનારા હોવાથી વિચારવંત ડાહ્યા પુરુષોના બહુમાનને યોગ્ય છે (અર્થાત્ જેમનો ઉપદેશ વિચારવંત ડાહ્યા પુરુષોએ બહુમાનપૂર્વક વિચારવો જોઈએ એવા છે) એમ કહ્યું. 'અનંત—ક્ષેત્રથી અંત રહિત અને કાળથી અંત રહિત—પરમચૈતન્યશક્તિના વિલાસસ્વરૂપ ગુણ જેમને વર્તે છે' એમ કહીને (જિનોને) પરમ અદ્ભુત જ્ઞાનાતિશય પ્રગટ થયો હોવાથી જ્ઞાનાતિશયને પામેલા યોગીંદ્રોથી પણ વંદ્ય છે એમ કહ્યું. 'ભવ અર્થાત્ સંસાર ઉપર જેમણે જય મેળવ્યો છે' એમ કહીને કૃતકૃત્યપણું પ્રગટ થયું હોવાથી તેઓ જ (જિનો જ) બીજા અકૃતકૃત્ય જીવોનું શરણ છે એમ ઉપદેશ્યું. —આ પ્રમાણે સર્વ પદોનું તાત્પર્ય છે.

ભાવાર્થ :—અહીં જિનભગવંતોનાં ચાર વિશેષણો વર્ણવીને તેમને ભાવનમસ્કાર કર્યો છે. (૧) પ્રથમ તો, જિનભગવંતો સો ઇન્દ્રોથી વંદ્ય છે. આવા અસાધારણ નમસ્કારને યોગ્ય બીજું કોઈ નથી, કારણ કે દેવોને અને અસુરોને યુદ્ધ થતું હોવાથી (દેવાધિદેવ જિનભગવાન સિવાય) અન્ય કોઈ પણ દેવ સો ઇન્દ્રોથી વંદિત નથી. (૨) બીજું, જિનભગવાનની વાણી ત્રણ લોકને શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય દર્શાવતી હોવાથી હિતકર છે; વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન સહજ-અપૂર્વ-પરમાનંદરૂપ પારમાર્થિકસુખરસાસ્વાદના રસિક જનોનાં મનને હરતી હોવાથી (અર્થાત્ પરમ સમરસીભાવના રસિક જીવોને મુદિત કરતી હોવાથી) મધુર છે; શુદ્ધ

समणमुहुग्गदमट्ठं चदुग्गदिणिवारणं सणिव्वाणं ।
एसो पणमिय सिरसा समयमिणं सुणह वोच्छामि ।।२।।

---

જીવાસ્તિકાયાદિ સાત તત્ત્વ, નવ પદાર્થ, છ દ્રવ્ય અને પાંચ અસ્તિકાયનું સંશય-વિમોહ-વિભ્રમ રહિત નિરૂપણ કરતી હોવાથી અથવા પૂર્વાપરવિરોધાદિ દોષ રહિત હોવાથી અથવા યુગપદ્ સર્વ જીવોને પોતપોતાની ભાષામાં સ્પષ્ટ અર્થનું પ્રતિપાદન કરતી હોવાથી વિશદ-સ્પષ્ટ-વ્યક્ત છે. આ રીતે જિનભગવાનની વાણી જ પ્રમાણભૂત છે; એકાંતે અપૌરુષેય વચન કે વિચિત્ર કથારૂપ કલ્પિત પુરાણવચનો પ્રમાણભૂત નથી. (૩) ત્રીજું, અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણનારો અનંત કેવળજ્ઞાનગુણ જિનભગવંતોને વર્તે છે. આ રીતે બુદ્ધિ આદિ સાત ઋદ્ધિ તેમ જ મતિજ્ઞાનાદિ ચતુર્વિધ જ્ઞાનથી સંપન્ન ગણધરદેવાદિ યોગીંદ્રોને પણ તેઓ વંદ્ય છે. (૪) ચોથું, પાંચ પ્રકારના સંસારને જિનભગવંતોએ જીત્યો છે. આ રીતે કૃતકૃત્યપણાને લીધે તેઓ જ બીજા અકૃતકૃત્ય જીવોનું શરણ છે, અન્ય કોઈ નહિ. —આ પ્રમાણે ચાર વિશેષણોથી યુક્ત જિનભગવંતોને ગ્રંથના આદિમાં ભાવ-નમસ્કાર કરીને મંગળ કર્યું.

પ્રશ્ન :—જે શાસ્ત્ર પોતે જ મંગળ છે, તેનું મંગળ શા માટે કરવામાં આવે છે?

ઉત્તર :—ભક્તિ અર્થે મંગળનું પણ ★મંગળ કરવામાં આવે છે. સૂર્યને દીપકથી, મહાસાગરને જળથી, વાગીશ્વરીને (સરસ્વતીને) વાણીથી અને મંગળને મંગળથી અર્ચવામાં આવે છે. ૧.

આ સમયને શિરનમનપૂર્વક ભાખું છું, સુણજો તમે;
જિનવદનનિર્ગત-અર્થમય, ચઉગતિહરણ, શિવહેતુ છે. ૨.

---

★ આ ગાથાની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં, શાસ્ત્રનું મંગળ, શાસ્ત્રનું નિમિત્ત, શાસ્ત્રનો હેતુ (ફળ), શાસ્ત્રનું પરિમાણ, શાસ્ત્રનું નામ અને શાસ્ત્રના કર્તા—એ છ બાબતોનું વિસ્તૃત વિવેચન કર્યું છે.

વળી શ્રી જયસેનાચાર્યદેવે આ ગાથાના શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ અને ભાવાર્થ સમજાવીને, 'એ રીતે વ્યાખ્યાનકાળે સર્વત્ર શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ અને ભાવાર્થ યોજવાયોગ્ય છે' એમ કહ્યું છે.

श्रमणमुखोद्गतार्थं चतुर्गतिनिवारणं सनिर्वाणम् ।
एष प्रणम्य शिरसा समयमिमं शृणुत वक्ष्यामि ॥२॥

**समयो ह्यागमः। तस्य प्रणामपूर्वकमात्मनाभिधानमत्र प्रतिज्ञातम्। युज्यते हि स प्रणन्तुमभिधातुं चाप्तोपदिष्टत्वे सति सफलत्वात्। तत्राप्तोपदिष्टत्वमस्य श्रमणमुखोद्गतार्थत्वात्। श्रमणा हि महाश्रमणाः सर्वज्ञवीतरागाः। अर्थः पुनरनेकशब्दसम्बन्धेनाभिधीयमानो वस्तुतयैकोऽभिधेयः। सफलत्वं तु चतसृणां नारकतिर्यग्मनुष्यदेवत्वलक्षणानां गतीनां निवारणत्वात् पारतंत्र्यनिवृत्तिलक्षणस्य निर्वाणस्य शुद्धात्मतत्त्वोपलम्भरूपस्य परम्परया कारणत्वात् स्वातंत्र्यप्राप्तिलक्षणस्य च फलस्य सद्भावादिति॥२॥**

---

**અન્વયાર્થ :—**[श्रमणमुखोद्गतार्थं] શ્રમણના મુખમાંથી નીકળેલ અર્થમય (–સર્વજ્ઞ મહામુનિના મુખથી કહેવાયેલા પદાર્થોને કહેનાર), [चतुर्गतिनिवारणं] ચાર ગતિનું નિવારણ કરનાર અને [सनिर्वाणम्] નિર્વાણ સહિત (-નિર્વાણના કારણભૂત) —[इमं समयं] એવા આ સમયને [शिरसा प्रणम्य] શિરસા પ્રણમીને [एष वक्ष्यामि] હું તેનું કથન કરું છું; [शृणुत] તે શ્રવણ કરો.

**ટીકા :—**સમય એટલે આગમ; તેને પ્રણામ કરીને પોતે તેનું કથન કરશે એમ અહીં (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવે) પ્રતિજ્ઞા કરી છે. તે (સમય) પ્રણામ કરવાને અને કથન કરવાને યોગ્ય છે, કારણ કે તે ★આપ્ત વડે ઉપદિષ્ટ હોવાથી સફળ છે. ત્યાં, તેનું આપ્ત વડે ઉપદિષ્ટપણું એટલા માટે છે કે જેથી તે 'શ્રમણના મુખમાંથી નીકળેલ અર્થમય' છે. 'શ્રમણો' એટલે મહાશ્રમણો—સર્વજ્ઞવીતરાગદેવો; અને 'અર્થ' એટલે અનેક શબ્દોના સંબંધથી કહેવામાં આવતો, વસ્તુપણે એક એવો પદાર્થ. વળી તેનું (-સમયનું) સફળપણું એટલા માટે છે કે જેથી તે સમય (૧) 'નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ ચાર ગતિઓનું નિવારણ' કરવાને લીધે અને (૨) શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ 'નિર્વાણનું પરંપરાએ કારણ' હોવાને લીધે (૧) પરતંત્રતાનિવૃત્તિ જેનું લક્ષણ છે અને (૨) સ્વતંત્રતાપ્રાપ્તિ જેનું

---

★ આપ્ત = વિશ્વાસપાત્ર; પ્રમાણભૂત; યથાર્થ વક્તા. [સર્વજ્ઞદેવ સમસ્ત વિશ્વને પ્રત્યેક સમયે સંપૂર્ણપણે જાણી રહ્યા છે અને તેઓ વીતરાગ (મોહરાગદ્વેષરહિત) હોવાથી તેમને અસત્ય કહેવાનું લેશમાત્ર પ્રયોજન રહ્યું નથી; તેથી વીતરાગ-સર્વજ્ઞદેવ ખરેખર આપ્ત છે. આવા આપ્ત વડે આગમ ઉપદેશવામાં આવ્યું હોવાથી તે (આગમ) સફળ છે.]

*समवाओ पंचण्हं समउ त्ति जिणुत्तमेहिं पण्णत्तं ।
सो चेव हवदि लोओ तत्तो अमिओ अलोओ खं ।।३।।

*समवादः समवायो वा पंचानां समय इति जिनोत्तमैः प्रज्ञप्तम् ।
स च एव भवति लोकस्ततोऽमितोऽलोकः खम् ।।३।।

अत्र शब्दज्ञानार्थरूपेण त्रिविधाऽभिधेयता समयशब्दस्य लोकालोकविभागश्चाभिहितः ।

---

લક્ષણ છે એવા +ફળથી સહિત છે.

ભાવાર્થ :—વીતરાગસર્વજ્ઞ મહાશ્રમણના મુખથી નીકળેલા શબ્દસમયને કોઈ આસન્નભવ્ય પુરુષ સાંભળીને, તે શબ્દસમયના વાચ્યભૂત પંચાસ્તિકાયસ્વરૂપ અર્થસમયને જાણે છે અને તેની અંદર આવી જતા શુદ્ધજીવાસ્તિકાયસ્વરૂપ અર્થમાં (પદાર્થમાં) વીતરાગ નિર્વિકલ્પ સમાધિ વડે સ્થિત રહીને ચાર ગતિનું નિવારણ કરી, નિર્વાણને પામી, સ્વાત્મોત્પન્ન, અનાકુળતાલક્ષણ, અનંત સુખને પ્રાપ્ત કરે છે. આ કારણથી દ્રવ્યાગમરૂપ શબ્દસમય નમસ્કાર કરવાને અને વ્યાખ્યાન કરવાને યોગ્ય છે. ૨.

સમવાદ વા સમવાય પાંચ તણો સમય—ભાખ્યું જિને;
તે લોક છે, આગળ અમાપ અલોક આભસ્વરૂપ છે. ૩.

અન્વયાર્થ :—[पंचानां समवादः] પાંચ અસ્તિકાયનું સમભાવપૂર્વક નિરૂપણ [वा] અથવા [समवायः] તેમનો સમવાય (-પંચાસ્તિકાયનો સમ્યક્ બોધ અથવા સમૂહ) [समयः] તે સમય છે [इति] એમ [जिनोत्तमैः प्रज्ञप्तम्] જિનવરોએ કહ્યું છે. [सः च एव लोकः भवति] તે જ લોક છે (-પાંચ અસ્તિકાયના સમૂહ જેવડો જ લોક છે); [ततः] તેનાથી આગળ [अमितः अलोकः] અમાપ અલોક [खम्] આકાશસ્વરૂપ છે.

ટીકા :—અહીં (આ ગાથામાં) શબ્દરૂપે, જ્ઞાનરૂપે અને અર્થરૂપે (–શબ્દસમય,

---

★ મૂળ ગાથામાં **समवाओ** શબ્દ છે; સંસ્કૃત ભાષામાં તેનો અર્થ **समवादः** પણ થાય અને **समवायः** પણ થાય.

+ ચાર ગતિનું નિવારણ (અર્થાત્ પરતંત્રતાની નિવૃત્તિ) અને નિર્વાણની ઉત્પત્તિ (અર્થાત્ સ્વતંત્રતાની પ્રાપ્તિ) તે સમયનું ફળ છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



तत्र च पञ्चानामस्तिकायानां समो मध्यस्थो रागद्वेषाभ्यामनुपहतो वर्णपद-वाक्यसन्निवेशविशिष्टः पाठो वादः शब्दसमयः शब्दागम इति यावत्। तेषामेव मिथ्यादर्शनोदयोच्छेदे सति सम्यगवायः परिच्छेदो ज्ञानसमयो ज्ञानागम इति यावत्। तेषामेवाभिधानप्रत्ययपरिच्छिन्नानां वस्तुरूपेण समवायः संघातोऽर्थसमयः सर्वपदार्थसार्थ इति यावत्। तदत्र ज्ञानसमयप्रसिद्ध्यर्थं शब्दसमयसम्बन्धेनार्थसमयोऽभिधातुमभिप्रेतः। अथ तस्यैवार्थसमयस्य द्वैविध्यं लोकालोकविकल्पात्। स एव पञ्चास्तिकायसमवायो यावांस्तावाँल्लोकस्ततः परममितोऽनन्तो ह्यलोकः, स तु नाभावमात्रं किन्तु

---

જ્ઞાનસમય અને અર્થસમય)—એમ ત્રણ પ્રકારનો 'સમય'શબ્દનો અર્થ કહ્યો છે તથા લોક-અલોકરૂપ વિભાગ કહ્યો છે.

ત્યાં, (૧) 'સમ' એટલે મધ્યસ્થ અર્થાત્ રાગદ્વેષથી વિકૃત નહિ બનેલો; 'વાદ' એટલે વર્ણ (અક્ષર), પદ (શબ્દ) અને વાક્યના સમૂહવાળો પાઠ. પાંચ અસ્તિકાયનો 'સમવાદ' અર્થાત્ મધ્યસ્થ (-રાગદ્વેષથી વિકૃત નહિ બનેલો) પાઠ (-મૌખિક કે શાસ્ત્રારૂઢ નિરૂપણ) તે શબ્દસમય છે, એટલે કે શબ્દાગમ તે શબ્દસમય છે. (૨) મિથ્યાદર્શનના ઉદયનો નાશ હોતાં, તે પંચાસ્તિકાયનો જ *સમ્યક્ અવાય અર્થાત્ સમ્યક્ જ્ઞાન તે જ્ઞાનસમય છે, એટલે કે જ્ઞાનાગમ તે જ્ઞાનસમય છે. (૩) કથનના નિમિત્તે જણાયેલા તે પંચાસ્તિકાયનો જ વસ્તુરૂપે *સમવાય અર્થાત્ જથ્થો તે અર્થસમય છે, એટલે કે સર્વપદાર્થસમૂહ તે અર્થસમય છે. તેમાં, અહીં જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે શબ્દસમયના સંબંધથી અર્થસમય કહેવાનો (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવનો) ઈરાદો છે.

હવે, તે જ અર્થસમયનું, ❀લોક અને અલોકના ભેદને લીધે દ્વિવિધપણું છે. તે જ પંચાસ્તિકાયસમૂહ જેવડો છે, તેવડો લોક છે. તેનાથી આગળ અમાપ અર્થાત્ અનંત અલોક છે. તે અલોક અભાવમાત્ર નથી પરંતુ પંચાસ્તિકાયસમૂહ જેટલું ક્ષેત્ર બાદ કરીને

---

* સમવાય=(૧) સમ્+અવાય; સમ્યક્ અવાય; સમ્યક્ જ્ઞાન. (૨) જથ્થો; સમૂહ. [આ પંચાસ્તિકાય-સંગ્રહ શાસ્ત્રમાં અહીં કાળદ્રવ્ય કે જે દ્રવ્ય હોવા છતાં અસ્તિકાય નથી તેને વિવક્ષામાં ગૌણ કરીને 'પંચાસ્તિકાયનો સમવાય તે સમય છે' એમ કહ્યું છે; માટે 'છ દ્રવ્યનો સમવાય તે સમય છે' એવા કથનના ભાવ સાથે આ કથનના ભાવનો વિરોધ ન સમજવો, માત્ર વિવક્ષાભેદ છે એમ સમજવું. વળી એ જ પ્રમાણે અન્ય સ્થળે પણ વિવક્ષા સમજી અવિરુદ્ધ અર્થ સમજી લેવો].

❀ **लोक्यन्ते दृश्यन्ते जीवादिपदार्था यत्र स लोकः** અર્થાત્ જ્યાં જીવાદિપદાર્થો જોવામાં આવે છે તે લોક છે.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

तत्समवायातिरिक्तपरिमाणमनन्तक्षेत्रं खमाकाशमिति ।।३।।

जीवा पोग्गलकाया धम्माधम्मा तहेव आगासं ।
अत्थित्तम्हि य णियदा अणण्णमइया अणुमहंता ।।४।।

जीवाः पुद्गलकाया धर्माधर्मौ तथैव आकाशम् ।
अस्तित्वे च नियता अनन्यमया अणुमहान्तः ।।४।।

अत्र पञ्चास्तिकायानां विशेषसंज्ञा सामान्यविशेषास्तित्वं कायत्वं चोक्तम्।

तत्र जीवाः पुद्गलाः धर्माधर्मौ आकाशमिति तेषां विशेषसंज्ञा अन्वर्थाः प्रत्येयाः। सामान्यविशेषास्तित्वञ्च तेषामुत्पादव्ययध्रौव्यमय्यां सामान्यविशेषसत्तायां नियत-

---

બાકીના અનંત ક્ષેત્રવાળું આકાશ છે (અર્થાત્ અલોક શૂન્યરૂપ નથી પરંતુ શુદ્ધ આકાશદ્રવ્યરૂપ છે). ૩.

જીવદ્રવ્ય, પુદ્ગલકાય, ધર્મ, અધર્મ ને આકાશ એ
અસ્તિત્વનિયત, અનન્યમય ને અણુમહાન પદાર્થ છે. ૪.

**અન્વયાર્થઃ**—[जीवाः] જીવો, [पुद्गलकायाः] પુદ્ગલકાયો, [धर्माधर्मौ] ધર્મ, અધર્મ [तथा एव] તેમ જ [आकाशम्] આકાશ [अस्तित्वे नियताः] અસ્તિત્વમાં નિયત, [अनन्यमयाः] (અસ્તિત્વથી) અનન્યમય [च] અને [अणुमहान्तः] ★અણુમહાન (પ્રદેશે મોટાં) છે.

**ટીકાઃ**—અહીં (આ ગાથામાં) પાંચ અસ્તિકાયોની વિશેષસંજ્ઞા, સામાન્યવિશેષ-અસ્તિત્વ તથા કાયત્વ કહેલ છે.

ત્યાં, જીવો, પુદ્ગલો, ધર્મ, અધર્મ અને આકાશ—એ તેમની વિશેષસંજ્ઞાઓ +અન્વર્થ જાણવી.

તેઓ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સામાન્યવિશેષસત્તામાં નિયત—વ્યવસ્થિત (નિશ્ચિત

---

★ અણુમહાન=(૧) પ્રદેશે મોટાં અર્થાત્ અનેકપ્રદેશી; (૨) એકપ્રદેશી (વ્યક્તિ-અપેક્ષાએ) તેમ જ અનેકપ્રદેશી (શક્તિ-અપેક્ષાએ).

+ અન્વર્થ=અર્થને અનુસરતી; અર્થ પ્રમાણે. (પાંચ અસ્તિકાયોનાં નામો તેમના અર્થ અનુસાર છે.)

त्वाद्व्यवस्थितत्वादवसेयम्। अस्तित्वे नियतानामपि न तेषामन्यमयत्वम्, यतस्ते सर्वदैवानन्यमया आत्मनिर्वृत्ताः। अनन्यमयत्वेऽपि तेषामस्तित्वनियतत्वं नयप्रयोगात्। द्वौ हि नयौ भगवता प्रणीतौ—द्रव्यार्थिकः पर्यायार्थिकश्च। तत्र न खल्वेकनयायत्ता देशना किन्तु तदुभयायत्ता। ततः पर्यायार्थदिशादस्तित्वे स्वतः कथंचिद्भिन्नेऽपि व्यवस्थिताः द्रव्यार्थदिशात्स्वयमेव सन्तः सतोऽनन्यमया भवन्तीति। कायत्वमपि तेषामणुमहत्त्वात्। अणवोऽत्र प्रदेशा मूर्ताऽमूर्ताश्च निर्विभागांशास्तैः महान्तोऽणुमहान्तः प्रदेशप्रचयात्मका इति सिद्धं तेषां कायत्वम्। अणुभ्यां महान्त इति व्युत्पत्त्या

---

રહેલાં) હોવાથી તેમને સામાન્યવિશેષ-અસ્તિત્વ પણ છે એમ નક્કી કરવું. તેઓ અસ્તિત્વમાં નિયત હોવા છતાં (જેમ વાસણમાં રહેલું ઘી વાસણથી અન્યમય છે તેમ) અસ્તિત્વથી અન્યમય નથી; કારણ કે તેઓ સદાય પોતાથી નિષ્પન્ન (અર્થાત્ પોતાથી સત્) હોવાને લીધે (અસ્તિત્વથી) અનન્યમય છે (જેમ અગ્નિ ઉષ્ણતાથી અનન્યમય છે તેમ). 'અસ્તિત્વથી અનન્યમય' હોવા છતાં તેમનું 'અસ્તિત્વમાં નિયતપણું' નયપ્રયોગથી છે. બે નયો ભગવાને કહ્યા છે—દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. ત્યાં કથન એક નયને આધીન હોતું નથી પરંતુ તે બન્ને નયોને આધીન હોય છે. માટે તેઓ પર્યાયાર્થિક કથનથી જે પોતાથી કથંચિત્ ભિન્ન પણ છે એવા અસ્તિત્વમાં વ્યવસ્થિત (નિશ્ચિત રહેલાં) છે અને દ્રવ્યાર્થિક કથનથી સ્વયમેવ સત્ (-વિદ્યમાન, હયાત) હોવાને લીધે અસ્તિત્વથી અનન્યમય છે.

તેમને કાયપણું પણ છે કારણ કે તેઓ અણુમહાન છે. અહીં અણુઓ એટલે પ્રદેશો—મૂર્ત અને અમૂર્ત નિર્વિભાગ (નાનામાં નાના) અંશો; 'તેમના વડે (-બહુ પ્રદેશો વડે) મહાન હોય' તે અણુમહાન; એટલે કે પ્રદેશપ્રચયાત્મક (-પ્રદેશોના સમૂહમય) હોય તે અણુમહાન. આ રીતે તેમને (ઉપર્યુક્ત પાંચ દ્રવ્યોને) કાયત્વ સિદ્ધ થયું. (ઉપર જે અણુમહાનની વ્યુત્પત્તિ કરી તેમાં અણુઓને અર્થાત્ પ્રદેશોને માટે બહુવચન વાપર્યું છે અને સંસ્કૃત ભાષાના નિયમ પ્રમાણે બહુવચનમાં દ્વિવચન સમાતું નથી તેથી હવે વ્યુત્પત્તિમાં જરા ભાષાનો ફેર કરીને દ્વિ-અણુક સ્કંધોને પણ અણુમહાન બતાવીને તેમનું કાયત્વ સિદ્ધ કરવામાં આવે છે:) 'બે અણુઓ (-બે પ્રદેશો) વડે મહાન હોય' તે અણુમહાન—એવી વ્યુત્પત્તિથી દ્વિ-અણુક પુદ્ગલસ્કંધોને પણ (અણુમહાનપણું હોવાથી) કાયત્વ છે. (હવે પરમાણુઓને અણુમહાનપણું કઈ રીતે છે તે બતાવીને પરમાણુઓનું પણ કાયત્વ સિદ્ધ કરવામાં આવે છે:) વ્યક્તિ અને શક્તિરૂપે

**द्व्यणुकपुद्गलस्कन्धानामपि तथाविधत्वम्। अणवश्च महान्तश्च व्यक्तिशक्तिरूपाभ्या-मिति परमाणूनामेकप्रदेशात्मकत्वेऽपि तत्सिद्धिः। व्यक्त्यपेक्षया शक्त्यपेक्षया च प्रदेश-प्रचयात्मकस्य महत्त्वस्याभावात्कालाणूनामस्तित्वनियतत्वेऽप्यकायत्वमनेनैव साधितम्। अत एव तेषामस्तिकायप्रकरणे सतामप्यनुपादानमिति।।४।।**

---

'અણુ તેમ જ મહાન' હોવાથી (અર્થાત્ પરમાણુઓ વ્યક્તિરૂપે એકપ્રદેશી અને શક્તિરૂપે અનેકપ્રદેશી હોવાથી) પરમાણુઓને પણ, તેમને એકપ્રદેશાત્મકપણું હોવા છતાં પણ, (અણુમહાનપણું સિદ્ધ થવાથી) કાયત્વ સિદ્ધ થાય છે. કાળાણુઓને વ્યક્તિ-અપેક્ષાએ તેમ જ શક્તિ-અપેક્ષાએ પ્રદેશપ્રચયાત્મક મહાનપણાનો અભાવ હોવાથી, જોકે તેઓ અસ્તિત્વમાં નિયત છે તોપણ, તેમને અકાયત્વ છે એમ આનાથી જ (-આ કથનથી જ) સિદ્ધ થયું. માટે જ, જોકે તેઓ સત્ (વિદ્યમાન) છે તોપણ, તેમને અસ્તિકાયના પ્રકરણમાં લીધા નથી.

ભાવાર્થ:—પાંચ અસ્તિકાયોનાં નામ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ છે. આ નામો તેમના અર્થ પ્રમાણે છે.

આ પાંચે દ્રવ્યો પર્યાયાર્થિક નયે પોતાથી કથંચિત્ ભિન્ન એવા અસ્તિત્વમાં રહેલાં છે અને દ્રવ્યાર્થિક નયે અસ્તિત્વથી અનન્ય છે.

વળી આ પાંચે દ્રવ્યો કાયત્વવાળાં છે કારણ કે તેઓ અણુમહાન છે. તેઓ અણુમહાન કઈ રીતે છે તે બતાવવામાં આવે છે:—'अणुमहान्तः'ની વ્યુત્પત્તિ ત્રણ પ્રકારે છે : (૧) अणुभिः महान्तः अणुमहान्तः અર્થાત્ જેઓ બહુ પ્રદેશો વડે (-બેથી વધારે પ્રદેશો વડે) મોટા હોય તેઓ અણુમહાન છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે જીવો, ધર્મ અને અધર્મ અસંખ્યપ્રદેશી હોવાથી અણુમહાન છે; આકાશ અનંતપ્રદેશી હોવાથી અણુમહાન છે; અને ત્રિ-અણુક સ્કંધથી માંડીને અનંતાણુક સ્કંધ સુધીના બધા સ્કંધો બહુપ્રદેશી હોવાથી અણુમહાન છે. (૨) अणुभ्याम् महान्तः अणुमहान्तः અર્થાત્ જેઓ બે પ્રદેશો વડે મોટા હોય તેઓ અણુમહાન છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે દ્વિ-અણુક સ્કંધો અણુમહાન છે. (૩) अणवश्च महान्तश्च अणुमहान्तः અર્થાત્ જેઓ અણુરૂપ (-એકપ્રદેશી) પણ હોય અને મહાન (-અનેકપ્રદેશી) પણ હોય તેઓ અણુમહાન છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે પરમાણુઓ અણુમહાન છે, કારણ કે વ્યક્તિ-અપેક્ષાએ તેઓ એકપ્રદેશી છે અને શક્તિ-અપેક્ષાએ અનેકપ્રદેશી પણ (ઉપચારથી) છે. આ રીતે ઉપર્યુક્ત પાંચે દ્રવ્યો અણુમહાન હોવાથી કાયત્વવાળાં છે એમ સિદ્ધ થયું.

जेसिं अत्थि सहाओ गुणेहिं सह पज्जएहिं विविहेहिं ।
ते होंति अत्थिकाया णिप्पण्णं जेहिं तेल्लोक्कं ।।५।।

येषामस्ति स्वभावः गुणैः सह पर्ययैर्विविधैः ।
ते भवन्त्यस्तिकायाः निष्पन्नं यैस्त्रैलोक्यम् ।।५।।

अत्र पञ्चास्तिकायानामस्तित्वसंभवप्रकारः कायत्वसंभवप्रकारश्चोक्तः।

अस्ति ह्यस्तिकायानां गुणैः पर्यायैश्च विविधैः सह स्वभावो आत्मभावोऽनन्यत्वम्। वस्तुनो विशेषा हि व्यतिरेकिणः पर्याया गुणास्तु त एवान्वयिनः। तत

---

કાળાણુને અસ્તિત્વ છે પરંતુ કોઈ પ્રકારે પણ કાયત્વ નથી, તેથી તે દ્રવ્ય છે પણ અસ્તિકાય નથી. ૪.

વિધવિધ ગુણો ને પર્યયો સહ જે અનન્યપણું ધરે
તે અસ્તિકાયો જાણવા, ત્રૈલોક્યરચના જે વડે. ૫.

અન્વયાર્થ :—[येषाम्] જેમને [विविधैः] વિવિધ [गुणैः] ગુણો અને [पर्ययैः] ★પર્યાયો (-પ્રવાહક્રમના તેમ જ વિસ્તારક્રમના અંશો) [सह] સાથે [स्वभावः] પોતાપણું [अस्ति] છે [ते] તે [अस्तिकायाः भवन्ति] અસ્તિકાયો છે [यैः] કે જેમનાથી [त्रैलोक्यम्] ત્રણ લોક [निष्पन्नम्] નિષ્પન્ન છે.

ટીકા :—અહીં, પાંચ અસ્તિકાયોને અસ્તિત્વ કયા પ્રકારે છે અને કાયત્વ કયા પ્રકારે છે તે કહ્યું છે.

ખરેખર અસ્તિકાયોને વિવિધ ગુણો અને પર્યાયો સાથે સ્વપણું—પોતાપણું—અનન્યપણું છે. વસ્તુના [1]વ્યતિરેકી વિશેષો તે પર્યાયો છે અને [2]અન્વયી વિશેષો તે

---

★ પર્યાયો=(પ્રવાહક્રમના તેમ જ વિસ્તારક્રમના) નિર્વિભાગ અંશો. [પ્રવાહક્રમના અંશો તો દરેક દ્રવ્યને હોય છે, પરંતુ વિસ્તારક્રમના અંશો અસ્તિકાયને જ હોય છે.]

૧. વ્યતિરેક=ભેદ; એકનું બીજારૂપ નહિ હોવું તે; 'આ તે નથી' એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું. [એક પર્યાય બીજા પર્યાયરૂપ નહિ હોવાથી પર્યાયોમાં પરસ્પર વ્યતિરેક છે, તેથી પર્યાયો દ્રવ્યના વ્યતિરેકી (વ્યતિરેકવાળા) વિશેષો છે.]

૨. અન્વય=એકરૂપતા; સદ્રશતા; 'આ તે જ છે' એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું. [ગુણોમાં

**एकेन पर्यायेण प्रलीयमानस्यान्येनोपजायमानस्यान्वयिना गुणेन ध्रौव्यं बिभ्राणस्यैकस्याऽपि वस्तुनः समुच्छेदोत्पादध्रौव्यलक्षणमस्तित्वमुपपद्यत एव। गुणपर्यायैः सह सर्वथान्यत्वे त्वन्यो विनश्यत्यन्यः प्रादुर्भवत्यन्यो ध्रुवत्वमालम्बत इति सर्वं विप्लवते। ततः साध्वस्तित्वसंभवप्रकारकथनम्। कायत्वसंभवप्रकारस्त्वयमुपदिश्यते। अवयविनो हि जीवपुद्गलधर्माधर्माकाशपदार्थास्तेषामवयवा अपि प्रदेशाख्याः परस्परव्यतिरेकित्वात्पर्यायाः उच्यन्ते। तेषां तैः सहानन्यत्वे कायत्वसिद्धिरुपपत्तिमती। निरवयवस्यापि परमाणोः सावयवत्वशक्तिसद्भावात् कायत्वसिद्धिरनपवादा। न चैतदाशङ्क्यम् पुद्गलादन्येषाम्-**

---

ગુણો છે. તેથી એક પર્યાયથી પ્રલય પામતી, અન્ય પર્યાયથી ઊપજતી અને અન્વયી ગુણથી ધ્રુવ રહેતી એક જ વસ્તુને [1]વ્યય-ઉત્પાદ-ધ્રૌવ્યલક્ષણ અસ્તિત્વ ઘટે છે જ. અને જો ગુણો ને પર્યાયો સાથે (વસ્તુને) સર્વથા અન્યત્વ હોય તો તો અન્ય કોઈ વિનાશ પામે, અન્ય કોઈ પ્રાદુર્ભાવ (ઉત્પાદ) પામે અને વળી અન્ય કોઈ ધ્રુવ રહે—એ રીતે બધું [2]વિપ્લવ પામે. તેથી (પાંચ અસ્તિકાયોને) અસ્તિત્વ કયા પ્રકારે છે તે સંબંધી આ (ઉપર્યુક્ત) કથન સાચું–યોગ્ય–ન્યાયયુક્ત છે.

હવે (તેમને) કાયત્વ કયા પ્રકારે છે તે ઉપદેશવામાં આવે છેઃ—જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, અને આકાશ એ પદાર્થો [3]અવયવી છે. પ્રદેશો નામના તેમના જે અવયવો છે તેઓ પણ પરસ્પર વ્યતિરેકવાળા હોવાથી [4]પર્યાયો કહેવાય છે. તેમની સાથે તે (પાંચ) પદાર્થોને અનન્યપણું હોવાથી કાયત્વસિદ્ધિ ઘટે છે. પરમાણુ (વ્યક્તિ-અપેક્ષાએ) [5]નિરવયવ હોવા છતાં તેને સાવયવપણાની શક્તિનો સદ્ભાવ હોવાથી કાયત્વસિદ્ધિ [6]નિરપવાદ છે. ત્યાં

---

સદાય સદ્રશતા રહેતી હોવાથી તેમનામાં સદાય અન્વય છે, તેથી ગુણો દ્રવ્યના અન્વયી વિશેષો (અન્વયવાળા ભેદો) છે.]

૧. અસ્તિત્વનું લક્ષણ અથવા સ્વરૂપ વ્યય-ઉત્પાદ-ધ્રૌવ્ય છે.

૨. વિપ્લવ=અંધાધૂંધી; ઊથલપાથલ; ગોટાળો; વિરોધ.

૩. અવયવી=અવયવવાળા; સાવયવ; અંશવાળા; અંશી; જેમને અવયવો (અર્થાત્ એકથી વધારે પ્રદેશો) હોય એવા.

૪. પર્યાયનું લક્ષણ પરસ્પર વ્યતિરેક છે. આ લક્ષણ પ્રદેશોમાં પણ વ્યાપે છે, કારણ કે એક પ્રદેશ બીજા પ્રદેશરૂપ નહિ હોવાથી પ્રદેશોમાં પરસ્પર વ્યતિરેક છે; તેથી પ્રદેશો પણ પર્યાયો કહેવાય છે.

૫. નિરવયવ=અવયવ વગરનો; અંશ વગરનો; નિરંશ; એકથી વધારે પ્રદેશ વિનાનો.

૬. નિરપવાદ=અપવાદ રહિત. [પાંચ અસ્તિકાયોને કાયપણું હોવામાં એક પણ અપવાદ નથી, કારણ કે (ઉપચારથી) પરમાણુને પણ શક્તિ-અપેક્ષાએ અવયવો—પ્રદેશો છે.]

**मूर्तत्वादविभाज्यानां सावयवत्वकल्पनमन्याय्यम्। दृश्यत एवाविभाज्येऽपि विहायसीदं घटाकाशमिदमघटाकाशमिति विभागकल्पनम्। यदि तत्र विभागो न कल्पेत तदा यदेव घटाकाशं तदेवाघटाकाशं स्यात्। न च तदिष्टम्। ततः कालाणुभ्योऽन्यत्र सर्वेषां कायत्वाख्यं सावयवत्वमवसेयम्। त्रैलोक्यरूपेण निष्पन्नत्वमपि तेषामस्ति-कायत्वसाधनपरमुपन्यस्तम्। तथाच—त्रयाणामूर्ध्वाऽधोमध्यलोकानामुत्पादव्ययध्रौव्यवन्त-स्तद्विशेषात्मका भावा भवन्तस्तेषां मूलपदार्थानां गुणपर्याययोगपूर्वकमस्तित्वं साधयन्ति। अनुमीयते च धर्माधर्माकाशानां प्रत्येकमूर्ध्वाऽधोमध्यलोकविभागरूपेण परिणमनात्कायत्वाख्यं सावयवत्वम्। जीवानामपि प्रत्येकमूर्ध्वाधोमध्यलोकविभागरूपेण**

---

એવી આશંકા કરવી યોગ્ય નથી કે પુદ્‌ગલ સિવાયના પદાર્થો અમૂર્તપણાને લીધે [1]અવિભાજ્ય હોવાથી તેમના સાવયવપણાની કલ્પના ન્યાયવિરુદ્ધ (ગેરવાજબી) છે. આકાશ અવિભાજ્ય હોવા છતાં તેમાં 'આ ઘટાકાશ છે, આ અઘટાકાશ (અથવા પટાકાશ) છે' એવી વિભાગકલ્પના જોવામાં આવે છે જ. જો ત્યાં (કથંચિત્) વિભાગ ન કલ્પવામાં આવે તો જે ઘટાકાશ છે તે જ (સર્વથા) અઘટાકાશ થાય; અને તે તો ઇષ્ટ (માન્ય) નથી. માટે કાળાણુઓ સિવાય બીજા બધાને વિષે કાયત્વ નામનું સાવયવપણું નક્કી કરવું.

તેમનું જે ત્રણ લોકરૂપે નિષ્પન્નપણું (-રચાવું) કહ્યું તે પણ તેમનું અસ્તિકાયપણું (-અસ્તિપણું તથા કાયપણું) સિદ્ધ કરવાના સાધન તરીકે કહ્યું છે. તે આ પ્રમાણે:—

(૧) ઊર્ધ્વ-અધો-મધ્ય ત્રણ લોકના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળા ભાવો—કે જેઓ ત્રણ લોકના વિશેષસ્વરૂપ છે તેઓ—ભવતા થકા (પરિણમતા થકા) તેમના મૂળ પદાર્થોનું ગુણપર્યાયયુક્ત અસ્તિત્વ સિદ્ધ કરે છે. (ત્રણ લોકના ભાવો સદાય કથંચિત્ સદ્દશ રહે છે અને કથંચિત્ પલટાયા કરે છે તે એમ સિદ્ધ કરે છે કે ત્રણ લોકના મૂળ પદાર્થો કથંચિત્ સદ્દશ રહે છે અને કથંચિત્ પલટાયા કરે છે અર્થાત્ તે મૂળ પદાર્થોને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળું અથવા ગુણપર્યાયવાળું અસ્તિત્વ છે.)

(૨) વળી ધર્મ, અધર્મ અને આકાશ—એ પ્રત્યેક પદાર્થ ઊર્ધ્વ-અધો-મધ્ય એવા લોકના (ત્રણ) [2]વિભાગરૂપે પરિણત હોવાથી તેમને કાયત્વ નામનું સાવયવપણું છે એમ અનુમાન કરી શકાય છે. દરેક જીવને પણ ઊર્ધ્વ-અધો-મધ્ય એવા લોકના (ત્રણ)

---

૧. અવિભાજ્ય=જેના વિભાગ ન કરી શકાય એવા.

૨. જો લોકના ઊર્ધ્વ, અધઃ અને મધ્ય એવા ત્રણ ભાગ છે તો પછી 'આ ઊર્ધ્વલોકનો આકાશભાગ છે, આ અધોલોકનો આકાશભાગ છે અને આ મધ્યલોકનો આકાશભાગ છે' એમ આકાશના

**परिणमनाल्लोकपूरणावस्थाव्यवस्थितव्यक्तेस्सदा सन्निहितशक्तेस्तदनुमीयत एव। पुद्गलानामप्यूर्ध्वाधोमध्यलोकविभागरूपपरिणतमहास्कन्धत्वप्राप्तिव्यक्तिशक्तियोगित्वात्तथाविधा सावयवत्वसिद्धिरस्त्येवेति॥५॥**

**ते चेव अत्थिकाया तेक्कालियभावपरिणदा णिच्चा।**
**गच्छंति दवियभावं परियट्टणलिंगसंजुत्ता॥६॥**

**ते चैवास्तिकायाः त्रैकालिकभावपरिणता नित्याः।**
**गच्छन्ति द्रव्यभावं परिवर्तनलिङ्गसंयुक्ताः॥६॥**

**अत्र पञ्चास्तिकायानां कालस्य च द्रव्यत्वमुक्तम्।**

---

વિભાગરૂપે પરિણત +લોકપૂરણ અવસ્થારૂપ વ્યક્તિની શક્તિનો સદા સદ્ભાવ હોવાથી જીવોને પણ કાયત્વ નામનું સાવયવપણું છે એમ અનુમાન કરી જ શકાય છે. પુદ્ગલો પણ ઊર્ધ્વ-અધો-મધ્ય એવા લોકના (ત્રણ) વિભાગરૂપે પરિણત મહાસ્કંધપણાની પ્રાપ્તિની વ્યક્તિવાળાં અથવા શક્તિવાળાં હોવાથી તેમને પણ તેવી (કાયત્વ નામની) સાવયવપણાની સિદ્ધિ છે જ. ૫.

તે અસ્તિકાય ત્રિકાળભાવે પરિણમે છે, નિત્ય છે;
એ પાંચ તેમ જ કાળ વર્તનલિંગ સર્વે દ્રવ્ય છે. ૬.

**અન્વયાર્થ :—**[**त्रैकालिकभावपरिणताः**] જે ત્રણ કાળના ભાવરૂપે પરિણમે છે તેમ જ [**नित्याः**] નિત્ય છે [**ते च एव अस्तिकायाः**] એવા તે જ અસ્તિકાયો, [**परिवर्तनलिङ्गसंयुक्ताः**] પરિવર્તનલિંગ (કાળ) સહિત, [**द्रव्यभावं गच्छन्ति**] દ્રવ્યપણાને પામે છે (અર્થાત્ તે છયે દ્રવ્યો છે).

**ટીકા :—**અહીં પાંચ અસ્તિકાયોને તથા કાળને દ્રવ્યપણું કહ્યું છે.

---

પણ વિભાગ કરી શકાય છે અને તેથી તે સાવયવ અર્થાત્ કાયત્વવાળું છે એમ સિદ્ધ થાય છે. એ જ રીતે ધર્મ અને અધર્મ પણ સાવયવ અર્થાત્ કાયત્વવાળાં છે.

\+ લોકપૂરણ=લોકવ્યાપી. [કેવળસમુદ્ઘાત વખતે જીવને ત્રિલોકવ્યાપી અવસ્થા થાય છે. તે વખતે 'આ ઊર્ધ્વલોકનો જીવભાગ છે, આ અધોલોકનો જીવભાગ છે અને આ મધ્યલોકનો જીવભાગ છે' એમ વિભાગ કરી શકાય છે. આવી ત્રિલોકવ્યાપી અવસ્થાની શક્તિ તો જીવોમાં સદાય છે તેથી જીવો સદા સાવયવ અર્થાત્ કાયત્વવાળા છે એમ સિદ્ધ થાય છે.]

द्रव्याणि हि सहक्रमभुवां गुणपर्यायाणामनन्यतयाधारभूतानि भवन्ति। ततो वृत्तवर्तमानवर्तिष्यमाणानां भावानां पर्यायाणां स्वरूपेण परिणतत्वादस्तिकायानां परिवर्तनलिङ्गस्य कालस्य चास्ति द्रव्यत्वम्। न च तेषां भूतभवद्भविष्यद्भावात्मना परिणममानानामनित्यत्वम्, यतस्ते भूतभवद्भविष्यद्भावावस्थास्वपि प्रतिनियतस्वरूपापरित्यागान्नित्या एव। अत्र कालः पुद्गलादिपरिवर्तनहेतुत्वात्पुद्गलादिपरिवर्तनगम्यमानपर्यायत्वाच्चास्तिकायेष्वन्तर्भावार्थं स परिवर्तनलिङ्ग इत्युक्त इति॥६॥

---

દ્રવ્યો ખરેખર સહભાવી ગુણોને તથા ક્રમભાવી પર્યાયોને [1]અનન્યપણે આધારભૂત છે. તેથી વર્તી ચૂકેલા, વર્તતા અને ભવિષ્યમાં વર્તનારા ભાવોના—પર્યાયોના સ્વરૂપે પરિણમતા હોવાને લીધે (પાંચ) અસ્તિકાયો અને [2]પરિવર્તનલિંગ કાળ (તે છયે) દ્રવ્યો છે. ભૂત, વર્તમાન ને ભાવી ભાવોસ્વરૂપે પરિણમતા હોવાથી તેઓ કાંઈ અનિત્ય નથી, કારણ કે ભૂત, વર્તમાન ને ભાવી ભાવરૂપ અવસ્થાઓમાં પણ પ્રતિનિયત (-પોતપોતાના નિશ્ચિત) સ્વરૂપને નહિ છોડતા હોવાથી તેઓ નિત્ય જ છે.

અહીં કાળ પુદ્ગલાદિના પરિવર્તનનો હેતુ હોવાથી તેમ જ પુદ્ગલાદિના પરિવર્તન દ્વારા તેના પર્યાયો ગમ્ય થતા (જણાતા) હોવાથી, તેનો અસ્તિકાયોમાં સમાવેશ કરવા અર્થે, તેને '[3]પરિવર્તનલિંગ' કહ્યો છે. [પુદ્ગલાદિ અસ્તિકાયોનું વર્ણન કરતાં તેમનું પરિવર્તન (પરિણમન) વર્ણવવું જોઈએ અને તેમનું પરિવર્તન વર્ણવતાં તે પરિવર્તનમાં નિમિત્તભૂત પદાર્થને (કાળને) અથવા તે પરિવર્તન દ્વારા જેના પર્યાયો વ્યક્ત થાય છે તે પદાર્થને (કાળને) વર્ણવવો અસ્થાને ન ગણાય. આ રીતે પંચાસ્તિકાયના વર્ણનની અંદર કાળના વર્ણનનો સમાવેશ કરવો અનુચિત નથી એમ દર્શાવવા અર્થે આ ગાથાસૂત્રમાં કાળ માટે 'પરિવર્તનલિંગ' શબ્દ વાપર્યો છે.] ૬.

---

૧. અનન્યપણે=અભિન્નપણે. [જેમ અગ્નિ આધાર છે અને ઉષ્ણતા આધેય છે છતાં તેઓ અભિન્ન છે, તેમ દ્રવ્ય આધાર છે અને ગુણપર્યાયો આધેય છે છતાં તેઓ અભિન્ન છે.]

૨. પરિવર્તનલિંગ=પુદ્ગલાદિનું પરિવર્તન જેનું લિંગ છે તે; પુદ્ગલાદિના પરિણમન દ્વારા જે જણાય છે તે. (લિંગ=ચિહ્ન; સૂચક; ગમક; ગમ્ય કરાવનાર; જણાવનાર; ઓળખાવનાર.)

૩. (૧) જો પુદ્ગલાદિનું પરિવર્તન થાય છે તો તેનું કોઈ નિમિત્ત હોવું જોઈએ—એમ પરિવર્તનરૂપી ચિહ્ન દ્વારા કાળનું અનુમાન થાય છે (જેમ ધુમાડારૂપી ચિહ્ન દ્વારા અગ્નિનું અનુમાન થાય છે તેમ), તેથી કાળ 'પરિવર્તનલિંગ' છે. (૨) વળી પુદ્ગલાદિના પરિવર્તન દ્વારા કાળના પર્યાયો (—'થોડો વખત', 'ઘણો વખત' એવી કાળની અવસ્થાઓ) ગમ્ય થાય છે તેથી પણ કાળ 'પરિવર્તનલિંગ' છે.

પં. ૩

अण्णोण्णं पविसंता देंता ओगासमण्णमण्णस्स ।
मेलंता वि य णिच्चं सगं सभावं ण विजहंति ।।७।।

अन्योऽन्यं प्रविशन्ति ददन्त्यवकाशमन्योऽन्यस्य ।
मिलन्त्यपि च नित्यं स्वकं स्वभावं न विजहन्ति ।।७।।

अत्र षण्णां द्रव्याणां परस्परमत्यन्तसंकरेऽपि प्रतिनियतस्वरूपादप्रच्यवनमुक्तम्। अत एव तेषां परिणामवत्त्वेऽपि प्राग्नित्यत्वमुक्तम्। अत एव च न तेषामेकत्वापत्तिर्न च जीवकर्मणोर्व्यवहारनयादेशादेकत्वेऽपि परस्परस्वरूपोपादानमिति।।७।।

सत्ता सव्वपयत्था सविस्सरूवा अणंतपज्जाया ।
भंगुप्पादधुवत्ता सप्पडिवक्खा हवदि एक्का ।।८।।

---

અન્યોન્ય થાય પ્રવેશ, એ અન્યોન્ય દે અવકાશને,
અન્યોન્ય મિલન, છતાં કદી છોડે ન આપસ્વભાવને. ૭.

અન્વયાર્થઃ—[अन्योऽन्यं प्रविशन्ति] તેઓ એકબીજામાં પ્રવેશ કરે છે, [अन्योऽन्यस्य] અન્યોન્ય [अवकाशम् ददन्ति] અવકાશ આપે છે, [मिलन्ति] પરસ્પર (ક્ષીરનીરવત્) મળી જાય છે, [अपि च] તોપણ [नित्यं] સદા [स्वकं स्वभावं] પોતપોતાના સ્વભાવને [न विजहन्ति] છોડતાં નથી.

ટીકાઃ—અહીં છ દ્રવ્યોને પરસ્પર અત્યંત ★સંકર હોવા છતાં તેઓ પ્રતિનિયત (-પોતપોતાના નિશ્ચિત) સ્વરૂપથી ચ્યુત થતાં નથી એમ કહ્યું છે.

તેથી જ (-પોતપોતાના સ્વભાવથી ચ્યુત નહિ થતાં હોવાથી જ), પરિણામવાળાં હોવા છતાં પણ, તેઓ નિત્ય છે એમ પૂર્વે (છઠ્ઠી ગાથામાં) કહ્યું હતું; અને તેથી જ તેઓ એકપણું પામતાં નથી, અને જોકે જીવ તથા કર્મને વ્યવહારનયના કથનથી એકપણું (કહેવામાં આવે) છે તોપણ તેઓ (જીવ તથા કર્મ) એકબીજાના સ્વરૂપને ગ્રહતાં નથી. ૭.

સર્વાર્થપ્રાપ્ત, સવિશ્વરૂપ, અનંતપર્યયવંત છે,
સત્તા જનમ-લય-ધ્રૌવ્યમય છે, એક છે, સવિપક્ષ છે. ૮.

---

★ સંકર=મિલન; મેળાપ; (અન્યોન્ય-અવગાહરૂપ) મિશ્રિતપણું.

सत्ता सर्वपदार्था सविश्वरूपा अनंतपर्याया ।
भङ्गोत्पादध्रौव्यात्मिका सप्रतिपक्षा भवत्येका ।।८।।

अत्रास्तित्वस्वरूपमुक्तम् ।

अस्तित्वं हि सत्ता नाम सतो भावः सत्त्वम् । न सर्वथा नित्यतया सर्वथा क्षणिकतया वा विद्यमानमात्रं वस्तु । सर्वथा नित्यस्य वस्तुनस्तत्त्वतः क्रमभुवां भावानामभावात्कुतो विकारवत्त्वम् । सर्वथा क्षणिकस्य च तत्त्वतः प्रत्यभिज्ञानाभावात् कुत एकसन्तानत्वम् । ततः प्रत्यभिज्ञानहेतुभूतेन केनचित्स्वरूपेण ध्रौव्यमालम्ब्यमानं काभ्यांचित्क्रमप्रवृत्ताभ्यां स्वरूपाभ्यां प्रलीयमानमुपजायमानं चैककालमेव परमार्थतस्त्रितयीमवस्थां बिभ्राणं वस्तु सदवबोध्यम् । अत एव सत्ताप्युत्पादव्ययध्रौव्यात्मिकाऽवबोद्धव्या, भावभाववतोः कथञ्चिदेकस्वरूपत्वात् । सा च

---

અન્વયાર્થ :—[सत्ता] સત્તા [भङ्गोत्पादध्रौव्यात्मिका] ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક, [एका] એક, [सर्वपदार्था] સર્વપદાર્થસ્થિત, [सविश्वरूपा] સવિશ્વરૂપ, [अनन्तपर्याया] અનંતપર્યાયમય અને [सप्रतिपक्षा] સપ્રતિપક્ષ [भवति] છે.

ટીકા :—અહીં અસ્તિત્વનું સ્વરૂપ કહ્યું છે.

અસ્તિત્વ એટલે સત્તા નામનો સત્‌નો ભાવ અર્થાત્ [1]સત્ત્વ.

વિદ્યમાનમાત્ર વસ્તુ નથી સર્વથા નિત્યપણે હોતી કે નથી સર્વથા ક્ષણિકપણે હોતી. સર્વથા નિત્ય વસ્તુને ખરેખર ક્રમભાવી ભાવોનો અભાવ થવાથી વિકાર (-ફેરફાર, પરિણામ) ક્યાંથી થાય? અને સર્વથા ક્ષણિક વસ્તુને વિષે ખરેખર [2]પ્રત્યભિજ્ઞાનનો અભાવ થવાથી એકપ્રવાહપણું ક્યાંથી રહે? માટે પ્રત્યભિજ્ઞાનના હેતુભૂત કોઈ સ્વરૂપથી ધ્રુવ રહેતી અને કોઈ બે ક્રમવર્તી સ્વરૂપોથી નષ્ટ થતી ને ઊપજતી—એ રીતે એક જ કાળે પરમાર્થે ત્રેવડી (ત્રણ અંશવાળી) અવસ્થાને ધરતી વસ્તુ સત્ જાણવી. તેથી જ 'સત્તા' પણ 'ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક (ત્રિલક્ષણા) જાણવી, કારણ કે [3]ભાવ અને ભાવવાનનું કથંચિત્ એક સ્વરૂપ હોય છે. વળી તે (સત્તા) 'એક' છે, કારણ કે તે

---

૧. સત્ત્વ=સત્‌પણું; હયાતપણું; વિદ્યમાનપણું; હયાતનો ભાવ; 'છે' એવો ભાવ.

૨. વસ્તુ સર્વથા ક્ષણિક હોય તો 'જે પૂર્વે જોવામાં (-જાણવામાં) આવી હતી તે જ આ વસ્તુ છે' એવું જ્ઞાન ન થઈ શકે.

૩. સત્તા ભાવ છે અને વસ્તુ ભાવવાન છે.

**त्रिलक्षणस्य समस्तस्यापि वस्तुविस्तारस्य सादृश्यसूचकत्वादेका। सर्वपदार्थस्थिता च त्रिलक्षणस्य सदित्यभिधानस्य सदिति प्रत्ययस्य च सर्वपदार्थेषु तन्मूलस्यैवोपलम्भात्। सविश्वरूपा च विश्वस्य समस्तवस्तुविस्तारस्यापि रूपैस्त्रिलक्षणैः स्वभावैः सह वर्तमानत्वात्। अनन्तपर्याया चानन्ताभिर्द्रव्यपर्यायव्यक्तिभिस्त्रिलक्षणाभिः परिगम्यमानत्वात्। एवंभूतापि सा न खलु निरंकुशा किन्तु सप्रतिपक्षा। प्रतिपक्षो ह्यसत्ता सत्तायाः, अत्रिलक्षणत्वं त्रिलक्षणायाः, अनेकत्वमेकस्याः, एकपदार्थस्थितत्वं सर्वपदार्थस्थितायाः, एकरूपत्वं सविश्वरूपायाः, एकपर्यायत्वमनन्तपर्यायाया इति। द्विविधा हि सत्ता—महासत्ता-**

---

ત્રિલક્ષણવાળા સમસ્ત વસ્તુવિસ્તારનું સાદૃશ્ય સૂચવે છે. વળી તે (સત્તા) 'સર્વપદાર્થસ્થિત' છે, કારણ કે તેના કારણે જ (-સત્તાને લીધે જ) સર્વ પદાર્થોમાં ત્રિલક્ષણની (-ઉત્પાદવ્યયધ્રૌવ્યની), 'સત્' એવા કથનની અને 'સત્' એવી પ્રતીતિની ઉપલબ્ધિ થાય છે. વળી તે (સત્તા) 'સવિશ્વરૂપ' છે, કારણ કે તે વિશ્વનાં રૂપો સહિત અર્થાત્ સમસ્ત વસ્તુવિસ્તારના ત્રિલક્ષણવાળા સ્વભાવો સહિત વર્તે છે. વળી તે (સત્તા) 'અનંતપર્યાયમય' છે, કારણ કે તે ત્રિલક્ષણવાળી અનંત દ્રવ્યપર્યાયરૂપ વ્યક્તિઓથી વ્યાપ્ત છે. (આ પ્રમાણે [1]સામાન્ય-વિશેષાત્મક સત્તાનું તેના સામાન્ય પડખાની અપેક્ષાએ અર્થાત્ મહાસત્તારૂપ પડખાની અપેક્ષાએ વર્ણન થયું.)

આવી હોવા છતાં તે ખરેખર [2]નિરંકુશ નથી પરંતુ [3]સપ્રતિપક્ષ છે. (૧) સત્તાને અસત્તા પ્રતિપક્ષ છે; (૨) ત્રિલક્ષણાને અત્રિલક્ષણપણું પ્રતિપક્ષ છે; (૩) એકને અનેકપણું પ્રતિપક્ષ છે; (૪) સર્વપદાર્થસ્થિતને એકપદાર્થસ્થિતપણું પ્રતિપક્ષ છે; (૫) સવિશ્વરૂપને એકરૂપપણું પ્રતિપક્ષ છે; (૬) અનંતપર્યાયમયને એકપર્યાયમયપણું પ્રતિપક્ષ છે.

(ઉપર્યુક્ત સપ્રતિપક્ષપણું સ્પષ્ટ સમજાવવામાં આવે છે:—) સત્તા દ્વિવિધ છે: મહાસત્તા અને અવાન્તરસત્તા. તેમાં, સર્વપદાર્થસમૂહમાં વ્યાપનારી, સાદૃશ્યઅસ્તિત્વને

---

૧. અહીં 'સામાન્યાત્મક'નો અર્થ 'મહા' સમજવો અને 'વિશેષાત્મક'નો અર્થ 'અવાન્તર' સમજવો. સામાન્ય-વિશેષના બીજા અર્થો અહીં ન સમજવા.

૨. નિરંકુશ=અંકુશ વિનાની; વિરુદ્ધ પક્ષ વિનાની; નિઃપ્રતિપક્ષ. [સામાન્યવિશેષાત્મક સત્તા ઉપર વર્ણવી તેવી હોવા છતાં સર્વથા તેવી નથી, કથંચિત્ (સામાન્ય-અપેક્ષાએ) તેવી છે અને કથંચિત્ (વિશેષ-અપેક્ષાએ) વિરુદ્ધ પ્રકારની છે.]

૩. સપ્રતિપક્ષ=પ્રતિપક્ષ સહિત; વિપક્ષ સહિત; વિરુદ્ધ પક્ષ સહિત.

**वान्तरसत्ता च। तत्र सर्वपदार्थसार्थव्यापिनी सादृश्यास्तित्वसूचिका महासत्ता प्रोक्तैव। अन्या तु प्रतिनियतवस्तुवर्तिनी स्वरूपास्तित्वसूचिकाऽवान्तरसत्ता। तत्र महासत्ता-ऽवान्तरसत्तारूपेणाऽसत्ताऽवान्तरसत्ता च महासत्तारूपेणाऽसत्तेत्यसत्ता सत्तायाः। येन स्वरूपेणोत्पादस्तत्तथोत्पादैकलक्षणमेव, येन स्वरूपेणोच्छेदस्तत्तथोच्छेदैकलक्षणमेव, येन स्वरूपेण ध्रौव्यं तत्तथा ध्रौव्यैकलक्षणमेव, तत उत्पद्यमानोच्छिद्यमानावतिष्ठमानानां वस्तुनः स्वरूपाणां प्रत्येकं त्रैलक्षण्याभावादत्रिलक्षणत्वं त्रिलक्षणायाः। एकस्य वस्तुनः स्वरूपसत्ता नान्यस्य वस्तुनः स्वरूपसत्ता भवतीत्यनेकत्वमेकस्याः। प्रतिनियतपदार्थ-स्थिताभिरेव सत्ताभिः पदार्थानां प्रतिनियमो भवतीत्येकपदार्थस्थितत्वं सर्वपदार्थ-स्थितायाः। प्रतिनियतैकरूपाभिरेव सत्ताभिः प्रतिनियतैकरूपत्वं वस्तूनां भवतीत्येक-**

---

સૂચવનારી મહાસત્તા (સામાન્યસત્તા) તો કહેવાઈ જ ગઈ. બીજી, પ્રતિનિશ્ચિત (-એકેક નિશ્ચિત) વસ્તુમાં રહેનારી, સ્વરૂપ-અસ્તિત્વને સૂચવનારી અવાન્તરસત્તા (વિશેષસત્તા) છે. (૧) ત્યાં મહાસત્તા અવાન્તરસત્તારૂપે અસત્તા છે અને અવાન્તરસત્તા મહાસત્તારૂપે અસત્તા છે તેથી સત્તાને અસત્તા છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી ‘સત્તા’ છે તે જ અવાન્તરસત્તારૂપ પણ હોવાથી ‘અસત્તા’ પણ છે). (૨) જે સ્વરૂપે ઉત્પાદ છે તેનું (-તે સ્વરૂપનું) તે રીતે ઉત્પાદ એક જ લક્ષણ છે, જે સ્વરૂપે વ્યય છે તેનું (-તે સ્વરૂપનું) તે રીતે વ્યય એક જ લક્ષણ છે અને જે સ્વરૂપે ધ્રૌવ્ય છે તેનું (તે સ્વરૂપનું) તે રીતે ધ્રૌવ્ય એક જ લક્ષણ છે તેથી વસ્તુના ઊપજતા, નષ્ટ થતા અને ધ્રુવ રહેતા સ્વરૂપોમાંના પ્રત્યેકને ત્રિલક્ષણનો અભાવ હોવાથી ત્રિલક્ષણા(સત્તા)ને અત્રિલક્ષણપણું છે. (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી ‘ત્રિલક્ષણા’ છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી ‘અત્રિલક્ષણા’ પણ છે). (૩) એક વસ્તુની સ્વરૂપસત્તા અન્ય વસ્તુની સ્વરૂપસત્તા નથી તેથી એક (સત્તા)ને અનેકપણું છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી ‘એક’ છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી ‘અનેક’ પણ છે). (૪) પ્રતિનિશ્ચિત (-વ્યક્તિગત નિશ્ચિત) પદાર્થમાં સ્થિત સત્તાઓ વડે જ પદાર્થોનું પ્રતિનિશ્ચિતપણું (-ભિન્ન-ભિન્ન નિશ્ચિત વ્યક્તિત્વ) હોય છે તેથી સર્વપદાર્થસ્થિત(સત્તા)ને એકપદાર્થસ્થિતપણું છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી ‘સર્વપદાર્થસ્થિત’ છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી ‘એકપદાર્થસ્થિત’ પણ છે.) (૫) પ્રતિનિશ્ચિત એક એક રૂપવાળી સત્તાઓ વડે જ વસ્તુઓનું પ્રતિનિશ્ચિત એક એક રૂપ હોય છે તેથી

**रूपत्वं सविश्वरूपायाः। प्रतिपर्यायनियताभिरेव सत्ताभिः प्रतिनियतैकपर्यायाणामानन्त्यं भवतीत्येकपर्यायत्वमनन्तपर्यायायाः। इति सर्वमनवद्यं सामान्यविशेषप्ररूपणप्रवणनयद्वयायत्तत्वात्तद्देशनायाः ॥८॥**

---

સવિશ્વરૂપ(સત્તા)ને એકરૂપપણું છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'સવિશ્વરૂપ' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'એકરૂપ' પણ છે). (૬) પ્રત્યેક પર્યાયમાં રહેલી (વ્યક્તિગત ભિન્નભિન્ન) સત્તાઓ વડે જ પ્રતિનિશ્ચિત એક એક પર્યાયોનું અનંતપણું થાય છે તેથી અનંતપર્યાયમય(સત્તા)ને એકપર્યાયમયપણું છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'અનંતપર્યાયમય' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'એકપર્યાયમય' પણ છે).

આ રીતે બધું નિરવદ્ય છે (અર્થાત્ ઉપર કહેલું સર્વ સ્વરૂપ નિર્દોષ છે, નિર્બાધ છે, કિંચિત્ વિરોધવાળું નથી) કારણ કે તેનું (-સત્તાના સ્વરૂપનું) કથન સામાન્ય અને વિશેષના પ્રરૂપણ પ્રત્યે ઢળતા બે નયોને આધીન છે.

**ભાવાર્થ:**—સામાન્યવિશેષાત્મક સત્તાનાં બે પડખાં છે: એક પડખું તે મહાસત્તા અને બીજું પડખું તે અવાન્તરસત્તા. (૧) મહાસત્તા અવાન્તરસત્તારૂપે અસત્તા છે અને અવાન્તરસત્તા મહાસત્તારૂપે અસત્તા છે; તેથી જો મહાસત્તાને 'સત્તા' કહીએ તો અવાન્તરસત્તાને 'અસત્તા' કહેવાય. (૨) મહાસત્તા ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એવાં ત્રણ લક્ષણવાળી છે તેથી તે 'ત્રિલક્ષણા' છે. વસ્તુના ઊપજતા સ્વરૂપનું ઉત્પાદ જ એક લક્ષણ છે, નષ્ટ થતા સ્વરૂપનું વ્યય જ એક લક્ષણ છે અને ધ્રુવ રહેતા સ્વરૂપનું ધ્રૌવ્ય જ એક લક્ષણ છે તેથી તે ત્રણ સ્વરૂપોમાંના પ્રત્યેકની અવાન્તરસત્તા એક જ લક્ષણવાળી હોવાથી 'અત્રિલક્ષણા' છે. (૩) મહાસત્તા સમસ્ત પદાર્થસમૂહમાં 'સત્, સત્, સત્' એવું સમાનપણું દર્શાવતી હોવાથી એક છે. એક વસ્તુની સ્વરૂપસત્તા બીજી કોઈ વસ્તુની સ્વરૂપસત્તા નથી, તેથી જેટલી વસ્તુઓ તેટલી સ્વરૂપસત્તાઓ; માટે આવી સ્વરૂપસત્તાઓ અથવા અવાન્તરસત્તાઓ 'અનેક' છે. (૪) સર્વ પદાર્થો સત્ છે તેથી મહાસત્તા 'સર્વ પદાર્થોમાં રહેલી' છે. વ્યક્તિગત પદાર્થોમાં રહેલી ભિન્નભિન્ન વ્યક્તિગત સત્તાઓ વડે જ પદાર્થોનું ભિન્નભિન્ન નિશ્ચિત વ્યક્તિત્વ રહી શકે, તેથી તે તે પદાર્થની અવાન્તરસત્તા તે તે 'એક પદાર્થમાં જ સ્થિત' છે. (૫) મહાસત્તા સમસ્ત વસ્તુસમૂહનાં રૂપો (સ્વભાવો) સહિત છે તેથી તે 'સવિશ્વરૂપ' (સર્વરૂપવાળી) છે. વસ્તુની સત્તાનું (કથંચિત્) એક રૂપ હોય તો જ તે વસ્તુનું નિશ્ચિત એક રૂપ (-ચોક્કસ એક સ્વભાવ)

दवियदि गच्छदि ताइं ताइं सब्भावपज्जयाइं जं ।
दवियं तं भण्णंते अणण्णभूदं तु सत्तादो ।।९।।

द्रवति गच्छति तांस्तान् सद्भावपर्यायान् यत् ।
द्रव्यं तत् भणन्ति अनन्यभूतं तु सत्तातः ।।९।।

अत्र सत्ताद्रव्ययोरर्थान्तरत्वं प्रत्याख्यातम् ।

द्रवति गच्छति सामान्यरूपेण स्वरूपेण व्याप्नोति तांस्तान् क्रमभुवः सहभुवश्च

---

રહી શકે, તેથી પ્રત્યેક વસ્તુની અવાન્તરસત્તા નિશ્ચિત 'એક રૂપવાળી' જ છે. (૬) મહાસત્તા સર્વ પર્યાયોમાં રહેલી છે તેથી તે 'અનંતપર્યાયમય' છે. ભિન્નભિન્ન પર્યાયોમાં (કથંચિત્) ભિન્નભિન્ન સત્તાઓ હોય તો જ એક એક પર્યાય ભિન્નભિન્ન રહીને અનંત પર્યાયો સિદ્ધ થાય, નહિ તો પર્યાયોનું અનંતપણું જ ન રહે—એકપણું થઈ જાય; માટે પ્રત્યેક પર્યાયની અવાન્તરસત્તા તે તે 'એક પર્યાયમય' જ છે.

આ રીતે સામાન્યવિશેષાત્મક સત્તા, મહાસત્તારૂપ તેમ જ અવાન્તરસત્તારૂપ હોવાથી, (૧) સત્તા પણ છે અને અસત્તા પણ છે, (૨) ત્રિલક્ષણા પણ છે અને અત્રિલક્ષણા પણ છે, (૩) એક પણ છે અને અનેક પણ છે, (૪) સર્વપદાર્થસ્થિત પણ છે અને એકપદાર્થસ્થિત પણ છે. (૫) સવિશ્વરૂપ પણ છે અને એકરૂપ પણ છે, (૬) અનંતપર્યાયમય પણ છે અને એકપર્યાયમય પણ છે. ૮.

તે તે વિવિધ સદ્ભાવપર્યયને દ્રવે—વ્યાપે—લહે
તેને કહે છે દ્રવ્ય, જે સત્તા થકી નહિ અન્ય છે. ૯.

અન્વયાર્થ :—[तान् तान् सद्भावपर्यायान्] તે તે સદ્ભાવપર્યાયોને [यत्] જે [द्रवति] દ્રવે છે—[गच्छति] પામે છે, [तत्] તેને [द्रव्यं भणन्ति] (સર્વજ્ઞો) દ્રવ્ય કહે છે—[सत्तातः अनन्यभूतं तु] કે જે સત્તાથી અનન્યભૂત છે.

ટીકા :—અહીં સત્તાને અને દ્રવ્યને અર્થાંતરપણું (ભિન્નપદાર્થપણું, અન્ય-પદાર્થપણું) હોવાનું ખંડન કર્યું છે.

'તે તે ક્રમભાવી અને સહભાવી સદ્ભાવપર્યાયોને અર્થાત્ સ્વભાવવિશેષોને જે

**सद्भावपर्यायान् स्वभावविशेषानित्यनुगतार्थया निरुक्त्या द्रव्यं व्याख्यातम्। द्रव्यं च लक्ष्यलक्षणभावादिभ्यः कथञ्चिद्भेदेऽपि वस्तुतः सत्ताया अपृथग्भूतमेवेति मन्तव्यम्। ततो यत्पूर्वं सत्त्वमसत्त्वं त्रिलक्षणत्वमत्रिलक्षणत्वमेकत्वमनेकत्वं सर्वपदार्थस्थितत्वमेकपदार्थस्थितत्वं विश्वरूपत्वमेकरूपत्वमनन्तपर्यायत्वमेकपर्यायत्वं च प्रतिपादितं सत्तायास्तत्सर्वं तदनर्थान्तरभूतस्य द्रव्यस्यैव द्रष्टव्यम्। ततो न कश्चिदपि तेषु सत्ताविशेषोऽवशिष्येत यः सत्तां वस्तुतो द्रव्यात्पृथक् व्यवस्थापयेदिति॥९॥**

**दव्वं सल्लक्खणियं उप्पादव्वयधुवत्तसंजुत्तं।**
**गुणपज्जयासयं वा जं तं भण्णंति सव्वण्हू॥१०॥**

---

[1]દ્રવે છે—પામે છે—સામાન્યરૂપ સ્વરૂપે વ્યાપે છે તે દ્રવ્ય છે’—એમ [2]અનુગત અર્થવાળી નિરુક્તિથી દ્રવ્યની વ્યાખ્યા કરવામાં આવી. વળી જોકે [3]લક્ષ્યલક્ષણભાવાદિક દ્વારા દ્રવ્યને સત્તાથી કથંચિત્ ભેદ છે તોપણ વસ્તુતઃ (પરમાર્થે) દ્રવ્ય સત્તાથી અપૃથક્ જ છે એમ માનવું. માટે પૂર્વે (૮મી ગાથામાં) સત્તાને જે સત્પણું, અસત્પણું, ત્રિલક્ષણપણું, અત્રિલક્ષણપણું, એકપણું, અનેકપણું, સર્વપદાર્થસ્થિતપણું, એકપદાર્થસ્થિતપણું, વિશ્વરૂપપણું, એકરૂપપણું, અનંતપર્યાયમયપણું અને એકપર્યાયમયપણું કહેવામાં આવ્યું તે બધું સત્તાથી અનર્થાંતરભૂત (—અભિન્નપદાર્થભૂત, અનન્યપદાર્થભૂત) દ્રવ્યને જ દેખવું (અર્થાત્ સત્પણું, અસત્પણું, ત્રિલક્ષણપણું, અત્રિલક્ષણપણું વગેરે બધા સત્તાના વિશેષો દ્રવ્યના જ છે એમ માનવું). તેથી તેમનામાં (—તે સત્તાના વિશેષોમાં) કોઈ સત્તાવિશેષ બાકી રહેતો નથી કે જે સત્તાને વસ્તુતઃ (પરમાર્થે) દ્રવ્યથી પૃથક્ સ્થાપે. ૯.

**છે સત્ત્વ લક્ષણ જેહનું, ઉત્પાદવ્યયધ્રુવયુક્ત જે,**
**ગુણપર્યયાશ્રય જેહ, તેને દ્રવ્ય સર્વજ્ઞો કહે. ૧૦.**

---

૧. શ્રી જયસેનાચાર્યદેવની ટીકામાં પણ અહીંની માફક જ ‘**द्रवति गच्छति**’નો એક અર્થ તો ‘દ્રવે છે અર્થાત્ પામે છે’ એમ કરવામાં આવ્યો છે; તે ઉપરાંત ‘**द्रवति** એટલે સ્વભાવ-પર્યાયોને દ્રવે છે અને **गच्छति** એટલે વિભાવપર્યાયોને પામે છે’ એવો બીજો અર્થ પણ ત્યાં કરવામાં આવ્યો છે.

૨. અહીં દ્રવ્યની જે નિરુક્તિ કરવામાં આવી છે તે ‘**द्रु**’ ધાતુને અનુસરતા (—મળતા) અર્થવાળી છે.

૩. સત્તા લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે.

द्रव्यं सल्लक्षणकं उत्पादव्ययध्रुवत्वसंयुक्तम् ।
गुणपर्यायाश्रयं वा यत्तद्भणन्ति सर्वज्ञाः ॥१०॥

अत्र त्रेधा द्रव्यलक्षणमुक्तम्।

सद्द्रव्यलक्षणम्। उक्तलक्षणायाः सत्ताया अविशेषाद्द्रव्यस्य सत्स्वरूपमेव लक्षणम्। न चानेकान्तात्मकस्य द्रव्यस्य सन्मात्रमेव स्वं रूपं यतो लक्ष्यलक्षण-विभागाभाव इति। उत्पादव्ययध्रौव्याणि वा द्रव्यलक्षणम्। एकजात्यविरोधिनि क्रमभुवां भावानां संताने पूर्वभावविनाशः समुच्छेदः, उत्तरभावप्रादुर्भावश्च समुत्पादः, पूर्वोत्तरभावोच्छेदोत्पादयोरपि स्वजातेरपरित्यागो ध्रौव्यम्। तानि सामान्यादेशाद-

અન્વયાર્થઃ— [यत्] જે [सल्लक्षणकम्] 'સત્'લક્ષણવાળું છે, [उत्पादव्यय-ध्रुवत्वसंयुक्तम्] જે ઉત્પાદવ્યયધ્રૌવ્યસંયુક્ત છે [वा] અથવા [गुणपर्यायाश्रयम्] જે ગુણપર્યાયોનો આશ્રય છે, [तद्] તેને [सर्वज्ञाः] સર્વજ્ઞો [द्रव्यं] દ્રવ્ય [भणन्ति] કહે છે.

ટીકાઃ—અહીં ત્રણ પ્રકારે દ્રવ્યનું લક્ષણ કહ્યું છે.

'સત્' દ્રવ્યનું લક્ષણ છે. પૂર્વોક્ત લક્ષણવાળી સત્તાથી દ્રવ્ય અભિન્ન હોવાને લીધે 'સત્'સ્વરૂપ જ દ્રવ્યનું લક્ષણ છે. વળી અનેકાંતાત્મક દ્રવ્યનું સત્માત્ર જ સ્વરૂપ નથી કે જેથી લક્ષ્યલક્ષણના વિભાગનો અભાવ થાય. (સત્તાથી દ્રવ્ય અભિન્ન છે તેથી દ્રવ્યનું જે સત્તારૂપ સ્વરૂપ તે જ દ્રવ્યનું લક્ષણ છે. પ્રશ્નઃ—જો સત્તા ને દ્રવ્ય અભિન્ન છે —સત્તા દ્રવ્યનું સ્વરૂપ જ છે, તો 'સત્તા લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે' એવો વિભાગ કઈ રીતે ઘટે છે? ઉત્તરઃ—અનેકાંતાત્મક દ્રવ્યનાં અનંત સ્વરૂપો છે, તેમાંથી સત્તા પણ તેનું એક સ્વરૂપ છે; તેથી અનંતસ્વરૂપવાળું દ્રવ્ય લક્ષ્ય છે અને તેનું સત્તા નામનું સ્વરૂપ લક્ષણ છે—એવો લક્ષ્યલક્ષણવિભાગ અવશ્ય ઘટે છે. આ રીતે અબાધિતપણે સત્ દ્રવ્યનું લક્ષણ છે.)

અથવા, ઉત્પાદવ્યયધ્રૌવ્ય દ્રવ્યનું લક્ષણ છે. ★એક જાતિનો અવિરોધક એવો જે ક્રમભાવી ભાવોનો પ્રવાહ તેમાં પૂર્વ ભાવનો વિનાશ તે વ્યય છે, ઉત્તર ભાવનો પ્રાદુર્ભાવ (—પછીના ભાવની એટલે કે વર્તમાન ભાવની ઉત્પત્તિ) તે ઉત્પાદ છે અને પૂર્વ-ઉત્તર ભાવોના વ્યય-ઉત્પાદ થતાં પણ સ્વજાતિનો અત્યાગ તે ધ્રૌવ્ય છે. તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય

★ દ્રવ્યમાં ક્રમભાવી ભાવોનો પ્રવાહ એક જાતિને ખંડતો—તોડતો નથી અર્થાત્ જાતિ-અપેક્ષાએ સદા એકપણું જ રાખે છે.

**भिन्नानि विशेषादेशाद्भिन्नानि युगपद्भावीनि स्वभावभूतानि द्रव्यस्य लक्षणं भवन्तीति। गुणपर्याया वा द्रव्यलक्षणम्। अनेकान्तात्मकस्य वस्तुनोऽन्वयिनो विशेषा गुणा व्यतिरेकिणः पर्यायास्ते द्रव्ये यौगपद्येन क्रमेण च प्रवर्तमानाः कथञ्चिद्भिन्नाः कथञ्चिदभिन्नाः स्वभावभूताः द्रव्यलक्षणतामापद्यन्ते। त्रयाणामप्यमीषां द्रव्यलक्षणानामेकस्मिन्नभिहितेऽन्यदुभयमर्थादेवापद्यते। सच्चेदुत्पादव्ययध्रौव्यवच्च गुणपर्यायवच्च। उत्पादव्ययध्रौव्यवच्चेत्सच्च गुणपर्यायवच्च। गुणपर्यायवच्चेत्सच्चोत्पादव्ययतध्रौव्यवच्चेति। सद्धि नित्यानित्यस्वभावत्वाद्ध्रुवत्वमुत्पादव्ययात्मकतांच प्रथयति, ध्रुवत्वात्मकैर्गुणैरुत्पादव्ययात्मकैः पर्यायैश्च सहैकत्वञ्चाख्याति। उत्पादव्ययध्रौव्याणि तु नित्यानित्यस्वरूपं परमार्थं**

---

—કે જેઓ સામાન્ય આદેશે અભિન્ન છે (અર્થાત્ સામાન્ય કથને દ્રવ્યથી અભિન્ન છે), વિશેષ આદેશે (દ્રવ્યથી) ભિન્ન છે, યુગપદ્ વર્તે છે અને સ્વભાવભૂત છે તેઓ—દ્રવ્યનું લક્ષણ છે.

અથવા, ગુણપર્યાયો દ્રવ્યનું લક્ષણ છે. અનેકાંતાત્મક વસ્તુના +અન્વયી વિશેષો તે ગુણો છે અને વ્યતિરેકી વિશેષો તે પર્યાયો છે. તે ગુણપર્યાયો (ગુણો અને પર્યાયો)—કે જેઓ દ્રવ્યમાં એકીસાથે અને ક્રમે પ્રવર્તે છે, (દ્રવ્યથી) કથંચિત્ ભિન્ન ને કથંચિત્ અભિન્ન છે તથા સ્વભાવભૂત છે તેઓ—દ્રવ્યનું લક્ષણ છે.

દ્રવ્યનાં આ ત્રણે લક્ષણોમાંથી (–સત્, ઉત્પાદવ્યયધ્રૌવ્ય અને ગુણપર્યાયો એ ત્રણ લક્ષણોમાંથી) એક કહેતાં બાકીનાં બંને (વગરકહ્યે) અર્થથી જ આવી જાય છે. જો દ્રવ્ય સત્ હોય, તો તે (૧) ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળું અને (૨) ગુણપર્યાયવાળું હોય; જો ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળું હોય, તો તે (૧) સત્ અને (૨) ગુણપર્યાયવાળું હોય; જો ગુણપર્યાયવાળું હોય, તો તે (૧) સત્ અને (૨) ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળું હોય. તે આ પ્રમાણે :—સત્ નિત્યાનિત્યસ્વભાવવાળું હોવાથી (૧) ધ્રૌવ્યને અને ઉત્પાદ-વ્યયાત્મકતાને જાહેર કરે છે તથા (૨) ધ્રૌવ્યાત્મક ગુણો અને ઉત્પાદવ્યયાત્મક પર્યાયો સાથે એકત્વ દર્શાવે છે. ઉત્પાદવ્યયધ્રૌવ્ય (૧) નિત્યાનિત્યસ્વરૂપ [૧]પારમાર્થિક સત્‌ને

---

\+ અન્વય ને વ્યતિરેકના અર્થ માટે ૧૩મા પાને પદટિપ્પણ જુઓ.

૧. પારમાર્થિક=વાસ્તવિક; યથાર્થ; ખરું. (વાસ્તવિક સત્ નિત્યાનિત્યસ્વરૂપ હોય છે. ઉત્પાદવ્યય અનિત્યતાને અને ધ્રૌવ્ય નિત્યતાને જણાવે છે તેથી ઉત્પાદવ્યયધ્રૌવ્ય નિત્યાનિત્યસ્વરૂપ વાસ્તવિક સત્‌ને જણાવે છે. આ રીતે 'દ્રવ્ય ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળું છે' એમ કહેતાં 'તે સત્ છે' એમ પણ વગરકહ્યે જ આવી જાય છે).

**सदावेदयन्ति, गुणपर्यायांश्चात्मलाभनिबन्धनभूतान् प्रथयन्ति। गुणपर्यायास्त्वन्वयव्यतिरेकित्वाद्ध्रौव्योत्पत्तिविनाशान् सूचयन्ति, नित्यानित्यस्वभावं परमार्थं सच्चोपलक्षयन्तीति॥१०॥**

**उप्पत्ती व विणासो दव्वस्स य णत्थि अत्थि सब्भावो।**
**विगमुप्पादधुवत्तं करेंति तस्सेव पज्जाया॥११॥**

**उत्पत्तिर्वा विनाशो द्रव्यस्य च नास्त्यस्ति सद्भावः।**
**विगमोत्पादध्रुवत्वं कुर्वन्ति तस्यैव पर्यायाः॥११॥**

**अत्रोभयनयाभ्यां द्रव्यलक्षणं प्रविभक्तम्।**

---

જણાવે છે તથા (૨) [૧]પોતાના સ્વરૂપની પ્રાપ્તિના કારણભૂત ગુણપર્યાયોને જાહેર કરે છે, [૨]ગુણપર્યાયો અન્વય અને વ્યતિરેકવાળા હોવાથી (૧) ધ્રૌવ્યને અને ઉત્પાદવ્યયને સૂચવે છે તથા (૨) નિત્યાનિત્યસ્વભાવવાળા પારમાર્થિક સત્‌ને જણાવે છે.

**ભાવાર્થ :—**દ્રવ્યનાં ત્રણ લક્ષણો છે : સત્, ઉત્પાદવ્યયધ્રૌવ્ય અને ગુણપર્યાયો. આ ત્રણે લક્ષણો પરસ્પર અવિનાભાવી છે; જ્યાં એક હોય ત્યાં બાકીનાં બંને નિયમથી હોય છે. ૧૦.

**નહિ દ્રવ્યનો ઉત્પાદ અથવા નાશ નહિ, સદ્‌ભાવ છે;**
**તેના જ જે પર્યાય તે ઉત્પાદ-લય-ધ્રુવતા કરે. ૧૧.**

**અન્વયાર્થ :—**[द्रव्यस्य च] દ્રવ્યનો [उत्पत्तिः] ઉત્પાદ [वा] કે [विनाशः] વિનાશ [न अस्ति] નથી, [सद्भावः अस्ति] સદ્‌ભાવ છે. [तस्य एव पर्यायाः] તેના જ પર્યાયો [विगमोत्पादध्रुवत्वं] વિનાશ, ઉત્પાદ અને ધ્રુવતા [कुर्वन्ति] કરે છે.

**ટીકા :—**અહીં બન્ને નયો વડે દ્રવ્યનું લક્ષણ વિભક્ત કર્યું છે (અર્થાત્) બે નયોની

---

૧. પોતાના=ઉત્પાદવ્યયધ્રૌવ્યના. (જો ગુણ હોય તો જ ધ્રૌવ્ય હોય અને જો પર્યાયો હોય તો જ ઉત્પાદવ્યય હોય; માટે જો ગુણપર્યાયો ન હોય તો ઉત્પાદવ્યયધ્રૌવ્ય પોતાના સ્વરૂપને પામી શકે જ નહિ. આ રીતે 'દ્રવ્ય ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળું છે' એમ કહેતા તે ગુણપર્યાયવાળું પણ જાહેર થઈ જાય છે.)

૨. પ્રથમ તો, ગુણપર્યાયો અન્વય દ્વારા ધ્રૌવ્યને સૂચવે છે અને વ્યતિરેક દ્વારા ઉત્પાદવ્યયને સૂચવે છે; આ રીતે તેઓ ઉત્પાદવ્યયધ્રૌવ્યને સૂચવે છે. બીજું, ગુણપર્યાયો અન્વય દ્વારા નિત્યતાને જણાવે છે અને વ્યતિરેક દ્વારા અનિત્યતાને જણાવે છે; આ રીતે તેઓ નિત્યાનિત્યસ્વરૂપ સત્‌ને જણાવે છે.

द्रव्यस्य हि सहक्रमप्रवृत्तगुणपर्यायसद्भावरूपस्य त्रिकालावस्थायिनोऽनादिनिधनस्य न समुच्छेदसमुदयौ युक्तौ। अथ तस्यैव पर्यायाणां सहप्रवृत्तिभाजां केषांचित् ध्रौव्यसंभवेऽप्यपरेषां क्रमप्रवृत्तिभाजां विनाशसंभवसंभावनमुपपन्नम्। ततो द्रव्यार्थार्पणायामनुत्पादमनुच्छेदं सत्स्वभावमेव द्रव्यं, तदेव पर्यायार्थार्पणायां सोत्पादं सोच्छेदं चावबोद्धव्यम्। सर्वमिदमनवद्यञ्च द्रव्यपर्यायाणामभेदात् ॥११॥

**पज्जयविजुदं दव्वं दव्वविजुत्ता य पज्जया णत्थि।**
**दोण्हं अणण्णभूदं भावं समणा परूवेंति ॥१२॥**

**पर्ययवियुतं द्रव्यं द्रव्यवियुक्ताश्च पर्याया न सन्ति।**
**द्वयोरनन्यभूतं भावं श्रमणाः प्ररूपयन्ति ॥१२॥**

अत्र द्रव्यपर्यायाणामभेदो निर्दिष्टः।

---

અપેક્ષાથી દ્રવ્યના લક્ષણના બે વિભાગ પાડવામાં આવ્યા છે).

સહવર્તી ગુણો અને ક્રમવર્તી પર્યાયોના સદ્ભાવરૂપ, ત્રિકાળ-અવસ્થાયી (ત્રણે કાળે ટકનારા), અનાદિ-અનંત દ્રવ્યના વિનાશ ને ઉત્પાદ ઉચિત નથી. પરંતુ તેના જ પર્યાયોના—સહવર્તી કેટલાક(પર્યાયો)નું ધ્રૌવ્ય હોવા છતાં પણ બીજા ક્રમવર્તી(પર્યાયો)ના—વિનાશ ને ઉત્પાદ થવા ઘટે છે. માટે દ્રવ્ય દ્રવ્યાર્થિક આદેશથી (-કથનથી) ઉત્પાદ વિનાનું, વિનાશ વિનાનું, સત્‌સ્વભાવવાળું જ જાણવું અને તે જ (દ્રવ્ય) પર્યાયાર્થિક આદેશથી ઉત્પાદવાળું અને વિનાશવાળું જાણવું.

—આ બધું નિરવદ્ય (–નિર્દોષ, નિર્બાધ, અવિરુદ્ધ) છે, કારણ કે દ્રવ્ય અને પર્યાયોનો અભેદ (-અભિન્નપણું) છે. ૧૧.

**પર્યાયવિરહિત દ્રવ્ય નહિ, નહિ દ્રવ્યહીન પર્યાય છે,**
**પર્યાય તેમ જ દ્રવ્ય કેરી અનન્યતા શ્રમણો કહે. ૧૨.**

**અન્વયાર્થ :**—[पर्ययवियुतं] પર્યાયો રહિત [द्रव्यं] દ્રવ્ય [च] અને [द्रव्यवियुक्ताः] દ્રવ્ય રહિત [पर्यायाः] પર્યાયો [न सन्ति] હોતાં નથી; [द्वयोः] બન્નેનો [अनन्यभूतं भावं] અનન્યભાવ (-અનન્યપણું) [श्रमणाः] શ્રમણો [प्ररूपयन्ति] પ્રરૂપે છે.

**ટીકા :**—અહીં દ્રવ્ય અને પર્યાયોનો અભેદ દર્શાવ્યો છે.

दुग्धदधिनवनीतघृतादिवियुतगोरसवत्पर्यायवियुतं द्रव्यं नास्ति। गोरसवियुक्तदुग्धदधिनवनीतघृतादिवद्द्रव्यवियुक्ताः पर्याया न सन्ति। ततो द्रव्यस्य पर्यायाणां चादेशवशात्कथंचिद्भेदेऽप्येकास्तित्वनियतत्वादन्योन्याजहद्वृत्तीनां वस्तुत्वेनाभेद इति॥१२॥

दव्वेण विणा ण गुणा गुणेहिं दव्वं विणा ण संभवदि।
अव्वदिरित्तो भावो दव्वगुणाणं हवदि तम्हा॥१३॥

द्रव्येण विना न गुणा गुणैर्द्रव्यं विना न सम्भवति।
अव्यतिरिक्तो भावो द्रव्यगुणानां भवति तस्मात्॥१३॥

अत्र द्रव्यगुणानामभेदो निर्दिष्टः।

पुद्गलपृथग्भूतस्पर्शरसगन्धवर्णवद्द्रव्येण विना न गुणाः सम्भवन्ति। स्पर्शरस-

---

જેમ દૂધ, દહીં, માખણ, ઘી ઈત્યાદિથી રહિત ગોરસ હોતું નથી તેમ પર્યાયોથી રહિત દ્રવ્ય હોતું નથી; જેમ ગોરસથી રહિત દૂધ, દહીં, માખણ, ઘી ઈત્યાદિ હોતાં નથી તેમ દ્રવ્યથી રહિત પર્યાયો હોતા નથી. તેથી, જોકે દ્રવ્ય અને પર્યાયોનો આદેશવશાત્ (-કથનને વશ) કથંચિત્ ભેદ છે તોપણ, તેઓ એક અસ્તિત્વમાં નિયત (-દ્રઢપણે રહેલાં) હોવાને લીધે ★અન્યોન્યવૃત્તિ નહિ છોડતાં હોવાથી વસ્તુપણે તેમનો અભેદ છે. ૧૨.

નહિ દ્રવ્ય વિણ ગુણ હોય, ગુણ વિણ દ્રવ્ય પણ નહિ હોય છે;
તેથી ગુણો ને દ્રવ્ય કેરી અભિન્નતા નિર્દિષ્ટ છે. ૧૩.

**અન્વયાર્થઃ**—[द्रव्येण विना] દ્રવ્ય વિના [गुणाः न] ગુણો હોતા નથી, [गुणैः विना] ગુણો વિના [द्रव्यं न सम्भवति] દ્રવ્ય હોતું નથી; [तस्मात्] તેથી [द्रव्यगुणानाम्] દ્રવ્ય અને ગુણોનો [अव्यतिरिक्तः भावः] અવ્યતિરિક્તભાવ (-અભિન્નપણું) [भवति] છે.

**ટીકાઃ**—અહીં દ્રવ્ય અને ગુણોનો અભેદ દર્શાવ્યો છે.

જેમ પુદ્ગલથી પૃથક્ સ્પર્શ-રસ-ગંધ-વર્ણ હોતાં નથી તેમ દ્રવ્ય વિના ગુણો હોતા નથી; જેમ સ્પર્શ-રસ-ગંધ-વર્ણથી પૃથક્ પુદ્ગલ હોતું નથી તેમ ગુણો વિના દ્રવ્ય હોતું

---

★ અન્યોન્યવૃત્તિ=એકબીજાના આશ્રયે નભવું તે; એકબીજાના આધારે ટકવું તે; એકબીજાને લીધે હયાત રહેવું તે.

गंधवर्णपृथग्भूतपुद्गलवद्गुणैर्विना द्रव्यं न सम्भवति। ततो द्रव्यगुणानामप्यादेशवशात् कथंचिद्-भेदेऽप्येकास्तित्वनियतत्वादन्योन्याजहद्वृत्तीनां वस्तुत्वेनाभेद इति ॥१३॥

सिय अत्थि णत्थि उहयं अव्वत्तव्वं पुणो य तत्तिदयं ।
दव्वं खु सत्तभंगं आदेसवसेण संभवदि ॥१४॥

स्यादस्ति नास्त्युभयमवक्तव्यं पुनश्च तत्त्रितयम् ।
द्रव्यं खलु सप्तभङ्गमादेशवशेन सम्भवति ॥१४॥

अत्र द्रव्यस्यादेशवशेनोक्ता सप्तभङ्गी।

स्यादस्ति द्रव्यं, स्यान्नास्ति द्रव्यं, स्यादस्ति च नास्ति च द्रव्यं, स्यादवक्तव्यं द्रव्यं, स्यादस्ति चावक्तव्यं च द्रव्यं, स्यान्नास्ति चावक्तव्यं च द्रव्यं, स्यादस्ति च नास्ति चावक्तव्यं

---

નથી. તેથી, જોકે દ્રવ્ય અને ગુણોનો આદેશવશાત્ કથંચિત્ ભેદ છે તોપણ, તેઓ એક અસ્તિત્વમાં નિયત હોવાને લીધે અન્યોન્યવૃત્તિ નહિ છોડતાં હોવાથી વસ્તુપણે તેમનો પણ અભેદ છે (અર્થાત્ દ્રવ્ય અને પર્યાયોની માફક દ્રવ્ય અને ગુણોનો પણ વસ્તુપણે અભેદ છે). ૧૩.

છે અસ્તિ, નાસ્તિ, ઉભય તેમ અવાચ્ય આદિક ભંગ જે,
આદેશવશ તે સાત ભંગે યુક્ત સર્વે દ્રવ્ય છે. ૧૪.

અન્વયાર્થ :—[द्रव्यं] દ્રવ્ય [आदेशवशेन] આદેશવશાત્ (-કથનને વશ) [खलु] ખરેખર [स्यात् अस्ति] સ્યાત્ અસ્તિ, [नास्ति] સ્યાત્ નાસ્તિ, [उभयम्] સ્યાત્ અસ્તિ-નાસ્તિ, [अवक्तव्यम्] સ્યાત્ અવક્તવ્ય [पुनः च] અને વળી [तत्त्रितयम्] અવક્તવ્યતાયુક્ત ત્રણ ભંગવાળું (—સ્યાત્ અસ્તિ-અવક્તવ્ય, સ્યાત્ નાસ્તિ-અવક્તવ્ય અને સ્યાત્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય)—[सप्तभङ्गम्] એમ સાત ભંગવાળું [सम्भवति] છે.

ટીકા :—અહીં દ્રવ્યના આદેશને વશ સપ્તભંગી કહી છે.

(૧) દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ' છે; (૨) દ્રવ્ય 'સ્યાત્ નાસ્તિ' છે; (૩) દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ અને નાસ્તિ' છે; (૪) દ્રવ્ય 'સ્યાત્ અવક્તવ્ય' છે; (૫) દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ અને અવક્તવ્ય' છે; (૬) દ્રવ્ય 'સ્યાત્ નાસ્તિ અને અવક્તવ્ય' છે; (૭) દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ, નાસ્તિ અને અવક્તવ્ય' છે.

**च द्रव्यमिति। अत्र सर्वथात्वनिषेधकोऽनेकान्तद्योतकः कथंचिदर्थे स्याच्छब्दो निपातः। तत्र स्वद्रव्यक्षेत्रकालभावैरादिष्टमस्ति द्रव्यं, परद्रव्यक्षेत्रकालभावैरादिष्टं नास्ति द्रव्यं, स्वद्रव्य-क्षेत्रकालभावैः परद्रव्यक्षेत्रकालभावैश्च क्रमेणादिष्टमस्ति च नास्ति च द्रव्यं, स्वद्रव्य-क्षेत्रकालभावैः परद्रव्यक्षेत्रकालभावैश्च युगपदादिष्टमवक्तव्यं द्रव्यं, स्वद्रव्यक्षेत्रकालभावैर्युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैश्चादिष्टमस्ति चावक्तव्यं च द्रव्यं, परद्रव्यक्षेत्रकालभावैर्युगपत्स्व-परद्रव्यक्षेत्रकालभावैश्चादिष्टं नास्ति चावक्तव्यं च द्रव्यं, स्वद्रव्यक्षेत्रकालभावैः परद्रव्यक्षेत्रकाल-भावैश्च युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैश्चादिष्टमस्ति च नास्ति चावक्तव्यं च द्रव्यमिति। न चैतदनुपपन्नम्, सर्वस्य वस्तुनः स्वरूपादिना अशून्यत्वात्, पररूपादिना शून्यत्वात्,**

---

અહીં (સપ્તભંગીમાં) સર્વથાપણાનો નિષેધક, અનેકાંતનો દ્યોતક '★સ્યાત્' શબ્દ 'કથંચિત્' એવા અર્થમાં અવ્યયરૂપે વપરાયો છે. ત્યાં—(૧) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં 'અસ્તિ' છે; (૨) દ્રવ્ય પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં 'નાસ્તિ' છે; (૩) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે ક્રમથી કહેવામાં આવતાં 'અસ્તિ અને નાસ્તિ' છે; (૪) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે યુગપદ્ કહેવામાં આવતાં '[૧]અવક્તવ્ય' છે; (૫) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં 'અસ્તિ અને અવક્તવ્ય' છે; (૬) દ્રવ્ય પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં 'નાસ્તિ અને અવક્તવ્ય' છે; (૭) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં 'અસ્તિ, નાસ્તિ અને અવક્તવ્ય' છે.—આ (ઉપરોક્ત વાત) અયોગ્ય નથી, કારણ કે સર્વ વસ્તુ (૧) સ્વરૂપાદિથી '[૨]અશૂન્ય' છે, (૨) પરરૂપાદિથી '[૩]શૂન્ય' છે, (૩) બન્નેથી (સ્વરૂપાદિથી અને પરરૂપાદિથી) 'અશૂન્ય અને શૂન્ય' છે, (૪) બન્નેથી (સ્વરૂપાદિથી અને પરરૂપાદિથી) એકીસાથે 'અવાચ્ય' છે, ભંગોના સંયોગથી કથન કરતાં (૫) 'અશૂન્ય અને અવાચ્ય'

---

★ સ્યાત્=કથંચિત્; કોઈ પ્રકારે; કોઈ અપેક્ષાએ. ('સ્યાત્' શબ્દ સર્વથાપણાને નિષેધે છે અને અનેકાંતને પ્રકાશે છે—દર્શાવે છે.)

૧. અવક્તવ્ય=કહી શકાય નહિ એવું; અવાચ્ય. (એકીસાથે સ્વચતુષ્ટય તેમ જ પરચતુષ્ટયની અપેક્ષાથી દ્રવ્ય કથનમાં આવી શકતું નથી તેથી 'અવક્તવ્ય' છે.)

૨. અશૂન્ય=શૂન્ય નહિ એવું; હયાત; સત્.

૩. શૂન્ય=નહિ હયાત એવું; અસત્.

उभाभ्यामशून्यशून्यत्वात्, सहावाच्यत्वात्, भङ्गसंयोगार्पणायामशून्यावाच्यत्वात्, शून्यावाच्यत्वात्, अशून्यशून्यावाच्यत्वाच्चेति।।१४।।

भावस्स णत्थि णासो णत्थि अभावस्स चेव उप्पादो ।
गुणपज्जएसु भावा उप्पादवए पकुव्वंति ।।१५।।

भावस्य नास्ति नाशो नास्ति अभावस्य चैव उत्पादः ।
गुणपर्यायेषु भावा उत्पादव्ययान् प्रकुर्वन्ति ।।१५।।

अत्रासत्प्रादुर्भावत्वमुत्पादस्य सदुच्छेदत्वं विगमस्य निषिद्धम्।

---

છે, (૬) 'શૂન્ય અને અવાચ્ય' છે, (૭) 'અશૂન્ય, શૂન્ય અને અવાચ્ય' છે.

ભાવાર્થ :—(૧) દ્રવ્ય ★સ્વચતુષ્ટયની અપેક્ષાથી 'છે'. (૨) દ્રવ્ય પરચતુષ્ટયની અપેક્ષાથી 'નથી'. (૩) દ્રવ્ય ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી 'છે અને નથી'. (૪) દ્રવ્ય યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી 'અવક્તવ્ય છે.' (૫) દ્રવ્ય સ્વચતુષ્ટયની અને યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી 'છે અને અવક્તવ્ય છે.' (૬) દ્રવ્ય પરચતુષ્ટયની અને યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી 'નથી અને અવક્તવ્ય છે.' (૭) દ્રવ્ય સ્વચતુષ્ટયની, પરચતુષ્ટયની અને યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી 'છે, નથી અને અવક્તવ્ય છે'.—એ પ્રમાણે અહીં સપ્તભંગી કહેવામાં આવી. ૧૪.

નહિ 'ભાવ' કેરો નાશ હોય, 'અભાવ'નો ઉત્પાદ ના;
'ભાવો' કરે છે નાશ ને ઉત્પાદ ગુણપર્યાયમાં. ૧૫.

અન્વયાર્થ :—[भावस्य] ભાવનો (સત્‌નો) [नाशः] નાશ [न अस्ति] નથી [च एव] તેમ જ [अभावस्य] અભાવનો (અસત્‌નો) [उत्पादः] ઉત્પાદ [न अस्ति] નથી; [भावाः] ભાવો (સત્ દ્રવ્યો) [गुणपर्यायेषु] ગુણપર્યાયોમાં [उत्पादव्ययान्] ઉત્પાદવ્યય [प्रकुर्वन्ति] કરે છે.

ટીકા :—અહીં ઉત્પાદને વિષે અસત્‌નો પ્રાદુર્ભાવ હોવાનું અને વ્યયને વિષે

---

★ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવને સ્વચતુષ્ટય કહેવામાં આવે છે. સ્વદ્રવ્ય એટલે નિજ ગુણપર્યાયોના આધારભૂત વસ્તુ પોતે; સ્વક્ષેત્ર એટલે વસ્તુનો નિજ વિસ્તાર અર્થાત્ સ્વપ્રદેશસમૂહ; સ્વકાળ એટલે વસ્તુનો પોતાનો વર્તમાન પર્યાય; સ્વભાવ એટલે નિજગુણ—સ્વશક્તિ.

भावस्य सतो हि द्रव्यस्य न द्रव्यत्वेन विनाशः, अभावस्यासतोऽन्यद्रव्यस्य न द्रव्यत्वेनोत्पादः। किन्तु भावाः सन्ति द्रव्याणि सदुच्छेदमसदुत्पादं चान्तरेणैव गुणपर्यायेषु विनाशमुत्पादं चारभन्ते। यथा हि घृतोत्पत्तौ गोरसस्य सतो न विनाशः न चापि गोरसव्यतिरिक्तस्यार्थान्तरस्यासतः उत्पादः किन्तु गोरसस्यैव सदुच्छेदमसदुत्पादं चानुपलभ-मानस्य स्पर्शरसगन्धवर्णादिषु परिणामिषु गुणेषु पूर्वावस्थया विनश्यत्सूत्तरावस्थया प्रादुर्भवत्सु नश्यति च नवनीतपर्यायो घृतपर्याय उत्पद्यते, तथा सर्वभावानामपीति॥१५॥

**भावा जीवादीया जीवगुणा चेदणा य उवओगो।**
**सुरणरणारयतिरिया जीवस्स य पज्जया बहुगा॥१६॥**

---

સત્‌નો વિનાશ હોવાનું નિષેધ્યું છે (અર્થાત્ ઉત્પાદ થતાં કાંઈ અસત્‌ની ઉત્પત્તિ થતી નથી અને વ્યય થતાં કાંઈ સત્‌નો વિનાશ થતો નથી એમ આ ગાથામાં કહ્યું છે).

ભાવનો—સત્ દ્રવ્યનો—દ્રવ્યપણે વિનાશ નથી, અભાવનો—અસત્ અન્ય-દ્રવ્યનો—દ્રવ્યપણે ઉત્પાદ નથી; પરંતુ ભાવો—સત્ દ્રવ્યો, સત્‌ના વિનાશ અને અસત્‌ના ઉત્પાદ વિના જ, ગુણપર્યાયોમાં વિનાશ અને ઉત્પાદ કરે છે. જેવી રીતે ઘીની ઉત્પત્તિને વિષે ગોરસનો—સત્‌નો—વિનાશ નથી તેમ જ ગોરસથી ભિન્ન પદાર્થાંતરનો—અસત્‌નો—ઉત્પાદ નથી, પરંતુ ગોરસને જ, સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ કર્યા વિના જ, પૂર્વ અવસ્થાથી વિનાશ પામતા અને ઉત્તર અવસ્થાથી ઉત્પન્ન થતા સ્પર્શ-રસ-ગંધ-વર્ણાદિક પરિણામી ગુણોમાં માખણપર્યાય વિનાશ પામે છે અને ઘીપર્યાય ઉત્પન્ન થાય છે; તેવી રીતે સર્વ ભાવોનું પણ તેમ જ છે [અર્થાત્ બધાં દ્રવ્યોને નવીન પર્યાયની ઉત્પત્તિને વિષે સત્‌નો વિનાશ નથી તેમ જ અસત્‌નો ઉત્પાદ નથી, પરંતુ સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ કર્યા વિના જ, પહેલાંની (જૂની) અવસ્થાથી વિનાશ પામતા અને પછીની (નવીન) અવસ્થાથી ઉત્પન્ન થતા ★પરિણામી ગુણોમાં પહેલાંનો પર્યાય વિનાશ પામે છે અને પછીનો પર્યાય ઉત્પન્ન થાય છે]. ૧૫.

**જીવાદિ સૌ છે 'ભાવ', જીવગુણ ચેતના ઉપયોગ છે;**
**જીવપર્યયો તિર્યંચ-નારક-દેવ-મનુજ અનેક છે. ૧૬.**

---

★ પરિણામી=પરિણમનારા; પરિણામવાળા. (પર્યાયાર્થિક નયે ગુણો પરિણામી છે અર્થાત્ પરિણમે છે.)

પં. ૫

भावा जीवाद्या जीवगुणाश्चेतना चोपयोगः ।
सुरनरनारकतिर्यञ्चो जीवस्य च पर्यायाः बहवः ॥१६॥

अत्र भावगुणपर्यायाः प्रज्ञापिताः।

भावा हि जीवादयः षट् पदार्थाः। तेषां गुणाः पर्यायाश्च प्रसिद्धाः। तथापि जीवस्य वक्ष्यमाणोदाहरणप्रसिद्ध्यर्थमभिधीयन्ते। गुणा हि जीवस्य ज्ञानानुभूतिलक्षणा शुद्धचेतना, कार्यानुभूतिलक्षणा कर्मफलानुभूतिलक्षणा चाशुद्धचेतना, चैतन्यानुविधायिपरिणामलक्षणः सविकल्पनिर्विकल्परूपः शुद्धाशुद्धतया सकलविकलतां दधानो द्वेधोपयोगश्च। पर्याया-

---

અન્વયાર્થ :—[जीवाद्याः] જીવાદિ (દ્રવ્યો) તે [भावाः] 'ભાવો' છે. [जीवगुणाः] જીવના ગુણો [चेतना च उपयोगः] ચેતના તથા ઉપયોગ છે [च] અને [जीवस्य पर्यायाः] જીવના પર્યાયો [सुरनरनारकतिर्यञ्चः] દેવ-મનુષ્ય-નારક-તિર્યંચરૂપ [बहवः] ઘણા છે.

ટીકા :—અહીં ભાવો (દ્રવ્યો), ગુણો અને પર્યાયો જણાવ્યા છે.

જીવાદિ છ પદાર્થો તે 'ભાવો' છે. તેમના ગુણો અને પર્યાયો પ્રસિદ્ધ છે, તોપણ [૧]આગળ (હવેની ગાથામાં) જે ઉદાહરણ કહેવાનું છે તેની પ્રસિદ્ધિ અર્થે જીવના ગુણો અને પર્યાયો કહેવામાં આવે છે :—

જીવના ગુણો [૨]જ્ઞાનાનુભૂતિસ્વરૂપ શુદ્ધચેતના તથા કાર્યાનુભૂતિસ્વરૂપ ને કર્મ-ફળાનુભૂતિસ્વરૂપ અશુદ્ધચેતના છે અને [૩]ચૈતન્યાનુવિધાયી-પરિણામસ્વરૂપ, સવિકલ્પ-નિર્વિકલ્પરૂપ, શુદ્ધતા-અશુદ્ધતાને લીધે સકળતા-વિકળતા ધરતો, બે પ્રકારનો ઉપયોગ છે

---

૧. હવેની ગાથામાં જીવની વાત ઉદાહરણ તરીકે લેવાની છે; માટે તે ઉદાહરણને પ્રસિદ્ધ (જાણીતું) કરવા માટે અહીં જીવના ગુણો અને પર્યાયો કહેવામાં આવ્યા છે.

૨. શુદ્ધચેતના જ્ઞાનની અનુભૂતિસ્વરૂપ છે અને અશુદ્ધચેતના કર્મની તેમ જ કર્મફળની અનુભૂતિ-સ્વરૂપ છે.

૩. ચૈતન્ય-અનુવિધાયી પરિણામ અર્થાત્ ચૈતન્યને અનુસરતો પરિણામ તે ઉપયોગ છે. સવિકલ્પ ઉપયોગને જ્ઞાન અને નિર્વિકલ્પ ઉપયોગને દર્શન કહેવામાં આવે છે. જ્ઞાનોપયોગના ભેદોમાંથી માત્ર કેવળજ્ઞાન જ શુદ્ધ હોવાથી સકળ (અખંડ, પરિપૂર્ણ) છે અને બીજા બધા અશુદ્ધ હોવાથી વિકળ (ખંડિત, અપૂર્ણ) છે; દર્શનોપયોગના ભેદોમાંથી માત્ર કેવળદર્શન જ શુદ્ધ હોવાથી સકળ છે અને બીજા બધા અશુદ્ધ હોવાથી વિકળ છે.

स्त्वगुरुलघुगुणहानिवृद्धिनिर्वृत्ताः शुद्धाः, सूत्रोपात्तास्तु सुरनारकतिर्यङ्मनुष्यलक्षणाः परद्रव्य-सम्बन्धनिर्वृत्तत्वादशुद्धाश्चेति ।।१६।।

मणुसत्तणेण णट्ठो देही देवो हवेदि इदरो वा ।
उभयत्थ जीवभावो ण णस्सदि ण जायदे अण्णो ।।१७।।

मनुष्यत्वेन नष्टो देही देवो भवतीतरो वा ।
उभयत्र जीवभावो न नश्यति न जायतेऽन्यः ।।१७।।

इदं भावनाशाभावोत्पादनिषेधोदाहरणम् ।

प्रतिसमयसम्भवदगुरुलघुगुणहानिवृद्धिनिर्वृत्तस्वभावपर्यायसन्तत्यविच्छेदकेनैकेन सोपाधिना मनुष्यत्वलक्षणेन पर्यायेण विनश्यति जीवः, तथाविधेन देवत्वलक्षणेन

---

(અર્થાત્ જીવના ★ગુણો શુદ્ધ-અશુદ્ધ ચેતના તથા બે પ્રકારનો ઉપયોગ છે).

જીવના પર્યાયો આ પ્રમાણે છે : અગુરુલઘુગુણની હાનિવૃદ્ધિથી રચાતા પર્યાયો શુદ્ધ પર્યાયો છે અને સૂત્રમાં (—આ ગાથામાં) કહેલા, દેવ-નારક-તિર્યંચ-મનુષ્યસ્વરૂપ પર્યાયો પરદ્રવ્યના સંબંધથી રચાતા હોવાથી અશુદ્ધ પર્યાયો છે. ૧૬.

મનુજત્વથી વ્યય પામીને દેવાદિ દેહી થાય છે;
ત્યાં જીવભાવ ન નાશ પામે, અન્ય નહિ ઉદ્‌ભવ લહે. ૧૭.

અન્વયાર્થ :—[मनुष्यत्वेन] મનુષ્યપણાથી [नष्टः] નષ્ટ થયેલો [देही] દેહી (જીવ) [देवः वा इतरः] દેવ અથવા અન્ય [भवति] થાય છે; [उभयत्र] તે બન્નેમાં [जीवभावः] જીવભાવ [न नश्यति] નષ્ટ થતો નથી અને [अन्यः] બીજો જીવભાવ [न जायते] ઉત્પન્ન થતો નથી.

ટીકા :—‘ભાવનો નાશ થતો નથી અને અભાવનો ઉત્પાદ થતો નથી’ તેનું આ ઉદાહરણ છે.

પ્રત્યેક સમયે થતી અગુરુલઘુગુણની હાનિવૃદ્ધિથી રચાતા સ્વભાવપર્યાયોની સંતતિનો વિચ્છેદ નહિ કરનારા એક સોપાધિક મનુષ્યત્વસ્વરૂપ પર્યાયથી જીવ વિનાશ પામે છે અને તથાવિધ (—સ્વભાવપર્યાયોના પ્રવાહને નહિ તોડનારા સોપાધિક)

★ પર્યાયાર્થિક નયે ગુણો પણ પરિણામી છે. (૧૫મી ગાથાની ટીકા જુઓ.)

नारकतिर्यक्त्वलक्षणेन वान्येन पर्यायेणोत्पद्यते। न च मनुष्यत्वेन नाशे जीवत्वेनापि नश्यति, देवत्वादिनोत्पादे जीवत्वेनाप्युत्पद्यते; किन्तु सदुच्छेदमसदुत्पादमन्तरेणैव तथा विवर्तत इति॥१७॥

**सो चेव जादि मरणं जादि ण णट्ठो ण चेव उप्पण्णो ।**
**उप्पण्णो य विणट्ठो देवो मणुसो त्ति पज्ञाओ ॥१८॥**

**स च एव याति मरणं याति न नष्टो न चैवोत्पन्नः ।**
**उत्पन्नश्च विनष्टो देवो मनुष्य इति पर्यायः ॥१८॥**

अत्र कथंचिद्व्ययोत्पादवत्त्वेऽपि द्रव्यस्य सदाविनष्टानुत्पन्नत्वं ख्यापितम्।

यदेव पूर्वोत्तरपर्यायविवेकसंपर्कापादितामुभयीमवस्थामात्मसात्कुर्वाणमुच्छिद्यमानमुत्पद्यमानं च द्रव्यमालक्ष्यते, तदेव तथाविधोभयावस्थाव्यापिना प्रतिनियतैकवस्तुत्वनिबन्धनभूतेन

---

દેવત્વસ્વરૂપ, નારકત્વસ્વરૂપ કે તિર્યંચત્વસ્વરૂપ અન્ય પર્યાયથી ઊપજે છે. ત્યાં એમ નથી કે મનુષ્યપણાથી નાશ થતાં જીવપણાથી પણ નષ્ટ થાય છે અને દેવપણા વગેરેથી ઉત્પાદ થતાં જીવપણાથી પણ ઉત્પન્ન થાય છે, પરંતુ સત્‌ના ઉચ્છેદ અને અસત્‌ના ઉત્પાદ વિના જ તે પ્રમાણે વિવર્તન (—પરિવર્તન, પરિણમન) કરે છે. ૧૭.

જન્મે મરે છે તે જ, તોપણ નાશ-ઉદ્‌ભવ નવ લહે;
સુર-માનવાદિક પર્યયો ઉત્પન્ન ને લય થાય છે. ૧૮.

**અન્વયાર્થ :**—[सः च एव] તે જ [याति] જન્મે છે અને [मरणं याति] મરણ પામે છે છતાં [न एव उत्पन्नः] તે ઉત્પન્ન થતો નથી [च] અને [न नष्टः] નષ્ટ થતો નથી; [देवः मनुष्यः] દેવ, મનુષ્ય [इति पर्यायः] એવો પર્યાય [उत्पन्नः] ઉત્પન્ન થાય છે [च] અને [विनष्टः] વિનષ્ટ થાય છે.

**ટીકા :**—અહીં, દ્રવ્ય કથંચિત્ વ્યય અને ઉત્પાદવાળું હોવા છતાં તેનું સદા અવિનષ્ટપણું અને અનુત્પન્નપણું કહ્યું છે.

જે દ્રવ્ય [1]પૂર્વ પર્યાયના વિયોગથી અને [2]ઉત્તર પર્યાયના સંયોગથી થતી ઉભય અવસ્થાને આત્મસાત્ (પોતારૂપ) કરતું થકું વિનાશ પામતું અને ઊપજતું જોવામાં આવે

---

૧. પૂર્વ = પહેલાંના ૨. ઉત્તર = પછીના

स्वभावेनाविनष्टमनुत्पन्नं वा वेद्यते। पर्यायास्तु तस्य पूर्वपूर्वपरिणामोपमर्दोत्तरोत्तरपरिणामोत्पादरूपाः प्रणाशसम्भवधर्माणोऽभिधीयन्ते। ते च वस्तुत्वेन द्रव्यादपृथग्भूता एवोक्ताः। ततः पर्यायैः सहैकवस्तुत्वाज्जायमानं म्रियमाणमपि जीवद्रव्यं सर्वदानुत्पन्नाविनष्टं द्रष्टव्यम्। देव-मनुष्यादिपर्यायास्तु क्रमवर्तित्वादुपस्थितातिवाहितस्वसमया उत्पद्यन्ते विनश्यन्ति चेति॥१८॥

**एवं सदो विणासो असदो जीवस्स णत्थि उप्पादो।**
**तावदिओ जीवाणं देवो मणुसो त्ति गदिणामो॥१९॥**

एवं सतो विनाशोऽसतो जीवस्य नास्त्युत्पादः।
तावज्जीवानां देवो मनुष्य इति गतिनाम॥१९॥

अत्र सदसतोरविनाशानुत्पादौ स्थितिपक्षत्वेनोपन्यस्तौ।

---

છે, તે જ (દ્રવ્ય) તેવી ઉભય અવસ્થામાં વ્યાપનારો જે પ્રતિનિયત-એક-વસ્તુત્વના કારણભૂત સ્વભાવ તેના વડે (–તે સ્વભાવની અપેક્ષાએ) અવિનષ્ટ અને અનુત્પન્ન જણાય છે; તેના પર્યાયો પૂર્વ પૂર્વ પરિણામના નાશરૂપ અને ઉત્તર ઉત્તર પરિણામના ઉત્પાદરૂપ હોવાથી વિનાશ–ઉત્પાદધર્મવાળા (–વિનાશ ને ઉત્પાદરૂપ ધર્મવાળા) કહેવામાં આવે છે, અને તેઓ (પર્યાયો) વસ્તુપણે દ્રવ્યથી અપૃથગ્ભૂત જ કહેવામાં આવ્યા છે. તેથી, પર્યાયો સાથે એકવસ્તુપણાને લીધે જન્મતું અને મરતું હોવા છતાં જીવદ્રવ્ય સર્વદા અનુત્પન્ન અને અવિનષ્ટ જ દેખવું (–શ્રદ્ધવું); દેવ-મનુષ્યાદિ પર્યાયો ઊપજે છે અને વિનાશ પામે છે કારણ કે તેઓ ક્રમવર્તી હોવાથી તેમનો સ્વસમય ઉપસ્થિત થાય છે અને વીતી જાય છે. ૧૮.

એ રીત સત્-વ્યય ને અસત્-ઉત્પાદ હોય ન જીવને;
સુરનરપ્રમુખ ગતિનામનો હદયુક્ત કાળ જ હોય છે. ૧૯.

**અન્વયાર્થ:**—[एवं] એ રીતે [जीवस्य] જીવને [सतः विनाशः] સત્‌નો વિનાશ અને [असतः उत्पादः] અસત્‌નો ઉત્પાદ [न अस्ति] નથી; (‘દેવ જન્મે છે ને મનુષ્ય મરે છે’ એમ કહેવાય છે તેનું એ કારણ છે કે) [जीवानाम्] જીવોને [देवः मनुष्यः] દેવ, મનુષ્ય [इति गतिनाम] એવું ગતિનામકર્મ [तावत्] તેટલા જ કાળનું હોય છે.

**ટીકા:**—અહીં સત્‌નો અવિનાશ અને અસત્‌નો અનુત્પાદ ધ્રુવતાના પક્ષથી કહ્યો

यदि हि जीवो य एव म्रियते स एव जायते, य एव जायते स एव म्रियते, तदैवं सतो विनाशोऽसत उत्पादश्च नास्तीति व्यवतिष्ठते। यत्तु देवो जायते मनुष्यो म्रियते इति व्यपदिश्यते तदवधृतकालदेवमनुष्यत्वपर्यायनिर्वर्तकस्य देवमनुष्यगतिनाम्नस्तन्मात्रत्वादविरुद्धम्। यथा हि महतो वेणुदण्डस्यैकस्य क्रमवृत्तीन्यनेकानि पर्वाण्यात्मीयात्मीयप्रमाणावच्छिन्नत्वात् पर्वान्तरमगच्छन्ति स्वस्थानेषु भावभाञ्जि परस्थानेष्वभावभाञ्जि भवन्ति, वेणुदण्डस्तु सर्वेष्वपि पर्वस्थानेषु भावभागपि पर्वान्तरसम्बन्धेन पर्वान्तरसम्बन्धाभावादभावभाग्भवति; तथा निरवधित्रिकालावस्थायिनो जीवद्रव्यस्यैकस्य क्रमवृत्तयोऽनेके मनुष्यत्वादिपर्याया आत्मीयात्मीयप्रमाणावच्छिन्नत्वात् पर्यायान्तरमगच्छन्तः स्वस्थानेषु भावभाजः परस्थानेष्वभावभाजो भवन्ति, जीवद्रव्यं तु सर्वपर्यायस्थानेषु भावभागपि पर्यायान्तरसम्बन्धेन पर्यायान्तरसम्बन्धाभावादभावभाग्भवति॥१६॥

---

છે (અર્થાત્ ધ્રુવતાની અપેક્ષાએ સત્‌નો વિનાશ કે અસત્‌નો ઉત્પાદ થતો નથી એમ આ ગાથામાં કહ્યું છે).

જો ખરેખર જે જીવ મરે છે તે જ જન્મે છે, જે જીવ જન્મે છે તે જ મરે છે, તો એ રીતે સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ નથી એમ નક્કી થાય છે. અને ‘દેવ જન્મે છે ને મનુષ્ય મરે છે’ એમ જે કહેવામાં આવે છે તે (પણ) અવિરુદ્ધ છે કારણ કે મર્યાદિત કાળના દેવત્વપર્યાય અને મનુષ્યત્વપર્યાયને રચનારાં દેવગતિનામકર્મ અને મનુષ્યગતિનામકર્મ માત્ર તેટલા કાળ પૂરતાં જ હોય છે. જેવી રીતે મોટા એક વાંસનાં ક્રમવર્તી અનેક [1]પર્વો પોતપોતાના માપમાં મર્યાદિત હોવાથી અન્ય પર્વમાં નહિ જતાં થકાં પોતપોતાનાં સ્થાનોમાં ભાવવાળાં (–વિદ્યમાન) છે અને પર સ્થાનોમાં અભાવવાળાં (–અવિદ્યમાન) છે તથા વાંસ તો બધાંય પર્વસ્થાનોમાં ભાવવાળો હોવા છતાં અન્ય પર્વના સંબંધ વડે અન્ય પર્વના સંબંધનો અભાવ હોવાથી અભાવવાળો (પણ) છે; તેવી રીતે નિરવધિ ત્રણે કાળે ટકનારા એક જીવદ્રવ્યના ક્રમવર્તી અનેક મનુષ્યત્વાદિપર્યાયો પોતપોતાના માપમાં મર્યાદિત હોવાથી અન્ય પર્યાયમાં નહિ જતા થકા પોતપોતાનાં સ્થાનોમાં ભાવવાળા છે અને પર સ્થાનોમાં અભાવવાળા છે તથા જીવદ્રવ્ય તો સર્વપર્યાયસ્થાનોમાં ભાવવાળું હોવા છતાં અન્ય પર્યાયના સંબંધ વડે અન્ય પર્યાયના સંબંધનો અભાવ હોવાથી અભાવવાળું (પણ) છે.

---

૧. પર્વ=એક ગાંઠથી બીજી ગાંઠ સુધીનો ભાગ; કાતળી.

**णाणावरणादीया भावा जीवेण सुट्ठु अणुबद्धा ।**
**तेसिमभावं किच्चा अभूदपुव्वो हवदि सिद्धो ॥२०॥**

ज्ञानावरणाद्या भावा जीवेन सुष्ठु अनुबद्धाः ।
तेषामभावं कृत्वाऽभूतपूर्वो भवति सिद्धः ॥२०॥

अत्रात्यन्तासदुत्पादत्वं सिद्धस्य निषिद्धम् ।

यथा स्तोककालान्वयिषु नामकर्मविशेषोदयनिर्वृत्तेषु जीवस्य देवादिपर्यायेष्वेकस्मिन् स्वकारणनिवृत्तौ निवृत्तेऽभूतपूर्व एव चान्यस्मिन्नुत्पन्ने नासदुत्पत्तिः, तथा दीर्घकालान्वयिनि

---

ભાવાર્થ :—જીવને ધ્રૌવ્ય અપેક્ષાએ સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ નથી. 'મનુષ્ય મરે છે ને દેવ જન્મે છે' એમ જે કહેવામાં આવે છે તે વાત પણ ઉપરોક્ત હકીકત સાથે વિરોધ પામતી નથી. જેમ મોટા એક વાંસની અનેક કાતળીઓ પોતપોતાનાં સ્થાનોમાં વિદ્યમાન છે અને બીજી કાતળીઓનાં સ્થાનોમાં અવિદ્યમાન છે તથા વાંસ તો સર્વ કાતળીઓનાં સ્થાનોમાં અન્વયરૂપે વિદ્યમાન હોવા છતાં પ્રથમાદિ કાતળીરૂપે દ્વિતીયાદિ કાતળીમાં નહિ હોવાથી અવિદ્યમાન પણ કહેવાય છે, તેમ ત્રિકાળ-અવસ્થાયી એક જીવના નરનારકાદિ અનેક પર્યાયો પોતપોતાના કાળમાં વિદ્યમાન છે અને બીજા પર્યાયોના કાળમાં અવિદ્યમાન છે તથા જીવ તો સર્વ પર્યાયોમાં અન્વયરૂપે વિદ્યમાન હોવા છતાં મનુષ્યાદિપર્યાયરૂપે દેવાદિપર્યાયમાં નહિ હોવાથી અવિદ્યમાન પણ કહેવાય છે. ૧૯.

જ્ઞાનાવરણ ઇત્યાદિ ભાવો જીવ સહ અનુબદ્ધ છે;
તેનો કરીને નાશ, પામે જીવ સિદ્ધિ અપૂર્વને. ૨૦.

અન્વયાર્થ :—[ज्ञानावरणाद्याः भावाः] જ્ઞાનાવરણાદિ ભાવો [जीवेन] જીવ સાથે [सुष्ठु] સારી રીતે [अनुबद्धाः] અનુબદ્ધ છે; [तेषाम् अभावं कृत्वा] તેમનો અભાવ કરીને તે [अभूतपूर्वः सिद्धः] અભૂતપૂર્વ સિદ્ધ [भवति] થાય છે.

ટીકા :—અહીં સિદ્ધને અત્યંત અસત્-ઉત્પાદનો નિષેધ કર્યો છે (અર્થાત્ સિદ્ધપણું થતાં સર્વથા અસત્‌નો ઉત્પાદ થતો નથી એમ કહ્યું છે).

જેમ થોડા કાળ સુધી અન્વયરૂપે (—સાથે સાથે) રહેનારા, નામકર્મવિશેષના

**ज्ञानावरणादिकर्मसामान्योदयनिर्वृत्तसंसारित्वपर्याये भव्यस्य स्वकारणनिवृत्तौ निवृत्ते समुत्पन्ने चाभूतपूर्वे सिद्धत्वपर्याये नासदुत्पत्तिरिति। किञ्च—यथा द्राघीयसि वेणुदण्डे व्यवहिताव्यवहितविचित्रचित्रकिर्मीरताखचिताधस्तनार्धभागे एकान्तव्यवहित-सुविशुद्धोर्ध्वार्धभागेऽवतारिता द्दष्टिः समन्ततो विचित्रचित्रकिर्मीरताव्याप्तिं पश्यन्ती सम-नुमिनोति तस्य सर्वत्राविशुद्धत्वं, तथा क्वचिदपि जीवद्रव्ये व्यवहिताव्यवहितज्ञाना-वरणादिकर्मकिर्मीरताखचितबहुतराधस्तनभागे एकान्तव्यवहितसुविशुद्धबहुतरोर्ध्वभागेऽवतारिता बुद्धिः समन्ततो ज्ञानावरणादिकर्मकिर्मीरताव्याप्तिं व्यवस्यन्ती समनुमिनोति तस्य सर्वत्रा-विशुद्धत्वम्। यथाच तत्र वेणुदण्डे व्याप्तिज्ञानाभासनिबन्धनविचित्रचित्रकिर्मीरतान्वयः, तथाच क्वचिज्जीवद्रव्ये ज्ञानावरणादिकर्मकिर्मीरतान्वयः। यथैव च तत्र वेणुदण्डे विचित्र-**

---

ઉદયથી રચાતા જે દેવાદિપર્યાયો તેમાંથી જીવને એક પર્યાય સ્વકારણની નિવૃત્તિ થતાં નિવૃત્ત થાય અને બીજો કોઈ અભૂતપૂર્વ પર્યાય જ ઉત્પન્ન થાય, ત્યાં અસત્‌ની ઉત્પત્તિ નથી; તેમ દીર્ઘ કાળ સુધી અન્વયરૂપે રહેનારો, જ્ઞાનાવરણાદિકર્મસામાન્યના ઉદયથી રચાતો સંસારિત્વપર્યાય ભવ્યને સ્વકારણની નિવૃત્તિ થતાં નિવૃત્ત થાય અને અભૂતપૂર્વ (–પૂર્વે નહિ થયેલો એવો) સિદ્ધત્વપર્યાય ઉત્પન્ન થાય, ત્યાં અસત્‌ની ઉત્પત્તિ નથી.

વળી (વિશેષ સમજાવવામાં આવે છે) :—

જેવી રીતે જેનો વિચિત્ર ચિત્રોથી ચિત્રવિચિત્ર નીચેનો અર્ધ ભાગ કેટલોક ઢંકાયેલો અને કેટલોક અણઢંકાયેલો હોય તથા સુવિશુદ્ધ (–અચિત્રિત) ઊંચેનો અર્ધ ભાગ એકલો ઢંકાયેલો જ હોય એવા બહુ લાંબા વાંસ પર દ્રષ્ટિ મૂકતાં, તે દ્રષ્ટિ સર્વત્ર વિચિત્ર ચિત્રોથી થયેલા ચિત્રવિચિત્રપણાની વ્યાપ્તિનો નિર્ણય કરતી થકી 'તે વાંસ સર્વત્ર અવિશુદ્ધ છે (અર્થાત્ આખોય રંગબેરંગી છે)' એમ અનુમાન કરે છે, તેવી રીતે જેનો જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલ ચિત્રવિચિત્રતાયુક્ત (–વિવિધ વિભાવપર્યાયવાળો) ઘણો મોટો નીચેનો ભાગ કેટલોક ઢંકાયેલો અને કેટલોક અણઢંકાયેલો છે તથા સુવિશુદ્ધ (સિદ્ધપર્યાયવાળો), ઘણો મોટો ઊંચેનો ભાગ એકલો ઢંકાયેલો જ છે એવા કોઈ જીવદ્રવ્યમાં બુદ્ધિ લગાડતાં, તે બુદ્ધિ સર્વત્ર જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલા ચિત્રવિચિત્રપણાની વ્યાપ્તિનો નિર્ણય કરતી થકી 'તે જીવ સર્વત્ર અવિશુદ્ધ છે (અર્થાત્ આખોય સંસારપર્યાયવાળો છે)' એમ અનુમાન કરે છે. વળી જેમ તે વાંસમાં વ્યાપ્તિજ્ઞાનાભાસનું કારણ (નીચેના ખુલ્લા ભાગમાં) વિચિત્ર ચિત્રોથી થયેલા

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**चित्रकिर्मीरतान्वयाभावात्सुविशुद्धत्वं, तथैव च क्वचिज्जीवद्रव्ये ज्ञानावरणादिकर्मकिर्मीरतान्वयाभावादाप्तागमसम्यगनुमानातीन्द्रियज्ञानपरिच्छिन्नात्सिद्धत्वमिति ।।२०।।**

---

ચિત્રવિચિત્રપણાનો અન્વય (-સંતતિ, પ્રવાહ) છે, તેમ તે જીવદ્રવ્યમાં વ્યાપ્તિજ્ઞાનાભાસનું કારણ (નીચેના ખુલ્લા ભાગમાં) જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલા ચિત્રવિચિત્રપણાનો અન્વય છે. વળી જેમ તે વાંસમાં (ઉપરના ભાગમાં) સુવિશુદ્ધપણું છે કારણ કે (ત્યાં) વિચિત્ર ચિત્રોથી થયેલા ચિત્રવિચિત્રપણાના અન્વયનો અભાવ છે, તેમ તે જીવદ્રવ્યમાં (ઉપરના ભાગમાં) સિદ્ધપણું છે કારણ કે (ત્યાં) જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલા ચિત્રવિચિત્રપણાના અન્વયનો અભાવ છે—કે જે અભાવ આપ્ત-આગમના જ્ઞાનથી, સમ્યક્ અનુમાનજ્ઞાનથી અને અતીન્દ્રિય જ્ઞાનથી જણાય છે.

ભાવાર્થઃ—સંસારી જીવની પ્રગટ સંસારી દશા જોઈને અજ્ઞાની જીવને ભ્રમ ઊપજે છે કે—'જીવ સદા સંસારી જ રહે, સિદ્ધ થઈ શકે જ નહિ; જો સિદ્ધ થાય તો સર્વથા અસત્-ઉત્પાદનો પ્રસંગ આવે.' પરંતુ અજ્ઞાનીની આ વાત યોગ્ય નથી.

જેવી રીતે જીવને દેવાદિરૂપ એક પર્યાયના કારણનો નાશ થતાં તે પર્યાયનો નાશ થઈ અન્ય પર્યાય ઉત્પન્ન થાય છે, જીવદ્રવ્ય તો તેનું તે જ રહે છે, તેવી રીતે જીવને સંસારપર્યાયના કારણભૂત મોહરાગદ્વેષાદિનો નાશ થતાં સંસારપર્યાયનો નાશ થઈ સિદ્ધપર્યાય ઉત્પન્ન થાય છે, જીવદ્રવ્ય તો તેનું તે જ રહે છે. સંસારપર્યાય અને સિદ્ધપર્યાય બન્ને એક જ જીવદ્રવ્યના પર્યાયો છે.

વળી અન્ય પ્રકારે સમજાવવામાં આવે છેઃ—ધારો કે એક લાંબો વાંસ ઊભો રાખવામાં આવ્યો છે; તેનો નીચેનો કેટલોક ભાગ રંગબેરંગી કરવામાં આવ્યો છે અને બાકીનો ઉપરનો ભાગ અરંગી (-સ્વાભાવિક શુદ્ધ) છે. આ વાંસના રંગબેરંગી ભાગમાંનો કેટલોક ભાગ ખુલ્લો રાખવામાં આવ્યો છે અને બાકીનો બધો રંગબેરંગી ભાગ અને આખોય અરંગી ભાગ ઢાંકી દીધેલો છે. આ વાંસનો ખુલ્લો ભાગ રંગબેરંગી જોઈને અવિચારી જીવ 'જ્યાં જ્યાં વાંસ હોય ત્યાં ત્યાં રંગબેરંગીપણું હોય' એવી વ્યાપ્તિ (-નિયમ, અવિનાભાવસંબંધ) કલ્પી લે છે અને આવા ખોટા વ્યાપ્તિજ્ઞાન દ્વારા એવું અનુમાન તારવે છે કે 'નીચેથી છેક ઉપર સુધી આખો વાંસ રંગબેરંગી છે'. આ અનુમાન મિથ્યા છે; કારણ કે ખરેખર તો આ વાંસનો ઉપરનો ભાગ રંગબેરંગીપણાના અભાવવાળો છે, અરંગી છે. વાંસના દ્રષ્ટાંતની માફક—કોઈ એક ભવ્ય જીવ છે; તેનો નીચેનો કેટલોક ભાગ (અર્થાત્ અનાદિ કાળથી વર્તમાન કાળ



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

एवं भावमभावं भावाभावं अभावभावं च ।
गुणपज्जएहिं सहिदो संसरमाणो कुणदि जीवो ।।२१।।

एवं भावमभावं भावाभावमभावभावं च ।
गुणपर्ययैः सहितः संसरन् करोति जीवः ।।२१।।

जीवस्योत्पादव्ययसदुच्छेदासदुत्पादकर्तृत्वोपपत्त्युपसंहारोऽयम् ।

---

સુધીનો અને અમુક ભવિષ્ય કાળ સુધીનો ભાગ) સંસારી છે અને બાકીનો ઉપરનો અનંત ભાગ સિદ્ધરૂપ (–સ્વાભાવિક શુદ્ધ) છે. આ જીવના સંસારી ભાગમાંનો કેટલોક ભાગ ખુલ્લો (પ્રગટ) છે અને બાકીનો બધો સંસારી ભાગ અને આખોય સિદ્ધરૂપ ભાગ ઢંકાયેલો (અપ્રગટ) છે. આ જીવનો ખુલ્લો (પ્રગટ) ભાગ સંસારી જોઈને અજ્ઞાની જીવ 'જ્યાં જ્યાં જીવ હોય ત્યાં ત્યાં સંસારીપણું હોય' એવી વ્યાપ્તિ કલ્પી લે છે અને આવા ખોટા વ્યાપ્તિજ્ઞાન દ્વારા એવું અનુમાન તારવે છે કે 'અનાદિ-અનંત આખો જીવ સંસારી છે'. આ અનુમાન મિથ્યા છે; કારણ કે આ જીવનો ઉપરનો ભાગ (–અમુક ભવિષ્ય કાળ પછીનો બાકીનો અનંત ભાગ) સંસારીપણાના અભાવવાળો છે, સિદ્ધરૂપ છે—એમ સર્વજ્ઞપ્રણીત આગમના જ્ઞાનથી, સમ્યક્ અનુમાનજ્ઞાનથી અને અતીન્દ્રિય જ્ઞાનથી સ્પષ્ટ જણાય છે.

આમ અનેક પ્રકારે નક્કી થાય છે કે જીવ સંસારપર્યાય નષ્ટ કરી સિદ્ધપર્યાયે પરિણમે ત્યાં સર્વથા અસત્‌નો ઉત્પાદ થતો નથી. ૨૦.

ગુણપર્યયે સંયુક્ત જીવ સંસરણ કરતો એ રીતે
ઉદ્‌ભવ, વિલય, વળી ભાવ-વિલય, અભાવ-ઉદ્‌ભવને કરે. ૨૧.

અન્વયાર્થઃ—[एवम्] એ રીતે [गुणपर्ययैः सहितः] ગુણપર્યાયો સહિત [जीवः] જીવ [संसरन्] સંસરણ કરતો થકો [भावम्] ભાવ, [अभावम्] અભાવ, [भावाभावम्] ભાવાભાવ [च] અને [अभावभावम्] અભાવભાવને [करोति] કરે છે.

ટીકાઃ—આ, જીવને ઉત્પાદ, વ્યય, સત્-વિનાશ અને અસત્-ઉત્પાદનું કર્તાપણું હોવાની સિદ્ધિરૂપ ઉપસંહાર છે.

द्रव्यं हि सर्वदाऽविनष्टानुत्पन्नमाम्नातम्। ततो जीवद्रव्यस्य द्रव्यरूपेण नित्यत्वमुपन्यस्तम्। तस्यैव देवादिपर्यायरूपेण प्रादुर्भवतो भावकर्तृत्वमुक्तं; तस्यैव च मनुष्यादिपर्यायरूपेण व्ययतोऽभावकर्तृत्वमाख्यातं; तस्यैव च सतो देवादिपर्यायस्योच्छेदमारभमाणस्य भावाभावकर्तृत्वमुदितं; तस्यैव चासतः पुनर्मनुष्यादिपर्यायस्योत्पादमारभमाणस्याभावभावकर्तृत्वमभिहितम्। सर्वमिदमनवद्यं द्रव्यपर्यायाणामन्यतरगुणमुख्यत्वेन व्याख्यानात्। तथाहि—यदा जीवः पर्यायगुणत्वेन द्रव्यमुख्यत्वेन विवक्ष्यते तदा नोत्पद्यते, न विनश्यति, न च क्रमवृत्त्यावर्तमानत्वात् सत्पर्यायजातमुच्छिनत्ति, नासदुत्पादयति। यदा तु द्रव्यगुणत्वेन पर्यायमुख्यत्वेन विवक्ष्यते तदा प्रादुर्भवति, विनश्यति, सत्पर्यायजातमतिवाहितस्वकालमुच्छिनत्ति, असदुपस्थितस्वकालमुत्पादयति चेति।

---

દ્રવ્ય ખરેખર સર્વદા અવિનષ્ટ અને અનુત્પન્ન આગમમાં કહ્યું છે; તેથી જીવદ્રવ્યને દ્રવ્યરૂપે નિત્યપણું કહેવામાં આવ્યું. (૧) દેવાદિપર્યાયરૂપે ઊપજતું હોવાથી તેને જ (–જીવદ્રવ્યને જ) ભાવનું (–ઉત્પાદનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે; (૨) મનુષ્યાદિ-પર્યાયરૂપે નાશ પામતું હોવાથી તેને જ અભાવનું (–વ્યયનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે; (૩) સત્ (–વિદ્યમાન) દેવાદિપર્યાયનો નાશ કરતું હોવાથી તેને જ ભાવાભાવનું (–સત્‌ના વિનાશનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે; અને (૪) ફરીને અસત્ (–અવિદ્યમાન) મનુષ્યાદિપર્યાયનો ઉત્પાદ કરતું હોવાથી તેને જ અભાવભાવનું (–અસત્‌ના ઉત્પાદનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે.

—આ બધું નિરવદ્ય (નિર્દોષ, નિર્બાધ, અવિરુદ્ધ) છે, કારણ કે દ્રવ્ય અને પર્યાયોમાંથી એકની ગૌણતાથી અને અન્યની મુખ્યતાથી કથન કરવામાં આવે છે. તે આ પ્રમાણે :—

જ્યારે જીવ પર્યાયની ગૌણતાથી અને દ્રવ્યની મુખ્યતાથી વિવક્ષિત હોય છે ત્યારે તે (૧) ઊપજતો નથી, (૨) વિનાશ પામતો નથી, (૩) ક્રમવૃત્તિએ નહિ વર્તતો હોવાથી સત્ (–વિદ્યમાન) પર્યાયસમૂહને વિનષ્ટ કરતો નથી અને (૪) અસત્‌ને (–અવિદ્યમાન પર્યાયસમૂહને) ઉત્પન્ન કરતો નથી; અને જ્યારે જીવ દ્રવ્યની ગૌણતાથી અને પર્યાયની મુખ્યતાથી વિવક્ષિત હોય છે ત્યારે તે (૧) ઊપજે છે, (૨) વિનાશ પામે છે, (૩) જેનો સ્વકાળ વીતી ગયો છે એવા સત્ (–વિદ્યમાન) પર્યાયસમૂહને વિનષ્ટ કરે છે અને (૪) જેનો સ્વકાળ ઉપસ્થિત થયો છે (–આવી પહોંચ્યો છે) એવા અસત્‌ને (–અવિદ્યમાન પર્યાયસમૂહને) ઉત્પન્ન કરે છે.

स खल्वयं प्रसादोऽनेकान्तवादस्य यदीद्दशोऽपि विरोधो न विरोधः।।२१।।

इति षड्द्रव्यसामान्यप्ररूपणा।

जीवा पोग्गलकाया आयासं अत्थिकाइया सेसा।
अमया अत्थित्तमया कारणभूदा हि लोगस्स ।।२२।।

जीवाः पुद्गलकाया आकाशमस्तिकायौ शेषौ।
अमया अस्तित्वमयाः कारणभूता हि लोकस्य ।।२२।।

अत्र सामान्येनोक्तलक्षणानां षण्णां द्रव्याणां मध्यात् पंचानामस्तिकायत्वं व्यवस्थापितम्।

अकृतत्वात् अस्तित्वमयत्वात् विचित्रात्मपरिणतिरूपस्य लोकस्य कारणत्वाच्चाभ्यु-

---

તે આ પ્રસાદ ખરેખર અનેકાંતવાદનો છે કે આવો વિરોધ પણ (ખરેખર) વિરોધ નથી. ૨૧.

આ રીતે ષડ્દ્રવ્યનું સામાન્ય પ્રરૂપણ સમાપ્ત થયું.

જીવદ્રવ્ય, પુદ્‌ગલકાય, નભ ને અસ્તિકાયો શેષ બે
અણકૃતક છે, અસ્તિત્વમય છે, લોકકારણભૂત છે. ૨૨.

અન્વયાર્થઃ—[जीवाः] જીવો, [पुद्गलकायाः] પુદ્‌ગલકાયો, [आकाशम्] આકાશ અને [शेषौ अस्तिकायौ] બાકીના બે અસ્તિકાયો [अमयाः] અકૃત છે, [अस्तित्वमयाः] અસ્તિત્વમય છે અને [हि] ખરેખર [लोकस्य कारणभूताः] લોકના કારણભૂત છે.

ટીકાઃ—અહીં (આ ગાથામાં), સામાન્યપણે જેમનું સ્વરૂપ (પૂર્વે) કહેવામાં આવ્યું છે એવાં છ દ્રવ્યોમાંથી પાંચને અસ્તિકાયપણું સ્થાપિત કરવામાં આવ્યું છે.

અકૃત હોવાથી, અસ્તિત્વમય હોવાથી અને અનેક પ્રકારની [1]પોતાની પરિણતિરૂપ લોકનાં કારણ હોવાથી જેઓ સ્વીકારવામાં (–સંમત કરવામાં) આવ્યાં

---

૧. લોક છ દ્રવ્યોના અનેકવિધ પરિણામરૂપ (–ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ) છે; તેથી છ દ્રવ્યો ખરેખર લોકનાં કારણ છે.

पगम्यमानेषु षट्सु द्रव्येषु जीवपुद्गलाकाशधर्माधर्माः प्रदेशप्रचयात्मकत्वात् पञ्चास्तिकायाः। न खलु कालस्तदभावादस्तिकाय इति सामर्थ्यादवसीयत इति॥२२॥

सब्भावसभावाणं जीवाणं तह य पोग्गलाणं च।
परियट्टणसंभूदो कालो णियमेण पण्णत्तो॥२३॥

सद्भावस्वभावानां जीवानां तथैव पुद्गलानां च।
परिवर्तनसम्भूतः कालो नियमेन प्रज्ञप्तः॥२३॥

अत्रास्तिकायत्वेनानुक्तस्यापि कालस्यार्थापन्नत्वं द्योतितम्।

इह हि जीवानां पुद्गलानां च सत्तास्वभावत्वादस्ति प्रतिक्षणमुत्पादव्ययध्रौव्यैकवृत्तिरूपः परिणामः। स खलु सहकारिकारणसद्भावे दृष्टः, गतिस्थित्यवगाहपरिणामवत्।

---

છે એવાં છ દ્રવ્યોમાં જીવ, પુદ્ગલ, આકાશ, ધર્મ ને અધર્મ પ્રદેશપ્રચયાત્મક (–પ્રદેશોના સમૂહમય) હોવાથી એ પાંચ અસ્તિકાયો છે. કાળને પ્રદેશપ્રચયાત્મકપણાનો અભાવ હોવાથી તે ખરેખર અસ્તિકાય નથી એમ (વગર-કહ્યે પણ) સામર્થ્યથી નક્કી થાય છે. ૨૨.

સત્તાસ્વભાવી જીવ ને પુદ્ગલ તણા પરિણમનથી
છે સિદ્ધિ જેની, કાળ તે ભાખ્યો જિણંદે નિયમથી. ૨૩.

**અન્વયાર્થ :**—[सद्भावस्वभावानाम्] સત્તાસ્વભાવવાળાં [जीवानाम् तथा एव पुद्गलानाम् च] જીવો અને પુદ્ગલોના [परिवर्तनसम्भूतः] પરિવર્તનથી સિદ્ધ થતો [कालः] એવો કાળ [नियमेन प्रज्ञप्तः] (સર્વજ્ઞો દ્વારા) નિયમથી (નિશ્ચયથી) ઉપદેશવામાં આવ્યો છે.

**ટીકા :**—કાળ અસ્તિકાયપણે અનુક્ત (–નહિ કહેવામાં આવેલો) હોવા છતાં તેને અર્થપણું (–પદાર્થપણું) સિદ્ધ થાય છે એમ અહીં દર્શાવ્યું છે.

આ જગતમાં ખરેખર જીવોને અને પુદ્ગલોને સત્તાસ્વભાવને લીધે પ્રતિક્ષણ ઉત્પાદવ્યયધ્રૌવ્યની એકવૃત્તિરૂપ પરિણામ વર્તે છે. તે (–પરિણામ) ખરેખર સહકારી કારણના સદ્ભાવમાં જોવામાં આવે છે, ગતિ-સ્થિતિ-અવગાહપરિણામની માફક. (જેમ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**यस्तु सहकारिकारणं स कालः। तत्परिणामान्यथानुपपत्तिगम्यमानत्वादनुक्तोऽपि निश्चयकालोऽस्तीति निश्चीयते। यस्तु निश्चयकालपर्यायरूपो व्यवहारकालः स जीवपुद्गलपरिणामेनाभिव्यज्यमानत्वात्तदायत्त एवाभिगम्यत एवेति॥२३॥**

**ववगदपणवण्णरसो ववगददोगंधअट्ठफासो य।**
**अगुरुलहुगो अमुत्तो वट्टणलक्खो य कालो त्ति॥२४॥**

---

ગતિ, સ્થિતિ અને અવગાહરૂપ પરિણામો ધર્મ, અધર્મ અને આકાશરૂપ સહકારી કારણોના સદ્ભાવમાં હોય છે, તેમ ઉત્પાદવ્યયધ્રૌવ્યની એકતારૂપ પરિણામ સહકારી કારણના સદ્ભાવમાં હોય છે.) આ જે સહકારી કારણ તે કાળ છે. [1]જીવ-પુદ્ગલના પરિણામની [2]અન્યથા અનુપપત્તિ દ્વારા જણાતો હોવાથી, નિશ્ચયકાળ—(અસ્તિકાયપણે) અનુક્ત હોવા છતાં પણ—(દ્રવ્યપણે) વિદ્યમાન છે એમ નક્કી થાય છે. અને જે નિશ્ચયકાળના પર્યાયરૂપ વ્યવહારકાળ તે, જીવ-પુદ્ગલોના પરિણામથી વ્યક્ત (–ગમ્ય) થતો હોવાથી જરૂર તદાશ્રિત જ (–જીવ અને પુદ્ગલના પરિણામને આશ્રિત જ) ગણવામાં આવે છે. ૨૩.

**રસવર્ણપંચક, સ્પર્શ-અષ્ટક, ગંધયુગલ વિહીન છે,**
**છે મૂર્તિહીન, અગુરુલઘુક છે, કાળ વર્તનલિંગ છે. ૨૪.**

---

૧. જોકે કાળદ્રવ્ય જીવ-પુદ્ગલોના પરિણામ ઉપરાંત ધર્માસ્તિકાયાદિના પરિણામને પણ નિમિત્તભૂત છે તોપણ જીવ-પુદ્ગલોના પરિણામ સ્પષ્ટ ખ્યાલમાં આવતા હોવાથી કાળદ્રવ્યને સિદ્ધ કરવામાં માત્ર તે બેના પરિણામની જ વાત લેવામાં આવી છે.

૨. અન્યથા અનુપપત્તિ=બીજી કોઈ રીતે નહિ બની શકવું તે. [જીવ-પુદ્ગલોના ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક પરિણામ એટલે તેમની સમયવિશિષ્ટ વૃત્તિ. તે સમયવિશિષ્ટ વૃત્તિ સમયને ઉત્પન્ન કરનારા કોઈ પદાર્થ વિના (–નિશ્ચયકાળ વિના) હોઈ શકે નહિ. જેમ આકાશ વિના દ્રવ્યો અવગાહ પામી શકે નહિ અર્થાત્ તેમને વિસ્તાર (તિર્યકપણું) હોઈ શકે નહિ તેમ નિશ્ચયકાળ વિના દ્રવ્યો પરિણામ પામી શકે નહિ અર્થાત્ તેમને પ્રવાહ (ઊર્ધ્વપણું) હોઈ શકે નહિ. આ પ્રમાણે નિશ્ચયકાળની હયાતી વિના (અર્થાત્ નિમિત્તભૂત કાળદ્રવ્યના સદ્ભાવ વિના) બીજી કોઈ રીતે જીવ-પુદ્ગલના પરિણામ બની શકતા નથી તેથી 'નિશ્ચયકાળ વિદ્યમાન છે' એમ જણાય છે—નક્કી થાય છે.]

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

व्यपगतपञ्चवर्णरसो व्यपगतद्विगन्धाष्टस्पर्शश्च ।
अगुरुलघुको अमूर्तो वर्तनलक्षणश्च काल इति ॥२४॥

**અન્વયાર્થ :—**[ कालः इति ] કાળ (નિશ્ચયકાળ) [ व्यपगतपञ्चवर्णरसः ] પાંચ વર્ણ ને પાંચ રસ રહિત, [ व्यपगतद्विगन्धाष्टस्पर्शः च ] બે ગંધ ને આઠ સ્પર્શ રહિત, [ अगुरुलघुकः ] અગુરુલઘુ, [ अमूर्तः ] અમૂર્ત [ च ] અને [ वर्तनलक्षणः ] વર્તના-લક્ષણવાળો છે.

★**ભાવાર્થ :—**અહીં નિશ્ચયકાળનું સ્વરૂપ કહ્યું છે.

લોકાકાશના એકેક પ્રદેશે એકેક કાળાણુ (કાળદ્રવ્ય) સ્થિત છે. આ કાળાણુ (કાળદ્રવ્ય) તે નિશ્ચયકાળ છે. અલોકાકાશમાં કાળાણુ (કાળદ્રવ્ય) નથી.

આ કાળ (નિશ્ચયકાળ) વર્ણ-ગંધ-રસ-સ્પર્શ રહિત છે, વર્ણાદિ રહિત હોવાથી અમૂર્ત છે અને અમૂર્ત હોવાથી સૂક્ષ્મ, અતીંદ્રિયજ્ઞાનગ્રાહ્ય છે. વળી તે ષટ્‌ગુણ-હાનિવૃદ્ધિસહિત અગુરુલઘુત્વસ્વભાવવાળો છે. કાળનું લક્ષણ વર્તનાહેતુત્વ છે; એટલે કે, જેમ શિયાળામાં સ્વયં અધ્યયનક્રિયા કરતા પુરુષને અગ્નિ સહકારી (—બહિરંગ નિમિત્ત) છે અને જેમ સ્વયં ફરવાની ક્રિયા કરતા કુંભારના ચાકને નીચેની ખીલી સહકારી છે તેમ નિશ્ચયથી સ્વયમેવ પરિણામ પામતાં જીવ-પુદ્‌ગલાદિ દ્રવ્યોને (વ્યવહારથી) કાળાણુરૂપ નિશ્ચયકાળ બહિરંગ નિમિત્ત છે.

પ્રશ્ન :—અલોકમાં કાળદ્રવ્ય નથી તો ત્યાં આકાશની પરિણતિ કઈ રીતે થઈ શકે?

ઉત્તર :—જેમ લટકતી મોટી દોરીને, મોટા વાંસને કે કુંભારના ચાકને એક જ જગ્યાએ સ્પર્શવા છતાં સર્વત્ર ચલન થાય છે, જેમ મનોજ્ઞ સ્પર્શનેન્દ્રિયવિષયનો કે રસનેન્દ્રિયવિષયનો શરીરના એક જ ભાગમાં સ્પર્શ થવા છતાં આખા આત્મામાં સુખાનુભવ થાય છે અને જેમ સર્પદંશ કે વ્રણ (જખમ) વગેરે શરીરના એક જ ભાગમાં થવા છતાં આખા આત્મામાં દુઃખવેદના થાય છે, તેમ કાળદ્રવ્ય લોકાકાશમાં જ હોવા છતાં આખા આકાશમાં પરિણતિ થાય છે કારણ કે આકાશ અખંડ એક દ્રવ્ય છે.

★ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે આ ૨૪મી ગાથાની ટીકા લખી નથી તેથી ગુજરાતી અનુવાદમાં અન્વયાર્થ પછી તુરત જ ભાવાર્થ લખવામાં આવ્યો છે.

समओ णिमिसो कट्ठा कला य णाली तदो दिवारत्ती।
मासोदुअयणसंवच्छरो त्ति कालो परायत्तो ॥२५॥

समयो निमिषः काष्ठा कला च नाली ततो दिवारात्रः।
मासर्त्वयनसंवत्सरमिति कालः परायत्तः ॥२५॥

अत्र व्यवहारकालस्य कथंचित्परायत्तत्वं द्योतितम्।

परमाणुप्रचलनायत्तः समयः। नयनपुटघटनायत्तो निमिषः। तत्संख्याविशेषतः काष्ठा कला नाली च। गगनमणिगमनायत्तो दिवारात्रः। तत्संख्याविशेषतः मासः, ऋतुः, अयनं, संवत्सरः इति। एवंविधो हि व्यवहारकालः केवलकालपर्यायमात्रत्वेनावधारयितुमशक्यत्वात् परायत्त इत्युपमीयत इति॥२५॥

---

અહીં એ ખાસ ધ્યાનમાં રાખવું કે કાળ કોઈ દ્રવ્યને પરિણમાવતો નથી, સંપૂર્ણ સ્વતંત્રતાથી સ્વયમેવ પરિણમતાં દ્રવ્યોને તે બાહ્યનિમિત્તમાત્ર છે.

આ પ્રમાણે નિશ્ચયકાળનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું. ૨૪.

જે સમય, નિમિષ, કળા, ઘડી, દિનરાત, માસ, ઋતુ અને
જે અયન ને વર્ષાદિ છે, તે કાળ પર-આયત્ત છે. ૨૫.

અન્વયાર્થ :—[समयः] સમય, [निमिषः] નિમેષ, [काष्ठा] કાષ્ઠા, [कला च] કળા, [नाली] ઘડી, [ततः दिवारात्रः] અહોરાત્ર (–દિવસ), [मासर्त्वयनसंवत्सरम्] માસ, ઋતુ, અયન અને વર્ષ—[इति कालः] એવો જે કાળ (અર્થાત્ વ્યવહારકાળ) [परायत्तः] તે પરાશ્રિત છે.

ટીકા :—અહીં વ્યવહારકાળનું કથંચિત્ પરાશ્રિતપણું દર્શાવ્યું છે.

પરમાણુના ગમનને આશ્રિત સમય છે; આંખના વીંચાવાને આશ્રિત નિમેષ છે; તેની (–નિમેષની) અમુક સંખ્યાથી કાષ્ઠા, કળા અને ઘડી હોય છે; સૂર્યના ગમનને આશ્રિત અહોરાત્ર હોય છે; અને તેની (–અહોરાત્રની) અમુક સંખ્યાથી માસ, ઋતુ, અયન ને વર્ષ હોય છે.—આવો વ્યવહારકાળ કેવળ કાળના પર્યાયમાત્રપણે અવધારવો અશક્ય હોવાથી (અર્થાત્ પરની અપેક્ષા વિના—પરમાણુ, આંખ, સૂર્ય વગેરે પર પદાર્થોની અપેક્ષા વિના—વ્યવહારકાળનું માપ નક્કી કરવું અશક્ય હોવાથી) તેને 'પરાશ્રિત' એવી ઉપમા આપવામાં આવે છે.

**णत्थि चिरं वा खिप्पं मत्तारहिदं तु सा वि खलु मत्ता।**
**पोग्गलदव्वेण विणा तम्हा कालो पडुच्चभवो ॥२६॥**

**नास्ति चिरं वा क्षिप्रं मात्रारहितं तु सापि खलु मात्रा।**
**पुद्गलद्रव्येण विना तस्मात्कालः प्रतीत्यभवः ॥२६॥**

---

ભાવાર્થ :—'સમય' નિમિત્તભૂત એવા મંદ ગતિએ પરિણત પુદ્ગલ-પરમાણુ વડે પ્રગટ થાય છે—મપાય છે (અર્થાત્ પરમાણુને એક આકાશપ્રદેશેથી બીજા અનંતર આકાશપ્રદેશે મંદ ગતિથી જતાં જે વખત લાગે તેને સમય કહેવામાં આવે છે). 'નિમેષ' આંખના વીંચાવાથી પ્રગટ થાય છે (અર્થાત્ ખુલ્લી આંખને વીંચાતાં જે વખત લાગે તેને નિમેષ કહેવામાં આવે છે અને તે એક નિમેષ અસંખ્યાત સમયોનો હોય છે). પંદર નિમેષની એક 'કાષ્ઠા', ત્રીશ કાષ્ઠાની એક 'કળા', વીશથી કાંઈક અધિક કળાની એક 'ઘડી' અને બે ઘડીનું એક 'મુહૂર્ત' બને છે. 'અહોરાત્ર' સૂર્યના ગમનથી પ્રગટ થાય છે (અને તે એક અહોરાત્ર ત્રીશ મુહૂર્તનું હોય છે). ત્રીશ અહોરાત્રનો એક 'માસ', બે માસની એક 'ૠતુ', ત્રણ ૠતુનું એક 'અયન' અને બે અયનનું એક 'વર્ષ' બને છે.—આ બધો વ્યવહારકાળ છે. 'પલ્યોપમ', 'સાગરોપમ' વગેરે પણ વ્યવહારકાળના ભેદો છે.

ઉપરોક્ત સમય-નિમેષાદિ બધાય ખરેખર કેવળ નિશ્ચયકાળના જ (–કાળદ્રવ્યના જ) પર્યાયો છે પરંતુ તેઓ પરમાણુ વગેરે દ્વારા પ્રગટ થતા હોવાથી (અર્થાત્ પર પદાર્થો દ્વારા માપી શકાતા હોવાથી) તેમને ઉપચારથી પરાશ્રિત કહેવામાં આવે છે. ૨૫.

'ચિર' 'શીઘ્ર' નહિ માત્રા વિના, માત્રા નહીં પુદ્ગલ વિના,
તે કારણે પર-આશ્રયે ઉત્પન્ન ભાખ્યો કાળ આ. ૨૬.

અન્વયાર્થ :—[चिरं वा क्षिप्रं] 'ચિર' અથવા 'ક્ષિપ્ર' એવું જ્ઞાન (–બહુ કાળ અથવા થોડો કાળ એવું જ્ઞાન) [मात्रारहितं तु] પરિમાણ વિના (–કાળના માપ વિના) [न अस्ति] હોય નહિ; [सा मात्रा अपि] અને તે પરિમાણ [खलु] ખરેખર [पुद्गलद्रव्येण विना] પુદ્ગલદ્રવ્ય વિના થતું નથી; [तस्मात्] તેથી [कालः प्रतीत्यभवः] કાળ આશ્રિતપણે ઊપજનારો છે (અથાત્ વ્યવહારકાળ પરનો આશ્રય કરીને ઊપજે છે એમ ઉપચારથી કહેવાય છે).

પં. ૭

**अत्र व्यवहारकालस्य कथञ्चित् परायत्तत्वे सदुपपत्तिरुक्ता।**

**इह हि व्यवहारकाले निमिषसमयादौ अस्ति तावत् चिर इति क्षिप्र इति सम्प्रत्ययः। स खलु दीर्घह्रस्वकालनिबन्धनं प्रमाणमन्तरेण न सम्भाव्यते। तदपि प्रमाणं पुद्गलद्रव्यपरिणाममन्तरेण नावधार्यते। ततः परपरिणामद्योतमानत्वाद्व्यवहारकालो निश्चये-नानन्याश्रितोऽपि प्रतीत्यभव इत्यभिधीयते। तदत्रास्तिकायसामान्यप्ररूपणायामस्तिकायत्वा-भावात्साक्षादनुपन्यस्यमानोऽपि जीवपुद्गलपरिणामान्यथानुपपत्त्या निश्चयरूपस्तत्परिणामा-यत्ततया व्यवहाररूपः कालोऽस्तिकायपञ्चकवल्लोकरूपेण परिणत इति खरतरदृष्ट्याभ्युप-गम्यत इति॥२६॥**

---

**ટીકા :**—અહીં વ્યવહારકાળના કથંચિત્ પરાશ્રિતપણા વિષે સત્ય યુક્તિ કહેવામાં આવી છે.

પ્રથમ તો, નિમેષ-સમયાદિ વ્યવહારકાળમાં 'ચિર' અને 'ક્ષિપ્ર' એવું જ્ઞાન (–લાંબો કાળ અને ટૂંકો કાળ એવું જ્ઞાન) થાય છે. તે જ્ઞાન ખરેખર લાંબા અને ટૂંકા કાળ સાથે સંબંધ રાખનારા પ્રમાણ (–કાળપરિમાણ) વિના સંભવતું નથી; અને તે પ્રમાણ પુદ્ગલદ્રવ્યના પરિણામ વિના નક્કી થતું નથી. તેથી, વ્યવહારકાળ પરના પરિણામ દ્વારા જણાતો હોવાથી—જોકે નિશ્ચયથી તે અન્યને આશ્રિત નથી તોપણ—આશ્રિતપણે ઊપજનારો (–પરને અવલંબીને ઊપજતો) કહેવામાં આવે છે.

માટે, જોકે કાળને અસ્તિકાયપણાના અભાવને લીધે અહીં અસ્તિકાયની સામાન્ય પ્રરૂપણામાં તેનું ★સાક્ષાત્ કથન નથી તોપણ, જીવ-પુદ્ગલના પરિણામની અન્યથા અનુપપત્તિ વડે સિદ્ધ થતો નિશ્ચયરૂપ કાળ અને તેમના પરિણામને આશ્રિત નક્કી થતો વ્યવહારરૂપ કાળ પંચાસ્તિકાયની માફક લોકરૂપે પરિણત છે—એમ, અતિ તીક્ષ્ણ દૃષ્ટિથી જાણી શકાય છે.

**ભાવાર્થ :**—'સમય' ટૂંકો છે, 'નિમેષ' લાંબો છે અને મુહૂર્ત' તેનાથી પણ લાંબું છે એવું જે જ્ઞાન થાય છે તે 'સમય', 'નિમેષ' વગેરેનું પરિમાણ જાણવાથી થાય છે; અને તે કાળપરિમાણ પુદ્ગલો દ્વારા નક્કી થાય છે. તેથી વ્યવહારકાળની ઉત્પત્તિ પુદ્ગલો દ્વારા થતી (ઉપચારથી) કહેવામાં આવે છે.

---

★ સાક્ષાત્ = સીધું. [કાળનું વિસ્તૃત સીધું કથન શ્રી પ્રવચનસારના દ્વિતીય શ્રુતસ્કંધમાં કરવામાં આવ્યું છે; માટે કાળનું સ્વરૂપ વિસ્તારથી જાણવાના ઇચ્છક જિજ્ઞાસુએ પ્રવચનસારમાંથી તે જાણી લેવું.]

इति समयव्याख्यायामन्तर्नीतषड्द्रव्यपञ्चास्तिकायसामान्यव्याख्यानरूपः पीठबन्धः समाप्तः ।।

**अथामीषामेव विशेषव्याख्यानम्। तत्र तावत् जीवद्रव्यास्तिकायव्याख्यानम्।**

---

એ રીતે જોકે વ્યવહારકાળનું માપ પુદ્‌ગલ દ્વારા થતું હોવાથી તેને ઉપચારથી પુદ્‌ગલાશ્રિત કહેવામાં આવે છે તોપણ નિશ્ચયથી તે કેવળ કાળદ્રવ્યના જ પર્યાયરૂપ છે, પુદ્‌ગલથી સર્વથા ભિન્ન છે—એમ સમજવું. જેમ દસ શેર પાણીના માટીમય ઘડાનું માપ પાણી દ્વારા થતું હોવા છતાં ઘડો માટીના જ પર્યાયરૂપ છે, પાણીના પર્યાયરૂપ નથી, તેમ સમય-નિમેષાદિ વ્યવહારકાળનું માપ પુદ્‌ગલ દ્વારા થતું હોવા છતાં વ્યવહારકાળ કાળદ્રવ્યના જ પર્યાયરૂપ છે, પુદ્‌ગલના પર્યાયરૂપ નથી.

કાળસંબંધી ગાથાસૂત્રોના કથનનો સંક્ષેપ આ પ્રમાણે છેઃ—જીવપુદ્‌ગલોના પરિણામમાં (સમયવિશિષ્ટ વૃત્તિમાં) વ્યવહારે સમયની અપેક્ષા આવે છે; તેથી સમયને ઉત્પન્ન કરનારો કોઈ પદાર્થ અવશ્ય હોવો જોઈએ. આ પદાર્થ તે કાળદ્રવ્ય છે. કાળદ્રવ્ય પરિણમવાથી વ્યવહારકાળ થાય છે અને તે વ્યવહારકાળ પુદ્‌ગલ દ્વારા મપાતો હોવાથી તેને ઉપચારથી પરાશ્રિત કહેવામાં આવે છે. પંચાસ્તિકાયની માફક નિશ્ચયવ્યવહારરૂપ કાળ પણ લોકરૂપે પરિણત છે એમ સર્વજ્ઞોએ જોયું છે અને અતિ તીક્ષ્ણ દ્રષ્ટિ વડે સ્પષ્ટ સમ્યક્ અનુમાન પણ થઈ શકે છે.

કાળસંબંધી કથનનો તાત્પર્યાર્થ નીચે પ્રમાણે ગ્રહવાયોગ્ય છે :—અતીત અનંત કાળમાં જીવને એક ચિદાનંદરૂપ કાળ જ (સ્વકાળ જ) જેનો સ્વભાવ છે એવા જીવાસ્તિકાયની ઉપલબ્ધિ થઈ નથી; તે જીવાસ્તિકાયનું જ સમ્યક્ શ્રદ્ધાન, તેનું જ રાગાદિથી ભિન્નરૂપે ભેદજ્ઞાન અને તેમાં જ રાગાદિવિભાવરૂપ સમસ્ત સંકલ્પ-વિકલ્પજાળના ત્યાગ વડે સ્થિર પરિણતિ કર્તવ્ય છે. ૨૬.

આ રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહ શાસ્ત્રની શ્રી અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) સમયવ્યાખ્યા નામની ટીકામાં **ષડ્દ્રવ્ય-પંચાસ્તિકાયના સામાન્ય વ્યાખ્યાનરૂપ પીઠિકા સમાપ્ત થઈ.**

હવે **તેમનું** જ (–ષડ્દ્રવ્ય અને **પંચાસ્તિકાયનું** જ) **વિશેષ વ્યાખ્યાન** કરવામાં આવે છે. તેમાં પ્રથમ, **જીવદ્રવ્યાસ્તિકાયનું** વ્યાખ્યાન છે.

जीवो त्ति हवदि चेदा उवओगविसेसिदो पहू कत्ता ।
भोत्ता य देहमेत्तो ण हि मुत्तो कम्मसंजुत्तो ॥२७॥

जीव इति भवति चेतयितोपयोगविशेषितः प्रभुः कर्ता ।
भोक्ता च देहमात्रो न हि मूर्तः कर्मसंयुक्तः ॥२७॥

अत्र संसारावस्थस्यात्मनः सोपाधि निरुपाधि च स्वरूपमुक्तम्।

आत्मा हि निश्चयेन भावप्राणधारणाज्जीवः, व्यवहारेण द्रव्यप्राणधारणाज्जीवः। निश्चयेन चिदात्मकत्वात्, व्यवहारेण चिच्छक्तियुक्तत्वाच्चेतयिता। निश्चयेनापृथग्भूतेन, व्यवहारेण पृथग्भूतेन चैतन्यपरिणामलक्षणेनोपयोगेनोपलक्षितत्वादुपयोगविशेषितः। निश्चयेन भावकर्मणां,

---

છે જીવ, ચેતયિતા, પ્રભુ, ઉપયોગચિહ્ન, અમૂર્ત છે,
કર્તા અને ભોક્તા, શરીરપ્રમાણ, કર્મે યુક્ત છે. ૨૭.

**અન્વયાર્થ :**—[जीवः इति भवति] (સંસારસ્થિત) આત્મા જીવ છે, [चेतयिता] ચેતયિતા (ચેતનારો) છે, [उपयोगविशेषितः] ઉપયોગલક્ષિત છે, [प्रभुः] પ્રભુ છે, [कर्ता] કર્તા છે, [भोक्ता] ભોક્તા છે, [देहमात्रः] દેહપ્રમાણ છે, [न हि मूर्तः] અમૂર્ત છે [च] અને [कर्मसंयुक्तः] કર્મસંયુક્ત છે.

**ટીકા :**—અહીં (આ ગાથામાં) સંસાર-અવસ્થાવાળા આત્માનું [1]સોપાધિ અને નિરુપાધિ સ્વરૂપ કહ્યું છે.

આત્મા નિશ્ચયે ભાવપ્રાણના ધારણને લીધે 'જીવ' છે, વ્યવહારે (અસદ્ભૂત વ્યવહારનયે) દ્રવ્યપ્રાણના ધારણને લીધે 'જીવ' છે; નિશ્ચયે [2]ચિત્સ્વરૂપ હોવાથી 'ચેતયિતા' (ચેતનારો) છે, વ્યવહારે (સદ્ભૂત વ્યવહારનયે) ચિત્શક્તિયુક્ત હોવાથી 'ચેતયિતા' છે; નિશ્ચયે [3]અપૃથગ્ભૂત એવા ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ વડે લક્ષિત હોવાથી 'ઉપયોગલક્ષિત' છે, વ્યવહારે (સદ્ભૂત વ્યવહારનયે) પૃથગ્ભૂત એવા

---

૧. સોપાધિ=ઉપાધિ સહિત; જેમાં પરની અપેક્ષા આવતી હોય એવું.

૨. નિશ્ચયે ચિત્શક્તિને આત્મા સાથે અભેદ છે અને વ્યવહારે ભેદ છે; તેથી નિશ્ચયે આત્મા ચિત્શક્તિ-સ્વરૂપ છે અને વ્યવહારે ચિત્શક્તિવાન છે.

૩. અપૃથગ્ભૂત=અપૃથક્; અભિન્ન. (નિશ્ચયે ઉપયોગ આત્માથી અપૃથક્ છે અને વ્યવહારે પૃથક્ છે.)

**व्यवहारेण द्रव्यकर्मणामास्रवणबन्धनसंवरणनिर्जरणमोक्षणेषु स्वयमीशत्वात् प्रभुः। निश्चयेन पौद्गलिककर्मनिमित्तात्मपरिणामानां, व्यवहारेणात्मपरिणामनिमित्तपौद्गलिककर्मणां कर्तृत्वात्कर्ता। निश्चयेन शुभाशुभकर्मनिमित्तसुखदुःखपरिणामानां, व्यवहारेण शुभाशुभ-कर्मसंपादितेष्टानिष्टविषयाणां भोक्तृत्वाद्भोक्ता। निश्चयेन लोकमात्रोऽपि विशिष्टावगाह-परिणामशक्तियुक्तत्वान्नामकर्मनिर्वृत्तमणु महच्च शरीरमधितिष्ठन् व्यवहारेण देहमात्रः। व्यवहारेण कर्मभिः सहैकत्वपरिणामान्मूर्तोऽपि निश्चयेन नीरूपस्वभावत्वान्न हि मूर्तः। निश्चयेन पुद्गलपरिणामानुरूपचैतन्यपरिणामात्मभिः, व्यवहारेण चैतन्यपरिणामानुरूपपुद्गल-परिणामात्मभिः कर्मभिः संयुक्तत्वात्कर्मसंयुक्त इति।।२७।।**

---

ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ વડે લક્ષિત હોવાથી 'ઉપયોગલક્ષિત' છે; નિશ્ચયે ભાવકર્મોનાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ કરવામાં સ્વયં ઈશ (સમર્થ) હોવાથી 'પ્રભુ' છે, વ્યવહારે (અસદ્ભૂત વ્યવહારનયે) દ્રવ્યકર્મોનાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ કરવામાં સ્વયં ઈશ હોવાથી 'પ્રભુ' છે; નિશ્ચયે પૌદ્ગલિક કર્મો જેમનું નિમિત્ત છે એવા આત્મપરિણામોનું કર્તૃત્વ હોવાથી 'કર્તા' છે, વ્યવહારે (અસદ્ભૂત વ્યવહારનયે) આત્મપરિણામો જેમનું નિમિત્ત છે એવાં પૌદ્ગલિક કર્મોનું કર્તૃત્વ હોવાથી 'કર્તા' છે; નિશ્ચયે શુભાશુભ કર્મો જેમનું નિમિત્ત છે એવા સુખદુઃખ-પરિણામોનું ભોક્તૃત્વ હોવાથી 'ભોક્તા' છે, વ્યવહારે (અસદ્ભૂત વ્યવહારનયે) શુભાશુભ કર્મોથી સંપાદિત (પ્રાપ્ત) ઈષ્ટાનિષ્ટ વિષયોનું ભોક્તૃત્વ હોવાથી 'ભોક્તા' છે; નિશ્ચયે લોકપ્રમાણ હોવા છતાં, વિશિષ્ટ અવગાહપરિણામની શક્તિવાળો હોવાથી નામકર્મથી રચાતા નાના—મોટા શરીરમાં રહેતો થકો વ્યવહારે (સદ્ભૂત વ્યવહારનયે) 'દેહપ્રમાણ' છે; વ્યવહારે (અસદ્ભૂત વ્યવહારનયે) કર્મો સાથે એકત્વપરિણામને લીધે મૂર્ત હોવા છતાં, નિશ્ચયે અરૂપી-સ્વભાવવાળો હોવાને લીધે 'અમૂર્ત' છે; ★નિશ્ચયે પુદ્ગલપરિણામને અનુરૂપ ચૈતન્યપરિણામાત્મક કર્મો સાથે સંયુક્ત હોવાથી 'કર્મસંયુક્ત' છે; વ્યવહારે (અસદ્ભૂત વ્યવહારનયે) ચૈતન્યપરિણામને અનુરૂપ પુદ્ગલપરિણામાત્મક કર્મો સાથે સંયુક્ત હોવાથી 'કર્મસંયુક્ત' છે.

**ભાવાર્થ :—**પહેલી ૨૬ ગાથાઓમાં ષડ્દ્રવ્ય અને પંચાસ્તિકાયનું સામાન્ય

---

★ સંસારી આત્મા નિશ્ચયે નિમિત્તભૂત પુદ્ગલકર્મોને અનુરૂપ એવા નૈમિત્તિક આત્મપરિણામો સાથે (અર્થાત્ ભાવકર્મો સાથે) સંયુક્ત હોવાથી કર્મસંયુક્ત છે અને વ્યવહારે નિમિત્તભૂત આત્મપરિણામોને અનુરૂપ એવાં નૈમિત્તિક પુદ્ગલકર્મો સાથે (અર્થાત્ દ્રવ્યકર્મો સાથે) સંયુક્ત હોવાથી કર્મસંયુક્ત છે.

कम्ममलविप्पमुक्को उड्ढं लोगस्स अंतमधिगंता ।
सो सव्वणाणदरिसी लहदि सुहमणिंदियमणंतं ॥२८॥

कर्ममलविप्रमुक्त ऊर्ध्वं लोकस्यान्तमधिगम्य ।
स सर्वज्ञानदर्शी लभते सुखमनिन्द्रियमनन्तम् ॥२८॥

अत्र मुक्तावस्थस्यात्मनो निरुपाधि स्वरूपमुक्तम्।

आत्मा हि परद्रव्यत्वात्कर्मरजसा साकल्येन यस्मिन्नेव क्षणे मुच्यते तस्मिन्नेवोर्ध्वगमनस्वभावत्वाल्लोकान्तमधिगम्य परतो गतिहेतोरभावादवस्थितः केवलज्ञानदर्शनाभ्यां स्वरूपभूतत्वादमुक्तोऽनन्तमतीन्द्रियं सुखमनुभवति। मुक्तस्य चास्य भावप्राणधारणलक्षणं

---

નિરૂપણ કરીને, હવે આ ૨૭મી ગાથાથી તેમનું વિશેષ નિરૂપણ શરૂ કરવામાં આવ્યું છે. તેમાં પ્રથમ, જીવનું (આત્માનું) નિરૂપણ શરૂ કરતાં આ ગાથામાં સંસારસ્થિત આત્માને જીવ (અર્થાત્ જીવત્વવાળો), ચેતયિતા, ઉપયોગલક્ષણવાળો, પ્રભુ, કર્તા ઇત્યાદિ કહ્યો છે. જીવત્વ, ચેતયિતૃત્વ, ઉપયોગ, પ્રભુત્વ, કર્તૃત્વ ઇત્યાદિનું વિવરણ આગળની ગાથાઓમાં આવશે. ૨૭.

સૌ કર્મમળથી મુક્ત આત્મા પામીને લોકાગ્રને,
સર્વજ્ઞદર્શી તે અનંત અનિંદ્રિ સુખને અનુભવે. ૨૮.

**અન્વયાર્થ :**—[कर्ममलविप्रमुक्तः] કર્મમળથી મુક્ત આત્મા [ऊर्ध्वं] ઊંચે [लोकस्य अन्तम्] લોકના અંતને [अधिगम्य] પામીને [सः सर्वज्ञानदर्शी] તે સર્વજ્ઞ-સર્વદર્શી [अनंतम्] અનંત [अनिन्द्रियम्] અનિંદ્રિય [सुखम्] સુખને [लभते] અનુભવે છે.

**ટીકા :**—અહીં મુક્તાવસ્થાવાળા આત્માનું નિરુપાધિ સ્વરૂપ કહ્યું છે.

આત્મા (કર્મરજના) પરદ્રવ્યપણાને લીધે કર્મરજથી સંપૂર્ણપણે જે ક્ષણે મુકાય છે (–મુક્ત થાય છે), તે જ ક્ષણે (પોતાના) ઊર્ધ્વગમનસ્વભાવને લીધે લોકના અંતને પામીને આગળ ગતિહેતુનો અભાવ હોવાથી (ત્યાં) સ્થિર રહેતો થકો, કેવળજ્ઞાન અને કેવળદર્શન (નિજ) સ્વરૂપભૂત હોવાને લીધે તેમનાથી નહિ મુકાતો થકો અનંત અતીંદ્રિય સુખને અનુભવે છે. તે મુક્ત આત્માને, ભાવપ્રાણધારણ જેનું લક્ષણ (–સ્વરૂપ) છે એવું

**जीवत्वं, चिद्रूपलक्षणं चेतयितृत्वं, चित्परिणामलक्षण उपयोगः, निर्वर्तितसमस्ताधिकारशक्तिमात्रं प्रभुत्वं, समस्तवस्त्वसाधारणस्वरूपनिर्वर्तनमात्रं कर्तृत्वं, स्वरूपभूतस्वातन्त्र्यलक्षणसुखोपलम्भरूपं भोक्तृत्वं, अतीतानन्तरशरीरपरिमाणावगाहपरिणामरूपं देहमात्रत्वं, उपाधिसम्बन्धविविक्तमात्यन्तिकममूर्तत्वम्। कर्मसंयुक्तत्वं तु द्रव्यभावकर्मविप्रमोक्षान्न भवत्येव। द्रव्यकर्माणि हि पुद्गलस्कन्धा भावकर्माणि तु चिद्विवर्ताः। विवर्तते हि चिच्छक्तिरनादिज्ञानावरणादिकर्मसम्पर्ककूणितप्रचारा परिच्छेद्यस्य विश्वस्यैकदेशेषु क्रमेण व्याप्रियमाणा। यदा तु ज्ञानावरणादिकर्मसम्पर्कः प्रणश्यति तदा परिच्छेद्यस्य विश्वस्य**

---

'જીવત્વ' હોય છે; ચિદ્રૂપ જેનું લક્ષણ (–સ્વરૂપ) છે એવું 'ચેતયિતૃત્વ' હોય છે; ચિત્પરિણામ જેનું લક્ષણ (–સ્વરૂપ) છે એવો 'ઉપયોગ' હોય છે; પ્રાપ્ત કરેલા સમસ્ત (આત્મિક) અધિકારોની ★શક્તિમાત્રરૂપ 'પ્રભુત્વ' હોય છે; સમસ્ત વસ્તુઓથી અસાધારણ એવા સ્વરૂપની નિષ્પત્તિમાત્રરૂપ (–નિજ સ્વરૂપને રચવારૂપ) 'કર્તૃત્વ' હોય છે; સ્વરૂપભૂત સ્વાતંત્ર્ય જેનું લક્ષણ (–સ્વરૂપ) છે એવા સુખની ઉપલબ્ધિરૂપ 'ભોક્તૃત્વ' હોય છે; અતીત અનંતર (–છેલ્લા) શરીર પ્રમાણે અવગાહપરિણામરૂપ '[1]દેહપ્રમાણપણું' હોય છે; અને ઉપાધિના સંબંધથી [2]વિવિક્ત એવું આત્યંતિક (સર્વથા) 'અમૂર્તપણું' હોય છે. (મુક્ત આત્માને) '[3]કર્મસંયુક્તપણું' તો નથી જ હોતું, કારણ કે દ્રવ્યકર્મો અને ભાવકર્મોથી વિમુક્તિ થઈ છે. દ્રવ્યકર્મો તે પુદ્ગલસ્કંધો છે અને ભાવકર્મો તે [4]ચિદ્વિવર્તો છે. ચિત્શક્તિ અનાદિ જ્ઞાનાવરણાદિકર્મોના સંપર્કથી (સંબંધથી) સંકુચિત વ્યાપારવાળી હોવાને લીધે જ્ઞેયભૂત વિશ્વના (–સમસ્ત પદાર્થોના) એક એક દેશમાં ક્રમે વ્યાપાર કરતી થકી વિવર્તન પામે છે. પરંતુ જ્યારે જ્ઞાનાવરણાદિકર્મોનો સંપર્ક

---

★ શક્તિ=સામર્થ્ય; ઈશત્વ. (મુક્ત આત્મા સમસ્ત આત્મિક અધિકારોને ભોગવવામાં અર્થાત્ તેમનો અમલ કરવામાં સ્વયં સમર્થ છે તેથી તે પ્રભુ છે.)

૧. મુક્ત આત્માની અવગાહના ચરમશરીરપ્રમાણ હોય છે તેથી તે છેલ્લા દેહની અપેક્ષા લઈને તેમને 'દેહપ્રમાણપણું' કહી શકાય છે.

૨. વિવિક્ત=ભિન્ન; રહિત.

૩. પૂર્વ સૂત્રમાં કહેલા 'જીવત્વ' આદિ નવ વિશેષોમાંથી પ્રથમના આઠ વિશેષો મુક્તાત્માને પણ યથાસંભવ હોય છે, માત્ર એક 'કર્મસંયુક્તપણું' હોતું નથી.

૪. ચિદ્વિવર્ત=ચૈતન્યનો પલટો અર્થાત્ ચૈતન્યનું એક વિષયને છોડી અન્ય વિષયને જાણવારૂપે પલટાવું તે; ચિત્શક્તિનું અન્ય અન્ય જ્ઞેયોને જાણવારૂપે પરિણમવું તે.

सर्वदेशेषु युगपद्व्यापृता कथञ्चित्कौटस्थ्यमवाप्य विषयान्तरमनाप्नुवन्ती न विवर्तते। स खल्वेष निश्चितः सर्वज्ञसर्वदर्शित्वोपलम्भः। अयमेव द्रव्यकर्मनिबन्धनभूतानां भावकर्मणां कर्तृत्वोच्छेदः। अयमेव च विकारपूर्वकानुभवाभावादौपाधिकसुखदुःखपरिणामानां भोक्तृत्वोच्छेदः। इदमेव चानादिविवर्तखेदविच्छित्तिसुस्थितानन्तचैतन्यस्यात्मनः स्वतन्त्रस्वरूपानुभूतिलक्षणसुखस्य भोक्तृत्वमिति॥२८॥

जादो सयं स चेदा सव्वण्हू सव्वलोगदरिसी य।
पप्पोदि सुहमणंतं अव्वाबाधं सगममुत्तं॥२९॥

जातः स्वयं स चेतयिता सर्वज्ञः सर्वलोकदर्शी च।
प्राप्नोति सुखमनन्तमव्याबाधं स्वकममूर्तम्॥२९॥

---

વિનાશ પામે છે, ત્યારે તે જ્ઞેયભૂત વિશ્વના સર્વ દેશોમાં યુગપદ્ વ્યાપાર કરતી થકી કથંચિત્ [1]કૂટસ્થ થઈને, અન્ય વિષયને નહિ પામતી થકી વિવર્તન કરતી નથી. તે આ (ચિત્શક્તિના વિવર્તનનો અભાવ), ખરેખર નિશ્ચિત (–નિયત, અચળ) સર્વજ્ઞપણાની અને સર્વદર્શીપણાની ઉપલબ્ધિ છે. આ જ, દ્રવ્યકર્મોના નિમિત્તભૂત ભાવકર્મોના કર્તૃત્વનો વિનાશ છે; આ જ, વિકારપૂર્વક અનુભવના અભાવને લીધે [2]ઔપાધિક સુખદુઃખપરિણામોના ભોક્તૃત્વનો વિનાશ છે; અને આ જ, અનાદિ વિવર્તનના ખેદના વિનાશથી જેનું અનંત ચૈતન્ય સુસ્થિત થયું છે એવા આત્માને સ્વતંત્રસ્વરૂપાનુભૂતિલક્ષણ સુખનું (–સ્વતંત્ર સ્વરૂપની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા સુખનું) ભોક્તૃત્વ છે. ૨૮.

સ્વયમેવ ચેતક સર્વજ્ઞાની-સર્વદર્શી થાય છે,
ને નિજ અમૂર્ત અનંત અવ્યાબાધ સુખને અનુભવે. ૨૯.

**અન્વયાર્થઃ**—[सः चेतयिता] તે ચેતયિતા (ચેતનારો આત્મા) [सर्वज्ञः] સર્વજ્ઞ [च] અને [सर्वलोकदर्शी] સર્વલોકદર્શી [स्वयं जातः] સ્વયં થયો થકો, [स्वकम्] સ્વકીય

---

૧. કૂટસ્થ=સર્વકાળે એક રૂપે રહેનારી; અચળ. [જ્ઞાનાવરણાદિકર્મોનો સંબંધ નષ્ટ થતાં કાંઈ ચિત્શક્તિ સર્વથા અપરિણામી થઈ જતી નથી; પરંતુ તે અન્ય અન્ય જ્ઞેયોને જાણવારૂપે પલટાતી નથી—સર્વદા ત્રણે કાળના સમસ્ત જ્ઞેયોને જાણ્યા કરે છે, તેથી તેને કથંચિત્ કૂટસ્થ કહી છે.]

૨. ઔપાધિક=દ્રવ્યકર્મરૂપ ઉપાધિ સાથે સંબંધવાળા; દ્રવ્યકર્મરૂપ ઉપાધિ જેમાં નિમિત્ત હોય છે એવા; અસ્વાભાવિક; વૈભાવિક; વિકારી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**इदं सिद्धस्य निरुपाधिज्ञानदर्शनसुखसमर्थनम्।**

**आत्मा हि ज्ञानदर्शनसुखस्वभावः संसारावस्थायामनादिकर्मक्लेशसङ्कुचितात्मशक्तिः परद्रव्यसम्पर्केण क्रमेण किञ्चित् किञ्चिज्जानाति पश्यति, परप्रत्ययं मूर्तसम्बद्धं सव्याबाधं सान्तं सुखमनुभवति च। यदा त्वस्य कर्मक्लेशाः सामस्त्येन प्रणश्यन्ति, तदाऽनर्गला-सङ्कुचितात्मशक्तिरसहायः स्वयमेव युगपत्समग्रं जानाति पश्यति, स्वप्रत्ययममूर्तसम्बद्धम-व्याबाधमनन्तं सुखमनुभवति च। ततः सिद्धस्य समस्तं स्वयमेव जानतः पश्यतः, सुखमनुभवतश्च स्वं, न परेण प्रयोजनमिति॥२९॥**

---

[अमूर्तम्] અમૂર્ત [अव्याबाधम्] અવ્યાબાધ [अनन्तम्] અનંત [सुखम्] સુખને [प्राप्नोति] ઉપલબ્ધ કરે છે.

ટીકાઃ—આ, સિદ્ધના નિરુપાધિ જ્ઞાન, દર્શન અને સુખનું સમર્થન છે.

ખરેખર જ્ઞાન, દર્શન અને સુખ જેનો સ્વભાવ છે એવો આત્મા સંસાર-અવસ્થામાં, અનાદિ કર્મક્લેશ વડે આત્મશક્તિ સંકુચિત કરવામાં આવી હોવાથી, પરદ્રવ્યના સંપર્ક વડે (–ઇન્દ્રિયાદિના સંબંધ વડે) ક્રમથી કાંઈક કાંઈક જાણે છે અને દેખે છે તથા પરાશ્રિત, મૂર્ત (ઇન્દ્રિયાદિ) સાથે સંબંધવાળું, સવ્યાબાધ (–બાધા સહિત) ને સાન્ત સુખ અનુભવે છે; પરંતુ જ્યારે તેને કર્મક્લેશો સમસ્તપણે વિનાશ પામે છે ત્યારે, આત્મશક્તિ અનર્ગલ (–નિરંકુશ) અને અસંકુચિત હોવાથી, તે અસહાયપણે (–કોઈની સહાય વિના) સ્વયમેવ યુગપદ્ બધું (–સર્વ દ્રવ્યક્ષેત્રકાળભાવ) જાણે છે અને દેખે છે તથા સ્વાશ્રિત, મૂર્ત (ઇન્દ્રિયાદિ) સાથે સંબંધ વિનાનું, અવ્યાબાધ ને અનંત સુખ અનુભવે છે. માટે બધું સ્વયમેવ જાણનારા અને દેખનારા તથા સ્વકીય સુખને અનુભવનારા સિદ્ધને પરથી (કાંઈ) પ્રયોજન નથી.

ભાવાર્થઃ—સિદ્ધભગવાન (તેમ જ કેવળીભગવાન) સ્વયમેવ સર્વજ્ઞત્વાદિરૂપે પરિણમે છે; તેમના એ પરિણમનમાં લેશમાત્ર પણ (ઇન્દ્રિયાદિ) પરનું આલંબન નથી.

અહીં કોઈ સર્વજ્ઞનો નિષેધ કરનાર જીવ કહે છે કે 'સર્વજ્ઞ છે જ નહિ, કારણ કે જોવામાં આવતા નથી', તો તેને નીચે પ્રમાણે સમજાવવામાં આવે છેઃ—

હે ભાઈ! જો તમે કહો છો કે 'સર્વજ્ઞ નથી', તો અમે પૂછીએ છીએ કે ક્યાં સર્વજ્ઞ નથી? આ ક્ષેત્રમાં અને આ કાળમાં કે ત્રણે લોકમાં અને ત્રણે કાળમાં? જો 'આ ક્ષેત્રમાં અને આ કાળમાં સર્વજ્ઞ નથી' એમ કહો, તો તે તો સંમત જ છે. પરંતુ જો 'ત્રણે લોકમાં અને ત્રણે કાળમાં સર્વજ્ઞ નથી' એમ કહો તો અમે પૂછીએ છીએ કે તે તમે કઈ રીતે



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

पाणेहिं चदुहिं जीवदि जीविस्सदि जो हु जीविदो पुव्वं ।
सो जीवो पाणा पुण बलमिंदियमाउ उस्सासो ।।३०।।

प्राणैश्चतुर्भिर्जीवति जीविष्यति यः खलु जीवितः पूर्वम् ।
स जीवः प्राणाः पुनर्बलमिन्द्रियमायुरुच्छ्वासः ।।३०।।

जीवत्वगुणव्याख्येयम् ।

---

જાણ્યું? જો ત્રણે લોકને અને ત્રણે કાળને સર્વજ્ઞ વિનાના તમે જોઈ-જાણી લીધા તો તમે જ સર્વજ્ઞ થયા, કારણ કે જે ત્રણ લોકને અને ત્રણ કાળને જાણે તે જ સર્વજ્ઞ છે. અને જો સર્વજ્ઞ વિનાના ત્રણે લોકને અને ત્રણે કાળને તમે નથી જોઈ-જાણી લીધા તો પછી 'ત્રણે લોકમાં અને ત્રણે કાળમાં સર્વજ્ઞ નથી' એમ તમે કઈ રીતે કહી શકો? આ રીતે સિદ્ધ થાય છે કે તમે કરેલો સર્વજ્ઞનો નિષેધ યોગ્ય નથી.

હે ભાઈ! આત્મા એક પદાર્થ છે અને જ્ઞાન તેનો સ્વભાવ છે; તેથી તે જ્ઞાનનો સંપૂર્ણ વિકાસ થતાં એવું કાંઈ રહેતું નથી કે જે તે જ્ઞાનમાં અજ્ઞાત રહે. જેમ પરિપૂર્ણ ઉષ્ણતાએ પરિણમેલો અગ્નિ સમસ્ત દાહ્યને બાળે છે, તેમ પરિપૂર્ણ જ્ઞાને પરિણમેલો આત્મા સમસ્ત જ્ઞેયને જાણે છે. આવી સર્વજ્ઞદશા આ ક્ષેત્રે આ કાળે (અર્થાત્ આ ક્ષેત્રે આ કાળમાં જન્મેલા જીવને) પ્રાપ્ત નહિ થતી હોવા છતાં સર્વજ્ઞત્વશક્તિવાળા નિજ આત્માનો સ્પષ્ટ અનુભવ આ ક્ષેત્રે આ કાળે પણ થઈ શકે છે.

આ શાસ્ત્ર અધ્યાત્મશાસ્ત્ર હોવાથી અહીં સર્વજ્ઞસિદ્ધિનો વિસ્તાર કરવામાં આવ્યો નથી; જિજ્ઞાસુએ તે અન્ય શાસ્ત્રોમાંથી જોઈ લેવો. ૨૯.

જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,
તે જીવ છે; ને પ્રાણ ઇન્દ્રિય-આયુ-બળ-ઉચ્છ્વાસ છે. ૩૦.

અન્વયાર્થ:—[यः खलु] જે [चतुर्भिः प्राणैः] ચાર પ્રાણોથી [जीवति] જીવે છે, [जीविष्यति] જીવશે અને [जीवितः पूर्वम्] પૂર્વે જીવતો હતો, [सः जीवः] તે જીવ છે; [पुनः प्राणाः] અને પ્રાણો [इन्द्रियम्] ઇન્દ્રિય, [बलम्] બળ, [आयुः] આયુ તથા [उच्छ्वासः] ઉચ્છ્વાસ છે.

ટીકા:—આ, જીવત્વગુણની વ્યાખ્યા છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



इन्द्रियबलायुरुच्छ्वासलक्षणा हि प्राणाः। तेषु चित्सामान्यान्वयिनो भावप्राणाः, पुद्गलसामान्यान्वयिनो द्रव्यप्राणाः। तेषामुभयेषामपि त्रिष्वपि कालेष्वनवच्छिन्नसन्तानत्वेन धारणात्संसारिणो जीवत्वम्। मुक्तस्य तु केवलानामेव भावप्राणानां धारणात्तदवसेयमिति॥३०॥

अगुरुलहुगा अणंता तेहिं अणंतेहिं परिणदा सव्वे।
देसेहिं असंखादा सिय लोगं सव्वमावण्णा॥३१॥
केचित्तु अणावण्णा मिच्छादंसणकसायजोगजुदा।
विजुदा य तेहिं बहुगा सिद्धा संसारिणो जीवा॥३२॥

अगुरुलघुका अनन्तास्तैरनंतैः परिणताः सर्वे।
देशैरसंख्याताः स्याल्लोकं सर्वमापन्नाः॥३१॥
केचित्तु अनापन्ना मिथ्यादर्शनकषाययोगयुताः।
वियुताश्च तैर्बहवः सिद्धाः संसारिणो जीवाः॥३२॥

---

પ્રાણો ઇન્દ્રિય, બળ, આયુ અને ઉચ્છ્વાસસ્વરૂપ છે. તેમનામાં (–પ્રાણોમાં), ★ચિત્સામાન્યરૂપ અન્વયવાળા તે ભાવપ્રાણો છે અને પુદ્ગલસામાન્યરૂપ અન્વયવાળા તે દ્રવ્યપ્રાણો છે. તે બન્ને પ્રાણોને ત્રણે કાળે અચ્છિન્ન-સંતાનપણે (અતૂટ ધારાએ) ધારતો હોવાથી સંસારીને જીવત્વ છે. મુક્તને (સિદ્ધને) તો કેવળ ભાવપ્રાણોનું જ ધારણ હોવાથી જીવત્વ છે એમ સમજવું. ૩૦.

જે અગુરુલઘુક અનંત તે-રૂપ સર્વ જીવો પરિણમે;
સૌના પ્રદેશ અસંખ્ય; કતિપય લોકવ્યાપી હોય છે; ૩૧.
અવ્યાપી છે કતિપય; વળી નિર્દોષ સિદ્ધ જીવો ઘણા;
મિથ્યાત્વ-યોગ-કષાયયુત સંસારી જીવ બહુ જાણવા. ૩૨.

**અન્વયાર્થઃ**—[अनन्ताः अगुरुलघुकाः] અનંત એવા જે અગુરુલઘુ (ગુણો,

★ જે પ્રાણોમાં ચિત્સામાન્યરૂપ અન્વય હોય છે તે ભાવપ્રાણો છે અર્થાત્ જે પ્રાણોમાં સદા 'ચિત્સામાન્ય, ચિત્સામાન્ય, ચિત્સામાન્ય' એવી એકરૂપતા–સદૃશતા હોય છે તે ભાવપ્રાણો છે. (જે પ્રાણોમાં સદા 'પુદ્ગલસામાન્ય, પુદ્ગલસામાન્ય, પુદ્ગલસામાન્ય' એવી એકરૂપતા-સદૃશતા હોય છે તે દ્રવ્યપ્રાણો છે.)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

अत्र जीवानां स्वाभाविकं प्रमाणं मुक्तामुक्तविभागश्चोक्तः।

जीवा ह्यविभागैकद्रव्यत्वाल्लोकप्रमाणैकप्रदेशाः। अगुरुलघवो गुणास्तु तेषामगुरुलघुत्वाभिधानस्य स्वरूपप्रतिष्ठत्वनिबन्धनस्य स्वभावस्याविभागपरिच्छेदाः प्रतिसमय-

---

અંશો) [तैः अनंतैः] તે અનંત અગુરુલઘુ(ગુણ)રૂપે [सर्वे] સર્વ જીવો [परिणताः] પરિણત છે; [देशैः असंख्याताः] તેઓ અસંખ્યાત પ્રદેશવાળા છે. [स्यात् सर्वम् लोकम् आपन्नाः] કેટલાક કથંચિત્ આખા લોકને પ્રાપ્ત હોય છે [केचित् तु] અને કેટલાક [अनापन्नाः] અપ્રાપ્ત હોય છે. [बहवः जीवाः] ઘણા (—અનંત) જીવો [मिथ्यादर्शनकषाययोगयुताः] મિથ્યાદર્શન-કષાય-યોગસહિત [संसारिणः] સંસારી છે [च] અને ઘણા (—અનંત જીવો) [तैः वियुताः] મિથ્યાદર્શન-કષાય-યોગરહિત [सिद्धाः] સિદ્ધ છે.

**ટીકા :—**અહીં જીવોનું સ્વાભાવિક [1]પ્રમાણ તથા તેમનો મુક્ત ને અમુક્ત એવો વિભાગ કહ્યો છે.

જીવો ખરેખર અવિભાગી-એકદ્રવ્યપણાને લીધે લોકપ્રમાણ-એકપ્રદેશવાળા છે. તેમના (—જીવોના) અગુરુલઘુ [2]ગુણો—અગુરુલઘુત્વ નામનો જે સ્વરૂપપ્રતિષ્ઠત્વના કારણભૂત સ્વભાવ તેના [3]અવિભાગ પરિચ્છેદો—પ્રતિસમય થતી [4]ષટ્સ્થાનપતિત વૃદ્ધિ-

---

૧. પ્રમાણ=માપ; પરિમાણ. [જીવના અગુરુલઘુત્વસ્વભાવના નાનામાં નાના અંશો (અવિભાગ પરિચ્છેદો) પાડતાં સ્વભાવથી જ સદાય અનંત અંશો પડે છે, તેથી જીવ સદાય આવા (ષટ્ગુણવૃદ્ધિહાનિયુક્ત) અનંત અંશો જેવડો છે. વળી જીવના સ્વક્ષેત્રના નાનામાં નાના અંશો પાડતાં સ્વભાવથી જ સદાય અસંખ્ય અંશો પડે છે, તેથી જીવ સદાય આવા અસંખ્ય અંશો જેવડો છે.]

૨. ગુણ=અંશ; અવિભાગ પરિચ્છેદ. [જીવમાં અગુરુલઘુત્વ નામનો સ્વભાવ છે. તે સ્વભાવ જીવને સ્વરૂપપ્રતિષ્ઠત્વના (અર્થાત્ સ્વરૂપમાં રહેવાના) કારણભૂત છે. તેના અવિભાગ પરિચ્છેદોને અહીં અગુરુલઘુ ગુણો (—અંશો) કહ્યા છે.]

૩. કોઈ ગુણમાં (એટલે કે ગુણના પર્યાયમાં) અંશકલ્પના કરવામાં આવતાં, તેનો જે નાનામાં નાનો (જઘન્ય માત્રારૂપ, નિરંશ) અંશ પડે તેને તે ગુણનો (એટલે કે ગુણના પર્યાયનો) અવિભાગ પરિચ્છેદ કહેવામાં આવે છે.

૪. ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિ=છ સ્થાનમાં સમાવેશ પામતી વૃદ્ધિહાનિ; ષટ્ગુણ વૃદ્ધિહાનિ. [અગુરુલઘુત્વસ્વભાવના અનંત અંશોમાં સ્વભાવથી જ સમયે સમયે ષટ્ગુણ વૃદ્ધિહાનિ થયા કરે છે.]

सम्भवत्षट्स्थानपतितवृद्धिहानयोऽनन्ताः। प्रदेशास्तु अविभागपरमाणुपरिच्छिन्नसूक्ष्मांशरूपा असंख्येयाः। एवंविधेषु तेषु केचित्कथञ्चिल्लोकपूरणावस्थाप्रकारेण सर्वलोकव्यापिनः, केचित्तु तदव्यापिन इति। अथ ये तेषु मिथ्यादर्शनकषाययोगैरनादिसंततिप्रवृत्तैर्युक्तास्ते संसारिणः, ये विमुक्तास्ते सिद्धाः, ते च प्रत्येकं बहव इति।।३१–३२।।

जह पउमरायरयणं खित्तं खीरे पभासयदि खीरं।
तह देही देहत्थो सदेहमेत्तं पभासयदि।।३३।।

यथा पद्मरागरत्नं क्षिप्तं क्षीरे प्रभासयति क्षीरम्।
तथा देही देहस्थः स्वदेहमात्रं प्रभासयति।।३३।।

एष देहमात्रत्वदृष्टान्तोपन्यासः।

---

હાનિવાળા અનંત છે; અને (તેમના અર્થાત્ જીવોના) પ્રદેશો—કે જેઓ અવિભાગ પરમાણુ જેવડા માપવાળા સૂક્ષ્મ અંશરૂપ છે તેઓ—અસંખ્ય છે. આવા તે જીવોમાં કેટલાક કથંચિત્ (કેવળસમુદ્ઘાતના કારણે) લોકપૂરણ-અવસ્થાના પ્રકાર વડે આખા લોકમાં વ્યાપ્ત હોય છે અને કેટલાક આખા લોકમાં અવ્યાપ્ત હોય છે. વળી તે જીવોમાં જેઓ અનાદિ પ્રવાહરૂપે પ્રવર્તતા મિથ્યાદર્શન-કષાય-યોગથી સહિત છે તેઓ સંસારી છે, જેઓ તેમનાથી વિમુક્ત છે (અર્થાત્ મિથ્યાદર્શન-કષાય-યોગથી રહિત છે) તેઓ સિદ્ધ છે; અને તે દરેક પ્રકારના જીવો ઘણા છે (અર્થાત્ સંસારી તેમ જ સિદ્ધ જીવોમાંના દરેક પ્રકારના જીવો અનંત છે). ૩૧–૩૨.

જ્યમ દૂધમાં સ્થિત પદ્મરાગમણિ પ્રકાશે દૂધને,
ત્યમ દેહમાં સ્થિત દેહી દેહપ્રમાણ વ્યાપકતા લહે. ૩૩.

**અન્વયાર્થઃ**—[यथा] જેમ [पद्मरागरत्नं] પદ્મરાગરત્ન [क्षीरे क्षिप्तं] દૂધમાં નાખવામાં આવ્યું થકું [क्षीरम् प्रभासयति] દૂધને પ્રકાશે છે, [तथा] તેમ [देही] દેહી (જીવ) [देहस्थः] દેહમાં રહ્યો થકો [स्वदेहमात्रं प्रभासयति] સ્વદેહપ્રમાણ પ્રકાશે છે.

**ટીકાઃ**—આ, દેહપ્રમાણપણાના *દ્રષ્ટાંતનું કથન છે (અર્થાત્ અહીં જીવનું

---

* અહીં એ ખ્યાલમાં રાખવું કે દ્રષ્ટાંત અને દાર્ષ્ટાંત અમુક અંશોમાં જ એકબીજા સાથે મળતાં (-સમાનતાવાળાં) હોય છે, સર્વ અંશોમાં નહિ.

**यथैव हि पद्मरागरत्नं क्षीरे क्षिप्तं स्वतोऽव्यतिरिक्तप्रभास्कन्धेन तद्व्याप्नोति क्षीरं, तथैव हि जीवः अनादिकषायमलीमसत्वमूले शरीरेऽवतिष्ठमानः स्वप्रदेशैस्तदभिव्याप्नोति शरीरम्। यथैव च तत्र क्षीरेऽग्निसंयोगादुद्वलमाने तस्य पद्मरागरत्नस्य प्रभास्कन्ध उद्वलते पुनर्निविशमाने निविशते च, तथैव च तत्र शरीरे विशिष्टाहारादिवशादुत्सर्पति तस्य जीवस्य प्रदेशाः उत्सर्पन्ति पुनरपसर्पति अपसर्पन्ति च। यथैव च तत्पद्मरागरत्नमन्यत्र प्रभूतक्षीरे क्षिप्तं स्वप्रभास्कन्धविस्तारेण तद्व्याप्नोति प्रभूतक्षीरं, तथैव च जीवोऽन्यत्र महति शरीरेऽवतिष्ठमानः स्वप्रदेशविस्तारेण तद्व्याप्नोति महच्छरीरम्। यथैव च तत्पद्मरागरत्नमन्यत्र स्तोकक्षीरे निक्षिप्तं स्वप्रभास्कन्धोपसंहारेण तद्व्याप्नोति स्तोकक्षीरं, तथैव च जीवोऽन्यत्राणु-**

---

દેહપ્રમાણપણું સમજાવવા દ્રષ્ટાંત કહ્યું છે).

જેવી રીતે પદ્મરાગરત્ન દૂધમાં નાખવામાં આવ્યું થકું પોતાથી ★અવ્યતિરિક્ત પ્રભાસમૂહ વડે તે દૂધમાં વ્યાપે છે, તેવી જ રીતે જીવ અનાદિ કાળથી કષાય વડે મલિનપણું હોવાને કારણે શરીરમાં રહ્યો થકો સ્વપ્રદેશો વડે તે શરીરમાં વ્યાપે છે. વળી જેવી રીતે અગ્નિના સંયોગથી તે દૂધમાં ઊભરો આવતાં તે પદ્મરાગરત્નના પ્રભાસમૂહમાં ઊભરો આવે છે (અર્થાત્ તે વિસ્તાર પામે છે) અને દૂધ પાછું બેસી જતાં પ્રભાસમૂહ બેસી જાય છે, તેવી જ રીતે વિશિષ્ટ આહારાદિના વશે તે શરીર વધતાં તે જીવના પ્રદેશો વિસ્તાર પામે છે અને શરીર પાછું ઘટી જતાં પ્રદેશો સંકોચાઈ જાય છે. વળી જેવી રીતે તે પદ્મરાગરત્ન બીજા વધારે દૂધમાં નાખવામાં આવ્યું થકું સ્વપ્રભાસમૂહના વિસ્તાર વડે તે વધારે દૂધમાં વ્યાપે છે, તેવી જ રીતે જીવ બીજા મોટા શરીરમાં સ્થિતિ પામ્યો થકો સ્વપ્રદેશોના વિસ્તાર વડે તે મોટા શરીરમાં વ્યાપે છે. વળી જેવી રીતે તે પદ્મરાગરત્ન બીજા થોડા દૂધમાં નાખવામાં આવ્યું થકું સ્વપ્રભાસમૂહના સંકોચ વડે તે થોડા દૂધમાં વ્યાપે છે, તેવી જ રીતે જીવ બીજા નાના શરીરમાં સ્થિતિ

---

★ અવ્યતિરિક્ત=અભિન્ન. [જેમ 'સાકર એક દ્રવ્ય છે અને ગળપણ તેનો ગુણ છે' એવું કોઈ સ્થળે દ્રષ્ટાંતમાં કહ્યું હોય તો તે સિદ્ધાંત તરીકે ન સમજવું જોઈએ, તેમ અહીં પણ જીવના સંકોચવિસ્તારરૂપ દાર્ષ્ટાંતને સમજાવવા માટે રત્ન અને (દૂધમાં ફેલાયેલી) તેની પ્રભાને જે અવ્યતિરિક્તપણું કહ્યું છે તે સિદ્ધાંત તરીકે ન સમજવું. પુદ્‌ગલાત્મક રત્નને દ્રષ્ટાંત બનાવીને અસંખ્યપ્રદેશી જીવદ્રવ્યના સંકોચવિસ્તારનો કોઈ રીતે ખ્યાલ કરાવવાના હેતુથી અહીં રત્નની પ્રભાને રત્નથી અભિન્ન કહી છે (અર્થાત્ રત્નની પ્રભા સંકોચવિસ્તાર પામતાં જાણે કે રત્નના અંશો જ—રત્ન જ—સંકોચવિસ્તાર પામેલ હોય એમ ખ્યાલમાં લેવાનું કહ્યું છે).]

शरीरेऽवतिष्ठमानः स्वप्रदेशोपसंहारेण तद्व्याप्नोत्यणुशरीरमिति।।३३।।

**सव्वत्थ अत्थि जीवो ण य एक्को एक्ककाय एक्कट्ठो।**
**अज्झवसाणविसिट्ठो चिट्ठदि मलिणो रजमलेहिं ।।३४।।**

सर्वत्रास्ति जीवो न चैक एककाये ऐक्यस्थः।
अध्यवसानविशिष्टश्चेष्टते मलिनो रजोमलैः ।।३४।।

अत्र जीवस्य देहाद्देहांतरेऽस्तित्वं, देहात्पृथग्भूतत्वं, देहांतरसञ्चरणकारणं चोपन्यस्तम्।

---

પામ્યો થકો સ્વપ્રદેશોના સંકોચ વડે તે નાના શરીરમાં વ્યાપે છે.

**ભાવાર્થ** :—ત્રણ લોક અને ત્રણ કાળનાં સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે પ્રકાશવામાં સમર્થ એવા વિશુદ્ધ-દર્શનજ્ઞાનસ્વભાવવાળા ચૈતન્યચમત્કારમાત્ર શુદ્ધજીવાસ્તિકાયથી વિલક્ષણ મિથ્યાત્વરાગાદિ વિકલ્પો વડે ઉપાર્જિત જે શરીરનામકર્મ તેનાથી જનિત (અર્થાત્ તે શરીરનામકર્મનો ઉદય જેમાં નિમિત્ત છે એવા) સંકોચ-વિસ્તારના આધીનપણે જીવ સર્વોત્કૃષ્ટ અવગાહે પરિણમતો થકો સહસ્રયોજનપ્રમાણ મહામચ્છના શરીરમાં વ્યાપે છે, જઘન્ય અવગાહે પરિણમતો થકો ઉત્સેધ ઘનાંગુલના અસંખ્યમા ભાગ જેવડા લબ્ધ્યપર્યાપ્ત સૂક્ષ્મનિગોદના શરીરમાં વ્યાપે છે અને મધ્યમ અવગાહે પરિણમતો થકો મધ્યમ શરીરોમાં વ્યાપે છે. ૩૩.

તન તન ધરે જીવ, તન મહીં ઐક્યસ્થ પણ નહિ એક છે,
જીવ વિવિધ અધ્યવસાયયુત, રજમળમલિન થઈને ભમે. ૩૪.

**અન્વયાર્થ** :—[जीवः] જીવ [सर्वत्र] સર્વત્ર (ક્રમવર્તી સર્વ શરીરોમાં) [अस्ति] છે [च] અને [एककाये] કોઈ એક શરીરમાં [ऐक्यस्थः] (ક્ષીરનીરવત્) એકપણે રહ્યો હોવા છતાં [न एकः] તેની સાથે એક નથી; [अध्यवसानविशिष्टः] અધ્યવસાય-વિશિષ્ટ વર્તતો થકો [रजोमलैः मलिनः] રજમળ (કર્મમળ) વડે મલિન હોવાથી [चेष्टते] તે ભમે છે.

**ટીકા** :—અહીં જીવનું દેહથી દેહાંતરમાં (–એક શરીરથી અન્ય શરીરમાં) અસ્તિત્વ, દેહથી પૃથક્પણું અને દેહાંતરમાં ગમનનું કારણ કહેલ છે.

आत्मा हि संसारावस्थायां क्रमवर्तिन्यनवच्छिन्नशरीरसन्ताने यथैकस्मिन् शरीरे वृत्तः तथा क्रमेणान्येष्वपि शरीरेषु वर्तत इति तस्य सर्वत्रास्तित्वम्। न चैकस्मिन् शरीरे नीरे क्षीरमिवैक्येन स्थितोऽपि भिन्नस्वभावत्वात्तेन सहैक इति तस्य देहात्पृथग्भूतत्वम्। अनादि-बन्धनोपाधिविवर्तितविविधाध्यवसायविशिष्टत्वात्तन्मूलकर्मजालमलीमसत्वाच्च चेष्टमानस्यात्मन-स्तथाविधाध्यवसायकर्मनिर्वर्तितेतरशरीरप्रवेशो भवतीति तस्य देहान्तरसञ्चरणकारणोपन्यास इति॥३४॥

जेसिं जीवसहावो णत्थि अभावो य सव्वहा तस्स ।
ते होंति भिण्णदेहा सिद्धा वचिगोयरमदीदा ॥३५॥

येषां जीवस्वभावो नास्त्यभावश्च सर्वथा तस्य ।
ते भवन्ति भिन्नदेहाः सिद्धा वाग्गोचरमतीताः ॥३५॥

---

આત્મા સંસાર-અવસ્થામાં ક્રમવર્તી અચ્છિન્ન (–અતૂટક) શરીરપ્રવાહને વિષે જેમ એક શરીરમાં વર્તે છે તેમ ક્રમથી અન્ય શરીરોમાં પણ વર્તે છે; એ રીતે તેને સર્વત્ર (–સર્વ શરીરોમાં) અસ્તિત્વ છે. વળી કોઈ એક શરીરમાં, પાણીમાં દૂધની માફક એકપણે રહ્યો હોવા છતાં, ભિન્ન સ્વભાવને લીધે તેની સાથે એક (તદ્રૂપ) નથી; એ રીતે તેને દેહથી પૃથક્પણું છે. અનાદિ બંધનરૂપ ઉપાધિથી વિવર્તન (પરિવર્તન) પામતા વિવિધ અધ્યવસાયોથી વિશિષ્ટ હોવાને લીધે (–અનેક પ્રકારના અધ્યવસાયવાળો હોવાને લીધે) તથા તે અધ્યવસાયો જેનું નિમિત્ત છે એવા કર્મસમૂહથી મલિન હોવાને લીધે ભમતા આત્માને તથાવિધ અધ્યવસાયો અને કર્મોથી રચાતા (–તે પ્રકારનાં મિથ્યાત્વરાગાદિરૂપ ભાવકર્મો અને દ્રવ્યકર્મોથી રચાતા) અન્ય શરીરમાં પ્રવેશ થાય છે; એ રીતે તેને દેહાંતરમાં ગમન થવાનું કારણ કહેવામાં આવ્યું. ૩૪.

જીવત્વ નહિ ને સર્વથા તદભાવ પણ નહિ જેમને,
તે સિદ્ધ છે—જે દેહવિરહિત વચનવિષયાતીત છે. ૩૫.

અન્વયાર્થ :—[येषां] જેમને [जीवस्वभावः] જીવસ્વભાવ (–પ્રાણધારણરૂપ જીવત્વ) [न अस्ति] નથી અને [सर्वथा] સર્વથા [तस्य अभावः च] તેનો અભાવ પણ નથી, [ते] તે [भिन्नदेहाः] દેહરહિત [वाग्गोचरम् अतीताः] વચનગોચરાતીત [सिद्धाः भवन्ति] સિદ્ધો (સિદ્ધભગવંતો) છે.

सिद्धानां जीवत्वदेहमात्रत्वव्यवस्थेयम्।

सिद्धानां हि द्रव्यप्राणधारणात्मको मुख्यत्वेन जीवस्वभावो नास्ति। न च जीवस्वभावस्य सर्वथाभावोऽस्ति भावप्राणधारणात्मकस्य जीवस्वभावस्य मुख्यत्वेन सद्भावात्। न च तेषां शरीरेण सह नीरक्षीरयोरिवैक्येन वृत्तिः, यतस्ते तत्सम्पर्कहेतुभूतकषाययोगविप्रयोगादतीतानन्तरशरीरमात्रावगाहपरिणतत्वेऽप्यत्यन्तभिन्नदेहाः। वाचां गोचरमतीतश्च तन्महिमा, यतस्ते लौकिकप्राणधारणमन्तरेण शरीरसम्बन्धमन्तरेण च परिप्राप्तनिरुपाधिस्वरूपाः सततं प्रतपन्तीति॥३५॥

ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो सिद्धो।
उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि ॥३६॥

---

ટીકા :—આ, સિદ્ધોનાં (સિદ્ધભગવંતોનાં) જીવત્વ અને દેહપ્રમાણત્વની વ્યવસ્થા છે.

સિદ્ધોને ખરેખર દ્રવ્યપ્રાણના ધારણસ્વરૂપ જીવસ્વભાવ મુખ્યપણે નથી; (તેમને) જીવસ્વભાવનો સર્વથા અભાવ પણ નથી, કારણ કે ભાવપ્રાણના ધારણસ્વરૂપ જીવસ્વભાવનો મુખ્યપણે સદ્ભાવ છે. વળી તેમને શરીરની સાથે, નીરક્ષીરની માફક, એકપણે [1]વૃત્તિ નથી; કારણ કે શરીરસંયોગના હેતુભૂત કષાય અને યોગનો વિયોગ થયો હોવાથી તેઓ [2]અતીત અનંતર શરીરપ્રમાણ અવગાહે પરિણત હોવા છતાં અત્યંત દેહરહિત છે. વળી [3]વચનગોચરાતીત તેમનો મહિમા છે; કારણ કે લૌકિક પ્રાણના ધારણ વિના અને શરીરના સંબંધ વિના, સંપૂર્ણપણે પ્રાપ્ત કરેલા નિરુપાધિ સ્વરૂપ વડે તેઓ સતત પ્રતપે છે (–પ્રતાપવંત વર્તે છે). ૩૫.

ઊપજે નહીં કો કારણે તે સિદ્ધ તેથી ન કાર્ય છે,
ઉપજાવતા નથી કાંઈ પણ તેથી ન કારણ પણ ઠરે. ૩૬.

---

૧. વૃત્તિ=વર્તવું તે; હયાતી.

૨. અતીત અનંતર=ભૂત કાળનું સૌથી છેલ્લું; ચરમ. (સિદ્ધભગવંતોની અવગાહના ચરમશરીરપ્રમાણ હોવાને લીધે તે છેલ્લા દેહની અપેક્ષા લઈને તેમને 'દેહપ્રમાણપણું' કહી શકાતું હોવા છતાં, ખરેખર તેઓ અત્યંત દેહરહિત છે.)

૩. વચનગોચરાતીત=વચનગોચરપણાને અતિક્રમી ગયેલ; વચનવિષયાતીત; વચન-અગોચર.

પં. ૯

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



न कुतश्चिदप्युत्पन्नो यस्मात् कार्यं न तेन सः सिद्धः ।
उत्पादयति न किञ्चिदपि कारणमपि तेन न स भवति ॥३६॥

सिद्धस्य कार्यकारणभावनिरासोऽयम् ।

यथा संसारी जीवो भावकर्मरूपयात्मपरिणामसन्तत्या द्रव्यकर्मरूपया च पुद्गलपरिणामसन्तत्या कारणभूतया तेन तेन देवमनुष्यतिर्यग्नारकरूपेण कार्यभूत उत्पद्यते, न तथा सिद्धरूपेणापीति। सिद्धो ह्युभयकर्मक्षये स्वयमुत्पद्यमानो नान्यतः कुतश्चिदुत्पद्यत इति। यथैव च स एव संसारी भावकर्मरूपामात्मपरिणामसन्ततिं द्रव्यकर्मरूपां च पुद्गलपरिणामसन्ततिं कार्यभूतां कारणभूतत्वेन निर्वर्तयन् तानि तानि देवमनुष्यतिर्यग्नारकरूपाणि कार्याण्युत्पादयत्यात्मनो, न तथा सिद्धरूपमपीति। सिद्धो ह्युभयकर्मक्षये स्वयमात्मानमुत्पादयन्नान्यत्किञ्चिदुत्पादयति।३६।

---

અન્વયાર્થ :—[ यस्मात् सः सिद्धः ] તે સિદ્ધ [ कुतश्चित् अपि ] કોઈ (અન્ય) કારણથી [ न उत्पन्नः ] ઊપજતા નથી [ तेन ] તેથી [ कार्यं न ] કાર્ય નથી, અને [ किञ्चित् अपि ] કાંઈ પણ (અન્ય કાર્યને) [ न उत्पादयति ] ઊપજાવતા નથી [ तेन ] તેથી [ सः ] તે [ कारणम् अपि ] કારણ પણ [ न भवति ] નથી.

ટીકા :—આ, સિદ્ધને કાર્યકારણભાવ હોવાનો નિરાસ છે (અર્થાત્ સિદ્ધભગવાનને કાર્યપણું અને કારણપણું હોવાનું નિરાકરણ–ખંડન છે).

જેમ સંસારી જીવ કારણભૂત એવી ભાવકર્મરૂપ ★આત્મપરિણામસંતતિ અને દ્રવ્યકર્મરૂપ પુદ્‌ગલપરિણામસંતતિ વડે તે તે દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકના રૂપે કાર્યભૂતપણે ઊપજે છે, તેમ સિદ્ધરૂપે પણ ઊપજે છે એમ નથી; (અને) સિદ્ધ (–સિદ્ધભગવાન) ખરેખર, બંને કર્મનો ક્ષય હોતાં, સ્વયં (સિદ્ધપણે) ઊપજતા થકા અન્ય કોઈ કારણથી (–ભાવકર્મથી કે દ્રવ્યકર્મથી) ઊપજતા નથી.

વળી જેમ તે જ સંસારી (જીવ) કારણભૂત થઈને કાર્યભૂત એવી ભાવકર્મરૂપ આત્મપરિણામસંતતિ અને દ્રવ્યકર્મરૂપ પુદ્‌ગલપરિણામસંતતિ રચતો થકો કાર્યભૂત એવાં તે તે દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકનાં રૂપો પોતાને વિષે ઉપજાવે છે, તેમ સિદ્ધનું રૂપ પણ (પોતાને વિષે) ઉપજાવે છે એમ નથી; (અને) સિદ્ધ ખરેખર, બન્ને કર્મનો ક્ષય હોતાં, સ્વયં પોતાને (સિદ્ધપણે) ઉપજાવતા થકા અન્ય કાંઈ પણ (ભાવદ્રવ્યકર્મસ્વરૂપ કે દેવાદિસ્વરૂપ કાર્ય) ઉપજાવતા નથી. ૩૬.

---

★ આત્મપરિણામસંતતિ=આત્માના પરિણામોની પરંપરા

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

सस्सदमध उच्छेदं भव्वमभव्वं च सुण्णमिदरं च ।
विण्णाणमविण्णाणं ण वि जुज्जदि असदि सब्भावे ॥३७॥

शाश्वतमथोच्छेदो भव्यमभव्यं च शून्यमितरच्च ।
विज्ञानमविज्ञानं नापि युज्यते असति सद्भावे ॥३७॥

अत्र जीवाभावो मुक्तिरिति निरस्तम्।

द्रव्यं द्रव्यतया शाश्वतमिति, नित्ये द्रव्ये पर्यायाणां प्रतिसमयमुच्छेद इति, द्रव्यस्य सर्वदा अभूतपर्यायैः भाव्यमिति, द्रव्यस्य सर्वदा भूतपर्यायैरभाव्यमिति, द्रव्यमन्यद्रव्यैः सदा शून्यमिति, द्रव्यं स्वद्रव्येण सदाऽशून्यमिति, क्वचिज्जीवद्रव्येऽनन्तं ज्ञानं क्वचित्सान्तं ज्ञानमिति, क्वचिज्जीवद्रव्येऽनन्तं क्वचित्सान्तमज्ञानमिति—एतदन्यथानुपपद्यमानं

---

સદ્ભાવ જો નહિ હોય તો ધ્રુવ, નાશ, ભવ્ય, અભવ્ય ને
વિજ્ઞાન, અણવિજ્ઞાન, શૂન્ય, અશૂન્ય—એ કંઈ નવ ઘટે. ૩૭.

અન્વયાર્થ :—[ सद्भावे असति ] જો (મોક્ષમાં જીવનો) સદ્ભાવ ન હોય તો [ शाश्वतम् ] શાશ્વત, [ अथ उच्छेदः ] નાશવંત, [ भव्यम् ] ભવ્ય (–થવાયોગ્ય), [ अभव्यम् च ] અભવ્ય (–નહિ થવાયોગ્ય), [ शून्यम् ] શૂન્ય, [ इतरत् च ] અશૂન્ય, [ विज्ञानम् ] વિજ્ઞાન અને [ अविज्ञानम् ] અવિજ્ઞાન [ न अपि युज्यते ] (જીવદ્રવ્યને વિષે ) ન જ ઘટે. (માટે મોક્ષમાં જીવનો સદ્ભાવ છે જ.)

ટીકા :—અહીં, 'જીવનો અભાવ તે મુક્તિ છે' એ વાતનું ખંડન કર્યું છે.

(૧) દ્રવ્ય દ્રવ્યપણે શાશ્વત છે, (૨) નિત્ય દ્રવ્યમાં પર્યાયોનો પ્રત્યેક સમયે નાશ થાય છે, (૩) દ્રવ્ય સર્વદા અભૂત પર્યાયોરૂપે ભાવ્ય (–થવાયોગ્ય, પરિણમવાયોગ્ય) છે, (૪) દ્રવ્ય સર્વદા ભૂત પર્યાયોરૂપે અભાવ્ય (–નહિ થવાયોગ્ય) છે, (૫) દ્રવ્ય અન્ય દ્રવ્યોથી સદા શૂન્ય છે, (૬) દ્રવ્ય સ્વદ્રવ્યથી સદા અશૂન્ય છે, (૭) [૧]કોઈક જીવદ્રવ્યમાં અનંત જ્ઞાન અને કોઈકમાં સાંત જ્ઞાન છે, (૮) [૨]કોઈક જીવદ્રવ્યમાં અનંત અજ્ઞાન અને

---

૧. જે સમ્યક્ત્વથી ચ્યુત થવાનો ન હોય એવા સમ્યક્ત્વી જીવને અનંત જ્ઞાન છે અને જે ચ્યુત થવાનો હોય એવા સમ્યક્ત્વી જીવને સાંત જ્ઞાન છે.

૨. અભવ્ય જીવને અનંત અજ્ઞાન છે અને જેને કોઈ કાળે પણ જ્ઞાન થવાનું છે એવા અજ્ઞાની ભવ્ય જીવને સાંત અજ્ઞાન છે.

मुक्तौ जीवस्य सद्भावमावेदयतीति ॥३७॥

**कम्माणं फलमेक्को एक्को कज्जं तु णाणमध एक्को ।**
**चेदयदि जीवरासी चेदगभावेण तिविहेण ॥३८॥**

**कर्मणां फलमेकः एकः कार्यं तु ज्ञानमथैकः ।**
**चेतयति जीवराशिश्चेतकभावेन त्रिविधेन ॥३८॥**

चेतयितृत्वगुणव्याख्येयम् ।

एके हि चेतयितारः प्रकृष्टतरमोहमलीमसेन प्रकृष्टतरज्ञानावरणमुद्रितानुभावेन

---

કોઈકમાં સાંત અજ્ઞાન છે—આ બધું, [1]અન્યથા નહિ ઘટતું થકું, મોક્ષમાં જીવના સદ્ભાવને જાહેર કરે છે. ૩૭.

ત્રણવિધ ચેતકભાવથી કો જીવરાશિ 'કાર્ય'ને,
કો જીવરાશિ 'કર્મફળ'ને, કોઈ ચેતે 'જ્ઞાન'ને. ૩૮.

**અન્વયાર્થ :**—[ त्रिविधेन चेतकभावेन ] ત્રિવિધ ચેતકભાવ વડે [ एकः जीवराशिः ] એક જીવરાશિ [ कर्मणां फलम् ] કર્મોના ફળને, [ एकः तु ] એક જીવરાશિ [ कार्यं ] કાર્યને [ अथ ] અને [ एकः ] એક જીવરાશિ [ ज्ञानम् ] જ્ઞાનને [ चेतयति ] ચેતે (—વેદે) છે.

**ટીકા :**—આ, [2]ચેતયિતૃત્વગુણની વ્યાખ્યા છે.

કોઈ ચેતયિતાઓ અર્થાત્ આત્માઓ તો, જે અતિ પ્રકૃષ્ટ મોહથી મલિન છે અને જેનો પ્રભાવ (શક્તિ) અતિ પ્રકૃષ્ટ જ્ઞાનાવરણથી બિડાઈ ગયો છે

---

૧. અન્યથા = અન્ય પ્રકારે; બીજી રીતે. [મોક્ષમાં જીવની હયાતી જ ન રહેતી હોય તો ઉક્ત આઠ ભાવો ઘટે જ નહિ. જો મોક્ષમાં જીવનો અભાવ જ થઈ જતો હોય તો, (૧) દરેક દ્રવ્ય દ્રવ્યપણે **શાશ્વત** છે—એ વાત કેમ ઘટે? (૨) દરેક દ્રવ્ય **નિત્ય રહીને** તેમાં પર્યાયોનો નાશ થયા કરે છે—એ વાત કેમ ઘટે? (૩–૬) દરેક દ્રવ્ય **સર્વદા** અનાગત પર્યાયે ભાવ્ય, **સર્વદા** અતીત પર્યાયે અભાવ્ય, **સર્વદા** પરથી શૂન્ય અને **સર્વદા** સ્વથી અશૂન્ય છે—એ વાતો કેમ ઘટે? (૭) કોઈક જીવદ્રવ્યમાં **અનંત જ્ઞાન** છે—એ વાત કેમ ઘટે? અને (૮) કોઈક જીવદ્રવ્યમાં **સાંત અજ્ઞાન** છે (અર્થાત્ જીવદ્રવ્ય નિત્ય રહીને તેમાં અજ્ઞાનપરિણામનો અંત આવે છે)—એ વાત કેમ ઘટે? માટે આ આઠ ભાવો દ્વારા મોક્ષમાં જીવની હયાતી સિદ્ધ થાય છે.]

૨. ચેતયિતૃત્વ=ચેતયિતાપણું; ચેતનારપણું; ચેતકપણું.

**चेतकस्वभावेन प्रकृष्टतरवीर्यान्तरायावसादितकार्यकारणसामर्थ्याः सुखदुःखरूपं कर्मफलमेव प्राधान्येन चेतयन्ते। अन्ये तु प्रकृष्टतरमोहमलीमसेनापि प्रकृष्टज्ञानावरणमुद्रितानुभावेन चेतकस्वभावेन मनाग्वीर्यान्तरायक्षयोपशमासादितकार्यकारणसामर्थ्याः सुखदुःखरूपकर्मफलानुभवनसंवलितमपि कार्यमेव प्राधान्येन चेतयन्ते। अन्यतरे तु प्रक्षालितसकलमोहकलङ्केन समुच्छिन्नकृत्स्नज्ञानावरणतयात्यन्तमुन्मुद्रितसमस्तानुभावेन चेतकस्वभावेन समस्तवीर्यान्तरायक्षयासादितानन्तवीर्या अपि निर्जीर्णकर्मफलत्वादत्यन्तकृतकृत्यत्वाच्च स्वतोऽव्यतिरिक्तस्वाभाविक-**

---

એવા ચેતકસ્વભાવ વડે સુખદુઃખરૂપ 'કર્મફળ'ને જ પ્રધાનપણે ચેતે છે, કારણ કે તેમને અતિ પ્રકૃષ્ટ વીર્યાંતરાયથી કાર્ય કરવાનું (–કર્મચેતનારૂપે પરિણમવાનું) સામર્થ્ય નષ્ટ થયું છે.

બીજા ચેતયિતાઓ અર્થાત્ આત્માઓ, જે અતિ પ્રકૃષ્ટ મોહથી મલિન છે અને જેનો પ્રભાવ [1]પ્રકૃષ્ટ જ્ઞાનાવરણથી બિડાઈ ગયો છે એવા ચેતકસ્વભાવ વડે—ભલે સુખદુઃખરૂપ કર્મફળના અનુભવથી મિશ્રિતપણે પણ—'કાર્ય'ને જ પ્રધાનપણે ચેતે છે, કારણ કે તેમણે થોડા વીર્યાંતરાયના ક્ષયોપશમથી [2]કાર્ય કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કર્યું છે.

વળી બીજા ચેતયિતાઓ અર્થાત્ આત્માઓ, જેમાંથી સકળ મોહકલંક ધોવાઈ ગયું છે અને સમસ્ત જ્ઞાનાવરણના વિનાશને લીધે જેનો સમસ્ત પ્રભાવ અત્યંત ખીલી ગયો છે એવા ચેતકસ્વભાવ વડે 'જ્ઞાન'ને જ—કે જે જ્ઞાન પોતાથી [3]અવ્યતિરિક્ત સ્વાભાવિક સુખવાળું છે તેને જ—ચેતે છે, કારણ કે તેમણે સમસ્ત વીર્યાન્તરાયના ક્ષયથી અનંત વીર્યને પ્રાપ્ત કર્યું હોવા છતાં તેમને (વિકારી સુખદુઃખરૂપ) કર્મફળ

---

૧. કર્મચેતનાવાળા જીવને જ્ઞાનાવરણ 'પ્રકૃષ્ટ' હોય છે અને કર્મફળચેતનાવાળાને 'અતિ પ્રકૃષ્ટ' હોય છે.

૨. કાર્ય=(જીવ વડે) કરવામાં આવતું હોય તે; ઇચ્છાપૂર્વક ઇષ્ટાનિષ્ટ વિકલ્પરૂપ કર્મ. [જે જીવોને વીર્યનો કાંઈક વિકાસ થયો છે તેમને કર્મચેતનારૂપે પરિણમવાનું સામર્થ્ય પ્રગટ્યું છે તેથી તેઓ મુખ્યપણે કર્મચેતનારૂપે પરિણમે છે. આ કર્મચેતના કર્મફળચેતનાથી મિશ્રિત હોય છે.]

૩. અવ્યતિરિક્ત=અભિન્ન. (સ્વાભાવિક સુખ જ્ઞાનથી અભિન્ન છે તેથી જ્ઞાનચેતના સ્વાભાવિક સુખના સંચેતન—અનુભવન—સહિત જ હોય છે.)

सुखं ज्ञानमेव चेतयन्त इति॥३८॥

सव्वे खलु कम्मफलं थावरकाया तसा हि कज्जजुदं ।
पाणित्तमदिक्कंता णाणं विंदंति ते जीवा ॥३९॥

सर्वे खलु कर्मफलं स्थावरकायास्त्रसा हि कार्ययुतम् ।
प्राणित्वमतिक्रान्ताः ज्ञानं विन्दन्ति ते जीवाः ॥३९॥

अत्र कः किं चेतयत इत्युक्तम्।

चेतयन्ते अनुभवन्ति उपलभन्ते विन्दन्तीत्येकार्थाश्चेतनानुभूत्युपलब्धिवेदनानामेकार्थत्वात्। तत्र स्थावराः कर्मफलं चेतयन्ते, त्रसाः कार्यं चेतयन्ते, केवलज्ञानिनो

---

નિર્જરી ગયું છે અને અત્યંત [1]કૃતકૃત્યપણું થયું છે (અર્થાત્ કાંઈ કરવાનું લેશમાત્ર પણ રહ્યું નથી). ૩૮.

વેદે કરમફળ સ્થાવરો, ત્રસ કાર્યયુત ફળ અનુભવે,
પ્રાણિત્વથી અતિક્રાંત જે તે જીવ વેદે જ્ઞાનને. ૩૯.

**અન્વયાર્થઃ**—[सर्वे स्थावरकायाः] સર્વ સ્થાવર જીવસમૂહો [खलु] ખરેખર [कर्मफलं] કર્મફળને વેદે છે, [त्रसाः] ત્રસો [हि] ખરેખર [कार्ययुतम्] કાર્યસહિત કર્મફળને વેદે છે અને [प्राणित्वम् अतिक्रान्ताः] જે પ્રાણિત્વને (–પ્રાણોને) અતિક્રમી ગયા છે [ते जीवाः] તે જીવો [ज्ञानं] જ્ઞાનને [विन्दन्ति] વેદે છે.

**ટીકાઃ**—અહીં, કોણ શું ચેતે છે (અર્થાત્ કયા જીવને કઈ ચેતના હોય છે) તે કહ્યું છે.

ચેતે છે, અનુભવે છે, ઉપલબ્ધ કરે છે અને વેદે છે—એ એકાર્થ છે (અર્થાત્ એ બધા શબ્દો એક અર્થવાળા છે), કારણ કે ચેતના, અનુભૂતિ, ઉપલબ્ધિ અને વેદનાનો એક અર્થ છે. ત્યાં, સ્થાવરો કર્મફળને ચેતે છે, ત્રસો કાર્યને ચેતે છે,

---

૧. કૃતકૃત્ય=કૃતકાર્ય. [પરિપૂર્ણ જ્ઞાનવાળા આત્માઓ અત્યંત કૃતકાર્ય છે તેથી, જોકે તેમને અનંત વીર્ય પ્રગટ થયું છે તોપણ, તેમનું વીર્ય કાર્યચેતનાને (કર્મચેતનાને) રચતું નથી, (વળી વિકારી સુખદુઃખ વિનષ્ટ થયાં હોવાથી તેમનું વીર્ય કર્મફળચેતનાને પણ રચતું નથી,) જ્ઞાનચેતનાને જ રચે છે.]

ज्ञानं चेतयन्त इति॥३६॥

अथोपयोगगुणव्याख्यानम्।

उवओगो खलु दुविहो णाणेण य दंसणेण संजुत्तो।
जीवस्स सव्वकालं अणण्णभूदं वियाणीहि ॥४०॥

उपयोगः खलु द्विविधो ज्ञानेन च दर्शनेन संयुक्तः।
जीवस्य सर्वकालमनन्यभूतं विजानीहि ॥४०॥

आत्मनश्चैतन्यानुविधायी परिणाम उपयोगः। सोऽपि द्विविधः—ज्ञानोपयोगो दर्शनोपयोगश्च। तत्र विशेषग्राहि ज्ञानं, सामान्यग्राहि दर्शनम्। उपयोगश्च सर्वदा

---

કેવળજ્ઞાનીઓ જ્ઞાનને ચેતે છે.

ભાવાર્થ :—પાંચ પ્રકારના સ્થાવર જીવો અવ્યક્ત સુખદુ:ખાનુભવરૂપ શુભાશુભ-કર્મફળને ચેતે છે. દ્વીંદ્રિય આદિ ત્રસ જીવો તે જ કર્મફળને ઇચ્છાપૂર્વક ઇષ્ટાનિષ્ટ વિકલ્પરૂપ કાર્ય સહિત ચેતે છે. ★પરિપૂર્ણ જ્ઞાનવંત ભગવંતો (અનંત સૌખ્ય સહિત) જ્ઞાનને જ ચેતે છે. ૩૯.

હવે ઉપયોગગુણનું વ્યાખ્યાન છે.

છે જ્ઞાન ને દર્શન સહિત ઉપયોગ યુગલ પ્રકારનો;
જીવદ્રવ્યને તે સર્વ કાળ અનન્યરૂપે જાણવો. ૪૦.

અન્વયાર્થ :—[ ज्ञानेन च दर्शनेन संयुक्तः ] જ્ઞાનથી અને દર્શનથી સંયુક્ત એવો [ खलु द्विविधः ] ખરેખર બે પ્રકારનો [ उपयोगः ] ઉપયોગ [ जीवस्य ] જીવને [ सर्वकालम् ] સર્વ કાળ [ अनन्यभूतं ] અનન્યપણે [ विजानीहि ] જાણો.

ટીકા :—આત્માનો ચૈતન્ય-અનુવિધાયી (અર્થાત્ ચૈતન્યને અનુસરનારો) પરિણામ તે ઉપયોગ છે. તે પણ બે પ્રકારનો છે—જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ. ત્યાં, વિશેષને ગ્રહનારું જ્ઞાન છે અને સામાન્યને ગ્રહનારું દર્શન છે (અર્થાત્ વિશેષ જેમાં પ્રતિભાસે તે

★ અહીં પરિપૂર્ણ જ્ઞાનચેતનાની વિવક્ષા હોવાથી, કેવળીભગવંતો અને સિદ્ધભગવંતોને જ જ્ઞાનચેતના કહેવામાં આવી છે. આંશિક જ્ઞાનચેતનાની વિવક્ષાથી તો મુનિઓ, શ્રાવકો અને અવિરત સમ્યગ્દ્રષ્ટિઓને પણ જ્ઞાનચેતના કહી શકાય છે; તેનો અહીં નિષેધ ન સમજવો, માત્ર વિવક્ષાભેદ છે એમ સમજવું.

जीवादपृथग्भूत एव, एकास्तित्वनिर्वृत्तत्वादिति ॥४०॥

आभिणिसुदोधिमणकेवलाणि णाणाणि पंचभेयाणि ।
कुमदिसुदविभंगाणि य तिण्णि वि णाणेहिं संजुत्ते ॥४१॥

आभिनिबोधिकश्रुतावधिमनःपर्ययकेवलानि ज्ञानानि पञ्चभेदानि ।
कुमतिश्रुतविभङ्गानि च त्रीण्यपि ज्ञानैः संयुक्तानि ॥४१॥

ज्ञानोपयोगविशेषाणां नामस्वरूपाभिधानमेतत् ।

तत्राभिनिबोधिकज्ञानं श्रुतज्ञानमवधिज्ञानं मनःपर्ययज्ञानं केवलज्ञानं कुमतिज्ञानं कुश्रुतज्ञानं विभङ्गज्ञानमिति नामाभिधानम् । आत्मा ह्यनन्तसर्वात्मप्रदेशव्यापिविशुद्ध-

---

જ્ઞાન છે અને સામાન્ય જેમાં પ્રતિભાસે તે દર્શન છે). વળી ઉપયોગ સર્વદા જીવથી ★અપૃથગ્ભૂત જ છે, કારણ કે એક અસ્તિત્વથી રચાયેલ છે. ૪૦.

મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવળ—પાંચ ભેદો જ્ઞાનના;
કુમતિ, કુશ્રુત, વિભંગ—ત્રણ પણ જ્ઞાન સાથે જોડવાં. ૪૧.

અન્વયાર્થ :—[ आभिनिबोधिकश्रुतावधिमनःपर्ययकेवलानि ] આભિનિબોધિક (–મતિ), શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ—[ ज्ञानानि पञ्चभेदानि ] એમ જ્ઞાનના પાંચ ભેદ છે; [ कुमतिश्रुतविभङ्गानि च ] વળી કુમતિ, કુશ્રુત અને વિભંગ—[ त्रीणि अपि ] એ ત્રણ (અજ્ઞાનો) પણ [ ज्ञानैः ] (પાંચ) જ્ઞાનો સાથે [ संयुक्तानि ] જોડવામાં આવ્યાં છે. (એ પ્રમાણે જ્ઞાનોપયોગના આઠ ભેદ છે.)

ટીકા :—આ, જ્ઞાનોપયોગના ભેદોનાં નામ અને સ્વરૂપનું કથન છે.

ત્યાં, (૧) આભિનિબોધિકજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃ-પર્યયજ્ઞાન, (૫) કેવળજ્ઞાન, (૬) કુમતિજ્ઞાન, (૭) કુશ્રુતજ્ઞાન અને (૮) વિભંગજ્ઞાન —એ પ્રમાણે (જ્ઞાનોપયોગના ભેદોનાં) નામનું કથન છે.

(હવે તેમનાં સ્વરૂપનું કથન કરવામાં આવે છે :–) આત્મા ખરેખર અનંત, સર્વ આત્મપ્રદેશોમાં વ્યાપક, વિશુદ્ધ જ્ઞાનસામાન્યસ્વરૂપ છે. તે (આત્મા) ખરેખર અનાદિ

---

★ અપૃથગ્ભૂત = અભિન્ન. (ઉપયોગ સદા જીવથી અભિન્ન જ છે, કારણ કે તેઓ એક અસ્તિત્વથી નિષ્પન્ન છે.)

**ज्ञानसामान्यात्मा। स खल्वनादिज्ञानावरणकर्मावच्छन्नप्रदेशः सन्, यत्तदावरणक्षयोपशमादिन्द्रियानिन्द्रियावलम्बाच्च मूर्तामूर्तद्रव्यं विकलं विशेषेणावबुध्यते तदाभिनिबोधिकज्ञानम्, यत्तदावरणक्षयोपशमादनिन्द्रियावलम्बाच्च मूर्तामूर्तद्रव्यं विकलं विशेषेणावबुध्यते तत् श्रुतज्ञानम्, यत्तदावरणक्षयोपशमादेव मूर्तद्रव्यं विकलं विशेषेणावबुध्यते तदवधिज्ञानम्, यत्तदावरणक्षयोपशमादेव परमनोगतं मूर्तद्रव्यं विकलं विशेषेणावबुध्यते तन्मनःपर्ययज्ञानम्, यत्सकलावरणात्यन्तक्षये केवल एव मूर्तामूर्तद्रव्यं सकलं विशेषेणावबुध्यते तत्स्वाभाविकं केवलज्ञानम्। मिथ्यादर्शनोदयसहचरितमाभिनिबोधिकज्ञानमेव कुमतिज्ञानम्, मिथ्यादर्शनोदयसहचरितं श्रुतज्ञानमेव कुश्रुतज्ञानम्, मिथ्यादर्शनोदयसह-**

---

જ્ઞાનાવરણકર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકો, (૧) તે પ્રકારના (અર્થાત્ મતિજ્ઞાનના) આવરણના ક્ષયોપશમથી અને ઇન્દ્રિય-મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને [૧]વિકળપણે [૨]વિશેષતઃ અવબોધે છે તે આભિનિબોધિકજ્ઞાન છે, (૨) તે પ્રકારના (અર્થાત્ શ્રુતજ્ઞાનના) આવરણના ક્ષયોપશમથી અને મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિકળપણે વિશેષતઃ અવબોધે છે તે શ્રુતજ્ઞાન છે, (૩) તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ મૂર્ત દ્રવ્યને વિકળપણે વિશેષતઃ અવબોધે છે તે અવધિજ્ઞાન છે, (૪) તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ પરમનોગત (—પારકાના મન સાથે સંબંધવાળા) મૂર્ત દ્રવ્યને વિકળપણે વિશેષતઃ અવબોધે છે તે મનઃપર્યયજ્ઞાન છે, (૫) સમસ્ત આવરણના અત્યંત ક્ષયે, કેવળ જ (—આત્મા એકલો જ), મૂર્ત-અમૂર્ત દ્રવ્યને સકળપણે વિશેષતઃ અવબોધે છે તે સ્વાભાવિક કેવળજ્ઞાન છે. (૬) મિથ્યાદર્શનના ઉદય સાથેનું આભિનિબોધિકજ્ઞાન જ કુમતિજ્ઞાન છે, (૭) મિથ્યાદર્શનના ઉદય સાથેનું શ્રુતજ્ઞાન જ કુશ્રુતજ્ઞાન છે, (૮) મિથ્યાદર્શનના ઉદય સાથેનું અવધિજ્ઞાન જ વિભંગજ્ઞાન છે.—આ પ્રમાણે (જ્ઞાનોપયોગના ભેદોનાં) સ્વરૂપનું કથન છે.

એ રીતે મતિજ્ઞાનાદિ આઠ જ્ઞાનોપયોગોનું વ્યાખ્યાન કરવામાં આવ્યું.

**ભાવાર્થઃ**—પ્રથમ તો, નીચે પ્રમાણે પાંચ જ્ઞાનોનું સ્વરૂપ છેઃ—

નિશ્ચયનયે અખંડ-એક-વિશુદ્ધજ્ઞાનમય એવો આ આત્મા વ્યવહારનયે સંસારાવસ્થામાં કર્માવૃત વર્તતો થકો, મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં, પાંચ ઇન્દ્રિયો

---

૧. વિકળપણે=અપૂર્ણપણે; અંશે.

૨. વિશેષતઃ અવબોધવું=જાણવું. (વિશેષ અવબોધ અર્થાત્ વિશેષ પ્રતિભાસ તે જ્ઞાન છે.)

પં. ૧૦

**चरितमवधिज्ञानमेव विभङ्गज्ञानमिति स्वरूपाभिधानम्।**

---

અને મનથી મૂર્ત-અમૂર્ત વસ્તુને વિકલ્પરૂપે જે જાણે છે તે મતિજ્ઞાન છે. તે ત્રણ પ્રકારનું છેઃ ઉપલબ્ધિરૂપ, ભાવનારૂપ અને ઉપયોગરૂપ. મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી જનિત અર્થગ્રહણશક્તિ (–પદાર્થને જાણવાની શક્તિ) તે ઉપલબ્ધિ છે, જાણેલા પદાર્થનું પુનઃ પુનઃ ચિંતન તે ભાવના છે અને 'આ કાળું છે', 'આ પીળું છે' ઇત્યાદિરૂપે અર્થગ્રહણવ્યાપાર (–પદાર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે. એવી જ રીતે તે (મતિજ્ઞાન) અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપ ભેદો વડે અથવા કોષ્ઠબુદ્ધિ, બીજબુદ્ધિ, પદાનુસારીબુદ્ધિ અને સંભિન્નશ્રોતૃતાબુદ્ધિ એવા ભેદો વડે ચાર પ્રકારનું છે. (અહીં, એમ તાત્પર્ય ગ્રહણ કરવું કે નિર્વિકાર શુદ્ધ અનુભૂતિ પ્રત્યે અભિમુખ જે મતિજ્ઞાન તે જ ઉપાદેયભૂત અનંત સુખનું સાધક હોવાથી નિશ્ચયથી ઉપાદેય છે, તેના સાધનભૂત બહિરંગ મતિજ્ઞાન તો વ્યવહારથી ઉપાદેય છે.)

તે જ પૂર્વોક્ત આત્મા, શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં, મૂર્ત-અમૂર્ત વસ્તુને પરોક્ષરૂપે જે જાણે છે તેને જ્ઞાનીઓ શ્રુતજ્ઞાન કહે છે. તે લબ્ધિરૂપ અને ભાવનારૂપ છે તેમ જ ઉપયોગરૂપ અને નયરૂપ છે. 'ઉપયોગ' શબ્દથી અહીં વસ્તુને ગ્રહનારું પ્રમાણ સમજવું અર્થાત્ આખી વસ્તુને જાણનારું જ્ઞાન સમજવું અને 'નય'શબ્દથી વસ્તુના (ગુણપર્યાયરૂપ) એક દેશને ગ્રહનારો એવો જ્ઞાતાનો અભિપ્રાય સમજવો. (અહીં એમ તાત્પર્ય ગ્રહણ કરવું કે વિશુદ્ધજ્ઞાનદર્શન જેનો સ્વભાવ છે એવા શુદ્ધ આત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ અભેદરત્નત્રયાત્મક જે ભાવશ્રુત તે જ ઉપાદેયભૂત પરમાત્મતત્ત્વનું સાધક હોવાથી નિશ્ચયથી ઉપાદેય છે પરંતુ તેના સાધનભૂત બહિરંગ શ્રુતજ્ઞાન તો વ્યવહારથી ઉપાદેય છે.)

આ આત્મા, અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં, મૂર્ત વસ્તુને જે પ્રત્યક્ષપણે જાણે છે તે અવધિજ્ઞાન છે. તે અવધિજ્ઞાન લબ્ધિરૂપ અને ઉપયોગરૂપ એમ બે પ્રકારે જાણવું. અથવા અવધિજ્ઞાન દેશાવધિ, પરમાવધિ અને સર્વાવધિ એવા ભેદો વડે ત્રણ પ્રકારે છે. તેમાં, પરમાવધિ અને સર્વાવધિ ચૈતન્યના ઊછળવાથી ભરપૂર આનંદરૂપ પરમસુખામૃતના રસાસ્વાદરૂપ સમરસીભાવે પરિણત ચરમદેહી તપોધનોને હોય છે. ત્રણે પ્રકારનાં અવધિજ્ઞાનો વિશિષ્ટ સમ્યક્ત્વાદિ ગુણથી નિશ્ચયે થાય છે. દેવો અને નારકોને થતું ભવપ્રત્યયી જે અવધિજ્ઞાન તે નિયમથી દેશાવધિ જ હોય છે.

—इत्थं मतिज्ञानादिज्ञानोपयोगाष्टकं व्याख्यातम् ॥४१॥

---

આ આત્મા, મનઃપર્યયજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં, પરમનોગત મૂર્ત વસ્તુને જે પ્રત્યક્ષપણે જાણે છે તે મનઃપર્યયજ્ઞાન છે. ૠજુમતિ અને વિપુલમતિ એવા ભેદો વડે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે. ત્યાં, વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન પરના મનવચનકાય સંબંધી પદાર્થને, વક્ર તેમ જ અવક્ર બન્નેને, જાણે છે અને ૠજુમતિ મનઃપર્યયજ્ઞાન તો ૠજુને (અવક્રને) જ જાણે છે. નિર્વિકાર આત્માની ઉપલબ્ધિ અને ભાવના સહિત ચરમદેહી મુનિઓને વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન હોય છે. આ બન્ને મનઃપર્યયજ્ઞાનો વીતરાગ આત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનની ભાવના સહિત, પંદર પ્રમાદ રહિત અપ્રમત્ત મુનિને ઉપયોગમાં—વિશુદ્ધ પરિણામમાં—ઉત્પન્ન થાય છે. અહીં મનઃપર્યયજ્ઞાનના ઉત્પાદકાળે જ અપ્રમત્તપણાનો નિયમ છે, પછી પ્રમત્તપણામાં પણ તે સંભવે છે.

જે જ્ઞાન ઘટપટાદિ જ્ઞેય પદાર્થોને અવલંબીને ઊપજતું નથી તે કેવળજ્ઞાન છે. તે શ્રુતજ્ઞાનસ્વરૂપ પણ નથી. જોકે દિવ્યધ્વનિકાળે તેના આધારે ગણધરદેવ વગેરેને શ્રુતજ્ઞાન પરિણમે છે તોપણ તે શ્રુતજ્ઞાન ગણધરદેવ વગેરેને જ હોય છે, કેવળીભગવંતોને તો કેવળજ્ઞાન જ હોય છે. વળી, કેવળીભગવંતોને શ્રુતજ્ઞાન નથી એટલું જ નહિ, પણ તેમને જ્ઞાન-અજ્ઞાન પણ નથી અર્થાત્ તેમને કોઈ વિષયનું જ્ઞાન અને કોઈ વિષયનું અજ્ઞાન હોય એમ પણ નથી—સર્વ વિષયોનું જ્ઞાન જ હોય છે; અથવા, તેમને મતિજ્ઞાનાદિ અનેક ભેદવાળું જ્ઞાન નથી—કેવળજ્ઞાન એક જ છે.

અહીં જે પાંચ જ્ઞાનો વર્ણવવામાં આવ્યાં તે વ્યવહારથી વર્ણવવામાં આવ્યાં છે. નિશ્ચયથી તો વાદળાં વિનાના સૂર્યની માફક આત્મા અખંડ-એક-જ્ઞાનપ્રતિભાસમય જ છે.

હવે અજ્ઞાનત્રય વિષે કહેવામાં આવે છેઃ—

મિથ્યાત્વ દ્વારા અર્થાત્ ભાવ-આવરણ દ્વારા અજ્ઞાન (–કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન તથા વિભંગજ્ઞાન) અને અવિરતિભાવ હોય છે તથા જ્ઞેયને અવલંબતાં (–જ્ઞેય સંબંધી વિચાર અથવા જ્ઞાન કરતાં) તે તે કાળે દુઃનય અને દુઃપ્રમાણ હોય છે. (મિથ્યાદર્શનના સદ્ભાવમાં વર્તતું મતિજ્ઞાન તે કુમતિજ્ઞાન છે, શ્રુતજ્ઞાન તે કુશ્રુતજ્ઞાન છે, અવધિજ્ઞાન તે વિભંગજ્ઞાન છે; તેના સદ્ભાવમાં વર્તતા નયો તે દુઃનયો છે અને પ્રમાણ તે દુઃપ્રમાણ છે.) માટે એમ ભાવાર્થ સમજવો કે નિર્વિકાર શુદ્ધ આત્માની અનુભૂતિસ્વરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ઉપાદેય છે.

दंसणमवि चक्खुजुदं अचक्खुजुदमवि य ओहिणा सहियं ।
अणिधणमणंतविसयं केवलियं चावि पण्णत्तं ॥४२॥

दर्शनमपि चक्षुर्युतमचक्षुर्युतमपि चावधिना सहितम् ।
अनिधनमनन्तविषयं कैवल्यं चापि प्रज्ञप्तम् ॥४२॥

दर्शनोपयोगविशेषाणां नामस्वरूपाभिधानमेतत् ।

चक्षुर्दर्शनमचक्षुर्दर्शनमवधिदर्शनं केवलदर्शनमिति नामाभिधानम्। आत्मा ह्यनन्त-सर्वात्मप्रदेशव्यापिविशुद्धदर्शनसामान्यात्मा। स खल्वनादिदर्शनावरणकर्मावच्छन्नप्रदेशः सन्, यत्तदावरणक्षयोपशमाच्चक्षुरिन्द्रियावलम्बाच्च मूर्तद्रव्यं विकलं सामान्येनावबुध्यते

---

એ પ્રમાણે જ્ઞાનોપયોગોનું વર્ણન કરવામાં આવ્યું. ૪૧.

દર્શન તણા ચક્ષુ-અચક્ષુરૂપ, અવધિરૂપ ને
નિઃસીમવિષય અનિધન કેવળરૂપ ભેદ કહેલ છે. ૪૨.

અન્વયાર્થ :—[ दर्शनम् अपि ] દર્શન પણ [ चक्षुर्युतम् ] ચક્ષુદર્શન, [ अचक्षुर्युतम् अपि च ] અચક્ષુદર્શન, [ अवधिना सहितम् ] અવધિદર્શન [ च अपि ] અને [ अनंतविषयम् ] અનંત જેનો વિષય છે એવું [ अनिधनम् ] અવિનાશી [ कैवल्यं ] કેવળદર્શન [ प्रज्ञप्तम् ]—એમ ચાર ભેદવાળું કહ્યું છે.

ટીકા :—આ, દર્શનોપયોગના ભેદોનાં નામ અને સ્વરૂપનું કથન છે.

(૧) ચક્ષુદર્શન, (૨) અચક્ષુદર્શન, (૩) અવધિદર્શન અને (૪) કેવળદર્શન—એ પ્રમાણે (દર્શનોપયોગના ભેદોનાં) નામનું કથન છે.

(હવે તેમનાં સ્વરૂપનું કથન કરવામાં આવે છે :—) આત્મા ખરેખર અનંત, સર્વ આત્મપ્રદેશોમાં વ્યાપક, વિશુદ્ધ દર્શનસામાન્યસ્વરૂપ છે. તે (આત્મા) ખરેખર અનાદિ દર્શનાવરણકર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકો, (૧) તે પ્રકારના (અર્થાત્ ચક્ષુદર્શનના) આવરણના ક્ષયોપશમથી અને ચક્ષુ-ઇન્દ્રિયના અવલંબનથી મૂર્ત દ્રવ્યને વિકળપણે ★સામાન્યતઃ અવબોધે છે તે ચક્ષુદર્શન છે, (૨) તે પ્રકારના આવરણના

---

★ સામાન્યતઃ અવબોધવું=દેખવું. (સામાન્ય અવબોધ અર્થાત્ સામાન્ય પ્રતિભાસ તે દર્શન છે.)

तच्चक्षुर्दर्शनम्, यत्तदावरणक्षयोपशमाच्चक्षुर्वर्जितेतरचतुरिन्द्रियानिन्द्रियावलम्बाच्च मूर्तामूर्तद्रव्यं विकलं सामान्येनावबुध्यते तदचक्षुर्दर्शनम्, यत्तदावरणक्षयोपशमादेव मूर्तद्रव्यं विकलं सामान्येनावबुध्यते तदवधिदर्शनम्, यत्सकलावरणात्यन्तक्षये केवल एव मूर्तामूर्तद्रव्यं सकलं सामान्येनावबुध्यते तत्स्वाभाविकं केवलदर्शनमिति स्वरूपाभिधानम्।।४२।।

ण वियप्पदि णाणादो णाणी णाणाणि होंति णेगाणि।
तम्हा दु विस्सरूवं भणियं दवियं ति णाणीहिं।।४३।।

न विकल्प्यते ज्ञानात् ज्ञानी ज्ञानानि भवन्त्यनेकानि।
तस्मात्तु विश्वरूपं भणितं द्रव्यमिति ज्ञानिभिः।।४३।।

एकस्यात्मनोऽनेकज्ञानात्मकत्वसमर्थनमेतत्।

न तावज्ज्ञानी ज्ञानात्पृथग्भवति, द्वयोरप्येकास्तित्वनिर्वृत्तत्वेनैकद्रव्यत्वात्,

---

ક્ષયોપશમથી અને ચક્ષુ સિવાય બાકીની ચાર ઇન્દ્રિયો તથા મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિકળપણે સામાન્યતઃ અવબોધે છે તે અચક્ષુદર્શન છે, (૩) તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ મૂર્ત દ્રવ્યને વિકળપણે સામાન્યતઃ અવબોધે છે તે અવધિદર્શન છે, (૪) સમસ્ત આવરણના અત્યંત ક્ષયે, કેવળ જ (—આત્મા એકલો જ), મૂર્ત-અમૂર્ત દ્રવ્યને સકળપણે સામાન્યતઃ અવબોધે છે તે સ્વાભાવિક કેવળદર્શન છે. —આ પ્રમાણે (દર્શનોપયોગના ભેદોનાં) સ્વરૂપનું કથન છે. ૪૨.

છે જ્ઞાનથી નહિ ભિન્ન જ્ઞાની, જ્ઞાન તોય અનેક છે;
તે કારણે તો વિશ્વરૂપ કહ્યું દરવને જ્ઞાનીએ. ૪૩.

**અન્વયાર્થઃ**—[ज्ञानात्] જ્ઞાનથી [ज्ञानी न विकल्प्यते] જ્ઞાનીનો (—આત્માનો) ભેદ પાડવામાં આવતો નથી; [ज्ञानानि अनेकानि भवन्ति] તોપણ જ્ઞાનો અનેક છે. [तस्मात् तु] તેથી તો [ज्ञानिभिः] જ્ઞાનીઓએ [द्रव्यं] દ્રવ્યને [विश्वरूपम् इति भणितम्] વિશ્વરૂપ (—અનેકરૂપ) કહ્યું છે.

**ટીકાઃ**—એક આત્મા અનેક જ્ઞાનાત્મક હોવાનું આ સમર્થન છે.

પ્રથમ તો જ્ઞાની (—આત્મા) જ્ઞાનથી પૃથક્ નથી; કારણ કે બન્ને એક અસ્તિત્વથી રચાયાં હોવાથી બન્નેને એકદ્રવ્યપણું છે, બન્નેના અભિન્ન પ્રદેશો હોવાથી

द्वयोरप्यभिन्नप्रदेशत्वेनैकक्षेत्रत्वात्, द्वयोरप्येकसमयनिर्वृत्तत्वेनैककालत्वात्, द्वयोरप्येकस्वभावत्वेनैकभावत्वात्। न चैवमुच्यमानेप्येकस्मिन्नात्मन्याभिनिबोधिकादीन्यनेकानि ज्ञानानि विरुध्यन्ते, द्रव्यस्य विश्वरूपत्वात्। द्रव्यं हि सहक्रमप्रवृत्तानन्तगुणपर्यायाधारतयानन्तरूपत्वादेकमपि विश्वरूपमभिधीयत इति॥४३॥

**जदि हवदि दव्वमण्णं गुणदो य गुणा य दव्वदो अण्णे।**
**दव्वाणंतियमधवा दव्वाभावं पकुव्वंति॥४४॥**

यदि भवति द्रव्यमन्यद्गुणतश्च गुणाश्च द्रव्यतोऽन्ये।
द्रव्यानन्त्यमथवा द्रव्याभावं प्रकुर्वन्ति॥४४॥

द्रव्यस्य गुणेभ्यो भेदे, गुणानां च द्रव्याद्भेदे दोषोपन्यासोऽयम्।

---

બન્નેને એકક્ષેત્રપણું છે, બન્ને એક સમયે રચાતાં હોવાથી બન્નેને એકકાળપણું છે, બન્નેનો એક સ્વભાવ હોવાથી બન્નેને એકભાવપણું છે. પરંતુ આમ કહેવામાં આવતું હોવા છતાં, એક આત્મામાં આભિનિબોધિક (-મતિ) આદિ અનેક જ્ઞાનો વિરોધ પામતાં નથી, કારણ કે દ્રવ્ય વિશ્વરૂપ છે. દ્રવ્ય ખરેખર સહવર્તી અને ક્રમવર્તી એવા અનંત ગુણો અને પર્યાયોનો આધાર હોવાને લીધે અનંતરૂપવાળું હોવાથી, એક હોવા છતાં પણ, *વિશ્વરૂપ કહેવાય છે. ૪૩.

જો દ્રવ્ય ગુણથી અન્ય ને ગુણ અન્ય માનો દ્રવ્યથી,
તો થાય દ્રવ્ય-અનંતતા વા થાય નાસ્તિ દ્રવ્યની. ૪૪.

**અન્વયાર્થ :—**[ यदि ] જો [ द्रव्यं ] દ્રવ્ય [ गुणतः ] ગુણથી [ अन्यत् च भवति ] અન્ય (-ભિન્ન) હોય [ गुणाः च ] અને ગુણો [ द्रव्यतः अन्ये ] દ્રવ્યથી અન્ય હોય તો [ द्रव्यानन्त्यम् ] દ્રવ્યની અનંતતા થાય [ अथवा ] અથવા [ द्रव्याभावं ] દ્રવ્યનો અભાવ [ प्रकुर्वन्ति ] થાય.

**ટીકા :—**દ્રવ્યનું ગુણોથી ભિન્નપણું હોય અને ગુણોનું દ્રવ્યથી ભિન્નપણું હોય તો દોષ આવે છે તેનું આ કથન છે.

---

★ વિશ્વરૂપ=અનેકરૂપ. [એક દ્રવ્ય સહવર્તી અનંત ગુણોનો અને ક્રમવર્તી અનંત પર્યાયોનો આધાર હોવાને લીધે અનંતરૂપવાળું પણ છે તેથી તેને વિશ્વરૂપ (અનેકરૂપ) પણ કહેવામાં આવે છે. માટે એક આત્મા અનેક જ્ઞાનાત્મક હોવામાં વિરોધ નથી.]

गुणा हि क्वचिदाश्रिताः। यत्राश्रितास्तद्द्रव्यम्। तच्चेदन्यद्गुणेभ्यः। पुनरपि गुणाः क्वचिदाश्रिताः। यत्राश्रितास्तद्द्रव्यम्। तदपि अन्यच्चेद्गुणेभ्यः। पुनरपि गुणाः क्वचिदाश्रिताः। यत्राश्रिताः तद्द्रव्यम्। तदप्यन्यदेव गुणेभ्यः। एवं द्रव्यस्य गुणेभ्यो भेदे भवति द्रव्यानन्त्यम्। द्रव्यं हि गुणानां समुदायः। गुणाश्चेदन्ये समुदायात्, को नाम समुदायः। एवं गुणानां द्रव्याद्भेदे भवति द्रव्याभाव इति॥४४॥

**अविभत्तमणण्णत्तं दव्वगुणाणं विभत्तमण्णत्तं ।**
**णिच्छंति णिच्चयण्हू तव्विवरीदं हि वा तेसिं ॥४५॥**

अविभक्तमनन्यत्वं द्रव्यगुणानां विभक्तमन्यत्वम् ।
नेच्छन्ति निश्चयज्ञास्तद्विपरीतं हि वा तेषाम् ॥४५॥

द्रव्यगुणानां स्वोचितानन्यत्वोक्तिरियम्।

---

ગુણો ખરેખર કોઈકના આશ્રયે હોય; (તેઓ) જેના આશ્રયે હોય તે દ્રવ્ય હોય. તે (-દ્રવ્ય) જો ગુણોથી અન્ય (-ભિન્ન) હોય તો—ફરીને પણ, ગુણો કોઈકના આશ્રયે હોય; (તેઓ) જેના આશ્રયે હોય તે દ્રવ્ય હોય. તે જો ગુણોથી અન્ય હોય તો—ફરીને પણ, ગુણો કોઈકના આશ્રયે હોય; (તેઓ) જેના આશ્રયે હોય તે દ્રવ્ય હોય. તે પણ ગુણોથી અન્ય જ હોય...એ પ્રમાણે, જો દ્રવ્યનું ગુણોથી ભિન્નપણું હોય તો, દ્રવ્યનું અનંતપણું થાય.

ખરેખર દ્રવ્ય એટલે ગુણોનો સમુદાય. ગુણો જો સમુદાયથી અન્ય હોય તો સમુદાય કેવો? (અર્થાત્ જો ગુણોને સમુદાયથી ભિન્ન માનવામાં આવે તો સમુદાય ક્યાંથી ઘટે? એટલે કે દ્રવ્ય જ ક્યાંથી ઘટે?) એ પ્રમાણે, જો ગુણોનું દ્રવ્યથી ભિન્નપણું હોય તો, દ્રવ્યનો અભાવ થાય. ૪૪.

ગુણ-દ્રવ્યને અવિભક્તરૂપ અનન્યતા બુધમાન્ય છે;
પણ ત્યાં વિભક્ત અનન્યતા વા અન્યતા નહિ માન્ય છે. ૪૫.

**અન્વયાર્થ :**—[ द्रव्यगुणानाम् ] દ્રવ્ય અને ગુણોને [ अविभक्तम् अनन्यत्वम् ] અવિભક્તપણારૂપ અનન્યપણું છે; [ निश्चयज्ञाः हि ] નિશ્ચયના જાણનારાઓ [ तेषाम् ] તેમને [ विभक्तम् अन्यत्वम् ] વિભક્તપણારૂપ અન્યપણું [ वा ] કે [ तद्विपरीतं ] (વિભક્તપણારૂપ) અનન્યપણું [ न इच्छन्ति ] માનતા નથી.

**ટીકા :**—આ, દ્રવ્ય અને ગુણોના સ્વોચિત અનન્યપણાનું કથન છે (અર્થાત્ દ્રવ્ય

अविभक्तप्रदेशत्वलक्षणं द्रव्यगुणानामनन्यत्वमभ्युपगम्यते। विभक्तप्रदेशत्वलक्षणं त्वन्यत्वमनन्यत्वं च नाभ्युपगम्यते। तथाहि—यथैकस्य परमाणोरेकेनात्मप्रदेशेन सहाविभक्तत्वादनन्यत्वं, तथैकस्य परमाणोस्तद्वर्तिनां स्पर्शरसगन्धवर्णादिगुणानां चाविभक्तप्रदेशत्वादनन्यत्वम्। यथा त्वत्यन्तविप्रकृष्टयोः सह्यविन्ध्ययोरत्यन्तसन्निकृष्टयोश्च मिश्रितयोस्तोयपयसोर्विभक्तप्रदेशत्वलक्षणमन्यत्वमनन्यत्वं च, न तथा द्रव्यगुणानां विभक्तप्रदेशत्वाभावादन्यत्वमनन्यत्वं चेति॥४५॥

ववदेसा संठाणा संखा विसया य होंति ते बहुगा।
ते तेसिमणण्णत्ते अण्णत्ते चावि विज्ञंते॥४६॥

---

અને ગુણોને કેવું અનન્યપણું ઘટે છે તે અહીં કહ્યું છે).

દ્રવ્ય અને ગુણોને ★અવિભક્તપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું સ્વીકારવામાં આવે છે; પરંતુ વિભક્તપ્રદેશત્વસ્વરૂપ અન્યપણું તથા (વિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું સ્વીકારવામાં આવતું નથી. તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે:—જેમ એક પરમાણુને એક સ્વપ્રદેશ સાથે અવિભક્તપણું હોવાથી અનન્યપણું છે, તેમ એક પરમાણુને અને તેમાં રહેલા સ્પર્શ-રસ-ગંધ-વર્ણ વગેરે ગુણોને અવિભક્ત પ્રદેશો હોવાથી (અવિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું છે; પરંતુ જેમ અત્યંત દૂર એવા [1]સહ્ય અને વિંધ્યને વિભક્તપ્રદેશત્વસ્વરૂપ અન્યપણું છે તથા અત્યંત નિકટ એવાં મિશ્રિત [2]ક્ષીર-નીરને વિભક્તપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું છે, તેમ દ્રવ્ય અને ગુણોને વિભક્ત પ્રદેશો નહિ હોવાથી (વિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અન્યપણું તથા (વિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું નથી. ૪૫.

વ્યપદેશ ને સંસ્થાન, સંખ્યા, વિષય બહુ યે હોય છે;
તે તેમના અન્યત્વ તેમ અનન્યતામાં પણ ઘટે. ૪૬.

---

★ અવિભક્ત=અભિન્ન. (દ્રવ્ય અને ગુણોના પ્રદેશો અભિન્ન છે તેથી દ્રવ્ય અને ગુણોને અભિન્નપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું છે.)

૧. અત્યંત દૂર રહેલા સહ્ય અને વિંધ્ય નામના પર્વતોને ભિન્નપ્રદેશત્વસ્વરૂપ અન્યપણું છે.

૨. અત્યંત નજીક રહેલાં મિશ્રિત દૂધ-જળને ભિન્નપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું છે. દ્રવ્ય અને ગુણોને એવું અનન્યપણું નથી, પરંતુ અભિન્નપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું છે.

व्यपदेशाः संस्थानानि संख्या विषयाश्च भवन्ति ते बहुकाः ।
ते तेषामनन्यत्वे अन्यत्वे चापि विद्यन्ते ।।४६।।

व्यपदेशादीनामेकान्तेन द्रव्यगुणान्यत्वनिबन्धनत्वमत्र प्रत्याख्यातम् ।

यथा देवदत्तस्य गौरित्यन्यत्वे षष्ठीव्यपदेशः, तथा वृक्षस्य शाखा द्रव्यस्य गुणा इत्यनन्यत्वेऽपि। यथा देवदत्तः फलमङ्कुशेन धनदत्ताय वृक्षाद्वाटिकायामवचिनोतीत्यन्यत्वे कारकव्यपदेशः, तथा मृत्तिका घटभावं स्वयं स्वेन स्वस्मै स्वस्मात् स्वस्मिन् करोतीत्यात्मात्मानमात्मनात्मने आत्मन आत्मनि जानातीत्यनन्यत्वेऽपि। यथा प्रांशोर्देवदत्तस्य प्रांशुर्गौरित्यन्यत्वे संस्थानं, तथा प्रांशोर्वृक्षस्य प्रांशुः शाखाभरो मूर्तद्रव्यस्य मूर्ता गुणा इत्यनन्यत्वेऽपि। यथैकस्य देवदत्तस्य दश गाव इत्यन्यत्वे संख्या, तथैकस्य

---

અન્વયાર્થ :—[ व्यपदेशाः ] વ્યપદેશો, [ संस्थानानि ] સંસ્થાનો, [ संख्याः ] સંખ્યાઓ [ च ] અને [ विषयाः ] વિષયો [ ते बहुकाः भवन्ति ] ઘણાં હોય છે. [ ते ] તે (વ્યપદેશ વગેરે), [ तेषाम् ] દ્રવ્ય-ગુણોના [ अन्यत्वे ] અન્યપણામાં [ अनन्यत्वे च अपि ] તેમ જ અનન્યપણામાં પણ [ विद्यन्ते ] હોઈ શકે છે.

ટીકા :—અહીં ★વ્યપદેશ વગેરે એકાંતે દ્રવ્ય-ગુણોના અન્યપણાનું કારણ હોવાનું ખંડન કર્યું છે.

જેવી રીતે 'દેવદત્તની ગાય' એમ અન્યપણામાં ષષ્ઠીવ્યપદેશ (–છઠ્ઠી વિભક્તિનું કથન) હોય છે, તેવી રીતે 'વૃક્ષની શાખાઓ', 'દ્રવ્યના ગુણો' એમ અનન્યપણામાં પણ (ષષ્ઠીવ્યપદેશ) હોય છે. જેવી રીતે 'દેવદત્ત ફળને અંકુશ વડે ધનદત્તને માટે વૃક્ષ પરથી વાડીમાં તોડે છે' એમ અન્યપણામાં કારકવ્યપદેશ હોય છે, તેવી રીતે 'માટી પોતે ઘટભાવને (–ઘડારૂપ પરિણામને) પોતા વડે પોતાને માટે પોતામાંથી પોતામાં કરે છે', 'આત્મા આત્માને આત્મા વડે આત્માને માટે આત્મામાંથી આત્મામાં જાણે છે' એમ અનન્યપણામાં પણ (કારકવ્યપદેશ) હોય છે. જેવી રીતે 'ઊંચા દેવદત્તની ઊંચી ગાય' એમ અન્યપણામાં સંસ્થાન હોય છે, તેવી રીતે 'વિશાળ વૃક્ષનો વિશાળ શાખાસમુદાય', 'મૂર્ત દ્રવ્યના મૂર્ત ગુણો' એમ અનન્યપણામાં પણ (સંસ્થાન) હોય છે.

---

★ વ્યપદેશ = કથન; અભિધાન. (આ ગાથામાં એમ સમજાવ્યું છે કે—જ્યાં ભેદ હોય ત્યાં જ વ્યપદેશ વગેરે ઘટે એવું કાંઈ નથી; જ્યાં અભેદ હોય ત્યાં પણ તેઓ ઘટે છે. માટે દ્રવ્ય-ગુણોમાં જે વ્યપદેશ વગેરે હોય છે તે કાંઈ એકાંતે દ્રવ્ય-ગુણોના ભેદને સિદ્ધ કરતા નથી.)

પં. ૧૧

वृक्षस्य दश शाखाः एकस्य द्रव्यस्यानन्ता गुणा इत्यनन्यत्वेऽपि। यथा गोष्ठे गाव इत्यन्यत्वे विषयः, तथा वृक्षे शाखाः द्रव्ये गुणा इत्यनन्यत्वेऽपि। ततो न व्यपदेशादयो द्रव्यगुणानां वस्तुत्वेन भेदं साधयन्तीति॥४६॥

**णाणं धणं च कुव्वदि धणिणं जह णाणिणं च दुविधेहिं।**
**भण्णंति तह पुधत्तं एयत्तं चावि तच्चण्हू॥४७॥**

ज्ञानं धनं च करोति धनिनं यथा ज्ञानिनं च द्विविधाभ्याम्।
भणन्ति तथा पृथक्त्वमेकत्वं चापि तत्त्वज्ञाः॥४७॥

वस्तुत्वभेदाभेदोदाहरणमेतत्।

यथा धनं भिन्नास्तित्वनिर्वृत्तं भिन्नास्तित्वनिर्वृत्तस्य, भिन्नसंस्थानं भिन्नसंस्था-

---

જેવી રીતે 'એક દેવદત્તની દસ ગાયો' એમ અન્યપણામાં સંખ્યા હોય છે, તેવી રીતે 'એક વૃક્ષની દશ શાખાઓ', 'એક દ્રવ્યના અનંત ગુણો' એમ અનન્યપણામાં પણ (સંખ્યા) હોય છે. જેવી રીતે 'વાડામાં ગાયો' એમ અન્યપણામાં વિષય (-આધાર) હોય છે, તેવી રીતે 'વૃક્ષમાં શાખાઓ', 'દ્રવ્યમાં ગુણો' એમ અનન્યપણામાં પણ (વિષય) હોય છે. માટે (એમ સમજવું કે) વ્યપદેશ વગેરે, દ્રવ્ય-ગુણોમાં વસ્તુપણે ભેદ સિદ્ધ કરતા નથી. ૪૬.

ધનથી 'ધની' ને જ્ઞાનથી 'જ્ઞાની'—દ્વિધા વ્યપદેશ છે,
તે રીત તત્ત્વજ્ઞો કહે એકત્વ તેમ પૃથક્ત્વને. ૪૭.

**અન્વયાર્થ :**—[यथा] જેવી રીતે [धनं] ધન [च] અને [ज्ञानं] જ્ઞાન [धनिनं] (પુરુષને) 'ધની' [च] અને [ज्ञानिनं] 'જ્ઞાની' [करोति] કરે છે—[द्विविधाभ्याम् भणन्ति] એમ બે પ્રકારે કહેવામાં આવે છે, [तथा] તેવી રીતે [तत्त्वज्ञाः] તત્ત્વજ્ઞો [पृथक्त्वम्] પૃથક્ત્વ [च अपि] તેમ જ [एकत्वम्] એકત્વને કહે છે.

**ટીકા :**—આ, વસ્તુપણે ભેદ અને (વસ્તુપણે) અભેદનું ઉદાહરણ છે.

જેવી રીતે (૧) ભિન્ન અસ્તિત્વથી રચાયેલું, (૨) ભિન્ન સંસ્થાનવાળું, (૩) ભિન્ન સંખ્યાવાળું અને (૪) ભિન્ન વિષયમાં રહેલું એવું ધન (૧) ભિન્ન

नस्य, भिन्नसंख्यं भिन्नसंख्यस्य, भिन्नविषयलब्धवृत्तिकं भिन्नविषयलब्धवृत्तिकस्य पुरुषस्य धनीति व्यपदेशं पृथक्त्वप्रकारेण कुरुते, यथा च ज्ञानमभिन्नास्तित्वनिर्वृत्तमभिन्नास्तित्वनिर्वृत्तस्याभिन्नसंस्थानमभिन्नसंस्थानस्याभिन्नसंख्यमभिन्नसंख्यस्याभिन्नविषयलब्धवृत्तिकमभिन्नविषयलब्धवृत्तिकस्य पुरुषस्य ज्ञानीति व्यपदेशमेकत्वप्रकारेण कुरुते; तथान्यत्रापि। यत्र द्रव्यस्य भेदेन व्यपदेशादिः तत्र पृथक्त्वं, यत्राभेदेन तत्रैकत्वमिति ॥४७॥

णाणी णाणं च सदा अत्थंतरिदा दु अण्णमण्णस्स ।
दोण्हं अचेदणत्तं पसजदि सम्मं जिणावमदं ॥४८॥

ज्ञानी ज्ञानं च सदार्थान्तरिते त्वन्योऽन्यस्य ।
द्वयोरचेतनत्वं प्रसजति सम्यग् जिनावमतम् ॥४८॥

---

અસ્તિત્વથી રચાયેલા, (૨) ભિન્ન સંસ્થાનવાળા, (૩) ભિન્ન સંખ્યાવાળા અને (૪) ભિન્ન વિષયમાં રહેલા એવા પુરુષને ‘ધની’ એવો વ્યપદેશ પૃથક્ત્વપ્રકારથી કરે છે, તથા જેવી રીતે (૧) અભિન્ન અસ્તિત્વથી રચાયેલું, (૨) અભિન્ન સંસ્થાનવાળું, (૩) અભિન્ન સંખ્યાવાળું અને (૪) અભિન્ન વિષયમાં રહેલું એવું જ્ઞાન (૧) અભિન્ન અસ્તિત્વથી રચાયેલા, (૨) અભિન્ન સંસ્થાનવાળા, (૩) અભિન્ન સંખ્યાવાળા અને (૩) અભિન્ન વિષયમાં રહેલા એવા પુરુષને ‘જ્ઞાની’ એવો વ્યપદેશ એકત્વપ્રકારથી કરે છે, તેવી રીતે અન્યત્ર પણ સમજવું. જ્યાં દ્રવ્યના ભેદથી વ્યપદેશ વગેરે હોય ત્યાં પૃથક્ત્વ છે, જ્યાં (દ્રવ્યના) અભેદથી (વ્યપદેશ વગેરે) હોય ત્યાં એકત્વ છે. ૪૭.

જો હોય અર્થાંતરપણું અન્યોન્ય જ્ઞાની-જ્ઞાનને,
બન્ને અચેતનતા લહે—જિનદેવને નહિ માન્ય જે. ૪૮.

**અન્વયાર્થ :**—[ ज्ञानी ] જો જ્ઞાની (—આત્મા) [ च ] અને [ ज्ञानं ] જ્ઞાન [ सदा ] સદા [ अन्योऽन्यस्य ] પરસ્પર [ अर्थान्तरिते तु ] અર્થાંતરભૂત (ભિન્નપદાર્થભૂત) હોય તો [ द्वयोः ] બન્નેને [ अचेतनत्वं प्रसजति ] અચેતનપણાનો પ્રસંગ આવે—[ सम्यग् जिनावमतम् ] કે જે જિનોને સમ્યક્ પ્રકારે અસંમત છે.

**द्रव्यगुणानामर्थान्तरभूतत्वे दोषोऽयम्।**

**ज्ञानी ज्ञानाद्यद्यर्थान्तरभूतस्तदा स्वकरणांशमन्तरेण परशुरहितदेवदत्तवत्करणव्यापारासमर्थत्वादचेतयमानोऽचेतन एव स्यात्। ज्ञानञ्च यदि ज्ञानिनोऽर्थान्तरभूतं तदा तत्कर्त्रंशमन्तरेण देवदत्तरहितपरशुवत्तत्कर्तृत्वव्यापारासमर्थत्वादचेतयमानमचेतनमेव स्यात्। न च ज्ञानज्ञानिनोर्युतसिद्धयोस्संयोगेन चेतनत्वं द्रव्यस्य निर्विशेषस्य गुणानां निराश्रयाणां शून्यत्वादिति॥४८॥**

---

**ટીકાઃ—દ્રવ્ય અને ગુણોને અર્થાંતરપણું હોય તો આ (નીચે પ્રમાણે) દોષ આવે.**

**જો જ્ઞાની (-આત્મા) જ્ઞાનથી અર્થાંતરભૂત હોય તો (આત્મા) પોતાના કરણ-અંશ વિના, કુહાડી વિનાના દેવદત્તની માફક, [1]કરણનો વ્યાપાર કરવામાં અસમર્થ થવાથી નહિ ચેતતો (-જાણતો) થકો અચેતન જ હોય. અને જો જ્ઞાન જ્ઞાનીથી (-આત્માથી) અર્થાંતરભૂત હોય તો જ્ઞાન તેના કર્તૃ-અંશ વિના, દેવદત્ત વિનાની કુહાડીની માફક, તેના [2]કર્તાનો વ્યાપાર કરવામાં અસમર્થ થવાથી નહિ ચેતતું (-જાણતું) થકું અચેતન જ હોય. વળી [3]યુતસિદ્ધ એવાં જ્ઞાન અને જ્ઞાનીને (જ્ઞાન અને આત્માને) સંયોગથી ચેતનપણું હોય એમ પણ નથી, કારણ કે નિર્વિશેષ દ્રવ્ય અને નિરાશ્રય ગુણો શૂન્ય હોય. ૪૮.**

---

૧. કરણનો વ્યાપાર = સાધનનું કાર્ય. [આત્મા કર્તા છે અને જ્ઞાન કરણ છે. જો આત્મા જ્ઞાનથી ભિન્ન જ હોય તો આત્મા સાધનનો વ્યાપાર અર્થાત્ જ્ઞાનનું કાર્ય કરવામાં અસમર્થ થવાથી જાણી શકે નહિ તેથી આત્માને અચેતનપણું આવે.]

૨. કર્તાનો વ્યાપાર = કર્તાનું કાર્ય. [જ્ઞાન કરણ છે અને આત્મા કર્તા છે. જો જ્ઞાન આત્માથી ભિન્ન જ હોય તો જ્ઞાન કર્તાનો વ્યાપાર અર્થાત્ આત્માનું કાર્ય કરવામાં અસમર્થ થવાથી જાણી શકે નહિ તેથી જ્ઞાનને અચેતનપણું આવે.]

૩. યુતસિદ્ધ = જોડાઈને સિદ્ધ થયેલ; સમવાયથી—સંયોગથી સિદ્ધ થયેલ. [જેમ લાકડી અને માણસ જુદાં હોવા છતાં લાકડીના યોગથી માણસ 'લાકડીવાળો' થાય છે તેમ જ્ઞાન અને આત્મા જુદાં હોવા છતાં જ્ઞાન સાથે જોડાઈને આત્મા 'જ્ઞાનવાળો (-જ્ઞાની)' થાય છે એમ પણ નથી. લાકડી અને માણસની જેમ જ્ઞાન અને આત્મા કદી જુદાં હોય જ ક્યાંથી? વિશેષ રહિત દ્રવ્ય હોઈ શકે જ નહિ, તેથી જ્ઞાન વિનાનો આત્મા કેવો? અને આશ્રય વિના ગુણ હોઈ શકે જ નહિ, તેથી આત્મા વિના જ્ઞાન કેવું? માટે 'લાકડી' અને 'લાકડીવાળા'ની માફક 'જ્ઞાન' અને 'જ્ઞાની'નું યુતસિદ્ધપણું ઘટતું નથી.]

**ण हि सो समवायादो अत्थंतरिदो दु णाणदो णाणी।**
**अण्णाणी त्ति य वयणं एगत्तप्पसाधगं होदि ॥४६॥**

**न हि सः समवायादर्थान्तरितस्तु ज्ञानतो ज्ञानी।**
**अज्ञानीति च वचनमेकत्वप्रसाधकं भवति ॥४६॥**

ज्ञानज्ञानिनोः समवायसम्बन्धनिरासोऽयम्।

न खलु ज्ञानादर्थान्तरभूतः पुरुषो ज्ञानसमवायात् ज्ञानी भवतीत्युपपन्नम्। स खलु ज्ञानसमवायात्पूर्वं किं ज्ञानी किमज्ञानी? यदि ज्ञानी तदा ज्ञानसमवायो निष्फलः। अथाज्ञानी तदा किमज्ञानसमवायात्, किमज्ञानेन सहैकत्वात्? न तावद-ज्ञानसमवायात्; अज्ञानिनो ह्यज्ञानसमवायो निष्फलः, ज्ञानित्वं तु ज्ञानसमवाया-भावान्नास्त्येव। ततोऽज्ञानीति वचनमज्ञानेन सहैकत्वमवश्यं साधयत्येव। सिद्धे

---

રે! જીવ જ્ઞાનવિભિન્ન નહિ સમવાયથી જ્ઞાની બને;
‘અજ્ઞાની’ એવું વચન તે એકત્વની સિદ્ધિ કરે. ૪૯.

અન્વયાર્થ :—[ज्ञानतः अर्थान्तरितः तु] જ્ઞાનથી અર્થાંતરભૂત [सः] એવો તે (—આત્મા) [समवायात्] સમવાયથી [ज्ञानी] જ્ઞાની થાય છે [न हि] એમ ખરેખર નથી. [अज्ञानी] ‘અજ્ઞાની’ [इति च वचनम्] એવું વચન [एकत्वप्रसाधकं भवति] (ગુણ-ગુણીના) એકત્વને સિદ્ધ કરે છે.

ટીકા :—આ, જ્ઞાન અને જ્ઞાનીને સમવાયસંબંધ હોવાનું નિરાકરણ (ખંડન) છે.

જ્ઞાનથી અર્થાંતરભૂત આત્મા જ્ઞાનના સમવાયથી જ્ઞાની થાય છે એમ માનવું ખરેખર યોગ્ય નથી. (આત્મા જ્ઞાનના સમવાયથી જ્ઞાની થતો માનવામાં આવે તો અમે પૂછીએ છીએ કે) તે (—આત્મા) જ્ઞાનનો સમવાય થયા પહેલાં ખરેખર જ્ઞાની છે કે અજ્ઞાની? જો જ્ઞાની છે (એમ કહેવામાં આવે) તો જ્ઞાનનો સમવાય નિષ્ફળ છે. હવે જો અજ્ઞાની છે (એમ કહેવામાં આવે) તો (પૂછીએ છીએ કે) અજ્ઞાનના સમવાયથી અજ્ઞાની છે કે અજ્ઞાનની સાથે એકત્વથી અજ્ઞાની છે? પ્રથમ, અજ્ઞાનના સમવાયથી અજ્ઞાની હોઈ શકે નહિ; કારણ કે અજ્ઞાનીને અજ્ઞાનનો સમવાય નિષ્ફળ છે અને જ્ઞાનીપણું તો જ્ઞાનના સમવાયનો અભાવ હોવાથી છે જ નહિ. માટે ‘અજ્ઞાની’ એવું

चैवमज्ञानेन सहैकत्वे ज्ञानेनापि सहैकत्वमवश्यं सिध्यतीति।।४६।।

**समवत्ती समवाओ अपुधब्भूदो य अजुदसिद्धो य।**
**तम्हा दव्वगुणाणं अजुदा सिद्धि त्ति णिद्दिट्ठा।।५०।।**

समवर्तित्वं समवायः अपृथग्भूतत्वमयुतसिद्धत्वं च।
तस्माद्द्रव्यगुणानां अयुता सिद्धिरिति निर्दिष्टा।।५०।।

समवायस्य पदार्थान्तरत्वनिरासोऽयम्।

---

વચન અજ્ઞાનની સાથે એકત્વને અવશ્ય સિદ્ધ કરે છે જ. અને એ રીતે અજ્ઞાનની સાથે એકત્વ સિદ્ધ થતાં જ્ઞાનની સાથે પણ એકત્વ અવશ્ય સિદ્ધ થાય છે.

ભાવાર્થઃ—આત્માને અને જ્ઞાનને એકત્વ છે એમ અહીં યુક્તિથી સમજાવ્યું છે.

પ્રશ્નઃ—છદ્મસ્થદશામાં જીવને માત્ર અલ્પજ્ઞાન જ હોય છે અને કેવળીદશામાં તો પરિપૂર્ણ જ્ઞાન—કેવળજ્ઞાન થાય છે; માટે ત્યાં તો કેવળીભગવાનને જ્ઞાનનો સમવાય (–કેવળજ્ઞાનનો સંયોગ) થયો ને?

ઉત્તરઃ—ના, એમ નથી. જીવને અને જ્ઞાનગુણને સદાય એકત્વ છે, અભિન્નતા છે. છદ્મસ્થદશામાં પણ તે અભિન્ન જ્ઞાનગુણને વિષે શક્તિરૂપે કેવળજ્ઞાન હોય છે. કેવળીદશામાં, તે અભિન્ન જ્ઞાનગુણને વિષે શક્તિરૂપે રહેલું કેવળજ્ઞાન વ્યક્ત થાય છે; કેવળજ્ઞાન ક્યાંય બહારથી આવીને કેવળીભગવાનના આત્મા સાથે સમવાય પામે છે એમ નથી. છદ્મસ્થદશામાં અને કેવળીદશામાં જે જ્ઞાનનો તફાવત જણાય છે તે માત્ર શક્તિ-વ્યક્તિરૂપ તફાવત સમજવો. ૪૯.

સમવર્તિતા સમવાય છે, અપૃથક્ત્વ તે, અયુતત્વ તે;
તે કારણે ભાખી અયુતસિદ્ધિ ગુણો ને દ્રવ્યને. ૫૦.

અન્વયાર્થઃ—[समवर्तित्वं समवायः] સમવર્તીપણું તે સમવાય છે; [अपृथग्भूतत्वम्] તે જ, અપૃથક્પણું [च] અને [अयुतसिद्धत्वम्] અયુતસિદ્ધપણું છે. [तस्मात्] તેથી [द्रव्यगुणानाम्] દ્રવ્ય અને ગુણોની [अयुता सिद्धिः इति] અયુતસિદ્ધિ [निर्दिष्टा] (જિનોએ) કહી છે.

ટીકાઃ—આ, સમવાયને વિષે પદાર્થાંતરપણું હોવાનું નિરાકરણ (ખંડન) છે.

द्रव्यगुणानामेकास्तित्वनिर्वृत्तित्वादनादिरनिधना सहवृत्तिर्हि समवर्तित्वम्; स एव समवायो जैनानाम्; तदेव संज्ञादिभ्यो भेदेऽपि वस्तुत्वेनाभेदादपृथग्भूतत्वम्; तदेव युतसिद्धिनिबन्धनस्यास्तित्वान्तरस्याभावादयुतसिद्धत्वम्। ततो द्रव्यगुणानां समवर्तित्वलक्षण-समवायभाजामयुतसिद्धिरेव, न पृथग्भूतत्वमिति॥५०॥

वण्णरसगंधफासा परमाणुपरूविदा विसेसेहिं।
दव्वादो य अणण्णा अण्णत्तपगासगा होंति॥५१॥
दंसणणाणाणि तहा जीवणिबद्धाणि णण्णभूदाणि।
ववदेसदो पुधत्तं कुव्वंति हि णो सभावादो॥५२॥

---

દ્રવ્ય અને ગુણો એક અસ્તિત્વથી રચાયાં હોવાથી તેમની જે અનાદિ-અનંત સહવૃત્તિ (—સાથે રહેવાપણું) તે ખરેખર સમવર્તીપણું છે; તે જ, જૈનોના મતમાં સમવાય છે; તે જ, સંજ્ઞાદિથી ભેદ હોવા છતાં (—દ્રવ્ય અને ગુણોને સંજ્ઞા-લક્ષણ-પ્રયોજન વગેરેની અપેક્ષાએ ભેદ હોવા છતાં) વસ્તુપણે અભેદ હોવાથી અપૃથક્‌પણું છે. તે જ, યુતસિદ્ધિના કારણભૂત *અસ્તિત્વાંતરનો અભાવ હોવાથી અયુતસિદ્ધપણું છે. તેથી [1]સમવર્તિત્વસ્વરૂપ સમવાયવાળાં દ્રવ્ય અને ગુણોને અયુતસિદ્ધિ જ છે, પૃથક્‌પણું નથી. ૫૦.

પરમાણુમાં પ્રરૂપિત વરણ, રસ, ગંધ તેમ જ સ્પર્શ જે,
અણુથી અભિન્ન રહી વિશેષ વડે પ્રકાશે ભેદને; ૫૧.
ત્યમ જ્ઞાનદર્શન જીવનિયત અનન્ય રહીને જીવથી,
અન્યત્વના કર્તા બને વ્યપદેશથી—ન સ્વભાવથી. ૫૨.

---

★ અસ્તિત્વાંતર = ભિન્ન અસ્તિત્વ. [યુતસિદ્ધિનું કારણ ભિન્ન ભિન્ન અસ્તિત્વો છે. લાકડી અને લાકડીવાળાની માફક ગુણ અને દ્રવ્યનાં અસ્તિત્વો કદીયે ભિન્ન નહિ હોવાથી તેમને યુતસિદ્ધપણું હોઈ શકે નહિ.]

૧. સમવાયનું સ્વરૂપ સમવર્તીપણું અર્થાત્ અનાદિ-અનંત સહવૃત્તિ છે. દ્રવ્ય અને ગુણોને આવો સમવાય (અનાદિ-અનંત તાદાત્મ્યમય સહવૃત્તિ) હોવાથી તેમને અયુતસિદ્ધિ છે, કદીયે પૃથક્‌પણું નથી.

वर्णरसगन्धस्पर्शाः परमाणुप्ररूपिता विशेषैः ।
द्रव्याच्च अनन्याः अन्यत्वप्रकाशका भवन्ति ॥५१॥
दर्शनज्ञाने तथा जीवनिबद्धे अनन्यभूते ।
व्यपदेशतः पृथक्त्वं कुरुतः हि नो स्वभावात् ॥५२॥

दृष्टान्तदार्ष्टान्तिकार्थपुरस्सरो द्रव्यगुणानामनर्थान्तरत्वव्याख्योपसंहारोऽयम्।

वर्णरसगन्धस्पर्शा हि परमाणोः प्ररूप्यन्ते; ते च परमाणोरविभक्तप्रदेशत्वेनानन्येऽपि संज्ञादिव्यपदेशनिबन्धनैर्विशेषैरन्यत्वं प्रकाशयन्ति। एवं ज्ञानदर्शने अप्यात्मनि सम्बद्धे आत्मद्रव्यादविभक्तप्रदेशत्वेनानन्येऽपि संज्ञादिव्यपदेशनिबन्धनैर्विशेषैः पृथक्त्वमासादयतः, स्वभावतस्तु नित्यमपृथक्त्वमेव बिभ्रतः॥५१–५२॥

—इति उपयोगगुणव्याख्यानं समाप्तम्।

---

અન્વયાર્થઃ—[ परमाणुप्ररूपिताः ] પરમાણુને વિષે પ્રરૂપવામાં આવતાં એવાં [ वर्णरसगन्धस्पर्शाः ] વર્ણ-રસ-ગંધ-સ્પર્શ [ द्रव्यात् अनन्याः च ] દ્રવ્યથી અનન્ય વર્તતાં થકાં [ विशेषैः ] (વ્યપદેશના કારણભૂત) વિશેષો વડે [ अन्यत्वप्रकाशकाः भवन्ति ] અન્યત્વને પ્રકાશનારાં થાય છે (–સ્વભાવથી અન્યરૂપ નથી); [ तथा ] એવી રીતે [ जीवनिबद्धे ] જીવને વિષે સંબદ્ધ એવાં [ दर्शनज्ञाने ] દર્શન-જ્ઞાન [ अनन्यभूते ] (જીવદ્રવ્યથી) અનન્ય વર્તતાં થકાં [ व्यपदेशतः ] વ્યપદેશ દ્વારા [ पृथक्त्वं कुरुतः हि ] પૃથક્પણાને કરે છે, [ नो स्वभावात् ] સ્વભાવથી નહિ.

ટીકાઃ—દ્રષ્ટાંતરૂપ અને ★દાર્ષ્ટાંતરૂપ પદાર્થપૂર્વક, દ્રવ્ય અને ગુણોના અભિન્ન-પદાર્થપણાના વ્યાખ્યાનનો આ ઉપસંહાર છે.

વર્ણ-રસ-ગંધ-સ્પર્શ ખરેખર પરમાણુને વિષે પ્રરૂપવામાં આવે છે; તેઓ પરમાણુથી અભિન્ન પ્રદેશવાળાં હોવાને લીધે અનન્ય હોવા છતાં, સંજ્ઞાદિ વ્યપદેશના કારણભૂત વિશેષો વડે અન્યત્વને પ્રકાશે છે. એવી રીતે આત્માને વિષે સંબદ્ધ જ્ઞાન-દર્શન પણ આત્મદ્રવ્યથી અભિન્ન પ્રદેશવાળાં હોવાને લીધે અનન્ય હોવા છતાં, સંજ્ઞાદિ વ્યપદેશના કારણભૂત વિશેષો વડે પૃથક્પણાને પામે છે, પરંતુ સ્વભાવથી સદા અપૃથક્પણાને જ ધારે છે. ૫૧–૫૨.

આ રીતે ઉપયોગગુણનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

---

★ દાર્ષ્ટાંત = દ્રષ્ટાંત વડે સમજાવવાની હોય તે વાત; ઉપમેય. (અહીં પરમાણુ ને વર્ણાદિક દ્રષ્ટાંતરૂપ પદાર્થો છે તથા જીવ ને જ્ઞાનાદિક દાર્ષ્ટાંતરૂપ પદાર્થો છે.)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



अथ कर्तृत्वगुणव्याख्यानम्। तत्रादिगाथात्रयेण तदुपोद्धातः —

जीवा अणाइणिहणा संता णंता य जीवभावादो।
सब्भावदो अणंता पंचग्गगुणप्पधाणा य ॥५३॥

जीवा अनादिनिधनाः सान्ता अनन्ताश्च जीवभावात्।
सद्भावतोऽनन्ताः पञ्चाग्रगुणप्रधानाः च ॥५३॥

जीवा हि निश्चयेन परभावानामकरणात्स्वभावानां कर्तारो भविष्यन्ति। तांश्च कुर्वाणाः किमनादिनिधनाः, किं सादिसनिधनाः, किं साद्यनिधनाः, किं तदाकारेण परिणताः, किमपरिणताः भविष्यन्तीत्याशङ्क्येदमुक्तम्।

जीवा हि सहजचैतन्यलक्षणपारिणामिकभावेनानादिनिधनाः। त एवौदयिक-

---

હવે કર્તૃત્વગુણનું વ્યાખ્યાન છે. તેમાં, શરૂઆતની ત્રણ ગાથાઓથી તેનો ઉપોદ્ઘાત કરવામાં આવે છે.

જીવો અનાદિ-અનંત, સાંત, અનંત છે જીવભાવથી,
સદ્ભાવથી નહિ અંત હોય; પ્રધાનતા ગુણ પાંચથી. ૫૩.

**અન્વયાર્થ :**—[जीवाः] જીવો [अनादिनिधनाः] (પારિણામિકભાવથી) અનાદિ-અનંત છે, [सान्ताः] (ત્રણ ભાવોથી) સાંત (અર્થાત્ સાદિ-સાંત) છે [च] અને [जीवभावात् अनन्ताः] જીવભાવથી અનંત છે (અર્થાત્ જીવના સદ્ભાવરૂપ ક્ષાયિકભાવથી સાદિ-અનંત છે) [सद्भावतः अनन्ताः] કારણ કે સદ્ભાવથી જીવો અનંત જ હોય છે. [पञ्चाग्रगुणप्रधानाः च] તેઓ પાંચ મુખ્ય ગુણોથી પ્રધાનતાવાળા છે.

**ટીકા :**—નિશ્ચયથી પર-ભાવોનું કરવાપણું નહિ હોવાથી જીવો સ્વ-ભાવોના કર્તા હોય છે; અને તેમને (—પોતાના ભાવોને) કરતા થકા, શું તેઓ અનાદિ-અનંત છે? શું સાદિ-સાંત છે? શું સાદિ-અનંત છે? શું તદાકારે (તે-રૂપે) પરિણત છે? શું (તદાકારે) અપરિણત છે?—એમ આશંકા કરીને આ કહેવામાં આવ્યું છે (અર્થાત્ તે આશંકાઓના સમાધાનરૂપે આ ગાથા કહેવામાં આવી છે).

જીવો ખરેખર ★સહજચૈતન્યલક્ષણ પારિણામિક ભાવથી અનાદિ-અનંત છે. તેઓ

---

★ જીવના પારિણામિક ભાવનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ સહજ-ચૈતન્ય છે. આ પારિણામિક ભાવ અનાદિ-અનંત હોવાથી આ ભાવની અપેક્ષાએ જીવો અનાદિ-અનંત છે.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

क्षायोपशमिकौपशमिकभावैः सादिसनिधनाः। त एव क्षायिकभावेन साद्यनिधनाः। न च सादित्वात्सनिधनत्वं क्षायिकभावस्याशङ्क्यम्। स खलूपाधिनिवृत्तौ प्रवर्तमानः सिद्धभाव इव सद्भाव एव जीवस्य; सद्भावेन चानन्ता एव जीवाः प्रतिज्ञायन्ते। न च तेषामनादिनिधनसहजचैतन्यलक्षणैकभावानां सादिसनिधनानि साद्यनिधनानि भावान्तराणि नोपपद्यन्त इति वक्तव्यम्; ते खल्वनादिकर्ममलीमसाः पङ्कसम्पृक्ततोयवत्तदाकारेण परिणतत्वात्पञ्चप्रधानगुणप्रधानत्वेनैवानुभूयन्त इति॥५३॥

**एवं सदो विणासो असदो जीवस्स हवदि उप्पादो।**
**इदि जिणवरेहिं भणिदं अण्णोण्णविरुद्धमविरुद्धं॥५४॥**

---

જ ઔદયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક ભાવોથી સાદિ-સાંત છે. તેઓ જ ક્ષાયિક ભાવથી સાદિ-અનંત છે.

‘ક્ષાયિક ભાવ સાદિ હોવાથી તે સાંત હશે’ એવી આશંકા કરવી યોગ્ય નથી. (કારણ આ પ્રમાણે છે :—) તે ખરેખર ઉપાધિની નિવૃત્તિ હોતાં પ્રવર્તતો થકો, સિદ્ધભાવની માફક, જીવનો સદ્‌ભાવ જ છે (અર્થાત્ કર્મોપાધિના ક્ષયે પ્રવર્તતો હોવાથી ક્ષાયિક ભાવ જીવનો સદ્‌ભાવ જ છે); અને સદ્‌ભાવથી તો જીવો અનંત જ સ્વીકારવામાં આવે છે. (માટે ક્ષાયિક ભાવથી જીવો અનંત જ અર્થાત્ વિનાશ-રહિત જ છે.)

વળી ‘અનાદિ-અનંત સહજચૈતન્યલક્ષણ એક ભાવવાળા તેમને સાદિ-સાંત અને સાદિ-અનંત ભાવાંતરો ઘટતા નથી (અર્થાત્ જીવોને એક પારિણામિક ભાવ સિવાય અન્ય ભાવો ઘટતા નથી)’ એમ કહેવું યોગ્ય નથી; (કારણ કે) તેઓ ખરેખર અનાદિ કર્મથી મલિન વર્તતા થકા કાદવથી ★સંપૃક્ત જળની માફક તદાકારે પરિણત હોવાને લીધે, પાંચ પ્રધાન +ગુણોથી પ્રધાનતાવાળા જ અનુભવાય છે. ૫૩.

**એ રીત સત્-વ્યય ને અસત્-ઉત્પાદ જીવને હોય છે,**
**—ભાખ્યું જિને, જે પૂર્વ-અપર વિરુદ્ધ પણ અવિરુદ્ધ છે. ૫૪.**

---

★ કાદવથી સંપૃક્ત = કાદવનો સંપર્ક પામેલ; કાદવના સંસર્ગવાળું. (જોકે જીવો દ્રવ્યસ્વભાવથી શુદ્ધ છે તોપણ વ્યવહારથી અનાદિ કર્મબંધનને વશ, કાદવવાળા જળની માફક, ઔદયિકાદિ ભાવે પરિણત છે.)

\+ જીવના ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને પારિણામિક એ પાંચ ભાવોને જીવના પાંચ પ્રધાન ગુણો કહેવામાં આવ્યા છે.

एवं सतो विनाशोऽसतो जीवस्य भवत्युत्पादः ।
इति जिनवरैर्भणितमन्योऽन्यविरुद्धमविरुद्धम् ।।५४।।

जीवस्य भाववशात्सादिसनिधनत्वेऽनाद्यनिधनत्वे च विरोधपरिहारोऽयम्।

एवं हि पञ्चभिर्भावैः स्वयं परिणममानस्यास्य जीवस्य कदाचिदौदयिकेनैकेन मनुष्यत्वादिलक्षणेन भावेन सतो विनाशस्तथापरेणौदयिकेनैव देवत्वादिलक्षणेन भावेन असत उत्पादो भवत्येव। एतच्च 'न सतो विनाशो नासत उत्पाद' इति पूर्वोक्तसूत्रेण सह विरुद्धमपि न विरुद्धम्; यतो जीवस्य द्रव्यार्थिकनयादेशेन न सत्प्रणाशो नासदुत्पादः, तस्यैव पर्यायार्थिकनयादेशेन सत्प्रणाशोऽसदुत्पादश्च। न चैतदनुपपन्नम्, नित्ये जले कल्लोलानामनित्यत्वदर्शनादिति।।५४।।

---

અન્વયાર્થ :—[एवं] એ રીતે [जीवस्य] જીવને [सतः विनाशः] સત્‌નો વિનાશ અને [असतः उत्पादः] અસત્‌નો ઉત્પાદ [भवति] હોય છે—[इति] એવું [जिनवरैः भणितम्] જિનવરોએ કહ્યું છે, [अन्योऽन्यविरुद्धम्] કે જે અન્યોન્ય વિરુદ્ધ (૧૯મી ગાથાના કથન સાથે વિરોધવાળું) છતાં [अविरुद्धम्] અવિરુદ્ધ છે.

ટીકા :—આ, જીવને ભાવવશાત્ (ઔદયિકાદિ ભાવોને લીધે) સાદિ-સાંતપણું અને અનાદિ-અનંતપણું હોવામાં વિરોધનો પરિહાર છે.

એ રીતે ખરેખર પાંચ ભાવોરૂપે સ્વયં પરિણમતા આ જીવને કદાચિત્ ઔદયિક એવા એક મનુષ્યત્વાદિસ્વરૂપ ભાવની અપેક્ષાએ સત્‌નો વિનાશ અને ઔદયિક જ એવા બીજા દેવત્વાદિસ્વરૂપ ભાવની અપેક્ષાએ અસત્‌નો ઉત્પાદ થાય છે જ. અને આ (કથન) 'સત્‌નો વિનાશ નથી ને અસત્‌નો ઉત્પાદ નથી' એવા પૂર્વોક્ત સૂત્રની (–૧૯મી ગાથાની) સાથે વિરોધવાળું હોવા છતાં (ખરેખર) વિરોધવાળું નથી; કારણ કે જીવને દ્રવ્યાર્થિકનયના કથનથી સત્‌નો નાશ નથી ને અસત્‌નો ઉત્પાદ નથી તથા તેને જ પર્યાયાર્થિકનયના કથનથી સત્‌નો નાશ છે અને અસત્‌નો ઉત્પાદ છે. અને આ +અનુપપન્ન નથી, કેમ કે નિત્ય એવા જળમાં કલ્લોલોનું અનિત્યપણું જોવામાં આવે છે.

---

\+ અનુપપન્ન = અયુક્ત; અસંગત; અઘટિત; ન બની શકે એવું.

णेरइयतिरियमणुया देवा इदि णामसंजुदा पयडी ।
कुव्वंति सदो णासं असदो भावस्स उप्पादं ।।५५।।

नारकतिर्यङ्मनुष्या देवा इति नामसंयुताः प्रकृतयः ।
कुर्वन्ति सतो नाशमसतो भावस्योत्पादम् ।।५५।।

जीवस्य सदसद्भावोच्छित्त्युत्पत्तिनिमित्तोपाधिप्रतिपादनमेतत् ।

---

ભાવાર્થ :—૫૩મી ગાથામાં જીવને સાદિ-સાંતપણું તેમ જ અનાદિ-અનંતપણું કહેવામાં આવ્યું. ત્યાં પ્રશ્ન સંભવે છે કે—સાદિ-સાંતપણું અને અનાદિ-અનંતપણું પરસ્પર વિરુદ્ધ છે; પરસ્પર વિરુદ્ધ ભાવો એકીસાથે જીવને કેમ ઘટે? તેનું સમાધાન આ પ્રમાણે છેઃ જીવ દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુ છે. તેને સાદિ-સાંતપણું અને અનાદિ-અનંતપણું બન્ને એક જ અપેક્ષાએ કહેવામાં આવ્યાં નથી, ભિન્ન ભિન્ન અપેક્ષાએ કહેવામાં આવ્યાં છે; સાદિ-સાંતપણું કહેવામાં આવ્યું છે તે પર્યાય-અપેક્ષાએ છે અને અનાદિ-અનંતપણું દ્રવ્ય-અપેક્ષાએ છે. માટે એ રીતે જીવને સાદિ-સાંતપણું તેમ જ અનાદિ-અનંતપણું એકીસાથે બરાબર ઘટે છે.

(અહીં જોકે જીવને અનાદિ-અનંત તેમ જ સાદિ-સાંત કહેવામાં આવ્યો તોપણ તાત્પર્ય એમ ગ્રહવું કે પર્યાયાર્થિકનયના વિષયભૂત સાદિ-સાંત જીવનો આશ્રય કરવાયોગ્ય નથી પરંતુ દ્રવ્યાર્થિકનયના વિષયભૂત એવું જે અનાદિ-અનંત, ટંકોત્કીર્ણજ્ઞાયકસ્વભાવી, નિર્વિકાર, નિત્યાનંદસ્વરૂપ જીવદ્રવ્ય તેનો જ આશ્રય કરવાયોગ્ય છે.) ૫૪.

તિર્યંચ-નારક-દેવ-માનવ નામની છે પ્રકૃતિ જે,
તે વ્યય કરે સત્ ભાવનો, ઉત્પાદ અસત્ તણો કરે. ૫૫.

અન્વયાર્થ :—[नारकतिर्यङ्मनुष्याः देवाः] નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ [इति नामसंयुताः] એવાં નામવાળી [प्रकृतयः] (નામકર્મની) પ્રકૃતિઓ [सतः नाशम्] સત્ ભાવનો નાશ અને [असतः भावस्य उत्पादम्] અસત્ ભાવનો ઉત્પાદ [कुर्वन्ति] કરે છે.

ટીકા :—જીવને સત્ ભાવના ઉચ્છેદ અને અસત્ ભાવના ઉત્પાદમાં નિમિત્તભૂત ઉપાધિનું આ પ્રતિપાદન છે.

यथा हि जलराशेर्जलराशित्वेनासदुत्पादं सदुच्छेदं चाननुभवतश्चतुर्भ्यः ककुब्विभागेभ्यः क्रमेण वहमानाः पवमानाः कल्लोलानामसदुत्पादं सदुच्छेदं च कुर्वन्ति, तथा जीवस्यापि जीवत्वेन सदुच्छेदमसदुत्पत्तिं चाननुभवतः क्रमेणोदीयमानाः नारकतिर्यङ्मनुष्यदेवनामप्रकृतयः सदुच्छेदमसदुत्पादं च कुर्वन्तीति।।५५।।

उदएण उवसमेण य खएण दुहिं मिस्सिदेहिं परिणामे ।
जुत्ता ते जीवगुणा बहुसु य अत्थेसु वित्थिण्णा ।।५६।।

उदयेनोपशमेन च क्षयेण द्वाभ्यां मिश्रिताभ्यां परिणामेन ।
युक्तास्ते जीवगुणा बहुषु चार्थेषु विस्तीर्णाः ।।५६।।

जीवस्य भावोदयवर्णनमेतत् ।

---

જેમ સમુદ્રપણે અસત્‌નો ઉત્પાદ અને સત્‌નો ઉચ્છેદ નહિ અનુભવતા એવા સમુદ્રને ચાર દિશાઓમાંથી ક્રમે વહેતા પવનો કલ્લોલોસંબંધી અસત્‌નો ઉત્પાદ અને સત્‌નો ઉચ્છેદ કરે છે (અર્થાત્ અવિદ્યમાન તરંગના ઉત્પાદમાં અને વિદ્યમાન તરંગના નાશમાં નિમિત્ત બને છે), તેમ જીવપણે સત્‌નો ઉચ્છેદ અને અસત્‌નો ઉત્પાદ નહિ અનુભવતા એવા જીવને ક્રમે ઉદય પામતી નારક-તિર્યંચ-મનુષ્ય-દેવ નામની (નામકર્મની) પ્રકૃતિઓ (ભાવોસંબંધી, પર્યાયોસંબંધી) સત્‌નો ઉચ્છેદ અને અસત્‌નો ઉત્પાદ કરે છે (અર્થાત્ વિદ્યમાન પર્યાયના નાશમાં અને અવિદ્યમાન પર્યાયના ઉત્પાદમાં નિમિત્ત બને છે). ૫૫.

પરિણામ, ઉદય, ક્ષયોપશમ, ઉપશમ, ક્ષયે સંયુક્ત જે,
તે પાંચ જીવગુણ જાણવા; બહુ ભેદમાં વિસ્તીર્ણ છે. ૫૬.

અન્વયાર્થ :—[उदयेन] ઉદયથી યુક્ત, [उपशमेन] ઉપશમથી યુક્ત, [क्षयेण] ક્ષયથી યુક્ત, [द्वाभ्यां मिश्रिताभ्यां] ક્ષયોપશમથી યુક્ત [च] અને [परिणामेन युक्ताः] પરિણામથી યુક્ત—[ते] એવા [जीवगुणाः] (પાંચ) જીવગુણો (–જીવના ભાવો) છે; [च] અને [बहुषु अर्थेषु विस्तीर्णाः] તેમને ઘણા પ્રકારોમાં વિસ્તારવામાં આવે છે.

ટીકા :—જીવને ભાવોના ઉદયનું (–પાંચ ભાવોની પ્રગટતાનું ) આ વર્ણન છે.

**कर्मणां फलदानसमर्थतयोद्भूतिरुदयः, अनुद्भूतिरुपशमः, उद्भूत्यनुद्भूती क्षयोपशमः, अत्यन्तविश्लेषः क्षयः, द्रव्यात्मलाभहेतुकः परिणामः। तत्रोदयेन युक्त औदयिकः, उपशमेन युक्त औपशमिकः, क्षयोपशमेन युक्तः क्षायोपशमिकः, क्षयेण युक्तः क्षायिकः, परिणामेन युक्तः पारिणामिकः। त एते पञ्च जीवगुणाः। तत्रोपाधिचतुर्विधत्वनिबन्धनाश्चत्वारः, स्वभावनिबन्धन एकः। एते चोपाधिभेदात्स्वरूपभेदाच्च भिद्यमाना बहुष्वर्थेषु विस्तार्यन्त इति॥५६॥**

**कम्मं वेदयमाणो जीवो भावं करेदि जारिसयं।**
**सो तस्स तेण कत्ता हवदि त्ति य सासणे पढिदं॥५७॥**

---

કર્મોનો [૧]ફળદાનસમર્થપણે ઉદ્ભવ તે 'ઉદય' છે, અનુદ્ભવ તે 'ઉપશમ' છે, ઉદ્ભવ તેમ જ અનુદ્ભવ તે 'ક્ષયોપશમ' છે, [૨]અત્યંત વિશ્લેષ તે 'ક્ષય' છે, દ્રવ્યનો [૩]આત્મલાભ (હયાતી) જેનો હેતુ છે તે 'પરિણામ' છે. ત્યાં, ઉદયથી યુક્ત તે 'ઔદયિક' છે, ઉપશમથી યુક્ત તે 'ઔપશમિક' છે, ક્ષયોપશમથી યુક્ત તે 'ક્ષાયોપશમિક' છે, [૪]ક્ષયથી યુક્ત તે 'ક્ષાયિક' છે, [૫]પરિણામથી યુક્ત તે 'પારિણામિક' છે.—એવા આ પાંચ જીવગુણો છે. તેમાં (–આ પાંચ ગુણોમાં) [૬]ઉપાધિનું ચતુર્વિધપણું જેમનું કારણ (નિમિત્ત) છે એવા ચાર છે, સ્વભાવ જેનું કારણ છે એવો એક છે. ઉપાધિના ભેદથી અને સ્વરૂપના ભેદથી ભેદ પાડતાં, તેમને ઘણા પ્રકારોમાં વિસ્તારવામાં આવે છે. ૫૬.

**પુદ્‌ગલકરમને વેદતાં આત્મા કરે જે ભાવને,**
**તે ભાવનો તે જીવ છે કર્તા—કહ્યું જિનશાસને. ૫૭.**

---

૧. ફળદાનસમર્થ = ફળ દેવામાં સમર્થ
૨. અત્યંત વિશ્લેષ = અત્યંત વિયોગ; આત્યંતિક નિવૃત્તિ.
૩. આત્મલાભ = સ્વરૂપપ્રાપ્તિ; સ્વરૂપને ધારી રાખવું તે; પોતાને ધારી રાખવું તે; હયાતી. (દ્રવ્ય પોતાને ધારી રાખે છે અર્થાત્ પોતે હયાત રહે છે તેથી તેને 'પરિણામ' છે.)
૪. ક્ષયથી યુક્ત = ક્ષય સહિતઃ ક્ષય સાથે સંબંધવાળો. (વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે 'ક્ષાયિક' ભાવ છે.)
૫. પરિણામથી યુક્ત = પરિણામમય; પરિણામાત્મક; પરિણામસ્વરૂપ.
૬. કર્મોપાધિની ચાર પ્રકારની દશા (–ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય) જેમનું નિમિત્ત છે એવા ચાર ભાવો છે; જેમાં કર્મોપાધિરૂપ નિમિત્ત બિલકુલ નથી, માત્ર દ્રવ્યસ્વભાવ જ જેનું કારણ છે એવો એક પારિણામિક ભાવ છે.

कर्म वेदयमानो जीवो भावं करोति यादृशकम् ।
स तस्य तेन कर्ता भवतीति च शासने पठितम् ।।५७।।

जीवस्यौदयिकादिभावानां कर्तृत्वप्रकारोक्तिरियम् ।

जीवेन हि द्रव्यकर्म व्यवहारनयेनानुभूयते; तच्चानुभूयमानं जीवभावानां निमित्तमात्रमुपवर्ण्यते। तस्मिन्निमित्तमात्रभूते जीवेन कर्तृभूतेनात्मनः कर्मभूतो भावः क्रियते। अमुना यो येन प्रकारेण जीवेन भावः क्रियते, स जीवस्तस्य भावस्य तेन प्रकारेण कर्ता भवतीति।।५७।।

कम्मेण विणा उदयं जीवस्स ण विज्जदे उवसमं वा ।
खइयं खओवसमियं तम्हा भावं तु कम्मकदं ।।५८।।

कर्मणा विनोदयो जीवस्य न विद्यत उपशमो वा ।
क्षायिकः क्षायोपशमिकस्तस्माद्भावस्तु कर्मकृतः ।।५८।।

---

અન્વયાર્થઃ—[कर्म वेदयमानः] કર્મને વેદતો થકો [जीवः] જીવ [यादृशकम् भावं] જેવા ભાવને [करोति] કરે છે, [तस्य] તે ભાવનો [तेन] તે પ્રકારે [सः] તે [कर्ता भवति] કર્તા છે—[इति च] એમ [शासने पठितम्] શાસનમાં કહ્યું છે.

ટીકાઃ—આ, જીવના ઔદયિકાદિ ભાવોના કર્તૃત્વપ્રકારનું કથન છે.

જીવ વડે દ્રવ્યકર્મ વ્યવહારનયથી અનુભવાય છે; અને તે અનુભવાતું થકું જીવભાવોનું નિમિત્તમાત્ર કહેવાય છે. તે (દ્રવ્યકર્મ) નિમિત્તમાત્ર હોતાં, જીવ વડે કર્તાપણે પોતાનો કર્મરૂપ (કાર્યરૂપ) ભાવ કરાય છે. તેથી જે ભાવ જે પ્રકારે જીવ વડે કરાય છે, તે ભાવનો તે પ્રકારે તે જીવ કર્તા છે. ૫૭.

પુદ્‌ગલકરમ વિણ જીવને ઉપશમ, ઉદય, ક્ષાયિક અને
ક્ષાયોપશમિક ન હોય, તેથી કર્મકૃત એ ભાવ છે. ૫૮.

અન્વયાર્થઃ—[कर्मणा विना] કર્મ વિના [जीवस्य] જીવને [उदयः] ઉદય, [उपशमः] ઉપશમ, [क्षायिकः] ક્ષાયિક [वा] અથવા [क्षायोपशमिकः] ક્ષાયોપશમિક [न विद्यते] હોતો નથી, [तस्मात् तु] તેથી [भावः] ભાવ (—ચતુર્વિધ જીવભાવ) [कर्मकृतः] કર્મકૃત છે.

**द्रव्यकर्मणां निमित्तमात्रत्वेनौदयिकादिभावकर्तृत्वमत्रोक्तम्।**

**न खलु कर्मणा विना जीवस्योदयोपशमौ क्षयक्षयोपशमावपि विद्येते; ततः क्षायिकक्षायोपशमिकश्चौदयिकौपशमिकश्च भावः कर्मकृतोऽनुमन्तव्यः। पारिणामिकस्त्वनादिनिधनो निरुपाधिः स्वाभाविक एव। क्षायिकस्तु स्वभावव्यक्तिरूपत्वादनन्तोऽपि कर्मणः क्षयेणोत्पद्यमानत्वात्सादिरिति कर्मकृत एवोक्तः। औपशमिकस्तु कर्मणामुपशमे समुत्पद्यमानत्वादनुपशमे समुच्छिद्यमानत्वात् कर्मकृत एवेति।**

**अथवा उदयोपशमक्षयक्षयोपशमलक्षणाश्चतस्रो द्रव्यकर्मणामेवावस्थाः, न पुनः परिणामलक्षणैकावस्थस्य जीवस्य; तत उदयादिसञ्जातानामात्मनो भावानां निमित्तमात्रभूत-**

---

ટીકા :—અહીં, (ઔદયિકાદિ ભાવોનાં) નિમિત્તમાત્ર તરીકે દ્રવ્યકર્મોને ઔદયિકાદિ ભાવોનું કર્તાપણું કહ્યું છે.

(એક રીતે વ્યાખ્યા કરતાં—) કર્મ વિના જીવને ઉદય-ઉપશમ તેમ જ ક્ષય-ક્ષયોપશમ હોતા નથી (અર્થાત્ દ્રવ્યકર્મ વિના જીવને ઔદયિકાદિ ચાર ભાવો હોતા નથી); તેથી ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક કે ઔપશમિક ભાવ કર્મકૃત સંમત કરવો. પારિણામિક ભાવ તો અનાદિ-અનંત, ★નિરુપાધિ, સ્વાભાવિક જ છે. (ઔદયિક અને ક્ષાયોપશમિક ભાવો કર્મ વિના હોતા નથી અને તેથી કર્મકૃત કહી શકાય—એ વાત તો સ્પષ્ટ સમજાય એવી છે; ક્ષાયિક અને ઔપશમિક ભાવોની બાબતમાં નીચે પ્રમાણે સ્પષ્ટતા કરવામાં આવે છે:) ક્ષાયિક ભાવ, જોકે સ્વભાવની વ્યક્તિરૂપ (-પ્રગટતારૂપ) હોવાથી અનંત (-અંત વિનાનો) છે તોપણ, કર્મના ક્ષય વડે ઉત્પન્ન થતો હોવાને લીધે સાદિ છે તેથી કર્મકૃત જ કહેવામાં આવ્યો છે. ઔપશમિક ભાવ કર્મના ઉપશમે ઉત્પન્ન થતો હોવાથી અને અનુપશમે નષ્ટ થતો હોવાથી કર્મકૃત જ છે. (આમ ઔદયિકાદિ ચાર ભાવો કર્મકૃત સંમત કરવા.)

અથવા (બીજી રીતે વ્યાખ્યા કરતાં)—ઉદય, ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમસ્વરૂપ ચાર (અવસ્થાઓ) દ્રવ્યકર્મની જ અવસ્થાઓ છે, પરિણામસ્વરૂપ એક અવસ્થાવાળા જીવની નહિ (અર્થાત્ ઉદય વગેરે અવસ્થાઓ દ્રવ્યકર્મની જ છે, 'પરિણામ' જેનું સ્વરૂપ છે એવી એક અવસ્થાએ અવસ્થિત જીવની—પારિણામિક ભાવરૂપે રહેલા જીવની—તે ચાર અવસ્થાઓ નથી); તેથી ઉદયાદિક વડે ઉત્પન્ન થતા

---

★ નિરુપાધિ = ઉપાધિ વિનાનો; ઔપાધિક ન હોય એવો. (જીવનો પારિણામિક ભાવ સર્વ કર્મોપાધિથી નિરપેક્ષ હોવાને લીધે નિરુપાધિ છે.)

तथाविधावस्थत्वेन स्वयं परिणमनाद्द्रव्यकर्मापि व्यवहारनयेनात्मनो भावानां कर्तृत्वमापद्यत इति॥५८॥

**भावो जदि कम्मकदो अत्ता कम्मस्स होदि किध कत्ता।**
**ण कुणदि अत्ता किंचि वि मुत्ता अण्णं सगं भावं॥५९॥**

भावो यदि कर्मकृत आत्मा कर्मणो भवति कथं कर्ता।
न करोत्यात्मा किञ्चिदपि मुक्त्वान्यत् स्वकं भावम्॥५९॥

जीवभावस्य कर्मकर्तृत्वे पूर्वपक्षोऽयम्।

यदि खल्वौदयिकादिरूपो जीवस्य भावः कर्मणा क्रियते, तदा जीवस्तस्य कर्ता न भवति। न च जीवस्याकर्तृत्वमिष्यते। ततः पारिशेष्येण द्रव्यकर्मणः कर्तापद्यते। तत्तु कथम्? यतो निश्चयनयेनात्मा स्वं भावमुज्झित्वा नान्यत्किमपि

---

આત્માના ભાવોને નિમિત્તમાત્રભૂત એવી તે પ્રકારની અવસ્થાઓરૂપે (દ્રવ્યકર્મ) સ્વયં પરિણમતું હોવાને લીધે દ્રવ્યકર્મ પણ વ્યવહારનયથી આત્માના ભાવોના કર્તાપણાને પામે છે. ૫૮.

જો ભાવકર્તા કર્મ, તો શું કર્મકર્તા જીવ છે?
જીવ તો કદી કરતો નથી નિજ ભાવ વિણ કંઈ અન્યને. ૫૯.

અન્વયાર્થ:—[यदि भावः कर्मकृतः] જો ભાવ (–જીવભાવ) કર્મકૃત હોય તો [आत्मा कर्मणः कर्ता भवति] આત્મા કર્મનો (–દ્રવ્યકર્મનો) કર્તા હોવો જોઈએ. [कथं] તે તો કેમ બને? [आत्मा] કારણ કે આત્મા તો [स्वकं भावं मुक्त्वा] પોતાના ભાવને છોડીને [अन्यत् किञ्चित् अपि] બીજું કાંઈ પણ [न करोति] કરતો નથી.

ટીકા:—કર્મને જીવભાવનું કર્તાપણું હોવાની બાબતમાં આ ★પૂર્વપક્ષ છે.

જો ઔદયિકાદિરૂપ જીવનો ભાવ કર્મ વડે કરવામાં આવતો હોય, તો જીવ તેનો (–ઔદયિકાદિરૂપ જીવભાવનો) કર્તા નથી એમ ઠરે છે. અને જીવનું અકર્તાપણું તો ઈષ્ટ (–માન્ય) નથી. માટે, બાકી એ રહ્યું કે જીવ દ્રવ્યકર્મનો કર્તા હોવો જોઈએ. પણ તે

---

★ પૂર્વપક્ષ = ચર્ચા કે નિર્ણય માટે કોઈ શાસ્ત્રીય વિષયની બાબતમાં રજૂ કરેલો પક્ષ કે પ્રશ્ન

પં. ૧૩

करोतीति॥५६॥

**भावो कम्मणिमित्तो कम्मं पुण भावकारणं हवदि ।**
**ण दु तेसिं खलु कत्ता ण विणा भूदा दु कत्तारं ॥६०॥**

भावः कर्मनिमित्तः कर्म पुनर्भावकारणं भवति ।
न तु तेषां खलु कर्ता न विना भूतास्तु कर्तारम् ॥६०॥

पूर्वसूत्रोदितपूर्वपक्षसिद्धान्तोऽयम् ।

व्यवहारेण निमित्तमात्रत्वाज्जीवभावस्य कर्म कर्तृ, कर्मणोऽपि जीवभावः कर्ता; निश्चयेन तु न जीवभावानां कर्म कर्तृ, न कर्मणो जीवभावः। न च ते कर्तारमन्तरेण सम्भूयेते; यतो निश्चयेन जीवपरिणामानां जीवः कर्ता, कर्मपरिणामानां कर्म कर्तृ इति॥६०॥

---

તો કેમ બને? કારણ કે નિશ્ચયનયથી આત્મા પોતાના ભાવને છોડીને બીજું કાંઈ પણ કરતો નથી.

(આ પ્રમાણે પૂર્વપક્ષ રજૂ કરવામાં આવ્યો.) ૫૯.

રે! ભાવ કર્મનિમિત્ત છે ને કર્મ ભાવનિમિત્ત છે,
અન્યોન્ય નહિ કર્તા ખરે; કર્તા વિના નહિ થાય છે. ૬૦.

અન્વયાર્થઃ—[ भावः कर्मनिमित्तः ] જીવભાવનું કર્મ નિમિત્ત છે [ पुनः ] અને [ कर्म भावकारणं भवति ] કર્મનું જીવભાવ નિમિત્ત છે, [ न तु तेषां खलु कर्ता ] પરંતુ ખરેખર એકબીજાનાં કર્તા નથી; [ न तु कर्तारम् विना भूताः ] કર્તા વિના થાય છે એમ પણ નથી.

ટીકાઃ—આ, પૂર્વ સૂત્રમાં (૫૯મી ગાથામાં) કહેલા પૂર્વપક્ષના સમાધાનરૂપ સિદ્ધાંત છે.

વ્યવહારથી નિમિત્તમાત્રપણાને લીધે જીવભાવનું કર્મ કર્તા છે (–ઔદયિકાદિ જીવભાવનું કર્તા દ્રવ્યકર્મ છે), કર્મનો પણ જીવભાવ કર્તા છે; નિશ્ચયથી તો જીવભાવોનું નથી કર્મ કર્તા, કર્મનો નથી જીવભાવ કર્તા. તેઓ (જીવભાવ અને દ્રવ્યકર્મ) કર્તા વિના થાય છે એમ પણ નથી; કારણ કે નિશ્ચયથી જીવપરિણામોનો જીવ કર્તા છે અને કર્મપરિણામોનું કર્મ (–પુદ્ગલ) કર્તા છે. ૬૦.

कुव्वं सगं सहावं अत्ता कत्ता सगस्स भावस्स।
ण हि पोग्गलकम्माणं इदि जिणवयणं मुणेदव्वं ।।६१।।

कुर्वन् स्वकं स्वभावं आत्मा कर्ता स्वकस्य भावस्य।
न हि पुद्गलकर्मणामिति जिनवचनं ज्ञातव्यम् ।।६१।।

निश्चयेन जीवस्य स्वभावानां कर्तृत्वं पुद्गलकर्मणामकर्तृत्वं चागमेनोपदर्शितमत्र इति।।६१।।

कम्मं पि सगं कुव्वदि सेण सहावेण सम्ममप्पाणं।
जीवो वि य तारिसओ कम्मसहावेण भावेण ।।६२।।

कर्मापि स्वकं करोति स्वेन स्वभावेन सम्यगात्मानम्।
जीवोऽपि च ताद्दशकः कर्मस्वभावेन भावेन ।।६२।।

---

નિજ ભાવ કરતો આતમા કર્તા ખરે નિજ ભાવનો,
કર્તા ન પુદ્‌ગલકર્મનો;—ઉપદેશ જિનનો જાણવો. ૬૧.

અન્વયાર્થઃ—[स्वकं स्वभावं] પોતાના *સ્વભાવને [कुर्वन्] કરતો [आत्मा] આત્મા [हि] ખરેખર [स्वकस्य भावस्य] પોતાના ભાવનો [कर्ता] કર્તા છે, [न पुद्गलकर्मणाम्] પુદ્‌ગલકર્મોનો નહિ; [इति] આમ [जिनवचनं] જિનવચન [ज्ञातव्यम्] જાણવું.

ટીકાઃ—નિશ્ચયથી જીવને પોતાના ભાવોનું કર્તાપણું છે અને પુદ્‌ગલકર્મોનું અકર્તાપણું છે એમ અહીં આગમ વડે દર્શાવવામાં આવ્યું છે. ૬૧.

રે! કર્મ આપસ્વભાવથી નિજ કર્મપર્યયને કરે,
આત્માય કર્મસ્વભાવરૂપ નિજ ભાવથી નિજને કરે. ૬૨.

અન્વયાર્થઃ—[कर्म अपि] કર્મ પણ [स्वेन स्वभावेन] પોતાના સ્વભાવથી [स्वकं करोति] પોતાને કરે છે [च] અને [ताद्दशकः जीवः अपि] તેવો જીવ પણ [कर्मस्वभावेन

---

★ જોકે શુદ્ધનિશ્ચયથી કેવળજ્ઞાનાદિ શુદ્ધભાવો 'સ્વભાવો' કહેવાય છે તોપણ અશુદ્ધનિશ્ચયથી રાગાદિક પણ 'સ્વભાવો' કહેવાય છે.

अत्र निश्चयनयेनाभिन्नकारकत्वात्कर्मणो जीवस्य च स्वयं स्वरूपकर्तृत्वमुक्तम्।

कर्म खलु कर्मत्वप्रवर्तमानपुद्गलस्कन्धरूपेण कर्तृतामनुबिभ्राणं, कर्मत्वगमनशक्तिरूपेण करणतामात्मसात्कुर्वत्, प्राप्यकर्मत्वपरिणामरूपेण कर्मतां कलयत्, पूर्वभावव्यपायेऽपि ध्रुवत्वालम्बनादुपात्तापादानत्वम्, उपजायमानपरिणामरूपकर्मणाश्रीयमाणत्वादुपोढसम्प्रदानत्वम्, आधीयमानपरिणामाधारत्वाद्गृहीताधिकरणत्वं, स्वयमेव षट्कारकीरूपेण व्यवतिष्ठमानं न कारकान्तरमपेक्षते। एवं जीवोऽपि भावपर्यायेण प्रवर्तमानात्मद्रव्यरूपेण कर्तृतामनुबिभ्राणो, भावपर्यायगमनशक्तिरूपेण करणतामात्मसात्कुर्वन्, प्राप्यभावपर्यायरूपेण कर्मतां कलयन्, पूर्वभावपर्यायव्यपायेऽपि ध्रुवत्वालम्बनादुपात्तापादानत्वः, उपजायमानभावपर्यायरूपकर्मणाश्रीयमाणत्वादुपोढसम्प्रदानत्वः, आधीयमानभावपर्यायाधारत्वाद्गृहीताधि-

---

भावेन] કર્મસ્વભાવ ભાવથી (—ઔદયિકાદિ ભાવથી) [सम्यक् आत्मानम्] બરાબર પોતાને કરે છે.

ટીકાઃ—નિશ્ચયનયે અભિન્ન કારકો હોવાથી કર્મ અને જીવ સ્વયં સ્વરૂપના (—પોતપોતાના રૂપના) કર્તા છે એમ અહીં કહ્યું છે.

કર્મ ખરેખર (૧) કર્મપણે પ્રવર્તતા પુદ્‌ગલસ્કંધરૂપે કર્તાપણાને ધરતું, (૨) કર્મપણું પામવાની શક્તિરૂપે કરણપણાને અંગીકૃત કરતું, (૩) પ્રાપ્ય એવા કર્મત્વપરિણામરૂપે કર્મપણાને અનુભવતું, (૪) પૂર્વ ભાવનો નાશ થવા છતાં ધ્રુવપણાને અવલંબતું હોવાથી જેણે અપાદાનપણાને પ્રાપ્ત કર્યું છે એવું, (૫) ઊપજતા પરિણામરૂપ કર્મ વડે સમાશ્રિત થતું હોવાથી (અર્થાત્ ઊપજતા પરિણામરૂપ કાર્ય પોતાને દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને પામેલું અને (૬) ધારી રાખવામાં આવતા પરિણામનો આધાર હોવાથી જેણે અધિકરણપણાને ગ્રહ્યું છે એવું—સ્વયમેવ ષટ્‌કારકરૂપે વર્તતું થકું અન્ય કારકની અપેક્ષા રાખતું નથી.

એ પ્રમાણે જીવ પણ (૧) ભાવપર્યાયે પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો, (૨) ભાવપર્યાય પામવાની શક્તિરૂપે કરણપણાને અંગીકૃત કરતો, (૩) પ્રાપ્ય એવા ભાવપર્યાયરૂપે કર્મપણાને અનુભવતો, (૪) પૂર્વ ભાવપર્યાયનો નાશ થવા છતાં ધ્રુવપણાને અવલંબતો હોવાથી જેણે અપાદાનપણાને પ્રાપ્ત કર્યું છે એવો, (૫) ઊપજતા ભાવપર્યાયરૂપ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી (અર્થાત્ ઊપજતા ભાવપર્યાયરૂપ કાર્ય

करणत्वः, स्वयमेव षट्कारकीरूपेण व्यवतिष्ठमानो न कारकान्तरमपेक्षते। अतः कर्मणः कर्तुर्नास्ति जीवः कर्ता, जीवस्य कर्तुर्नास्ति कर्म कर्तृ निश्चयेनेति॥६२॥

---

પોતાને દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને પામેલો અને (૬) ધારી રાખવામાં આવતા ભાવપર્યાયનો આધાર હોવાથી જેણે અધિકરણપણાને ગ્રહ્યું છે એવો—સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતો થકો અન્ય કારકની અપેક્ષા રાખતો નથી.

માટે નિશ્ચયથી કર્મરૂપ કર્તાને જીવ કર્તા નથી અને જીવરૂપ કર્તાને કર્મ કર્તા નથી. (જ્યાં કર્મ કર્તા છે ત્યાં જીવ કર્તા નથી અને જ્યાં જીવ કર્તા છે ત્યાં કર્મ કર્તા નથી.)

ભાવાર્થઃ—(૧) પુદ્ગલ સ્વતંત્રપણે દ્રવ્યકર્મને કરતું હોવાથી પુદ્ગલ પોતે જ કર્તા છે; (૨) પોતે દ્રવ્યકર્મરૂપે પરિણમવાની શક્તિવાળું હોવાથી પુદ્ગલ પોતે જ કરણ છે; (૩) દ્રવ્યકર્મને પ્રાપ્ત કરતું—પહોંચતું હોવાથી દ્રવ્યકર્મ કર્મ છે, અથવા દ્રવ્યકર્મથી પોતે અભિન્ન હોવાથી પુદ્ગલ પોતે જ કર્મ (–કાર્ય) છે; (૪) પોતાનામાંથી પૂર્વ પરિણામનો વ્યય કરીને દ્રવ્યકર્મરૂપ પરિણામ કરતું હોવાથી અને પુદ્ગલદ્રવ્યરૂપે ધ્રુવ રહેતું હોવાથી પુદ્ગલ પોતે જ અપાદાન છે; (૫) પોતાને દ્રવ્યકર્મરૂપ પરિણામ દેતું હોવાથી પુદ્ગલ પોતે જ સંપ્રદાન છે; (૬) પોતાનામાં અર્થાત્ પોતાના આધારે દ્રવ્યકર્મ કરતું હોવાથી પુદ્ગલ પોતે જ અધિકરણ છે.

એ જ પ્રમાણે (૧) જીવ સ્વતંત્રપણે જીવભાવને કરતો હોવાથી જીવ પોતે જ કર્તા છે; (૨) પોતે જીવભાવરૂપે પરિણમવાની શક્તિવાળો હોવાથી જીવ પોતે જ કરણ છે; (૩) જીવભાવને પ્રાપ્ત કરતો—પહોંચતો હોવાથી જીવભાવ કર્મ છે, અથવા જીવભાવથી પોતે અભિન્ન હોવાથી જીવ પોતે જ કર્મ છે; (૪) પોતાનામાંથી પૂર્વ ભાવનો વ્યય કરીને (નવીન) જીવભાવ કરતો હોવાથી અને જીવદ્રવ્યરૂપે ધ્રુવ રહેતો હોવાથી જીવ પોતે જ અપાદાન છે; (૫) પોતાને જીવભાવ દેતો હોવાથી જીવ પોતે જ સંપ્રદાન છે; (૬) પોતાનામાં અર્થાત્ પોતાના આધારે જીવભાવ કરતો હોવાથી જીવ પોતે જ અધિકરણ છે.

આ રીતે, પુદ્ગલની કર્મોદયાદિરૂપે કે કર્મબંધાદિરૂપે પરિણમવાની ક્રિયાને વિષે ખરેખર પુદ્ગલ જ સ્વયમેવ છ કારકરૂપે વર્તતું હોવાથી તેને અન્ય કારકોની અપેક્ષા નથી તથા જીવની ઔદયિકાદિ ભાવરૂપે પરિણમવાની ક્રિયાને વિષે ખરેખર જીવ જ સ્વયમેવ છ કારકરૂપે વર્તતો હોવાથી તેને અન્ય કારકોની અપેક્ષા નથી. પુદ્ગલની અને

कम्मं कम्मं कुव्वदि जदि सो अप्पा करेदि अप्पाणं ।
किध तस्स फलं भुंजदि अप्पा कम्मं च देदि फलं ।।६३।।

कर्म कर्म करोति यदि स आत्मा करोत्यात्मानम् ।
कथं तस्य फलं भुङ्क्ते आत्मा कर्म च ददाति फलम् ।।६३।।

कर्मजीवयोरन्योन्याकर्तृत्वेऽन्यदत्तफलान्योपभोगलक्षणदूषणपुरःसरः पूर्वपक्षोऽयम् ।।६३।।

---

જીવની ઉપરોક્ત ક્રિયાઓ એક જ કાળે વર્તતી હોવા છતાં પણ પૌદ્‌ગલિક ક્રિયાને વિષે વર્તતાં પુદ્‌ગલનાં છ કારકો જીવકારકોથી તદ્દન ભિન્ન અને નિરપેક્ષ છે તથા જીવભાવરૂપ ક્રિયાને વિષે વર્તતાં જીવનાં છ કારકો પુદ્‌ગલકારકોથી તદ્દન ભિન્ન અને નિરપેક્ષ છે. ખરેખર કોઈ દ્રવ્યનાં કારકોને કોઈ અન્ય દ્રવ્યનાં કારકોની અપેક્ષા હોતી નથી. ૬૨.

જો કર્મ કર્મ કરે અને આત્મા કરે બસ આત્મને,
ક્યમ કર્મ ફળ દે જીવને? ક્યમ જીવ તે ફળ ભોગવે? ૬૩.

અન્વયાર્થઃ—[ यदि ] જો [ कर्म ] કર્મ [ कर्म करोति ] કર્મને કરે અને [ सः आत्मा ] આત્મા [ आत्मानम् करोति ] આત્માને કરે તો [ कर्म ] કર્મ [ फलम् कथं ददाति ] આત્માને ફળ કેમ આપે [ च ] અને [ आत्मा ] આત્મા [ तस्य फलं भुङ्क्ते ] તેનું ફળ કેમ ભોગવે?

ટીકાઃ—જો કર્મ અને જીવને અન્યોન્ય અકર્તાપણું હોય, તો ‘અન્યે દીધેલું ફળ અન્ય ભોગવે’ એવો પ્રસંગ આવે;—આવો દોષ બતાવીને અહીં પૂર્વપક્ષ રજૂ કરવામાં આવ્યો છે.

ભાવાર્થઃ—શાસ્ત્રોમાં કહ્યું છે કે (પૌદ્‌ગલિક) કર્મ જીવને ફળ આપે છે અને જીવ (પૌદ્‌ગલિક) કર્મનું ફળ ભોગવે છે. હવે જો જીવ કર્મને કરતો જ ન હોય તો જીવથી નહિ કરાયેલું કર્મ જીવને ફળ કેમ આપે અને જીવ પોતાથી નહિ કરાયેલા કર્મના ફળને કેમ ભોગવે? જીવથી નહિ કરાયેલું કર્મ જીવને ફળ આપે અને જીવ તે ફળ ભોગવે એ કોઈ રીતે ન્યાયયુક્ત નથી. આ રીતે, ‘કર્મ કર્મને જ કરે છે અને આત્મા આત્માને જ કરે છે’ એ વાતમાં પૂર્વોક્ત દોષ આવતો હોવાથી એ વાત ઘટતી નથી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



अथ सिद्धांतसूत्राणि—

*ओगाढगाढणिचिदो पोग्गलकाएहिं सव्वदो लोगो।
सुहमेहिं बादरेहिं य णंताणंतेहिं विविधेहिं ॥६४॥

अवगाढगाढनिचितः पुद्गलकायैः सर्वतो लोकः।
सूक्ष्मैर्बादरैश्चानन्तानन्तैर्विविधैः ॥६४॥

कर्मयोग्यपुद्गला अञ्जनचूर्णपूर्णसमुद्गकन्यायेन सर्वलोकव्यापित्वाद्यत्रात्मा तत्रानानीता एवावतिष्ठन्त इत्यत्रोक्तम् ॥६४॥

अत्ता कुणदि सभावं तत्थ गदा पोग्गला सभावेहिं।
गच्छंति कम्मभावं अण्णण्णोगाहमवगाढा ॥६५॥

---

—એમ અહીં પૂર્વપક્ષ રજૂ કરવામાં આવ્યો છે. ૬૩.

હવે સિદ્ધાંતસૂત્રો છે (અર્થાત્ હવે ૬૩મી ગાથામાં કહેલા પૂર્વપક્ષના નિરાકરણ-પૂર્વક સિદ્ધાંતનું પ્રતિપાદન કરનારી ગાથાઓ કહેવામાં આવે છે).

અવગાઢ ગાઢ ભરેલ છે સર્વત્ર પુદ્ગલકાયથી
આ લોક બાદર-સૂક્ષ્મથી, વિધવિધ અનંતાનંતથી. ૬૪.

અન્વયાર્થ :—[लोकः] લોક [सर्वतः] સર્વતઃ [विविधैः] વિવિધ પ્રકારના, [अनन्तानन्तैः] અનંતાનંત [सूक्ष्मैः बादरैः च] સૂક્ષ્મ તેમ જ બાદર [पुद्गलकायैः] પુદ્ગલકાયો (પુદ્ગલસ્કંધો) વડે [अवगाढगाढनिचितः] (વિશિષ્ટ રીતે) અવગાહાઈને ગાઢ ભરેલો છે.

ટીકા :—અહીં એમ કહ્યું છે કે—કર્મયોગ્ય પુદ્ગલો (કાર્માણવર્ગણારૂપ પુદ્ગલ-સ્કંધો) અંજનચૂર્ણથી (આંજણના ઝીણા ભૂકાથી) ભરેલી ડાબલીના ન્યાયે આખા લોકમાં વ્યાપેલાં છે; તેથી જ્યાં આત્મા છે ત્યાં, વિના-લાવ્યે જ (ક્યાંયથી લાવવામાં આવ્યા વિના જ), તેઓ રહેલાં છે. ૬૪.

આત્મા કરે નિજ ભાવ જ્યાં, ત્યાં પુદ્ગલો નિજ ભાવથી
કર્મત્વરૂપે પરિણમે અન્યોન્ય-અવગાહિત થઈ. ૬૫.

---

★ આ ગાથાને મળતી ગાથા શ્રી પ્રવચનસારમાં ૧૬૮મી છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

आत्मा करोति स्वभावं तत्र गताः पुद्गलाः स्वभावैः ।
गच्छन्ति कर्मभावमन्योन्यावगाहावगाढाः ॥६५॥

अन्याकृतकर्मसम्भूतिप्रकारोक्तिरियम् ।

आत्मा हि संसारावस्थायां पारिणामिकचैतन्यस्वभावमपरित्यजन्नेवानादिबन्धनबद्धत्वादनादिमोहरागद्वेषस्निग्धैरविशुद्धैरेव भावैर्विवर्तते । स खलु यत्र यदा मोहरूपं रागरूपं द्वेषरूपं वा स्वस्य भावमारभते, तत्र तदा तमेव निमित्तीकृत्य जीवप्रदेशेषु परस्परावगाहेनानुप्रविष्टाः स्वभावैरेव पुद्गलाः कर्मभावमापद्यन्त इति ॥६५॥

---

અન્વયાર્થઃ—[ आत्मा ] આત્મા [ स्वभावं ] (મોહરાગદ્વેષરૂપ) પોતાના ભાવને [ करोति ] કરે છે; [ तत्र गताः पुद्गलाः ] (ત્યારે) ત્યાં રહેલાં પુદ્‌ગલો [ स्वभावैः ] પોતાના ભાવોથી [ अन्योन्यावगाहावगाढाः ] જીવને વિષે (વિશિષ્ટ પ્રકારે) અન્યોન્ય-અવગાહરૂપે પ્રવેશ્યાં થકાં [ कर्मभावम् गच्छन्ति ] કર્મભાવને પામે છે.

ટીકાઃ—અન્ય વડે કરવામાં આવ્યા વિના કર્મની ઉત્પત્તિ કઈ રીતે થાય છે તેનું આ કથન છે.

આત્મા ખરેખર સંસાર-અવસ્થામાં પારિણામિક ચૈતન્યસ્વભાવને છોડ્યા વિના જ અનાદિ બંધન વડે બદ્ધ હોવાથી અનાદિ મોહરાગદ્વેષ વડે ★સ્નિગ્ધ એવા અવિશુદ્ધ ભાવોરૂપે જ વિવર્તન પામે છે (–પરિણમે છે). તે (સંસારસ્થ આત્મા) ખરેખર જ્યાં અને જ્યારે મોહરૂપ, રાગરૂપ કે દ્વેષરૂપ એવા પોતાના ભાવને કરે છે, ત્યાં અને ત્યારે તે જ ભાવને નિમિત્ત કરીને પુદ્‌ગલો પોતાના ભાવોથી જ જીવના પ્રદેશોમાં (વિશિષ્ટતાપૂર્વક) પરસ્પર અવગાહરૂપે પ્રવેશ્યાં થકાં કર્મભાવને પામે છે.

ભાવાર્થઃ—આત્મા જે ક્ષેત્રે અને જે કાળે અશુદ્ધ ભાવે પરિણમે છે, તે જ ક્ષેત્રે રહેલા કાર્માણવર્ગણારૂપ પુદ્‌ગલસ્કંધો તે જ કાળે સ્વયં પોતાના ભાવોથી જ જીવના પ્રદેશોમાં ખાસ પ્રકારે પરસ્પર-અવગાહરૂપે પ્રવેશ્યા થકા કર્મપણાને પામે છે.

આ રીતે, જીવથી કરાયા વિના જ પુદ્‌ગલો સ્વયં કર્મપણે પરિણમે છે. ૬૫.

---

★ સ્નિગ્ધ = ચીકણા; ચીકાશવાળા. (મોહરાગદ્વેષ કર્મબંધના નિમિત્તભૂત હોવાને લીધે મોહરાગદ્વેષને સ્નિગ્ધતાની ઉપમા આપવામાં આવે છે. તેથી અહીં અવિશુદ્ધ ભાવોને 'મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ' કહ્યા છે.)

जह पोग्गलदव्वाणं बहुप्पयारेहिं खंधणिव्वत्ती ।
अकदा परेहिं दिट्ठा तह कम्माणं वियाणाहि ।।६६।।

यथा पुद्गलद्रव्याणां बहुप्रकारैः स्कन्धनिर्वृत्तिः ।
अकृता परैर्दृष्टा तथा कर्मणां विजानीहि ।।६६।।

अनन्यकृतत्वं कर्मणां वैचित्र्यस्यात्रोक्तम् ।

यथा हि स्वयोग्यचन्द्रार्कप्रभोपलम्भे सन्ध्याभ्रेन्द्रचापपरिवेषप्रभृतिभिर्बहुभिः प्रकारैः पुद्गलस्कन्धविकल्पाः कर्त्रन्तरनिरपेक्षा एवोत्पद्यन्ते, तथा स्वयोग्यजीवपरिणामोपलम्भे ज्ञानावरणप्रभृतिभिर्बहुभिः प्रकारैः कर्माण्यपि कर्त्रन्तरनिरपेक्षाण्येवोत्पद्यन्ते इति ।।६६।।

---

જ્યમ સ્કંધરચના બહુવિધા દેખાય છે પુદ્ગલ તણી
પરથી અકૃત, તે રીત જાણો વિવિધતા કર્મો તણી. ૬૬.

અન્વયાર્થ :—[यथा] જેમ [पुद्गलद्रव्याणां] પુદ્ગલદ્રવ્યોની [बहुप्रकारैः] બહુ પ્રકારે [स्कन्धनिर्वृत्तिः] સ્કંધરચના [परैः अकृता] પરથી કરાયા વિના [दृष्टा] થતી જોવામાં આવે છે, [तथा] તેમ [कर्मणां] કર્મોની બહુપ્રકારતા [विजानीहि] પરથી અકૃત જાણો.

ટીકા :—કર્મોની વિચિત્રતા (બહુપ્રકારતા) અન્ય વડે કરવામાં આવતી નથી એમ અહીં કહ્યું છે.

જેમ પોતાને યોગ્ય ચંદ્ર-સૂર્યના પ્રકાશની ઉપલબ્ધિ હોતાં, સંધ્યા-વાદળાં-ઈંદ્રધનુષ-પ્રભામંડળ ઈત્યાદિ ઘણા પ્રકારે પુદ્ગલસ્કંધભેદો અન્ય કર્તાની અપેક્ષા વિના જ ઊપજે છે, તેમ પોતાને યોગ્ય જીવ-પરિણામની ઉપલબ્ધિ હોતાં, જ્ઞાનાવરણાદિ ઘણા પ્રકારે કર્મો પણ અન્ય કર્તાની અપેક્ષા વિના જ ઊપજે છે.

ભાવાર્થ :—કર્મોની વિવિધ પ્રકૃતિ-પ્રદેશ-સ્થિતિ-અનુભાગરૂપ વિચિત્રતા પણ જીવકૃત નથી, પુદ્ગલકૃત જ છે. ૬૬.

પં. ૧૪

जीवा पोग्गलकाया अण्णण्णोगाढगहणपडिबद्धा ।
काले विजुज्जमाणा सुहदुक्खं देंति भुंजंति ॥६७॥

जीवाः पुद्गलकायाः अन्योन्यावगाढग्रहणप्रतिबद्धाः ।
काले वियुज्यमानाः सुखदुःखं ददति भुञ्जन्ति ॥६७॥

निश्चयेन जीवकर्मणोश्चैककर्तृत्वेऽपि व्यवहारेण कर्मदत्तफलोपलम्भो जीवस्य न विरुध्यत इत्यत्रोक्तम् ।

जीवा हि मोहरागद्वेषस्निग्धत्वात्पुद्गलस्कन्धाश्च स्वभावस्निग्धत्वाद्बन्धावस्थायां परमाणुद्वन्द्वानीवान्योन्यावगाहग्रहणप्रतिबद्धत्वेनावतिष्ठन्ते। यदा तु ते परस्परं वियुज्यन्ते, तदोदितप्रच्यवमाना निश्चयेन सुखदुःखरूपात्मपरिणामानां व्यवहारेणेष्टानिष्टविषयाणां

---

જીવ-પુદ્‌ગલો અન્યોન્યમાં અવગાહ ગ્રહીને બદ્ધ છે;
કાળે વિયોગ લહે તદા સુખદુઃખ આપે—ભોગવે. ૬૭.

અન્વયાર્થ :—[जीवाः पुद्गलकायाः] જીવો અને પુદ્‌ગલકાયો [अन्योन्यावगाढ-ग्रहणप्रतिबद्धाः] (વિશિષ્ટ પ્રકારે) અન્યોન્ય-અવગાહને ગ્રહવા વડે (પરસ્પર) બદ્ધ છે; [काले वियुज्यमानाः] કાળે છૂટા પડતાં [सुखदुःखं ददति भुञ्जन्ति] સુખદુઃખ આપે છે અને ભોગવે છે (અર્થાત્ પુદ્‌ગલકાયો સુખદુઃખ આપે છે અને જીવો ભોગવે છે).

ટીકા :—નિશ્ચયથી જીવ અને કર્મને એકનું (નિજ નિજ રૂપનું જ) કર્તાપણું હોવા છતાં, વ્યવહારથી જીવને કર્મે દીધેલા ફળનો ભોગવટો વિરોધ પામતો નથી (અર્થાત્ ‘કર્મ જીવને ફળ આપે છે અને જીવ તેને ભોગવે છે’ એ વાત પણ વ્યવહારથી ઘટે છે) એમ અહીં કહ્યું છે.

જીવો મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ હોવાને લીધે અને પુદ્‌ગલસ્કંધો સ્વભાવથી સ્નિગ્ધ હોવાને લીધે, (તેઓ) બંધ-અવસ્થામાં—*પરમાણુદ્વંદ્વોની માફક—(વિશિષ્ટ પ્રકારે) અન્યોન્ય-અવગાહના ગ્રહણ વડે બદ્ધપણે રહે છે. જ્યારે તેઓ પરસ્પર છૂટા પડે છે ત્યારે (નીચે પ્રમાણે પુદ્‌ગલસ્કંધો ફળ આપે છે અને જીવો તેને ભોગવે છે)—ઉદય પામીને ખરી જતા પુદ્‌ગલકાયો સુખદુઃખરૂપ આત્મપરિણામોના નિમિત્તમાત્ર હોવાની

---

★ પરમાણુદ્વંદ્વ = બે પરમાણુઓનું જોડકું; બે પરમાણુઓનો બનેલો સ્કંધ; દ્વિ-અણુક સ્કંધ.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**निमित्तमात्रत्वात्पुद्गलकायाः सुखदुःखरूपं फलं प्रयच्छन्ति। जीवाश्च निश्चयेन निमित्त-मात्रभूतद्रव्यकर्मनिर्वर्तितसुखदुःखरूपात्मपरिणामानां व्यवहारेण द्रव्यकर्मोदयापादितेष्टा-**

---

**અપેક્ષાએ ★નિશ્ચયથી, અને ઈષ્ટાનિષ્ટ વિષયોના નિમિત્તમાત્ર હોવાની અપેક્ષાએ ★વ્યવહારથી, +સુખદુઃખરૂપ ફળ આપે છે; તથા જીવો નિમિત્તમાત્રભૂત દ્રવ્યકર્મથી નિષ્પન્ન થતા સુખ-દુઃખરૂપ આત્મપરિણામોના ભોક્તા હોવાની અપેક્ષાએ નિશ્ચયથી, અને (નિમિત્તમાત્રભૂત) દ્રવ્યકર્મના ઉદયથી સંપાદિત ઈષ્ટાનિષ્ટ વિષયોના ભોક્તા હોવાની અપેક્ષાએ વ્યવહારથી, તે પ્રકારનું (સુખદુઃખરૂપ) ફળ ભોગવે છે (અર્થાત્ નિશ્ચયથી સુખદુઃખપરિણામરૂપ અને વ્યવહારથી ઈષ્ટાનિષ્ટ વિષયરૂપ ફળ ભોગવે છે).**

---

★ (૧) સુખદુઃખપરિણામોમાં તથા (૨) ઈષ્ટાનિષ્ટ વિષયોના સંયોગમાં શુભાશુભ કર્મો નિમિત્તભૂત હોય છે, તેથી તે કર્મોને તેમના નિમિત્તમાત્રપણાની અપેક્ષાએ જ ''(૧) સુખદુઃખપરિણામરૂપ (ફળ) તથા (૨) ઈષ્ટાનિષ્ટ વિષયરૂપ ફળ 'દેનારાં''' (ઉપચારથી) કહી શકાય છે. હવે, (૧) સુખ-દુઃખપરિણામ તો જીવના પોતાના જ પર્યાયરૂપ હોવાથી જીવ સુખદુઃખપરિણામને તો 'નિશ્ચયથી' ભોગવે છે, અને તેથી સુખદુઃખપરિણામમાં નિમિત્તભૂત વર્તતાં શુભાશુભ કર્મો વિષે પણ (—જેમને ''સુખદુઃખપરિણામરૂપ ફળ દેનારાં'' કહ્યાં હતાં તેમના વિષે પણ) તે અપેક્ષાએ એમ કહી શકાય છે કે ''તેઓ જીવને 'નિશ્ચયથી' સુખદુઃખપરિણામરૂપ ફળ દે છે''; તથા (૨) ઈષ્ટાનિષ્ટ વિષયો તો જીવથી તદ્દન ભિન્ન હોવાથી જીવ ઈષ્ટાનિષ્ટ વિષયોને તો 'વ્યવહારથી' ભોગવે છે, અને તેથી ઈષ્ટાનિષ્ટ વિષયોમાં નિમિત્તભૂત વર્તતાં શુભાશુભ કર્મો વિષે પણ (—જેમને ''ઈષ્ટાનિષ્ટ વિષયરૂપ ફળ દેનારાં'' કહ્યાં હતાં તેમના વિષે પણ) તે અપેક્ષાએ એમ કહી શકાય છે કે ''તેઓ જીવને 'વ્યવહારથી' ઈષ્ટાનિષ્ટ વિષયરૂપ ફળ દે છે.''

અહીં (ટીકાના બીજા ફકરામાં) જે 'નિશ્ચય' અને 'વ્યવહાર' એવા બે ભંગ પાડ્યા છે તે માત્ર એટલો ભેદ સૂચવવા માટે જ પાડ્યા છે કે 'કર્મનિમિત્તક સુખદુઃખપરિણામો જીવમાં થાય છે અને કર્મનિમિત્તક ઈષ્ટાનિષ્ટ વિષયો જીવથી તદ્દન ભિન્ન છે'. પરંતુ અહીં કહેલા નિશ્ચયરૂપ ભંગથી એમ ન સમજવું કે 'પૌદ્ગલિક કર્મ જીવને ખરેખર ફળ આપે છે અને જીવ ખરેખર કર્મે દીધેલા ફળને ભોગવે છે'.

પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યને ફળ આપી શકતું નથી અને કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્ય પાસેથી ફળ મેળવીને ભોગવી શકતું નથી. જો પરમાર્થે કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યને ફળ આપે અને તે અન્ય દ્રવ્ય તેને ભોગવે તો બંને દ્રવ્યો એક થઈ જાય. અહીં એ ધ્યાનમાં રાખવું ખાસ આવશ્યક છે કે ટીકાના પહેલા ફકરામાં આખી ગાથાના કથનનો સાર કહેતાં શ્રી ટીકાકાર આચાર્યદેવે પોતે જ, જીવને કર્મે દીધેલા ફળનો ભોગવટો વ્યવહારથી જ કહ્યો છે, નિશ્ચયથી નહિ.

+ સુખદુઃખના બે અર્થો થાય છે : (૧) સુખદુઃખપરિણામો, અને (૨) ઈષ્ટાનિષ્ટ વિષયો. જ્યાં 'નિશ્ચયથી' કહ્યું છે ત્યાં 'સુખદુઃખપરિણામો' એવો અર્થ સમજવો અને જ્યાં 'વ્યવહારથી' કહ્યું છે ત્યાં 'ઈષ્ટાનિષ્ટ વિષયો' એવો અર્થ સમજવો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

निष्टविषयाणां भोक्तृत्वात्तथाविधं फलं भुञ्जन्ते इति। एतेन जीवस्य भोक्तृत्वगुणोऽपि व्याख्यातः ॥६७॥

तम्हा कम्मं कत्ता भावेण हि संजुदोध जीवस्स ।
भोत्ता दु हवदि जीवो चेदगभावेण कम्मफलं ॥६८॥

तस्मात्कर्म कर्तृ भावेन हि संयुतमथ जीवस्य ।
भोक्ता तु भवति जीवश्चेतकभावेन कर्मफलम् ॥६८॥

कर्तृत्वभोक्तृत्वव्याख्योपसंहारोऽयम् ।

तत एतत् स्थितं निश्चयेनात्मनः कर्म कर्तृ, व्यवहारेण जीवभावस्य; जीवोऽपि निश्चयेनात्मभावस्य कर्ता, व्यवहारेण कर्मण इति। यथात्रोभयनयाभ्यां कर्म कर्तृ, तथैकेनापि नयेन न भोक्तृ। कुतः ? चैतन्यपूर्वकानुभूतिसद्भावाभावात् । ततश्चेतनत्वात्

---

આથી (આ કથનથી) જીવના ભોક્તૃત્વગુણનું પણ વ્યાખ્યાન થયું. ૬૭.

તેથી કરમ, જીવભાવથી સંયુક્ત, કર્તા જાણવું;
ભોક્તાપણું તો જીવને ચેતકપણે તત્ફળ તણું. ૬૮.

અન્વયાર્થ :—[ तस्मात् ] તેથી [ अथ जीवस्य भावेन हि संयुतम् ] જીવના ભાવથી સંયુક્ત એવું [ कर्म ] કર્મ (દ્રવ્યકર્મ) [ कर्तृ ] કર્તા છે (–નિશ્ચયથી પોતાનું કર્તા અને વ્યવહારથી જીવભાવનું કર્તા; પરંતુ તે ભોક્તા નથી). [ भोक्ता तु ] ભોક્તા તો [ जीवः भवति ] (માત્ર) જીવ છે [ चेतकभावेन ] ચેતકભાવને લીધે [ कर्मफलम् ] કર્મફળનો.

ટીકા :—આ, કર્તૃત્વ અને ભોક્તૃત્વની વ્યાખ્યાનો ઉપસંહાર છે.

તેથી (પૂર્વોક્ત કથનથી) એમ નક્કી થયું કે—કર્મ નિશ્ચયથી પોતાનું કર્તા છે, વ્યવહારથી જીવભાવનું કર્તા છે; જીવ પણ નિશ્ચયથી પોતાના ભાવનો કર્તા છે, વ્યવહારથી કર્મનો કર્તા છે.

જેમ અહીં બંને નયોથી કર્મ કર્તા છે, તેમ એક પણ નયથી તે ભોક્તા નથી. શા કારણે? કારણ કે તેને *ચૈતન્યપૂર્વક અનુભૂતિનો સદ્‌ભાવ નથી. તેથી ચેતનપણાને

---

★ જે અનુભૂતિ ચૈતન્યપૂર્વક હોય તેને જ અહીં ભોક્તૃત્વ કહેલ છે, તે સિવાયની અનુભૂતિને નહિ.

केवल एव जीवः कर्मफलभूतानां कथञ्चिदात्मनः सुखदुःखपरिणामानां कथञ्चिदिष्टानिष्ट-विषयाणां भोक्ता प्रसिद्ध इति।।६८।।

एवं कत्ता भोत्ता होज्जं अप्पा सगेहिं कम्मेहिं।
हिंडदि पारमपारं संसारं मोहसंछण्णो ।।६९।।

एवं कर्ता भोक्ता भवन्नात्मा स्वकैः कर्मभिः।
हिंडते पारमपारं संसारं मोहसंछन्नः।।६९।।

कर्मसंयुक्तत्वमुखेन प्रभुत्वगुणव्याख्यानमेतत्।

एवमयमात्मा प्रकटितप्रभुत्वशक्तिः स्वकैः कर्मभिर्गृहीतकर्तृत्वभोक्तृत्वाधिकारोऽनादि मोहावच्छन्नत्वादुपजातविपरीताभिनिवेशः प्रत्यस्तमितसम्यग्ज्ञानज्योतिः सान्तमनन्तं वा संसारं

---

લીધે કેવળ જીવ જ કર્મફળનો—કથંચિત્ આત્માના સુખદુઃખપરિણામોનો અને કથંચિત્ ઇષ્ટાનિષ્ટ વિષયોનો—ભોક્તા પ્રસિદ્ધ છે. ૬૮.

કર્તા અને ભોક્તા થતો એ રીત નિજ કર્મો વડે
જીવ મોહથી આચ્છન્ન સાંત અનંત સંસારે ભમે. ૬૯.

**અન્વયાર્થઃ**—[एवं] એ રીતે [स्वकैः कर्मभिः] પોતાનાં કર્મોથી [कर्ता भोक्ता भवन्] કર્તા-ભોક્તા થતો [आत्मा] આત્મા [मोहसंछन्नः] મોહાચ્છાદિત વર્તતો થકો [पारम् अपारं संसारं] સાંત અથવા અનંત સંસારમાં [हिंडते] પરિભ્રમણ કરે છે.

**ટીકાઃ**—આ, કર્મસંયુક્તપણાની મુખ્યતાથી પ્રભુત્વગુણનું વ્યાખ્યાન છે.

એ રીતે પ્રગટ પ્રભુત્વશક્તિને લીધે જેણે પોતાનાં કર્મો વડે (—નિશ્ચયથી ભાવકર્મો અને વ્યવહારથી દ્રવ્યકર્મો વડે) કર્તૃત્વ અને ભોક્તૃત્વનો અધિકાર ગ્રહણ કર્યો છે એવા આ આત્માને, અનાદિ મોહાચ્છાદિતપણાને લીધે વિપરીત ★અભિનિવેશ ઊપજ્યો હોવાથી સમ્યગ્જ્ઞાનજ્યોતિ અસ્ત થઈ ગઈ છે, તેથી તે સાંત અથવા અનંત

---

★ અભિનિવેશ = અભિપ્રાય; આગ્રહ.

परिभ्रमतीति ।।६९।।

उवसंतखीणमोहो मग्गं जिणभासिदेण समुवगदो ।
णाणाणुमग्गचारी णिव्वाणपुरं वजदि धीरो ।।७०।।

उपशान्तक्षीणमोहो मार्गं जिनभाषितेन समुपगतः ।
ज्ञानानुमार्गचारी निर्वाणपुरं व्रजति धीरः ।।७०।।

कर्मवियुक्तत्वमुखेन प्रभुत्वगुणव्याख्यानमेतत् ।

अयमेवात्मा यदि जिनाज्ञया मार्गमुपगम्योपशान्तक्षीणमोहत्वात्प्रहीणविपरीताभिनिवेशः समुद्भिन्नसम्यग्ज्ञानज्योतिः कर्तृत्वभोक्तृत्वाधिकारं परिसमाप्य सम्यक्प्रकटितप्रभुत्वशक्तिर्ज्ञानस्यैवानुमार्गेण चरति, तदा विशुद्धात्मतत्त्वोपलम्भरूपमपवर्गनगरं

---

સંસારમાં પરિભ્રમણ કરે છે.

(આ પ્રમાણે જીવના કર્મસહિતપણાની મુખ્યતાપૂર્વક પ્રભુત્વગુણનું વ્યાખ્યાન કરવામાં આવ્યું.) ૬૯.

જિનવચનથી લહી માર્ગ જે, ઉપશાંતક્ષીણમોહી બને,
જ્ઞાનાનુમાર્ગ વિષે ચરે, તે ધીર શિવપુરને વરે. ૭૦.

અન્વયાર્થ :—[ जिनभाषितेन मार्गं समुपगतः ] જે (પુરુષ) જિનવચનથી માર્ગને પામીને [ उपशान्तक्षीणमोहः ] ઉપશાંતક્ષીણમોહ થયો થકો (અર્થાત્ દર્શનમોહનો જેને ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમ થયો છે એવો થયો થકો) [ ज्ञानानुमार्गचारी ] જ્ઞાનાનુમાર્ગે ચરે છે (—જ્ઞાનને અનુસરનારા માર્ગે પ્રવર્તે છે), [ धीरः ] તે ધીર પુરુષ [ निर्वाणपुरं व्रजति ] નિર્વાણપુરને પામે છે.

ટીકા :—આ, કર્મવિયુક્તપણાની મુખ્યતાથી પ્રભુત્વગુણનું વ્યાખ્યાન છે.

જ્યારે આ જ આત્મા જિનાજ્ઞા વડે માર્ગને પામીને, ઉપશાંતક્ષીણમોહપણાને લીધે (દર્શનમોહના ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમને લીધે) જેને વિપરીત અભિનિવેશ નષ્ટ થયો હોવાથી સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટી છે એવો થયો થકો, કર્તૃત્વ અને ભોક્તૃત્વના અધિકારને સમાપ્ત કરીને સમ્યક્પણે પ્રગટ પ્રભુત્વશક્તિવાળો થયો થકો જ્ઞાનને જ અનુસરનારા માર્ગે ચરે છે (—પ્રવર્તે છે, પરિણમે છે, આચરણ કરે છે), ત્યારે તે વિશુદ્ધ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



विगाहत इति॥७०॥

अथ जीवविकल्पा उच्यन्ते।

एक्को चेव महप्पा सो दुवियप्पो तिलक्खणो होदि।
चदुचंकमणो भणिदो पंचग्गगुणप्पधाणो य॥७१॥
छक्कापक्कमजुत्तो उवउत्तो सत्तभङ्गसब्भावो।
अट्ठासओ णवट्ठो जीवो दसठाणगो भणिदो॥७२॥

एक एव महात्मा स द्विविकल्पस्त्रिलक्षणो भवति।
चतुश्चङ्क्रमणो भणितः पञ्चाग्रगुणप्रधानश्च॥७१॥
षट्कापक्रमयुक्तः उपयुक्तः सप्तभङ्गसद्भावः।
अष्टाश्रयो नवार्थो जीवो दशस्थानगो भणितः॥७२॥

---

આત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ અપવર્ગનગરને (મોક્ષપુરને) પામે છે.

(આ પ્રમાણે જીવના કર્મરહિતપણાની મુખ્યતાપૂર્વક પ્રભુત્વગુણનું વ્યાખ્યાન કરવામાં આવ્યું.) ૭૦.

હવે જીવના ભેદો કહેવામાં આવે છે.

એક જ મહાત્મા તે દ્વિભેદ અને ત્રિલક્ષણ ઉક્ત છે,
ચઉભ્રમણયુત, પંચાગ્રગુણપરધાન જીવ કહેલ છે; ૭૧.
ઉપયોગી ષટ-અપક્રમસહિત છે, સપ્તભંગીસત્ત્વ છે,
જીવ અષ્ટ-આશ્રય, નવ-અરથ, દશસ્થાનગત ભાખેલ છે. ૭૨.

**અન્વયાર્થ :—**[ सः महात्मा ] તે મહાત્મા [ एकः एव ] એક જ છે, [ द्विविकल्पः ] બે ભેદવાળો છે અને [ त्रिलक्षणः भवति ] ત્રિલક્ષણ છે; [ चतुश्चङ्क्रमणः ] વળી તેને ચતુર્વિધ ભ્રમણવાળો [ च ] તથા [ पञ्चाग्रगुणप्रधानः ] પાંચ મુખ્ય ગુણોથી પ્રધાનતાવાળો [ भणितः ] કહ્યો છે. [ उपयुक्तः जीवः ] ઉપયોગી એવો તે જીવ [ षट्कापक्रमयुक्तः ] છ ★અપક્રમ સહિત, [ सप्तभङ्गसद्भावः ] સાત ભંગપૂર્વક સદ્ભાવવાળો, [ अष्टाश्रयः ] આઠના આશ્રયરૂપ, [ नवार्थः ]

★ અપક્રમ = (સંસારી જીવને અન્ય ભવમાં જતાં) અનુશ્રેણી ગમન અર્થાત્ વિદિશાઓ છોડીને ગમન

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

स खलु जीवो महात्मा नित्यचैतन्योपयुक्तत्वादेक एव, ज्ञानदर्शनभेदाद्वि-विकल्पः, कर्मफलकार्यज्ञानचेतनाभेदेन लक्ष्यमाणत्वात्त्रिलक्षणः ध्रौव्योत्पादविनाश-भेदेन वा, चतसृषु गतिषु चङ्क्रमणत्वाच्चतुश्चङ्क्रमणः, पञ्चभिः पारिणामिकौदयिकादि-भिरग्रगुणैः प्रधानत्वात्पञ्चाग्रगुणप्रधानः, चतसृषु दिक्षूर्ध्वमधश्चेति भवान्तरसङ्क्रमण-षट्केनापक्रमेण युक्तत्वात्षट्कापक्रमयुक्तः, अस्तिनास्त्यादिभिः सप्तभंगैः सद्भावो यस्येति सप्तभङ्गसद्भावः, अष्टानां कर्मणां गुणानां वा आश्रयत्वादष्टाश्रयः, नवपदार्थरूपेण वर्तनान्नवार्थः, पृथिव्यप्तेजोवायुवनस्पतिसाधारणप्रत्येकद्वित्रिचतुःपञ्चेन्द्रियरूपेषु दशसु स्थानेषु गतत्वाद्दशस्थानग इति।।७१–७२।।

पयडिट्ठिदिअणुभागप्पदेसबंधेहिं सव्वदो मुक्को ।
उड्ढं गच्छदि सेसा विदिसावज्जं गदिं जंति ।।७३।।

---

નવ-અર્થરૂપ અને [दशस्थानगः] દશસ્થાનગત [भणितः] કહેવામાં આવ્યો છે.

ટીકાઃ—તે જીવ મહાત્મા (૧) ખરેખર નિત્યચૈતન્ય-ઉપયોગી હોવાથી ‘એક જ’ છે; (૨) જ્ઞાન ને દર્શન એવા ભેદોને લીધે ‘બે ભેદવાળો’ છે; (૩) કર્મફળચેતના, કાર્યચેતના ને જ્ઞાનચેતના એવા ભેદો વડે અથવા ધ્રૌવ્ય, ઉત્પાદ ને વિનાશ એવા ભેદો વડે લક્ષિત હોવાથી ‘ત્રિલક્ષણ (ત્રણ લક્ષણવાળો)’ છે; (૪) ચાર ગતિમાં ભમતો હોવાથી ‘ચતુર્વિધ ભ્રમણવાળો’ છે; (૫) પારિણામિક, ઔદયિક ઇત્યાદિ પાંચ મુખ્ય ગુણો વડે પ્રધાનપણું હોવાથી ‘પાંચ મુખ્ય ગુણોથી પ્રધાનતાવાળો’ છે; (૬) ચાર દિશાઓમાં, ઊંચે અને નીચે એમ ષડ્વિધ ભવાંતરગમનરૂપ અપક્રમથી યુક્ત હોવાથી (અર્થાત્ અન્ય ભવમાં જતાં ઉપરોક્ત છ દિશાઓમાં ગમન થતું હોવાથી) ‘છ અપક્રમ સહિત’ છે; (૭) અસ્તિ, નાસ્તિ આદિ સાત ભંગો વડે જેનો સદ્ભાવ છે એવો હોવાથી ‘સાત ભંગપૂર્વક સદ્ભાવવાળો’ છે; (૮) (જ્ઞાનાવરણીયાદિ) આઠ કર્મોના અથવા (સમ્યક્ત્વાદિ) આઠ ગુણોના આશ્રયભૂત હોવાથી ‘આઠના આશ્રયરૂપ’ છે; (૯) નવ પદાર્થરૂપે વર્તતો હોવાથી ‘નવ-અર્થરૂપ’ છે; (૧૦) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, સાધારણ વનસ્પતિ, પ્રત્યેક વનસ્પતિ, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિયરૂપ દશ સ્થાનોમાં પ્રાપ્ત હોવાથી ‘દશસ્થાનગત’ છે. ૭૧–૭૨.

પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભવબંધથી પરિમુક્તને
ગતિ હોય ઊંચે; શેષને વિદિશા તજી ગતિ હોય છે. ૭૩.

प्रकृतिस्थित्यनुभागप्रदेशबन्धैः सर्वतो मुक्तः ।
ऊर्ध्वं गच्छति शेषा विदिग्वर्जां गतिं यान्ति ॥७३॥

बद्धजीवस्य षड्गतयः कर्मनिमित्ताः। मुक्तस्याप्यूर्ध्वगतिरेका स्वाभाविकीत्यत्रोक्तम् ॥७३॥

—इति जीवद्रव्यास्तिकायव्याख्यानं समाप्तम्।

अथ पुद्गलद्रव्यास्तिकायव्याख्यानम्।

खंधा य खंधदेसा खंदपदेसा य होंति परमाणू ।
इदि ते चदुव्वियप्पा पोग्गलकाया मुणेयव्वा ॥७४॥

---

અન્વયાર્થ :—[प्रकृतिस्थित्यनुभागप्रदेशबन्धैः] પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધથી [सर्वतः मुक्तः] સર્વતઃ મુક્ત જીવ [ऊर्ध्वं गच्छति] ઊર્ધ્વગમન કરે છે; [शेषाः] બાકીના જીવો (ભવાંતરમાં જતાં) [विदिग्वर्जां गतिं यान्ति] વિદિશાઓ છોડીને ગમન કરે છે.

ટીકા :—બદ્ધ જીવને કર્મનિમિત્તક ષડ્વિધ ગમન (અર્થાત્ કર્મ જેમાં નિમિત્તભૂત છે એવું છ દિશાઓમાં ગમન) હોય છે; મુક્ત જીવને પણ સ્વાભાવિક એવું એક ઊર્ધ્વગમન હોય છે.—આમ અહીં કહ્યું છે.

ભાવાર્થ :—સમસ્ત રાગાદિવિભાવ રહિત એવું જે શુદ્ધાત્માનુભૂતિલક્ષણ ધ્યાન તેના બળ વડે ચતુર્વિધ બંધથી સર્વથા મુક્ત થયેલો જીવ પણ, સ્વાભાવિક અનંત જ્ઞાનાદિ ગુણોથી યુક્ત વર્તતો થકો, એકસમયવર્તી અવિગ્રહગતિ વડે (લોકાગ્રપર્યંત) સ્વાભાવિક ઊર્ધ્વગમન કરે છે. બાકીના સંસારી જીવો મરણાંતે વિદિશાઓ છોડીને પૂર્વોક્ત ષટ્-અપક્રમસ્વરૂપ (કર્મનિમિત્તક) અનુશ્રેણીગમન કરે છે. ૭૩.

આ રીતે જીવદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

હવે પુદ્ગલદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન છે.

જડરૂપ પુદ્ગલકાય કેરા ચાર ભેદો જાણવા;
તે સ્કંધ, તેનો દેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ કહ્યા. ૭૪.

स्कन्धाश्च स्कन्धदेशाः स्कन्धप्रदेशाश्च भवन्ति परमाणवः।
इति ते चतुर्विकल्पाः पुद्गलकाया ज्ञातव्याः ॥७४॥

पुद्गलद्रव्यविकल्पादेशोऽयम्।

पुद्गलद्रव्याणि हि कदाचित्स्कन्धपर्यायेण, कदाचित्स्कन्धदेशपर्यायेण, कदाचित्स्कन्धप्रदेशपर्यायेण, कदाचित्परमाणुत्वेनात्र तिष्ठन्ति। नान्या गतिरस्ति। इति तेषां चतुर्विकल्पत्वमिति ॥७४॥

खंधं सयलसमत्थं तस्स दु अद्धं भणंति देसो त्ति।
अद्धद्धं च पदेसो परमाणू चेव अविभागी ॥७५॥

स्कन्धः सकलसमस्तस्तस्य त्वर्धं भणन्ति देश इति।
अर्धार्धं च प्रदेशः परमाणुश्चैवाविभागी ॥७५॥

पुद्गलद्रव्यविकल्पनिर्देशोऽयम्।

---

અન્વયાર્થ :—[ते पुद्गलकायाः] પુદ્ગલકાયના [चतुर्विकल्पाः] ચાર ભેદ [ज्ञातव्याः] જાણવા : [स्कन्धाः च] સ્કંધો, [स्कन्धदेशाः] સ્કંધદેશો, [स्कन्धप्रदेशाः] સ્કંધપ્રદેશો [च] અને [परमाणवः भवन्ति इति] પરમાણુઓ.

ટીકા :—આ, પુદ્ગલદ્રવ્યના ભેદોનું કથન છે.

પુદ્ગલદ્રવ્યો કદાચિત્ સ્કંધપર્યાયે, કદાચિત્ સ્કંધદેશરૂપ પર્યાયે, કદાચિત્ સ્કંધપ્રદેશરૂપ પર્યાયે અને કદાચિત્ પરમાણુપણે અહીં (લોકમાં) હોય છે; બીજી કોઈ ગતિ નથી. એ પ્રમાણે તેમના ચાર ભેદો છે. ૭૪.

પૂરણ-સકળ તે 'સ્કંધ' છે ને અર્ધ તેનું 'દેશ' છે,
અર્ધાર્ધ તેનું 'પ્રદેશ' ને અવિભાગ તે 'પરમાણુ' છે. ૭૫.

અન્વયાર્થ :—[सकलसमस्तः] સકળ-સમસ્ત (પુદ્ગલપિંડાત્મક આખી વસ્તુ) તે [स्कन्धः] સ્કંધ છે, [तस्य अर्धं तु] તેના અર્ધને [देशः इति भणन्ति] દેશ કહે છે, [अर्धार्धं च] અર્ધનું અર્ધ તે [प्रदेशः] પ્રદેશ છે [च] અને [अविभागी] અવિભાગી તે [परमाणुः एव] ખરેખર પરમાણુ છે.

ટીકા :—આ, પુદ્ગલદ્રવ્યના ભેદોનું વર્ણન છે.

**अनन्तानन्तपरमाण्वारब्धोऽप्येकः स्कन्धो नाम पर्यायः। तदर्धं स्कन्धदेशो नाम पर्यायः। तदर्धार्धं स्कन्धप्रदेशो नाम पर्यायः। एवं भेदवशात् द्व्यणुकस्कन्धादनन्ताः स्कन्धप्रदेशपर्यायाः। निर्विभागैकप्रदेशः स्कन्धस्यान्त्यो भेदः परमाणुरेकः। पुनरपि द्वयोः परमाण्वोः सङ्घातादेको द्व्यणुकस्कन्धपर्यायः। एवं सङ्घातवशादनन्ताः स्कन्धपर्यायाः। एवं भेदसङ्घाताभ्यामप्यनन्ता भवन्तीति।।७५।।**

---

**અનંતાનંત પરમાણુનો બનેલો હોવા છતાં જે એક હોય તે સ્કંધ નામનો પર્યાય છે; તેનું અર્ધ તે સ્કંધદેશ નામનો પર્યાય છે; તે અર્ધનું જે અર્ધ તે સ્કંધપ્રદેશ નામનો પર્યાય છે. એ પ્રમાણે ભેદને લીધે (છૂટા પડવાને લીધે) દ્વિ-અણુક સ્કંધપર્યંત અનંત સ્કંધપ્રદેશરૂપ પર્યાયો હોય છે. નિર્વિભાગ-એક-પ્રદેશવાળો, સ્કંધનો છેલ્લો ભાગ તે એક પરમાણુ છે. (આ રીતે ★ભેદથી થતા પુદ્‌ગલવિકલ્પોનું વર્ણન થયું.)**

**વળી, બે પરમાણુઓના સંઘાતથી (ભેગા થવાથી) એક દ્વિઅણુક-સ્કંધરૂપ પર્યાય થાય છે. એ રીતે સંઘાતને લીધે (દ્વિઅણુક-સ્કંધની માફક ત્રિઅણુક-સ્કંધ, ચતુરણુક-સ્કંધ ઈત્યાદિ) અનંત સ્કંધરૂપ પર્યાયો થાય છે. (આ રીતે સંઘાતથી થતા પુદ્‌ગલવિકલ્પનું વર્ણન થયું.)**

**એ પ્રમાણે ભેદ-સંઘાત બંનેથી પણ (એકીસાથે ભેદ અને સંઘાત બંને થવાથી પણ) અનંત (સ્કંધરૂપ પર્યાયો) થાય છે. (આ રીતે ભેદ-સંઘાતથી થતા પુદ્‌ગલવિકલ્પનું વર્ણન થયું.) ૭૫.**

---

★ ભેદથી થતા પુદ્‌ગલવિકલ્પોનું (પુદ્‌ગલભેદોનું) ટીકાકાર શ્રી જયસેનાચાર્યદેવે જે વર્ણન કર્યું છે તેનો સાર નીચે પ્રમાણે છે :—અનંતપરમાણુપિંડાત્મક ઘટપટાદિરૂપ જે વિવક્ષિત આખી વસ્તુ તેને 'સ્કંધ' સંજ્ઞા છે. ભેદ વડે તેના જે પુદ્‌ગલવિકલ્પો થાય છે તે નીચેના દ્રષ્ટાંત પ્રમાણે સમજવા. ધારો કે ૧૬ પરમાણુનો બનેલો એક પુદ્‌ગલપિંડ છે અને તે તૂટીને તેના કકડા થાય છે. ત્યાં ૧૬ પરમાણુના આખા પુદ્‌ગલપિંડને 'સ્કંધ' ગણીએ તો ૮ પરમાણુવાળો તેનો અર્ધભાગરૂપ કકડો તે 'દેશ' છે, ૪ પરમાણુવાળો તેનો ચતુર્થભાગરૂપ કકડો તે 'પ્રદેશ' છે અને અવિભાગી નાનામાં નાનો કકડો તે 'પરમાણુ' છે. વળી, જેમ ૧૬ પરમાણુવાળા આખા પિંડને 'સ્કંધ' સંજ્ઞા છે, તેમ ૧૫થી માંડીને ૯ પરમાણુ સુધીના તેના કોઈ પણ કકડાને પણ 'સ્કંધ' સંજ્ઞા છે; જેમ ૮ પરમાણુવાળા તેના અર્ધભાગરૂપ કકડાને 'દેશ' સંજ્ઞા છે, તેમ ૭થી માંડીને ૫ પરમાણુ સુધીના તેના કોઈ પણ કકડાને પણ 'દેશ' સંજ્ઞા છે; જેમ ૪ પરમાણુવાળા તેના ચતુર્થભાગરૂપ કકડાને 'પ્રદેશ' સંજ્ઞા છે, તેમ ૩થી માંડીને ૨ પરમાણુ સુધીના તેના કોઈ પણ કકડાને પણ 'પ્રદેશ' સંજ્ઞા છે. —આ દ્રષ્ટાંત પ્રમાણે, ભેદ વડે થતા પુદ્‌ગલવિકલ્પો સમજવા.

बादरसुहुमगदाणं खंधाणं पोग्गलो त्ति ववहारो ।
ते होंति छप्पयारा तेलोक्कं जेहिं णिप्पण्णं ।।७६।।

बादरसौक्ष्म्यगतानां स्कन्धानां पुद्गलः इति व्यवहारः ।
ते भवन्ति षट्प्रकारास्त्रैलोक्यं यैः निष्पन्नम् ।।७६।।

स्कन्धानां पुद्गलव्यवहारसमर्थनमेतत् ।

स्पर्शरसगन्धवर्णगुणविशेषैः षट्स्थानपतितवृद्धिहानिभिः पूरणगलनधर्मत्वात् स्कन्धव्यक्त्याविर्भावतिरोभावाभ्यामपि च पूरणगलनोपपत्तेः परमाणवः पुद्गला इति निश्चीयन्ते। स्कन्धास्त्वनेकपुद्गलमयैकपर्यायत्वेन पुद्गलेभ्योऽनन्यत्वात्पुद्गला इति व्यवह्रियन्ते, तथैव च

---

સૌ સ્કંધ બાદર-સૂક્ષ્મમાં 'પુદ્ગલ' તણો વ્યવહાર છે;
છ વિકલ્પ છે સ્કંધો તણા, જેથી ત્રિજગ નિષ્પન્ન છે. ૭૬.

અન્વયાર્થ:—[बादरसौक्ष्म्यगतानां] બાદર ને સૂક્ષ્મપણે પરિણત [स्कन्धानां] સ્કંધોને [पुद्गलः] 'પુદ્ગલ' [इति] એવો [व्यवहारः] વ્યવહાર છે. [ते] તેઓ [षट्प्रकाराः भवन्ति] છ પ્રકારના છે, [यैः] જેમનાથી [त्रैलोक्यं] ત્રણ લોક [निष्पन्नम्] નિષ્પન્ન છે.

ટીકા:—સ્કંધોને વિષે 'પુદ્ગલ' એવો જે વ્યવહાર છે તેનું આ સમર્થન છે.

(૧) જેમાં ષટ્સ્થાનપતિત (છ સ્થાનોમાં સમાવેશ પામતી) વૃદ્ધિહાનિ થાય છે એવા સ્પર્શ-રસ-ગંધ-વર્ણરૂપ ગુણવિશેષોને લીધે (પરમાણુઓ) 'પૂરણગલન' ધર્મવાળા હોવાથી તથા (૨) સ્કંધવ્યક્તિના (—સ્કંધપર્યાયના) આવિર્ભાવ અને તિરોભાવની અપેક્ષાએ પણ (પરમાણુઓમાં) 'પૂરણ-ગલન' ઘટતાં હોવાથી પરમાણુઓ નિશ્ચયે '[1]પુદ્ગલો' છે. સ્કંધો તો [2]અનેકપુદ્ગલમય એકપર્યાયપણાને લીધે પુદ્ગલોથી અનન્ય

---

૧. જેમાં (સ્પર્શ-રસ-ગંધ-વર્ણની અપેક્ષાએ તથા સ્કંધપર્યાયની અપેક્ષાએ) પૂરણ અને ગલન થાય તે પુદ્ગલ છે. પૂરણ = પુરાવું તે; ભરાવું તે; પૂર્તિ; પુષ્ટિ; વૃદ્ધિ. ગલન = ગળવું તે; દુર્બળ થવું તે; કૃશતા; હાનિ; ઘટાડો. [(૧) પરમાણુઓના વિશેષ ગુણો જે સ્પર્શ-રસ-ગંધ-વર્ણ છે તેમનામાં થતી ષટ્સ્થાનપતિત વૃદ્ધિ તે પૂરણ છે અને ષટ્સ્થાનપતિત હાનિ તે ગલન છે; માટે એ રીતે પરમાણુઓ પૂરણ-ગલનધર્મવાળા છે. (૨) પરમાણુઓમાં સ્કંધરૂપ પર્યાયનો આવિર્ભાવ થવો તે પૂરણ છે અને તિરોભાવ થવો તે ગલન છે; એ રીતે પણ પરમાણુઓમાં પૂરણ-ગલન ઘટે છે.]

૨. સ્કંધ અનેકપરમાણુમય એકપર્યાય છે તેથી તે પરમાણુઓથી અનન્ય છે; અને પરમાણુઓ તો પુદ્ગલો છે; તેથી સ્કંધ પણ વ્યવહારથી 'પુદ્ગલ' છે.

बादरसूक्ष्मत्वपरिणामविकल्पैः षट्प्रकारतामापद्य त्रैलोक्यरूपेण निष्पद्य स्थितवन्त इति। तथाहि—बादरबादराः, बादराः, बादरसूक्ष्माः, सूक्ष्मबादराः, सूक्ष्माः, सूक्ष्मसूक्ष्मा इति। तत्र छिन्नाः स्वयं सन्धानासमर्थाः काष्ठपाषाणादयो बादरबादराः। छिन्नाः स्वयं सन्धानसमर्थाः क्षीरघृततैलतोयरसप्रभृतयो बादराः। स्थूलोपलम्भा अपि छेत्तुं भेत्तुमादातुमशक्याः छायातपतमोज्योत्स्नादयो बादरसूक्ष्माः। सूक्ष्मत्वेऽपि स्थूलोपलम्भाः स्पर्शरसगन्धशब्दाः सूक्ष्मबादराः। सूक्ष्मत्वेऽपि हि करणानुपलभ्याः कर्मवर्गणादयः सूक्ष्माः। अत्यन्तसूक्ष्माः कर्मवर्गणाभ्योऽधो द्व्यणुकस्कन्धपर्यन्ताः सूक्ष्मसूक्ष्मा इति।।७६।।

**सव्वेसिं खंधाणं जो अंतो तं वियाण परमाणू।**
**सो सस्सदो असद्दो एक्को अविभागी मुत्तिभवो।।७७।।**

---

હોવાથી વ્યવહારે 'પુદ્ગલો' છે, તેમ જ (તેઓ) બાદરત્વ ને સૂક્ષ્મત્વરૂપ પરિણામોના ભેદો વડે છ પ્રકારોને પામીને ત્રણ લોકરૂપે થઈને રહ્યા છે. તે છ પ્રકારના સ્કંધો આ પ્રમાણે છે:— (૧) બાદરબાદર; (૨) બાદર; (૩) બાદરસૂક્ષ્મ; (૪) સૂક્ષ્મબાદર; (૫) સૂક્ષ્મ; (૬) સૂક્ષ્મસૂક્ષ્મ. ત્યાં, (૧) કાષ્ઠપાષાણાદિક (સ્કંધો) કે જે છેદાતા થકા સ્વયં સંધાઈ શકતા નથી તે (ઘન પદાર્થો) 'બાદરબાદર' છે; (૨) દૂધ, ઘી, તેલ, જળ, રસ વગેરે (સ્કંધો) કે જે છેદાતા થકા સ્વયં જોડાઈ જાય છે તે (પ્રવાહી પદાર્થો) 'બાદર' છે; (૩) છાંયો, તડકો, અંધકાર, ચાંદની વગેરે (સ્કંધો) કે જે સ્થૂલ જણાતા હોવા છતાં છેદી, ભેદી કે (હસ્તાદિ વડે) ગ્રહી શકાતા નથી તે 'બાદરસૂક્ષ્મ' છે; (૪) સ્પર્શ-રસ-ગંધ-શબ્દ કે જે સૂક્ષ્મ હોવા છતાં સ્થૂલ જણાય છે (અર્થાત્ ચક્ષુ સિવાયની ચાર ઇન્દ્રિયોના વિષયભૂત સ્કંધો કે જે આંખથી નહિ દેખાતા હોવા છતાં સ્પર્શનેંદ્રિયથી સ્પર્શી શકાય છે, જીભથી આસ્વાદી શકાય છે, નાકથી સૂંઘી શકાય છે અથવા કાનથી સાંભળી શકાય છે) તે 'સૂક્ષ્મબાદર' છે; (૫) કર્મવર્ગણા વગેરે (સ્કંધો) કે જેમને સૂક્ષ્મપણું છે તેમ જ જેઓ ઇન્દ્રિયોથી ન જણાય એવા છે તે 'સૂક્ષ્મ' છે; (૬) કર્મવર્ગણાથી નીચેના (કર્મવર્ગણાતીત) દ્વિઅણુક-સ્કંધ સુધીના (સ્કંધો) કે જે અત્યંત સૂક્ષ્મ છે તે 'સૂક્ષ્મસૂક્ષ્મ' છે. ૭૬.

**જે અંશ અંતિમ સ્કંધનો, પરમાણુ જાણો તેહને;**
**તે એક ને અવિભાગ, શાશ્વત, મૂર્તિપ્રભવ, અશબ્દ છે. ૭૭.**

सर्वेषां स्कन्धानां योऽन्त्यस्तं विजानीहि परमाणुम्।
स शाश्वतोऽशब्दः एकोऽविभागी मूर्तिभवः ।।७७।।

परमाणुव्याख्येयम्।

उक्तानां स्कन्धरूपपर्यायाणां योऽन्त्यो भेदः स परमाणुः। स तु पुनर्विभागाभावादविभागी, निर्विभागैकप्रदेशत्वादेकः, मूर्तद्रव्यत्वेन सदाप्यविनश्वरत्वान्नित्यः, अनादिनिधनरूपादिपरिणामोत्पन्नत्वान्मूर्तिभवः, रूपादिपरिणामोत्पन्नत्वेऽपि शब्दस्य परमाणुगुणत्वाभावात्पुद्गलस्कन्धपर्यायत्वेन वक्ष्यमाणत्वाच्चाशब्दो निश्चीयत इति।।७७।।

आदेसमेत्तमुत्तो धादुचदुक्कस्स कारणं जो दु।
सो णेओ परमाणू परिणामगुणो सयमसद्दो ।।७८।।

---

અન્વયાર્થ :—[ सर्वेषां स्कन्धानां ] સર્વ સ્કંધોનો [ यः अन्त्यः ] જે અંતિમ ભાગ [ तं ] તેને [ परमाणुम् विजानीहि ] પરમાણુ જાણો. [ सः ] તે [ अविभागी ] અવિભાગી, [ एकः ] એક, [ शाश्वतः ] શાશ્વત, [ मूर्तिभवः ] મૂર્તિપ્રભવ (મૂર્તપણે ઊપજનારો) અને [ अशब्दः ] અશબ્દ છે.

ટીકા :—આ, પરમાણુની વ્યાખ્યા છે.

પૂર્વોક્ત સ્કંધરૂપ પર્યાયોનો જે અંતિમ ભેદ (નાનામાં નાનો ભાગ) તે પરમાણુ છે. અને તે તો, વિભાગના અભાવને લીધે અવિભાગી છે; નિર્વિભાગ-એકપ્રદેશવાળો હોવાથી એક છે; મૂર્તદ્રવ્યપણે સદાય અવિનાશી હોવાથી નિત્ય છે; અનાદિ-અનંત રૂપાદિના પરિણામે ઊપજતો હોવાથી *મૂર્તિપ્રભવ છે; અને રૂપાદિના પરિણામે ઊપજતો હોવા છતાં પણ અશબ્દ છે એમ નિશ્ચિત છે, કારણ કે શબ્દ પરમાણુનો ગુણ નથી તથા તેનું (શબ્દનું) હવે પછી (૭૯મી ગાથામાં) પુદ્‌ગલસ્કંધપર્યાયપણે કથન છે. ૭૭.

આદેશમાત્રથી મૂર્ત, ધાતુચતુષ્કનો છે હેતુ જે,
તે જાણવો પરમાણુ—જે પરિણામી, આપ અશબ્દ છે. ૭૮.

---

★ મૂર્તિપ્રભવ=મૂર્તપણારૂપે ઊપજનારો અર્થાત્ રૂપ-ગંધ-રસ-સ્પર્શના પરિણામરૂપે જેનો ઉત્પાદ થાય છે એવો. (મૂર્તિ=મૂર્તપણું)

आदेशमात्रमूर्तः धातुचतुष्कस्य कारणं यस्तु ।
स ज्ञेयः परमाणुः परिणामगुणः स्वयमशब्दः ।।७८।।

परमाणूनां जात्यन्तरत्वनिरासोऽयम् ।

परमाणोर्हि मूर्तत्वनिबन्धनभूताः स्पर्शरसगन्धवर्णा आदेशमात्रेणैव भिद्यन्ते; वस्तुतस्तु यथा तस्य स एव प्रदेश आदिः, स एव मध्यः, स एवान्तः इति, एवं द्रव्यगुणयोरविभक्तप्रदेशत्वात् य एव परमाणोः प्रदेशः, स एव स्पर्शस्य, स एव रसस्य, स एव गन्धस्य, स एव रूपस्येति। ततः क्वचित्परमाणौ गन्धगुणे, क्वचित् गन्धरसगुणयोः, क्वचित् गन्धरसरूपगुणेषु अपकृष्यमाणेषु तदविभक्तप्रदेशः परमाणुरेव विनश्यतीति। न तदपकर्षो युक्तः। ततः पृथिव्यप्तेजोवायुरूपस्य धातुचतुष्कस्यैक एव

અન્વયાર્થ :—[यः तु] જે [आदेशमात्रमूर्त्तः] આદેશમાત્રથી મૂર્ત છે (અર્થાત્ માત્ર ભેદવિવક્ષાથી મૂર્તત્વવાળો કહેવાય છે) અને [धातुचतुष्कस्य कारणं] જે (પૃથ્વી આદિ) ચાર ધાતુઓનું કારણ છે [सः] તે [परमाणुः ज्ञेयः] પરમાણુ જાણવો— [परिणामगुणः] કે જે પરિણામગુણવાળો છે અને [स्वयम् अशब्दः] સ્વયં અશબ્દ છે.

ટીકા :—પરમાણુઓ ભિન્ન ભિન્ન જાતિના હોવાનું આ ખંડન છે.

મૂર્તત્વના કારણભૂત સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો, પરમાણુથી ★આદેશમાત્ર વડે જ ભેદ કરવામાં આવે છે; વસ્તુતઃ તો જેવી રીતે પરમાણુનો તે જ પ્રદેશ આદિ છે, તે જ પ્રદેશ મધ્ય છે અને તે જ પ્રદેશ અંત છે, તેવી રીતે દ્રવ્ય અને ગુણના અભિન્ન પ્રદેશ હોવાથી, જે પરમાણુનો પ્રદેશ છે, તે જ સ્પર્શનો છે, તે જ રસનો છે, તે જ ગંધનો છે, તે જ રૂપનો છે. તેથી કોઈ પરમાણુમાં ગંધગુણ ઓછો હોય, કોઈ પરમાણુમાં ગંધગુણ અને રસગુણ ઓછા હોય, કોઈ પરમાણુમાં ગંધગુણ, રસગુણ અને રૂપગુણ ઓછા હોય, તો તે ગુણથી અભિન્ન પ્રદેશવાળો પરમાણુ જ વિનાશ પામે. માટે તે ગુણની ઓછપ યુક્ત (ઉચિત) નથી. [કોઈ પણ પરમાણુમાં એક પણ ગુણ ઓછો હોય તો તે ગુણની સાથે અભિન્ન પ્રદેશવાળો પરમાણુ જ નાશ પામે; માટે બધા પરમાણુઓ સમાન ગુણવાળા જ છે, એટલે કે તેઓ ભિન્ન ભિન્ન જાતિના નથી.] તેથી પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુરૂપ ચાર ધાતુઓનું, પરિણામને લીધે, એક જ પરમાણુ કારણ છે (અર્થાત્

★ આદેશ = કથન. [માત્ર ભેદકથન દ્વારા જ પરમાણુથી સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો ભેદ પાડવામાં આવે છે, પરમાર્થે તો પરમાણુથી સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો અભેદ છે.]

**परमाणुः कारणं परिणामवशात्। विचित्रो हि परमाणोः परिणामगुणः क्वचित्कस्यचिद्गुणस्य व्यक्ताव्यक्तत्वेन विचित्रां परिणतिमादधाति। यथा च तस्य परिणामवशादव्यक्तो गन्धादिगुणोऽस्तीति प्रतिज्ञायते, न तथा शब्दोऽप्यव्यक्तोऽस्तीति ज्ञातुं शक्यते, तस्यैकप्रदेशस्यानेकप्रदेशात्मकेन शब्देन सहैकत्वविरोधादिति॥७८॥**

**सद्दो खंधप्पभवो खंधो परमाणुसंगसंघादो।**
**पुट्ठेसु तेसु जायदि सद्दो उप्पादिगो णियदो॥७९॥**

**शब्दः स्कन्धप्रभवः स्कन्धः परमाणुसङ्गसङ्घातः।**
**स्पृष्टेषु तेषु जायते शब्द उत्पादिको नियतः॥७९॥**

---

પરમાણુઓ એક જ જાતિના હોવા છતાં તેઓ પરિણામને લીધે ચાર ધાતુઓનાં કારણ બને છે); કેમ કે વિચિત્ર એવો પરમાણુનો પરિણામગુણ ક્યાંક કોઈ ગુણની ★વ્યક્તાવ્યક્તતા વડે વિચિત્ર પરિણતિને ધારણ કરે છે.

વળી જેવી રીતે પરમાણુને પરિણામને લીધે +અવ્યક્ત ગંધાદિગુણ છે એમ જણાય છે તેવી રીતે શબ્દ પણ અવ્યક્ત છે એમ જાણી શકાતું નથી, કારણ કે એકપ્રદેશી પરમાણુને અનેકપ્રદેશાત્મક શબ્દ સાથે એકત્વ હોવામાં વિરોધ છે. ૭૮.

છે શબ્દ સ્કંધોત્પન્ન; સ્કંધો અણુસમૂહસંઘાત છે,
સ્કંધાભિઘાતે શબ્દ ઊપજે, નિયમથી ઉત્પાદ્ય છે. ૭૯.

**અન્વયાર્થ :**—[शब्दः स्कन्धप्रभवः] શબ્દ સ્કંધજન્ય છે. [स्कन्धः परमाणुसङ्गसङ्घातः] સ્કંધ પરમાણુદળનો સંઘાત છે, [तेषु स्पृष्टेषु] અને તે સ્કંધો સ્પર્શાતાં—અથડાતાં [शब्दः जायते] શબ્દ ઉત્પન્ન થાય છે; [नियतः उत्पादिकः] એ રીતે

---

★ વ્યક્તાવ્યક્તતા = વ્યક્તતા અથવા અવ્યક્તતા; પ્રગટતા અથવા અપ્રગટતા. [પૃથ્વીમાં સ્પર્શ, રસ, ગંધ, ને વર્ણ એ ચારે ગુણો વ્યક્ત (અર્થાત્ વ્યક્તપણે પરિણત) હોય છે; પાણીમાં સ્પર્શ, રસ ને વર્ણ વ્યક્ત હોય છે અને ગંધ અવ્યક્ત હોય છે; અગ્નિમાં સ્પર્શ ને વર્ણ વ્યક્ત હોય છે અને બાકીના બે અવ્યક્ત હોય છે; વાયુમાં સ્પર્શ વ્યક્ત હોય છે અને બાકીના ત્રણ અવ્યક્ત હોય છે.]

+ જેવી રીતે પરમાણુમાં ગંધાદિગુણ ભલે અવ્યક્તપણે પણ હોય છે તો ખરો જ તેવી રીતે પરમાણુમાં શબ્દ પણ અવ્યક્તપણે રહેતો હશે એમ નથી, શબ્દ તો પરમાણુમાં વ્યક્તપણે કે અવ્યક્તપણે બિલકુલ હોતો જ નથી.

शब्दस्य पुद्गलस्कन्धपर्यायत्वख्यापनमेतत्।

इह हि बाह्यश्रवणेन्द्रियावलम्बितो भावेन्द्रियपरिच्छेद्यो ध्वनिः शब्दः। स खलु स्वरूपेणानन्तपरमाणूनामेकस्कन्धो नाम पर्यायः। बहिरङ्गसाधनीभूतमहास्कन्धेभ्यः तथाविधपरिणामेन समुत्पद्यमानत्वात् स्कन्धप्रभवः, यतो हि परस्पराभिहतेषु महास्कन्धेषु शब्दः समुपजायते। किञ्च स्वभावनिर्वृत्ताभिरेवानन्तपरमाणुमयीभिः शब्दयोग्यवर्गणाभिरन्योन्यमनुप्रविश्य समन्ततोऽभिव्याप्य पूरितेऽपि सकले लोके यत्र यत्र बहिरङ्गकारणसामग्री समुदेति तत्र तत्र ताः शब्दत्वेन स्वयं व्यपरिणमन्त इति शब्दस्य

---

તે (શબ્દ) નિયતપણે ઉત્પાદ્ય છે.

ટીકા :—શબ્દ પુદ્‌ગલસ્કંધપર્યાય છે એમ અહીં દર્શાવ્યું છે.

આ લોકમાં, બાહ્ય શ્રવણેંદ્રિય વડે [૧]અવલંબિત, ભાવેંદ્રિય વડે જણાવાયોગ્ય એવો જે ધ્વનિ તે શબ્દ છે. તે (શબ્દ) ખરેખર સ્વરૂપે અનંત પરમાણુઓના એકસ્કંધરૂપ પર્યાય છે. બહિરંગ સાધનભૂત (–બાહ્ય-કારણભૂત) મહાસ્કંધો દ્વારા તથાવિધ પરિણામે (શબ્દપરિણામે) ઊપજતો હોવાથી તે સ્કંધજન્ય છે, કારણ કે મહાસ્કંધો પરસ્પર અથડાતાં શબ્દ ઉત્પન્ન થાય છે. વળી આ વાત વિશેષ સમજાવવામાં આવે છે :—એકબીજામાં પ્રવેશીને સર્વત્ર વ્યાપીને રહેલી એવી જે સ્વભાવનિષ્પન્ન જ (–પોતાના સ્વભાવથી જ બનેલી), અનંતપરમાણુમયી શબ્દયોગ્ય-વર્ગણાઓ તેમનાથી આખો લોક ભરેલો હોવા છતાં જ્યાં જ્યાં બહિરંગકારણસામગ્રી ઉદિત થાય છે ત્યાં ત્યાં તે વર્ગણાઓ [૨]શબ્દપણે સ્વયં

---

૧. શબ્દ શ્રવણેંદ્રિયનો વિષય છે તેથી તે મૂર્ત છે. કેટલાક લોકો માને છે તેમ શબ્દ આકાશનો ગુણ નથી, કારણ કે અમૂર્ત આકાશનો અમૂર્ત ગુણ ઈન્દ્રિયનો વિષય થઈ શકે નહિ.

૨. શબ્દના બે પ્રકાર છે : (૧) પ્રાયોગિક અને (૨) વૈશ્રસિક. પુરુષાદિના પ્રયોગથી ઉત્પન્ન થતો શબ્દ તે પ્રાયોગિક છે અને મેઘાદિથી ઉત્પન્ન થતો શબ્દ તે વૈશ્રસિક છે.

અથવા નીચે પ્રમાણે પણ શબ્દના બે પ્રકાર છે : (૧) ભાષાત્મક અને (૨) અભાષાત્મક. તેમાં ભાષાત્મક શબ્દ દ્વિવિધ છે—અક્ષરાત્મક અને અનક્ષરાત્મક. સંસ્કૃતપ્રાકૃતાદિભાષારૂપ તે અક્ષરાત્મક છે અને દ્વીંદ્રિયાદિક જીવોના શબ્દરૂપ તથા (કેવળીભગવાનના) દિવ્ય ધ્વનિરૂપ તે અનક્ષરાત્મક છે. અભાષાત્મક શબ્દ પણ દ્વિવિધ છે—પ્રાયોગિક અને વૈશ્રસિક. વીણા, ઢોલ, ઝાંઝ, વાંસળી વગેરેથી ઉત્પન્ન થતો તે પ્રાયોગિક છે અને મેઘાદિથી ઉત્પન્ન થતો તે વૈશ્રસિક છે.

કોઈ પણ પ્રકારનો શબ્દ હો પરંતુ સર્વ શબ્દનું ઉપાદાનકારણ લોકમાં સર્વત્ર ભરેલી શબ્દયોગ્ય વર્ગણાઓ જ છે; તે વર્ગણાઓ જ સ્વયમેવ શબ્દપણે પરિણમે છે, જીભ-ઢોલ-મેઘ વગેરે માત્ર નિમિત્તભૂત છે.

नियतमुत्पाद्यत्वात् स्कन्धप्रभवत्वमिति।।७९।।

णिच्चो णाणवगासो ण सावगासो पदेसदो भेत्ता।
खंधाणं पि य कत्ता पविहत्ता कालसंखाणं।।८०।।

नित्यो नानवकाशो न सावकाशः प्रदेशतो भेत्ता।
स्कन्धानामपि च कर्ता प्रविभक्ता कालसंख्यायाः।।८०।।

परमाणोरेकप्रदेशत्वख्यापनमेतत्।

परमाणुः स खल्वेकेन प्रदेशेन रूपादिगुणसामान्यभाजा सर्वदैवाविनश्वरत्वान्नित्यः। एकेन प्रदेशेन तदविभक्तवृत्तीनां स्पर्शादिगुणानामवकाशदानान्नानवकाशः।

---

પરિણમે છે; એ રીતે શબ્દ નિયતપણે (અવશ્ય) [1]ઉત્પાદ્ય છે; તેથી તે [2]સ્કંધજન્ય છે. ૭૯.

નહિ અનવકાશ, ન સાવકાશ પ્રદેશથી, અણુ શાશ્વતો,
ભેત્તા રચયિતા સ્કંધનો, પ્રવિભાગી સંખ્યા-કાળનો. ૮૦.

**અન્વયાર્થ :**—[प्रदेशतः] પ્રદેશ દ્વારા [नित्यः] પરમાણુ નિત્ય છે, [न अनवकाशः] અનવકાશ નથી, [न सावकाशः] સાવકાશ નથી, [स्कन्धानाम् भेत्ता] સ્કંધોનો તોડનાર [अपि च कर्ता] તેમ જ કરનાર છે તથા [कालसंख्यायाः प्रविभक्ता] કાળ ને સંખ્યાનો વિભાગનાર છે (અર્થાત્ કાળનો ભાગ પાડે છે અને સંખ્યાનું માપ કરે છે).

**ટીકા :**—આ, પરમાણુના એકપ્રદેશીપણાનું કથન છે.

જે પરમાણુ છે, તે ખરેખર એક પ્રદેશ વડે—કે જે રૂપાદિગુણસામાન્યવાળો છે તેના વડે—સદાય અવિનાશી હોવાથી નિત્ય છે; તે ખરેખર એક પ્રદેશ વડે તેનાથી (–પ્રદેશથી) અભિન્ન અસ્તિત્વવાળા સ્પર્શાદિગુણોને અવકાશ દેતો હોવાને લીધે

---

૧. ઉત્પાદ્ય = ઉત્પન્ન કરાવા યોગ્ય; જેની ઉત્પત્તિમાં અન્ય કોઈ નિમિત્ત હોય છે એવો.

૨. સ્કંધજન્ય = સ્કંધો વડે ઉત્પન્ન થાય એવો; જેની ઉત્પત્તિમાં સ્કંધો નિમિત્ત હોય છે એવો. [આખા લોકમાં સર્વત્ર વ્યાપેલી અનંતપરમાણુમયી શબ્દયોગ્ય વર્ગણાઓ સ્વયમેવ શબ્દરૂપે પરિણમતી હોવા છતાં પવન-ગળું-તાળવું-જીભ-હોઠ, ઘંટ-મોગરી વગેરે મહાસ્કંધોનું અથડાવું તે બહિરંગકારણસામગ્રી છે અર્થાત્ શબ્દરૂપ પરિણમનમાં તે મહાસ્કંધો નિમિત્તભૂત છે તેથી તે અપેક્ષાએ (નિમિત્ત-અપેક્ષાએ) શબ્દને વ્યવહારથી સ્કંધજન્ય કહેવામાં આવે છે.]

**एकेन प्रदेशेन द्व्यादिप्रदेशाभावादात्मादिनात्ममध्येनात्मान्तेन न सावकाशः। एकेन प्रदेशेन स्कन्धानां भेदनिमित्तत्वात् स्कन्धानां भेत्ता। एकेन प्रदेशेन स्कन्धसङ्घात-निमित्तत्वात्स्कन्धानां कर्ता। एकेन प्रदेशेनैकाकाशप्रदेशातिवर्तितद्गतिपरिणामापन्नेन समयलक्षणकालविभागकरणात् कालस्य प्रविभक्ता। एकेन प्रदेशेन तत्सूत्रितद्व्यादि-भेदपूर्विकायाः स्कंधेषु द्रव्यसंख्यायाः, एकेन प्रदेशेन तदवच्छिन्नैकाकाशप्रदेश-**

---

**અનવકાશ નથી; તે ખરેખર એક પ્રદેશ વડે (તેનામાં) દ્વિ-આદિ પ્રદેશોનો અભાવ હોવાથી, પોતે જ આદિ, પોતે જ મધ્ય અને પોતે જ અંત હોવાને લીધે (અર્થાત્ નિરંશ હોવાને લીધે), સાવકાશ નથી; તે ખરેખર એક પ્રદેશ વડે સ્કંધોના ભેદનું નિમિત્ત હોવાથી (અર્થાત્ સ્કંધના વીખરાવાનું—તૂટવાનું નિમિત્ત હોવાથી) સ્કંધોનો તોડનાર છે; તે ખરેખર એક પ્રદેશ વડે સ્કંધના સંઘાતનું નિમિત્ત હોવાથી (અર્થાત્ સ્કંધના મળવાનું—રચાવાનું નિમિત્ત હોવાથી) સ્કંધોનો કરનાર છે; તે ખરેખર એક પ્રદેશ વડે—કે જે એક આકાશપ્રદેશને અતિક્રમનારા (—ઓળંગનારા) તેના ગતિપરિણામને પામે છે તેના વડે — 'સમય' નામનો કાળનો વિભાગ કરતો હોવાથી કાળનો વિભાગનાર છે; તે ખરેખર એક પ્રદેશ વડે સંખ્યાનો પણ [1]વિભાગનાર છે, કારણ કે (૧) તે એક પ્રદેશ વડે તેનાથી રચાતા બે વગેરે ભેદોથી માંડીને (ત્રણ અણુ, ચાર અણુ, અસંખ્ય અણુ ઇત્યાદિ) દ્રવ્યસંખ્યાના વિભાગ સ્કંધોને વિષે કરે છે, (૨) તે એક પ્રદેશ વડે તેના જેટલી મર્યાદાવાળા એક '[2]આકાશપ્રદેશ'થી માંડીને (બે આકાશપ્રદેશ, ત્રણ આકાશપ્રદેશ, અસંખ્ય આકાશપ્રદેશ ઇત્યાદિ) ક્ષેત્રસંખ્યાના વિભાગ કરે છે, (૩) તે એક પ્રદેશ વડે, એક**

---

૧. વિભાગનાર = વિભાગ કરનાર; માપનાર. [સ્કંધોને વિષે દ્રવ્યસંખ્યાનું માપ (અર્થાત્ તેઓ કેટલા અણુઓના—પરમાણુઓના બનેલા છે એવું માપ) કરવામાં અણુઓની—પરમાણુઓની અપેક્ષા આવે છે, એટલે કે તેવું માપ પરમાણુ દ્વારા થાય છે. ક્ષેત્રના માપનો એકમ 'આકાશપ્રદેશ' છે અને આકાશપ્રદેશની વ્યાખ્યામાં પરમાણુની અપેક્ષા આવે છે; તેથી ક્ષેત્રનું માપ પણ પરમાણુ દ્વારા થાય છે. કાળના માપનો એકમ 'સમય' છે અને સમયની વ્યાખ્યામાં પરમાણુની અપેક્ષા આવે છે; તેથી કાળનું માપ પણ પરમાણુ દ્વારા થાય છે. જ્ઞાનભાવના (-જ્ઞાનપર્યાયના) માપનો એકમ 'પરમાણુમાં પરિણમતા જઘન્ય વર્ણાદિભાવને જાણે તેટલું જ્ઞાન' છે અને તેમાં પરમાણુની અપેક્ષા આવે છે; તેથી ભાવનું (-જ્ઞાનભાવનું) માપ પણ પરમાણુ દ્વારા થાય છે. આ પ્રમાણે પરમાણુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ માપવામાં ગજ સમાન છે].

૨. એક પરમાણુપ્રદેશ જેવડા આકાશના ભાગને (-ક્ષેત્રને) 'આકાશપ્રદેશ' કહેવામાં આવે છે. આ 'આકાશપ્રદેશ' તે ક્ષેત્રનો 'એકમ' છે. [ગણતરી માટે, કોઈ વસ્તુના જેટલા પરિમાણને 'એક માપ' સ્વીકારવામાં આવે, તેટલા પરિમાણને તે વસ્તુનો 'એકમ' કહેવામાં આવે છે.]

पूर्विकायाः क्षेत्रसंख्यायाः, एकेन प्रदेशेनैकाकाशप्रदेशातिवर्तितद्गतिपरिणामावच्छिन्न-समयपूर्विकायाः कालसंख्यायाः, एकेन प्रदेशेन तद्विवर्तिजघन्यवर्णादिभावावबोधपूर्विकाया भावसंख्यायाः प्रविभागकरणात् प्रविभक्ता संख्याया अपीति॥८०॥

एयरसवण्णगंधं दोफासं सद्दकारणमसद्दं ।
खंधंतरिदं दव्वं परमाणुं तं वियाणाहि ॥८१॥

एकरसवर्णगन्धं द्विस्पर्शं शब्दकारणमशब्दम् ।
स्कन्धान्तरितं द्रव्यं परमाणुं तं विजानीहि॥८१॥

परमाणुद्रव्ये गुणपर्यायवृत्तिप्ररूपणमेतत् ।

सर्वत्रापि परमाणौ रसवर्णगन्धस्पर्शाः सहभुवो गुणाः। ते च क्रमप्रवृत्तैस्तत्र स्वपर्यायैर्वर्तन्ते। तथाहि—पञ्चानां रसपर्यायाणामन्यतमेनैकेनैकदा रसो वर्तते। पञ्चानां वर्ण-

આકાશપ્રદેશને અતિક્રમનારા તેના ગતિપરિણામના જેટલી મર્યાદાવાળા '[1]સમય'થી માંડીને (બે સમય, ત્રણ સમય, અસંખ્ય સમય ઇત્યાદિ) કાળસંખ્યાના વિભાગ કરે છે, અને (૪) તે એક પ્રદેશ વડે તેનામાં વિવર્તન પામતા (–પલટાતા, પરિણમતા) જઘન્ય વર્ણાદિભાવને જાણનારા જ્ઞાનથી માંડીને ભાવસંખ્યાના વિભાગ કરે છે. ૮૦.

એક જ વરણ-રસ-ગંધ ને બે સ્પર્શયુત પરમાણુ છે,
તે શબ્દહેતુ, અશબ્દ છે, ને સ્કંધમાં પણ દ્રવ્ય છે. ૮૧.

**અન્વયાર્થ :**—[तं परमाणुं] તે પરમાણુ [एकरसवर्णगन्धं] એક રસવાળો, એક વર્ણવાળો, એક ગંધવાળો તથા [द्विस्पर्शं] બે સ્પર્શવાળો છે, [शब्दकारणम्] શબ્દનું કારણ છે, [अशब्दम्] અશબ્દ છે અને [स्कन्धान्तरितं] સ્કંધની અંદર હોય તોપણ [द्रव्यं] (પરિપૂર્ણ સ્વતંત્ર) દ્રવ્ય છે એમ [विजानीहि] જાણો.

**ટીકા :**—આ, પરમાણુદ્રવ્યમાં ગુણ-પર્યાય વર્તવાનું (ગુણ અને પર્યાય હોવાનું) કથન છે.

સર્વત્ર પરમાણુમાં રસ-વર્ણ-ગંધ-સ્પર્શ સહભાવી ગુણો હોય છે; અને તે ગુણો તેમાં ક્રમવર્તી નિજ પર્યાયો સહિત વર્તે છે. તે આ પ્રમાણે :—પાંચ રસપર્યાયોમાંથી એક વખતે

૧. પરમાણુને એક આકાશપ્રદેશેથી બીજા અનંતર આકાશપ્રદેશે (મંદગતિથી) જતાં જે વખત લાગે તેને 'સમય' કહેવામાં આવે છે.

पर्यायाणामन्यतमेनैकेनैकदा वर्णो वर्तते। उभयोर्गन्धपर्याययोरन्यतरेणैकेनैकदा गन्धो वर्तते। चतुर्णां शीतस्निग्धशीतरूक्षोष्णस्निग्धोष्णरूक्षरूपाणां स्पर्शपर्यायद्वन्द्वानामन्यतमेनैकेनैकदा स्पर्शो वर्तते। एवमयमुक्तगुणवृत्तिः परमाणुः शब्दस्कंधपरिणतिशक्तिस्वभावात् शब्दकारणम्। एकप्रदेशत्वेन शब्दपर्यायपरिणतिवृत्त्यभावादशब्दः। स्निग्धरूक्षत्वप्रत्ययबन्धवशादनेकपरमाण्वेकत्वपरिणतिरूपस्कन्धान्तरितोऽपि स्वभावमपरित्यजन्नुपात्तसंख्यत्वादेक एव द्रव्यमिति॥८१॥

**उवभोज्जमिंदिएहिं य इंदियकाया मणो य कम्माणि।**
**जं हवदि मुत्तमण्णं तं सव्वं पोग्गलं जाणे॥८२॥**

उपभोग्यमिन्द्रियैश्चेन्द्रियकाया मनश्च कर्माणि।
यद्भवति मूर्तमन्यत् तत्सर्वं पुद्गलं जानीयात्॥८२॥

---

કોઈ એક (રસપર્યાય) સહિત રસ વર્તે છે; પાંચ વર્ણપર્યાયોમાંથી એક વખતે કોઈ એક (વર્ણપર્યાય) સહિત વર્ણ વર્તે છે; બે ગંધપર્યાયોમાંથી એક વખતે કોઈ એક (ગંધપર્યાય) સહિત ગંધ વર્તે છે; શીત-સ્નિગ્ધ, શીત-રૂક્ષ, ઉષ્ણ-સ્નિગ્ધ ને ઉષ્ણ-રૂક્ષ એ ચાર સ્પર્શપર્યાયોનાં જોડકાંમાંથી એક વખતે કોઈ એક જોડકા સહિત સ્પર્શ વર્તે છે. આ પ્રમાણે જેમાં ગુણોનું વર્તવું (-અસ્તિત્વ) કહેવામાં આવ્યું એવો આ પરમાણુ શબ્દસ્કંધરૂપે પરિણમવાની શક્તિરૂપ સ્વભાવવાળો હોવાથી શબ્દનું કારણ છે; એકપ્રદેશી હોવાને લીધે શબ્દપર્યાયરૂપ પરિણતિ નહિ વર્તતી હોવાથી અશબ્દ છે; અને [1]સ્નિગ્ધ-રૂક્ષત્વના કારણે બંધ થવાને લીધે અનેક પરમાણુઓની એકત્વપરિણતિરૂપ સ્કંધની અંદર રહ્યો હોય તોપણ સ્વભાવને નહિ છોડતો થકો, સંખ્યાને પ્રાપ્ત હોવાથી (અર્થાત્ પરિપૂર્ણ એક તરીકે જુદો ગણતરીમાં આવતો હોવાથી) [2]એકલો જ દ્રવ્ય છે. ૮૧.

ઇન્દ્રિય વડે ઉપભોગ્ય, ઇન્દ્રિય, કાય, મન ને કર્મ જે,
વળી અન્ય જે કંઈ મૂર્ત તે સઘળુંય પુદ્ગલ જાણજે. ૮૨.

**અન્વયાર્થઃ**—[इन्द्रियैः उपभोग्यम् च] ઇન્દ્રિયો વડે ઉપભોગ્ય વિષયો, [इन्द्रियकायाः] ઇન્દ્રિયો, શરીરો, [मनः] મન, [कर्माणि] કર્મો [च] અને [अन्यत् यत्]

---

૧. સ્નિગ્ધ-રૂક્ષત્વ = ચીકાશ અને લૂખાશ

૨. અહીં એમ બતાવ્યું છે કે સ્કંધને વિષે પણ પ્રત્યેક પરમાણુ સ્વયં પરિપૂર્ણ છે, સ્વતંત્ર છે, પરની સહાય વિનાનો છે, પોતાથી જ પોતાના ગુણપર્યાયમાં સ્થિત છે.

**सकलपुद्गलविकल्पोपसंहारोऽयम्।**

**इन्द्रियविषयाः स्पर्शरसगन्धवर्णशब्दाश्च, द्रव्येन्द्रियाणि स्पर्शनरसनघ्राणचक्षुः-श्रोत्राणि, कायाः औदारिकवैक्रियकाहारकतैजसकार्मणानि, द्रव्यमनः, द्रव्यकर्माणि, नोकर्माणि, विचित्रपर्यायोत्पत्तिहेतवोऽनन्ताः अनन्ताणुवर्गणाः, अनन्ता असंख्येयाणुवर्गणाः, अनन्ताः संख्येयाणुवर्गणाः द्व्यणुकस्कन्धपर्यंताः, परमाणवश्च, यदन्यदपि मूर्तं तत्सर्वं पुद्गलविकल्पत्वेनोपसंहर्तव्यमिति॥८२॥**

**—इति पुद्गलद्रव्यास्तिकायव्याख्यानं समाप्तम्।**

---

બીજું જે કાંઈ [मूर्त्तं भवति] મૂર્ત હોય [तत् सर्वं] તે સઘળું [पुद्गलं जानीयात्] પુદ્ગલ જાણો.

**ટીકા :—**આ, સર્વ પુદ્ગલભેદોનો ઉપસંહાર છે.

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ને શબ્દરૂપ (પાંચ) ઇન્દ્રિયવિષયો, સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્રરૂપ (પાંચ) દ્રવ્યેંદ્રિયો, ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ ને કાર્મણરૂપ (પાંચ) કાયો, દ્રવ્યમન, દ્રવ્યકર્મો, નોકર્મો, વિચિત્ર પર્યાયોની ઉત્પત્તિના હેતુભૂત (અર્થાત્ અનેક પ્રકારના પર્યાયો ઊપજવાના કારણભૂત) ★અનંત અનંતાણુક વર્ગણાઓ, અનંત અસંખ્યાતાણુક વર્ગણાઓ અને દ્વિ-અણુક સ્કંધ સુધીની અનંત સંખ્યાતાણુક વર્ગણાઓ તથા પરમાણુઓ, તેમ જ બીજું પણ જે કાંઈ મૂર્ત હોય તે સઘળું પુદ્ગલના ભેદ તરીકે સંકેલવું.

**ભાવાર્થ :—**વીતરાગ અતીંદ્રિય સુખના સ્વાદથી રહિત જીવોને ઉપભોગ્ય પંચેંદ્રિયવિષયો, અતીંદ્રિય આત્મસ્વરૂપથી વિપરીત પાંચ ઇન્દ્રિયો, અશરીર આત્મપદાર્થથી પ્રતિપક્ષભૂત પાંચ શરીરો, મનોગત-વિકલ્પજાળરહિત શુદ્ધજીવાસ્તિકાયથી વિપરીત મન, કર્મરહિત આત્મદ્રવ્યથી પ્રતિકૂળ આઠ કર્મો અને અમૂર્ત આત્મસ્વભાવથી પ્રતિપક્ષભૂત બીજું પણ જે કાંઈ મૂર્ત હોય તે બધું પુદ્ગલ જાણો. ૮૨.

**આ રીતે પુદ્ગલદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

★ લોકમાં અનંત પરમાણુની બનેલી વર્ગણાઓ અનંત છે, અસંખ્યાત પરમાણુની બનેલી વર્ગણાઓ પણ અનંત છે અને (દ્વિ-અણુક સ્કંધ, ત્રિ-અણુક સ્કંધ ઇત્યાદિ) સંખ્યાત પરમાણુની બનેલી વર્ગણાઓ પણ અનંત છે. (અવિભાગી પરમાણુઓ પણ અનંત છે.)

अथ धर्माधर्मद्रव्यास्तिकायव्याख्यानम् ।

धम्मत्थिकायमरसं अवण्णगंधं असद्दमप्फासं ।
लोगागाढं पुट्ठं पिहुलमसंखादियपदेसं ॥८३॥

धर्मास्तिकायोऽरसोऽवर्णगन्धोऽशब्दोऽस्पर्शः ।
लोकावगाढः स्पृष्टः पृथुलोऽसंख्यातप्रदेशः ॥८३॥

धर्मस्वरूपाख्यानमेतत् ।

धर्मो हि स्पर्शरसगन्धवर्णानामत्यन्ताभावादमूर्तस्वभावः । तत एव चाशब्दः । सकललोकाकाशाभिव्याप्यावस्थितत्वाल्लोकावगाढः । अयुतसिद्धप्रदेशत्वात् स्पृष्टः । स्वभावादेव सर्वतो विस्तृतत्वात्पृथुलः । निश्चयनयेनैकप्रदेशोऽपि व्यवहारनयेनासंख्यातप्रदेश इति ॥८३॥

---

હવે ધર્મદ્રવ્યાસ્તિકાય અને અધર્મદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન છે.

ધર્માસ્તિકાય અવર્ણગંધ, અશબ્દરસ, અસ્પર્શ છે;
લોકાવગાહી, અખંડ છે, વિસ્તૃત, અસંખ્યપ્રદેશ છે. ૮૩.

અન્વયાર્થ :—[ धर्मास्तिकायः ] ધર્માસ્તિકાય [ अस्पर्शः ] અસ્પર્શ, [ अरसः ] અરસ, [ अवर्णगन्धः ] અગંધ, અવર્ણ અને [ अशब्दः ] અશબ્દ છે; [ लोकावगाढः ] લોકવ્યાપક છે; [ स्पृष्टः ] અખંડ, [ पृथुलः ] વિશાળ અને [ असंख्यातप्रदेशः ] અસંખ્યાતપ્રદેશી છે.

ટીકા :—આ, ધર્મના (ધર્માસ્તિકાયના) સ્વરૂપનું કથન છે.

સ્પર્શ, રસ, ગંધ અને વર્ણનો અત્યંત અભાવ હોવાથી ધર્મ (ધર્માસ્તિકાય) ખરેખર અમૂર્તસ્વભાવવાળો છે; અને તેથી જ અશબ્દ છે; સમસ્ત લોકાકાશમાં વ્યાપીને રહેલો હોવાથી લોકવ્યાપક છે; [1]અયુતસિદ્ધ પ્રદેશવાળો હોવાથી અખંડ છે; સ્વભાવથી જ સર્વતઃ વિસ્તૃત હોવાથી વિશાળ છે; નિશ્ચયનયે [2]એકપ્રદેશી હોવા છતાં વ્યવહારનયે અસંખ્યાતપ્રદેશી છે. ૮૩.

---

૧. યુતસિદ્ધ = જોડાયેલ; સંયોગસિદ્ધ. [ધર્માસ્તિકાયને વિષે જુદા જુદા પ્રદેશોનો સંયોગ થયેલો છે એમ નથી, તેથી તેમાં વચ્ચે વ્યવધાન—અંતર—અવકાશ નથી; માટે ધર્માસ્તિકાય અખંડ છે.]

૨. એકપ્રદેશી = અવિભાજ્ય-એકક્ષેત્રવાળો. (નિશ્ચયનયે ધર્માસ્તિકાય અવિભાજ્ય-એકપદાર્થ હોવાથી અવિભાજ્ય-એકક્ષેત્રવાળો છે.)

**अगुरुगलघुगेहिं सया तेहिं अणंतेहिं परिणदं णिच्चं ।**
**गदिकिरियाजुत्ताणं कारणभूदं सयमकज्जं ॥८४॥**

**अगुरुकलघुकैः सदा तैः अनन्तैः परिणतः नित्यः ।**
**गतिक्रियायुक्तानां कारणभूतः स्वयमकार्यः ॥८४॥**

धर्मस्यैवावशिष्टस्वरूपाख्यानमेतत् ।

अपि च धर्मः अगुरुलघुभिर्गुणैरगुरुलघुत्वाभिधानस्य स्वरूपप्रतिष्ठत्वनिबन्धनस्य स्वभावस्याविभागपरिच्छेदैः प्रतिसमयसम्भवत्षट्स्थानपतितवृद्धिहानिभिरनन्तैः सदा परिणतत्वादुत्पादव्ययवत्त्वेऽपि स्वरूपादप्रच्यवनान्नित्यः । गतिक्रियापरिणतानामुदासीनाविना-

---

**જે અગુરુલઘુક અનંત તે-રૂપ સર્વદા એ પરિણમે,**
**છે નિત્ય, આપ અકાર્ય છે, ગતિપરિણમિતને હેતુ છે. ૮૪.**

**અન્વયાર્થ :**—[ अनन्तैः तैः अगुरुकलघुकैः ] તે (ધર્માસ્તિકાય) અનંત એવા જે અગુરુલઘુ (ગુણો, અંશો) તે-રૂપે [ सदा परिणतः ] સદા પરિણમે છે, [ नित्यः ] નિત્ય છે, [ गतिक्रियायुक्तानां ] ગતિક્રિયાયુક્તને [ कारणभूतः ] કારણભૂત (નિમિત્તરૂપ) છે અને [ स्वयम् अकार्यः ] પોતે અકાર્ય છે.

**ટીકા :**—આ, ધર્મના જ બાકીના સ્વરૂપનું કથન છે.

વળી ધર્મ (ધર્માસ્તિકાય) અગુરુલઘુ [૧]ગુણોરૂપે એટલે કે અગુરુલઘુત્વ નામનો જે સ્વરૂપપ્રતિષ્ઠત્વના કારણભૂત સ્વભાવ તેના અવિભાગ પરિચ્છેદોરૂપે—કે જેઓ પ્રતિસમય થતી [૨]ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિવાળા અનંત છે તેમના રૂપે—સદા પરિણમતો હોવાથી ઉત્પાદવ્યયવાળો છે, તોપણ સ્વરૂપથી ચ્યુત નહિ થતો હોવાથી નિત્ય છે; ગતિક્રિયાપરિણતને (ગતિક્રિયારૂપે પરિણમતાં જીવ-પુદ્ગલોને) [૩]ઉદાસીન

---

૧. ગુણ = અંશ; અવિભાગ પરિચ્છેદ. [સર્વ દ્રવ્યોની માફક ધર્માસ્તિકાયમાં અગુરુલઘુત્વ નામનો સ્વભાવ છે. તે સ્વભાવ ધર્માસ્તિકાયને સ્વરૂપપ્રતિષ્ઠત્વના (અર્થાત્ સ્વરૂપમાં રહેવાના) કારણભૂત છે. તેના અવિભાગ પરિચ્છેદોને અહીં અગુરુલઘુ ગુણો (-અંશો) કહ્યા છે.]

૨. ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિ = છ સ્થાનમાં સમાવેશ પામતી વૃદ્ધિહાનિ; ષટ્ગુણ વૃદ્ધિહાનિ. [અગુરુલઘુત્વસ્વભાવના અનંત અંશોમાં સ્વભાવથી જ સમયે સમયે ષટ્ગુણ વૃદ્ધિહાનિ થયા કરે છે.]

૩. જેમ સિદ્ધભગવાન, ઉદાસીન હોવા છતાં, સિદ્ધગુણોના અનુરાગરૂપે પરિણમતા ભવ્ય જીવોને સિદ્ધગતિના સહકારી કારણભૂત છે, તેમ ધર્મ પણ, ઉદાસીન હોવા છતાં, પોતપોતાના ભાવોથી જ ગતિરૂપે પરિણમતાં જીવ-પુદ્ગલોને ગતિનું સહકારી કારણ છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



भूतसहायमात्रत्वात्कारणभूतः। स्वास्तित्वमात्रनिर्वृत्तत्वात् स्वयमकार्य इति॥८४॥

उदयं जह मच्छाणं गमणाणुग्गहकरं हवदि लोए।
तह जीवपोग्गलाणं धम्मं दव्वं वियाणाहि॥८५॥

उदकं यथा मत्स्यानां गमनानुग्रहकरं भवति लोके।
तथा जीवपुद्गलानां धर्मद्रव्यं विजानीहि॥८५॥

धर्मस्य गतिहेतुत्वे दृष्टान्तोऽयम्।

यथोदकं स्वयमगच्छदगमयच्च स्वयमेव गच्छतां मत्स्यानामुदासीनाविनाभूत-सहायकारणमात्रत्वेन गमनमनुगृह्णाति, तथा धर्मोऽपि स्वयमगच्छन् अगमयंश्च स्वयमेव

*અવિનાભાવી સહાયમાત્ર હોવાથી (ગતિક્રિયાપરિણતને) કારણભૂત છે; પોતાના અસ્તિત્વમાત્રથી નિષ્પન્ન હોવાને લીધે પોતે અકાર્ય છે (અર્થાત્ સ્વયંસિદ્ધ હોવાને લીધે કોઈ અન્યથી ઉત્પન્ન થયો નથી તેથી કોઈ અન્ય કારણના કાર્યરૂપ નથી). ૮૪.

જ્યમ જગતમાં જળ મીનને અનુગ્રહ કરે છે ગમનમાં,
ત્યમ ધર્મ પણ અનુગ્રહ કરે જીવ-પુદ્ગલોને ગમનમાં. ૮૫.

અન્વયાર્થઃ—[यथा] જેમ [लोके] જગતમાં [उदकं] પાણી [मत्स्यानां] માછલાંઓને [गमनानुग्रहकरं भवति] ગમનમાં અનુગ્રહ કરે છે, [तथा] તેમ [धर्मद्रव्यं] ધર્મદ્રવ્ય [जीवपुद्गलानां] જીવ-પુદ્ગલોને ગમનમાં અનુગ્રહ કરે છે (–નિમિત્તભૂત હોય છે) એમ [विजानीहि] જાણો.

ટીકાઃ—આ, ધર્મના ગતિહેતુત્વ વિષે દ્રષ્ટાંત છે.

જેમ પાણી પોતે ગમન નહિ કરતું થકું અને (પરને) ગમન નહિ કરાવતું થકું, સ્વયમેવ ગમન કરતાં માછલાંઓને ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ કારણમાત્ર તરીકે

★ જો કોઈ એક, કોઈ બીજા વિના ન હોય, તો પહેલાને બીજાનું અવિનાભાવી કહેવામાં આવે છે. અહીં ધર્મદ્રવ્યને 'ગતિક્રિયાપરિણતનું અવિનાભાવી સહાયમાત્ર' કહ્યું છે તેનો અર્થ એ છે કે—ગતિક્રિયાપરિણત જીવ-પુદ્ગલો ન હોય ત્યાં ધર્મદ્રવ્ય તેમને સહાયમાત્રરૂપ પણ નથી; જીવ-પુદ્ગલો સ્વયં ગતિક્રિયારૂપે પરિણમતાં હોય તો જ ધર્મદ્રવ્ય તેમને ઉદાસીન સહાયમાત્રરૂપ (નિમિત્તમાત્રરૂપ) છે, અન્યથા નહિ.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

गच्छतां जीवपुद्गलानामुदासीनाविनाभूतसहायकारणमात्रत्वेन गमनमनुगृह्णाति इति॥८५॥

जह हवदि धम्मदव्वं तह तं जाणेह दव्वमधमक्खं।
ठिदिकिरियाजुत्ताणं कारणभूदं तु पुढवीव॥८६॥

यथा भवति धर्मद्रव्यं तथा तज्जानीहि द्रव्यमधर्माख्यम्।
स्थितिक्रियायुक्तानां कारणभूतं तु पृथिवीव॥८६॥

अधर्मस्वरूपाख्यानमेतत्।

यथा धर्मः प्रज्ञापितस्तथाधर्मोऽपि प्रज्ञापनीयः। अयं तु विशेषः। स गतिक्रियायुक्तानामुदकवत्कारणभूतः, एषः पुनः स्थितिक्रियायुक्तानां पृथिवीवत्कारणभूतः।

---

ગમનમાં અનુગ્રહ કરે છે, તેમ ધર્મ (ધર્માસ્તિકાય) પણ પોતે ગમન નહિ કરતો થકો અને (પરને) ગમન નહિ કરાવતો થકો, સ્વયમેવ ગમન કરતાં જીવ-પુદ્ગલોને ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ કારણમાત્ર તરીકે ગમનમાં ★અનુગ્રહ કરે છે. ૮૫.

જ્યમ ધર્મનામક દ્રવ્ય તેમ અધર્મનામક દ્રવ્ય છે;
પણ દ્રવ્ય આ છે પૃથ્વી માફક હેતુ થિતિપરિણમિતને. ૮૬.

અન્વયાર્થ :—[ यथा ] જેમ [ धर्मद्रव्यं भवति ] ધર્મદ્રવ્ય છે [ तथा ] તેમ [ अधर्माख्यम् द्रव्यम् ] અધર્મ નામનું દ્રવ્ય પણ [ जानीहि ] જાણો; [ तत् तु ] પરંતુ તે (ગતિક્રિયા-યુક્તને કારણભૂત હોવાને બદલે) [ स्थितिक्रियायुक्तानाम् ] સ્થિતિક્રિયાયુક્તને [ पृथिवी इव ] પૃથ્વીની માફક [ कारणभूतम् ] કારણભૂત છે (અર્થાત્ સ્થિતિક્રિયાપરિણત જીવ-પુદ્ગલોને નિમિત્તભૂત છે).

ટીકા :—આ, અધર્મના સ્વરૂપનું કથન છે.

જેમ ધર્મનું પ્રજ્ઞાપન કરવામાં આવ્યું, તેમ અધર્મનું પણ પ્રજ્ઞાપન કરવાયોગ્ય છે. પરંતુ આ (નીચે પ્રમાણે) તફાવત છે: પેલો (-ધર્માસ્તિકાય) ગતિક્રિયાયુક્તને પાણીની માફક કારણભૂત છે અને આ (-અધર્માસ્તિકાય) સ્થિતિક્રિયાયુક્તને પૃથ્વીની માફક કારણભૂત છે. જેમ પૃથ્વી પોતે પહેલેથી જ સ્થિતિરૂપે (-સ્થિર) વર્તતી થકી અને પરને

---

★ ગમનમાં અનુગ્રહ કરવો એટલે ગમનમાં ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ (નિમિત્તરૂપ) કારણ-માત્ર હોવું.

**यथा पृथिवी स्वयं पूर्वमेव तिष्ठन्ती परमस्थापयन्ती च स्वयमेव तिष्ठतामश्वादीनामुदासीनाविनाभूतसहायकारणमात्रत्वेन स्थितिमनुगृह्णाति, तथाऽधर्मोऽपि स्वयं पूर्वमेव तिष्ठन् परमस्थापयंश्च स्वयमेव तिष्ठतां जीवपुद्गलानामुदासीनाविनाभूतसहायकारणमात्रत्वेन स्थितिमनुगृह्णातीति।।८६।।**

**जादो अलोगलोगो जेसिं सब्भावदो य गमणठिदी।**
**दो वि य मया विभत्ता अविभत्ता लोयमेत्ता य।।८७।।**

**जातमलोकलोकं ययोः सद्भावतश्च गमनस्थिती।**
**द्वावपि च मतौ विभक्तावविभक्तौ लोकमात्रौ च।।८७।।**

**धर्माधर्मसद्भावे हेतूपन्यासोऽयम्।**

**धर्माधर्मौ विद्येते। लोकालोकविभागान्यथानुपपत्तेः। जीवादिसर्वपदार्थानामेकत्र**

---

સ્થિતિ (–સ્થિરતા) નહિ કરાવતી થકી, સ્વયમેવ સ્થિતિરૂપે પરિણમતા અશ્વાદિકને ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ કારણમાત્ર તરીકે સ્થિતિમાં અનુગ્રહ કરે છે, તેમ અધર્મ (અધર્માસ્તિકાય) પણ પોતે પહેલેથી જ સ્થિતિરૂપે વર્તતો થકો અને પરને સ્થિતિ નહિ કરાવતો થકો, સ્વયમેવ સ્થિતિરૂપે પરિણમતાં જીવ-પુદ્ગલોને ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ કારણમાત્ર તરીકે સ્થિતિમાં અનુગ્રહ કરે છે. ૮૬.

ધર્માધરમ હોવાથી લોક-અલોક ને સ્થિતિગતિ બને;
તે ઉભય ભિન્ન-અભિન્ન છે ને સકળલોકપ્રમાણ છે. ૮૭.

**અન્વયાર્થ :**—[**गमनस्थिती**] (જીવ-પુદ્ગલની) ગતિ-સ્થિતિ [**च**] તથા [**अलोकलोकं**] અલોક ને લોકનો વિભાગ, [**ययोः सद्भावतः**] તે બે દ્રવ્યોના સદ્ભાવથી [**जातम्**] થાય છે. [**च**] વળી [**द्वौ अपि**] તે બંને [**विभक्तौ**] વિભક્ત, [**अविभक्तौ**] અવિભક્ત [**च**] અને [**लोकमात्रौ**] લોકપ્રમાણ [**मतौ**] કહેવામાં આવ્યાં છે.

**ટીકા :**—આ, ધર્મ અને અધર્મના સદ્ભાવની સિદ્ધિ માટે હેતુ દર્શાવવામાં આવ્યો છે.

ધર્મ અને અધર્મ વિદ્યમાન છે, કારણ કે લોક અને અલોકનો વિભાગ અન્યથા બની શકે નહિ. જીવાદિ સર્વ પદાર્થોના એકત્ર-અસ્તિત્વરૂપ લોક છે; શુદ્ધ એક આકાશના

वृत्तिरूपो लोकः। शुद्धैकाकाशवृत्तिरूपोऽलोकः। तत्र जीवपुद्गलौ स्वरसत एव गतितत्पूर्वस्थितिपरिणामापन्नौ। तयोर्यदि गतिपरिणामं तत्पूर्वस्थितिपरिणामं वा स्वयमनुभवतोर्बहिरङ्गहेतू धर्माधर्मौ न भवेताम्, तदा तयोर्निरर्गलगतिस्थितिपरिणामत्वादलोकेऽपि वृत्तिः केन वार्येत। ततो न लोकालोकविभागः सिध्येत। धर्माधर्मयोस्तु जीवपुद्गलयोर्गतितत्पूर्वस्थित्योर्बहिरङ्गहेतुत्वेन सद्भावेऽभ्युपगम्यमाने लोकालोकविभागो जायत इति। किञ्च धर्माधर्मौ द्वावपि परस्परं पृथग्भूतास्तित्वनिर्वृत्तत्वाद्विभक्तौ। एकक्षेत्रावगाढत्वादविभक्तौ। निष्क्रियत्वेन सकललोकवर्तिनोर्जीवपुद्गलयोर्गतिस्थित्युपग्रहकरणाल्लोकमात्राविति॥८७॥

**ण य गच्छदि धम्मत्थी गमणं ण करेदि अण्णदवियस्स।**
**हवदि गदिस्स य पसरो जीवाणं पोग्गलाणं च॥८८॥**

---

અસ્તિત્વરૂપ અલોક છે. ત્યાં, જીવ અને પુદ્ગલ સ્વરસથી જ (સ્વભાવથી જ) ગતિપરિણામને તથા ગતિપૂર્વક સ્થિતિપરિણામને પ્રાપ્ત હોય છે. જો ગતિપરિણામ અથવા ગતિપૂર્વક સ્થિતિપરિણામને સ્વયં અનુભવતાં એવાં તે જીવ-પુદ્ગલને બહિરંગ હેતુઓ ધર્મ અને અધર્મ ન હોય, તો જીવ-પુદ્ગલને ★નિરર્ગળ ગતિપરિણામ અને સ્થિતિપરિણામ થવાથી અલોકમાં પણ તેમનું (જીવ-પુદ્ગલનું) હોવું કોનાથી વારી શકાય? (કોઈથી ન જ વારી શકાય.) તેથી લોક અને અલોકનો વિભાગ સિદ્ધ ન થાય. પરંતુ જો જીવ-પુદ્ગલની ગતિના અને ગતિપૂર્વક સ્થિતિના બહિરંગ હેતુઓ તરીકે ધર્મ અને અધર્મનો સદ્ભાવ સ્વીકારવામાં આવે તો લોક અને અલોકનો વિભાગ (સિદ્ધ) થાય છે. (માટે ધર્મ અને અધર્મ વિદ્યમાન છે.) વળી (તેમના વિષે વિશેષ હકીકત એ છે કે), ધર્મ અને અધર્મ બંને પરસ્પર પૃથગ્ભૂત અસ્તિત્વથી નિષ્પન્ન હોવાથી વિભક્ત (ભિન્ન) છે; એકક્ષેત્રાવગાહી હોવાથી અવિભક્ત (અભિન્ન) છે; સમસ્ત લોકમાં વર્તનારાં જીવ-પુદ્ગલને ગતિસ્થિતિમાં નિષ્ક્રિયપણે અનુગ્રહ કરતા હોવાથી (-નિમિત્તરૂપ થતા હોવાથી) લોકપ્રમાણ છે. ૮૭.

ધર્માસ્તિ ગમન કરે નહીં, ન કરાવતો પરદ્રવ્યને;
જીવ-પુદ્ગલોના ગતિપ્રસાર તણો ઉદાસીન હેતુ છે. ૮૮.

---

★ નિરર્ગળ=નિરંકુશ; અમર્યાદ.

न च गच्छति धर्मास्तिको गमनं न करोत्यन्यद्रव्यस्य।
भवति गतेः सः प्रसरो जीवानां पुद्गलानां च॥८८॥

धर्माधर्मयोर्गतिस्थितिहेतुत्वेऽप्यत्यन्तौदासीन्याख्यापनमेतत्।

यथा हि गतिपरिणतः प्रभञ्जनो वैजयन्तीनां गतिपरिणामस्य हेतुकर्ताऽवलोक्यते, न तथा धर्मः। स खलु निष्क्रियत्वात् न कदाचिदपि गतिपरिणाममेवापद्यते। कुतोऽस्य सहकारित्वेन परेषां गतिपरिणामस्य हेतुकर्तृत्वम्। किन्तु सलिल-

અન્વયાર્થ :—[धर्मास्तिकः] ધર્માસ્તિકાય [न गच्छति] ગમન કરતો નથી [च] અને [अन्यद्रव्यस्य] અન્ય દ્રવ્યને [गमनं न करोति] ગમન કરાવતો નથી; [सः] તે, [जीवानां पुद्गलानां च] જીવો તથા પુદ્ગલોને (ગતિપરિણામમાં આશ્રયમાત્રરૂપ હોવાથી) [गतेः प्रसरः] ગતિનો ઉદાસીન પ્રસારનાર (અર્થાત્ ગતિપ્રસારમાં ઉદાસીન નિમિત્તભૂત) [भवति] છે.

ટીકા :—ધર્મ અને અધર્મ ગતિ અને સ્થિતિના હેતુઓ હોવા છતાં તેઓ અત્યંત ઉદાસીન છે એમ અહીં કથન છે.

જેવી રીતે ગતિપરિણત પવન ધજાઓના ગતિપરિણામનો હેતુકર્તા જોવામાં આવે છે, તેવી રીતે ધર્મ (જીવ-પુદ્ગલોના ગતિપરિણામનો હેતુકર્તા) નથી. તે (ધર્મ) ખરેખર નિષ્ક્રિય હોવાથી ક્યારેય ગતિપરિણામને જ પામતો નથી; તો પછી તેને (પરના) ★સહકારી તરીકે પરના ગતિપરિણામનું હેતુકર્તાપણું ક્યાંથી હોય? (ન જ હોય.) પરંતુ જેવી રીતે

★ સહકારી = સાથે કાર્ય કરનાર અર્થાત્ સાથે ગતિ કરનાર. [ધજાની સાથે પવન પણ ગતિ કરતો હોવાથી અહીં પવનને (ધજાના) સહકારી તરીકે હેતુકર્તા કહ્યો છે; અને જીવ-પુદ્ગલોની સાથે ધર્માસ્તિકાય ગમન નહિ કરતાં (અર્થાત્ સહકારી નહિ બનતાં), માત્ર તેમને (ગતિમાં) આશ્રયરૂપ કારણ બનતો હોવાથી ધર્માસ્તિકાયને ઉદાસીન નિમિત્ત કહ્યો છે. પવનને હેતુકર્તા કહ્યો તેનો એવો અર્થ કદી ન સમજવો કે પવન ધજાઓના ગતિપરિણામને કરાવતો હશે. ઉદાસીન નિમિત્ત હો કે હેતુકર્તા હો—બંને પરમાં અકિંચિત્કર છે. તેમનામાં માત્ર ઉપર કહ્યો તેટલો જ તફાવત છે. હવે પછીની ગાથાની ટીકામાં આચાર્યદેવ પોતે જ કહેશે કે 'ખરેખર સમસ્ત ગતિસ્થિતિમાન પદાર્થો પોતાના પરિણામોથી જ નિશ્ચયે ગતિસ્થિતિ કરે છે'. માટે ધજા, સવાર ઇત્યાદિ બધાંય, પોતાના પરિણામોથી જ ગતિસ્થિતિ કરે છે, તેમાં ધર્મ તેમ જ પવન, તથા અધર્મ તેમ જ અશ્વ અવિશેષપણે અકિંચિત્કર છે એમ નિર્ણય કરવો.]

मिव मत्स्यानां जीवपुद्गलानामाश्रयकारणमात्रत्वेनोदासीन एवासौ गतेः प्रसरो भवति। अपि च यथा गतिपूर्वस्थितिपरिणतस्तुरङ्गोऽश्ववारस्य स्थितिपरिणामस्य हेतुकर्तावलोक्यते, न तथाऽधर्मः। स खलु निष्क्रियत्वात् न कदाचिदपि गतिपूर्वस्थितिपरिणाममेवापद्यते। कुतोऽस्य सहस्थायित्वेन परेषां गतिपूर्वस्थितिपरिणामस्य हेतुकर्तृत्वम्। किन्तु पृथिवीवत्तुरङ्गस्य जीवपुद्गलानामाश्रयकारणमात्रत्वेनोदासीन एवासौ गतिपूर्वस्थितेः प्रसरो भवतीति॥८८॥

**विज्जदि जेसिं गमणं ठाणं पुण तेसिमेव संभवदि।**
**ते सगपरिणामेहिं दु गमणं ठाणं च कुव्वंति॥८९॥**

---

પાણી માછલાંઓને (ગતિપરિણામમાં) માત્ર આશ્રયરૂપ કારણ તરીકે ગતિનું ઉદાસીન જ પ્રસારનાર છે, તેવી રીતે ધર્મ જીવ-પુદ્‌ગલોને (ગતિપરિણામમાં) માત્ર આશ્રયરૂપ કારણ તરીકે ગતિનો ઉદાસીન જ પ્રસારનાર (અર્થાત્ ગતિપ્રસારનું ઉદાસીન જ નિમિત્ત) છે.

વળી (અધર્માસ્તિકાય વિષે પણ એમ છે કે)—જેવી રીતે ગતિપૂર્વક-સ્થિતિપરિણત અશ્વ સવારના (ગતિપૂર્વક) સ્થિતિપરિણામનો હેતુકર્તા જોવામાં આવે છે, તેવી રીતે અધર્મ (જીવ-પુદ્‌ગલોના ગતિપૂર્વક સ્થિતિપરિણામનો હેતુકર્તા) નથી. તે (અધર્મ) ખરેખર નિષ્ક્રિય હોવાથી ક્યારેય ગતિપૂર્વક સ્થિતિપરિણામને જ પામતો નથી; તો પછી તેને (પરના) ★સહસ્થાયી તરીકે પરના ગતિપૂર્વક સ્થિતિપરિણામનું હેતુકર્તાપણું ક્યાંથી હોય? (ન જ હોય.) પરંતુ જેવી રીતે પૃથ્વી અશ્વને (ગતિપૂર્વક સ્થિતિપરિણામમાં) માત્ર આશ્રયરૂપ કારણ તરીકે ગતિપૂર્વક સ્થિતિની ઉદાસીન જ પ્રસારનાર છે, તેવી રીતે અધર્મ જીવ-પુદ્‌ગલોને (ગતિપૂર્વક સ્થિતિપરિણામમાં) માત્ર આશ્રયરૂપ કારણ તરીકે ગતિપૂર્વક સ્થિતિનો ઉદાસીન જ પ્રસારનાર (અર્થાત્ ગતિપૂર્વક-સ્થિતિપ્રસારનું ઉદાસીન જ નિમિત્ત) છે. ૮૮.

**રે! જેમને ગતિ હોય છે, તેઓ જ વળી સ્થિર થાય છે;**
**તે સર્વ નિજ પરિણામથી જ કરે ગતિસ્થિતિભાવને. ૮૯.**

---

★ સહસ્થાયી=સાથે સ્થિતિ (સ્થિરતા) કરનાર. [અશ્વ સવારની સાથે સ્થિતિ કરે છે, તેથી અહીં અશ્વને સવારના સહસ્થાયી તરીકે સવારના સ્થિતિપરિણામનો હેતુકર્તા કહ્યો છે. અધર્માસ્તિકાય તો ગતિપૂર્વક સ્થિતિને પામનારાં જીવ-પુદ્‌ગલોની સાથે સ્થિતિ કરતો નથી, પહેલેથી જ સ્થિત છે; આ રીતે તે સહસ્થાયી નહિ હોવાથી જીવ-પુદ્‌ગલોના ગતિપૂર્વક સ્થિતિપરિણામનો હેતુકર્તા નથી.]

विद्यते येषां गमनं स्थानं पुनस्तेषामेव सम्भवति।
ते स्वकपरिणामैस्तु गमनं स्थानं च कुर्वन्ति॥८६॥

धर्माधर्मयोरौदासीन्ये हेतूपन्यासोऽयम्।

धर्मः किल न जीवपुद्गलानां कदाचिद्गतिहेतुत्वमभ्यस्यति, न कदाचित्स्थिति-हेतुत्वमधर्मः। तौ हि परेषां गतिस्थित्योर्यदि मुख्यहेतू स्यातां तदा येषां गतिस्तेषां गतिरेव, न स्थितिः, येषां स्थितिस्तेषां स्थितिरेव, न गतिः। तत एकेषामपि गतिस्थितिदर्शनादनुमीयते न तौ तयोर्मुख्यहेतू। किन्तु व्यवहारनयव्यवस्थापितौ उदासीनौ। कथमेवं गतिस्थितिमतां पदार्थानां गतिस्थिती भवत इति चेत्, सर्वे

---

અન્વયાર્થ :—[येषां गमनं विद्यते] (ધર્મ-અધર્મ ગતિ-સ્થિતિના મુખ્ય હેતુઓ નથી, કારણ કે) જેમને ગતિ હોય છે [तेषाम् एव पुनः स्थानं सम्भवति] તેમને જ વળી સ્થિતિ થાય છે (અને જેમને સ્થિતિ હોય છે તેમને જ વળી ગતિ થાય છે). [ते तु] તેઓ (ગતિસ્થિતિમાન પદાર્થો) તો [स्वकपरिणामैः] પોતાના પરિણામોથી [गमनं स्थानं च] ગતિ અને સ્થિતિ [कुर्वन्ति] કરે છે.

ટીકા :—આ, ધર્મ અને અધર્મના ઉદાસીનપણાની બાબતમાં હેતુ કહેવામાં આવ્યો છે.

ખરેખર (નિશ્ચયથી) ધર્મ જીવ-પુદ્‌ગલોને કદી ગતિહેતુ થતો નથી, અધર્મ કદી સ્થિતિહેતુ થતો નથી; કારણ કે તેઓ પરને ગતિસ્થિતિના જો મુખ્ય હેતુ (નિશ્ચયહેતુ) થાય, તો જેમને ગતિ હોય તેમને ગતિ જ રહેવી જોઈએ, સ્થિતિ ન થવી જોઈએ, અને જેમને સ્થિતિ હોય તેમને સ્થિતિ જ રહેવી જોઈએ, ગતિ ન થવી જોઈએ. પરંતુ એકને જ (–તેના તે જ પદાર્થને) ગતિ અને સ્થિતિ થતી જોવામાં આવે છે; તેથી અનુમાન થઈ શકે છે કે તેઓ (ધર્મ-અધર્મ) ગતિ-સ્થિતિના મુખ્ય હેતુ નથી, પરંતુ વ્યવહારનયસ્થાપિત (વ્યવહારનય વડે સ્થાપવામાં—કહેવામાં આવેલા) ઉદાસીન હેતુ છે.

પ્રશ્ન :—એ પ્રમાણે હોય તો ગતિસ્થિતિમાન પદાર્થોને ગતિસ્થિતિ કઈ રીતે થાય છે?

हि गतिस्थितिमन्तः पदार्थाः स्वपरिणामैरेव निश्चयेन गतिस्थिती कुर्वन्तीति॥८९॥

—इति धर्माधर्मद्रव्यास्तिकायव्याख्यानं समाप्तम्।

अथ आकाशद्रव्यास्तिकायव्याख्यानम्।

सव्वेसिं जीवाणं सेसाणं तह य पोग्गलाणं च।
जं देदि विवरमखिलं तं लोगे हवदि आगासं॥९०॥

सर्वेषां जीवानां शेषाणां तथैव पुद्गलानां च।
यद्ददाति विवरमखिलं तल्लोके भवत्याकाशम्॥९०॥

आकाशस्वरूपाख्यानमेतत्।

षड्द्रव्यात्मके लोके सर्वेषां शेषद्रव्याणां यत्समस्तावकाशनिमित्तं विशुद्धक्षेत्ररूपं

---

ઉત્તર :—ખરેખર સમસ્ત ગતિસ્થિતિમાન પદાર્થો પોતાના પરિણામોથી જ નિશ્ચયે ગતિસ્થિતિ કરે છે. ૮૯.

આ રીતે ધર્મદ્રવ્યાસ્તિકાય અને અધર્મદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

હવે આકાશદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન છે.

જે લોકમાં જીવ-પુદ્‌ગલોને, શેષ દ્રવ્ય સમસ્તને
અવકાશ દે છે પૂર્ણ, તે આકાશનામક દ્રવ્ય છે. ૯૦.

**અન્વયાર્થ :**—[लोके] લોકમાં [जीवानाम्] જીવોને [च] અને [पुद्गलानाम्] પુદ્‌ગલોને [तथा एव] તેમ જ [सर्वेषाम् शेषाणाम्] બધાં બાકીનાં દ્રવ્યોને [यद्] જે [अखिलं विवरं] સંપૂર્ણ અવકાશ [ददाति] આપે છે, [तद्] તે [आकाशम् भवति] આકાશ છે.

**ટીકા :**—આ, આકાશના સ્વરૂપનું કથન છે.

ષટ્‌દ્રવ્યાત્મક લોકમાં ★બધાં બાકીનાં દ્રવ્યોને જે પૂરેપૂરા અવકાશનું નિમિત્ત છે,

---

★ નિશ્ચયનયે નિત્યનિરંજન-જ્ઞાનમય પરમાનંદ જેમનું એક લક્ષણ છે એવા અનંતાનંત જીવો, તેમનાથી અનંતગુણાં પુદ્‌ગલો, અસંખ્ય કાળાણુઓ અને અસંખ્યપ્રદેશી ધર્મ તથા અધર્મ—એ બધાંય દ્રવ્યો વિશિષ્ટ અવગાહગુણ વડે લોકાકાશમાં—જોકે તે લોકાકાશ માત્ર અસંખ્યપ્રદેશી જ છે તોપણ —અવકાશ મેળવે છે.

तदाकाशमिति ॥९०॥

जीवा पोग्गलकाया धम्माधम्मा य लोगदो णण्णा।
तत्तो अणण्णमण्णं आयासं अंतवदिरित्तं ॥९१॥

जीवाः पुद्गलकायाः धर्माधर्मौ च लोकतोऽनन्ये।
ततोऽनन्यदन्यदाकाशमन्तव्यतिरिक्तम् ॥९१॥

लोकाद्बहिराकाशसूचनेयम्।

जीवादीनि शेषद्रव्याण्यवधृतपरिमाणत्वाल्लोकादनन्यान्येव। आकाशं त्वनन्तत्वाल्लोकादनन्यदन्यच्चेति ॥९१॥

आगासं अवगासं गमणट्ठिदिकारणेहिं देदि जदि।
उड्ढंगदिप्पधाणा सिद्धा चिट्ठंति किध तत्थ ॥९२॥

---

તે આકાશ છે—કે જે (આકાશ) વિશુદ્ધક્ષેત્રરૂપ છે. ૯૦.

જીવ-પુદ્ગલાદિક શેષ દ્રવ્ય અનન્ય જાણો લોકથી;
નભ અંતશૂન્ય અનન્ય તેમ જ અન્ય છે એ લોકથી. ૯૧.

અન્વયાર્થ :—[ जीवाः पुद्गलकायाः धर्माधर्मौ च ] જીવો, પુદ્ગલકાયો, ધર્મ અને અધર્મ (તેમ જ કાળ) [ लोकतः अनन्ये ] લોકથી અનન્ય છે; [ अन्तव्यतिरिक्तम् आकाशम् ] અંત રહિત એવું આકાશ [ ततः ] તેનાથી (લોકથી) [ अनन्यत् अन्यत् ] અનન્ય તેમ જ અન્ય છે.

ટીકા :—આ, લોકની બહાર (પણ) આકાશ હોવાની સૂચના છે.

જીવ વગેરે બાકીનાં દ્રવ્યો (—આકાશ સિવાયનાં દ્રવ્યો) મર્યાદિત પરિમાણવાળાં હોવાને લીધે લોકથી ★અનન્ય જ છે; આકાશ તો અનંત હોવાને લીધે લોકથી અનન્ય તેમ જ અન્ય છે. ૯૧.

અવકાશદાયક આભ ગતિ-થિતિહેતુતા પણ જો ધરે,
તો ઊર્ધ્વગતિપરધાન સિદ્ધો કેમ તેમાં સ્થિતિ લહે? ૯૨.

---

★ અહીં જોકે સામાન્યપણે પદાર્થોનું લોકથી અનન્યપણું કહ્યું છે તોપણ નિશ્ચયથી અમૂર્તપણું, કેવળજ્ઞાનપણું, સહજપરમાનંદપણું, નિત્યનિરંજનપણું ઇત્યાદિ લક્ષણો વડે જીવોનું ઇતર દ્રવ્યોથી અન્યપણું છે અને પોતપોતાનાં લક્ષણો વડે ઇતર દ્રવ્યોનું જીવોથી ભિન્નપણું છે એમ સમજવું.

आकाशमवकाशं गमनस्थितिकारणाभ्यां ददाति यदि।
ऊर्ध्वंगतिप्रधानाः सिद्धाः तिष्ठन्ति कथं तत्र॥९२॥

आकाशस्यावकाशैकहेतोर्गतिस्थितिहेतुत्वशङ्कायां दोषोपन्यासोऽयम्।

यदि खल्वाकाशमवगाहिनामवगाहहेतुरिव गतिस्थितिमतां गतिस्थितिहेतुरपि स्यात्, तदा सर्वोत्कृष्टस्वाभाविकोर्ध्वगतिपरिणता भगवंतः सिद्धा बहिरङ्गान्तरङ्गसाधनसामग्र्यां सत्यामपि कुतस्तत्राकाशे तिष्ठन्ति इति॥९२॥

**जम्हा उवरिट्ठाणं सिद्धाणं जिणवरेहिं पण्णत्तं।**
**तम्हा गमणट्ठाणं आयासे जाण णत्थि त्ति॥९३॥**

यस्मादुपरिस्थानं सिद्धानां जिनवरैः प्रज्ञप्तम्।
तस्माद्गमनस्थानमाकाशे जानीहि नास्तीति॥९३॥

---

અન્વયાર્થ :—[यदि आकाशम्] જો આકાશ [गमनस्थितिकारणाभ्याम्] ગતિ-સ્થિતિનાં કારણ સહિત [अवकाशं ददाति] અવકાશ આપતું હોય (અર્થાત્ જો આકાશ અવકાશહેતુ પણ હોય અને ગતિ-સ્થિતિહેતુ પણ હોય) તો [ऊर्ध्वंगतिप्रधानाः सिद्धाः] ઊર્ધ્વગતિપ્રધાન સિદ્ધો [तत्र] તેમાં (આકાશમાં) [कथम्] કેમ [तिष्ठन्ति] સ્થિર હોય? (આગળ ગમન કેમ ન કરે?)

ટીકા :—જે કેવળ અવકાશનો જ હેતુ છે એવું જે આકાશ તેને વિષે ગતિસ્થિતિ-હેતુત્વ (પણ) હોવાની શંકા કરવામાં આવે તો દોષ આવે છે તેનું આ કથન છે.

જો આકાશ, જેમ તે ★અવગાહવાળાઓને અવગાહહેતુ છે તેમ, ગતિસ્થિતિ-વાળાઓને ગતિ-સ્થિતિહેતુ પણ હોય, તો સર્વોત્કૃષ્ટ સ્વાભાવિક ઊર્ધ્વગતિએ પરિણત સિદ્ધભગવંતો, બહિરંગ-અંતરંગ સાધનરૂપ સામગ્રી હોવા છતાં પણ, કેમ (–કયા કારણે) તેમાં—આકાશમાં—સ્થિર હોય? ૯૨.

ભાખી જિનોએ લોકના અગ્રે સ્થિતિ સિદ્ધો તણી,
તે કારણે જાણો—ગતિસ્થિતિ આભમાં હોતી નથી. ૯૩.

અન્વયાર્થ :—[यस्मात्] જેથી [जिनवरैः] જિનવરોએ [सिद्धानाम्] સિદ્ધોની

---

★ અવગાહ=લીન થવું તે; મજ્જિત થવું તે; અવકાશ પામવો તે.

स्थितिपक्षोपन्यासोऽयम्।

यतो गत्वा भगवन्तः सिद्धाः लोकोपर्यवतिष्ठन्ते, ततो गतिस्थितिहेतुत्वमाकाशे नास्तीति निश्चेतव्यम्। लोकालोकावच्छेदकौ धर्माधर्मावेव गतिस्थितिहेतू मन्तव्याविति।।९३।।

**जदि हवदि गमणहेदू आगासं ठाणकारणं तेसिं।**
**पसजदि अलोगहाणी लोगस्स य अंतपरिवुड्ढी।।९४।।**

**यदि भवति गमनहेतुराकाशं स्थानकारणं तेषाम्।**
**प्रसजत्यलोकहानिर्लोकस्य चान्तपरिवृद्धिः।।९४।।**

आकाशस्य गतिस्थितिहेतुत्वाभावे हेतूपन्यासोऽयम्।

नाकाशं गतिस्थितिहेतुः लोकालोकसीमव्यवस्थायास्तथोपपत्तेः। यदि गति-

---

[उपरिस्थानं] લોકના ઉપર સ્થિતિ [प्रज्ञप्तम्] કહી છે, [तस्मात्] તેથી [गमनस्थानम् आकाशे न अस्ति] ગતિ-સ્થિતિ આકાશમાં હોતી નથી (અર્થાત્ ગતિસ્થિતિહેતુત્વ આકાશને વિષે નથી) [इति जानीहि] એમ જાણો.

ટીકા :—(ગતિપક્ષ સંબંધી કથન કર્યા પછી) આ, સ્થિતિપક્ષ સંબંધી કથન છે.

જેથી સિદ્ધભગવંતો ગમન કરીને લોકના ઉપર સ્થિર થાય છે (અર્થાત્ લોકના ઉપર ગતિપૂર્વક સ્થિતિ કરે છે), તેથી ગતિસ્થિતિહેતુત્વ આકાશને વિષે નથી એમ નિશ્ચય કરવો; લોક અને અલોકનો વિભાગ કરનારા ધર્મ તથા અધર્મને જ ગતિ તથા સ્થિતિના હેતુ માનવા. ૯૩.

**નભ હોય જો ગતિહેતુ ને સ્થિતિહેતુ પુદ્ગલ-જીવને,**
**તો હાનિ થાય અલોકની, લોકાન્ત પામે વૃદ્ધિને. ૯૪.**

અન્વયાર્થ :—[यदि] જો [आकाशं] આકાશ [तेषाम्] જીવ-પુદ્ગલોને [गमनहेतुः] ગતિહેતુ અને [स्थानकारणं] સ્થિતિહેતુ [भवति] હોય તો [अलोकहानिः] અલોકની હાનિનો [च] અને [लोकस्य अन्तपरिवृद्धिः] લોકના અંતની વૃદ્ધિનો [प्रसजति] પ્રસંગ આવે.

ટીકા :—અહીં, આકાશને ગતિસ્થિતિહેતુત્વનો અભાવ હોવા વિષે હેતુ રજૂ કરવામાં આવ્યો છે.

આકાશ ગતિ-સ્થિતિનો હેતુ નથી, કારણ કે લોક અને અલોકની સીમાની વ્યવસ્થા

स्थित्योराकाशमेव निमित्तमिष्येत्, तदा तस्य सर्वत्र सद्भावाज्जीवपुद्गलानां गतिस्थित्योर्निःसीमत्वात्प्रतिक्षणमलोको हीयते, पूर्वं पूर्वं व्यवस्थाप्यमानश्चान्तो लोकस्योत्तरोत्तरपरिवृद्ध्या विघटते। ततो न तत्र तद्धेतुरिति।।९४।।

तम्हा धम्माधम्मा गमणट्ठिदिकारणाणि णागासं।
इदि जिणवरेहिं भणिदं लोगसहावं सुणंताणं।।९५।।

तस्माद्धर्माधर्मौ गमनस्थितिकारणे नाकाशम्।
इति जिनवरैः भणितं लोकस्वभावं शृण्वताम्।।९५।।

आकाशस्य गतिस्थितिहेतुत्वनिरासव्याख्योपसंहारोऽयम्।
धर्माधर्मावेव गतिस्थितिकारणे नाकाशमिति।।९५।।

धम्माधम्मागासा अपुधब्भूदा समाणपरिमाणा।
पुधगुवलद्धिविसेसा करेंति एगत्तमण्णत्तं।।९६।।

---

એ રીતે જ બની શકે છે. જો આકાશને જ ગતિ-સ્થિતિનું નિમિત્ત માનવામાં આવે, તો આકાશનો સદ્ભાવ સર્વત્ર હોવાને લીધે જીવ-પુદ્ગલોની ગતિસ્થિતિની કોઈ સીમા નહિ રહેવાથી પ્રતિક્ષણ અલોકની હાનિ થાય અને પહેલાં પહેલાં વ્યવસ્થાપિત થયેલો લોકનો અંત ઉત્તરોત્તર વૃદ્ધિને પામવાથી લોકનો અંત જ તૂટી પડે (અર્થાત્ પહેલાં પહેલાં નિશ્ચિત થયેલો લોકનો અંત પછી પછી આગળ વધતો જવાથી લોકનો અંત જ બની શકે નહિ). માટે આકાશને વિષે ગતિ-સ્થિતિનો હેતુ નથી. ૯૪.

તેથી ગતિસ્થિતિહેતુઓ ધર્માધરમ છે, નભ નહીં;
ભાખ્યું જિનોએ આમ લોકસ્વભાવના શ્રોતા પ્રતિ. ૯૫.

અન્વયાર્થ :—[ तस्मात् ] તેથી [ गमनस्थितिकारणे ] ગતિ અને સ્થિતિનાં કારણ [ धर्माधर्मौ ] ધર્મ અને અધર્મ છે, [ न आकाशम् ] આકાશ નહિ. [ इति ] આમ [ लोकस्वभावं शृण्वताम् ] લોકસ્વભાવના શ્રોતાઓ પ્રત્યે [ जिनवरैः भणितम् ] જિનવરોએ કહ્યું છે.

ટીકા :—આ, આકાશને ગતિસ્થિતિહેતુત્વ હોવાના ખંડન સંબંધી કથનનો ઉપસંહાર છે.

ધર્મ અને અધર્મ જ ગતિ અને સ્થિતિનાં કારણ છે, આકાશ નહિ. ૯૫.

ધર્માધરમ-નભને સમાનપ્રમાણયુત અપૃથક્ત્વથી,
વળી ભિન્નભિન્ન વિશેષથી, એકત્વ ને અન્યત્વ છે. ૯૬.

धर्माधर्माकाशान्यपृथग्भूतानि समानपरिमाणानि।
पृथगुपलब्धिविशेषाणि कुर्वन्त्येकत्वमन्यत्वम्॥९६॥

धर्माधर्मलोकाकाशानामवगाहवशादेकत्वेऽपि वस्तुत्वेनान्यत्वमत्रोक्तम्।

धर्माधर्मलोकाकाशानि हि समानपरिमाणत्वात्सहावस्थानमात्रेणैवैकत्वभाञ्जि। वस्तुतस्तु व्यवहारेण गतिस्थित्यवगाहहेतुत्वरूपेण निश्चयेन विभक्तप्रदेशत्वरूपेण विशेषेण पृथगुपलभ्यमानेनान्यत्वभाञ्ज्येव भवन्तीति॥९६॥

—इति आकाशद्रव्यास्तिकायव्याख्यानं समाप्तम्।

---

**અન્વયાર્થ :—**[ धर्माधर्माकाशानि ] ધર્મ, અધર્મ અને આકાશ (લોકાકાશ) [ समानपरिमाणानि ] સમાન પરિમાણવાળાં [ अपृथग्भूतानि ] અપૃથગ્ભૂત હોવાથી તેમ જ [ पृथगुपलब्धिविशेषाणि ] પૃથક્-ઉપલબ્ધ (ભિન્નભિન્ન) વિશેષવાળાં હોવાથી [ एकत्वम् अन्यत्वम् ] એકત્વ તેમ જ અન્યત્વને [ कुर्वन्ति ] કરે છે.

**ટીકા :—**અહીં, ધર્મ, અધર્મ અને લોકાકાશનું અવગાહની અપેક્ષાએ એકત્વ હોવા છતાં વસ્તુપણે અન્યત્વ કહેવામાં આવ્યું છે.

ધર્મ, અધર્મ અને લોકાકાશ સમાન પરિમાણવાળાં હોવાને લીધે સાથે રહેલાં હોવામાત્રથી જ (-માત્ર એકક્ષેત્રાવગાહની અપેક્ષાએ જ) એકત્વવાળાં છે; વસ્તુતઃ તો, (૧) વ્યવહારે ગતિહેતુત્વ, સ્થિતિહેતુત્વ અને અવગાહહેતુત્વરૂપ (પૃથક્-ઉપલબ્ધ વિશેષ વડે) તથા (૨) નિશ્ચયે [1]વિભક્તપ્રદેશત્વરૂપ પૃથક્-ઉપલબ્ધ [2]વિશેષ વડે, તેઓ અન્યત્વવાળાં જ છે.

**ભાવાર્થ :—**ધર્મ, અધર્મ અને લોકાકાશનું એકત્વ તો કેવળ એકક્ષેત્રાવગાહની અપેક્ષાએ જ કહી શકાય છે; વસ્તુપણે તો તેમને અન્યત્વ જ છે, કારણ કે (૧) તેમનાં લક્ષણો ગતિહેતુત્વ, સ્થિતિહેતુત્વ અને અવગાહહેતુત્વરૂપ ભિન્નભિન્ન છે તથા (૨) તેમના પ્રદેશો પણ ભિન્નભિન્ન છે. ૯૬.

**આ રીતે આકાશદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

૧. વિભક્ત=ભિન્ન. [ધર્મ, અધર્મ અને આકાશને ભિન્નપ્રદેશપણું છે.]

૨. વિશેષ=ખાસિયત; વિશિષ્ટતા; વિશેષતા. [વ્યવહારે તથા નિશ્ચયે ધર્મ, અધર્મ અને આકાશના વિશેષ પૃથક્ ઉપલબ્ધ છે અર્થાત્ ભિન્નભિન્ન જોવામાં આવે છે.]

अथ चूलिका।

आगासकालजीवा धम्माधम्मा य मुत्तिपरिहीणा।
मुत्तं पोग्गलदव्वं जीवो खलु चेदणो तेसु॥९७॥

आकाशकालजीवा धर्माधर्मौ च मूर्तिपरिहीनाः।
मूर्तं पुद्गलद्रव्यं जीवः खलु चेतनस्तेषु॥९७॥

अत्र द्रव्याणां मूर्तामूर्तत्वं चेतनाचेतनत्वं चोक्तम्।

स्पर्शरसगन्धवर्णसद्भावस्वभावं मूर्तं, स्पर्शरसगन्धवर्णाभावस्वभावममूर्तम्। चैतन्यसद्भावस्वभावं चेतनं, चैतन्याभावस्वभावमचेतनम्। तत्रामूर्तमाकाशं, अमूर्तः कालः, अमूर्तः स्वरूपेण जीवः पररूपावेशान्मूर्तोऽपि, अमूर्तो धर्मः, अमूर्तोऽधर्मः, मूर्तः

---

હવે [૧]ચૂલિકા છે.

આત્મા અને આકાશ, ધર્મ, અધર્મ, કાળ અમૂર્ત છે,
છે મૂર્ત પુદ્‌ગલદ્રવ્ય; તેમાં જીવ છે ચેતન ખરે. ૯૭.

**અન્વયાર્થ :**—[ आकाशकालजीवाः ] આકાશ, કાળ, જીવ, [ धर्माधर्मौ च ] ધર્મ અને અધર્મ [ मूर्तिपरिहीनाः ] અમૂર્ત છે, [ पुद्गलद्रव्यं मूर्तं ] પુદ્‌ગલદ્રવ્ય મૂર્ત છે. [ तेषु ] તેમાં [ जीवः ] જીવ [ खलु ] ખરેખર [ चेतनः ] ચેતન છે.

**ટીકા :**—અહીં દ્રવ્યોનું મૂર્તામૂર્તપણું (-મૂર્તપણું અથવા અમૂર્તપણું) અને ચેતનાચેતનપણું (-ચેતનપણું અથવા અચેતનપણું) કહેવામાં આવ્યું છે.

સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો સદ્‌ભાવ જેનો સ્વભાવ છે તે મૂર્ત છે; સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો અભાવ જેનો સ્વભાવ છે તે અમૂર્ત છે. ચૈતન્યનો સદ્‌ભાવ જેનો સ્વભાવ છે તે ચેતન છે; ચૈતન્યનો અભાવ જેનો સ્વભાવ છે તે અચેતન છે. ત્યાં, આકાશ અમૂર્ત છે, કાળ અમૂર્ત છે, જીવ સ્વરૂપે અમૂર્ત છે, પરરૂપમાં [૨]પ્રવેશ દ્વારા (-મૂર્ત દ્રવ્યના સંયોગની અપેક્ષાએ)

---

૧. ચૂલિકા=શાસ્ત્રમાં નહિ કહેવાઈ ગયેલાનું વ્યાખ્યાન કરવું અથવા કહેવાઈ ગયેલાનું વિશેષ વ્યાખ્યાન કરવું અથવા બન્નેનું યથાયોગ્ય વ્યાખ્યાન કરવું તે.

૨. જીવ નિશ્ચયે અમૂર્ત-અખંડ-એકપ્રતિભાસમય હોવાથી અમૂર્ત છે, રાગાદિરહિત સહજાનંદ જેનો એક સ્વભાવ છે એવા આત્મતત્ત્વની ભાવનારહિત જીવ વડે ઉપાર્જિત જે મૂર્ત કર્મ તેના સંસર્ગ દ્વારા વ્યવહારે મૂર્ત પણ છે.

पुद्गल एवैक इति। अचेतनमाकाशं, अचेतनः कालः, अचेतनो धर्मः, अचेतनोऽधर्मः, अचेतनः पुद्गलः, चेतनो जीव एवैक इति॥९७॥

**जीवा पोग्गलकाया सह सक्किरिया हवंति ण य सेसा।**
**पोग्गलकरणा जीवा खंधा खलु कालकरणा दु॥९८॥**

जीवाः पुद्गलकायाः सह सक्रिया भवन्ति न च शेषाः।
पुद्गलकरणा जीवाः स्कन्धाः खलु कालकरणास्तु॥९८॥

अत्र सक्रियनिष्क्रियत्वमुक्तम्।

प्रदेशान्तरप्राप्तिहेतुः परिस्पन्दनरूपपर्यायः क्रिया। तत्र सक्रिया बहिरङ्गसाधनेन सहभूताः जीवाः, सक्रिया बहिरङ्गसाधनेन सहभूताः पुद्गलाः। निष्क्रियमाकाशं, निष्क्रियो धर्मः, निष्क्रियोऽधर्मः, निष्क्रियः कालः। जीवानां सक्रियत्वस्य बहिरङ्गसाधनं

---

મૂર્ત પણ છે, ધર્મ અમૂર્ત છે, અધર્મ અમૂર્ત છે; પુદ્ગલ જ એક મૂર્ત છે. આકાશ અચેતન છે, કાળ અચેતન છે, ધર્મ અચેતન છે, અધર્મ અચેતન છે, પુદ્ગલ અચેતન છે; જીવ જ એક ચેતન છે. ૯૭.

જીવ-પુદ્ગલો સહભૂત છે સક્રિય, નિષ્ક્રિય શેષ છે;
છે કાળ પુદ્ગલને કરણ, પુદ્ગલ કરણ છે જીવને. ૯૮.

**અન્વયાર્થ :**—[सह जीवाः पुद्गलकायाः] બાહ્ય કરણ સહિત રહેલા જીવો અને પુદ્ગલો [सक्रियाः भवन्ति] સક્રિય છે, [न च शेषाः] બાકીનાં દ્રવ્યો સક્રિય નથી (—નિષ્ક્રિય છે); [जीवाः] જીવો [पुद्गलकरणाः] પુદ્ગલકરણવાળા (—જેમને સક્રિયપણામાં પુદ્ગલ બહિરંગ સાધન હોય એવા) છે [स्कन्धाः खलु कालकरणाः तु] અને સ્કંધો અર્થાત્ પુદ્ગલો તો કાળકરણવાળા (—જેમને સક્રિયપણામાં કાળ બહિરંગ સાધન હોય એવા) છે.

**ટીકા :**—અહીં (દ્રવ્યોનું) સક્રિય-નિષ્ક્રિયપણું કહેવામાં આવ્યું છે.

પ્રદેશાંતરપ્રાપ્તિનો હેતુ (—અન્ય પ્રદેશની પ્રાપ્તિનું કારણ) એવો જે પરિસ્પંદરૂપ પર્યાય, તે ક્રિયા છે. ત્યાં, બહિરંગ સાધન સાથે રહેલા જીવો સક્રિય છે; બહિરંગ સાધન સાથે રહેલા પુદ્ગલો સક્રિય છે. આકાશ નિષ્ક્રિય છે; ધર્મ નિષ્ક્રિય છે; અધર્મ નિષ્ક્રિય છે; કાળ નિષ્ક્રિય છે.

कर्मनोकर्मोपचयरूपाः पुद्गला इति ते पुद्गलकरणाः। तदभावान्निःक्रियत्वं सिद्धानाम्। पुद्गलानां सक्रियत्वस्य बहिरङ्गसाधनं परिणामनिर्वर्तकः काल इति ते कालकरणाः। न च कर्मादीनामिव कालस्याभावः। ततो न सिद्धानामिव निष्क्रियत्वं पुद्गलानामिति॥९८॥

जे खलु इंदियगेज्झा विसया जीवेहिं होंति ते मुत्ता।
सेसं हवदि अमुत्तं चित्तं उभयं समादियदि॥९९॥

ये खलु इन्द्रियग्राह्या विषया जीवैर्भवन्ति ते मूर्ताः।
शेषं भवत्यमूर्तं चित्तमुभयं समाददाति॥९९॥

मूर्तामूर्तलक्षणाख्यानमेतत्।

---

જીવોને સક્રિયપણાનું બહિરંગ સાધન કર્મ-નોકર્મના સંચયરૂપ પુદ્‌ગલો છે; તેથી જીવો પુદ્‌ગલકરણવાળા છે. તેના અભાવને લીધે (-પુદ્‌ગલકરણના અભાવને લીધે) સિદ્ધોને નિષ્ક્રિયપણું છે (અર્થાત્ સિદ્ધોને કર્મ-નોકર્મના સંચયરૂપ પુદ્‌ગલોનો અભાવ હોવાથી તેઓ નિષ્ક્રિય છે.) પુદ્‌ગલોને સક્રિયપણાનું બહિરંગ સાધન ★પરિણામનિષ્પાદક કાળ છે; તેથી પુદ્‌ગલો કાળકરણવાળા છે.

કર્માદિકની માફક (અર્થાત્ જેમ કર્મ-નોકર્મરૂપ પુદ્‌ગલોનો અભાવ થાય છે તેમ) કાળનો અભાવ હોતો નથી; તેથી સિદ્ધોની માફક (અર્થાત્ જેમ સિદ્ધોને નિષ્ક્રિયપણું હોય છે તેમ) પુદ્‌ગલોને નિષ્ક્રિયપણું હોતું નથી. ૯૮.

છે જીવને જે વિષય ઇન્દ્રિયગ્રાહ્ય, તે સૌ મૂર્ત છે;
બાકી બધુંય અમૂર્ત છે; મન જાણતું તે ઉભયને. ૯૯.

**અન્વયાર્થ :—**[ये खलु] જે પદાર્થો [जीवैः इन्द्रियग्राह्याः विषयाः] જીવોના ઇન્દ્રિયગ્રાહ્ય વિષયો છે [ते मूर्ताः भवन्ति] તેઓ મૂર્ત છે અને [शेषं] બાકીનો પદાર્થસમૂહ [अमूर्तं भवति] અમૂર્ત છે. [चित्तम्] ચિત્ત [उभयं] તે બંનેને [समाददाति] ગ્રહણ કરે છે (-જાણે છે).

**ટીકા :—**આ, મૂર્ત અને અમૂર્તનાં લક્ષણનું કથન છે.

---

★ પરિણામનિષ્પાદક=પરિણામનો નિપજાવનારો; પરિણામ નીપજવામાં જે નિમિત્તભૂત (બહિરંગ સાધનભૂત) છે એવો.

**इह हि जीवैः स्पर्शनरसनघ्राणचक्षुर्भिरिन्द्रियैस्तद्विषयभूताः स्पर्शरसगन्धवर्णस्वभावा अर्था गृह्यन्ते। श्रोत्रेन्द्रियेण तु त एव तद्विषयहेतुभूतशब्दाकारपरिणता गृह्यन्ते। ते कदाचित्स्थूलस्कन्धत्वमापन्नाः कदाचित्सूक्ष्मत्वमापन्नाः कदाचित्परमाणुत्वमापन्नाः इन्द्रियग्रहणयोग्यतासद्भावाद् गृह्यमाणा अगृह्यमाणा वा मूर्ता इत्युच्यन्ते। शेषमितरत् समस्तमप्यर्थजातं स्पर्शरसगन्धवर्णाभावस्वभावमिन्द्रियग्रहणयोग्यताया अभावादमूर्तमित्युच्यते। चित्तग्रहणयोग्यतासद्भावभाग्भवति तदुभयमपि; चित्तं ह्यनियतविषयमप्राप्यकारि मतिश्रुतज्ञानसाधनीभूतं मूर्तममूर्तं च समाददातीति॥९९॥ —इति चूलिका समाप्ता।**

---

આ લોકમાં જીવો વડે સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય અને ચક્ષુરિંદ્રિય દ્વારા તેમના (–તે ઇન્દ્રિયોના) વિષયભૂત, સ્પર્શ-રસ-ગંધ-વર્ણસ્વભાવવાળા પદાર્થો (–સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ જેમનો સ્વભાવ છે એવા પદાર્થો) ગ્રહાય છે (–જણાય છે); અને શ્રોત્રેંદ્રિય દ્વારા તે જ પદાર્થો તેના (શ્રોત્રેંદ્રિયના) [1]વિષયહેતુભૂત શબ્દાકારે પરિણમ્યા થકા ગ્રહાય છે. તેઓ (તે પદાર્થો), કદાચિત્ સ્થૂલસ્કંધપણાને પામતા થકા, કદાચિત્ સૂક્ષ્મત્વને (સૂક્ષ્મસ્કંધપણાને) પામતા થકા અને કદાચિત્ પરમાણુપણાને પામતા થકા ઇન્દ્રિયો દ્વારા ગ્રહાતા હોય કે ન ગ્રહાતા હોય, ઇન્દ્રિયો વડે ગ્રહાવાની યોગ્યતાનો (સદા) સદ્ભાવ હોવાથી 'મૂર્ત' કહેવાય છે.

સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો અભાવ જેનો સ્વભાવ છે એવો બાકીનો અન્ય સમસ્ત પદાર્થસમૂહ ઇંદ્રિયો વડે ગ્રહાવાની યોગ્યતાના અભાવને લીધે 'અમૂર્ત' કહેવાય છે.

તે બંને (–પૂર્વોક્ત બંને પ્રકારના પદાર્થો) ચિત્ત વડે ગ્રહાવાની યોગ્યતાના સદ્ભાવવાળા છે; ચિત્ત—કે જે [2]અનિયત વિષયવાળું, [3]અપ્રાપ્યકારી અને મતિશ્રુતજ્ઞાનના સાધનભૂત (–મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનમાં નિમિત્તભૂત) છે તે—મૂર્ત તેમ જ અમૂર્તને ગ્રહણ કરે છે (–જાણે છે). ૯૯.

**આ રીતે ચૂલિકા સમાપ્ત થઈ.**

---

૧. તે સ્પર્શ-રસ-ગંધ-વર્ણસ્વભાવવાળા પદાર્થોને (અર્થાત્ પુદ્ગલોને) શ્રોત્રેંદ્રિયના વિષય થવામાં હેતુભૂત શબ્દાકારપરિણામ છે, તેથી તે પદાર્થો (પુદ્ગલો) શબ્દાકારે પરિણમ્યા થકા શ્રોત્રેંદ્રિય દ્વારા ગ્રહાય છે.

૨. અનિયત=અનિશ્ચિત. [જેમ પાંચ ઇન્દ્રિયોમાંની પ્રત્યેક ઇન્દ્રિયનો વિષય નિયત છે તેમ મનનો વિષય નિયત નથી, અનિયત છે.]

૩. અપ્રાપ્યકારી=જ્ઞેય વિષયોને સ્પર્શ્યા વિના કાર્ય કરનાર—જાણનાર. [મન અને ચક્ષુ અપ્રાપ્યકારી છે, ચક્ષુ સિવાયની ચાર ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે.]

अथ कालद्रव्यव्याख्यानम्।

कालो परिणामभवो परिणामो दव्वकालसंभूदो।
दोण्हं एस सहावो कालो खणभंगुरो णियदो॥१००॥

कालः परिणामभवः परिणामो द्रव्यकालसम्भूतः।
द्वयोरेष स्वभावः कालः क्षणभङ्गुरो नियतः॥१००॥

व्यवहारकालस्य निश्चयकालस्य च स्वरूपाख्यानमेतत्।

तत्र क्रमानुपाती समयाख्यः पर्यायो व्यवहारकालः, तदाधारभूतं द्रव्यं निश्चयकालः। तत्र व्यवहारकालो निश्चयकालपर्यायरूपोपि जीवपुद्गलानां परिणामेनावच्छिद्यमानत्वात्तत्परिणामभव इत्युपगीयते, जीवपुद्गलानां परिणामस्तु बहिरङ्गनिमित्तभूतद्रव्यकालसद्भावे सति सम्भूतत्वाद्द्रव्य-कालसम्भूत इत्यभिधीयते। तत्रेदं तात्पर्य—व्यवहारकालो जीवपुद्गलपरिणामेन निश्चीयते,

---

હવે કાળદ્રવ્યનું વ્યાખ્યાન છે.

પરિણામભવ છે કાળ, કાળપદાર્થભવ પરિણામ છે;
—આ છે સ્વભાવો ઉભયના; ક્ષણભંગી ને ધ્રુવ કાળ છે. ૧૦૦.

અન્વયાર્થ :—[कालः परिणामभवः] કાળ પરિણામથી ઉત્પન્ન થાય છે (અર્થાત્ વ્યવહારકાળ જીવ-પુદ્ગલોના પરિણામથી મપાય છે); [परिणामः द्रव्यकालसम्भूतः] પરિણામ દ્રવ્યકાળથી ઉત્પન્ન થાય છે.—[द्वयोः एषः स्वभावः] આ, બંનેનો સ્વભાવ છે. [कालः क्षणभङ्गुरः नियतः] કાળ ક્ષણભંગુર તેમ જ નિત્ય છે.

ટીકા :—આ, વ્યવહારકાળ તથા નિશ્ચયકાળના સ્વરૂપનું કથન છે.

ત્યાં, 'સમય' નામનો જે ક્રમિક પર્યાય તે વ્યવહારકાળ છે; તેના આધારભૂત દ્રવ્ય તે નિશ્ચયકાળ છે.

ત્યાં, વ્યવહારકાળ નિશ્ચયકાળના પર્યાયરૂપ હોવા છતાં જીવ-પુદ્ગલોના પરિણામથી મપાતો—જણાતો હોવાને લીધે 'જીવ-પુદ્ગલોના પરિણામથી ઉત્પન્ન થતો' કહેવાય છે; અને જીવ-પુદ્ગલોના પરિણામ બહિરંગ-નિમિત્તભૂત દ્રવ્યકાળના સદ્ભાવમાં ઉત્પન્ન થતા હોવાને લીધે 'દ્રવ્યકાળથી ઉત્પન્ન થતા' કહેવાય છે. ત્યાં, તાત્પર્ય એ છે કે—વ્યવહારકાળ જીવ-પુદ્ગલોના પરિણામ વડે નક્કી થાય છે; અને નિશ્ચયકાળ જીવ-પુદ્ગલોના પરિણામની

निश्चयकालस्तु तत्परिणामान्यथानुपपत्त्येति। तत्र क्षणभङ्गी व्यवहारकालः सूक्ष्मपर्यायस्य तावन्मात्रत्वात्, नित्यो निश्चयकालः स्वगुणपर्यायाधारद्रव्यत्वेन सर्वदैवाविनश्वरत्वादिति॥१००॥

**कालो त्ति य ववदेसो सब्भावपरूवगो हवदि णिच्चो।**
**उप्पण्णप्पद्धंसी अवरो दीहंतरट्ठाई॥१०१॥**

**काल इति च व्यपदेशः सद्भावप्ररूपको भवति नित्यः।**
**उत्पन्नप्रध्वंस्यपरो दीर्घान्तरस्थायी॥१०१॥**

नित्यक्षणिकत्वेन कालविभागख्यापनमेतत्।

यो हि द्रव्यविशेषः 'अयं कालः, अयं कालः' इति सदा व्यपदिश्यते स खलु स्वस्य सद्भावमावेदयन् भवति नित्यः। यस्तु पुनरुत्पन्नमात्र एव प्रध्वंस्यते स खलु तस्यैव

---

અન્યથા અનુપપત્તિ વડે (અર્થાત્ જીવ-પુદ્ગલોના પરિણામ બીજી રીતે નહિ બની શકતા હોવાથી) નક્કી થાય છે.

ત્યાં, વ્યવહારકાળ ★ક્ષણભંગી છે, કારણ કે સૂક્ષ્મ પર્યાય એવડો જ માત્ર (—ક્ષણમાત્ર જેવડો જ, સમયમાત્ર જેવડો જ) છે; નિશ્ચયકાળ નિત્ય છે, કારણ કે તે પોતાના ગુણ-પર્યાયોના આધારભૂત દ્રવ્યપણે સદાય અવિનાશી છે. ૧૦૦.

**છે 'કાળ' સંજ્ઞા સત્પ્રરૂપક તેથી કાળ સુનિત્ય છે;**
**ઉત્પન્નધ્વંસી અન્ય જે તે દીર્ઘસ્થાયી પણ ઠરે. ૧૦૧.**

**અન્વયાર્થ :**—[कालः इति च व्यपदेशः] 'કાળ' એવો વ્યપદેશ [सद्भावप्ररूपकः] સદ્ભાવનો પ્રરૂપક છે તેથી [नित्यः भवति] કાળ (નિશ્ચયકાળ) નિત્ય છે. [उत्पन्नध्वंसी अपरः] ઉત્પન્નધ્વંસી એવો જે બીજો કાળ (અર્થાત્ ઉત્પન્ન થતાં વેંત જ નષ્ટ થનારો જે વ્યવહારકાળ) તે [दीर्घान्तरस्थायी] (ક્ષણિક હોવા છતાં પ્રવાહઅપેક્ષાએ) દીર્ઘ સ્થિતિનો પણ (કહેવાય) છે.

**ટીકા :**—કાળના 'નિત્ય' અને 'ક્ષણિક' એવા બે વિભાગનું આ કથન છે.

'આ કાળ છે, આ કાળ છે' એમ કરીને જે દ્રવ્યવિશેષનો સદા વ્યપદેશ (નિર્દેશ, કથન) કરવામાં આવે છે, તે (દ્રવ્યવિશેષ અર્થાત્ નિશ્ચયકાળરૂપ ખાસ દ્રવ્ય) ખરેખર પોતાના સદ્ભાવને જાહેર કરતું થકું નિત્ય છે; અને જે ઉત્પન્ન થતાં વેંત જ નષ્ટ થાય

---

★ ક્ષણભંગી=ક્ષણે ક્ષણે નાશ પામનારો; પ્રતિસમય જેનો ધ્વંસ થાય છે એવો; ક્ષણભંગુર; ક્ષણિક.

द्रव्यविशेषस्य समयाख्यः पर्याय इति। स तूत्सङ्गितक्षणभङ्गोऽप्युपदर्शितस्वसन्तानो नयबलाद्दीर्घान्तरस्थाय्युपगीयमानो न दुष्यति; ततो न खल्वावलिकापल्योपमसागरोपमादि-व्यवहारो विप्रतिषिध्यते। तदत्र निश्चयकालो नित्यः द्रव्यरूपत्वात्, व्यवहारकालः क्षणिकः पर्यायरूपत्वादिति ॥१०१॥

एदे कालागासा धम्माधम्मा य पोग्गला जीवा।
लब्भंति दव्वसण्णं कालस्स दु णत्थि कायत्तं ॥१०२॥

एते कालाकाशे धर्माधर्मौ च पुद्गला जीवाः।
लभन्ते द्रव्यसञ्ज्ञां कालस्य तु नास्ति कायत्वम् ॥१०२॥

कालस्य द्रव्यास्तिकायत्वविधिप्रतिषेधविधानमेतत्।

यथा खलु जीवपुद्गलधर्माधर्माकाशानि सकलद्रव्यलक्षणसद्भावाद्द्रव्यव्यपदेश भाञ्जि

---

છે, તે (વ્યવહારકાળ) ખરેખર તે જ દ્રવ્યવિશેષનો ‘સમય’ નામનો પર્યાય છે. તે ક્ષણભંગી હોવા છતાં પણ પોતાની સંતતિને (પ્રવાહને) દર્શાવતો હોવાને લીધે તેને નયના બળથી ‘લાંબા વખત સુધી ટકનારો’ કહેવામાં દોષ નથી; તેથી આવલિકા, પલ્યોપમ, સાગરોપમ ઈત્યાદિ વ્યવહારનો નિષેધ કરવામાં આવતો નથી.

એ રીતે અહીં એમ કહ્યું કે—નિશ્ચયકાળ દ્રવ્યરૂપ હોવાથી નિત્ય છે, વ્યવહારકાળ પર્યાયરૂપ હોવાથી ક્ષણિક છે. ૧૦૧.

આ જીવ, પુદ્‌ગલ, કાળ, ધર્મ, અધર્મ તેમ જ નભ વિષે
છે ‘દ્રવ્ય’સંજ્ઞા સર્વને, કાયત્વ છે નહિ કાળને. ૧૦૨.

અન્વયાર્થ :—[एते] આ [कालाकाशे] કાળ, આકાશ, [धर्माधर्मौ] ધર્મ, અધર્મ, [पुद्गलाः] પુદ્‌ગલો [च] અને [जीवाः] જીવો (બધાં) [द्रव्यसञ्ज्ञां लभन्ते] ‘દ્રવ્ય’સંજ્ઞાને પામે છે; [कालस्य तु] પરંતુ કાળને [कायत्वम्] કાયપણું [न अस्ति] નથી.

ટીકા :—આ, કાળને દ્રવ્યપણાના વિધાનનું અને અસ્તિકાયપણાના નિષેધનું કથન છે (અર્થાત્ કાળને દ્રવ્યપણું છે પણ અસ્તિકાયપણું નથી એમ અહીં કહ્યું છે).

જેમ ખરેખર જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશને દ્રવ્યનાં સઘળાં લક્ષણોનો સદ્‌ભાવ હોવાથી તેઓ ‘દ્રવ્ય’સંજ્ઞાને પામે છે, તેમ કાળ પણ (તેને દ્રવ્યના સઘળાં લક્ષણોનો

भवन्ति, तथा कालोऽपि। इत्येवं षड्द्रव्याणि। किन्तु यथा जीवपुद्गलधर्माधर्माकाशानां द्व्यादिप्रदेशलक्षणत्वमस्ति अस्तिकायत्वं, न तथा लोकाकाशप्रदेशसंख्यानामपि कालाणूनामेकप्रदेशत्वादस्त्यस्तिकायत्वम्। अत एव च पञ्चास्तिकायप्रकरणे न हीह मुख्यत्वेनोपन्यस्तः कालः। जीवपुद्गलपरिणामावच्छिद्यमानपर्यायत्वेन तत्परिणामान्यथानुपपत्त्यानुमीयमानद्रव्यत्वेनात्रैवान्तर्भावितः ।।१०२।।

—इति कालद्रव्यव्याख्यानं समाप्तम्।

**एवं पवयणसारं पंचत्थियसंगहं वियाणित्ता।**
**जो मुयदि रागदोसे सो गाहदि दुक्खपरिमोक्खं।।१०३।।**

---

સદ્ભાવ હોવાથી) 'દ્રવ્ય'સંજ્ઞાને પામે છે. એ પ્રમાણે છ દ્રવ્યો છે. પરંતુ જેમ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશને [1]દ્વિ-આદિ પ્રદેશો જેનું લક્ષણ છે એવું અસ્તિકાયપણું છે, તેમ કાળાણુઓને—જોકે તેમની સંખ્યા લોકાકાશના પ્રદેશો જેટલી (અસંખ્ય) છે તોપણ—એકપ્રદેશીપણાને લીધે અસ્તિકાયપણું નથી. અને આમ હોવાથી જ (અર્થાત્ કાળ અસ્તિકાય નહિ હોવાથી જ) અહીં પંચાસ્તિકાયના પ્રકરણમાં મુખ્યપણે કાળનું કથન કરવામાં આવ્યું નથી; (પરંતુ) જીવ-પુદ્ગલોના પરિણામ દ્વારા જે જણાય છે—મપાય છે એવા તેના પર્યાય હોવાથી તથા જીવ-પુદ્ગલોના પરિણામની અન્યથા અનુપપત્તિ દ્વારા જેનું અનુમાન થાય છે એવું તે દ્રવ્ય હોવાથી તેને અહીં [2]અંતર્ભૂત કરવામાં આવ્યો છે. ૧૦૨.

આ રીતે કાળદ્રવ્યનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

**એ રીત પ્રવચનસારરૂપ 'પંચાસ્તિસંગ્રહ' જાણીને**
**જે જીવ છોડે રાગદ્વેષ, લહે સકળદુખમોક્ષને. ૧૦૩.**

---

૧. દ્વિ-આદિ=બે અથવા વધારે; બેથી માંડીને અનંત પર્યંત.

૨. અંતર્ભૂત કરવું=અંદર સમાવી લેવું; સમાવિષ્ટ કરવું; સમાવેશ કરવો. [આ 'પંચાસ્તિકાયસંગ્રહ નામના શાસ્ત્રમાં કાળનું મુખ્યપણે વર્ણન નથી, પાંચ અસ્તિકાયોનું મુખ્યપણે વર્ણન છે. ત્યાં જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયના પરિણામોનું વર્ણન કરતાં, તે પરિણામો દ્વારા જેના પરિણામો જણાય છે—મપાય છે તે પદાર્થને (કાળને) તથા તે પરિણામોની અન્યથા અનુપપત્તિ દ્વારા જેનું અનુમાન થાય છે તે પદાર્થને (કાળને) ગૌણપણે વર્ણવવો ઉચિત છે એમ ગણીને અહીં પંચાસ્તિકાયપ્રકરણની અંદર ગૌણપણે કાળના વર્ણનનો સમાવેશ કરવામાં આવ્યો છે.]

एवं प्रवचनसारं पञ्चास्तिकायसंग्रहं विज्ञाय।
यो मुञ्चति रागद्वेषौ स गाहते दुःखपरिमोक्षम्॥१०३॥

तदवबोधफलपुरस्सरः पञ्चास्तिकायव्याख्योपसंहारोऽयम्।

न खलु कालकलितपञ्चास्तिकायेभ्योऽन्यत् किमपि सकलेनापि प्रवचनेन प्रतिपाद्यते। ततः प्रवचनसार एवायं पञ्चास्तिकायसंग्रहः। यो हि नामामुं समस्तवस्तुतत्त्वाभिधायिनमर्थतोऽर्थितयावबुध्यात्रैव जीवास्तिकायान्तर्गतमात्मानं स्वरूपेणात्यन्तविशुद्धचैतन्यस्वभावं निश्चित्य परस्परकार्यकारणीभूतानादिरागद्वेषपरिणामकर्मबन्धसन्तति-

---

અન્વયાર્થઃ—[एवम्] એ પ્રમાણે [प्रवचनसारं] પ્રવચનના સારભૂત [पञ्चास्तिकायसंग्रहं] 'પંચાસ્તિકાયસંગ્રહ'ને [विज्ञाय] જાણીને [यः] જે [रागद्वेषौ] રાગદ્વેષને [मुञ्चति] છોડે છે, [सः] તે [दुःखपरिमोक्षम् गाहते] દુઃખથી પરિમુક્ત થાય છે.

ટીકાઃ—અહીં પંચાસ્તિકાયના અવબોધનું ફળ કહીને પંચાસ્તિકાયના વ્યાખ્યાનનો ઉપસંહાર કરવામાં આવ્યો છે.

ખરેખર સઘળુંય (દ્વાદશાંગરૂપે વિસ્તીર્ણ) પ્રવચન કાળ સહિત પંચાસ્તિકાયથી અન્ય કાંઈ પણ પ્રતિપાદિત કરતું નથી; તેથી પ્રવચનનો સાર જ આ 'પંચાસ્તિકાયસંગ્રહ' છે. જે પુરુષ ખરેખર સમસ્તવસ્તુતત્ત્વના કહેનારા આ 'પંચાસ્તિકાયસંગ્રહ'ને [1]અર્થતઃ [2]અર્થીપણે જાણીને, એમાં જ કહેલા જીવાસ્તિકાયને વિષે [3]અંતર્ગત રહેલા પોતાને (નિજ આત્માને) સ્વરૂપે અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વભાવવાળો નિશ્ચિત કરીને, [4]પરસ્પર કાર્યકારણભૂત એવા અનાદિ રાગદ્વેષપરિણામ અને કર્મબંધની પરંપરાથી

---

૧. અર્થતઃ=અર્થ પ્રમાણે; વાચ્યને અનુલક્ષીને; વાચ્યસાપેક્ષ; વાસ્તવિક રીતે.

૨. અર્થીપણે=ગરજુપણે; યાચકપણે; સેવકપણે; કાંઈક પ્રાપ્ત કરવાના પ્રયોજનથી (અર્થાત્ હિતપ્રાપ્તિના હેતુથી).

૩. જીવાસ્તિકાયની અંદર પોતે (નિજ આત્મા) સમાઈ જાય છે, તેથી જેવું જીવાસ્તિકાયનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે તેવું જ પોતાનું સ્વરૂપ છે અર્થાત્ પોતે પણ સ્વરૂપથી અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વભાવવાળો છે.

૪. રાગદ્વેષપરિણામ અને કર્મબંધ અનાદિ કાળથી એકબીજાને કાર્યકારણરૂપ છે.

**समारोपितस्वरूपविकारं तदात्वेऽनुभूयमानमवलोक्य तत्कालोन्मीलितविवेकज्योतिः कर्मबन्ध-सन्ततिप्रवर्तिकां रागद्वेषपरिणतिमत्यस्यति, स खलु जीर्यमाणस्नेहो जघन्यस्नेहगुणाभिमुख-परमाणुवद्भाविबन्धपराङ्मुखः पूर्वबन्धात्प्रच्यवमानः शिखितप्तोदकदौस्थ्यानुकारिणो दुःखस्य परिमोक्षं विगाहत इति॥१०३॥**

**मुणिऊण एतदट्ठं तदणुगमणुज्जदो णिहदमोहो।**
**पसमियरागद्दोसो हवदि हदपरापरो जीवो॥१०४॥**

---

**જેનામાં [૧]સ્વરૂપવિકાર [૨]આરોપાયેલો છે એવો પોતાને (નિજ આત્માને) તે કાળે અનુભવાતો અવલોકીને, તે કાળે વિવેકજ્યોતિ પ્રગટ હોવાથી (અર્થાત્ અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વભાવનું અને વિકારનું ભેદજ્ઞાન તે કાળે જ પ્રગટ વર્તતું હોવાથી) કર્મબંધની પરંપરાને પ્રવર્તાવનારી રાગદ્વેષપરિણતિને છોડે છે, તે પુરુષ, ખરેખર જેને [૩]સ્નેહ જીર્ણ થતો જાય છે એવો, જઘન્ય [૪]સ્નેહગુણની સંમુખ વર્તતા પરમાણુની માફક ભાવી બંધથી પરાઙ્મુખ વર્તતો થકો, પૂર્વ બંધથી છૂટતો થકો, અગ્નિતપ્ત જળની [૫]દુઃસ્થિતિ સમાન જે દુઃખ તેનાથી પરિમુક્ત થાય છે. ૧૦૩.**

**આ અર્થ જાણી, અનુગમન-ઉદ્યમ કરી, હણી મોહને,**
**પ્રશમાવી રાગદ્વેષ, જીવ ઉત્તર-પૂરવ વિરહિત બને. ૧૦૪.**

---

૧. સ્વરૂપવિકાર=સ્વરૂપનો વિકાર. [સ્વરૂપ બે પ્રકારે છે : (૧) દ્રવ્યાર્થિક નયના વિષયભૂત સ્વરૂપ, અને (૨) પર્યાયાર્થિક નયના વિષયભૂત સ્વરૂપ. જીવમાં જે વિકાર થાય છે તે પર્યાયાર્થિક નયના વિષયભૂત સ્વરૂપને વિષે થાય છે, દ્રવ્યાર્થિક નયના વિષયભૂત સ્વરૂપને વિષે નહિ; તે (દ્રવ્યાર્થિક નયના વિષયભૂત) સ્વરૂપ તો સદાય અત્યંત વિશુદ્ધ ચૈતન્યાત્મક છે.]

૨. આરોપાયેલો=(નવો અર્થાત્ ઔપાધિકરૂપે) કરાયેલો. [સ્ફટિકમણિમાં ઔપાધિકરૂપે થતી રંગિત દશાની માફક જીવમાં ઔપાધિકરૂપે વિકારપર્યાય થતો કદાચિત્ અનુભવાય છે.]

૩. સ્નેહ=રાગાદિરૂપ ચીકાશ

૪. સ્નેહ=સ્પર્શગુણના પર્યાયરૂપ ચીકાશ. [જેમ જઘન્ય ચીકાશની સંમુખ વર્તતો પરમાણુ ભાવી બંધથી પરાઙ્મુખ છે, તેમ જેને રાગાદિ જીર્ણ થતા જાય છે એવો પુરુષ ભાવી બંધથી પરાઙ્મુખ છે.]

૫. દુઃસ્થિતિ=અશાંત સ્થિતિ (અર્થાત્ તળે-ઉપર થવું તે, ખદખદ થવું તે); અસ્થિરતા; ખરાબ—કફોડી સ્થિતિ. [જેમ અગ્નિતપ્ત જળ ખદખદ થાય છે, તળે—ઉપર થયા કરે છે, તેમ દુઃખ આકુળતામય છે.]

ज्ञात्वैतदर्थं तदनुगमनोद्यतो निहतमोहः।
प्रशमितरागद्वेषो भवति हतपरापरो जीवः॥१०४॥

**दुःखविमोक्षकरणक्रमाख्यानमेतत्।**

**एतस्य शास्त्रस्यार्थभूतं शुद्धचैतन्यस्वभावमात्मानं कश्चिज्जीवस्तावज्जानीते। ततस्त-मेवानुगन्तुमुद्यमते। ततोऽस्य क्षीयते दृष्टिमोहः। ततः स्वरूपपरिचयादुन्मज्जति ज्ञानज्योतिः। ततो रागद्वेषौ प्रशाम्यतः। ततः उत्तरः पूर्वश्च बन्धो विनश्यति। ततः पूनर्बन्धहेतुत्वाभावात् स्वरूपस्थो नित्यं प्रतपतीति॥१०४॥**

इति **समयव्याख्यायामन्तर्नीतषड्द्रव्यपञ्चास्तिकायवर्णनः** प्रथमः श्रुतस्कन्धः समाप्तः॥१॥

---

અન્વયાર્થ :—[जीवः] જીવ [एतद् अर्थं ज्ञात्वा] આ અર્થને જાણીને (—આ શાસ્ત્રના અર્થભૂત શુદ્ધાત્માને જાણીને), [तदनुगमनोद्यतः] તેને અનુસરવાનો ઉદ્યમ કરતો થકો [निहतमोहः] હતમોહ થઈને (—જેને દર્શનમોહનો ક્ષય થયો હોય એવો થઈને), [प्रशमितरागद्वेषः] રાગદ્વેષને પ્રશમિત (—નિવૃત્ત) કરીને, [हतपरापरः भवति] ઉત્તર અને પૂર્વ બંધનો જેને નાશ થયો છે એવો થાય છે.

ટીકા :—આ, દુઃખથી વિમુક્ત થવાના ક્રમનું કથન છે.

પ્રથમ, કોઈ જીવ આ શાસ્ત્રના અર્થભૂત શુદ્ધચૈતન્યસ્વભાવવાળા (નિજ) આત્માને જાણે છે; તેથી (પછી) તેને જ અનુસરવાનો ઉદ્યમ કરે છે; તેથી તેને દૃષ્ટિમોહનો ક્ષય થાય છે; તેથી સ્વરૂપના પરિચયને લીધે જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે; તેથી રાગદ્વેષ પ્રશમી જાય છે (—નિવૃત્ત) થાય છે; તેથી ઉત્તર અને પૂર્વ (—પછીનો અને પહેલાંનો) બંધ વિનાશ પામે છે; તેથી ફરીને બંધ થવાના હેતુપણાનો અભાવ હોવાથી સ્વરૂપસ્થપણે સદા પ્રતપે છે—પ્રતાપવંત વર્તે છે (અર્થાત્ તે જીવ સદાય સ્વરૂપસ્થિત રહી પરમાનંદજ્ઞાનાદિરૂપે પરિણમે છે). ૧૦૪.

આ રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહ શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) સમયવ્યાખ્યા નામની ટીકામાં **ષડ્દ્રવ્યપંચાસ્તિકાયવર્ણન** નામનો પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

## —૨—
## નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગપ્રપંચવર્ણન

द्रव्यस्वरूपप्रतिपादनेन
शुद्धं बुधानामिह तत्त्वमुक्तम् ।
पदार्थभङ्गेन कृतावतारं
प्रकीर्त्यते सम्प्रति वर्त्म तस्य ॥७॥

**अभिवंदिऊण सिरसा अपुणब्भवकारणं महावीरं।**
**तेसिं पयत्थभंगं मग्गं मोक्खस्स वोच्छामि॥१०५॥**

---

[પ્રથમ, શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ પહેલા શ્રુતસ્કંધને વિષે શું કહેવામાં આવ્યું અને બીજા શ્રુતસ્કંધને વિષે શું કહેવામાં આવશે તે શ્લોક દ્વારા અતિ સંક્ષેપમાં દર્શાવે છે:]

[શ્લોકાર્થઃ—] અહીં (આ શાસ્ત્રમાં પ્રથમ શ્રુતસ્કંધને વિષે) દ્રવ્યસ્વરૂપના પ્રતિપાદન વડે બુધ પુરુષોને (સમજુ જીવોને) શુદ્ધ તત્ત્વ (શુદ્ધાત્મતત્ત્વ) ઉપદેશવામાં આવ્યું. હવે પદાર્થભેદ વડે ઉપોદ્‌ઘાત કરીને (–નવ પદાર્થરૂપ ભેદ વડે પ્રારંભ કરીને) તેનો માર્ગ (–શુદ્ધાત્મતત્ત્વનો માર્ગ અર્થાત્ તેના મોક્ષનો માર્ગ) વર્ણવવામાં આવે છે. [૭]

[હવે આ બીજા શ્રુતસ્કંધને વિષે શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત ગાથાસૂત્ર શરૂ કરવામાં આવે છે:]

શિરસા નમી અપુનર્જનમના હેતુ શ્રી મહાવીરને,
ભાખું પદાર્થવિકલ્પ તેમ જ મોક્ષ કેરા માર્ગને. ૧૦૫.

પં. ૨૦

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



अभिवन्द्य शिरसा अपुनर्भवकारणं महावीरम्।
तेषां पदार्थभङ्गं मार्गं मोक्षस्य वक्ष्यामि॥१०५॥

आप्तस्तुतिपुरस्सरा प्रतिज्ञेयम्।

अमुना हि प्रवर्तमानमहाधर्मतीर्थस्य मूलकर्तृत्वेनापुनर्भवकारणस्य भगवतः परमभट्टारकमहादेवाधिदेवश्रीवर्द्धमानस्वामिनः सिद्धिनिबन्धनभूतां भावस्तुतिमासूत्र्य, कालकलितपञ्चास्तिकायानां पदार्थविकल्पो मोक्षस्य मार्गश्च वक्तव्यत्वेन प्रतिज्ञात इति॥१०५॥

सम्मत्तणाणजुत्तं चारित्तं रागदोसपरिहीणं।
मोक्खस्स हवदि मग्गो भव्वाणं लद्धबुद्धीणं॥१०६॥

---

અન્વયાર્થઃ—[ अपुनर्भवकारणं ] અપુનર્ભવના કારણ [ महावीरम् ] શ્રી મહાવીરને [ शिरसा अभिवन्द्य ] શિરસા વંદન કરીને, [ तेषां पदार्थभङ्गं ] તેમનો પદાર્થભેદ (−કાળ સહિત પંચાસ્તિકાયનો નવ પદાર્થરૂપ ભેદ) તથા [ मोक्षस्य मार्गं ] મોક્ષનો માર્ગ [ वक्ष्यामि ] કહીશ.

ટીકાઃ—આ, આપ્તની સ્તુતિપૂર્વક પ્રતિજ્ઞા છે.

પ્રવર્તમાન મહાધર્મતીર્થના મૂળ કર્તા તરીકે જેઓ ★અપુનર્ભવના કારણ છે એવા ભગવાન, પરમ ભટ્ટારક, મહાદેવાધિદેવ શ્રી વર્ધમાનસ્વામીની, સિદ્ધત્વના નિમિત્તભૂત ભાવસ્તુતિ કરીને, કાળ સહિત પંચાસ્તિકાયનો પદાર્થભેદ (અર્થાત્ છ દ્રવ્યોનો નવ પદાર્થરૂપ ભેદ) તથા મોક્ષનો માર્ગ કહેવાની આ ગાથાસૂત્રમાં પ્રતિજ્ઞા કરવામાં આવી છે. ૧૦૫.

સમ્યક્ત્વજ્ઞાન સમેત ચારિત રાગદ્વેષવિહીન જે,
તે હોય છે નિર્વાણમારગ લબ્ધબુદ્ધિ ભવ્યને. ૧૦૬.

---

★ અપુનર્ભવ=મોક્ષ. [પરમ પૂજ્ય ભગવાન શ્રી વર્ધમાનસ્વામી, હાલમાં પ્રવર્તતું જે રત્નત્રયાત્મક મહાધર્મતીર્થ તેના મૂળ પ્રતિપાદક હોવાથી, મોક્ષસુખરૂપી સુધારસના પિપાસુ ભવ્યોને મોક્ષના નિમિત્તભૂત છે.]

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

सम्यक्त्वज्ञानयुक्तं चारित्रं रागद्वेषपरिहीणम्।
मोक्षस्य भवति मार्गो भव्यानां लब्धबुद्धीनाम्॥१०६॥

मोक्षमार्गस्यैव तावत्सूचनेयम्।

सम्यक्त्वज्ञानयुक्तमेव नासम्यक्त्वज्ञानयुक्तं, चारित्रमेव नाचारित्रं, रागद्वेषपरिहीणमेव न रागद्वेषापरिहीणम्, मोक्षस्यैव न भावतो बंधस्य, मार्ग एव नामार्गः, भव्यानामेव नाभव्यानां, लब्धबुद्धीनामेव नालब्धबुद्धीनां, क्षीणकषायत्वे भवत्येव न कषायसहितत्वे भवतीत्यष्टधा नियमोऽत्र द्रष्टव्यः॥१०६॥

---

અન્વયાર્થઃ—[ सम्यक्त्वज्ञानयुक्तं ] સમ્યક્ત્વ અને જ્ઞાનથી સંયુક્ત એવું [ चारित्रं ] ચારિત્ર—[ रागद्वेषपरिहीणम् ] કે જે રાગદ્વેષથી રહિત હોય તે, [ लब्धबुद्धीनाम् ] લબ્ધબુદ્ધિ [ भव्यानां ] ભવ્યજીવોને [ मोक्षस्य मार्गः ] મોક્ષનો માર્ગ [ भवति ] હોય છે.

ટીકાઃ—પ્રથમ, મોક્ષમાર્ગની જ આ સૂચના છે.

સમ્યક્ત્વ અને જ્ઞાનથી યુક્ત જ—નહિ કે અસમ્યક્ત્વ અને અજ્ઞાનથી યુક્ત, ચારિત્ર જ—નહિ કે અચારિત્ર, રાગદ્વેષ રહિત હોય એવું જ (ચારિત્ર)—નહિ કે રાગદ્વેષ સહિત હોય એવું, મોક્ષનો જ—[1]ભાવતઃ નહિ કે બંધનો, માર્ગ જ—નહિ કે અમાર્ગ, ભવ્યોને જ—નહિ કે અભવ્યોને, [2]લબ્ધબુદ્ધિઓને જ—નહિ કે અલબ્ધ-બુદ્ધિઓને, [3]ક્ષીણકષાયપણામાં જ હોય છે—નહિ કે કષાયસહિતપણામાં હોય છે. આમ આઠ પ્રકારે નિયમ અહીં દેખવો (અર્થાત્ આ ગાથામાં ઉપરોક્ત આઠ પ્રકારે નિયમ કહ્યો છે એમ સમજવું). ૧૦૬.

---

૧. ભાવતઃ=ભાવ અનુસાર; આશય અનુસાર. ('મોક્ષનો' કહેતાં જ 'બંધનો નહિ' એવો ભાવ અર્થાત્ આશય સ્પષ્ટ સમજાય છે.)

૨. લબ્ધબુદ્ધિ=જેમણે બુદ્ધિ પ્રાપ્ત કરી હોય એવા.

૩. ક્ષીણકષાયપણામાં જ=ક્ષીણકષાયપણું હોતાં જ; ક્ષીણકષાયપણું હોય ત્યારે જ. [સમ્યક્ત્વજ્ઞાનયુક્ત ચારિત્ર—કે જે રાગદ્વેષરહિત હોય તે, લબ્ધબુદ્ધિ ભવ્યજીવોને, ક્ષીણકષાયપણું હોતાં જ, મોક્ષનો માર્ગ હોય છે.]

सम्मत्तं सद्दहणं भावाणं तेसिमधिगमो णाणं।
चारित्तं समभावो विसएसु विरूढमग्गाणं।।१०७।।

सम्यक्त्वं श्रद्धानं भावानां तेषामधिगमो ज्ञानम्।
चारित्रं समभावो विषयेषु विरूढमार्गाणाम्।।१०७।।

**सम्यग्दर्शनज्ञानचारित्राणां सूचनेयम्।**

**भावाः खलु कालकलितपञ्चास्तिकायविकल्परूपा नव पदार्थाः। तेषां मिथ्यादर्शनोदयापादिताश्रद्धानाभावस्वभावं भावान्तरं श्रद्धानं सम्यग्दर्शनं, शुद्धचैतन्यरूपात्म-**

---

'ભાવો' તણી શ્રદ્ધા સુદર્શન, બોધ તેનો જ્ઞાન છે,
વધુ રૂઢ માર્ગ થતાં વિષયમાં સામ્ય તે ચારિત્ર છે. ૧૦૭.

**અન્વયાર્થઃ**—[**भावानां**] ભાવોનું (—નવ પદાર્થોનું) [**श्रद्धानं**] શ્રદ્ધાન [**सम्यक्त्वं**] તે સમ્યક્ત્વ છે; [**तेषाम् अधिगमः**] તેમનો અવબોધ [**ज्ञानम्**] તે જ્ઞાન છે; [**विरूढमार्गाणाम्**] (નિજ તત્ત્વમાં) જેમનો માર્ગ વિશેષ રૂઢ થયો છે તેમને [**विषयेषु**] વિષયો પ્રત્યે વર્તતો [**समभावः**] સમભાવ [**चारित्रम्**] તે ચારિત્ર છે.

**ટીકાઃ**—આ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સૂચના છે.

કાળ સહિત પંચાસ્તિકાયના ભેદરૂપ નવ પદાર્થો તે ખરેખર 'ભાવો' છે. તે 'ભાવો'નું મિથ્યાદર્શનના ઉદયથી પ્રાપ્ત થતું જે અશ્રદ્ધાન તેના અભાવસ્વભાવવાળો જે [1]ભાવાંતર—શ્રદ્ધાન (અર્થાત્ નવ પદાર્થોનું શ્રદ્ધાન), તે સમ્યગ્દર્શન છે—કે જે (સમ્યગ્દર્શન) શુદ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વના [2]વિનિશ્ચયનું બીજ છે. [3]નૌકાગમનના

---

૧. ભાવાંતર=ભાવવિશેષ; ખાસ ભાવ; બીજો ભાવ; જુદો ભાવ. [નવ પદાર્થોના અશ્રદ્ધાનનો અભાવ જેનો સ્વભાવ છે એવો ભાવાંતર (—નવ પદાર્થોના શ્રદ્ધાનરૂપ ભાવ) તે સમ્યગ્દર્શન છે.]

૨. વિનિશ્ચય=નિશ્ચય; દ્રઢ નિશ્ચય.

૩. જેવી રીતે નાવમાં બેઠેલા કોઈ મનુષ્યને નાવની ગતિના સંસ્કારવશ, પદાર્થો વિપરીત સ્વરૂપે સમજાય છે (અર્થાત્ પોતે ગતિમાં હોવા છતાં સ્થિર હોય એમ સમજાય છે અને વૃક્ષ, પર્વત વગેરે સ્થિર હોવા છતાં ગતિમાં હોય એમ સમજાય છે), તેવી રીતે જીવને મિથ્યાદર્શનના ઉદયવશ નવ પદાર્થો વિપરીત સ્વરૂપે સમજાય છે.

**तत्त्वविनिश्चयबीजम्। तेषामेव मिथ्यादर्शनोदयान्नौयानसंस्कारादि★ स्वरूपविपर्ययेणाध्यवसीयमानानां तन्निवृत्तौ समञ्जसाध्यवसायः सम्यग्ज्ञानं, मनाग्ज्ञानचेतनाप्रधानात्मतत्त्वोपलम्भबीजम्। सम्यग्दर्शनज्ञानसन्निधानादमार्गेभ्यः समग्रेभ्यः परिच्युत्य स्वतत्त्वे विशेषेण रूढमार्गाणां सतामिन्द्रियानिन्द्रियविषयभूतेष्वर्थेषु रागद्वेषपूर्वकविकाराभावान्निर्विकारावबोधस्वभावः समभावश्चारित्रं, तदात्वायतिरमणीयमनणीयसोऽपुनर्भवसौख्यस्यैकबीजम्। इत्येष त्रिलक्षणो मोक्षमार्गः पुरस्तान्निश्चयव्यवहाराभ्यां व्याख्यास्यते। इह तु सम्यग्दर्शनज्ञानयोर्विषयभूतानां नवपदार्थानामुपोद्घातहेतुत्वेन सूचित इति॥१०७॥**

---

સંસ્કારની માફક મિથ્યાદર્શનના ઉદયને લીધે જેઓ સ્વરૂપવિપર્યયપૂર્વક અધ્યવસિત થાય છે (અર્થાત્ વિપરીત સ્વરૂપે સમજાય છે—ભાસે છે) એવા તે 'ભાવો'નો જ (—નવ પદાર્થોનો જ), મિથ્યાદર્શનના ઉદયની નિવૃત્તિ હોતાં, જે સમ્યક્ અધ્યવસાય (સત્ય સમજણ, યથાર્થ અવભાસ, સાચો અવબોધ) થવો, તે સમ્યગ્જ્ઞાન છે—કે જે (સમ્યગ્જ્ઞાન) કાંઈક અંશે જ્ઞાનચેતનાપ્રધાન આત્મતત્ત્વની ઉપલબ્ધિનું (અનુભૂતિનું) બીજ છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના સદ્ભાવને લીધે સમસ્ત અમાર્ગોથી છૂટીને જેઓ સ્વતત્ત્વમાં વિશેષપણે [1]રૂઢ માર્ગવાળા થયા છે તેમને ઇન્દ્રિય અને મનના વિષયભૂત પદાર્થો પ્રત્યે રાગદ્વેષપૂર્વક વિકારના અભાવને લીધે જે નિર્વિકારજ્ઞાનસ્વભાવવાળો સમભાવ હોય છે, તે ચારિત્ર છે—કે જે (ચારિત્ર) તે કાળે અને આગામી કાળે રમણીય છે અને અપુનર્ભવના (મોક્ષના) મહા સૌખ્યનું એક બીજ છે.

—આવા આ ત્રિલક્ષણ (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક) મોક્ષમાર્ગનું આગળ નિશ્ચય અને વ્યવહારથી વ્યાખ્યાન કરવામાં આવશે. અહીં તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના વિષયભૂત નવ પદાર્થોના [2]ઉપોદ્ઘાતના હેતુ તરીકે તેનું સૂચન કરવામાં આવ્યું છે. ૧૦૭.

---

★ અહીં '**संस्कारादि**' ને બદલે ઘણું કરીને '**संस्कारादिव**' હોવું જોઈએ એમ લાગે છે.

૧. રૂઢ=રીઢો; પાકો; પરિચયથી દ્રઢ થયેલો. (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને લીધે જેમનો સ્વતત્ત્વગત માર્ગ વિશેષ રૂઢ થયો છે તેમને ઇન્દ્રિયમનના વિષયો પ્રત્યે રાગદ્વેષના અભાવને લીધે વર્તતો નિર્વિકારજ્ઞાનસ્વભાવી સમભાવ તે ચારિત્ર છે).

૨. ઉપોદ્ઘાત=પ્રસ્તાવના [સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગનાં પ્રથમનાં બે અંગ જે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તેમના વિષયો નવ પદાર્થ છે; તેથી હવેની ગાથાઓમાં નવ પદાર્થનું

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



जीवाजीवा भावा पुण्णं पावं च आसवं तेसिं।
संवरणं णिज्जरणं बंधो मोक्खो य ते अट्ठा॥१०८॥

जीवाजीवौ भावो पुण्यं पापं चास्रवस्तयोः।
संवरणं निर्जरणं बन्धो मोक्षश्च ते अर्थाः॥१०८॥

**पदार्थानां नामस्वरूपाभिधानमेतत्।**

**जीवः, अजीवः, पुण्यं, पापं, आस्रवः, संवरः, निर्जरा, बन्धः, मोक्ष इति नवपदार्थानां नामानि। तत्र चैतन्यलक्षणो जीवास्तिक एवेह जीवः। चैतन्याभावलक्षणोऽजीवः। स पञ्चधा पूर्वोक्त एव—पुद्गलास्तिकः, धर्मास्तिकः, अधर्मास्तिकः, आकाशास्तिकः, कालद्रव्यञ्चेति। इमौ हि जीवाजीवौ पृथग्भूतास्तित्वनिर्वृत्तत्वेन**

---

બે ભાવ—જીવ અજીવ, તદ્ગત પુણ્ય તેમ જ પાપ ને
આસરવ, સંવર, નિર્જરા, વળી બંધ, મોક્ષ—પદાર્થ છે. ૧૦૮.

**અન્વયાર્થઃ**—[जीवाजीवौ भावौ] જીવ અને અજીવ—બે ભાવો (અર્થાત્ મૂળ પદાર્થો) તથા [तयोः] તે બેનાં [पुण्यं] પુણ્ય, [पापं च] પાપ, [आस्रवः] આસ્રવ, [संवरणं निर्जरणं बन्धः] સંવર, નિર્જરા, બંધ [च] ને [मोक्षः] મોક્ષ—[ते अर्थाः] એ (નવ) પદાર્થો છે.

**ટીકાઃ**—આ, પદાર્થોનાં નામ અને સ્વરૂપનું કથન છે.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ—એ પ્રમાણે નવ પદાર્થોનાં નામ છે.

તેમાં, ચૈતન્ય જેનું લક્ષણ છે એવો જીવાસ્તિક જ (–જીવાસ્તિકાય જ) અહીં જીવ છે. ચૈતન્યનો અભાવ જેનું લક્ષણ છે તે અજીવ છે; તે (અજીવ) પાંચ પ્રકારે પૂર્વે કહેલ જ છે—પુદ્ગલાસ્તિક, ધર્માસ્તિક, અધર્માસ્તિક, આકાશાસ્તિક અને કાળદ્રવ્ય. આ જીવ અને અજીવ (બંને) પૃથક્ અસ્તિત્વ વડે નિષ્પન્ન હોવાથી ભિન્ન જેમના સ્વભાવ છે એવા (બે) મૂળ પદાર્થો છે.

---

વ્યાખ્યાન કરવામાં આવે છે. મોક્ષમાર્ગનું વિસ્તૃત વ્યાખ્યાન આગળ ઉપર કરવામાં આવશે. અહીં તો નવ પદાર્થના વ્યાખ્યાનની પ્રસ્તાવનાના હેતુ તરીકે તેનું માત્ર સૂચન કરવામાં આવ્યું છે.]

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**भिन्नस्वभावभूतौ मूलपदार्थौ। जीवपुद्गलसंयोगपरिणामनिर्वृत्ताः सप्तान्ये पदार्थाः। शुभपरिणामो जीवस्य, तन्निमित्तः कर्मपरिणामः पुद्गलानाञ्च पुण्यम्। अशुभ-परिणामो जीवस्य, तन्निमित्तः कर्मपरिणामः पुद्गलानाञ्च पापम्। मोहरागद्वेष-परिणामो जीवस्य, तन्निमित्तः कर्मपरिणामो योगद्वारेण प्रविशतां पुद्गलानाञ्चास्रवः। मोहरागद्वेषपरिणामनिरोधो जीवस्य, तन्निमित्तः कर्मपरिणामनिरोधो योगद्वारेण प्रविशतां पुद्गलानाञ्च संवरः। कर्मवीर्यशातनसमर्थो बहिरङ्गान्तरङ्गतपोभिर्बृंहितशुद्धोप-योगो जीवस्य, तदनुभावनीरसीभूतानामेकदेशसंक्षयः समुपात्तकर्मपुद्गलानाञ्च निर्जरा। मोहरागद्वेषस्निग्धपरिणामो जीवस्य, तन्निमित्तेन कर्मत्वपरिणतानां जीवेन सहान्योन्य-सम्मूर्च्छनं पुद्गलानाञ्च बन्धः। अत्यन्तशुद्धात्मोपलम्भो जीवस्य, जीवेन सहात्यन्तविश्लेषः**

---

જીવ અને પુદ્‌ગલના સંયોગપરિણામથી નીપજતા સાત બીજા પદાર્થો છે. (તેમનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે છે:–) જીવના શુભ પરિણામ (તે પુણ્ય છે) તેમ જ તે (શુભ પરિણામ) જેનું નિમિત્ત છે એવા પુદ્‌ગલોના કર્મપરિણામ (–શુભકર્મરૂપ પરિણામ) તે પુણ્ય છે. જીવના અશુભ પરિણામ (તે પાપ છે) તેમ જ તે (અશુભ પરિણામ) જેનું નિમિત્ત છે એવા પુદ્‌ગલોના કર્મપરિણામ (–અશુભકર્મરૂપ પરિણામ) તે પાપ છે. જીવના મોહરાગદ્વેષરૂપ પરિણામ (તે આસ્રવ છે) તેમ જ તે (મોહરાગદ્વેષરૂપ પરિણામ) જેનું નિમિત્ત છે એવા જે યોગ દ્વારા પ્રવેશતાં પુદ્‌ગલોના કર્મપરિણામ તે આસ્રવ છે. જીવના મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ (તે સંવર છે) તેમ જ તે (મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ) જેનું નિમિત્ત છે એવો જે યોગ દ્વારા પ્રવેશતાં પુદ્‌ગલોના કર્મપરિણામનો નિરોધ તે સંવર છે. કર્મના વીર્યનું (–કર્મની શક્તિનું) [1]શાતન કરવામાં સમર્થ એવો જે બહિરંગ અને અંતરંગ (બાર પ્રકારનાં) તપો વડે વૃદ્ધિ પામેલો જીવનો શુદ્ધોપયોગ (તે નિર્જરા છે) તેમ જ તેના પ્રભાવથી (–વૃદ્ધિ પામેલા શુદ્ધોપયોગના નિમિત્તથી) નીરસ થયેલાં એવાં ઉપાર્જિત કર્મપુદ્‌ગલોનો એકદેશ [2]સંક્ષય તે નિર્જરા છે. જીવના, મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ પરિણામ (તે બંધ છે) તેમ જ તેના (–સ્નિગ્ધ પરિણામના) નિમિત્તથી કર્મપણે પરિણત પુદ્‌ગલોનું જીવની સાથે અન્યોન્ય અવગાહન (–વિશિષ્ટ શક્તિ સહિત એકક્ષેત્રાવગાહસંબંધ) તે બંધ છે. જીવની અત્યંત શુદ્ધ આત્મોપલબ્ધિ (તે મોક્ષ છે) તેમ જ કર્મપુદ્‌ગલોનો જીવથી અત્યંત

---

૧. શાતન કરવું=પાતળું કરવું; હીન કરવું; ક્ષીણ કરવું; નષ્ટ કરવું.

૨. સંક્ષય=સમ્યક્ પ્રકારે ક્ષય

कर्मपुद्गलानां च मोक्ष इति॥१०८॥

अथ जीवपदार्थव्याख्यानं प्रपञ्चयति।

जीवा संसारत्था णिव्वादा चेदणप्पगा दुविहा।
उवओगलक्खणा वि य देहादेहप्पवीचारा॥१०९॥

जीवाः संसारस्था निर्वृत्ताः चेतनात्मका द्विविधाः।
उपयोगलक्षणा अपि च देहादेहप्रवीचाराः॥१०९॥

जीवस्वरूपोद्देशोऽयम्।

जीवाः हि द्विविधाः, संसारस्था अशुद्धा, निर्वृत्ताः शुद्धाश्च। ते खलूभयेऽपि चेतनास्वभावाः, चेतनापरिणामलक्षणेनोपयोगेन लक्षणीयाः। तत्र संसारस्था देहप्रवीचाराः, निर्वृत्ता अदेहप्रवीचारा इति॥१०९॥

---

વિશ્લેષ (વિયોગ) તે મોક્ષ છે. ૧૦૮.

હવે જીવપદાર્થનું વ્યાખ્યાન વિસ્તારથી કરવામાં આવે છે.

જીવો દ્વિવિધ—સંસારી, સિદ્ધો; ચેતનાત્મક ઉભય છે;
ઉપયોગલક્ષણ ઉભય; એક સદેહ, એક અદેહ છે. ૧૦૯.

અન્વયાર્થ :—[जीवाः द्विविधाः] જીવો બે પ્રકારના છેઃ [संसारस्थाः निर्वृत्ताः] સંસારી અને સિદ્ધ. [चेतनात्मकाः] તેઓ ચેતનાત્મક (–ચેતનાસ્વભાવવાળા) [अपि च] તેમ જ [उपयोगलक्षणाः] ઉપયોગલક્ષણવાળા છે. [देहादेहप्रवीचाराः] સંસારી જીવો દેહમાં વર્તનારા અર્થાત્ દેહસહિત છે અને સિદ્ધ જીવો દેહમાં નહિ વર્તનારા અર્થાત્ દેહરહિત છે.

ટીકા :—આ, જીવના સ્વરૂપનું કથન છે.

જીવો બે પ્રકારના છેઃ (૧) સંસારી અર્થાત્ અશુદ્ધ, અને (૨) સિદ્ધ અર્થાત્ શુદ્ધ. તે બંનેય ખરેખર ચેતનાસ્વભાવવાળા છે અને ★ચેતનાપરિણામસ્વરૂપ ઉપયોગ વડે લક્ષિત થવાયોગ્ય (–ઓળખાવાયોગ્ય) છે. તેમાં, સંસારી જીવો દેહમાં વર્તનારા અર્થાત્ દેહસહિત છે અને સિદ્ધ જીવો દેહમાં નહિ વર્તનારા અર્થાત્ દેહરહિત છે. ૧૦૯.

★ ચેતનાનો પરિણામ તે ઉપયોગ. આ ઉપયોગ જીવરૂપી લક્ષ્યનું લક્ષણ છે.

पुढवी य उदगमगणी वाउ वणप्फदि जीवसंसिदा काया।
देंति खलु मोहबहुलं फासं बहुगा वि ते तेसिं॥११०॥

पृथिवी चोदकमग्निर्वायुर्वनस्पतिः जीवसंश्रिताः कायाः।
ददति खलु मोहबहुलं स्पर्शं बहुका अपि ते तेषाम्॥११०॥

पृथिवीकायिकादिपञ्चभेदोद्देशोऽयम्।

पृथिवीकायाः, अप्कायाः, तेजःकायाः, वायुकायाः, वनस्पतिकायाः इत्येते पुद्गलपरिणामा बन्धवशाज्जीवानुसंश्रिताः, अवान्तरजातिभेदाद्बहुका अपि स्पर्शनेन्द्रियावरणक्षयोपशमभाजां जीवानां बहिरङ्गस्पर्शनेन्द्रियनिर्वृत्तिभूताः कर्मफलचेतनाप्रधान-

---

ભૂ-જલ-અનલ-વાયુ-વનસ્પતિકાય જીવસહિત છે;
બહુ કાય તે અતિમોહસંયુત સ્પર્શ આપે જીવને. ૧૧૦.

અન્વયાર્થ :—[ पृथिवी ] પૃથ્વીકાય, [ उदकम् ] અપ્‌કાય, [ अग्निः ] અગ્નિકાય, [ वायुः ] વાયુકાય [ च ] અને [ वनस्पतिः ] વનસ્પતિકાય—[ कायाः ] એ કાયો [ जीवसंश्रिताः ] જીવસહિત છે. [ बहुकाः अपि ते ] (અવાંતર જાતિઓની અપેક્ષાએ) તેમની ઘણી સંખ્યા હોવા છતાં તેઓ બધીયે [ तेषाम् ] તેમાં રહેલા જીવોને [ खलु ] ખરેખર [ मोहबहुलं ] પુષ્કળ મોહથી સંયુક્ત [ स्पर्शं ददति ] સ્પર્શ આપે છે (અર્થાત્ સ્પર્શજ્ઞાનમાં નિમિત્ત થાય છે).

ટીકા :—આ, (સંસારી જીવોના ભેદોમાંથી) પૃથ્વીકાયિક વગેરે પાંચ ભેદોનું કથન છે.

[૧]પૃથ્વીકાય, અપ્‌કાય, તેજઃકાય, વાયુકાય અને વનસ્પતિકાય—એવા આ પુદ્‌ગલ-પરિણામો બંધવશાત્ (બંધને લીધે) જીવસહિત છે. [૨]અવાંતર જાતિરૂપ ભેદો પાડતાં તેઓ ઘણા હોવા છતાં તે બધાય (પુદ્‌ગલપરિણામો), સ્પર્શનેંદ્રિયાવરણના ક્ષયોપશમવાળા જીવોને બહિરંગ સ્પર્શનેંદ્રિયની રચનાભૂત વર્તતા થકા, કર્મફળચેતનાપ્રધાનપણાને લીધે

---

૧. કાય=શરીર. (પૃથ્વીકાય વગેરે કાયો પુદ્‌ગલપરિણામો છે; તેમનો જીવ સાથે બંધ હોવાને લીધે તેઓ જીવસહિત હોય છે.)

૨. અવાંતર જાતિ=પેટા-જાતિ. (પૃથ્વીકાય, અપ્‌કાય, તેજઃકાય અને વાયુકાય—એ ચારમાંના દરેકના સાત લાખ પેટા-જાતિરૂપ ભેદો છે; વનસ્પતિકાયના દસ લાખ ભેદો છે.)

त्वान्मोहबहुलमेव स्पर्शोपलम्भं सम्पादयन्तीति॥११०॥

ति त्थावरतणुजोगा अणिलाणलकाइया य तेसु तसा।
मणपरिणामविरहिदा जीवा एइंदिया णेया॥१११॥

त्रयः स्थावरतनुयोगा अनिलानलकायिकाश्च तेषु त्रसाः।
मनःपरिणामविरहिता जीवा एकेन्द्रिया ज्ञेयाः॥१११॥

एदे जीवणिकाया पंचविधा पुढविकाइयादीया।
मणपरिणामविरहिदा जीवा एगेंदिया भणिया॥११२॥

---

પુષ્કળ મોહ સહિત જ [1]સ્પર્શોપલબ્ધિ સંપ્રાપ્ત કરાવે છે. ૧૧૦.

ત્યાં જીવ ત્રણ સ્થાવરતનુ, ત્રસ જીવ અગ્નિ-સમીરના;
એ સર્વ મનપરિણામવિરહિત એક-ઇન્દ્રિય જાણવા. ૧૧૧.

**અન્વયાર્થ :—**[ तेषु ] તેમાં, [ त्रयः ] ત્રણ (પૃથ્વીકાયિક, અપ્‌કાયિક ને વનસ્પતિ-કાયિક) જીવો [ स्थावरतनुयोगाः ] સ્થાવર શરીરના સંયોગવાળા છે [ च ] તથા [ अनिलानलकायिकाः ] વાયુકાયિક ને અગ્નિકાયિક જીવો [ त्रसाः ] [2]ત્રસ છે; [ मनःपरिणामविरहिताः ] તે બધા મનપરિણામરહિત [ एकेन्द्रियाः जीवाः ] એકેંદ્રિય જીવો [ ज्ञेयाः ] જાણવા. ૧૧૧.

આ પૃથ્વીકાયિક આદિ જીવનિકાય પાંચ પ્રકારના,
સઘળાય મનપરિણામવિરહિત જીવ એકેંદ્રિય કહ્યા. ૧૧૨.

---

૧. સ્પર્શોપલબ્ધિ=સ્પર્શની ઉપલબ્ધિ; સ્પર્શનું જ્ઞાન; સ્પર્શનો અનુભવ. [પૃથ્વીકાયિક વગેરે જીવોને સ્પર્શનેંદ્રિયાવરણનો (–ભાવસ્પર્શનેંદ્રિયના આવરણનો) ક્ષયોપશમ હોય છે અને તે તે કાયો બાહ્ય સ્પર્શનેંદ્રિયની રચનારૂપ હોય છે, તેથી તે તે કાયો તે તે જીવોને સ્પર્શની ઉપલબ્ધિમાં નિમિત્તભૂત થાય છે. તે જીવોને થતી તે સ્પર્શોપલબ્ધિ પ્રબળ મોહ સહિત જ હોય છે, કારણ કે તે જીવો કર્મફળચેતનાપ્રધાન હોય છે.]

૨. વાયુકાયિક અને અગ્નિકાયિક જીવોને ચલનક્રિયા દેખીને વ્યવહારથી ત્રસ કહેવામાં આવે છે; નિશ્ચયથી તો તેઓ પણ સ્થાવરનામકર્માધીનપણાને લીધે—જોકે તેમને વ્યવહારથી ચલન છે તોપણ—સ્થાવર જ છે.

एते जीवनिकायाः पञ्चविधाः पृथिवीकायिकाद्याः।
मनःपरिणामविरहिता जीवा एकेन्द्रिया भणिताः॥११२॥

पृथिवीकायिकादीनां पञ्चानामेकेन्द्रियत्वनियमोऽयम्।

पृथिवीकायिकादयो हि जीवाः स्पर्शनेन्द्रियावरणक्षयोपशमात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सत्येकेन्द्रिया अमनसो भवन्तीति॥११२॥

**अण्डेसु पवड्ढंता गब्भत्था माणुसा य मुच्छगया।**
**जारिसया तारिसया जीवा एगेंदिया णेया॥११३॥**

अंडेषु प्रवर्धमाना गर्भस्था मानुषाश्च मूर्च्छां गताः।
यादृशास्तादृशा जीवा एकेन्द्रिया ज्ञेयाः॥११३॥

एकेन्द्रियाणां चैतन्यास्तित्वे दृष्टान्तोपन्यासोऽयम्।

---

અન્વયાર્થ :—[एते] આ [पृथिवीकायिकाद्याः] પૃથ્વીકાયિક વગેરે [पञ्चविधाः] પાંચ પ્રકારના [जीवनिकायाः] જીવનિકાયોને [मनःपरिणामविरहिताः] મનપરિણામરહિત [एकेन्द्रियाः जीवाः] એકેંદ્રિય જીવો [भणिताः] (સર્વજ્ઞે) કહ્યા છે.

ટીકા :—આ, પૃથ્વીકાયિક વગેરે પાંચ (—પંચવિધ) જીવોના એકેંદ્રિયપણાનો નિયમ છે.

પૃથ્વીકાયિક વગેરે જીવો, સ્પર્શનેંદ્રિયના (—ભાવસ્પર્શનેંદ્રિયના) આવરણના ક્ષયોપશમને લીધે તથા બાકીની ઇન્દ્રિયોના (—ચાર ભાવેંદ્રિયોના) આવરણનો ઉદય તેમ જ મનના (—ભાવમનના) આવરણનો ઉદય હોવાથી, મનરહિત એકેંદ્રિય છે. ૧૧૨.

જેવા જીવો અંડસ્થ, મૂર્છાવસ્થ વા ગર્ભસ્થ છે;
તેવા બધા આ પંચવિધ એકેંદ્રિ જીવો જાણજે. ૧૧૩.

અન્વયાર્થ :—[अण्डेषु प्रवर्धमानाः] ઈંડાંમાં વૃદ્ધિ પામતાં પ્રાણીઓ, [गर्भस्थाः] ગર્ભમાં રહેલાં પ્રાણીઓ [च] અને [मूर्च्छां गताः मानुषाः] મૂર્છા પામેલા મનુષ્યો, [यादृशाः] જેવાં (બુદ્ધિપૂર્વક વ્યાપાર વિનાનાં) છે, [तादृशाः] તેવા [एकेन्द्रियाः जीवाः] એકેંદ્રિય જીવો [ज्ञेयाः] જાણવા.

ટીકા :—આ, એકેંદ્રિયોને ચૈતન્યનું અસ્તિત્વ હોવા સંબંધી દૃષ્ટાંતનું કથન છે.

अण्डान्तर्लीनानां, गर्भस्थानां, मूर्च्छितानां च बुद्धिपूर्वकव्यापारादर्शनेऽपि येन प्रकारेण जीवत्वं निश्चीयते, तेन प्रकारेणैकेन्द्रियाणामपि, उभयेषामपि बुद्धिपूर्वकव्यापारादर्शनस्य समानत्वादिति।।११३।।

संबुक्कमादुवाहा संखा सिप्पी अपादगा य किमी।
जाणंति रसं फासं जे ते बेइंदिया जीवा।।११४।।

शम्बूकमातृवाहाः शङ्खाः शुक्तयोऽपादकाः च कृमयः।
जानन्ति रसं स्पर्शं ये ते द्वीन्द्रियाः जीवाः।।११४।।

द्वीन्द्रियप्रकारसूचनेयम्।

---

ઈંડાંની અંદર રહેલાં, ગર્ભમાં રહેલાં અને મૂર્છા પામેલાં (પ્રાણીઓ)ના જીવત્વનો, તેમને બુદ્ધિપૂર્વક વ્યાપાર નહિ જોવામાં આવતો હોવા છતાં, જે પ્રકારે નિશ્ચય કરાય છે, તે પ્રકારે એકેન્દ્રિયોના જીવત્વનો પણ નિશ્ચય કરાય છે; કારણ કે બંનેમાં બુદ્ધિપૂર્વક વ્યાપારનું ★અદર્શન સમાન છે.

ભાવાર્થ :—જેમ ગર્ભસ્થાદિ પ્રાણીઓમાં, ઈહાપૂર્વક વ્યવહારનો અભાવ હોવા છતાં, જીવત્વ છે જ, તેમ એકેન્દ્રિયોમાં પણ, ઈહાપૂર્વક વ્યવહારનો અભાવ હોવા છતાં, જીવત્વ છે જ એમ આગમ, અનુમાન ઇત્યાદિથી નક્કી કરી શકાય છે.

અહીં એમ તાત્પર્ય ગ્રહવું કે—જીવ પરમાર્થે સ્વાધીન અનંત જ્ઞાન અને સૌખ્ય સહિત હોવા છતાં અજ્ઞાન વડે પરાધીન ઇન્દ્રિયસુખમાં આસક્ત થઈને જે કર્મ બાંધે છે તેના નિમિત્તે પોતાને એકેન્દ્રિય અને દુઃખી કરે છે. ૧૧૩.

શંબૂક, છીપો, માતૃવાહો, શંખ, કૃમિ પગ-વગરના
—જે જાણતા રસસ્પર્શને, તે જીવ દ્વીંદ્રિય જાણવા. ૧૧૪.

અન્વયાર્થ :—[शम्बूकमातृवाहाः] શંબૂક, માતૃવાહ, [शङ्खाः] શંખ, [शुक्तयः] છીપ [च] અને [अपादकाः कृमयः] પગ વગરના કૃમિ—[ये] કે જેઓ [रसं स्पर्शं] રસ અને સ્પર્શને [जानन्ति] જાણે છે [ते] તેઓ—[द्वीन्द्रियाः जीवाः] દ્વીન્દ્રિય જીવો છે.

ટીકા :—આ, દ્વીન્દ્રિય જીવોના પ્રકારની સૂચના છે.

---

★ અદર્શન=નહિ જોવામાં આવવું તે

एते स्पर्शनरसनेन्द्रियावरणक्षयोपशमात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति स्पर्शरसयोः परिच्छेत्तारो द्वीन्द्रिया अमनसो भवन्तीति।।११४।।

**जूगागुंभीमक्कणपिपीलिया विच्छुयादिया कीडा।**
**जाणंति रसं फासं गंधं तेइंदिया जीवा।।११५।।**

यूकाकुम्भीमत्कुणपिपीलिका वृश्चिकादयः कीटाः।
जानन्ति रसं स्पर्शं गन्धं त्रीन्द्रियाः जीवाः।।११५।।

त्रीन्द्रियप्रकारसूचनेयम्।

एते स्पर्शनरसनघ्राणेन्द्रियावरणक्षयोपशमात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति स्पर्शरसगन्धानां परिच्छेत्तारस्त्रीन्द्रिया अमनसो भवन्तीति।।११५।।

---

સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિયના (–એ બે ભાવેન્દ્રિયોના) આવરણના ક્ષયોપશમને લીધે તથા બાકીની ઇન્દ્રિયોના (–ત્રણ ભાવેન્દ્રિયોના) આવરણનો ઉદય તેમ જ મનના (–ભાવમનના) આવરણનો ઉદય હોવાથી સ્પર્શ અને રસને જાણનારા આ (શંબૂક વગેરે) જીવો મનરહિત દ્વીન્દ્રિય જીવો છે. ૧૧૪.

જૂ, કુંભી, માકડ, કીડી તેમ જ વૃશ્ચિકાદિક જંતુ જે
રસ, ગંધ તેમ જ સ્પર્શ જાણે, જીવ ત્રીન્દ્રિય તેહ છે. ૧૧૫.

અન્વયાર્થ :—[यूकाकुम्भीमत्कुणपिपीलिकाः] જૂ, કુંભી, માકડ, કીડી અને [वृश्चिकादयः] વીંછી વગેરે [कीटाः] જંતુઓ [रसं स्पर्शं गंधं] રસ, સ્પર્શ અને ગંધને [जानन्ति] જાણે છે; [त्रीन्द्रियाः जीवाः] તે ત્રીન્દ્રિય જીવો છે.

ટીકા :—આ, ત્રીન્દ્રિય જીવોના પ્રકારની સૂચના છે.

સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયના આવરણના ક્ષયોપશમને લીધે તથા બાકીની ઇન્દ્રિયોના આવરણનો ઉદય તેમ જ મનના આવરણનો ઉદય હોવાથી સ્પર્શ, રસ અને ગંધને જાણનારા આ (જૂ વગેરે) જીવો મનરહિત ત્રીન્દ્રિય જીવો છે. ૧૧૫.

उद्दंसमसयमक्खियमधुकरिभमरा पयंगमादीया।
रूवं रसं च गंधं फासं पुण ते विजाणंति॥११६॥
उद्दंशमशकमक्षिकामधुकरीभ्रमराः पतङ्गाद्याः।
रूपं रसं च गन्धं स्पर्शं पुनस्ते विजानन्ति॥११६॥

चतुरिन्द्रियप्रकारसूचनेयम्।

एते स्पर्शनरसनघ्राणचक्षुरिन्द्रियावरणक्षयोपशमात् श्रोत्रेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति स्पर्शरसगन्धवर्णानां परिच्छेत्तारश्चतुरिन्द्रिया अमनसो भवन्तीति॥११६॥

सुरणरणारयतिरिया वण्णरसप्फासगंधसद्दण्हू।
जलचरथलचरखचरा बलिया पंचेंदिया जीवा॥११७॥

---

મધમાખ, ભ્રમર, પતંગ, માખી, ડાંસ, મચ્છર આદિ જે,
તે જીવ જાણે સ્પર્શને, રસ, ગંધ તેમ જ રૂપને. ૧૧૬.

અન્વયાર્થ :—[ पुनः ] વળી [ उद्दंशमशकमक्षिकामधुकरीभ्रमराः ] ડાંસ, મચ્છર, માખી, મધમાખી, ભમરા અને [ पतङ्गाद्याः ते ] પતંગિયાં વગેરે જીવો [ रूपं ] રૂપ, [ रसं ] રસ, [ गन्धं ] ગંધ [ च ] અને [ स्पर्शं ] સ્પર્શને [ विजानन्ति ] જાણે છે. (તે ચતુરિંદ્રિય જીવો છે.)

ટીકા :—આ, ચતુરિન્દ્રિય જીવોના પ્રકારની સૂચના છે.

સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય અને ચક્ષુરિંદ્રિયના આવરણના ક્ષયોપશમને લીધે તથા શ્રોત્રેંદ્રિયના આવરણનો ઉદય તેમ જ મનના આવરણનો ઉદય હોવાથી સ્પર્શ, રસ, ગંધ અને વર્ણને જાણનારા આ (ડાંસ વગેરે) જીવો મનરહિત ચતુરિંદ્રિય જીવો છે. ૧૧૬.

સ્પર્શાદિ પંચક જાણતાં તિર્યંચ-નારક-સુર-નરો
—જળચર, ભૂચર કે ખેચરો—બળવાન પંચેંદ્રિય જીવો. ૧૧૭.

सुरनरनारकतिर्यञ्चो वर्णरसस्पर्शगन्धशब्दज्ञाः।
जलचरस्थलचरखचरा बलिनः पञ्चेन्द्रिया जीवाः॥११७॥

पञ्चेन्द्रियप्रकारसूचनेयम्।

अथ स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्रेन्द्रियावरणक्षयोपशमात् नोइन्द्रियावरणोदये सति स्पर्शरसगन्धवर्णशब्दानां परिच्छेत्तारः पञ्चेन्द्रिया अमनस्काः। केचित्तु नोइन्द्रियावरणस्यापि क्षयोपशमात् समनस्काश्च भवन्ति। तत्र देवमनुष्यनारकाः समनस्का एव, तिर्यञ्च उभयजातीया इति॥११७॥

देवा चउण्णिकाया मणुया पुण कम्मभोगभूमीया।
तिरिया बहुप्पयारा णेरइया पुढविभेयगदा॥११८॥

देवाश्चतुर्णिकायाः मनुजाः पुनः कर्मभोगभूमिजाः।
तिर्यञ्चः बहुप्रकाराः नारकाः पृथिवीभेदगताः॥११८॥

---

અન્વયાર્થ :—[ वर्णरसस्पर्शगन्धशब्दज्ञाः ] વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દને જાણનારાં [ सुरनरनारकतिर्यञ्चः ] દેવ-મનુષ્ય-નારક-તિર્યંચ—[ जलचरस्थलचरखचराः ] જેઓ જળચર, સ્થળ-ચર કે ખેચર હોય છે તેઓ—[ बलिनः पञ्चेन्द्रियाः जीवाः ] બળવાન પંચેન્દ્રિય જીવો છે.

ટીકા :—આ, પંચેન્દ્રિય જીવોના પ્રકારની સૂચના છે.

સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિયના આવરણના ક્ષયોપશમને લીધે, મનના આવરણનો ઉદય હોતાં, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દને જાણનારા જીવો મનરહિત પંચેંદ્રિય જીવો છે; કેટલાક (પંચેંદ્રિય જીવો) તો, તેમને મનના આવરણનો પણ ક્ષયોપશમ હોવાથી, મનસહિત (પંચેંદ્રિય જીવો) હોય છે.

તેમાં, દેવો, મનુષ્યો અને નારકો મનસહિત જ હોય છે; તિર્યંચો બંને જાતિનાં (અર્થાત્ મનરહિત તેમ જ મનસહિત) હોય છે. ૧૧૭.

નર કર્મભૂમિજ ભોગભૂમિજ, દેવ ચાર પ્રકારના,
તિર્યંચ બહુવિધ, નારકોના પૃથ્વીગત ભેદો કહ્યા. ૧૧૮.

અન્વયાર્થ :—[ देवाः चतुर्णिकायाः ] દેવોના ચાર નિકાય છે, [ मनुजाः कर्मभोग-

इन्द्रियभेदेनोक्तानां जीवानां चतुर्गतिसम्बन्धत्वेनोपसंहारोऽयम्।

देवगतिनाम्नो देवायुषश्चोदयाद्देवाः, ते च भवनवासिव्यन्तरज्योतिष्कवैमानिकनिकायभेदाच्चतुर्धा। मनुष्यगतिनाम्नो मनुष्यायुषश्च उदयान्मनुष्याः। ते कर्मभोगभूमिजभेदात् द्वेधा। तिर्यग्गतिनाम्नस्तिर्यगायुषश्च उदयात्तिर्यञ्चः। ते पृथिवीशम्बूकयूकोद्दंशजलचरोरगपक्षिपरिसर्पचतुष्पदादिभेदादनेकधा। नरकगतिनाम्नो नरकायुषश्च उदयान्नारकाः। ते रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभाभूमिजभेदात्सप्तधा। तत्र देवमनुष्यनारकाः

---

भूमिजाः] મનુષ્યો કર્મભૂમિજ અને ભોગભૂમિજ એમ બે પ્રકારના છે, [तिर्यञ्चः बहुप्रकाराः] તિર્યંચો ઘણા પ્રકારનાં છે [पुनः] અને [नारकाः पृथिवीभेदगताः] નારકોના ભેદ તેમની પૃથ્વીઓના ભેદ જેટલા છે.

ટીકા:—આ, ઇન્દ્રિયોના ભેદની અપેક્ષાએ કહેવામાં આવેલા જીવોનો ચતુર્ગતિસંબંધ દર્શાવતાં ઉપસંહાર છે (અર્થાત્ અહીં એકેંદ્રિય–દ્વીંદ્રિયાદિરૂપ જીવભેદોનો ચાર ગતિ સાથે સંબંધ દર્શાવીને તે જીવભેદોનો ઉપસંહાર કરવામાં આવ્યો છે).

દેવગતિનામ અને દેવાયુના ઉદયથી (અર્થાત્ દેવગતિનામકર્મ અને દેવાયુકર્મના ઉદયના નિમિત્તથી) દેવો હોય છે; તેઓ ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એવા [1]નિકાયભેદોને લીધે ચાર પ્રકારના છે. મનુષ્યગતિનામ અને મનુષ્યાયુના ઉદયથી મનુષ્યો હોય છે; તેઓ કર્મભૂમિજ અને ભોગભૂમિજ એવા ભેદોને લીધે બે પ્રકારના છે. તિર્યંચગતિનામ અને તિર્યંચાયુના ઉદયથી તિર્યંચો હોય છે; તેઓ પૃથ્વી, શંબૂક, જૂ, ડાંસ, જળચર, ઉરગ, પક્ષી, પરિસર્પ, ચતુષ્પાદ (ચોપગાં) ઇત્યાદિ ભેદોને લીધે અનેક પ્રકારનાં છે. નરકગતિનામ અને નરકાયુના ઉદયથી નારકો હોય છે; તેઓ [2]રત્નપ્રભાભૂમિજ, શર્કરાપ્રભાભૂમિજ, વાલુકાપ્રભાભૂમિજ, પંકપ્રભાભૂમિજ, ધૂમપ્રભાભૂમિજ, તમઃપ્રભાભૂમિજ અને મહાતમઃપ્રભાભૂમિજ એવા ભેદોને લીધે સાત પ્રકારના છે.

તેમાં, દેવો, મનુષ્યો અને નારકો પંચેન્દ્રિય જ હોય છે. તિર્યંચો તો કેટલાંક પંચેન્દ્રિય

---

૧. નિકાય=સમૂહ

૨. રત્નપ્રભાભૂમિજ=રત્નપ્રભા નામની ભૂમિમાં (–પ્રથમ નરકમાં) ઉત્પન્ન થયેલ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



पञ्चेन्द्रिया एव। तिर्यञ्चस्तु केचित्पञ्चेन्द्रियाः, केचिदेक-द्वि-त्रि-चतुरिन्द्रिया अपीति॥११८॥

खीणे पुव्वणिबद्धे गदिणामे आउसे य ते वि खलु।
पाउण्णंति य अण्णं गदिमाउस्सं सलेस्सवसा॥११६॥

क्षीणे पूर्वनिबद्धे गतिनाम्नि आयुषि च तेऽपि खलु।
प्राप्नुवन्ति चान्यां गतिमायुष्कं स्वलेश्यावशात्॥११६॥

गत्यायुर्नामोदयनिर्वृत्तत्वाद्देवत्वादीनामनात्मस्वभावत्वोद्योतनमेतत्।

क्षीयते हि क्रमेणारब्धफलो गतिनामविशेष आयुर्विशेषश्च जीवानाम्। एवमपि तेषां गत्यन्तरस्यायुरन्तरस्य च कषायानुरञ्जिता योगप्रवृत्तिर्लेश्या भवति बीजं,

---

હોય છે અને કેટલાંક એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય પણ હોય છે.

ભાવાર્થ :—અહીં એમ તાત્પર્ય ગ્રહવું કે ચાર ગતિથી વિલક્ષણ, સ્વાત્મોપલબ્ધિ જેનું લક્ષણ છે એવી જે સિદ્ધગતિ તેની ભાવનાથી રહિત જીવો અથવા સિદ્ધસદ્રશ નિજશુદ્ધાત્માની ભાવનાથી રહિત જીવો જે ચતુર્ગતિનામકર્મ ઉપાર્જિત કરે છે તેના ઉદયવશ તેઓ દેવાદિ ગતિઓમાં ઊપજે છે. ૧૧૮.

ગતિનામ ને આયુષ્ય પૂર્વનિબદ્ધ જ્યાં ક્ષય થાય છે,
ત્યાં અન્ય ગતિ-આયુષ્ય પામે જીવ નિજલેશ્યાવશે. ૧૧૯.

અન્વયાર્થ :—[ पूर्वनिबद्धे ] પૂર્વબદ્ધ [ गतिनाम्नि आयुषि च ] ગતિનામકર્મ અને આયુષકર્મ [ क्षीणे ] ક્ષીણ થતાં [ ते अपि ] જીવો [ स्वलेश्यावशात् ] પોતાની લેશ્યાને વશ [ खलु ] ખરેખર [ अन्यां गतिम् आयुष्कं च ] અન્ય ગતિ અને આયુષ [ प्राप्नुवन्ति ] પ્રાપ્ત કરે છે.

ટીકા :—અહીં, ગતિનામકર્મ અને આયુષકર્મના ઉદયથી નિષ્પન્ન થતાં હોવાથી દેવત્વાદિ અનાત્મસ્વભાવભૂત છે (અર્થાત્ દેવપણું, મનુષ્યપણું, તિર્યંચપણું અને નારકપણું આત્માનો સ્વભાવ નથી) એમ દર્શાવવામાં આવ્યું છે.

જીવોને, જેનું ફળ શરૂ થયું હોય છે એવું અમુક ગતિનામકર્મ અને અમુક આયુષકર્મ ક્રમે ક્ષય પામે છે. આમ હોવા છતાં તેમને ★કષાય-અનુરંજિત યોગપ્રવૃત્તિરૂપ લેશ્યા અન્ય ગતિ અને અન્ય આયુષનું બીજ થાય છે (અર્થાત્ લેશ્યા અન્ય

---

★ કષાય-અનુરંજિત=કષાયરંજિત; કષાયથી રંગાયેલ. (કષાયથી અનુરંજિત યોગપ્રવૃત્તિ તે લેશ્યા છે.)

પં. ૨૨

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ततस्तदुचितमेव गत्यन्तरमायुरन्तरञ्च ते प्राप्नुवन्ति। एवं क्षीणाक्षीणाभ्यामपि पुनः पुनर्नवीभूताभ्यां गतिनामायुःकर्मभ्यामनात्मस्वभावभूताभ्यामपि चिरमनुगम्यमानाः संसरन्त्यात्मानमचेतयमाना जीवा इति॥११६॥

एदे जीवणिकाया देहप्पविचारमस्सिदा भणिदा।
देहविहूणा सिद्धा भव्वा संसारिणो अभव्वा य॥१२०॥

एते जीवनिकाया देहप्रवीचारमाश्रिताः भणिताः।
देहविहीनाः सिद्धाः भव्याः संसारिणोऽभव्याश्च॥१२०॥

---

ગતિનામકર્મ અને અન્ય આયુષકર્મનું કારણ થાય છે), તેથી તેને ઉચિત જ અન્ય ગતિ અને અન્ય આયુષ તેઓ પ્રાપ્ત કરે છે. આ રીતે ★ક્ષીણ-અક્ષીણપણાને પ્રાપ્ત છતાં ફરીફરીને નવીન ઉત્પન્ન થતાં એવાં ગતિનામકર્મ અને આયુષકર્મ (પ્રવાહરૂપે)—જોકે તેઓ અનાત્મસ્વભાવભૂત છે તોપણ—ચિરકાળ (જીવોની) સાથે સાથે રહેતાં હોવાથી, આત્માને નહિ ચેતનારા જીવો સંસરણ કરે છે (અર્થાત્ આત્માને નહિ અનુભવનારા જીવો સંસારમાં પરિભ્રમણ કરે છે).

ભાવાર્થ :—જીવોને દેવત્વાદિની પ્રાપ્તિમાં પૌદ્ગલિક કર્મ નિમિત્તભૂત છે તેથી દેવત્વાદિ જીવનો સ્વભાવ નથી.

[વળી, દેવ મરીને દેવ જ થયા કરે અને મનુષ્ય મરીને મનુષ્ય જ થયા કરે —એ માન્યતાનો પણ અહીં નિષેધ થયો. જીવોને પોતાની લેશ્યાને યોગ્ય જ ગતિનામકર્મ અને આયુષકર્મ બંધાય છે અને તેથી તેને યોગ્ય જ અન્ય ગતિ-આયુષ પ્રાપ્ત થાય છે.] ૧૧૯.

આ ઉક્ત જીવનિકાય સર્વે દેહસહિત કહેલ છે,
ને દેહવિરહિત સિદ્ધ છે; સંસારી ભવ્ય-અભવ્ય છે. ૧૨૦.

અન્વયાર્થ :—[ एते जीवनिकायाः ] આ (પૂર્વોક્ત) જીવનિકાયો [ देहप्रवीचारमाश्रिताः ] દેહમાં વર્તનારા અર્થાત્ દેહસહિત [ भणिताः ] કહેવામાં આવ્યા છે; [ देहविहीनाः सिद्धाः ] દેહરહિત એવા સિદ્ધો છે. [ संसारिणः ] સંસારીઓ [ भव्याः अभव्याः

---

★ પહેલાંનાં કર્મ ક્ષીણ થાય છે અને પછીનાં અક્ષીણપણે વર્તે છે.

उक्तजीवप्रपञ्चोपसंहारोऽयम्।

एते ह्युक्तप्रकाराः सर्वे संसारिणो देहप्रवीचाराः, अदेहप्रवीचारा भगवन्तः सिद्धाः शुद्धा जीवाः। तत्र देहप्रवीचारत्वादेकप्रकारत्वेऽपि संसारिणो द्विप्रकाराः भव्या अभव्याश्च। ते शुद्धस्वरूपोपलम्भशक्तिसद्भावासद्भावाभ्यां पाच्यापाच्यमुद्गवदभिधीयन्त इति।१२०।।

**ण हि इंदियाणि जीवा काया पुण छप्पयार पण्णत्ता।**
**जं हवदि तेसु णाणं जीवो त्ति य तं परूवेंति।।१२१।।**

**न हीन्द्रियाणि जीवाः कायाः पुनः षट्प्रकाराः प्रज्ञप्ताः।**
**यद्भवति तेषु ज्ञानं जीव इति च तत्प्ररूपयन्ति।।१२१।।**

---

च] ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના છે.

**ટીકા :**—આ ઉક્ત (–પૂર્વે કહેવામાં આવેલા) જીવવિસ્તારનો ઉપસંહાર છે.

જેમના પ્રકારો (પૂર્વે) કહેવામાં આવ્યા એવા આ સર્વ સંસારીઓ દેહમાં વર્તનારા (અર્થાત્ દેહસહિત) છે; દેહમાં નહિ વર્તનારા (અર્થાત્ દેહરહિત) એવા સિદ્ધભગવંતો છે—કે જેઓ શુદ્ધ જીવો છે. ત્યાં, દેહમાં વર્તવાની અપેક્ષાએ સંસારી જીવોનો એક પ્રકાર હોવા છતાં તેઓ ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના છે. '[1]પાચ્ય' અને '[2]અપાચ્ય' મગની માફક, જેમનામાં શુદ્ધ સ્વરૂપની [3]ઉપલબ્ધિની શક્તિનો સદ્ભાવ છે તેમને 'ભવ્ય' અને જેમનામાં શુદ્ધ સ્વરૂપની ઉપલબ્ધિની શક્તિનો અસદ્ભાવ છે તેમને 'અભવ્ય' કહેવામાં આવે છે. ૧૨૦.

**રે! ઇન્દ્રિયો નહિ જીવ, ષડ્વિધ કાય પણ નહિ જીવ છે;**
**છે તેમનામાં જ્ઞાન જે બસ તે જ જીવ નિર્દિષ્ટ છે. ૧૨૧.**

**અન્વયાર્થ :**—[न हि इंद्रियाणि जीवाः] (વ્યવહારથી કહેવામાં આવતા એકેન્દ્રિયાદિ તથા પૃથ્વીકાયિકાદિ 'જીવો'માં) ઇન્દ્રિયો જીવ નથી અને [षट्प्रकाराः प्रज्ञप्ताः कायाः पुनः] છ પ્રકારની શાસ્ત્રોક્ત કાયો પણ જીવ નથી; [तेषु] તેમનામાં [यद् ज्ञानं

---

૧. પાચ્ય=પાકવાયોગ્ય; રંધાવાયોગ્ય; ચડી જવાયોગ્ય; કોરડુ ન હોય એવા.

૨. અપાચ્ય=નહિ પાકવાયોગ્ય; રંધાવાની—ચડી જવાની યોગ્યતા રહિત; કોરડુ.

૩. ઉપલબ્ધિ=પ્રાપ્તિ; અનુભવ.

व्यवहारजीवत्वैकान्तप्रतिपत्तिनिरासोऽयम्।

य इमे एकेन्द्रियादयः पृथिवीकायिकादयश्चानादिजीवपुद्गलपरस्परावगाहमवलोक्य व्यवहारनयेन जीवप्राधान्याज्जीवा इति प्रज्ञाप्यन्ते। निश्चयनयेन तेषु स्पर्शनादीन्द्रियाणि पृथिव्यादयश्च कायाः जीवलक्षणभूतचैतन्यस्वभावाभावान्न जीवा भवन्तीति। तेष्वेव यत्स्वपरपरिच्छित्तिरूपेण प्रकाशमानं ज्ञानं तदेव गुणगुणिनोः कथञ्चिदभेदाज्जीवत्वेन प्ररूप्यत इति॥१२१॥

**जाणदि पस्सदि सव्वं इच्छदि सुक्खं बिभेदि दुक्खादो।**
**कुव्वदि हिदमहिदं वा भुंजदि जीवो फलं तेसिं॥१२२॥**

जानाति पश्यति सर्वमिच्छति सौख्यं बिभेति दुःखात्।
करोति हितमहितं वा भुंक्ते जीवः फलं तयोः॥१२२॥

---

भवति] જે જ્ઞાન છે [तत् जीवः] તે જીવ છે [इति च प्ररूपयन्ति] એમ (જ્ઞાનીઓ) પ્રરૂપે છે.

ટીકા:—આ, વ્યવહારજીવત્વના એકાંતની ★પ્રતિપત્તિનું ખંડન છે (અર્થાત્ જેને માત્ર વ્યવહારનયથી જીવ કહેવામાં આવે છે તેનો ખરેખર જીવ તરીકે સ્વીકાર કરવો ઉચિત નથી એમ અહીં સમજાવ્યું છે).

જે આ એકેન્દ્રિય વગેરે તથા પૃથ્વીકાયિક વગેરે, 'જીવો' કહેવામાં આવે છે તે, અનાદિ જીવ-પુદ્‌ગલનો પરસ્પર અવગાહ દેખીને વ્યવહારનયથી જીવના પ્રાધાન્ય દ્વારા (—જીવને મુખ્યતા અર્પીને) 'જીવો' કહેવામાં આવે છે. નિશ્ચયનયથી તેમનામાં સ્પર્શનાદિ ઇન્દ્રિયો તથા પૃથ્વી-આદિ કાયો, જીવના લક્ષણભૂત ચૈતન્યસ્વભાવના અભાવને લીધે, જીવ નથી; તેમનામાં જ જે સ્વપરની જ્ઞપ્તિરૂપે પ્રકાશતું જ્ઞાન છે તે જ, ગુણ-ગુણીના કથંચિત્ અભેદને લીધે, જીવપણે પ્રરૂપવામાં આવે છે. ૧૨૧.

**જાણે અને દેખે બધું, સુખ અભિલષે, દુઃખથી ડરે,**
**હિત-અહિત જીવ કરે અને હિત-અહિતનું ફળ ભોગવે. ૧૨૨.**

અન્વયાર્થ:—[जीवः] જીવ [सर्वम् जानाति पश्यति] બધું જાણે છે અને દેખે છે, [सौख्यम् इच्छति] સુખને ઇચ્છે છે, [दुःखात् बिभेति] દુઃખથી ડરે છે, [हितम् अहितम्

★ પ્રતિપત્તિ=સ્વીકાર; માન્યતા.

**अन्यासाधारणजीवकार्यख्यापनमेतत् ।**

**चैतन्यस्वभावत्वात्कर्तृस्थायाः क्रियायाः ज्ञप्तेर्दृशेश्च जीव एव कर्ता, न तत्सम्बन्धः पुद्गलो, यथाकाशादि। सुखाभिलाषक्रियायाः दुःखोद्वेगक्रियायाः स्वसम्वेदितहिताहित-निर्वर्तनक्रियायाश्च चैतन्यविवर्तरूपसङ्कल्पप्रभवत्वात्स एव कर्ता, नान्यः। शुभाशुभ-कर्मफलभूताया इष्टानिष्टविषयोपभोगक्रियायाश्च सुखदुःखस्वरूपस्वपरिणामक्रियाया इव स एव कर्ता, नान्यः। एतेनासाधारणकार्यानुमेयत्वं पुद्गलव्यतिरिक्तस्यात्मनो द्योतितमिति॥१२२॥**

---

करोति] હિત-અહિતને (શુભ-અશુભ ભાવોને) કરે છે [वा] અને [तयोः फलं भुंक्ते] તેમના ફળને ભોગવે છે.

**ટીકા :—**આ, અન્યથી અસાધારણ એવાં જીવકાર્યોનું કથન છે (અર્થાત્ અન્ય દ્રવ્યોથી અસાધારણ એવાં જે જીવનાં કાર્યો તે અહીં દર્શાવ્યાં છે).

ચૈતન્યસ્વભાવપણાને લીધે, કર્તૃસ્થિત (કર્તામાં રહેલી) ક્રિયાનો—જ્ઞપ્તિ તથા દૃશિનો—જીવ જ કર્તા છે; તેના સંબંધમાં રહેલું પુદ્ગલ તેનું કર્તા નથી, જેમ આકાશાદિ નથી તેમ. (ચૈતન્યસ્વભાવને લીધે જાણવાની અને દેખવાની ક્રિયાનો જીવ જ કર્તા છે; જ્યાં જીવ છે ત્યાં ચાર અરૂપી અચેતન દ્રવ્યો પણ છે તોપણ તેઓ જેમ જાણવાની અને દેખવાની ક્રિયાનાં કર્તા નથી તેમ જીવની સાથે સંબંધમાં રહેલાં કર્મ-નોકર્મરૂપ પુદ્ગલો પણ તે ક્રિયાનાં કર્તા નથી.) ચૈતન્યના વિવર્તરૂપ (-પલટારૂપ) સંકલ્પની ઉત્પત્તિ (જીવમાં) થતી હોવાને લીધે, સુખની અભિલાષારૂપ ક્રિયાનો, દુઃખના ઉદ્વેગરૂપ ક્રિયાનો તથા સ્વસંવેદિત હિત-અહિતની નિષ્પત્તિરૂપ ક્રિયાનો (—પોતાથી ચેતવામાં આવતા શુભ-અશુભ ભાવોને રચવારૂપ ક્રિયાનો) જીવ જ કર્તા છે; અન્ય નહિ. શુભાશુભ કર્મના ફળભૂત ★ઇષ્ટાનિષ્ટવિષયોપભોગક્રિયાનો, સુખ-દુઃખસ્વરૂપ સ્વપરિણામક્રિયાની માફક, જીવ જ કર્તા છે; અન્ય નહિ.

આથી એમ સમજાવ્યું કે (ઉપરોક્ત) અસાધારણ કાર્યો દ્વારા પુદ્ગલથી ભિન્ન એવો આત્મા અનુમેય (—અનુમાન કરી શકાવાયોગ્ય) છે.

**ભાવાર્થ :—**શરીર, ઇન્દ્રિય, મન, કર્મ વગેરે પુદ્ગલો કે અન્ય કોઈ અચેતન દ્રવ્યો કદાપિ જાણતાં નથી, દેખતાં નથી, સુખને ઇચ્છતાં નથી, દુઃખથી ડરતાં નથી,

---

★ ઇષ્ટાનિષ્ટ વિષયો જેમાં નિમિત્તભૂત હોય છે એવા સુખદુઃખપરિણામોના ઉપભોગરૂપ ક્રિયાને જીવ કરતો હોવાથી તેને ઇષ્ટાનિષ્ટ વિષયોના ઉપભોગરૂપ ક્રિયાનો કર્તા કહેવામાં આવે છે.

एवमभिगम्म जीवं अण्णेहिं वि पज्जएहिं बहुगेहिं।
अभिगच्छदु अज्जीवं णाणंतरिदेहिं लिंगेहिं॥१२३॥

एवमभिगम्य जीवमन्यैरपि पर्यायैर्बहुकैः।
अभिगच्छत्वजीवं ज्ञानान्तरितैर्लिङ्गैः॥१२३॥

जीवाजीवव्याख्योपसंहारोपक्षेपसूचनेयम्।

एवमनया दिशा व्यवहारनयेन कर्मग्रन्थप्रतिपादितजीवगुणमार्गणास्थानादिप्रपञ्चित-

---

હિત-અહિતમાં પ્રવર્તતાં નથી કે તેમનાં ફળને ભોગવતાં નથી; માટે જે જાણે છે અને દેખે છે, સુખની ઇચ્છા કરે છે, દુઃખના ભયની લાગણી કરે છે, શુભ-અશુભ ભાવોમાં પ્રવર્તે છે અને તેમનાં ફળને ભોગવે છે, તે, અચેતન પદાર્થોની સાથે રહ્યો હોવા છતાં સર્વ અચેતન પદાર્થોની ક્રિયાઓથી તદ્દન વિશિષ્ટ પ્રકારની ક્રિયાઓને કરનારો, એક વિશિષ્ટ પદાર્થ છે. આમ જીવ નામનો ચૈતન્યસ્વભાવી પદાર્થવિશેષ—કે જેને જ્ઞાનીઓ સ્વયં સ્પષ્ટ અનુભવે છે તે—તેની અસાધારણ ક્રિયાઓ દ્વારા અનુમેય પણ છે. ૧૨૨.

બીજાય બહુ પર્યાયથી એ રીત જાણી જીવને,
જાણો અજીવપદાર્થ જ્ઞાનવિભિન્ન જડ લિંગો વડે. ૧૨૩.

**અન્વયાર્થઃ—**[एवम्] એ રીતે [अन्यैः अपि बहुकैः पर्यायैः] બીજા પણ બહુ પર્યાયો વડે [जीवम् अभिगम्य] જીવને જાણીને [ज्ञानान्तरितैः लिङ्गैः] જ્ઞાનથી અન્ય એવાં (જડ) લિંગો વડે [अजीवम् अभिगच्छतु] અજીવને જાણો.

**ટીકાઃ—**આ, જીવ-વ્યાખ્યાનના ઉપસંહારની અને અજીવ-વ્યાખ્યાનના પ્રારંભની સૂચના છે.

એ રીતે આ નિર્દેશ પ્રમાણે (અર્થાત્ ઉપર સંક્ષેપમાં સમજાવ્યા પ્રમાણે), (૧) વ્યવહારનયથી [૧]કર્મગ્રંથપ્રતિપાદિત જીવસ્થાન–ગુણસ્થાન–માર્ગણાસ્થાન ઇત્યાદિ

---

૧. કર્મગ્રંથપ્રતિપાદિત=ગોમ્મટસારાદિ કર્મપદ્ધતિના ગ્રંથોમાં પ્રરૂપવામાં—નિરૂપવામાં આવેલાં

श्री दिगंबर जैन स्वाध्यायमंदिर ट्रस्ट, सोनगढ - ३६४२५०



**विचित्रविकल्परूपैः, निश्चयनयेन मोहरागद्वेषपरिणतिसम्पादितविश्वरूपत्वात्कदाचिदशुद्धैः कदाचित्तदभावाच्छुद्धैश्चैतन्यविवर्तग्रन्थिरूपैर्बहुभिः पर्यायैः जीवमधिगच्छेत्। अधिगम्य चैवम-चैतन्यस्वभावत्वात् ज्ञानादर्थान्तरभूतैरितः प्रपञ्च्यमानैर्लिङ्गैर्जीवसम्बद्धमसम्बद्धं वा स्वतो भेद-बुद्धिप्रसिद्ध्यर्थमजीवमधिगच्छेदिति॥१२३॥**

**—इति जीवपदार्थव्याख्यानं समाप्तम्।**

**अथ अजीवपदार्थव्याख्यानम्।**

**आगासकालपोग्गलधम्माधम्मेसु णत्थि जीवगुणा।**
**तेसिं अचेदणत्तं भणिदं जीवस्स चेदणदा॥१२४॥**

---

દ્વારા [1]પ્રપંચિત વિચિત્ર ભેદરૂપ બહુ પર્યાયો વડે, તથા (૨) નિશ્ચયનયથી મોહરાગ-દ્વેષપરિણતિસંપ્રાપ્ત [2]વિશ્વરૂપતાને લીધે કદાચિત્ અશુદ્ધ (એવા) અને કદાચિત્ તેના (—મોહરાગદ્વેષપરિણતિના) અભાવને લીધે શુદ્ધ એવા [3]ચૈતન્યવિવર્તગ્રંથિરૂપ બહુ પર્યાયો વડે, જીવને જાણો. એ રીતે જીવને જાણીને, અચૈતન્યસ્વભાવને લીધે, [4]જ્ઞાનથી અર્થાંતરભૂત એવાં, અહીંથી (હવેની ગાથાઓમાં) કહેવામાં આવતાં લિંગો વડે, [5]જીવ-સંબદ્ધ કે જીવ-અસંબદ્ધ અજીવને, પોતાથી ભેદબુદ્ધિની પ્રસિદ્ધિ અર્થે, જાણો. ૧૨૩.

આ રીતે જીવપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

હવે અજીવપદાર્થનું વ્યાખ્યાન છે.

**છે જીવગુણ નહિ આભ-ધર્મ-અધર્મ-પુદ્‌ગલ-કાળમાં;**
**તેમાં અચેતનતા કહી, ચેતનપણું કહ્યું જીવમાં. ૧૨૪.**

---

૧. પ્રપંચિત=વિસ્તારથી કહેવામાં આવેલા

૨. મોહરાગદ્વેષપરિણતિને લીધે જીવને વિશ્વરૂપતા અર્થાત્ અનેકરૂપતા પ્રાપ્ત થાય છે.

૩. ગ્રંથિ=ગાંઠ. [જીવના કદાચિત્ અશુદ્ધ અને કદાચિત્ શુદ્ધ એવા પર્યાયો ચૈતન્યવિવર્તની—ચૈતન્ય-પરિણમનની—ગ્રંથિઓ છે; નિશ્ચયનયથી તેમના વડે જીવને જાણો.]

૪. જ્ઞાનથી અર્થાંતરભૂત=જ્ઞાનથી અન્યવસ્તુભૂત; જ્ઞાનથી અન્ય અર્થાત્ જડ. [અજીવનો સ્વભાવ અચૈતન્ય હોવાને લીધે જ્ઞાનથી અન્ય એવાં જડ ચિહ્નો વડે તે જણાય છે.]

૫. જીવ સાથે સંબદ્ધ કે જીવ સાથે અસંબદ્ધ એવા અજીવને જાણવાનું પ્રયોજન એ છે કે સમસ્ત અજીવ પોતાથી (સ્વજીવથી) તદ્દન ભિન્ન છે એવી બુદ્ધિ ઉત્પન્ન થાય.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

आकाशकालपुद्गलधर्माधर्मेषु न सन्ति जीवगुणाः।
तेषामचेतनत्वं भणितं जीवस्य चेतनता ॥१२४॥

आकाशादीनामेवाजीवत्वे हेतूपन्यासोऽयम्।

आकाशकालपुद्गलधर्माधर्मेषु चैतन्यविशेषरूपा जीवगुणा नो विद्यन्ते, आकाशादीनां तेषामचेतनत्वसामान्यत्वात्। अचेतनत्वसामान्यञ्चाकाशादीनामेव, जीवस्यैव चेतनत्वसामान्यादिति ॥१२४॥

सुहदुक्खजाणणा वा हिदपरियम्मं च अहिदभीरुत्तं।
जस्स ण विज्जदि णिच्चं तं समणा बेंति अज्जीवं ॥१२५॥

सुखदुःखज्ञानं वा हितपरिकर्म चाहितभीरुत्वम्।
यस्य न विद्यते नित्यं तं श्रमणा ब्रुवन्त्यजीवम् ॥१२५॥

आकाशादीनामचेतनत्वसामान्ये पुनरनुमानमेतत्।

---

અન્વયાર્થઃ—[आकाशकालपुद्गलधर्माधर्मेषु] આકાશ, કાળ, પુદ્ગલ, ધર્મ અને અધર્મમાં [जीवगुणाः न सन्ति] જીવના ગુણો નથી; (કારણ કે) [तेषाम् अचेतनत्वं भणितम्] તેમને અચેતનપણું કહ્યું છે, [जीवस्य चेतनता] જીવને ચેતનતા કહી છે.

ટીકાઃ—આ, આકાશાદિનું જ અજીવપણું દર્શાવવા માટે હેતુનું કથન છે.

આકાશ, કાળ, પુદ્ગલ, ધર્મ અને અધર્મમાં ચૈતન્યવિશેષોરૂપ જીવગુણો વિદ્યમાન નથી; કારણ કે તે આકાશાદિને અચેતનત્વસામાન્ય છે. અને અચેતનત્વસામાન્ય આકાશાદિને જ છે, કેમકે જીવને જ ચેતનત્વસામાન્ય છે. ૧૨૪.

સુખદુઃખસંચેતન, અહિતની ભીતિ, ઉદ્યમ હિત વિષે
જેને કદી હોતાં નથી, તેને અજીવ શ્રમણો કહે. ૧૨૫.

અન્વયાર્થઃ—[सुखदुःखज्ञानं वा] સુખદુઃખનું જ્ઞાન, [हितपरिकर्म] હિતનો ઉદ્યમ [च] અને [अहितभीरुत्वम्] અહિતનો ભય—[यस्य नित्यं न विद्यते] એ જેને સદાય હોતાં નથી, [तम्] તેને [श्रमणाः] શ્રમણો [अजीवम् ब्रुवन्ति] અજીવ કહે છે.

ટીકાઃ—આ વળી, આકાશાદિનું અચેતનત્વસામાન્ય નક્કી કરવા માટે અનુમાન છે.

सुखदुःखज्ञानस्य हितपरिकर्मणोऽहितभीरुत्वस्य चेति चैतन्यविशेषाणां नित्यमनुपलब्धेरविद्यमानचैतन्यसामान्या एवाकाशादयोऽजीवा इति।।१२५।।

**संठाणा संघादा वण्णरसप्फासगंधसद्दा य।**
**पोग्गलदव्वप्पभवा होंति गुणा पज्जया य बहू।।१२६।।**
**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।१२७।।**

---

આકાશાદિને સુખદુઃખનું જ્ઞાન, *હિતનો ઉદ્યમ અને અહિતનો ભય—એ ચૈતન્યવિશેષોની સદા અનુપલબ્ધિ છે (અર્થાત્ એ ચૈતન્યવિશેષો આકાશાદિને કોઈ કાળે જોવામાં આવતા નથી), તેથી (એમ નક્કી થાય છે કે) આકાશાદિ અજીવોને ચૈતન્યસામાન્ય વિદ્યમાન નથી જ.

ભાવાર્થ :—જેને ચેતનત્વસામાન્ય હોય તેને ચેતનત્વવિશેષો હોવા જ જોઈએ. જેને ચેતનત્વવિશેષો ન હોય તેને ચેતનત્વસામાન્ય પણ ન જ હોય. હવે, આકાશાદિ પાંચ દ્રવ્યોને સુખદુઃખનું સંચેતન, હિત અર્થે પ્રયત્ન અને અહિતની ભીતિ—એ ચેતનત્વવિશેષો કદીયે જોવામાં આવતા નથી; તેથી નક્કી થાય છે કે આકાશાદિને ચેતનત્વસામાન્ય પણ નથી, અર્થાત્ અચેતનત્વસામાન્ય જ છે. ૧૨૫.

**સંસ્થાન-સંઘાતો, વરણ-રસ-ગંધ-શબ્દ-સ્પર્શ જે,**
**તે બહુ ગુણો ને પર્યયો પુદ્‌ગલદરવનિષ્પન્ન છે. ૧૨૬.**
**જે ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન, ઇન્દ્રિયગ્રાહ્ય નહિ, તે જીવ છે. ૧૨૭.**

---

★ હિત અને અહિત વિષે આચાર્યવર શ્રી જયસેનાચાર્યદેવકૃત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં નીચે પ્રમાણે વિવરણ છે :—

અજ્ઞાની જીવો ફૂલની માળા, સ્ત્રી, ચંદન વગેરેને તથા તેમનાં કારણભૂત દાનપૂજાદિને હિત સમજે છે અને સર્પ, વિષ, કંટક વગેરેને અહિત સમજે છે. સમ્યગ્જ્ઞાની જીવો અક્ષય અનંત સુખને તથા તેના કારણભૂત નિશ્ચયરત્નત્રયપરિણત પરમાત્મદ્રવ્યને હિત સમજે છે અને આકુળતાના ઉત્પાદક એવા દુઃખને તથા તેના કારણભૂત મિથ્યાત્વરાગાદિપરિણત આત્મદ્રવ્યને અહિત સમજે છે.

પં. ૨૩

संस्थानानि संघाताः वर्णरसस्पर्शगन्धशब्दाश्च।
पुद्गलद्रव्यप्रभवा भवन्ति गुणाः पर्यायाश्च बहवः ।।१२६।।
अरसमरूपमगन्धमव्यक्तं चेतनागुणमशब्दम्।
जानीह्यलिङ्गग्रहणं जीवमनिर्दिष्टसंस्थानम् ।।१२७।।

जीवपुद्गलयोः संयोगेऽपि भेदनिबन्धनस्वरूपाख्यानमेतत्।

यत्खलु शरीरशरीरिसंयोगे स्पर्शरसगन्धवर्णगुणत्वात्सशब्दत्वात्संस्थानसङ्घातादिपर्याय-परिणतत्वाच्च इन्द्रियग्रहणयोग्यं, तत्पुद्गलद्रव्यम्। यत्पुनरस्पर्शरसगन्धवर्णगुणत्वादशब्दत्वाद-निर्दिष्टसंस्थानत्वादव्यक्तत्वादिपर्यायैः परिणतत्वाच्च नेन्द्रियग्रहणयोग्यं, तच्चेतनागुणत्वात्

---

અન્વયાર્થ :—[संस्थानानि] (સમચતુરસ્રાદિ) સંસ્થાનો, [संघाताः] (ઔદારિકાદિ શરીર સંબંધી) સંઘાતો, [वर्णरसस्पर्शगन्धशब्दाः च] વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દ—[बहवः गुणाः पर्यायाः च] એમ જે બહુ ગુણો અને પર્યાયો છે, [पुद्गलद्रव्यप्रभवाः भवन्ति] તે પુદ્ગલદ્રવ્યનિષ્પન્ન છે.

[अरसम् अरूपम् अगन्धम्] જે અરસ, અરૂપ તથા અગંધ છે, [अव्यक्तम्] અવ્યક્ત છે, [अशब्दम्] અશબ્દ છે, [अनिर्दिष्टसंस्थानम्] અનિર્દિષ્ટસંસ્થાન છે (અર્થાત્ જેનું કોઈ સંસ્થાન કહ્યું નથી એવો છે), [चेतनागुणम्] ચેતનાગુણવાળો છે અને [अलिङ्गग्रहणम्] ઈંદ્રિયો વડે અગ્રાહ્ય છે, [जीवं जानीहि] તે જીવ જાણો.

ટીકા :—જીવ-પુદ્ગલના સંયોગમાં પણ, તેમના ભેદના કારણભૂત સ્વરૂપનું આ કથન છે (અર્થાત્ જીવ અને પુદ્ગલના સંયોગમાં પણ, જે વડે તેમનો ભેદ જાણી શકાય છે એવા તેમના ભિન્નભિન્ન સ્વરૂપનું આ કથન છે).

શરીર અને [1]શરીરીના સંયોગમાં, (૧) જે ખરેખર સ્પર્શ-રસ-ગંધ-વર્ણગુણવાળું હોવાને લીધે, સશબ્દ હોવાને લીધે તથા સંસ્થાન-સંઘાતાદિ પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે ઇન્દ્રિયગ્રહણયોગ્ય છે, તે પુદ્ગલદ્રવ્ય છે; અને (૨) જે સ્પર્શ-રસ-ગંધ-વર્ણગુણ વિનાનું હોવાને લીધે, અશબ્દ હોવાને લીધે, અનિર્દિષ્ટસંસ્થાન હોવાને લીધે તથા [2]અવ્યક્તત્વાદિ

---

૧. શરીરી = દેહી; શરીરવાળો (અર્થાત્ આત્મા).

૨. અવ્યક્તત્વાદિ = અવ્યક્તત્વ વગેરે; અપ્રકટત્વ વગેરે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**रूपिभ्योऽरूपिभ्यश्चाजीवेभ्यो विशिष्टं जीवद्रव्यम्। एवमिह जीवाजीवयोर्वास्तवो भेदः सम्यग्ज्ञानिनां मार्गप्रसिद्ध्यर्थं प्रतिपादित इति।।१२६–१२७।।**

**—इति अजीवपदार्थव्याख्यानं समाप्तम्।**

**उक्तौ मूलपदार्थौ। अथ संयोगपरिणामनिर्वृत्तेतरसप्तपदार्थानामुपोद्घातार्थं जीवपुद्गल-कर्मचक्रमनुवर्ण्यते—**

**जो खलु संसारत्थो जीवो तत्तो दु होदि परिणामो।**
**परिणामादो कम्मं कम्मादो होदि गदिसु गदी।।१२८।।**

---

પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે ઇન્દ્રિયગ્રહણયોગ્ય નથી, તે, ચેતનાગુણમયપણાને લીધે રૂપી તેમ જ અરૂપી અજીવોથી *વિશિષ્ટ (ભિન્ન) એવું જીવદ્રવ્ય છે.

આ રીતે અહીં જીવ અને અજીવનો વાસ્તવિક ભેદ સમ્યગ્જ્ઞાનીઓના માર્ગની પ્રસિદ્ધિ અર્થે પ્રતિપાદિત કરવામાં આવ્યો.

[ભાવાર્થ :—અનાદિ મિથ્યાવાસનાને લીધે જીવોને પોતે કોણ છે તેનું વાસ્તવિક જ્ઞાન નથી અને પોતાને શરીરાદિરૂપ માને છે. તેમને જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યનો વાસ્તવિક ભેદ દર્શાવી મુક્તિનો માર્ગ પ્રાપ્ત કરાવવા અર્થે અહીં જડ પુદ્ગલદ્રવ્યનાં અને ચેતન જીવદ્રવ્યનાં વીતરાગસર્વજ્ઞકથિત લક્ષણો કહેવામાં આવ્યાં. જે જીવ તે લક્ષણો જાણી, પોતાને એક સ્વતઃસિદ્ધ સ્વતંત્ર દ્રવ્ય તરીકે ઓળખી, ભેદવિજ્ઞાની અનુભવી થાય છે, તે નિજાત્મદ્રવ્યમાં લીન થઈ મોક્ષમાર્ગને સાધી શાશ્વત નિરાકુળ સુખનો ભોક્તા થાય છે.] ૧૨૬–૧૨૭.

આ રીતે અજીવપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

બે મૂળપદાર્થો કહેવામાં આવ્યા. હવે (તેમના) સંયોગપરિણામથી નિષ્પન્ન થતા અન્ય સાત પદાર્થોના ઉપોદ્ઘાત અર્થે જીવકર્મ અને પુદ્ગલકર્મનું ચક્ર વર્ણવવામાં આવે છે.

**સંસારગત જે જીવ છે પરિણામ તેને થાય છે,**
**પરિણામથી કર્મો, કરમથી ગમન ગતિમાં થાય છે; ૧૨૮.**

---

★ વિશિષ્ટ = ભિન્ન; વિલક્ષણ; ખાસ પ્રકારનું.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

गदिमधिगदस्स देहो देहादो इंदियाणि जायंते।
तेहिं दु विसयग्गहणं तत्तो रागो व दोसो वा॥१२९॥
जायदि जीवस्सेवं भावो संसारचक्कवालम्मि।
इदि जिणवरेहिं भणिदो अणादिणिधणो सणिधणो वा॥१३०॥

यः खलु संसारस्थो जीवस्ततस्तु भवति परिणामः।
परिणामात्कर्म कर्मणो भवति गतिषु गतिः॥१२८॥
गतिमधिगतस्य देहो देहादिन्द्रियाणि जायन्ते।
तैस्तु विषयग्रहणं ततो रागो वा द्वेषो वा॥१२९॥
जायते जीवस्यैवं भावः संसारचक्रवाले।
इति जिनवरैर्भणितोऽनादिनिधनः सनिधनो वा॥१३०॥

इह हि संसारिणो जीवादनादिबन्धनोपाधिवशेन स्निग्धः परिणामो भवति।

---

ગતિપ્રાપ્તને તન થાય, તનથી ઇન્દ્રિયો વળી થાય છે,
એનાથી વિષય ગ્રહાય, રાગદ્વેષ તેથી થાય છે. ૧૨૯.
એ રીત ભાવ અનાદિનિધન અનાદિસાંત થયા કરે
સંસારચક્ર વિષે જીવોને—એમ જિનદેવો કહે. ૧૩૦.

અન્વયાર્થ :—[यः] જે [खलु] ખરેખર [संसारस्थः जीवः] સંસારસ્થિત જીવ છે [ततः तु परिणामः भवति] તેનાથી પરિણામ થાય છે (અર્થાત્ તેને સ્નિગ્ધ પરિણામ થાય છે), [परिणामात् कर्म] પરિણામથી કર્મ અને [कर्मणः] કર્મથી [गतिषु गतिः भवति] ગતિઓમાં ગમન થાય છે.

[गतिम् अधिगतस्य देहः] ગતિપ્રાપ્તને દેહ થાય છે, [देहात् इन्द्रियाणि जायन्ते] દેહથી ઇન્દ્રિયો થાય છે, [तैः तु विषयग्रहणं] ઇન્દ્રિયોથી વિષયગ્રહણ અને [ततः रागः वा द्वेषः वा] વિષયગ્રહણથી રાગ અથવા દ્વેષ થાય છે.

[एवं भावः] એ પ્રમાણે ભાવ, [संसारचक्रवाले] સંસારચક્રમાં [जीवस्य] જીવને [अनादिनिधनः सनिधनः वा] અનાદિ-અનંત અથવા અનાદિ-સાંત [जायते] થયા કરે છે—[इति जिनवरैः भणितः] એમ જિનવરોએ કહ્યું છે.

**परिणामात्पुनः पुद्गलपरिणामात्मकं कर्म। कर्मणो नारकादिगतिषु गतिः। गत्यधिगमनाद्देहः। देहादिन्द्रियाणि। इन्द्रियेभ्यो विषयग्रहणम्। विषयग्रहणाद्रागद्वेषौ। रागद्वेषाभ्यां पुनः स्निग्धः परिणामः। परिणामात्पुनः पुद्गलपरिणामात्मकं कर्म। कर्मणः पुनर्नारकादिगतिषु गतिः। गत्यधिगमनात्पुनर्देहः। देहात्पुनरिन्द्रियाणि। इन्द्रियेभ्यः पुनर्विषयग्रहणम्। विषयग्रहणात्पुना रागद्वेषौ। रागद्वेषाभ्यां पुनरपि स्निग्धः परिणामः। एवमिदमन्योन्यकार्यकारणभूतजीवपुद्गलपरिणामात्मकं कर्मजालं संसारचक्रे जीवस्यानाद्यनिधनं अनादिसनिधनं वा चक्रवत्परिवर्तते। तदत्र पुद्गलपरिणामनिमित्तो जीवपरिणामो जीवपरिणामनिमित्तः पुद्गलपरिणामश्च वक्ष्यमाणपदार्थबीजत्वेन संप्रधारणीय इति॥१२८–१३०॥**

---

ટીકા :—આ લોકમાં સંસારી જીવથી અનાદિ બંધનરૂપ ઉપાધિના વશે સ્નિગ્ધ પરિણામ થાય છે, પરિણામથી પુદ્ગલપરિણામાત્મક કર્મ, કર્મથી નરકાદિ ગતિઓમાં ગમન, ગતિની પ્રાપ્તિથી દેહ, દેહથી ઇન્દ્રિયો, ઇન્દ્રિયોથી વિષયગ્રહણ, વિષયગ્રહણથી રાગદ્વેષ, રાગદ્વેષથી પાછા સ્નિગ્ધ પરિણામ, પરિણામથી પાછું પુદ્ગલપરિણામાત્મક કર્મ, કર્મથી પાછું નરકાદિ ગતિઓમાં ગમન, ગતિની પ્રાપ્તિથી પાછો દેહ, દેહથી પાછી ઇન્દ્રિયો, ઇન્દ્રિયોથી પાછું વિષયગ્રહણ, વિષયગ્રહણથી પાછા રાગદ્વેષ, રાગદ્વેષથી વળી પાછા સ્નિગ્ધ પરિણામ. એ પ્રમાણે આ અન્યોન્ય ★કાર્યકારણભૂત જીવપરિણામાત્મક અને પુદ્ગલપરિણામાત્મક કર્મજાળ સંસારચક્રમાં જીવને અનાદિ-અનંતપણે અથવા અનાદિ-સાંતપણે ચક્રની માફક ફરીફરીને થયા કરે છે.

આ રીતે અહીં (એમ કહ્યું કે), પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે એવા જીવપરિણામ અને જીવપરિણામ જેનું નિમિત્ત છે એવા પુદ્ગલપરિણામ હવે પછી કહેવામાં આવનારા (પુણ્યાદિ સાત) પદાર્થોના બીજ તરીકે અવધારવા.

ભાવાર્થ :—જીવ અને પુદ્ગલને પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકપણે પરિણામ થાય છે. તે પરિણામને લીધે પુણ્યાદિ પદાર્થો ઉત્પન્ન થાય છે, જેમનું વર્ણન હવેની ગાથાઓમાં કરવામાં આવશે.

પ્રશ્ન :—પુણ્યાદિ સાત પદાર્થોનું પ્રયોજન જીવ અને અજીવ એ બેથી જ પૂરું થઈ જાય છે, કારણ કે તેઓ જીવ અને અજીવના જ પર્યાયો છે. તો પછી તે સાત

---

★ કાર્ય એટલે નૈમિત્તિક, અને કારણ એટલે નિમિત્ત. [જીવપરિણામાત્મક કર્મ અને પુદ્ગલ-પરિણામાત્મક કર્મ પરસ્પર કાર્યકારણભૂત અર્થાત્ નૈમિત્તિક-નિમિત્તભૂત છે. તે કર્મો કોઈ જીવને અનાદિ-અનંત અને કોઈ જીવને અનાદિ-સાંત હોય છે.]

**अथ पुण्यपापपदार्थव्याख्यानम् ।**

---

પદાર્થો શા માટે કહેવામાં આવે છે?

ઉત્તર :—ભવ્યોને હેય તત્ત્વ અને ઉપાદેય તત્ત્વ (અર્થાત્ હેય તત્ત્વ અને ઉપાદેય તત્ત્વનું સ્વરૂપ તથા તેમનાં કારણો) દર્શાવવા અર્થે તેમનું કથન છે. દુઃખ તે હેય તત્ત્વ છે, તેનું કારણ સંસાર છે, સંસારનું કારણ આસ્રવ અને બંધ બે છે (અથવા વિસ્તારથી કહીએ તો પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ ચાર છે) અને તેમનું કારણ મિથ્યાદર્શનજ્ઞાનચારિત્ર છે. સુખ તે ઉપાદેય તત્ત્વ છે, તેનું કારણ મોક્ષ છે, મોક્ષનું કારણ સંવર અને નિર્જરા છે અને તેમનું કારણ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર છે. આ પ્રયોજનભૂત વાત ભવ્ય જીવોને પ્રગટપણે દર્શાવવા અર્થે પુણ્યાદિ ★સાત પદાર્થોનું કથન છે. ૧૨૮–૧૩૦.

**હવે પુણ્ય–પાપપદાર્થોનું વ્યાખ્યાન છે.**

---

★ અજ્ઞાની અને જ્ઞાની જીવ પુણ્યાદિ સાત પદાર્થોમાંથી કયા કયા પદાર્થોના કર્તા છે તે સંબંધી આચાર્યવર શ્રી જયસેનાચાર્યદેવકૃત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં નીચે પ્રમાણે વર્ણન છે :—

અજ્ઞાની જીવ નિર્વિકાર સ્વસંવેદનના અભાવને લીધે પાપપદાર્થનો તથા આસ્રવ-બંધપદાર્થોનો કર્તા થાય છે; કદાચિત્ મંદ મિથ્યાત્વના ઉદયથી, દેખેલા—સાંભળેલા—અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાનબંધ વડે, ભવિષ્યકાળમાં પાપનો અનુબંધ કરનારા પુણ્યપદાર્થનો પણ કર્તા થાય છે. જે જ્ઞાની જીવ છે તે, નિર્વિકાર-આત્મતત્ત્વવિષયક રુચિ, તદ્વિષયક જ્ઞપ્તિ અને તદ્વિષયક નિશ્ચળ અનુભૂતિરૂપ અભેદરત્નત્રયપરિણામ વડે, સંવર-નિર્જરા-મોક્ષપદાર્થોનો કર્તા થાય છે; અને જ્યારે પૂર્વોક્ત નિશ્ચયરત્નત્રયમાં સ્થિર રહી શકતો નથી ત્યારે નિર્દોષપરમાત્મસ્વરૂપ અર્હંત-સિદ્ધોની તથા તેનું (નિર્દોષ પરમાત્માનું) આરાધન કરનારા આચાર્ય-ઉપાધ્યાય-સાધુઓની નિર્ભર અસાધારણ ભક્તિરૂપ એવું જે સંસારવિચ્છેદના કારણભૂત, પરંપરાએ મુક્તિકારણભૂત, તીર્થંકરપ્રકૃતિ વગેરે પુણ્યનો અનુબંધ કરનારું વિશિષ્ટ પુણ્ય તેને અનીહિતવૃત્તિએ નિદાનરહિત પરિણામથી કરે છે. આ રીતે અજ્ઞાની જીવ પાપાદિ ચાર પદાર્થોનો કર્તા છે અને જ્ઞાની સંવરાદિ ત્રણ પદાર્થોનો કર્તા છે.

[અહીં જ્ઞાનીના વિશિષ્ટ પુણ્યને સંસારવિચ્છેદના કારણભૂત કહ્યું ત્યાં એમ સમજવું કે—ખરેખર તો સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર જ સંસારવિચ્છેદના કારણભૂત છે, પરંતુ જ્યારે તે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર અપૂર્ણદશામાં હોય છે ત્યારે તેની સાથે અનિચ્છિતવૃત્તિએ વર્તતા વિશિષ્ટ પુણ્યમાં સંસારવિચ્છેદના કારણપણાનો આરોપ કરવામાં આવે છે. તે આરોપ પણ વાસ્તવિક કારણની—સમ્યગ્દર્શનાદિની—હયાતીમાં જ થઈ શકે.]

मोहो रागो दोसो चित्तपसादो य जस्स भावम्मि।
विज्जदि तस्स सुहो वा असुहो वा होदि परिणामो।।१३१।।

मोहो रागो द्वेषश्चित्तप्रसादः वा यस्य भावे।
विद्यते तस्य शुभो वा अशुभो वा भवति परिणामः।।१३१।।

पुण्यपापयोग्यभावस्वभावाख्यापनमेतत्।

इह हि दर्शनमोहनीयविपाककलुषपरिणामता मोहः। विचित्रचारित्रमोहनीयविपाकप्रत्यये प्रीत्यप्रीती रागद्वेषौ। तस्यैव मन्दोदये विशुद्धपरिणामता चित्तप्रसादपरिणामः। एवमिमे यस्य भावे भवन्ति, तस्यावश्यं भवति शुभोऽशुभो वा परिणामः। तत्र यत्र प्रशस्तरागश्चित्तप्रसादश्च तत्र शुभः परिणामः, यत्र तु मोहद्वेषावप्रशस्तरागश्च तत्राऽशुभ इति।।१३१।।

---

છે રાગ, દ્વેષ, વિમોહ, ચિત્તપ્રસાદપરિણતિ જેહને,
તે જીવને શુભ વા અશુભ પરિણામનો સદ્ભાવ છે. ૧૩૧.

અન્વયાર્થઃ—[यस्य भावे] જેના ભાવમાં [मोहः] મોહ, [रागः] રાગ, [द्वेषः] દ્વેષ [वा] અથવા [चित्तप्रसादः] ચિત્તપ્રસન્નતા [विद्यते] છે, [तस्य] તેને [शुभः वा अशुभः वा] શુભ અથવા અશુભ [परिणामः] પરિણામ [भवति] છે.

ટીકાઃ—આ, પુણ્ય-પાપને યોગ્ય ભાવના સ્વભાવનું (-સ્વરૂપનું) કથન છે.

અહીં, દર્શનમોહનીયના વિપાકથી જે કલુષિત પરિણામ તે મોહ છે; વિચિત્ર (–અનેક પ્રકારના) ચારિત્રમોહનીયનો વિપાક જેનો આશ્રય (–નિમિત્ત) છે એવી પ્રીતિ-અપ્રીતિ તે રાગ-દ્વેષ છે; તેના જ (ચારિત્રમોહનીયના જ) મંદ ઉદયે થતા જે વિશુદ્ધ પરિણામ તે ★ચિત્તપ્રસાદપરિણામ (–મનની પ્રસન્નતારૂપ પરિણામ) છે. એ રીતે આ (મોહ, રાગ, દ્વેષ અથવા ચિત્તપ્રસાદ) જેના ભાવમાં છે, તેને અવશ્ય શુભ અથવા અશુભ પરિણામ છે. તેમાં, જ્યાં પ્રશસ્ત રાગ તથા ચિત્તપ્રસાદ છે ત્યાં શુભ પરિણામ છે અને જ્યાં મોહ, દ્વેષ તથા અપ્રશસ્ત રાગ છે ત્યાં અશુભ પરિણામ છે. ૧૩૧.

---

★ પ્રસાદ = પ્રસન્નતા; વિશુદ્ધતા; ઉજ્જવળતા.

सुहपरिणामो पुण्णं असुहो पावं ति हवदि जीवस्स।
दोण्हं पोग्गलमेत्तो भावो कम्मत्तणं पत्तो।।१३२।।

शुभपरिणामः पुण्यमशुभः पापमिति भवति जीवस्य।
द्वयोः पुद्गलमात्रो भावः कर्मत्वं प्राप्तः।।१३२।।

पुण्यपापस्वरूपाख्यानमेतत् ।

जीवस्य कर्तुः निश्चयकर्मतामापन्नः शुभपरिणामो द्रव्यपुण्यस्य निमित्तमात्रत्वेन कारणीभूतत्वात्तदास्रवक्षणादूर्ध्वं भवति भावपुण्यम्। एवं जीवस्य कर्तुर्निश्चयकर्मतामापन्नोऽशुभपरिणामो द्रव्यपापस्य निमित्तमात्रत्वेन कारणीभूतत्वात्तदास्रवक्षणादूर्ध्वं

---

શુભ ભાવ જીવના પુણ્ય છે ને અશુભ ભાવો પાપ છે;
તેના નિમિત્તે પૌદ્ગલિક પરિણામ કર્મપણું લહે. ૧૩૨.

અન્વયાર્થ :—[ जीवस्य ] જીવના [ शुभपरिणामः ] શુભ પરિણામ [ पुण्यम् ] પુણ્ય છે અને [ अशुभः ] અશુભ પરિણામ [ पापम् इति भवति ] પાપ છે; [ द्वयोः ] તે બંને દ્વારા [ पुद्गलमात्रः भावः ] પુદ્ગલમાત્ર ભાવ [ कर्मत्वं प्राप्तः ] કર્મપણાને પામે છે (અર્થાત્ જીવના પુણ્ય-પાપભાવના નિમિત્તે શાતા-અશાતાવેદનીયાદિ પુદ્ગલમાત્ર પરિણામ વ્યવહારથી જીવનું કર્મ કહેવાય છે).

ટીકા :—આ, પુણ્ય-પાપના સ્વરૂપનું કથન છે.

જીવરૂપ કર્તાના ★નિશ્ચયકર્મભૂત શુભપરિણામ દ્રવ્યપુણ્યને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી 'દ્રવ્યપુણ્યાસ્રવ'ના પ્રસંગને અનુસરીને (–અનુલક્ષીને) તે શુભપરિણામ 'ભાવપુણ્ય' છે. (શાતાવેદનીયાદિ દ્રવ્યપુણ્યાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાં જીવના શુભપરિણામ નિમિત્તકારણ છે માટે 'દ્રવ્યપુણ્યાસ્રવ'પ્રસંગની પાછળ પાછળ તેના નિમિત્તભૂત શુભપરિણામને પણ 'ભાવપુણ્ય' એવું નામ છે.) એવી રીતે જીવરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત અશુભપરિણામ દ્રવ્યપાપને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી 'દ્રવ્યપાપાસ્રવ'ના પ્રસંગને અનુસરીને (–અનુલક્ષીને) તે અશુભપરિણામ 'ભાવપાપ' છે.

---

★ જીવ કર્તા છે અને શુભપરિણામ તેનું (અશુદ્ધનિશ્ચનયે) નિશ્ચયકર્મ છે.

**भावपापम्। पुद्गलस्य कर्तुर्निश्चयकर्मतामापन्नो विशिष्टप्रकृतित्वपरिणामो जीवशुभ-परिणामनिमित्तो द्रव्यपुण्यम्। पुद्गलस्य कर्तुर्निश्चयकर्मतामापन्नो विशिष्टप्रकृतित्वपरिणामो जीवाशुभपरिणामनिमित्तो द्रव्यपापम्। एवं व्यवहारनिश्चयाभ्यामात्मनो मूर्तममूर्तञ्च कर्म प्रज्ञापितमिति॥१३२॥**

**जम्हा कम्मस्स फलं विसयं फासेहिं भुंजदे णियदं।**
**जीवेण सुहं दुक्खं तम्हा कम्माणि मुत्ताणि॥१३३॥**

**यस्मात्कर्मणः फलं विषयः स्पर्शैर्भुज्यते नियतम्।**
**जीवेन सुखं दुःखं तस्मात्कर्माणि मूर्तानि॥१३३॥**

---

પુદ્‌ગલરૂપ કર્તાના ★નિશ્ચયકર્મભૂત વિશિષ્ટપ્રકૃતિરૂપ પરિણામ (—શાતાવેદનીયાદિ ખાસ પ્રકૃતિરૂપ પરિણામ)—કે જેમાં જીવના શુભપરિણામ નિમિત્ત છે તે—દ્રવ્યપુણ્ય છે. પુદ્‌ગલરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત વિશિષ્ટપ્રકૃતિરૂપ પરિણામ (—અશાતાવેદનીયાદિ ખાસ પ્રકૃતિરૂપ પરિણામ)—કે જેમાં જીવના અશુભપરિણામ નિમિત્ત છે તે—દ્રવ્યપાપ છે.

આ પ્રમાણે વ્યવહાર તથા નિશ્ચય વડે આત્માને મૂર્ત તથા અમૂર્ત કર્મ દર્શાવવામાં આવ્યું.

**ભાવાર્થ :—**નિશ્ચયથી જીવના અમૂર્ત શુભાશુભપરિણામરૂપ ભાવપુણ્યપાપ જીવનું કર્મ છે. શુભાશુભપરિણામ દ્રવ્યપુણ્યપાપનું નિમિત્તકારણ હોવાને લીધે મૂર્ત એવાં તે પુદ્‌ગલપરિણામરૂપ (શાતા-અશાતાવેદનીયાદિ) દ્રવ્યપુણ્યપાપ વ્યવહારથી જીવનું કર્મ કહેવાય છે. ૧૩૨.

છે કર્મનું ફળ વિષય, તેને નિયમથી અક્ષો વડે
જીવ ભોગવે દુઃખે-સુખે, તેથી કરમ તે મૂર્ત છે. ૧૩૩.

**અન્વયાર્થ :—**[**यस्मात्**] કારણ કે [**कर्मणः फलं**] કર્મનું ફળ [**विषयः**] જે (મૂર્ત) વિષય તે [**नियतम्**] નિયમથી [**स्पर्शैः**] (મૂર્ત એવી) સ્પર્શનાદિઇન્દ્રિયો દ્વારા [**जीवेन**] જીવ

---

★ પુદ્‌ગલ કર્તા છે અને વિશિષ્ટપ્રકૃતિરૂપ પરિણામ તેનું નિશ્ચયકર્મ છે (અર્થાત્ નિશ્ચયથી પુદ્‌ગલ કર્તા છે અને શાતાવેદનીયાદિ ખાસ પ્રકૃતિરૂપ પરિણામ તેનું કર્મ છે).

પં. ૨૪

मूर्तकर्मसमर्थनमेतत् ।

यतो हि कर्मणां फलभूतः सुखदुःखहेतुविषयो मूर्तो मूर्तैरिन्द्रियैर्जीवेन नियतं भुज्यते, ततः कर्मणां मूर्तत्वमनुमीयते। तथाहि—मूर्तं कर्म, मूर्तसम्बम्धेनानुभूयमानमूर्त-फलत्वादाखुविषवदिति ।।१३३।।

मुत्तो फासदि मुत्तं मुत्तो मुत्तेण बंधमणुहवदि।
जीवो मुत्तिविरहिदो गाहदि ते तेहिं उग्गहदि ।।१३४।।

मूर्तः स्पृशति मूर्तं मूर्तो मूर्तेन बन्धमनुभवति।
जीवो मूर्तिविरहितो गाहति तानि तैरवगाह्यते ।।१३४।।

---

વડે [सुखं दुःखं] સુખે અથવા દુઃખે [भुज्यते] ભોગવાય છે, [तस्मात्] તેથી [कर्माणि] કર્મો [मूर्तानि] મૂર્ત છે.

ટીકા :—આ, મૂર્ત કર્મનું સમર્થન છે.

કર્મનું ફળ જે સુખદુઃખના હેતુભૂત મૂર્ત વિષય તે નિયમથી મૂર્ત ઇન્દ્રિયો દ્વારા જીવ વડે ભોગવાય છે, તેથી કર્મના મૂર્તપણાનું અનુમાન થઈ શકે છે. તે આ પ્રમાણે :—જેમ મૂષકવિષ મૂર્ત છે તેમ કર્મ મૂર્ત છે, કારણ કે (મૂષકવિષના ફળની માફક) મૂર્તના સંબંધ દ્વારા અનુભવાતું એવું મૂર્ત તેનું ફળ છે. [ઉંદરના ઝેરનું ફળ (–શરીરમાં સોજા થવા, તાવ આવવો વગેરે) મૂર્ત છે અને મૂર્ત શરીરના સંબંધ દ્વારા અનુભવાય—ભોગવાય છે, તેથી અનુમાન થઈ શકે છે કે ઉંદરનું ઝેર મૂર્ત છે; તેવી રીતે કર્મનું ફળ (–વિષયો) મૂર્ત છે અને મૂર્ત ઇન્દ્રિયોના સંબંધ દ્વારા અનુભવાય—ભોગવાય છે, તેથી અનુમાન થઈ શકે છે કે કર્મ મૂર્ત છે.] ૧૩૩.

મૂરત મૂરત સ્પર્શે અને મૂરત મૂરત બંધન લહે;
આત્મા અમૂરત ને કરમ અન્યોન્ય અવગાહન લહે. ૧૩૪.

અન્વયાર્થ :—[मूर्तः मूर्तं स्पृशति] મૂર્ત મૂર્તને સ્પર્શે છે, [मूर्तः मूर्तेन] મૂર્ત મૂર્તની સાથે [बन्धम् अनुभवति] બંધ પામે છે; [मूर्तिविरहितः जीवः] મૂર્તત્વરહિત જીવ [तानि गाहति] મૂર્તકર્મોને અવગાહે છે અને [तैः अवगाह्यते] મૂર્તકર્મો જીવને અવગાહે છે (અર્થાત્ બંને એકબીજામાં અવગાહ પામે છે).

मूर्तकर्मणोरमूर्तजीवमूर्तकर्मणोश्च बन्धप्रकारसूचनेयम्।

इह हि संसारिणि जीवेऽनादिसन्तानेन प्रवृत्तमास्ते मूर्तकर्म। तत्स्पर्शादिमत्त्वादागामि मूर्तकर्म स्पृशति, ततस्तन्मूर्तं तेन सह स्नेहगुणवशाद्बन्धमनुभवति। एष मूर्तयोः कर्मणोर्बन्धप्रकारः। अथ निश्चयनयेनामूर्तो जीवोऽनादिमूर्तकर्मनिमित्तरागादिपरिणामस्निग्धः सन् विशिष्टतया मूर्तानि कर्माण्यवगाहते, तत्परिणामनिमित्तलब्धात्मपरिणामैः मूर्तकर्मभिरपि विशिष्टतयाऽवगाह्यते च। अयं त्वन्योन्यावगाहात्मको जीवमूर्तकर्मणोर्बन्धप्रकारः। एवममूर्तस्यापि जीवस्य मूर्तेन पुण्यपापकर्मणा कथञ्चिद्बन्धो न विरुध्यते॥१३४॥

—इति पुण्यपापपदार्थव्याख्यानम्।

अथ आस्रवपदार्थव्याख्यानम्।

---

ટીકા :—આ, મૂર્તકર્મનો મૂર્તકર્મની સાથે જે બંધપ્રકાર તથા અમૂર્ત જીવનો મૂર્તકર્મની સાથે જે બંધપ્રકાર તેની સૂચના છે.

અહીં (આ લોકમાં), સંસારી જીવને વિષે અનાદિ સંતતિથી (–પ્રવાહથી) પ્રવર્તતું થકું મૂર્તકર્મ વિદ્યમાન છે. તે, સ્પર્શાદિવાળું હોવાને લીધે, આગામી મૂર્તકર્મને સ્પર્શે છે; તેથી મૂર્ત એવું તે તેની સાથે, સ્નિગ્ધત્વગુણના વશે (–પોતાના સ્નિગ્ધરૂક્ષત્વપર્યાયને લીધે), બંધને પામે છે. આ, મૂર્તકર્મનો મૂર્તકર્મની સાથે બંધપ્રકાર છે.

વળી (અમૂર્ત જીવનો મૂર્તકર્મોની સાથે બંધપ્રકાર આ પ્રમાણે છે કે), નિશ્ચયનયથી જે અમૂર્ત છે એવો જીવ, અનાદિ મૂર્તકર્મ જેનું નિમિત્ત છે એવા રાગાદિપરિણામ વડે સ્નિગ્ધ વર્તતો થકો, મૂર્તકર્મોને વિશિષ્ટપણે અવગાહે છે (અર્થાત્ એકબીજાને પરિણામમાં નિમિત્તમાત્ર થાય એવા સંબંધવિશેષ સહિત મૂર્તકર્મોના ક્ષેત્રમાં વ્યાપે છે) અને તે રાગાદિપરિણામના નિમિત્તે જેઓ પોતાના (જ્ઞાનાવરણીયાદિ) પરિણામને પામે છે એવાં મૂર્તકર્મો પણ જીવને વિશિષ્ટપણે અવગાહે છે (અર્થાત્ જીવના પ્રદેશો સાથે વિશિષ્ટતાપૂર્વક એકક્ષેત્રાવગાહને પામે છે). આ, જીવ અને મૂર્તકર્મનો અન્યોન્ય-અવગાહસ્વરૂપ બંધપ્રકાર છે. આ રીતે અમૂર્ત એવા જીવનો પણ મૂર્ત પુણ્યપાપકર્મની સાથે કથંચિત્ (–કોઈ પ્રકારે) બંધ વિરોધ પામતો નથી. ૧૩૪.

આ રીતે પુણ્ય-પાપપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

હવે આસ્રવપદાર્થનું વ્યાખ્યાન છે.

रागो जस्स पसत्थो अणुकंपासंसिदो य परिणामो।
चित्तम्हि णत्थि कलुसं पुण्णं जीवस्स आसवदि।।१३५।।

रागो यस्य प्रशस्तोऽनुकम्पासंश्रितश्च परिणामः।
चित्ते नास्ति कालुष्यं पुण्यं जीवस्यास्रवति।।१३५।।

पुण्यास्रवस्वरूपाख्यानमेतत्।

प्रशस्तरागोऽनुकम्पापरिणतिः चित्तस्याकलुषत्वञ्चेति त्रयः शुभा भावाः द्रव्यपुण्यास्रवस्य निमित्तमात्रत्वेन कारणभूतत्वात्तदास्रवक्षणादूर्ध्वं भावपुण्यास्रवः। तन्निमित्तः शुभकर्मपरिणामो योगद्वारेण प्रविशतां पुद्गलानां द्रव्यपुण्यास्रव इति।।१३५।।

---

છે રાગભાવ પ્રશસ્ત, અનુકંપાસહિત પરિણામ છે,
મનમાં નહીં કાલુષ્ય છે, ત્યાં પુણ્ય-આસ્રવ હોય છે. ૧૩૫.

**અન્વયાર્થ :**—[ यस्य ] જે જીવને [ प्रशस्तः रागः ] પ્રશસ્ત રાગ છે, [ अनुकम्पासंश्रितः परिणामः ] અનુકંપાયુક્ત પરિણામ છે [ च ] અને [ चित्ते कालुष्यं न अस्ति ] ચિત્તમાં કલુષતાનો અભાવ છે, [ जीवस्य ] તે જીવને [ पुण्यं आस्रवति ] પુણ્ય આસ્રવે છે.

**ટીકા :**—આ, પુણ્યાસ્રવના સ્વરૂપનું કથન છે.

પ્રશસ્ત રાગ, અનુકંપાપરિણતિ અને ચિત્તની અકલુષતા—એ ત્રણ શુભ ભાવો દ્રવ્યપુણ્યાસ્રવને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી 'દ્રવ્યપુણ્યાસ્રવ'ના પ્રસંગને ★અનુસરીને (–અનુલક્ષીને) તે શુભ ભાવો ભાવપુણ્યાસ્રવ છે અને તે (શુભ ભાવો) જેનું નિમિત્ત છે એવા જે યોગદ્વારા પ્રવેશતાં પુદ્ગલોના શુભકર્મપરિણામ (–શુભકર્મરૂપ પરિણામ) તે દ્રવ્યપુણ્યાસ્રવ છે. ૧૩૫.

---

★ શાતાવેદનીયાદિ પુદ્ગલપરિણામરૂપ દ્રવ્યપુણ્યાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાં જીવના પ્રશસ્ત-રાગાદિ શુભ ભાવો નિમિત્તકારણ છે માટે 'દ્રવ્યપુણ્યાસ્રવ'પ્રસંગની પાછળ પાછળ તેના નિમિત્તભૂત શુભ ભાવોને પણ 'ભાવપુણ્યાસ્રવ' એવું નામ છે.

अरहंतसिद्धसाहुसु भत्ती धम्मम्मि जा य खलु चेट्ठा।
अणुगमणं पि गुरूणं पसत्थरागो त्ति वुच्चंति॥१३६॥

अर्हत्सिद्धसाधुषु भक्तिर्धर्मे या च खलु चेष्टा।
अनुगमनमपि गुरूणां प्रशस्तराग इति ब्रुवन्ति॥१३६॥

प्रशस्तरागस्वरूपाख्यानमेतत् ।

अर्हत्सिद्धसाधुषु भक्तिः, धर्मे व्यवहारचारित्रानुष्ठाने वासनाप्रधाना चेष्टा,

---

અર્હંત-સાધુ-સિદ્ધ પ્રત્યે ભક્તિ, ચેષ્ટા ધર્મમાં,
ગુરુઓ તણું અનુગમન—એ પરિણામ રાગ પ્રશસ્તના. ૧૩૬.

**અન્વયાર્થ :**—[ अर्हत्सिद्धसाधुषु भक्तिः ] અર્હંત-સિદ્ધ-સાધુઓ પ્રત્યે ભક્તિ, [ धर्मे या च खलु चेष्टा ] ધર્મમાં ખરેખર ચેષ્ટા [ अनुगमनम् अपि गुरूणाम् ] અને ગુરુઓનું અનુગમન, [ प्रशस्तरागः इति ब्रुवन्ति ] તે 'પ્રશસ્ત રાગ' કહેવાય છે.

**ટીકા :**—આ, પ્રશસ્ત રાગના સ્વરૂપનું કથન છે.

[1]અર્હંત - સિદ્ધ - સાધુઓ પ્રત્યે ભક્તિ, ધર્મમાં — વ્યવહારચારિત્રના

---

૧. અર્હંત-સિદ્ધ-સાધુઓમાં અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પાંચેય સમાઈ જાય છે [કારણ કે 'સાધુઓ'માં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ત્રણ સમાય છે].

[નિર્દોષ પરમાત્માથી પ્રતિપક્ષભૂત એવાં આર્ત-રૌદ્રધ્યાનો વડે ઉપાર્જિત જે જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિઓ તેમનો, રાગાદિવિકલ્પરહિત ધર્મ-શુકલધ્યાનો વડે વિનાશ કરીને, જેઓ ક્ષુધાદિ અઢાર દોષ રહિત અને કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય સહિત થયા, તેઓ અર્હંતો કહેવાય છે.

લૌકિક અંજનસિદ્ધ વગેરેથી વિલક્ષણ એવા જેઓ જ્ઞાનાવરણીયાદિ-અષ્ટકર્મના અભાવથી સમ્યક્ત્વાદિ-અષ્ટગુણાત્મક છે અને લોકાગ્રે વસે છે, તેઓ સિદ્ધો છે.

વિશુદ્ધ જ્ઞાનદર્શન જેનો સ્વભાવ છે એવા આત્મતત્ત્વની નિશ્ચયરુચિ, તેવી જ જ્ઞપ્તિ, તેવી જ નિશ્ચળ-અનુભૂતિ, પરદ્રવ્યની ઇચ્છાના પરિહારપૂર્વક તે જ આત્મદ્રવ્યમાં પ્રતપન અર્થાત્ તપશ્ચરણ અને સ્વશક્તિને ગોપવ્યા વિના તેવું જ અનુષ્ઠાન—આવા નિશ્ચયપંચાચારને તથા તેના સાધક વ્યવહાર-પંચાચારને—કે જેની વિધિ આચારાદિશાસ્ત્રોમાં કહી છે તેને—એટલે કે ઉભય આચારને જેઓ પોતે આચરે છે અને બીજાઓને અચરાવે છે, તેઓ આચાર્યો છે.

પાંચ અસ્તિકાયોમાં શુદ્ધજીવાસ્તિકાયને, છ દ્રવ્યોમાં શુદ્ધજીવદ્રવ્યને, સાત તત્ત્વોમાં શુદ્ધજીવતત્ત્વને

गुरूणामाचार्यादीनां रसिकत्वेनानुगमनम्—एषः प्रशस्तो रागः प्रशस्तविषयत्वात्। अयं हि स्थूललक्ष्यतया केवलभक्तिप्रधानस्याज्ञानिनो भवति। उपरितनभूमिकायामलब्धास्पदस्यास्थानरागनिषेधार्थं तीव्ररागज्वरविनोदार्थं वा कदाचिज्ज्ञानिनोऽपि भवतीति॥१३६॥

**तिसिदं व भुक्खिदं वा दुहिदं दट्ठूण जो दु दुहिदमणो।**
**पडिवज्जदि तं किवया तस्सेसा होदि अणुकंपा॥१३७॥**

**तृषितं बुभुक्षितं वा दुःखितं दृष्ट्वा यस्तु दुःखितमनाः।**
**प्रतिपद्यते तं कृपया तस्यैषा भवत्यनुकम्पा॥१३७॥**

---

[1]અનુષ્ઠાનમાં — [2]ભાવનાપ્રધાન ચેષ્ટા અને ગુરુઓનું — આચાર્યાદિનું — રસિકપણે [3]અનુગમન, તે 'પ્રશસ્ત રાગ' છે કારણ કે તેનો વિષય પ્રશસ્ત છે.

આ (પ્રશસ્ત રાગ) ખરેખર, જે [4]સ્થૂલ-લક્ષ્યવાળો હોવાથી કેવળ ભક્તિપ્રધાન છે એવા અજ્ઞાનીને હોય છે; ઉપરની ભૂમિકામાં (—ઉપરનાં ગુણસ્થાનોમાં) સ્થિતિ પ્રાપ્ત ન કરી હોય ત્યારે, [5]અસ્થાનનો રાગ અટકાવવા અર્થે અથવા તીવ્ર રાગજ્વર હઠાવવા અર્થે, કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે. ૧૩૬.

**દુઃખિત, તૃષિત વા ક્ષુધિત દેખી દુઃખ પામી મન વિષે**
**કરુણાથી વર્તે જેહ, અનુકંપા સહિત તે જીવ છે. ૧૩૭.**

**અન્વયાર્થ :**—[**तृषितं**] તૃષાતુર, [**बुभुक्षितं**] ક્ષુધાતુર [**वा**] અથવા [**दुःखितं**] દુઃખીને [**दृष्ट्वा**] દેખી [**यः तु**] જે જીવ [**दुःखितमनाः**] મનમાં દુઃખ પામતો થકો [**तं**

---

અને નવ પદાર્થોમાં શુદ્ધજીવપદાર્થને જેઓ નિશ્ચયનયે ઉપાદેય કહે છે તેમ જ ભેદાભેદરત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગને પ્રરૂપે છે અને પોતે ભાવે (—અનુભવે) છે, તેઓ ઉપાધ્યાયો છે.

નિશ્ચય-ચતુર્વિધ-આરાધના વડે જેઓ શુદ્ધ આત્મસ્વરૂપને સાધે છે, તેઓ સાધુઓ છે.]

૧. અનુષ્ઠાન = આચરણ; આચરવું તે; અમલમાં મૂકવું તે.

૨. ભાવનાપ્રધાન ચેષ્ટા = ભાવપ્રધાન પ્રવૃત્તિ; શુભભાવપ્રધાન વ્યાપાર.

૩. અનુગમન = અનુસરણ; આજ્ઞાંકિતપણું; અનુકૂળ વર્તવું તે. [ગુરુઓ પ્રત્યે રસિકપણે (ઉલ્લાસથી, હોંશથી) આજ્ઞાંકિત વર્તવું તે પ્રશસ્ત રાગ છે.]

૪. અજ્ઞાનીનું લક્ષ્ય (—ધ્યેય) સ્થૂળ હોય છે તેથી તેને કેવળ ભક્તિનું જ પ્રધાનપણું હોય છે.

૫. અસ્થાનનો = અયોગ્ય સ્થાનનો, અયોગ્ય વિષય પ્રત્યેનો; અયોગ્ય પદાર્થોને અવલંબનારો.

अनुकम्पास्वरूपाख्यानमेतत् ।

कञ्चिदुदन्यादिदुःखप्लुतमवलोक्य करुणया तत्प्रतिचिकीर्षाकुलितचित्तत्वमज्ञानिनोऽनुकम्पा। ज्ञानिनस्त्वधस्तनभूमिकासु विहरमाणस्य जन्मार्णवनिमग्नजगदवलोकनान्मनाग्मनःखेद इति।।१३७।।

कोधो व जदा माणो माया लोभो व चित्तमासेज्ज।
जीवस्स कुणदि खोहं कलुसो त्ति य तं बुधा बेंति।।१३८।।

क्रोधो वा यदा मानो माया लोभो वा चित्तमासाद्य।
जीवस्य करोति क्षोभं कालुष्यमिति च तं बुधा ब्रुवन्ति।।१३८।।

---

कृपया प्रतिपद्यते] તેના પ્રત્યે કરુણાથી વર્તે છે, [तस्य एषा अनुकम्पा भवति] તેનો એ ભાવ અનુકંપા છે.

ટીકા :—આ, અનુકંપાના સ્વરૂપનું કથન છે.

કોઈ તૃષાદિદુઃખથી પીડિત પ્રાણીને દેખી કરુણાને લીધે તેનો પ્રતિકાર (–ઉપાય) કરવાની ઈચ્છાથી ચિત્તમાં આકુળતા થવી તે અજ્ઞાનીની અનુકંપા છે. જ્ઞાનીની અનુકંપા તો, નીચલી ભૂમિકાઓમાં વિહરતાં (–પોતે નીચેનાં ગુણસ્થાનોમાં વર્તતો હોય ત્યારે), જન્માર્ણવમાં નિમગ્ન જગતના અવલોકનથી (અર્થાત્ સંસારસાગરમાં ડૂબેલા જગતને દેખવાથી) મનમાં જરા ખેદ થવો તે છે.★ ૧૩૭.

મદ-ક્રોધ અથવા લોભ-માયા ચિત્ત-આશ્રય પામીને
જીવને કરે જે ક્ષોભ, તેને કલુષતા જ્ઞાની કહે. ૧૩૮.

અન્વયાર્થ :—[यदा] જ્યારે [क्रोधः वा] ક્રોધ, [मानः] માન, [माया] માયા [वा] અથવા [लोभः] લોભ [चित्तम् आसाद्य] ચિત્તનો આશ્રય પામીને [जीवस्य] જીવને

★ આ ગાથાની આચાર્યવર શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં આ પ્રમાણે વિવરણ છે :—તીવ્ર તૃષા, તીવ્ર ક્ષુધા, તીવ્ર રોગ વગેરેથી પીડિત પ્રાણીને દેખી અજ્ઞાની જીવ 'કોઈ પણ પ્રકારે હું આનો પ્રતિકાર કરું' એમ વ્યાકુળ થઈને અનુકંપા કરે છે; જ્ઞાની તો સ્વાત્મભાવનાને નહિ પ્રાપ્ત કરતો થકો (અર્થાત્ નિજાત્માના અનુભવની ઉપલબ્ધિ ન થતી હોય ત્યારે), સંક્લેશના પરિત્યાગ વડે (–અશુભ ભાવને છોડીને) યથાસંભવ પ્રતિકાર કરે છે તથા તેને દુઃખી દેખીને વિશેષ સંવેગ અને વૈરાગ્યની ભાવના કરે છે.

चित्तकलुषत्वस्वरूपाख्यानमेतत् ।

क्रोधमानमायालोभानां तीव्रोदये चित्तस्य क्षोभः कालुष्यम्। तेषामेव मन्दोदये तस्य प्रसादोऽकालुष्यम्। तत् कादाचित्कविशिष्टकषायक्षयोपशमे सत्यज्ञानिनो भवति। कषायोदयानुवृत्तेरसमग्रव्यावर्तितोपयोगस्यावान्तरभूमिकासु कदाचित् ज्ञानिनोऽपि भवतीति ।।१३८।।

चरिया पमादबहुला कालुस्सं लोलदा य विसएसु।
परपरिदावपवादो पावस्स य आसवं कुणदि ।।१३९।।

चर्या प्रमादबहुला कालुष्यं लोलता च विषयेषु।
परपरितापापवादः पापस्य चास्रवं करोति ।।१३९।।

---

[क्षोभं करोति] ક્ષોભ કરે છે, ત્યારે [तं] તેને [बुधाः] જ્ઞાનીઓ [कालुष्यम् इति च ब्रुवन्ति] 'કલુષતા' કહે છે.

ટીકા :—આ, ચિત્તની કલુષતાના સ્વરૂપનું કથન છે.

ક્રોધ, માન, માયા અને લોભના તીવ્ર ઉદયે ચિત્તનો ક્ષોભ તે કલુષતા છે. તેમના જ (–ક્રોધાદિના જ) મંદ ઉદયે ચિત્તની પ્રસન્નતા તે અકલુષતા છે. તે અકલુષતા, કદાચિત્ કષાયનો વિશિષ્ટ (–ખાસ પ્રકારનો) ક્ષયોપશમ હોતાં, અજ્ઞાનીને હોય છે; કષાયના ઉદયને અનુસરતી પરિણતિમાંથી ઉપયોગને ★અસમગ્રપણે પાછો વાળ્યો હોય ત્યારે (અર્થાત્ કષાયના ઉદયને અનુસરતા પરિણમનમાંથી ઉપયોગને પૂરો પાછો વાળ્યો ન હોય ત્યારે), મધ્યમ ભૂમિકાઓમાં (–મધ્યમ ગુણસ્થાનોમાં), કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે. ૧૩૮.

ચર્યા પ્રમાદભરી, કલુષતા, લુબ્ધતા વિષયો વિષે,
પરિતાપ ને અપવાદ પરના, પાપ-આસ્રવને કરે. ૧૩૯.

અન્વયાર્થ :—[प्रमादबहुला चर्या] બહુ પ્રમાદવાળી ચર્યા, [कालुष्यं] કલુષતા, [विषयेषु च लोलता] વિષયો પ્રત્યે લોલુપતા, [परपरितापापवादः] પરને પરિતાપ કરવો તથા પરના અપવાદ બોલવા—એ [पापस्य च आस्रवं करोति] પાપનો આસ્રવ કરે છે.

---

★ અસમગ્રપણે = અપૂર્ણપણે; અધૂરાપણે; અંશે.

**पापास्रवस्वरूपाख्यानमेतत् ।**

**प्रमादबहुलचर्यापरिणतिः, कालुष्यपरिणतिः, विषयलौल्यपरिणतिः, परपरितापपरिणतिः, परापवादपरिणतिश्चेति पञ्चाशुभा भावा द्रव्यपापास्रवस्य निमित्तमात्रत्वेन कारणभूतत्वात्तदास्रवक्षणादूर्ध्वं भावपापास्रवः। तन्निमित्तोऽशुभकर्मपरिणामो योगद्वारेण प्रविशतां पुद्गलानां द्रव्यपापास्रव इति॥१३९॥**

**सण्णाओ य तिलेस्सा इंदियवसदा य अट्टरुद्दाणि।**
**णाणं च दुप्पउत्तं मोहो पावप्पदा होंति॥१४०॥**

**संज्ञाश्च त्रिलेश्या इन्द्रियवशता चार्तरौद्रे।**
**ज्ञानं च दुःप्रयुक्तं मोहः पापप्रदा भवन्ति॥१४०॥**

---

**ટીકા :**—આ, પાપાસ્રવના સ્વરૂપનું કથન છે.

બહુ પ્રમાદવાળી ચર્યારૂપ પરિણતિ (—બહુ પ્રમાદથી ભરેલા આચરણરૂપ પરિણતિ), કલુષતારૂપ પરિણતિ, વિષયલોલુપતારૂપ પરિણતિ, પરપરિતાપરૂપ પરિણતિ (—પરને દુઃખ દેવારૂપ પરિણતિ) અને પરના અપવાદરૂપ પરિણતિ—એ પાંચ અશુભ ભાવો દ્રવ્યપાપાસ્રવને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી 'દ્રવ્યપાપાસ્રવ'ના પ્રસંગને ★અનુસરીને (—અનુલક્ષીને) તે અશુભ ભાવો ભાવપાપાસ્રવ છે અને તે (અશુભ ભાવો) જેનું નિમિત્ત છે એવા જે યોગદ્વારા પ્રવેશતાં પુદ્ગલોના અશુભકર્મપરિણામ (—અશુભકર્મરૂપ પરિણામ) તે દ્રવ્યપાપાસ્રવ છે. ૧૩૯.

**સંજ્ઞા, ત્રિલેશ્યા, ઇન્દ્રિવશતા, આર્તરૌદ્ર ધ્યાન બે,**
**વળી મોહ ને દુર્યુક્ત જ્ઞાન પ્રદાન પાપ તણું કરે. ૧૪૦.**

**અન્વયાર્થ :**—[ **संज्ञाः च** ] (ચારેય) સંજ્ઞાઓ, [ **त्रिलेश्याः** ] ત્રણ લેશ્યા, [ **इन्द्रियवशता च** ] ઇન્દ્રિયવશતા, [ **आर्तरौद्रे** ] આર્ત-રૌદ્રધ્યાન, [ **दुःप्रयुक्तं ज्ञानं** ] દુઃપ્રયુક્ત જ્ઞાન (—દુષ્ટપણે અશુભ કાર્યમાં જોડાયેલું જ્ઞાન) [ **च** ] અને [ **मोहः** ] મોહ—

---

★ અશાતાવેદનીયાદિ પુદ્ગલપરિણામરૂપ દ્રવ્યપાપાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાં જીવના અશુભ ભાવો નિમિત્તકારણ છે માટે 'દ્રવ્યપાપાસ્રવ'પ્રસંગની પાછળ પાછળ તેના નિમિત્તભૂત અશુભ ભાવોને પણ 'ભાવપાપાસ્રવ' એવું નામ છે.

પં. ૨૫

**पापास्रवभूतभावप्रपञ्चाख्यानमेतत् ।**

**तीव्रमोहविपाकप्रभवा आहारभयमैथुनपरिग्रहसञ्ज्ञाः, तीव्रकषायोदयानुरञ्जितयोगप्रवृत्तिरूपाः कृष्णनीलकापोतलेश्यास्तिस्रः, रागद्वेषोदयप्रकर्षादिन्द्रियाधीनत्वम्, रागद्वेषोद्रेकात्प्रियसंयोगाप्रियवियोगवेदनामोक्षणनिदानाकाङ्क्षणरूपमार्तम्, कषायक्रूराशयत्वाद्धिंसाऽसत्यस्तेयविषयसंरक्षणानन्दरूपं रौद्रम्, नैष्कर्म्यं तु शुभकर्मणश्चान्यत्र दुष्टतया प्रयुक्तं ज्ञानम्, सामान्येन दर्शनचारित्रमोहनीयोदयोपजनिताविवेकरूपो मोहः,—एषः भावपापास्रव-प्रपञ्चो द्रव्यपापास्रवप्रपञ्चप्रदो भवतीति।।१४०।।**

**—इति आस्रवपदार्थव्याख्यानं समाप्तम्।**

**अथ संवरपदार्थव्याख्यानम्।**

---

[**पापप्रदाः भवन्ति**] એ ભાવો પાપપ્રદ છે.

**ટીકા :—**આ, પાપાસ્રવભૂત ભાવોના વિસ્તારનું કથન છે.

તીવ્ર મોહના વિપાકથી ઉત્પન્ન થતી આહાર-ભય-મૈથુન-પરિગ્રહસંજ્ઞાઓ; તીવ્ર કષાયના ઉદયથી [1]અનુરંજિત યોગપ્રવૃત્તિરૂપ કૃષ્ણ-નીલ-કાપોત નામની ત્રણ લેશ્યા; રાગદ્વેષના ઉદયના [2]પ્રકર્ષને લીધે વર્તતું ઇન્દ્રિયાધીનપણું; રાગદ્વેષના [3]ઉદ્રેકને લીધે પ્રિયના સંયોગને, અપ્રિયના વિયોગને, વેદનામાંથી છુટકારાને તથા નિદાનને ઇચ્છવારૂપ આર્તધ્યાન; કષાય વડે [4]ક્રૂર એવા પરિણામને લીધે થતું હિંસાનંદ, અસત્યાનંદ, સ્તેયાનંદ અને વિષયસંરક્ષણાનંદરૂપ રૌદ્રધ્યાન; વગરપ્રયોજને (–નકામું) શુભ કર્મથી અન્યત્ર (–અશુભ કાર્યમાં) દુષ્ટપણે જોડાયેલું જ્ઞાન; અને સામાન્યપણે દર્શનચારિત્રમોહનીયના ઉદયથી ઉત્પન્ન અવિવેકરૂપ મોહ;—આ, ભાવપાપાસ્રવનો વિસ્તાર દ્રવ્યપાપાસ્રવના વિસ્તારને દેનારો છે (અર્થાત્ ઉપરોક્ત ભાવપાપાસ્રવરૂપ અનેકવિધ ભાવો તેવા તેવા અનેકવિધ દ્રવ્યપાપાસ્રવમાં નિમિત્તભૂત છે). ૧૪૦.

આ રીતે **આસ્રવપદાર્થનું** વ્યાખ્યાન સમાપ્ત થયું.

હવે **સંવરપદાર્થનું** વ્યાખ્યાન છે.

---

૧. અનુરંજિત = રંગાયેલ. [કષાયના ઉદયથી અનુરંજિત યોગપ્રવૃત્તિ તે લેશ્યા છે. ત્યાં, કૃષ્ણાદિ ત્રણ લેશ્યાઓ તીવ્ર કષાયના ઉદયથી અનુરંજિત યોગપ્રવૃત્તિરૂપ છે.]

૨. પ્રકર્ષ = ઉત્કર્ષ; ઉગ્રતા

૩. ઉદ્રેક = પુષ્કળતા; વધારો. ૪. ક્રૂર = નિર્દય; કઠોર; ઉગ્ર.

इंदियकसायसण्णा णिग्गहिदा जेहिं सुट्ठु मग्गम्हि।
जावत्तावत्तेसिं पिहिदं पावासवच्छिद्दं ॥१४१॥

इन्द्रियकषायसंज्ञा निगृहीता यैः सुष्ठु मार्गे।
यावत्तावत्तेषां पिहितं पापास्रवछिद्रम् ॥१४१॥

अनन्तरत्वात्पापस्यैव संवराख्यानमेतत्।

मार्गो हि संवरस्तन्निमित्तमिन्द्रियाणि कषायाः संज्ञाश्च यावतांशेन यावन्तं वा कालं निगृह्यन्ते तावतांशेन तावन्तं वा कालं पापास्रवद्वारं पिधीयते। इन्द्रियकषाय-संज्ञाः भावपापास्रवो द्रव्यपापास्रवहेतुः पूर्वमुक्तः। इह तन्निरोधो भावपापसंवरो द्रव्यपाप-संवरहेतुरवधारणीय इति ॥१४१॥

---

માર્ગે રહી સંજ્ઞા-કષાયો-ઇન્દ્રિનો નિગ્રહ કરે,
પાપાસરવનું છિદ્ર તેને તેટલું રૂંધાય છે. ૧૪૧.

અન્વયાર્થ :—[यैः] જેઓ [सुष्ठु मार्गे] સારી રીતે માર્ગમાં રહીને [इन्द्रियकषायसंज्ञाः] ઇન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો [यावत् निगृहीताः] જેટલો નિગ્રહ કરે છે, [तावत्] તેટલું [पापास्रवछिद्रम्] પાપાસ્રવનું છિદ્ર [तेषाम्] તેમને [पिहितम्] બંધ થાય છે.

ટીકા :—પાપની અનંતર હોવાથી, પાપના જ સંવરનું આ કથન છે (અર્થાત્ પાપના કથન પછી તુરત જ હોવાથી, અહીં પાપના જ સંવરનું કથન કરવામાં આવ્યું છે).

માર્ગ ખરેખર સંવર છે; તેના નિમિત્તે (–તેના અર્થે) ઇન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો જેટલા અંશે અથવા જેટલો કાળ નિગ્રહ કરવામાં આવે છે, તેટલા અંશે અથવા તેટલો કાળ પાપાસ્રવદ્વાર બંધ થાય છે.

ઇન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓ—ભાવપાપાસ્રવ—દ્રવ્યપાપાસ્રવનો હેતુ (–નિમિત્ત) પૂર્વે (૧૪૦ મી ગાથામાં) કહ્યો હતો; અહીં (આ ગાથામાં) તેમનો નિરોધ (–ઇન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો નિરોધ)—ભાવપાપસંવર—દ્રવ્યપાપસંવરનો હેતુ અવધારવો (–સમજવો). ૧૪૧.

जस्स ण विज्जदि रागो दोसो मोहो व सव्वदव्वेसु।
णासवदि सुहं असुहं समसुहदुक्खस्स भिक्खुस्स॥१४२॥

यस्य न विद्यते रागो द्वेषो मोहो वा सर्वद्रव्येषु।
नास्रवति शुभमशुभं समसुखदुःखस्य भिक्षोः॥१४२॥

सामान्यसंवरस्वरूपाख्यानमेतत्।

यस्य रागरूपो द्वेषरूपो मोहरूपो वा समग्रपरद्रव्येषु न हि विद्यते भावः तस्य निर्विकारचैतन्यत्वात्समसुखदुःखस्य भिक्षोः शुभमशुभञ्च कर्म नास्रवति, किन्तु संव्रियत एव। तदत्र मोहरागद्वेषपरिणामनिरोधो भावसंवरः। तन्निमित्तः शुभाशुभकर्मपरिणामनिरोधो योगद्वारेण प्रविशतां पुद्गलानां द्रव्यसंवर इति॥१४२॥

---

સૌ દ્રવ્યમાં નહિ રાગ-દ્વેષ-વિમોહ વર્તે જેહને,
શુભ-અશુભ કર્મ ન આસ્રવે સમદુઃખસુખ તે ભિક્ષુને. ૧૪૨.

અન્વયાર્થ :—[ यस्य ] જેને [ सर्वद्रव्येषु ] સર્વ દ્રવ્યો પ્રત્યે [ रागः ] રાગ, [ द्वेषः ] દ્વેષ [ वा ] કે [ मोहः ] મોહ [ न विद्यते ] નથી, [ समसुखदुःखस्य भिक्षोः ] તે સમસુખદુઃખ ભિક્ષુને (—સુખદુઃખ પ્રત્યે સમભાવવાળા મુનિને) [ शुभम् अशुभं ] શુભ અને અશુભ કર્મ [ न आस्रवति ] આસ્રવતું નથી.

ટીકા :—આ, સામાન્યપણે સંવરના સ્વરૂપનું કથન છે.

જેને સમગ્ર પરદ્રવ્યો પ્રત્યે રાગરૂપ, દ્વેષરૂપ કે મોહરૂપ ભાવ નથી, તે ભિક્ષુને —કે જે નિર્વિકારચૈતન્યપણાને લીધે ★સમસુખદુઃખ છે તેને—શુભ અને અશુભ કર્મનો આસ્રવ થતો નથી, પરંતુ સંવર જ થાય છે. તેથી અહીં (એમ સમજવું કે) મોહ-રાગદ્વેષપરિણામનો નિરોધ તે ભાવસંવર છે, અને તે (મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ) જેનું નિમિત્ત છે એવો જે યોગદ્વારા પ્રવેશતાં પુદ્ગલોના શુભાશુભકર્મપરિણામનો (—શુભાશુભકર્મરૂપ પરિણામનો) નિરોધ તે દ્રવ્યસંવર છે. ૧૪૨.

---

★ સમસુખદુઃખ = સુખદુઃખ જેને સમાન છે એવા; ઇષ્ટાનિષ્ટ સંયોગોમાં જેને હર્ષશોકાદિ વિષમ પરિણામ થતા નથી એવા. [જેને રાગદ્વેષમોહ નથી, તે મુનિ નિર્વિકારચૈતન્યમય છે અર્થાત્ તેનું ચૈતન્ય પર્યાયે પણ વિકારરહિત છે તેથી તે સમસુખદુઃખ છે.]

जस्स जदा खलु पुण्णं जोगे पावं च णत्थि विरदस्स।
संवरणं तस्स तदा सुहासुहकदस्स कम्मस्स।।१४३।।

यस्य यदा खलु पुण्यं योगे पापं च नास्ति विरतस्य।
संवरणं तस्य तदा शुभाशुभकृतस्य कर्मणः।।१४३।।

विशेषेण संवरस्वरूपाख्यानमेतत्।

यस्य योगिनो विरतस्य सर्वतो निवृत्तस्य योगे वाङ्मनःकायकर्मणि शुभपरिणामरूपं पुण्यमशुभपरिणामरूपं पापञ्च यदा न भवति तस्य तदा शुभाशुभभावकृतस्य द्रव्यकर्मणः संवरः स्वकारणाभावात्प्रसिद्धयति। तदत्र शुभाशुभपरिणामनिरोधो भावपुण्यपापसंवरो द्रव्यपुण्यपापसंवरस्य हेतुः प्रधानोऽवधारणीय इति।।१४३।।

—इति संवरपदार्थव्याख्यानं समाप्तम्।

---

જ્યારે ન યોગે પુણ્ય તેમ જ પાપ વર્તે વિરતને,
ત્યારે શુભાશુભકૃત કરમનો થાય સંવર તેહને. ૧૪૩.

અન્વયાર્થ :—[यस्य] જેને (–જે મુનિને), [विरतस्य] વિરત વર્તતાં થકાં, [योगे] યોગમાં [पुण्यं पापं च] પુણ્ય અને પાપ [यदा] જ્યારે [खलु] ખરેખર [न अस्ति] હોતાં નથી, [तदा] ત્યારે [तस्य] તેને [शुभाशुभकृतस्य कर्मणः] શુભાશુભભાવકૃત કર્મનો [संवरणम्] સંવર થાય છે.

ટીકા :—આ, વિશેષપણે સંવરના સ્વરૂપનું કથન છે.

જે યોગીને, વિરત અર્થાત્ સર્વતઃ નિવૃત્ત વર્તતાં થકાં, યોગમાં—વચન, મન અને કાયસંબંધી ક્રિયામાં—શુભપરિણામરૂપ પુણ્ય અને અશુભપરિણામરૂપ પાપ જ્યારે હોતાં નથી, ત્યારે તેને શુભાશુભભાવકૃત દ્રવ્યકર્મનો (–શુભાશુભભાવ જેનું નિમિત્ત હોય છે એવા દ્રવ્યકર્મનો), સ્વકારણના અભાવને લીધે, સંવર થાય છે. તેથી અહીં (આ ગાથામાં) શુભાશુભ પરિણામનો નિરોધ—ભાવપુણ્યપાપસંવર—દ્રવ્યપુણ્યપાપસંવરનો *પ્રધાન હેતુ અવધારવો (–સમજવો). ૧૪૩.

આ રીતે સંવરપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

---

★ પ્રધાન હેતુ = મુખ્ય નિમિત્ત. [દ્રવ્યસંવરમાં 'મુખ્ય નિમિત્ત' જીવના શુભાશુભ પરિણામનો નિરોધ છે,

अथ निर्जरापदार्थव्याख्यानम् ।

संवरजोगेहिं जुदो तवेहिं जो चिट्ठदे बहुविहेहिं ।
कम्माणं णिज्जरणं बहुगाणं कुणदि सो णियदं ।।१४४।।

संवरयोगाभ्यां युक्तस्तपोभिर्यश्चेष्टते बहुविधैः ।
कर्मणां निर्जरणं बहुकानां करोति स नियतम् ।।१४४।।

निर्जरास्वरूपाख्यानमेतत् ।

शुभाशुभपरिणामनिरोधः संवरः, शुद्धोपयोगो योगः । ताभ्यां युक्तस्तपोभिरनशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरित्यागविविक्तशय्यासनकायक्लेशादिभेदाद्बहिरङ्गैः प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानभेदादन्तरङ्गैश्च बहुविधैर्यश्चेष्टते स खलु

---

હવે નિર્જરાપદાર્થનું વ્યાખ્યાન છે.

જે યોગ-સંવરયુક્ત જીવ બહુવિધ તપો સહ પરિણમે,
તેને નિયમથી નિર્જરા બહુ કર્મ કેરી થાય છે. ૧૪૪.

અન્વયાર્થ :—[ संवरयोगाभ्याम् युक्तः ] સંવર અને યોગથી (શુદ્ધોપયોગથી) યુક્ત એવો [ यः ] જે જીવ [ बहुविधैः तपोभिः चेष्टते ] બહુવિધ તપો સહિત પ્રવર્તે છે, [ सः ] તે [ नियतम् ] નિયમથી [ बहुकानां कर्मणां ] ઘણાં કર્મોની [ निर्जरणं करोति ] નિર્જરા કરે છે.

ટીકા :—આ, નિર્જરાના સ્વરૂપનું કથન છે.

સંવર એટલે શુભાશુભ પરિણામનો નિરોધ, અને યોગ એટલે શુદ્ધોપયોગ; તેમનાથી (−સંવર અને યોગથી) યુક્ત એવો જે (પુરુષ), અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશાદિ ભેદોવાળાં બહિરંગ તપો સહિત તથા પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એવા ભેદોવાળાં અંતરંગ તપો સહિત—એમ બહુવિધ [1]તપો સહિત પ્રવર્તે છે, તે (પુરુષ) ખરેખર ઘણાં કર્મોની નિર્જરા

---

યોગનો નિરોધ નહિ. (અહીં એ ખ્યાલમાં રાખવાયોગ્ય છે કે દ્રવ્યસંવરનું ઉપાદાનકારણ—નિશ્ચય-કારણ તો પુદ્ગલ પોતે જ છે.)]

૧. જે જીવને સહજશુદ્ધસ્વરૂપના પ્રતપનરૂપ નિશ્ચય-તપ હોય તે જીવના, હઠ વિના વર્તતા અનશનાદિ-સંબંધી ભાવોને તપ કહેવામાં આવે છે. તેમાં વર્તતો શુદ્ધિરૂપ અંશ તે નિશ્ચય-તપ છે અને શુભપણારૂપ

बहूनां कर्मणां निर्जरणं करोति। तदत्र कर्मवीर्यशातनसमर्थो बहिरङ्गान्तरङ्गतपोभिर्बृंहितः शुद्धोपयोगो भावनिर्जरा, तदनुभावनीरसीभूतानामेकदेशसंक्षयः समुपात्तकर्मपुद्गलानां द्रव्यनिर्जरेति।।१४४।।

**जो संवरेण जुत्तो अप्पट्ठपसाधगो हि अप्पाणं।**
**मुणिऊण झादि णियदं णाणं सो संधुणोदि कम्मरयं।।१४५।।**

यः संवरेण युक्तः आत्मार्थप्रसाधको ह्यात्मानम्।
ज्ञात्वा ध्यायति नियतं ज्ञानं स संधुनोति कर्मरजः।।१४५।।

---

કરે છે. તેથી અહીં (આ ગાથામાં એમ કહ્યું કે), કર્મના વીર્યનું (–કર્મની શક્તિનું) [૧]શાતન કરવામાં સમર્થ એવો જે બહિરંગ અને અંતરંગ તપો વડે [૨]વૃદ્ધિ પામેલો શુદ્ધોપયોગ તે ભાવનિર્જરા છે અને તેના પ્રભાવથી (–વૃદ્ધિ પામેલા શુદ્ધોપયોગના નિમિત્તથી) નીરસ થયેલાં એવાં ઉપાર્જિત કર્મપુદ્‌ગલોનો એકદેશ [૩]સંક્ષય તે દ્રવ્યનિર્જરા છે. ૧૪૪.

**સંવર સહિત, આત્મપ્રયોજનનો પ્રસાધક આત્મને**
**જાણી, સુનિશ્ચળ જ્ઞાન ધ્યાવે, તે કરમરજ નિર્જરે. ૧૪૫.**

**અન્વયાર્થ :—**[ संवरेण युक्तः ] સંવરથી યુક્ત એવો [ यः ] જે જીવ,

---

અંશને વ્યવહાર-તપ કહેવામાં આવે છે. (મિથ્યાદ્રષ્ટિને નિશ્ચય-તપ નથી તેથી તેના અનશનાદિ-સંબંધી શુભ ભાવોને વ્યવહાર-તપો પણ કહેવાતા નથી; કારણ કે જ્યાં વાસ્તવિક તપનો સદ્‌ભાવ જ નથી, ત્યાં તે શુભ ભાવોમાં આરોપ કોનો કરવો?)

૧. શાતન કરવું = પાતળું કરવું; હીન કરવું; ક્ષીણ કરવું; નષ્ટ કરવું.

૨. વૃદ્ધિ પામેલો = વધેલો; ઉગ્ર થયેલો. [સંવર અને શુદ્ધોપયોગવાળા જીવને જ્યારે ઉગ્ર શુદ્ધોપયોગ થાય છે ત્યારે ઘણાં કર્મોની નિર્જરા થાય છે. શુદ્ધોપયોગની ઉગ્રતા કરવાની વિધિ શુદ્ધાત્મદ્રવ્યના આલંબનની ઉગ્રતા કરવી તે જ છે. એમ કરનારને, સહજદશાએ હઠ વિના જે અનશનાદિસંબંધી ભાવો વર્તે તેમાં (શુભપણારૂપ અંશની સાથે) ઉગ્ર-શુદ્ધિરૂપ અંશ હોય છે, જેથી ઘણાં કર્મોની નિર્જરા થાય છે. (મિથ્યાદ્રષ્ટિને તો શુદ્ધાત્મદ્રવ્ય ભાસ્યું જ નથી, તેથી તેને સંવર નથી, શુદ્ધોપયોગ નથી, શુદ્ધોપયોગની વૃદ્ધિની તો વાત જ ક્યાં રહી? તેથી તેને, સહજ દશા વિનાના—હઠપૂર્વક—અનશનાદિસંબંધી શુભભાવો કદાચિત્ ભલે હોય તોપણ, મોક્ષના હેતુભૂત નિર્જરા બિલકુલ હોતી નથી.]

૩. સંક્ષય = સમ્યક્ પ્રકારે ક્ષય.

मुख्यनिर्जराकारणोपन्यासोऽयम्।

यो हि संवरेण शुभाशुभपरिणामपरमनिरोधेन युक्तः परिज्ञातवस्तुस्वरूपः परप्रयोजनेभ्यो व्यावृत्तबुद्धिः केवलं स्वप्रयोजनसाधनोद्यतमनाः आत्मानं स्वोपलम्भेनोपलभ्य गुणगुणिनोर्वस्तुत्वेनाभेदात्तदेव ज्ञानं स्वं स्वेनाविचलितमनास्सञ्चेतयते स खलु नितान्तनिस्स्नेहः प्रहीणस्नेहाभ्यङ्गपरिष्वङ्गशुद्धस्फटिकस्तम्भवत् पूर्वोपात्तं कर्मरजः संधुनोति।

---

[आत्मार्थप्रसाधकः हि] ખરેખર આત્માર્થનો પ્રસાધક (સ્વપ્રયોજનનો પ્રકૃષ્ટ સાધક) વર્તતો થકો, [आत्मानम् ज्ञात्वा] આત્માને જાણીને (–અનુભવીને) [ज्ञानं नियतं ध्यायति] જ્ઞાનને નિશ્ચળપણે ધ્યાવે છે, [सः] તે [कर्मरजः] કર્મરજને [संधुनोति] ખેરવી નાખે છે.

ટીકા :—આ, નિર્જરાના મુખ્ય કારણનું કથન છે.

સંવરથી અર્થાત્ શુભાશુભ પરિણામના પરમ નિરોધથી યુક્ત એવો જે જીવ, વસ્તુસ્વરૂપને (હેય-ઉપાદેય તત્ત્વને) બરાબર જાણતો થકો પરપ્રયોજનોથી જેની બુદ્ધિ [૧]વ્યાવૃત્ત થઈ છે અને કેવળ સ્વપ્રયોજન સાધવામાં જેનું [૨]મન [૩]ઉદ્યત થયું છે એવો વર્તતો થકો, આત્માને સ્વોપલબ્ધિથી ઉપલબ્ધ કરીને (–પોતાને સ્વાનુભવ વડે અનુભવીને), ગુણ-ગુણીનો વસ્તુપણે અભેદ હોવાથી તે જ [૪]જ્ઞાનને—સ્વને—સ્વ વડે અવિચળપરિણતિવાળો થઈને સંચેતે છે, તે જીવ ખરેખર અત્યંત [૫]નિઃસ્નેહ વર્તતો થકો—જેને [૬]સ્નેહના લેપનો સંગ પ્રક્ષીણ થયો છે એવા શુદ્ધ સ્ફટિકના સ્તંભની માફક—પૂર્વોપાર્જિત કર્મરજને ખેરવી નાખે છે.

---

૧. વ્યાવૃત્ત થવું = નિવર્તવું; નિવૃત્ત થવું; પાછા વળવું.

૨. મન = મતિ; બુદ્ધિ; ભાવ; પરિણામ.

૩. ઉદ્યત થવું = તત્પર થવું; લાગવું; ઉદ્યમવંત થવું; વળવું; ઢળવું.

૪. ગુણી અને ગુણમાં વસ્તુ-અપેક્ષાએ અભેદ છે તેથી આત્મા કહો કે જ્ઞાન કહો—બન્ને એક જ છે. ઉપર જેને 'આત્મા'શબ્દથી કહ્યો હતો તેને જ અહીં 'જ્ઞાન'શબ્દથી કહેલ છે. તે જ્ઞાનમાં—નિજાત્મામાં—નિજાત્મા વડે નિશ્ચળ પરિણતિ કરીને તેનું સંચેતન—સંવેદન—અનુભવન કરવું તે ધ્યાન છે.

૫. નિઃસ્નેહ = સ્નેહ રહિત; મોહરાગદ્વેષ રહિત.

૬. સ્નેહ = તેલ; ચીકણો પદાર્થ; સ્નિગ્ધતા; ચીકાશ.

एतेन निर्जरामुख्यत्वे हेतुत्वं ध्यानस्य द्योतितमिति॥१४५॥

जस्स ण विज्जदि रागो दोसो मोहो व जोगपरिकम्मो।
तस्स सुहासुहडहणो झाणमओ जायदे अगणी॥१४६॥

यस्य न विद्यते रागो द्वेषो मोहो वा योगपरिकर्म।
तस्य शुभाशुभदहनो ध्यानमयो जायते अग्निः॥१४६॥

ध्यानस्वरूपाभिधानमेतत्।

शुद्धस्वरूपेऽविचलितचैतन्यवृत्तिर्हि ध्यानम्। अथास्यात्मलाभविधिरभिधीयते। यदा खलु योगी दर्शनचारित्रमोहनीयविपाकं पुद्गलकर्मत्वात् कर्मसु संहृत्य, तदनुवृत्तेः व्यावृत्त्योपयोगममुह्यन्तमरज्यन्तमद्विषन्तं चात्यन्तशुद्ध एवात्मनि निष्कम्पं

---

આથી (—આ ગાથાથી) એમ દર્શાવ્યું કે નિર્જરાનો મુખ્ય હેતુ [૧]ધ્યાન છે. ૧૪૫.

નહિ રાગદ્વેષવિમોહ ને નહિ યોગસેવન જેહને,
પ્રગટે શુભાશુભ બાળનારો ધ્યાન-અગ્નિ તેહને. ૧૪૬.

અન્વયાર્થ :—[यस्य] જેને [मोहः रागः द्वेषः] મોહ અને રાગદ્વેષ [न विद्यते] નથી [वा] તથા [योगपरिकर्म] યોગોનું સેવન નથી (અર્થાત્ મન-વચન-કાયા પ્રત્યે ઉપેક્ષા છે), [तस्य] તેને [शुभाशुभदहनः] શુભાશુભને બાળનારો [ध्यानमयः अग्निः] ધ્યાનમય અગ્નિ [जायते] પ્રગટે છે.

ટીકા :—આ, ધ્યાનના સ્વરૂપનું કથન છે.

શુદ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યપરિણતિ તે ખરેખર ધ્યાન છે. તે ધ્યાન પ્રગટવાની વિધિ હવે કહેવામાં આવે છે :—જ્યારે ખરેખર યોગી, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો વિપાક પુદ્‌ગલકર્મ હોવાથી તે વિપાકને (પોતાથી ભિન્ન એવાં અચેતન) કર્મોમાં સમેટી દઈને, તદનુસાર પરિણતિથી ઉપયોગને વ્યાવૃત્ત કરીને (—તે વિપાકને અનુરૂપ પરિણમવામાંથી ઉપયોગને નિવર્તાવીને), મોહી, રાગી અને દ્વેષી નહિ

---

૧. આ ધ્યાન શુદ્ધભાવરૂપ છે.

પં. ૨૬

**निवेशयति, तदास्य निष्क्रियचैतन्यरूपस्वरूपविश्रान्तस्य वाङ्मनःकायानभावयतः स्वकर्मस्वव्यापारयतः सकलशुभाशुभकर्मेन्धनदहनसमर्थत्वात् अग्निकल्पं परमपुरुषार्थ-सिद्ध्युपायभूतं ध्यानं जायते इति। तथा चोक्तम्—★''अज्ज वि तिरयणसुद्धा अप्पा झाएवि लहइ इंदत्तं। लोयंतियदेवत्तं तत्थ चुआ णिव्वुदिं जंति''।। ''अंतो णत्थि सुईणं कालो थोओ वयं च दुम्मेहा। तण्णवरि सिक्खियव्वं जं जरमरणं खयं कुणइ''।।१४६।।**

---

થતા એવા તે ઉપયોગને અત્યંત શુદ્ધ આત્મામાં જ નિષ્કંપપણે લીન કરે છે, ત્યારે તે યોગીને—કે જે પોતાના નિષ્ક્રિય ચૈતન્યરૂપ સ્વરૂપમાં વિશ્રાંત છે, વચન-મન-કાયાને [૧]ભાવતો નથી અને સ્વકર્મોમાં [૨]વ્યાપાર કરતો નથી તેને—સકળ શુભાશુભ કર્મરૂપ ઈંધનને બાળવામાં સમર્થ હોવાથી અગ્નિસમાન એવું, [૩]પરમપુરુષાર્થસિદ્ધિના ઉપાયભૂત ધ્યાન પ્રગટે છે.

વળી કહ્યું છે કે—

**★'अज्ज वि तिरयणसुद्धा अप्पा झाएवि लहइ इंदत्तं।**
**लोयंतियदेवत्तं तत्थ चुआ णिव्वुदिं जंति।।'**
**'अंतो णत्थि सुईणं कालो थोओ वयं च दुम्मेहा।**
**तण्णवरि सिक्खियव्वं जं जरमरणं खयं कुणइ।।'**

[અર્થ :—હમણાં પણ ત્રિરત્નશુદ્ધ જીવો (—આ કાળે પણ સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્રરૂપ ત્રણ રત્નોથી શુદ્ધ એવા મુનિઓ) આત્માનું ધ્યાન કરીને ઇન્દ્રપણું તથા લૌકાંતિક-દેવપણું પામે છે અને ત્યાંથી ચ્યવીને (મનુષ્યભવ પામી) નિર્વાણને પ્રાપ્ત કરે છે.

---

૧. ભાવવું = ચિંતવવું; ધ્યાવવું; અનુભવવું.

૨. વ્યાપાર = પ્રવૃત્તિ. [સ્વરૂપવિશ્રાંત યોગીને પોતાનાં પૂર્વોપાર્જિત કર્મોમાં પ્રવર્તન નથી, કારણ કે તે મોહનીયકર્મના વિપાકને પોતાથી ભિન્ન—અચેતન—જાણે છે તેમ જ તે કર્મવિપાકને અનુરૂપ પરિણમનથી તેણે ઉપયોગને પાછો વાળ્યો છે.]

૩. પુરુષાર્થ = પુરુષનો અર્થ; પુરુષનું પ્રયોજન; આત્માનું પ્રયોજન; આત્મપ્રયોજન. [પરમપુરુષાર્થ અર્થાત્ આત્માનું પરમ પ્રયોજન મોક્ષ છે અને તે મોક્ષ ધ્યાનથી સધાય છે, માટે પરમપુરુષાર્થની (–મોક્ષની) સિદ્ધિનો ઉપાય ધ્યાન છે.]

★ આ બે ઉદ્ધૃત ગાથાઓમાંની પહેલી ગાથા શ્રીમદ્દ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત મોક્ષપ્રાભૃતની છે.

**—इति निर्जरापदार्थव्याख्यानं समाप्तम्।**

શ્રુતિઓનો અંત નથી (–શાસ્ત્રોનો પાર નથી), કાળ થોડો છે અને આપણે [૧]દુર્મેધ છીએ; માટે તે જ કેવળ શીખવાયોગ્ય છે કે જે જરા-મરણનો ક્ષય કરે.]

ભાવાર્થ :—નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કારમાં નિશ્ચળ પરિણતિ તે [૨]ધ્યાન છે. આ ધ્યાન મોક્ષના ઉપાયરૂપ છે.

જેમ થોડો પણ અગ્નિ પુષ્કળ ઘાસ અને કાષ્ઠના રાશિને અલ્પ કાળમાં બાળી નાખે છે, તેમ મિથ્યાત્વ-કષાયાદિ વિભાવના પરિત્યાગસ્વરૂપ મહા પવનથી પ્રજ્વલિત થયેલો અને અપૂર્વ-અદ્‌ભુત-પરમ-આહ્‌લાદાત્મક સુખસ્વરૂપ ઘીથી સિંચાયેલો નિશ્ચય-આત્મસંવેદનરૂપ ધ્યાનાગ્નિ મૂલોત્તરપ્રકૃતિભેદવાળાં કર્મરૂપી ઇન્ધનના રાશિને ક્ષણમાત્રમાં બાળી નાખે છે.

આ પંચમકાળમાં પણ યથાશક્તિ ધ્યાન થઈ શકે છે. આ કાળે જે વિચ્છેદ છે તે શુક્લધ્યાનનો છે, ધર્મધ્યાનનો નહિ. આજે પણ અહીંથી જીવો ધર્મધ્યાન કરીને દેવનો ભવ અને પછી મનુષ્યનો ભવ પામી મોક્ષને પ્રાપ્ત કરે છે. વળી બહુશ્રુતધરો જ ધ્યાન કરી શકે એમ પણ નથી; સારભૂત અલ્પ શ્રુતથી પણ ધ્યાન થઈ શકે છે. માટે મોક્ષાર્થીઓએ શુદ્ધાત્માનો પ્રતિપાદક, સંવરનિર્જરાનો કરનારો અને જરામરણનો હરનારો સારભૂત ઉપદેશ ગ્રહીને ધ્યાન કરવાયોગ્ય છે.

[અહીં એ લક્ષમાં રાખવાયોગ્ય છે કે ઉપરોક્ત ધ્યાનનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના ધ્યાન હોતું નથી, કારણ કે નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કારની (શુદ્ધાત્માની) સમ્યક્ પ્રતીતિ વિના તેમાં નિશ્ચળ પરિણતિ ક્યાંથી થઈ શકે? માટે મોક્ષના ઉપાયભૂત ધ્યાન કરવા ઇચ્છનાર જીવે પ્રથમ તો જિનોક્ત દ્રવ્યગુણપર્યાયરૂપ વસ્તુસ્વરૂપની યથાર્થ સમજણપૂર્વક નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કારની સમ્યક્ પ્રતીતિનો સર્વ પ્રકારે ઉદ્યમ કરવાયોગ્ય છે; ત્યારપછી જ તે ચૈતન્યચમત્કારમાં વિશેષ લીનતાનો યથાર્થ ઉદ્યમ થઈ શકે છે.] ૧૪૬.

**આ રીતે નિર્જરાપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

૧. દુર્મેધ = ઓછી બુદ્ધિવાળા; મંદબુદ્ધિ; ઠોઠ.

૨. મુનિને જે શુદ્ધાત્મસ્વરૂપનું નિશ્ચળ ઉગ્ર આલંબન વર્તે તેને અહીં મુખ્યપણે ‘ધ્યાન’ કહ્યું છે. (શુદ્ધાત્માલંબનની ઉગ્રતાને મુખ્ય ન કરીએ તો, અવિરત સમ્યગ્દ્રષ્ટિને પણ ‘જઘન્ય ધ્યાન’ કહેવામાં વિરોધ નથી, કારણ કે તેને પણ શુદ્ધાત્મસ્વરૂપનું જઘન્ય આલંબન તો હોય છે.)

अथ बन्धपदार्थव्याख्यानम्।

जं सुहमसुहमुदिण्णं भावं रत्तो करेदि जदि अप्पा।
सो तेण हवदि बद्धो पोग्गलकम्मेण विविहेण॥१४७॥

यं शुभमशुभमुदीर्णं भावं रक्तः करोति यद्यात्मा।
स तेन भवति बद्धः पुद्गलकर्मणा विविधेन॥१४७॥

बन्धस्वरूपाख्यानमेतत्।

यदि खल्वयमात्मा परोपाश्रयेणानादिरक्तः कर्मोदयप्रभावत्वादुदीर्णं शुभमशुभं वा भावं करोति, तदा स आत्मा तेन निमित्तभूतेन भावेन पुद्गलकर्मणा विविधेन बद्धो भवति। तदत्र मोहरागद्वेषस्निग्धः शुभोऽशुभो वा परिणामो जीवस्य भावबन्धः, तन्निमित्तेन शुभाशुभकर्मत्वपरिणतानां जीवेन सहान्योन्यमूर्च्छनं पुद्गलानां द्रव्यबन्ध इति॥१४७॥

---

હવે બંધપદાર્થનું વ્યાખ્યાન છે.

જો આતમા ઉપરક્ત કરતો અશુભ વા શુભ ભાવને,
તો તે વડે એ વિવિધ પુદ્ગલકર્મથી બંધાય છે. ૧૪૭.

અન્વયાર્થ :—[ यदि ] જો [ आत्मा ] આત્મા [ रक्तः ] રક્ત (વિકારી) વર્તતો થકો [ उदीर्णं ] ઉદિત [ यम् शुभम् अशुभम् भावम् ] શુભ કે અશુભ ભાવને [ करोति ] કરે છે, તો [ सः ] તે આત્મા [ तेन ] તે ભાવ વડે (–તે ભાવના નિમિત્તે) [ विविधेन पुद्गलकर्मणा ] વિવિધ પુદ્ગલકર્મથી [ बद्धः भवति ] બદ્ધ થાય છે.

ટીકા :—આ, બંધના સ્વરૂપનું કથન છે.

જો ખરેખર આ આત્મા અન્યના (–પુદ્ગલકર્મના) આશ્રય વડે અનાદિ કાળથી રક્ત રહીને કર્મોદયના પ્રભાવયુક્તપણે વર્તવાથી ઉદિત (–પ્રગટ થતા) શુભ કે અશુભ ભાવને કરે છે, તો તે આત્મા તે નિમિત્તભૂત ભાવ વડે વિવિધ પુદ્ગલકર્મથી બદ્ધ થાય છે. તેથી અહીં (એમ કહ્યું કે), મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ એવા જે જીવના શુભ કે અશુભ પરિણામ તે ભાવબંધ છે અને તેના (–શુભાશુભ પરિણામના) નિમિત્તથી શુભાશુભ કર્મપણે પરિણત પુદ્ગલોનું જીવની સાથે અન્યોન્ય અવગાહન (–વિશિષ્ટ શક્તિ સહિત એકક્ષેત્રાવગાહસંબંધ) તે દ્રવ્યબંધ છે. ૧૪૭.

जोगणिमित्तं गहणं जोगो मणवयणकायसंभूदो।
भावणिमित्तो बंधो भावो रदिरागदोसमोहजुदो॥१४८॥

योगनिमित्तं ग्रहणं योगो मनोवचनकायसम्भूतः।
भावनिमित्तो बन्धो भावो रतिरागद्वेषमोहयुतः॥१४८॥

बहिरङ्गान्तरङ्गबन्धकारणाख्यानमेतत्।

ग्रहणं हि कर्मपुद्गलानां जीवप्रदेशवर्तिकर्मस्कन्धानुप्रवेशः। तत् खलु योगनिमित्तम्। योगो वाङ्मनःकायकर्मवर्गणालम्बन आत्मप्रदेशपरिस्पन्दः। बन्धस्तु कर्मपुद्गलानां विशिष्टशक्तिपरिणामेनावस्थानम्। स पुनर्जीवभावनिमित्तः। जीवभावः पुना रतिरागद्वेषमोहयुतः, मोहनीयविपाकसम्पादितविकार इत्यर्थः। तदत्र पुद्गलानां ग्रहण-

---

છે યોગહેતુક ગ્રહણ, મનવચકાય-આશ્રિત યોગ છે;
છે ભાવહેતુક બંધ, ને મોહાદિસંયુત ભાવ છે. ૧૪૮.

**અન્વયાર્થ :—**[ योगनिमित्तं ग्रहणम् ] ગ્રહણનું (–કર્મગ્રહણનું) નિમિત્ત યોગ છે; [ योगः मनोवचनकायसंभूतः ] યોગ મનવચનકાયજનિત (આત્મપ્રદેશપરિસ્પંદ) છે. [ भावनिमित्तः बन्धः ] બંધનું નિમિત્ત ભાવ છે; [ भावः रतिरागद्वेषमोहयुतः ] ભાવ રતિરાગદ્વેષમોહથી યુક્ત (આત્મપરિણામ) છે.

**ટીકા :—**આ, બંધના બહિરંગ કારણ અને અંતરંગ કારણનું કથન છે.

ગ્રહણ એટલે કર્મપુદ્‌ગલોનો જીવપ્રદેશવર્તી (–જીવના પ્રદેશોની સાથે એક ક્ષેત્રે રહેલા) કર્મસ્કંધોમાં પ્રવેશ; તેનું નિમિત્ત યોગ છે. યોગ એટલે વચનવર્ગણા, મનોવર્ગણા, કાયવર્ગણા અને કર્મવર્ગણાનું જેમાં આલંબન હોય છે એવો આત્મપ્રદેશોનો પરિસ્પંદ (અર્થાત્ જીવના પ્રદેશોનું કંપન).

બંધ એટલે કર્મપુદ્‌ગલોનું વિશિષ્ટ શક્તિરૂપ પરિણામ સહિત સ્થિત રહેવું તે (અર્થાત્ કર્મપુદ્‌ગલોનું અમુક અનુભાગરૂપ શક્તિ સહિત અમુક કાળ સુધી ટકવું તે); તેનું નિમિત્ત જીવભાવ છે. જીવભાવ રતિરાગદ્વેષમોહયુક્ત (પરિણામ) છે અર્થાત્ મોહનીયના વિપાકથી ઉત્પન્ન થતો વિકાર છે.

हेतुत्वाद्बहिरंगकारणं योगः, विशिष्टशक्तिस्थितिहेतुत्वादन्तरङ्गकारणं जीवभाव एवेति ॥१४८॥

हेदू चदुव्वियप्पो अट्ठवियप्पस्स कारणं भणिदं।
तेसिं पि य रागादी तेसिमभावे ण बज्झंति॥१४९॥

हेतुश्चतुर्विकल्पोऽष्टविकल्पस्य कारणं भणितम्।
तेषामपि च रागादयस्तेषामभावे न बध्यन्ते॥१४९॥

---

તેથી અહીં (બંધને વિષે), બહિરંગ કારણ (–નિમિત્ત) યોગ છે કારણ કે તે પુદ્‌ગલોના ગ્રહણનો હેતુ છે, અને અંતરંગ કારણ (–નિમિત્ત) જીવભાવ જ છે કારણ કે તે (કર્મપુદ્‌ગલોની) વિશિષ્ટ શક્તિ અને સ્થિતિનો હેતુ છે.

ભાવાર્થ :—કર્મબંધપર્યાયના ચાર વિશેષો છેઃ પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને અનુભાગબંધ. આમાં સ્થિતિ-અનુભાગ જ અત્યંત મુખ્ય વિશેષો છે, પ્રકૃતિ-પ્રદેશ તો અત્યંત ગૌણ વિશેષો છે; કારણ કે સ્થિતિ-અનુભાગ વિના કર્મબંધપર્યાય નામમાત્ર જ રહે. તેથી અહીં પ્રકૃતિ-પ્રદેશબંધને માત્ર 'ગ્રહણ' શબ્દથી કહેલ છે અને સ્થિતિ-અનુભાગબંધને જ 'બંધ' શબ્દથી કહેલ છે.

જીવના કોઈ પણ પરિણામમાં વર્તતો યોગ કર્મનાં પ્રકૃતિ-પ્રદેશનું અર્થાત્ 'ગ્રહણ'નું નિમિત્ત થાય છે અને જીવના તે જ પરિણામમાં વર્તતો મોહરાગદ્વેષભાવ કર્મનાં સ્થિતિ–અનુભાગનું અર્થાત્ 'બંધ'નું નિમિત્ત થાય છે; માટે મોહરાગદ્વેષભાવને 'બંધ'નું અંતરંગ કારણ (અંતરંગ નિમિત્ત) કહ્યું છે અને યોગને—કે જે 'ગ્રહણ'નું નિમિત્ત છે તેને—'બંધ'નું બહિરંગ કારણ (બાહ્ય નિમિત્ત) કહ્યું છે. ૧૪૮.

હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,
તેનાંય છે રાગાદિ, જ્યાં રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૪૯.

અન્વયાર્થ :—[ चतुर्विकल्पः हेतुः ] (દ્રવ્યમિથ્યાત્વાદિ) ચાર પ્રકારના હેતુઓ [ अष्टविकल्पस्य कारणम् ] આઠ પ્રકારનાં કર્મોનાં કારણ [ भणितम् ] કહેવામાં આવ્યા છે; [ तेषाम् अपि च ] તેમને પણ [ रागादयः ] (જીવના) રાગાદિભાવો કારણ છે; [ तेषाम् अभावे ] રાગાદિભાવોના અભાવમાં [ न बध्यन्ते ] જીવો બંધાતા નથી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**मिथ्यात्वादिद्रव्यपर्यायाणामपि बहिरङ्गकारणद्योतनमेतत्।**

**तन्त्रान्तरे किलाष्टविकल्पकर्मकारणत्वेन बन्धहेतुर्द्रव्यहेतुरूपश्चतुर्विकल्पः प्रोक्तः मिथ्यात्वासंयमकषाययोगा इति। तेषामपि जीवभावभूता रागादयो बन्धहेतुत्वस्य हेतवः, यतो रागादिभावानामभावे द्रव्यमिथ्यात्वासंयमकषाययोगसद्भावेऽपि जीवा न बध्यन्ते। ततो रागादीनामन्तरङ्गत्वान्निश्चयेन बन्धहेतुत्वमवसेयमिति।।१४६।।**

**—इति बन्धपदार्थव्याख्यानं समाप्तम्।**

**अथ मोक्षपदार्थव्याख्यानम्।**

---

**ટીકા :—**આ, મિથ્યાત્વાદિ દ્રવ્યપર્યાયોને (–દ્રવ્યમિથ્યાત્વાદિ પુદ્‌ગલપર્યાયોને) પણ (બંધના) બહિરંગ-કારણપણાનું [૧]પ્રકાશન છે.

ગ્રંથાન્તરમાં (અન્ય શાસ્ત્રમાં) મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ એ ચાર પ્રકારના દ્રવ્યહેતુઓને (દ્રવ્યપ્રત્યયોને) આઠ પ્રકારનાં કર્મોનાં કારણ તરીકે બંધહેતુ કહ્યા છે. તેમને પણ બંધહેતુપણાના હેતુઓ જીવભાવભૂત રાગાદિક છે; કારણ કે [૨]રાગાદિભાવોનો અભાવ હોતાં દ્રવ્યમિથ્યાત્વ, દ્રવ્ય-અસંયમ, દ્રવ્યકષાય અને દ્રવ્યયોગના સદ્‌ભાવમાં પણ જીવો બંધાતા નથી. તેથી રાગાદિભાવોને અંતરંગ બંધહેતુપણું હોવાને લીધે [૩]નિશ્ચયથી બંધહેતુપણું છે એમ નક્કી કરવું. ૧૪૯.

**આ રીતે બંધપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

**હવે મોક્ષપદાર્થનું વ્યાખ્યાન છે.**

---

૧. પ્રકાશન = પ્રસિદ્ધ કરવું તે; સમજાવવું તે; દર્શાવવું તે.

૨. જીવગત રાગાદિરૂપ ભાવપ્રત્યયોનો અભાવ હોતાં દ્રવ્યપ્રત્યયોના વિદ્યમાનપણામાં પણ જીવો બંધાતા નથી. જો જીવગત રાગાદિભાવોના અભાવમાં પણ દ્રવ્યપ્રત્યયોના ઉદયમાત્રથી બંધ થાય તો સર્વદા બંધ જ રહે (–મોક્ષનો અવકાશ જ ન રહે), કારણ કે સંસારીઓને સદાય કર્મોદયનું વિદ્યમાનપણું હોય છે.

૩. ઉદયગત દ્રવ્યમિથ્યાત્વાદિ પ્રત્યયોની માફક રાગાદિભાવો નવા કર્મબંધમાં માત્ર બહિરંગ નિમિત્ત નથી પણ તેઓ તો નવા કર્મબંધમાં 'અંતરંગ નિમિત્ત' છે તેથી તેમને 'નિશ્ચયથી બંધહેતુ' કહ્યા છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

हेदुमभावे णियमा जायदि णाणिस्स आसवणिरोधो।
आसवभावेण विणा जायदि कम्मस्स दु णिरोधो॥१५०॥
कम्मस्साभावेण य सव्वण्हू सव्वलोगदरिसी य।
पावदि इंदियरहिदं अव्वाबाहं सुहमणंतं॥१५१॥

हेत्वभावे नियमाज्ञायते ज्ञानिनः आस्रवनिरोधः।
आस्रवभावेन विना जायते कर्मणस्तु निरोधः॥१५०॥
कर्मणामभावेन च सर्वज्ञः सर्वलोकदर्शी च।
प्राप्नोतीन्द्रियरहितमव्याबाधं सुखमनन्तम्॥१५१॥

द्रव्यकर्ममोक्षहेतुपरमसंवररूपेण भावमोक्षस्वरूपाख्यानमेतत्।

---

હેતુ-અભાવે નિયમથી આસ્રવનિરોધન જ્ઞાનીને,
આસરવભાવ-અભાવમાં કર્મો તણું રોધન બને; ૧૫૦.
કર્મો-અભાવે સર્વજ્ઞાની સર્વદર્શી થાય છે,
ને અક્ષરહિત, અનંત, અવ્યાબાધ સુખને તે લહે. ૧૫૧.

**અન્વયાર્થ :—**[हेत्वभावे] (મોહરાગદ્વેષરૂપ) હેતુનો અભાવ થવાથી [ज्ञानिनः] જ્ઞાનીને [नियमात्] નિયમથી [आस्रवनिरोधः जायते] આસ્રવનો નિરોધ થાય છે [तु] અને [आस्रवभावेन विना] આસ્રવભાવના અભાવમાં [कर्मणः निरोधः जायते] કર્મનો નિરોધ થાય છે. [च] વળી [कर्मणाम् अभावेन] કર્મોનો અભાવ થવાથી તે [सर्वज्ञः सर्वलोकदर्शी च] સર્વજ્ઞ અને સર્વલોકદર્શી થયો થકો [इन्द्रियरहितम्] ઇન્દ્રિયરહિત, [अव्याबाधम्] અવ્યાબાધ, [अनन्तम् सुखम् प्राप्नोति] અનંત સુખને પામે છે.

**ટીકા :—**આ, [1]દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત પરમ-સંવરરૂપે ભાવમોક્ષના સ્વરૂપનું કથન છે.

---

૧. દ્રવ્યકર્મમોક્ષ = દ્રવ્યકર્મનું સર્વથા છૂટી જવું તે; દ્રવ્યમોક્ષ. (અહીં ભાવમોક્ષનું સ્વરૂપ દ્રવ્યમોક્ષના નિમિત્તભૂત પરમ-સંવરરૂપે દર્શાવ્યું છે.)

आस्रवहेतुर्हि जीवस्य मोहरागद्वेषरूपो भावः। तदभावो भवति ज्ञानिनः। तदभावे भवत्यास्रवभावाभावः। आस्रवभावाभावे भवति कर्माभावः। कर्माभावेन भवति सार्वज्ञं सर्वदर्शित्वमव्याबाधमिन्द्रियव्यापारातीतमनन्तसुखत्वञ्चेति। स एष जीवन्मुक्तिनामा भावमोक्षः। कथमिति चेत्। भावः खल्वत्र विवक्षितः कर्मावृत्तचैतन्यस्य क्रमप्रवर्तमानज्ञप्तिक्रियारूपः। स खलु संसारिणोऽनादिमोहनीयकर्मोदयानुवृत्तिवशादशुद्धो द्रव्यकर्मास्रवहेतुः। स तु ज्ञानिनो मोहरागद्वेषानुवृत्तिरूपेण प्रहीयते। ततोऽस्य आस्रवभावो निरुध्यते। ततो निरुद्धास्रवभावस्यास्य मोहक्षयेणात्यन्त-निर्विकारमनादिमुद्रितानन्तचैतन्यवीर्यस्य शुद्धज्ञप्तिक्रियारूपेणान्तर्मुहूर्तमतिवाह्य युगपज्ज्ञान-

---

આસ્રવનો હેતુ ખરેખર જીવનો મોહરાગદ્વેષરૂપ ભાવ છે. જ્ઞાનીને તેનો અભાવ થાય છે. તેનો અભાવ થતાં આસ્રવભાવનો અભાવ થાય છે. આસ્રવભાવનો અભાવ થતાં કર્મનો અભાવ થાય છે. કર્મનો અભાવ થવાથી સર્વજ્ઞપણું, સર્વદર્શીપણું અને અવ્યાબાધ, [૧]ઇન્દ્રિયવ્યાપારાતીત, અનંત સુખ થાય છે. તે આ [૨]જીવન્મુક્તિ નામનો ભાવમોક્ષ છે. 'કઈ રીતે?' એમ પ્રશ્ન કરવામાં આવે તો નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ છે :—

અહીં જે 'ભાવ' [૩]વિવક્ષિત છે તે કર્માવૃત (કર્મથી અવરાયેલા) ચૈતન્યની ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ છે. તે (ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ ભાવ) ખરેખર સંસારીને અનાદિ કાળથી મોહનીયકર્મના ઉદયને અનુસરતી પરિણતિને લીધે અશુદ્ધ છે, દ્રવ્યકર્માસ્રવનો હેતુ છે. પરંતુ તે (ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ ભાવ) જ્ઞાનીને મોહરાગદ્વેષવાળી પરિણતિરૂપે હાનિ પામે છે તેથી તેને આસ્રવભાવનો નિરોધ થાય છે. તેથી આસ્રવભાવનો જેને નિરોધ થયો છે એવા તે જ્ઞાનીને મોહના ક્ષય વડે અત્યંત નિર્વિકારપણું થવાથી, જેને અનાદિ કાળથી અનંત ચૈતન્ય અને (અનંત) વીર્ય બિડાઈ ગયેલ છે એવો તે જ્ઞાની (ક્ષીણમોહ ગુણસ્થાને) શુદ્ધ જ્ઞપ્તિક્રિયારૂપે અંતર્મુહૂર્ત પસાર કરીને યુગપદ્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો ક્ષય થવાથી કથંચિત્

---

૧. ઇન્દ્રિયવ્યાપારાતીત = ઇન્દ્રિયવ્યાપાર રહિત

૨. જીવન્મુક્તિ = જીવતાં મુક્તિ; દેહ હોવાં છતાં મુક્તિ.

૩. વિવક્ષિત = કહેવા ધારેલો

પં. ૨૭

दर्शनावरणान्तरायक्षयेण कथञ्चित् कूटस्थज्ञानत्वमवाप्य ज्ञप्तिक्रियारूपे क्रमप्रवृत्त्यभावाद्भावकर्म विनश्यति। ततः कर्माभावे स हि भगवान्सर्वज्ञः सर्वदर्शी व्युपरतेन्द्रियव्यापारा-व्याबाधानन्तसुखश्च नित्यमेवावतिष्ठते। इत्येष भावकर्ममोक्षप्रकारः द्रव्यकर्ममोक्षहेतुः परमसंवरप्रकारश्च ॥१५०–१५१॥

**दंसणणाणसमग्गं झाणं णो अण्णदव्वसंजुत्तं।**
**जायदि णिज्जरहेदू सभावसहिदस्स साधुस्स॥१५२॥**

दर्शनज्ञानसमग्रं ध्यानं नो अन्यद्रव्यसंयुक्तम्।
जायते निर्जराहेतुः स्वभावसहितस्य साधोः॥१५२॥

---

[1]કૂટસ્થ જ્ઞાનને પ્રાપ્ત કરે છે અને એ રીતે તેને જ્ઞપ્તિક્રિયાના રૂપમાં ક્રમપ્રવૃત્તિનો અભાવ થવાથી ભાવકર્મનો વિનાશ થાય છે. તેથી કર્મનો અભાવ થતાં તે ખરેખર ભગવાન સર્વજ્ઞ, સર્વદર્શી અને ઇન્દ્રિયવ્યાપારાતીત-અવ્યાબાધ-અનંતસુખવાળો સદાય રહે છે.

એ રીતે આ (અહીં કહ્યો તે), [2]ભાવકર્મમોક્ષનો [3]પ્રકાર તથા દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત પરમ સંવરનો પ્રકાર છે. ૧૫૦–૧૫૧.

દૃગજ્ઞાનથી પરિપૂર્ણ ને પરદ્રવ્યવિરહિત ધ્યાન જે,
તે નિર્જરાનો હેતુ થાય સ્વભાવપરિણત સાધુને. ૧૫૨.

**અન્વયાર્થ :—**[स्वभावसहितस्य साधोः] સ્વભાવસહિત સાધુને (–સ્વભાવપરિણત કેવળીભગવાનને) [दर्शनज्ञानसमग्रं] દર્શનજ્ઞાનથી સંપૂર્ણ અને [नो अन्यद्रव्यसंयुक्तम्]

---

૧. કૂટસ્થ = સર્વ કાળે એક રૂપે રહેનારું; અચળ. [જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મોનો નાશ થતાં કાંઈ જ્ઞાન સર્વથા અપરિણામી થઈ જતું નથી; પરંતુ તે અન્ય અન્ય જ્ઞેયોને જાણવારૂપે પલટાતું નથી—સર્વદા ત્રણે કાળના સમસ્ત જ્ઞેયોને જાણ્યા કરે છે, તેથી તેને કથંચિત્ કૂટસ્થ કહ્યું છે.]

૨. ભાવકર્મમોક્ષ = ભાવકર્મનું સર્વથા છૂટી જવું તે; ભાવમોક્ષ. (જ્ઞપ્તિક્રિયામાં ક્રમપ્રવૃત્તિનો અભાવ થવો તે ભાવમોક્ષ છે અથવા સર્વજ્ઞ-સર્વદર્શીપણાની અને અનંતાનંદમયપણાની પ્રગટતા તે ભાવમોક્ષ છે.)

૩. પ્રકાર = સ્વરૂપ; રીત.

द्रव्यकर्ममोक्षहेतुपरमनिर्जराकारणध्यानाख्यानमेतत् ।

एवमस्य खलु भावमुक्तस्य भगवतः केवलिनः स्वरूपतृप्तत्वाद्विश्रान्तसुखदुःखकर्मविपाककृतविक्रियस्य प्रक्षीणावरणत्वादनन्तज्ञानदर्शनसम्पूर्णशुद्धज्ञानचेतनामयत्वादतीन्द्रियत्वात् चान्यद्रव्यसंयोगवियुक्तं शुद्धस्वरूपेऽविचलितचैतन्यवृत्तिरूपत्वात्कथञ्चिद्ध्यानव्यपदेशार्हमात्मनः स्वरूपं पूर्वसञ्चितकर्मणां शक्तिशातनं पतनं वा विलोक्य निर्जराहेतुत्वेनोपवर्ण्यत इति॥१५२॥

---

અન્યદ્રવ્યથી અસંયુક્ત એવું [ ध्यानं ] ધ્યાન [ निर्जराहेतुः जायते ] નિર્જરાનો હેતુ થાય છે.

ટીકા :—આ, દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત એવી પરમ નિર્જરાના કારણભૂત ધ્યાનનું કથન છે.

એ રીતે ખરેખર આ (–પૂર્વોક્ત) ભાવમુક્ત (–ભાવમોક્ષવાળા) ભગવાન કેવળીને—કે જેમને સ્વરૂપતૃપ્તપણાને લીધે [1]કર્મવિપાકકૃત સુખદુઃખરૂપ વિક્રિયા અટકી ગઈ છે તેમને—આવરણના પ્રક્ષીણપણાને લીધે, અનંત જ્ઞાનદર્શનથી સંપૂર્ણ શુદ્ધજ્ઞાનચેતનામયપણાને લીધે તથા અતીંદ્રિયપણાને લીધે જે અન્યદ્રવ્યના સંયોગ વિનાનું છે અને શુદ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યવૃત્તિરૂપ હોવાને લીધે જે કંથચિત્ 'ધ્યાન' નામને યોગ્ય છે એવું આત્માનું સ્વરૂપ (–આત્માની નિજ દશા) પૂર્વસંચિત કર્મોની શક્તિનું [2]શાતન અથવા તેમનું [3]પતન અવલોકીને નિર્જરાના હેતુ તરીકે વર્ણવવામાં આવે છે.

ભાવાર્થ :—કેવળીભગવાનના આત્માની દશા જ્ઞાનદર્શનાવરણના ક્ષયવાળી હોવાને લીધે, શુદ્ધજ્ઞાનચેતનામય હોવાને લીધે તથા ઇન્દ્રિયવ્યાપારાદિ બહિર્દ્રવ્યના આલંબન વિનાની હોવાને લીધે અન્યદ્રવ્યના સંસર્ગ રહિત છે અને શુદ્ધસ્વરૂપમાં નિશ્ચળ ચૈતન્યપરિણતિરૂપ હોવાને લીધે કોઈ પ્રકારે 'ધ્યાન' નામને યોગ્ય છે. તેમની આવી આત્મદશા નિર્જરાના નિમિત્ત તરીકે વર્ણવવામાં આવે છે કારણ કે તેમને પૂર્વોપાર્જિત કર્મોની શક્તિ હીન થતી જાય છે તેમ જ તે કર્મો ખરતાં જાય છે. ૧૫૨.

---

૧. કેવળીભગવાન નિર્વિકાર-પરમાનંદસ્વરૂપ સ્વાત્મોપન્ન સુખથી તૃપ્ત છે તેથી કર્મનો વિપાક જેમાં નિમિત્તભૂત હોય છે એવી સાંસારિક સુખદુઃખરૂપ (–હર્ષવિષાદરૂપ) વિક્રિયા તેમને વિરામ પામી છે.

૨. શાતન = પાતળું થવું તે; હીન થવું તે; ક્ષીણ થવું તે.

૩. પતન = નાશ; ગલન; ખરી જવું તે.

जो संवरेण जुत्तो णिज्जरमाणोध सव्वकम्माणि।
ववगदवेदाउस्सो मुयदि भवं तेण सो मोक्खो॥१५३॥

यः संवरेण युक्तो निर्जरन्नथ सर्वकर्माणि।
व्यपगतवेद्यायुष्को मुञ्चति भवं तेन स मोक्षः॥१५३॥

द्रव्यमोक्षस्वरूपाख्यानमेतत् ।

अथ खलु भगवतः केवलिनो भावमोक्षे सति प्रसिद्धपरमसंवरस्योत्तरकर्मसन्ततौ निरुद्धायां परमनिर्जराकारणध्यानप्रसिद्धौ सत्यां पूर्वकर्मसन्ततौ कदाचित्स्वभावेनैव कदाचित्समुद्घातविधानेनायुःकर्मसमभूतस्थित्यामायुःकर्मानुसारेणैव निर्जीर्यमाणायामपुनर्भवाय

---

સંવરસહિત તે જીવ પૂર્વ સમસ્ત કર્મો નિર્જરે
ને આયુવેદ્યવિહીન થઈ ભવને તજે; તે મોક્ષ છે. ૧૫૩.

**અન્વયાર્થ :—**[ यः संवरेण युक्तः ] જે સંવરથી યુક્ત છે એવો (કેવળજ્ઞાનપ્રાપ્ત) જીવ [ निर्जरन् अथ सर्वकर्माणि ] સર્વ કર્મોને નિર્જરતો થકો [ व्यपगतवेद्यायुष्कः ] વેદનીય અને આયુષ રહિત થઈને [ भवं मुञ्चति ] ભવને છોડે છે; [ तेन ] તેથી (એ રીતે સર્વ કર્મપુદ્ગલોનો વિયોગ થવાને લીધે) [ सः मोक्षः ] તે મોક્ષ છે.

**ટીકા :—**આ, દ્રવ્યમોક્ષના સ્વરૂપનું કથન છે.

ખરેખર ભગવાન કેવળીને, ભાવમોક્ષ હોતાં, પરમ સંવર સિદ્ધ થવાને લીધે [૧]ઉત્તર કર્મસંતતિ નિરોધ પામી થકી અને પરમ નિર્જરાના કારણભૂત ધ્યાન સિદ્ધ થવાને લીધે [૨]પૂર્વ કર્મસંતતિ—કે જેની સ્થિતિ કદાચિત્ સ્વભાવથી જ આયુકર્મના જેટલી હોય છે અને કદાચિત્ [૩]સમુદ્ઘાતવિધાનથી આયુકર્મના જેટલી થાય છે તે—આયુકર્મના અનુસારે જ નિર્જરતી થકી, [૪]અપુનર્ભવને માટે તે ભવ છૂટવાના સમયે થતો જે વેદનીય-આયુ-નામ-

---

૧. ઉત્તર કર્મસંતતિ = પછીનો કર્મપ્રવાહ; ભાવી કર્મપરંપરા. ૨. પૂર્વ = પહેલાંની

૩. કેવળીભગવાનને વેદનીય, નામ અને ગોત્રકર્મની સ્થિતિ ક્યારેક સ્વભાવથી જ (અર્થાત્ કેવળીસમુદ્ઘાતરૂપ નિમિત્ત હોયા વિના જ) આયુકર્મના જેટલી હોય છે અને ક્યારેક તે ત્રણ કર્મોની સ્થિતિ આયુકર્મથી વધારે હોવા છતાં તે સ્થિતિ ઘટીને આયુકર્મ જેટલી થવામાં કેવળીસમુદ્ઘાત નિમિત્ત બને છે.

૪. અપુનર્ભવ = ફરીને ભવ નહિ થવો તે. (કેવળીભગવાનને ફરીને ભવ થયા વિના જ તે ભવનો ત્યાગ થાય છે; તેથી તેમના આત્માથી કર્મપુદ્ગલોનો સદાને માટે સર્વથા વિયોગ થાય છે.)

तद्भवत्यागसमये वेदनीयायुर्नामगोत्ररूपाणां जीवेन सहात्यन्तविश्लेषः कर्मपुद्गलानां द्रव्यमोक्षः ॥१५३॥

—इति मोक्षपदार्थव्याख्यानं समाप्तम्।

समाप्तं च मोक्षमार्गावयवरूपसम्यग्दर्शनज्ञानविषयभूतनवपदार्थव्याख्यानम् ॥

*  *  *

अथ मोक्षमार्गप्रपञ्चसूचिका चूलिका।

**जीवसहावं णाणं अप्पडिहददंसणं अणण्णमयं।**
**चरियं च तेसु णियदं अत्थित्तमणिंदियं भणियं॥१५४॥**

जीवस्वभावं ज्ञानमप्रतिहतदर्शनमनन्यमयम्।
चारित्रं च तयोर्नियतमस्तित्वमनिन्दितं भणितम्॥१५४॥

---

ગોત્રરૂપ કર્મપુદ્‌ગલોનો જીવની સાથે અત્યંત વિશ્લેષ (વિયોગ) તે દ્રવ્યમોક્ષ છે. ૧૫૩.

આ રીતે મોક્ષપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

વળી મોક્ષમાર્ગના અવયવરૂપ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનના વિષયભૂત નવ પદાર્થનું વ્યાખ્યાન પણ સમાપ્ત થયું.

*  *  *

હવે [૧]મોક્ષમાર્ગપ્રપંચસૂચક [૨]ચૂલિકા છે.

**આત્મસ્વભાવ અનન્યમય નિર્વિઘ્ન દર્શન જ્ઞાન છે;**
**દ્રગ્જ્ઞાનનિયત અનિંદ્ય જે અસ્તિત્વ તે ચારિત્ર છે. ૧૫૪.**

**અન્વયાર્થ :**—[जीवस्वभावं] જીવનો સ્વભાવ [ज्ञानम्] જ્ઞાન અને [अप्रतिहत-

---

૧. મોક્ષમાર્ગપ્રપંચસૂચક = મોક્ષમાર્ગનો વિસ્તાર જણાવનારી; મોક્ષમાર્ગને વિસ્તારથી કહેનારી; મોક્ષમાર્ગનું વિસ્તૃત કથન કરનારી.

૨. ચૂલિકાના અર્થ માટે ૧૪૨મા પાનાનું પદટિપ્પણ જુઓ.

**मोक्षमार्गस्वरूपाख्यानमेतत् ।**

**जीवस्वभावनियतं चरितं मोक्षमार्गः। जीवस्वभावो हि ज्ञानदर्शने अनन्यमयत्वात् । अनन्यमयत्वं च तयोर्विशेषसामान्यचैतन्यस्वभावजीवनिर्वृत्तत्वात् । अथ तयोर्जीवस्वरूपभूतयोर्ज्ञानदर्शनयोर्यन्नियतमवस्थितमुत्पादव्ययध्रौव्यरूपवृत्तिमयमस्तित्वं रागादिपरिणत्यभावादनिन्दितं तच्चरितं; तदेव मोक्षमार्ग इति। द्विविधं हि किल संसारिषु चरितं—स्वचरितं परचरितं च; स्वसमयपरसमयावित्यर्थः। तत्र स्वभावावस्थितास्तित्वस्वरूपं स्वचरितं, परभावावस्थितास्तित्वस्वरूपं परचरितम्। तत्र यत्स्वभावा-**

---

दर्शनम् ] અપ્રતિહત દર્શન છે—[ अनन्यमयम् ] કે જેઓ (જીવથી) અનન્યમય છે. [ तयोः ] તે જ્ઞાનદર્શનમાં [ नियतम् ] નિયત [ अस्तित्वम् ] અસ્તિત્વ—[ अनिन्दितं ] કે જે અનિંદિત છે—[ चारित्रं च भणितम् ] તેને (જિનેંદ્રોએ) ચારિત્ર કહ્યું છે.

ટીકા :—આ, મોક્ષમાર્ગના સ્વરૂપનું કથન છે.

જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. જીવસ્વભાવ ખરેખર જ્ઞાનદર્શન છે કારણ કે તેઓ (જીવથી) અનન્યમય છે. જ્ઞાનદર્શનનું (જીવથી) અનન્યમયપણું હોવાનું કારણ એ છે કે [1]વિશેષચૈતન્ય અને સામાન્યચૈતન્ય જેનો સ્વભાવ છે એવા જીવથી તેઓ નિષ્પન્ન છે (અર્થાત્ જીવથી જ્ઞાનદર્શન રચાયેલાં છે). હવે જીવના સ્વરૂપભૂત એવાં તે જ્ઞાનદર્શનમાં [2]નિયત—અવસ્થિત એવું જે ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ [3]વૃત્તિમય અસ્તિત્વ—કે જે રાગાદિપરિણામના અભાવને લીધે અનિંદિત છે—તે ચારિત્ર છે; તે જ મોક્ષમાર્ગ છે.

સંસારીઓમાં ચારિત્ર ખરેખર બે પ્રકારનું છે :—(૧) સ્વચારિત્ર અને (૨) પરચારિત્ર; (૧) સ્વસમય અને (૨) પરસમય એવો અર્થ છે. ત્યાં, સ્વભાવમાં અવસ્થિત અસ્તિત્વસ્વરૂપ (ચારિત્ર) તે સ્વચારિત્ર છે અને પરભાવમાં અવસ્થિત અસ્તિત્વસ્વરૂપ (ચારિત્ર) તે પરચારિત્ર છે. તેમાંથી (અર્થાત્ બે પ્રકારનાં ચારિત્રમાંથી), સ્વભાવમાં અવસ્થિત અસ્તિત્વરૂપ ચારિત્ર—કે જે પરભાવમાં અવસ્થિત

---

૧. વિશેષચૈતન્ય તે જ્ઞાન છે અને સામાન્યચૈતન્ય તે દર્શન છે.

૨. નિયત = અવસ્થિત; સ્થિત; સ્થિર; દ્રઢપણે રહેલું.

૩. વૃત્તિ = વર્તવું તે; હોવું તે. [ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ વૃત્તિ તે અસ્તિત્વ છે.]

**वस्थितास्तित्वरूपं परभावावस्थितास्तित्वव्यावृत्तत्वेनात्यन्तमनिन्दितं तदत्र साक्षान्मोक्ष-मार्गत्वेनावधारणीयमिति ।।१५४।।**

**जीवो सहावणियदो अणियदगुणपज्ञओध परसमओ।**
**जदि कुणदि सगं समयं पब्भस्सदि कम्मबंधादो ।।१५५।।**

**जीवः स्वभावनियतः अनियतगुणपर्यायोऽथ परसमयः।**
**यदि कुरुते स्वकं समयं प्रभ्रस्यति कर्मबन्धात् ।।१५५।।**

**स्वसमयपरसमयोपादानव्युदासपुरस्सरकर्मक्षयद्वारेण जीवस्वभावनियतचरितस्य मोक्ष-मार्गत्वद्योतनमेतत् ।**

---

અસ્તિત્વથી ભિન્ન હોવાને લીધે અત્યંત અનિંદિત છે તે—અહીં સાક્ષાત્ મોક્ષમાર્ગ તરીકે અવધારવું.

[આ જ ચારિત્ર 'પરમાર્થ'શબ્દથી વાચ્ય એવા મોક્ષનું કારણ છે, અન્ય નહિ —એમ નહિ જાણતાં થકાં, મોક્ષથી ભિન્ન એવા અસાર સંસારના કારણભૂત મિથ્યાત્વરાગાદિમાં લીન વર્તતાં થકાં આપણો અનંત કાળ ગયો; આમ જાણીને તે જ જીવસ્વભાવનિયત ચારિત્રની—કે જે મોક્ષના કારણભૂત છે તેની—નિરંતર ભાવના કરવી યોગ્ય છે. આ પ્રમાણે સૂત્રતાત્પર્ય છે.] ૧૫૪.

નિજભાવનિયત અનિયતગુણપર્યયપણે પરસમય છે;
તે જો કરે સ્વકસમયને તો કર્મબંધનથી છૂટે. ૧૫૫.

**અન્વયાર્થ :**—[जीवः] જીવ, [स्वभावनियतः] (દ્રવ્ય-અપેક્ષાએ) સ્વભાવનિયત હોવા છતાં, [अनियतगुणपर्यायः अथ परसमयः] જો અનિયત ગુણપર્યાયવાળો હોય તો પરસમય છે. [यदि] જો તે [स्वकं समयं कुरुते] (નિયત ગુણપર્યાયે પરિણમી) સ્વસમયને કરે છે તો [कर्मबन्धात्] કર્મબંધથી [प्रभ्रस्यति] છૂટે છે.

**ટીકા :**—સ્વસમયના ગ્રહણ અને પરસમયના ત્યાગપૂર્વક કર્મક્ષય થાય છે—એવા પ્રતિપાદન દ્વારા અહીં (આ ગાથામાં) 'જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે' એમ દર્શાવ્યું છે.

संसारिणो हि जीवस्य ज्ञानदर्शनावस्थितत्वात् स्वभावनियतस्याप्यनादिमोहनीयोदयानुवृत्तिपरत्वेनोपरक्तोपयोगस्य सतः समुपात्तभाववैश्वरूप्यत्वादनियतगुणपर्यायत्वं परसमयः परचरितमिति यावत्। तस्यैवानादिमोहनीयोदयानुवृत्तिपरत्वमपास्यात्यन्तशुद्धोपयोगस्य सतः समुपात्तभावैक्यरूप्यत्वान्नियतगुणपर्यायत्वं स्वसमयः स्वचरितमिति यावत्। अथ खलु यदि कथञ्चनोद्भिन्नसम्यग्ज्ञानज्योतिर्जीवः परसमयं व्युदस्य स्वसमयमुपादत्ते तदा कर्मबन्धादवश्यं भ्रश्यति। यतो हि जीवस्वभावनियतं चरितं मोक्षमार्ग इति॥१५५॥

**जो परदव्वम्हि सुहं असुहं रागेण कुणदि जदि भावं।**
**सो सगचरित्तभट्ठो परचरियचरो हवदि जीवो॥१५६॥**

---

સંસારી જીવ, (દ્રવ્ય-અપેક્ષાએ) જ્ઞાનદર્શનમાં અવસ્થિત હોવાને લીધે સ્વભાવમાં નિયત (–નિશ્ચળપણે રહેલો) હોવા છતાં, જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ કરવાને લીધે [1]ઉપરક્ત ઉપયોગવાળો (–અશુદ્ધ ઉપયોગવાળો) હોય છે ત્યારે (પોતે) ભાવોનું વિશ્વરૂપપણું (–અનેકરૂપપણું) ગ્રહ્યું હોવાને લીધે તેને જે [2]અનિયતગુણપર્યાયપણું હોય છે તે પરસમય અર્થાત્ પરચારિત્ર છે; તે જ (જીવ) જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિ કરવી છોડીને અત્યંત શુદ્ધ ઉપયોગવાળો હોય છે ત્યારે (પોતે) ભાવનું એકરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે તેને જે [3]નિયતગુણપર્યાયપણું હોય છે તે સ્વસમય અર્થાત્ સ્વચારિત્ર છે.

હવે, ખરેખર જો કોઈ પણ પ્રકારે સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને જીવ પરસમયને છોડી સ્વસમયને ગ્રહણ કરે છે તો કર્મબંધથી અવશ્ય છૂટે છે; જેથી ખરેખર (એમ નક્કી થાય છે કે) જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. ૧૫૫.

**જે રાગથી પરદ્રવ્યમાં કરતો શુભાશુભ ભાવને,**
**તે સ્વકચરિત્રથી ભ્રષ્ટ, પરચારિત્ર આચરનાર છે. ૧૫૬.**

---

૧. ઉપરક્ત = ઉપરાગયુક્ત. [કોઈ પદાર્થમાં થતો, અન્ય ઉપાધિને અનુરૂપ વિકાર (અર્થાત્ અન્ય ઉપાધિ જેમાં નિમિત્તભૂત હોય છે એવી ઔપાધિક વિકૃતિ—મલિનતા—અશુદ્ધિ) તે ઉપરાગ છે.]

૨. અનિયત = અનિશ્ચિત; અનેકરૂપ; વિવિધ પ્રકારના.

૩. નિયત = નિશ્ચિત; એકરૂપ; અમુક એક જ પ્રકારના.

यः परद्रव्ये शुभमशुभं रागेण करोति यदि भावम्।
स स्वकचरित्रभ्रष्टः परचरितचरो भवति जीवः॥१५६॥

परचरितप्रवृत्तस्वरूपाख्यानमेतत्।

यो हि मोहनीयोदयानुवृत्तिवशाद्रज्यमानोपयोगः सन् परद्रव्ये शुभमशुभं वा भावमादधाति, स स्वकचरित्रभ्रष्टः परचरित्रचर इत्युपगीयते; यतो हि स्वद्रव्ये शुद्धोपयोगवृत्तिः स्वचरितं, परद्रव्ये सोपरागोपयोगवृत्तिः परचरितमिति॥१५६॥

आसवदि जेण पुण्णं पावं वा अप्पणोध भावेण।
सो तेण परचरित्तो हवदि त्ति जिणा परूवेंति॥१५७॥

---

અન્વયાર્થ :—[ यः ] જે [ रागेण ] રાગથી (–રંજિત અર્થાત્ મલિન ઉપયોગથી) [ परद्रव्ये ] પરદ્રવ્યને વિષે [ शुभम् अशुभम् भावम् ] શુભ કે અશુભ ભાવ [ यदि करोति ] કરે છે, [ सः जीवः ] તે જીવ [ स्वकचरित्रभ्रष्टः ] સ્વચારિત્રભ્રષ્ટ એવો [ परचरितचरः भवति ] પરચારિત્રનો આચરનાર છે.

ટીકા :—આ, પરચારિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન છે.

જે (જીવ) ખરેખર મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિવશાત્ (અર્થાત્ મોહનીયના ઉદયને અનુસરીને પરિણમવાને લીધે) રંજિત-ઉપયોગવાળો (ઉપરક્ત-ઉપયોગવાળો) વર્તતો થકો, પરદ્રવ્યને વિષે શુભ કે અશુભ ભાવને ધારણ કરે છે, તે (જીવ) સ્વચારિત્રથી ભ્રષ્ટ એવો પરચારિત્રનો આચરનાર કહેવામાં આવે છે; કારણ કે ખરેખર સ્વદ્રવ્યને વિષે શુદ્ધ-ઉપયોગરૂપ પરિણતિ તે સ્વચારિત્ર છે અને પરદ્રવ્યને વિષે [1]સોપરાગ-ઉપયોગરૂપ પરિણતિ તે પરચારિત્ર છે. ૧૫૬.

રે! પુણ્ય અથવા પાપ જીવને આસ્રવે જે ભાવથી,
તેના વડે તે 'પરચરિત' નિર્દિષ્ટ છે જિનદેવથી. ૧૫૭.

---

૧. સોપરાગ = ઉપરાગયુક્ત; ઉપરક્ત; મલિન; વિકારી; અશુદ્ધ. [ઉપયોગમાં થતો, કર્મોદયરૂપ ઉપાધિને અનુરૂપ વિકાર (અર્થાત્ કર્મોદયરૂપ ઉપાધિ જેમાં નિમિત્તભૂત હોય છે એવી ઔપાધિક વિકૃતિ) તે ઉપરાગ છે.]

आस्रवति येन पुण्यं पापं वात्मनोऽथ भावेन।
स तेन परचरित्रः भवतीति जिनाः प्ररूपयन्ति॥१५७॥

परचरितप्रवृत्तेर्बन्धहेतुत्वेन मोक्षमार्गत्वनिषेधनमेतत्।

इह किल शुभोपरक्तो भावः पुण्यास्रवः, अशुभोपरक्तः पापास्रव इति। तत्र पुण्यं पापं वा येन भावेनास्रवति यस्य जीवस्य यदि स भावो भवति स जीवस्तदा तेन परचरित इति प्ररूप्यते। ततः परचरितप्रवृत्तिर्बन्धमार्ग एव, न मोक्षमार्ग इति॥१५७॥

जो सव्वसंगमुक्को णण्णमणो अप्पणं सहावेण।
जाणदि पस्सदि णियदं सो सगचरियं चरदि जीवो॥१५८॥

---

અન્વયાર્થ :—[येन भावेन] જે ભાવથી [आत्मनः] આત્માને [पुण्यं पापं वा] પુણ્ય અથવા પાપ [अथ आस्रवति] આસ્રવે છે, [तेन] તે ભાવ વડે [सः] તે (જીવ) [परचरित्रः भवति] પરચારિત્ર છે—[इति] એમ [जिनाः] જિનો [प्ररूपयन्ति] પ્રરૂપે છે.

ટીકા :—અહીં, પરચારિત્રપ્રવૃત્તિ બંધહેતુભૂત હોવાથી તેને મોક્ષમાર્ગપણાનો નિષેધ કરવામાં આવ્યો છે (અર્થાત્ પરચારિત્રમાં પ્રવર્તન બંધનો હેતુ હોવાથી તે મોક્ષમાર્ગ નથી એમ આ ગાથામાં દર્શાવ્યું છે).

અહીં ખરેખર શુભોપરક્ત ભાવ (–શુભરૂપ વિકારી ભાવ) તે પુણ્યાસ્રવ છે અને અશુભોપરક્ત ભાવ (–અશુભરૂપ વિકારી ભાવ) પાપાસ્રવ છે. ત્યાં, પુણ્ય અથવા પાપ જે ભાવથી આસ્રવે છે, તે ભાવ જ્યારે જે જીવને હોય ત્યારે તે જીવ તે ભાવ વડે પરચારિત્ર છે—એમ (જિનેંદ્રો દ્વારા) પ્રરૂપવામાં આવે છે. તેથી (એમ નક્કી થાય છે કે) પરચારિત્રમાં પ્રવૃત્તિ તે બંધમાર્ગ જ છે, મોક્ષમાર્ગ નથી. ૧૫૭.

સૌ-સંગમુક્ત અનન્યચિત્ત સ્વભાવથી નિજ આત્મને
જાણે અને દેખે નિયત રહી, તે સ્વચરિતપ્રવૃત્ત છે. ૧૫૮.

यः सर्वसङ्गमुक्तः अनन्यमनाः आत्मानं स्वभावेन।
जानाति पश्यति नियतं सः स्वकचरितं चरति जीवः॥१५८॥

स्वचरितप्रवृत्तस्वरूपाख्यानमेतत् ।

यः खलु निरुपरागोपयोगत्वात्सर्वसङ्गमुक्तः परद्रव्यव्यावृत्तोपयोगत्वादनन्यमनाः आत्मानं स्वभावेन ज्ञानदर्शनरूपेण जानाति पश्यति नियतमवस्थितत्वेन, स खलु स्वकं चरितं चरति जीवः। यतो हि दृशिज्ञप्तिस्वरूपे पुरुषे तन्मात्रत्वेन वर्तनं स्वचरितमिति॥१५८॥

---

**અન્વયાર્થ :**—[यः] જે [सर्वसङ्गमुक्तः] સર્વસંગમુક્ત અને [अनन्यमनाः] અનન્યમનવાળો વર્તતો થકો [आत्मानं] આત્માને [स्वभावेन] (જ્ઞાનદર્શનરૂપ) સ્વભાવ વડે [नियतं] નિયતપણે (—સ્થિરતાપૂર્વક) [जानाति पश्यति] જાણે-દેખે છે, [सः जीवः] તે જીવ [स्वकचरितं] સ્વચારિત્ર [चरति] આચરે છે.

**ટીકા :**—આ, સ્વચારિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન છે.

જે (જીવ) ખરેખર [1]નિરુપરાગ ઉપયોગવાળો હોવાને લીધે સર્વસંગમુક્ત વર્તતો થકો, પરદ્રવ્યથી [2]વ્યાવૃત્ત ઉપયોગવાળો હોવાને લીધે [3]અનન્યમનવાળો વર્તતો થકો, આત્માને જ્ઞાનદર્શનરૂપ સ્વભાવ વડે નિયતપણે અર્થાત્ અવસ્થિતપણે જાણે-દેખે છે, તે જીવ ખરેખર સ્વચારિત્ર આચરે છે; કારણ કે ખરેખર [4]દૃશિજ્ઞપ્તિસ્વરૂપ પુરુષમાં (—આત્મામાં) તન્માત્રપણે વર્તવું તે સ્વચારિત્ર છે.

**ભાવાર્થ :**—જે જીવ શુદ્ધોપયોગી વર્તતો થકો અને જેની પરિણતિ પર પ્રત્યે જતી નથી એવો વર્તતો થકો, આત્માને સ્વભાવભૂત જ્ઞાનદર્શનપરિણામ વડે સ્થિરતાપૂર્વક જાણે-દેખે છે, તે જીવ સ્વચારિત્ર આચરનાર છે; કારણ કે દૃશિજ્ઞપ્તિસ્વરૂપ આત્મામાં માત્ર દૃશિજ્ઞપ્તિરૂપે પરિણમીને રહેવું તે સ્વચારિત્ર છે. ૧૫૮.

---

૧. નિરુપરાગ = ઉપરાગ રહિત; નિર્મળ; અવિકારી; શુદ્ધ. [નિરુપરાગ ઉપયોગવાળો જીવ સમસ્ત બાહ્ય-અભ્યંતર સંગથી શૂન્ય છે તોપણ નિઃસંગ પરમાત્માની ભાવના દ્વારા ઉત્પન્ન સુંદર-આનંદસ્યંદી પરમાનંદસ્વરૂપ સુખસુધારસના આસ્વાદથી, પૂર્ણ-કળશની માફક, સર્વ આત્મપ્રદેશે ભરેલો હોય છે.]

૨. વ્યાવૃત્ત = પાછો વળેલ; અલગ થયેલ; નિવર્તેલ; નિવૃત્ત; ભિન્ન.

૩. અનન્યમનવાળો = જેની પરિણતિ અન્ય પ્રત્યે જતી નથી એવો. [મન = ચિત્ત; પરિણતિ; ભાવ.]

૪. દૃશિ = દર્શનક્રિયા; સામાન્ય અવલોકન.

चरियं चरदि सगं सो जो परदव्वप्पभावरहिदप्पा।
दंसणणाणवियप्पं अवियप्पं चरदि अप्पादो॥१५६॥

चरितं चरति स्वकं स यः परद्रव्यात्मभावरहितात्मा।
दर्शनज्ञानविकल्पमविकल्पं चरत्यात्मनः॥१५६॥

शुद्धस्वचरितप्रवृत्तिपथप्रतिपादनमेतत्।

यो हि योगीन्द्रः समस्तमोहव्यूहबहिर्भूतत्वात्परद्रव्यस्वभावभावरहितात्मा सन्, स्वद्रव्यमेकमेवाभिमुख्येनानुवर्तमानः स्वस्वभावभूतं दर्शनज्ञानविकल्पमप्यात्मनोऽविकल्पत्वेन

---

તે છે સ્વચરિતપ્રવૃત્ત, જે પરદ્રવ્યથી વિરહિતપણે
નિજ જ્ઞાનદર્શનભેદને જીવથી અભિન્ન જ આચરે. ૧૫૯.

અન્વયાર્થ :—[यः] જે [परद्रव्यात्मभावरहितात्मा] પરદ્રવ્યાત્મક ભાવોથી રહિત સ્વરૂપવાળો વર્તતો થકો, [दर्शनज्ञानविकल्पम्] (નિજસ્વભાવભૂત) દર્શનજ્ઞાનરૂપ ભેદને [आत्मनः अविकल्पं] આત્માથી અભેદપણે [चरति] આચરે છે, [सः] તે [स्वकं चरितं चरति] સ્વચારિત્રને આચરે છે.

ટીકા :—આ, શુદ્ધ સ્વચારિત્રપ્રવૃત્તિના માર્ગનું કથન છે.

જે યોગીન્દ્ર, સમસ્ત [1]મોહવ્યૂહથી બહિર્ભૂત હોવાને લીધે પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત સ્વરૂપવાળો વર્તતો થકો, સ્વદ્રવ્યને એકને જ અભિમુખપણે અનુસરતાં થકાં નિજસ્વભાવભૂત દર્શનજ્ઞાનભેદને પણ આત્માથી અભેદપણે આચરે છે, તે ખરેખર સ્વચારિત્રને આચરે છે.

આ રીતે ખરેખર [2]શુદ્ધદ્રવ્યને આશ્રિત, [3]અભિન્નસાધ્યસાધનભાવવાળા નિશ્ચય-

---

૧. મોહવ્યૂહ = મોહસમૂહ. [જે મુનીન્દ્રે સમસ્ત મોહસમૂહનો નાશ કર્યો હોવાથી 'પોતાનું સ્વરૂપ પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત છે' એવી પ્રતીતિ અને જ્ઞાન જેમને વર્તે છે, તથા તે ઉપરાંત જે કેવળ સ્વદ્રવ્યમાં જ નિર્વિકલ્પપણે અત્યંત લીન થઈ નિજસ્વભાવભૂત દર્શનજ્ઞાનભેદોને આત્માથી અભેદપણે આચરે છે, તે મુનીન્દ્ર સ્વચારિત્રના આચરનાર છે.]

૨. અહીં નિશ્ચયનયનો વિષય શુદ્ધદ્રવ્ય અર્થાત્ શુદ્ધપર્યાયપરિણત દ્રવ્ય છે, એટલે કે એકલા દ્રવ્યનો (−પર નિમિત્ત વિનાનો) શુદ્ધપર્યાય છે; જેમ કે, નિર્વિકલ્પ શુદ્ધપર્યાયપરિણત મુનિને નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે.

૩. જે નયમાં સાધ્ય અને સાધન અભિન્ન (અર્થાત્ એક પ્રકારનાં) હોય તે અહીં નિશ્ચયનય છે;

**चरति, स खलु स्वकं चरितं चरति। एवं हि शुद्धद्रव्याश्रितमभिन्नसाध्यसाधनभावं निश्चय-नयमाश्रित्य मोक्षमार्गप्ररूपणम्। यत्तु पूर्वमुद्दिष्टं तत्स्वपरप्रत्ययपर्यायाश्रितं भिन्नसाध्य-साधनभावं व्यवहारनयमाश्रित्य प्ररूपितम्। न चैतद्विप्रतिषिद्धं निश्चयव्यवहारयोः साध्यसाधन-भावत्वात्सुवर्णसुवर्णपाषाणवत्। अत एवोभयनयायत्ता पारमेश्वरी तीर्थप्रवर्तनेति॥१५६॥**

---

**નયના આશ્રયે મોક્ષમાર્ગનું પ્રરૂપણ કરવામાં આવ્યું. અને જે પૂર્વે (૧૦૭ મી ગાથામાં) દર્શાવવામાં આવ્યું હતું તે [૧]સ્વપરહેતુક પર્યાયને આશ્રિત, [૨]ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (—વ્યવહારનયની અપેક્ષાએ) પ્રરૂપવામાં આવ્યું હતું. આમાં પરસ્પર વિરોધ આવે છે એમ પણ નથી, કારણ કે સુવર્ણ અને [૩]સુવર્ણપાષાણની માફક નિશ્ચય-વ્યવહારને સાધ્ય-સાધનપણું છે; તેથી જ પારમેશ્વરી (—જિનભગવાનની) [૪]તીર્થ-પ્રવર્તના [૫]બંને નયોને આધીન છે. ૧૫૯.**

---

જેમ કે, નિર્વિકલ્પધ્યાનપરિણત (—શુદ્ધાત્મશ્રદ્ધાનજ્ઞાનચારિત્રપરિણત) મુનિને નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે કારણ કે ત્યાં (મોક્ષરૂપ) સાધ્ય અને (મોક્ષમાર્ગરૂપ) સાધન એક પ્રકારનાં અર્થાત્ શુદ્ધાત્મરૂપ (—શુદ્ધાત્મપર્યાયરૂપ) છે.

૧. જે પર્યાયોમાં સ્વ તેમ જ પર કારણ હોય છે અર્થાત્ ઉપાદાનકારણ તેમ જ નિમિત્તકારણ હોય છે તે પર્યાયો સ્વપરહેતુક પર્યાયો છે; જેમ કે, છઠ્ઠા ગુણસ્થાને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મ-સ્વરૂપના આંશિક આલંબન સહિત) વર્તતાં તત્ત્વાર્થશ્રદ્ધાન (નવપદાર્થગત શ્રદ્ધાન), તત્ત્વાર્થજ્ઞાન (નવપદાર્થગત જ્ઞાન) અને પંચમહાવ્રતાદિરૂપ ચારિત્ર—એ બધા સ્વપરહેતુક પર્યાયો છે. તેઓ અહીં વ્યવહારનયના વિષયભૂત છે.

૨. જે નયમાં સાધ્ય તથા સાધન ભિન્ન હોય (—જુદાં પ્રરૂપવામાં આવે) તે અહીં વ્યવહારનય છે; જેમ કે, છઠ્ઠા ગુણસ્થાને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના આંશિક આલંબન સહિત) વર્તતાં તત્ત્વાર્થશ્રદ્ધાન (નવપદાર્થસંબંધી શ્રદ્ધાન), તત્ત્વાર્થજ્ઞાન અને પંચમહાવ્રતાદિરૂપ ચારિત્ર વ્યવહારનયથી મોક્ષમાર્ગ છે કારણ કે (મોક્ષરૂપ) સાધ્ય સ્વહેતુક પર્યાય છે અને (તત્ત્વાર્થશ્રદ્ધાનાદિમય મોક્ષમાર્ગરૂપ) સાધન સ્વપરહેતુક પર્યાય છે.

૩. જે પાષાણમાં સુવર્ણ હોય તેને સુવર્ણપાષાણ કહેવામાં આવે છે. જેમ વ્યવહારનયથી સુવર્ણપાષાણ સુવર્ણનું સાધન છે, તેમ વ્યવહારનયથી વ્યવહારમોક્ષમાર્ગ નિશ્ચયમોક્ષમાર્ગનું સાધન છે; એટલે કે વ્યવહારનયથી ભાવલિંગી મુનિને સવિકલ્પ દશામાં વર્તતાં તત્ત્વાર્થશ્રદ્ધાન, તત્ત્વાર્થજ્ઞાન અને મહાવ્રતાદિરૂપ ચારિત્ર નિર્વિકલ્પ દશામાં વર્તતાં શુદ્ધાત્મશ્રદ્ધાનજ્ઞાનાનુષ્ઠાનનાં સાધન છે.

૪. તીર્થ = માર્ગ (અર્થાત્ મોક્ષમાર્ગ); ઉપાય (અર્થાત્ મોક્ષનો ઉપાય); ઉપદેશ; શાસન.

૫. જિનભગવાનના ઉપદેશમાં બે નયો દ્વારા નિરૂપણ હોય છે. ત્યાં, નિશ્ચયનય દ્વારા તો સત્યાર્થ નિરૂપણ કરવામાં આવે છે અને વ્યવહારનય દ્વારા અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે.

પ્રશ્ન :—સત્યાર્થ નિરૂપણ જ કરવું જોઈએ; અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ શા માટે કરવામાં આવે છે?

धम्मादीसद्दहणं सम्मत्तं णाणमंगपुव्वगदं।
चेट्ठा तवम्हि चरिया ववहारो मोक्खमग्गो त्ति॥१६०॥

धर्मादिश्रद्धानं सम्यक्त्वं ज्ञानमङ्गपूर्वगतम्।
चेष्टा तपसि चर्या व्यवहारो मोक्षमार्ग इति॥१६०॥

---

ધર્માદિની શ્રદ્ધા સુદગ, પૂર્વાંગબોધ સુબોધ છે,
તપમાંહી ચેષ્ટા ચરણ—એ વ્યવહારમુક્તિમાર્ગ છે. ૧૬૦.

**અન્વયાર્થ :**—[ धर्मादिश्रद्धानं सम्यक्त्वम् ] ધર્માસ્તિકાયાદિનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ, [ अङ्गपूर्वगतम् ज्ञानम् ] અંગપૂર્વસંબંધી જ્ઞાન તે જ્ઞાન અને [ तपसि चेष्टा चर्या ] તપમાં ચેષ્ટા (–પ્રવૃત્તિ) તે ચારિત્ર;—[ इति ] એ પ્રમાણે [ व्यवहारः मोक्षमार्गः ] વ્યવહારમોક્ષમાર્ગ છે.

---

ઉત્તર :—જેને સિંહનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય તેને સિંહના સ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા અર્થાત્ બિલાડીના સ્વરૂપના નિરૂપણ દ્વારા સિંહના યથાર્થ સ્વરૂપના ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે, તેમ જેને વસ્તુનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય તેને વસ્તુસ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા વસ્તુસ્વરૂપના યથાર્થ ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે. વળી લાંબા કથનને બદલે સંક્ષિપ્ત કથન કરવા માટે પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે. અહીં એટલું લક્ષમાં રાખવાયોગ્ય છે કે—જે પુરુષ બિલાડીના નિરૂપણને જ સિંહનું નિરૂપણ માની બિલાડીને જ સિંહ સમજી બેસે તે તો ઉપદેશને જ યોગ્ય નથી, તેમ જે પુરુષ ઉપચરિત નિરૂપણને જ સત્યાર્થ નિરૂપણ માની વસ્તુસ્વરૂપને ખોટી રીતે સમજી બેસે તે તો ઉપદેશને જ યોગ્ય નથી.

[અહીં એક ઉદાહરણ લેવામાં આવે છે :—

સાધ્ય-સાધન વિષેનું સત્યાર્થ નિરૂપણ એમ છે કે 'છઠ્ઠા ગુણસ્થાને વર્તતી આંશિક શુદ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે'. હવે, 'છઠ્ઠા ગુણસ્થાને કેવી અથવા કેટલી શુદ્ધિ હોય છે'—એ વાતનો પણ સાથે સાથે ખ્યાલ કરાવવો હોય તો, વિસ્તારથી એમ નિરૂપણ કરાય કે 'જે શુદ્ધિના સદ્ભાવમાં, તેની સાથે સાથે મહાવ્રતાદિના શુભ વિકલ્પો હઠ વિના સહજપણે વર્તતા હોય છે તે છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે'. આવા લાંબા કથનને બદલે, એમ કહેવામાં આવે કે 'છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મહાવ્રતાદિના શુભ વિકલ્પો સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે', તો એ ઉપચરિત નિરૂપણ છે. આવા ઉપચરિત નિરૂપણમાંથી એમ અર્થ તારવવો જોઈએ કે 'મહાવ્રતાદિના શુભ વિકલ્પો નહિ પણ તેમના દ્વારા સૂચવવા ધારેલી છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ ખરેખર સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે'.]

**निश्चयमोक्षमार्गसाधनभावेन पूर्वोद्दिष्टव्यवहारमोक्षमार्गनिर्देशोऽयम्।**

**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः। तत्र धर्मादीनां द्रव्यपदार्थविकल्पवतां तत्त्वार्थश्रद्धानभावस्वभावं भावान्तरं श्रद्धानाख्यं सम्यक्त्वं, तत्त्वार्थश्रद्धाननिर्वृत्तौ सत्यामङ्ग-पूर्वगतार्थपरिच्छित्तिर्ज्ञानम्, आचारादिसूत्रप्रपञ्चितविचित्रयतिवृत्तसमस्तसमुदयरूपे तपसि चेष्टा चर्या—इत्येषः स्वपरप्रत्ययपर्यायाश्रितं भिन्नसाध्यसाधनभावं व्यवहारनयमाश्रित्यानुगम्यमानो मोक्षमार्गः कार्तस्वरपाषाणार्पितदीप्तजातवेदोवत्समाहितान्तरङ्गस्य प्रतिपदमुपरितनशुद्धभूमिकासु परमरम्यासु विश्रान्तिमभिन्नां निष्पादयन्, जात्यकार्तस्वरस्येव शुद्धजीवस्य कथञ्चिद्भिन्न-साध्यसाधनभावाभावात्स्वयं शुद्धस्वभावेन विपरिणममानस्यापि, निश्चयमोक्षमार्गस्य साधन-भावमापद्यत इति॥१६०॥**

---

ટીકા :—નિશ્ચયમોક્ષમાર્ગના સાધન તરીકે, પૂર્વોદ્દિષ્ટ (૧૦૭મી ગાથામાં ઉલ્લેખવામાં આવેલા) વ્યવહારમોક્ષમાર્ગનો આ નિર્દેશ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. ત્યાં, (છ) દ્રવ્યરૂપ અને (નવ) પદાર્થરૂપ જેમના ભેદો છે એવાં ધર્માદિના તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ ભાવ (–ધર્માસ્તિકાયાદિની તત્ત્વાર્થપ્રતીતિરૂપ ભાવ) જેનો સ્વભાવ છે એવો, ‘શ્રદ્ધાન’ નામનો ભાવવિશેષ તે સમ્યક્ત્વ; તત્ત્વાર્થશ્રદ્ધાનના સદ્ભાવમાં અંગપૂર્વગત પદાર્થોનું અવબોધન (–જાણવું) તે જ્ઞાન; આચારાદિ સૂત્રો વડે કહેવામાં આવેલા અનેકવિધ મુનિ-આચારોના સમસ્ત સમુદાયરૂપ તપમાં ચેષ્ટા (–પ્રવર્તન) તે ચારિત્ર;—આવો આ, સ્વપરહેતુક પર્યાયને આશ્રિત, ભિન્ન-સાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (–વ્યવહારનયની અપેક્ષાએ) અનુસરવામાં આવતો મોક્ષમાર્ગ, સુવર્ણપાષાણને લગાડવામાં આવતા પ્રદીપ્ત અગ્નિની માફક, ★સમાહિત અંતરંગવાળા જીવને (અર્થાત્ જેનું અંતરંગ એકાગ્ર—સમાધિપ્રાપ્ત છે એવા જીવને) પદે પદે પરમ રમ્ય એવી ઉપરની શુદ્ધ ભૂમિકાઓમાં અભિન્ન વિશ્રાંતિ (–અભેદરૂપ સ્થિરતા) નિપજાવતો થકો—જોકે ઉત્તમ સુવર્ણની માફક શુદ્ધ જીવ કથંચિત્ ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે સ્વયં (પોતાની મેળે) શુદ્ધ સ્વભાવે પરિણમે છે તોપણ—નિશ્ચયમોક્ષમાર્ગના સાધનપણાને પામે છે.

ભાવાર્થ :—જેને અંતરંગમાં શુદ્ધિનો અંશ પરિણમ્યો છે તે જીવને તત્ત્વાર્થશ્રદ્ધાન,

---

★ સમાહિત = એકાગ્ર; એકતાને પામેલ; અભેદતાને પ્રાપ્ત; છિન્નભિન્નતા રહિત; સમાધિપ્રાપ્ત; શુદ્ધ; પ્રશાંત.

**णिच्छयणएण भणिदो तिहि तेहिं समाहिदो हु जो अप्पा।**
**ण कुणदि किंचि वि अण्णं ण मुयदि सो मोक्खमग्गो त्ति॥१६१॥**

**निश्चयनयेन भणितस्त्रिभिस्तैः समाहितः खलु यः आत्मा।**
**न करोति किञ्चिदप्यन्यन्न मुञ्चति स मोक्षमार्ग इति॥१६१॥**

---

અંગપૂર્વગત જ્ઞાન અને મુનિ-આચારમાં પ્રવર્તનરૂપ [1]વ્યવહારમોક્ષમાર્ગ વિશેષ વિશેષ શુદ્ધિનું વ્યવહારસાધન બનતો થકો, જોકે નિર્વિકલ્પશુદ્ધભાવપરિણત જીવને પરમાર્થે તો ઉત્તમ સુવર્ણની જેમ અભિન્નસાધ્યસાધનભાવને લીધે સ્વયમેવ શુદ્ધભાવરૂપ પરિણમન હોય છે તોપણ, વ્યવહારનયથી નિશ્ચયમોક્ષમાર્ગના સાધનપણાને પામે છે.

[અજ્ઞાની દ્રવ્યલિંગી મુનિનું અંતરંગ લેશ પણ સમાહિત નહિ હોવાથી અર્થાત્ તેને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના અજ્ઞાનને લીધે) શુદ્ધિનો અંશ પણ પરિણમ્યો નહિ હોવાથી તેને વ્યવહારમોક્ષમાર્ગ પણ નથી.] ૧૬૦.

**જે જીવ દર્શનજ્ઞાનચરણ વડે સમાહિત હોઈને,**
**છોડે-ગ્રહે નહિ અન્ય કંઈ પણ, નિશ્ચયે શિવમાર્ગ છે. ૧૬૧.**

**અન્વયાર્થ :**—[**यः आत्मा**] જે આત્મા [**तैः त्रिभिः खलु समाहितः**] એ ત્રણ વડે ખરેખર સમાહિત થયો થકો (અર્થાત્ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર વડે ખરેખર એકાગ્ર—અભેદ થયો થકો) [**अन्यत् किञ्चित् अपि**] અન્ય કાંઈ પણ [**न करोति न मुञ्चति**] કરતો નથી કે છોડતો નથી, [**सः**] તે [**निश्चयनयेन**] નિશ્ચયનયથી [**मोक्षमार्गः इति भणितः**] 'મોક્ષમાર્ગ' કહેવામાં આવ્યો છે.

---

૧. આ ગાથાની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં પંચમગુણસ્થાનવર્તી ગૃહસ્થને પણ વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો છે. ત્યાં વ્યવહારમોક્ષમાર્ગનું સ્વરૂપ નીચે પ્રમાણે વર્ણવ્યું છે :—'વીતરાગસર્વજ્ઞપ્રણીત જીવાદિપદાર્થો સંબંધી સમ્યક્ શ્રદ્ધાન તેમ જ જ્ઞાન બંને, ગૃહસ્થને અને તપોધનને સમાન હોય છે; ચારિત્ર, તપોધનોને આચારાદિ ચરણગ્રંથોમાં વિહિત કરેલા માર્ગ પ્રમાણે પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનયોગ્ય પંચમહાવ્રત-પંચસમિતિ-ત્રિગુપ્તિ-ષડાવશ્યકાદિરૂપ હોય છે અને ગૃહસ્થોને ઉપાસકાધ્યયનગ્રંથમાં વિહિત કરેલા માર્ગ પ્રમાણે પંચમગુણસ્થાનયોગ્ય દાન-શીલ-પૂજા-ઉપવાસાદિરૂપ અથવા દાર્શનિક-વ્રતિકાદિ અગિયાર સ્થાનરૂપ (અગિયાર પ્રતિમારૂપ) હોય છે; એ પ્રમાણે વ્યવહારમોક્ષમાર્ગનું લક્ષણ છે.'

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**व्यवहारमोक्षमार्गसाध्यभावेन निश्चयमोक्षमार्गोपन्यासोऽयम्।**

**सम्यग्दर्शनज्ञानचारित्रसमाहित आत्मैव जीवस्वभावनियतचरितत्वान्निश्चयेन मोक्षमार्गः। अथ खलु कथञ्चनानाद्यविद्याव्यपगमाद्व्यवहारमोक्षमार्गमनुप्रपन्नो धर्मादितत्त्वार्थाश्रद्धानाङ्गपूर्वगतार्थाज्ञानातपश्चेष्टानां धर्मादितत्त्वार्थश्रद्धानाङ्गपूर्वगतार्थज्ञानतपश्चेष्टानाञ्च त्यागोपादानाय प्रारब्धविविक्तभावव्यापारः, कुतश्चिदुपादेयत्यागे त्याज्योपादाने च पुनः प्रवर्तितप्रतिविधानाभिप्रायो, यस्मिन्यावति काले विशिष्टभावनासौष्ठववशात्सम्यग्दर्शन-**

---

**ટીકા :—વ્યવહારમોક્ષમાર્ગના સાધ્ય તરીકે, નિશ્ચયમોક્ષમાર્ગનું આ કથન છે.**

**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સમાહિત થયેલો આત્મા જ જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ હોવાને લીધે નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.**

**હવે (વિસ્તાર એમ છે કે), આ આત્મા ખરેખર કથંચિત્ (–કોઈ પ્રકારે, નિજ ઉદ્યમથી) અનાદિ અવિદ્યાના નાશ દ્વારા વ્યવહારમોક્ષમાર્ગને પામ્યો થકો, ધર્માદિસંબંધી તત્ત્વાર્થ-અશ્રદ્ધાનના, અંગપૂર્વગત પદાર્થોસંબંધી અજ્ઞાનના અને અતપમાં ચેષ્ટાના ત્યાગ અર્થે તથા ધર્માદિસંબંધી તત્ત્વાર્થશ્રદ્ધાનના, અંગપૂર્વગત પદાર્થોસંબંધી જ્ઞાનના અને તપમાં ચેષ્ટાના ગ્રહણ અર્થે (–ત્રણના ત્યાગ અર્થે તથા ત્રણના ગ્રહણ અર્થે) [1]વિવિક્ત ભાવરૂપ વ્યાપાર કરતો થકો, વળી કોઈ કારણે ગ્રાહ્યનો ત્યાગ થઈ જતાં અને ત્યાજ્યનું ગ્રહણ થઈ જતાં તેના [2]પ્રતિવિધાનનો અભિપ્રાય કરતો થકો, જે કાળે અને જેટલા કાળ સુધી [3]વિશિષ્ટ ભાવનાસૌષ્ઠવને લીધે સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાથે [4]અંગ-અંગીભાવે પરિણતિ**

---

૧. વિવિક્ત = વિવેકથી જુદા તારવેલા (અર્થાત્ હેય અને ઉપાદેયનો વિવેક કરીને વ્યવહારે ઉપાદેય તરીકે જાણેલા). [જેણે અનાદિ અજ્ઞાનનો નાશ કરી શુદ્ધિનો અંશ પ્રગટ કર્યો છે એવા વ્યવહારમોક્ષમાર્ગી (સવિકલ્પ) જીવને નિઃશંકતા-નિઃકાંક્ષા-નિર્વિચિકિત્સાદિ ભાવરૂપ, સ્વાધ્યાય-વિનયાદિ ભાવરૂપ અને નિરતિચાર વ્રતાદિ ભાવરૂપ વ્યાપાર ભૂમિકાનુસાર હોય છે તથા કોઈ કારણે ઉપાદેય ભાવોનો (–વ્યવહારે ગ્રાહ્ય ભાવોનો) ત્યાગ થઈ જતાં અને ત્યાજ્ય ભાવોનું ઉપાદાન અર્થાત્ ગ્રહણ થઈ જતાં તેના પ્રતિકારરૂપે પ્રાયશ્ચિત્તાદિ વિધાન પણ હોય છે.]

૨. પ્રતિવિધાન = પ્રતિકાર કરવાની વિધિ; પ્રતિકારનો ઉપાય; ઈલાજ.

૩. વિશિષ્ટ ભાવનાસૌષ્ઠવ = ખાસ સારી ભાવના (અર્થાત્ ખાસ શુદ્ધ ભાવના); વિશિષ્ટ પ્રકારની ઉત્તમ ભાવના.

૪. આત્મા તે અંગી અને સ્વભાવભૂત સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર તે અંગ.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**ज्ञानचारित्रैः स्वभावभूतैः सममङ्गाङ्गिभावपरिणत्या तत्समाहितो भूत्वा त्यागोपादानविकल्पशून्यत्वाद्विश्रान्तभावव्यापारः सुनिष्प्रकम्पः अयमात्मावतिष्ठते, तस्मिन् तावति काले अयमेवात्मा जीवस्वभावनियतचरितत्वान्निश्चयेन मोक्षमार्ग इत्युच्यते। अतो निश्चयव्यवहारमोक्षमार्गयोः साध्यसाधनभावो नितरामुपपन्न इति॥१६१॥**

---

વડે [1]તેમનાથી સમાહિત થઈને, ત્યાગગ્રહણના વિકલ્પથી શૂન્યપણાને લીધે (ભેદાત્મક) ભાવરૂપ વ્યાપાર વિરામ પામવાથી (અર્થાત્ ભેદભાવરૂપ–ખંડભાવરૂપ વ્યાપાર અટકી જવાથી) સુનિષ્કંપપણે રહે છે, તે કાળે અને તેટલા કાળ સુધી આ જ આત્મા જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ હોવાને લીધે નિશ્ચયથી 'મોક્ષમાર્ગ' કહેવાય છે. આથી, નિશ્ચયમોક્ષમાર્ગ અને [2]વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધનપણું અત્યંત ઘટે છે.

ભાવાર્થ :—નિશ્ચયમોક્ષમાર્ગ નિજ શુદ્ધાત્માની રુચિ, જ્ઞપ્તિ અને નિશ્ચળ અનુભૂતિરૂપ છે. તેનો સાધક (અર્થાત્ નિશ્ચયમોક્ષમાર્ગનું વ્યવહારસાધન) એવો જે ભેદરત્નત્રયાત્મક વ્યવહારમોક્ષમાર્ગ તેને જીવ કથંચિત્ (–કોઈ પ્રકારે, નિજ ઉદ્યમથી) પોતાના સંવેદનમાં આવતી અવિદ્યાની વાસનાના વિલય દ્વારા પામ્યો થકો, જ્યારે ગુણસ્થાનરૂપ સોપાનના ક્રમ પ્રમાણે નિજશુદ્ધાત્મદ્રવ્યની ભાવનાથી ઉત્પન્ન નિત્યાનંદ-લક્ષણવાળા સુખામૃતના રસાસ્વાદની તૃપ્તિરૂપ પરમ કળાના અનુભવને લીધે નિજ-શુદ્ધાત્માશ્રિત નિશ્ચયદર્શનજ્ઞાનચારિત્રરૂપે અભેદપણે પરિણમે છે, ત્યારે નિશ્ચયનયથી ભિન્ન સાધ્ય-સાધનના અભાવને લીધે આ આત્મા જ મોક્ષમાર્ગ છે. માટે એમ ઠર્યું કે સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધકપણું (વ્યવહારનયથી) અત્યંત ઘટે છે. ૧૬૧.

---

૧. તેમનાથી = સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી

૨. અહીં એ ખ્યાલમાં રાખવાયોગ્ય છે કે જીવ વ્યવહારમોક્ષમાર્ગને પણ અનાદિ અવિદ્યાનો નાશ કરીને જ પામી શકે છે; અનાદિ અવિદ્યાના નાશ પહેલાં તો (અર્થાત્ નિશ્ચયનયના—દ્રવ્યાર્થિકનયના—વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનું ભાન કર્યા પહેલાં તો) વ્યવહારમોક્ષમાર્ગ પણ હોતો નથી.

વળી, 'નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધનપણું અત્યંત ઘટે છે' એમ જે કહેવામાં આવ્યું છે તે વ્યવહારનય દ્વારા કરવામાં આવેલું ઉપચરિત નિરૂપણ છે. તેમાંથી એમ અર્થ તારવવો જોઈએ કે 'છઠ્ઠા ગુણસ્થાને વર્તતા શુભ વિકલ્પોને નહિ પણ છઠ્ઠા ગુણસ્થાને વર્તતા શુદ્ધિના અંશને અને સાતમા ગુણસ્થાનયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગને ખરેખર સાધન-સાધ્યપણું છે'. છઠ્ઠા ગુણસ્થાને વર્તતો શુદ્ધિનો અંશ વધીને જ્યારે અને જેટલા કાળ સુધી ઉગ્ર શુદ્ધિને લીધે શુભ વિકલ્પોનો અભાવ વર્તે છે ત્યારે અને તેટલા કાળ સુધી સાતમા ગુણસ્થાનયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ હોય છે.

**जो चरदि णादि पेच्छदि अप्पाणं अप्पणा अणण्णमयं।**
**सो चारित्तं णाणं दंसणमिदि णिच्छिदो होदि॥१६२॥**

यश्चरति जानाति पश्यति आत्मानमात्मनानन्यमयम्।
स चारित्रं ज्ञानं दर्शनमिति निश्चितो भवति॥१६२॥

आत्मनश्चारित्रज्ञानदर्शनत्वद्योतनमेतत्।

यः खल्वात्मानमात्ममयत्वादनन्यमयमात्मना चरति—स्वभावनियतास्तित्वेनानुवर्तते, आत्मना जानाति—स्वपरप्रकाशकत्वेन चेतयते, आत्मना पश्यति—याथातथ्येनावलोकयते, स खल्वात्मैव चारित्रं ज्ञानं दर्शनमिति कर्तृकर्मकरणानामभेदान्निश्चितो भवति।

---

જાણે, જુએ ને આચરે નિજ આત્મને આત્મા વડે,
તે જીવ દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે નિશ્ચિતપણે. ૧૬૨.

**અન્વયાર્થ :**—[यः] જે (આત્મા) [अनन्यमयम् आत्मानम्] અનન્યમય આત્માને [आत्मना] આત્માથી [चरति] આચરે છે, [जानाति] જાણે છે, [पश्यति] દેખે છે, [सः] તે (આત્મા જ) [चारित्रं] ચારિત્ર છે, [ज्ञानं] જ્ઞાન છે, [दर्शनम्] દર્શન છે—[इति] એમ [निश्चितः भवति] નિશ્ચિત છે.

**ટીકા :**—આ, આત્માના ચારિત્ર-જ્ઞાન-દર્શનપણાનું પ્રકાશન છે (અર્થાત્ આત્મા જ ચારિત્ર, જ્ઞાન અને દર્શન છે એમ અહીં સમજાવ્યું છે).

જે (આત્મા) ખરેખર આત્માને—કે જે આત્મમય હોવાથી અનન્યમય છે તેને—આત્માથી આચરે છે અર્થાત્ [1]સ્વભાવનિયત અસ્તિત્વ વડે અનુવર્તે છે (–સ્વભાવનિયત અસ્તિત્વરૂપે પરિણમીને અનુસરે છે), (અનન્યમય આત્માને જ) આત્માથી જાણે છે અર્થાત્ સ્વપરપ્રકાશકપણે ચેતે છે, (અનન્યમય આત્માને જ) આત્માથી દેખે છે અર્થાત્ યથાતથપણે અવલોકે છે, તે આત્મા જ ખરેખર ચારિત્ર છે, જ્ઞાન છે, દર્શન છે—એમ [2]કર્તા-કર્મ-કરણના

---

૧. સ્વભાવનિયત = સ્વભાવમાં અવસ્થિત; (જ્ઞાનદર્શનરૂપ) સ્વભાવમાં દ્રઢપણે રહેલ. ['સ્વભાવનિયત અસ્તિત્વ'ની વિશેષ સ્પષ્ટતા માટે ૧૫૪મી ગાથાની ટીકા જુઓ.]

૨. જ્યારે આત્મા આત્માને આત્માથી આચરે-જાણે-દેખે છે, ત્યારે કર્તા પણ આત્મા, કર્મ પણ આત્મા અને કરણ પણ આત્મા છે; એ રીતે ત્યાં કર્તા-કર્મ-કરણનું અભિન્નપણું છે.

अतश्चारित्रज्ञानदर्शनरूपत्वाज्जीवस्वभावनियतचरितत्वलक्षणं निश्चयमोक्षमार्गत्वमात्मनो नितरामुपपन्नमिति ।।१६२।।

जेण विजाणदि सव्वं पेच्छदि सो तेण सोक्खमणुहवदि।
इदि तं जाणदि भविओ अभवियसत्तो ण सद्दहदि ।।१६३।।

येन विजानाति सर्वं पश्यति स तेन सौख्यमनुभवति।
इति तज्जानाति भव्योऽभव्यसत्त्वो न श्रद्धत्ते ।।१६३।।

सर्वस्यात्मनः संसारिणो मोक्षमार्गार्हत्वनिरासोऽयम्।

इह हि स्वभावप्रातिकूल्याभावहेतुकं सौख्यम्। आत्मनो हि दृशि-ज्ञप्ती

અભેદને લીધે નિશ્ચિત છે. આથી (એમ નક્કી થયું કે) ચારિત્ર-જ્ઞાન-દર્શનરૂપ હોવાને લીધે આત્માને જીવસ્વભાવનિયત ચારિત્ર જેનું લક્ષણ છે એવું નિશ્ચયમોક્ષમાર્ગપણું અત્યંત ઘટે છે (અર્થાત્ આત્મા જ ચારિત્ર-જ્ઞાન-દર્શન હોવાને લીધે આત્મા જ જ્ઞાનદર્શનરૂપ જીવસ્વભાવમાં દ્રઢપણે રહેલું ચારિત્ર જેનું સ્વરૂપ છે એવો નિશ્ચયમોક્ષમાર્ગ છે). ૧૬૨.

જાણે–જુએ છે સર્વ તેથી સૌખ્ય-અનુભવ મુક્તને;
—આ ભાવ જાણે ભવ્ય જીવ, અભવ્ય નહિ શ્રદ્ધા લહે. ૧૬૩.

અન્વયાર્થ :—[येन] જેથી (આત્મા મુક્ત થતાં) [सर्वं विजानाति] સર્વને જાણે છે અને [पश्यति] દેખે છે, [तेन] તેથી [सः] તે [सौख्यम् अनुभवति] સૌખ્યને અનુભવે છે;—[इति तद्] આમ [भव्यः जानाति] ભવ્ય જીવ જાણે છે, [अभव्यसत्त्वः न श्रद्धत्ते] અભવ્ય જીવ શ્રદ્ધતો નથી.

ટીકા :—આ, સર્વ સંસારી આત્માઓ મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ (નિષેધ) છે.

ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની [1]પ્રતિકૂળતાનો અભાવ છે. આત્માનો 'સ્વભાવ' ખરેખર દશિ–જ્ઞપ્તિ (દર્શન અને જ્ઞાન) છે. તે બન્નેને [2]વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા'

૧. પ્રતિકૂળતા = વિરુદ્ધતા; વિપરીતતા; ઊલટાપણું.

૨. વિષયપ્રતિબંધ = વિષયમાં રુકાવટ અર્થાત્ મર્યાદિતપણું. (દર્શન અને જ્ઞાનના વિષયમાં મર્યાદિતપણું હોવું તે સ્વભાવની પ્રતિકૂળતા છે.)

स्वभावः। तयोर्विषयप्रतिबन्धः प्रातिकूल्यम्। मोक्षे खल्वात्मनः सर्वं विजानतः पश्यतश्च तदभावः। ततस्तद्धेतुकस्यानाकुलत्वलक्षणस्य परमार्थसुखस्य मोक्षेऽनुभूति-रचलिताऽस्ति। इत्येतद्भव्य एव भावतो विजानाति, ततः स एव मोक्षमार्गार्हः। नैतदभव्यः श्रद्धत्ते, ततः स मोक्षमार्गानर्ह एवेति। अतः कतिपये एव संसारिणो मोक्षमार्गार्हा, न सर्व एवेति॥१६३॥

**दंसणणाणचरित्ताणि मोक्खमग्गो त्ति सेविदव्वाणि।**
**साधूहि इदं भणिदं तेहिं दु बंधो व मोक्खो वा॥१६४॥**

दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग इति सेवितव्यानि।
साधुभिरिदं भणितं तैस्तु बन्धो वा मोक्षो वा॥१६४॥

---

છે. મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી તેનો અભાવ હોય છે (અર્થાત્ મોક્ષમાં સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ હોય છે). તેથી [૧]તેનો અભાવ જેનું કારણ છે એવા [૨]અનાકુળતાલક્ષણવાળા પરમાર્થસુખની મોક્ષમાં અચલિત અનુભૂતિ હોય છે. —આ પ્રમાણે ભવ્ય જીવ જ [૩]ભાવથી જાણે છે, તેથી તે જ મોક્ષમાર્ગને યોગ્ય છે; અભવ્ય જીવ એ પ્રમાણે શ્રદ્ધતો નથી, તેથી તે મોક્ષમાર્ગને અયોગ્ય જ છે.

આથી (એમ કહ્યું કે) કેટલાક જ સંસારીઓ મોક્ષમાર્ગને યોગ્ય છે, બધાય નહિ. ૧૬૩.

**દ્રગ, જ્ઞાન ને ચારિત્ર છે શિવમાર્ગ તેથી સેવવાં**
**—સંતે કહ્યું, પણ હેતુ છે એ બંધના વા મોક્ષના. ૧૬૪.**

**અન્વયાર્થ :—**[ दर्शनज्ञानचारित्राणि ] દર્શન-જ્ઞાન-ચારિત્ર [ मोक्षमार्गः ] મોક્ષમાર્ગ છે [ इति ] તેથી [ सेवितव्यानि ] તેઓ સેવવાયોગ્ય છે—[ इदम् साधुभिः भणितम् ] એમ સાધુઓએ

---

૧. પારમાર્થિક સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.

૨. પારમાર્થિક સુખનું લક્ષણ અથવા સ્વરૂપ અનાકુળતા છે.

૩. શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં કહ્યું છે કે 'તે અનંત સુખને ભવ્ય જીવ જાણે છે, ઉપાદેયપણે શ્રદ્ધે છે અને પોતપોતાના ગુણસ્થાન અનુસાર અનુભવે છે.'

**दर्शनज्ञानचारित्राणां कथञ्चिद्बन्धहेतुत्वोपदर्शनेन जीवस्वभावे नियतचरितस्य साक्षान्मोक्षहेतुत्वद्योतनमेतत् ।**

**अमूनि हि दर्शनज्ञानचारित्राणि कियन्मात्रयापि परसमयप्रवृत्त्या संवलितानि कृशानुसंवलितानीव घृतानि कथञ्चिद्विरुद्धकारणत्वरूढेर्बन्धकारणान्यपि भवन्ति। यदा तु समस्तपरसमयप्रवृत्तिनिवृत्तिरूपया स्वसमयप्रवृत्त्या सङ्गच्छन्ते, तदा निवृत्तकृशानुसंवलनानीव घृतानि विरुद्धकार्यकारणभावाभावात्साक्षान्मोक्षकारणान्येव**

---

કહ્યું છે; [तैः तु] પરંતુ તેમનાથી [बन्धः वा] બંધ પણ થાય છે અને [मोक्षः वा] મોક્ષ પણ થાય છે.

**ટીકા :**—અહીં, દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથંચિત્ બંધહેતુપણું દર્શાવ્યું છે અને એ રીતે જીવસ્વભાવમાં નિયત ચારિત્રનું સાક્ષાત્ મોક્ષહેતુપણું પ્રકાશિત કર્યું છે.

આ દર્શન-જ્ઞાન-ચારિત્ર, જો થોડી પણ પરસમયપ્રવૃત્તિ સાથે મિલિત હોય તો, અગ્નિ સાથે મિલિત ઘીની માફક (અર્થાત્ [1]ઉષ્ણતાયુક્ત ઘીની જેમ), કથંચિત્ [2]વિરુદ્ધ કાર્યના કારણપણાની વ્યાપ્તિને લીધે બંધકારણો પણ છે. અને જ્યારે તેઓ (દર્શન-જ્ઞાન-ચારિત્ર), સમસ્ત પરસમયપ્રવૃત્તિથી નિવૃત્તિરૂપ એવી સ્વસમયપ્રવૃત્તિ સાથે સંયુક્ત હોય છે ત્યારે, જેને અગ્નિ સાથેનું મિલિતપણું નિવૃત્ત થયું છે એવા ઘીની માફક, વિરુદ્ધ કાર્યનો

---

૧. ઘી સ્વભાવે શીતળતાના કારણભૂત હોવા છતાં, જો તે થોડી પણ ઉષ્ણતાથી યુક્ત હોય તો, તેનાથી (કથંચિત્) દઝાય પણ છે; તેવી રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવે મોક્ષનાં કારણભૂત હોવા છતાં, જો તેઓ થોડી પણ પરસમયપ્રવૃત્તિથી યુક્ત હોય તો, તેમનાથી (કથંચિત્) બંધ પણ થાય છે.

૨. પરસમયપ્રવૃત્તિયુક્ત દર્શન-જ્ઞાન-ચારિત્રમાં કથંચિત્ મોક્ષરૂપ કાર્યથી વિરુદ્ધ કાર્યનું કારણપણું (અર્થાત્ બંધરૂપ કાર્યનું કારણપણું) વ્યાપે છે.

[શાસ્ત્રોમાં ક્યારેક દર્શન-જ્ઞાન-ચારિત્રને પણ, જો તેઓ પરસમયપ્રવૃત્તિયુક્ત હોય તો, કથંચિત્ બંધનાં કારણ કહેવામાં આવે છે; વળી ક્યારેક જ્ઞાનીને વર્તતા શુભભાવોને પણ કથંચિત્ મોક્ષના પરંપરાહેતુ કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં આવતાં આવા ભિન્નભિન્ન પદ્ધતિનાં કથનો ઉકેલવામાં એ સારભૂત હકીકત ખ્યાલમાં રાખવી કે—જ્ઞાનીને જ્યારે શુદ્ધાશુદ્ધરૂપ મિશ્રપર્યાય વર્તતો હોય છે ત્યારે તે મિશ્રપર્યાય એકાંતે સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોતો નથી કે એકાંતે આસ્રવ-બંધના કારણભૂત હોતો નથી, પરંતુ તે મિશ્રપર્યાયનો શુદ્ધ અંશ સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોય છે અને અશુદ્ધ અંશ આસ્રવ-બંધના કારણભૂત હોય છે.]

**भवन्ति। ततः स्वसमयप्रवृत्तिनाम्नो जीवस्वभावनियतचरितस्य साक्षान्मोक्षमार्गत्वमुपपन्नमिति॥१६४॥**

**अण्णाणादो णाणी जदि मण्णदि सुद्धसंपओगादो।**
**हवदि त्ति दुक्खमोक्खं परसमयरदो हवदि जीवो॥१६५॥**

**अज्ञानात् ज्ञानी यदि मन्यते शुद्धसम्प्रयोगात्।**
**भवतीति दुःखमोक्षः परसमयरतो भवति जीवः॥१६५॥**

**सूक्ष्मपरसमयस्वरूपाख्यानमेतत्।**

**अर्हदादिषु भगवत्सु सिद्धिसाधनीभूतेषु भक्तिभावानुरञ्जिता चित्तवृत्तिरत्र**

---

કારણભાવ નિવૃત્ત થયો હોવાને લીધે સાક્ષાત્ મોક્ષકારણો જ છે. માટે 'સ્વસમયપ્રવૃત્તિ' નામનું જે જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તેને સાક્ષાત્ મોક્ષમાર્ગપણું ઘટે છે.[1] ૧૬૪.

**જિનવરપ્રમુખની ભક્તિ દ્વારા મોક્ષની આશા ધરે**
**અજ્ઞાનથી જો જ્ઞાની જીવ, તો પરસમયરત તેહ છે. ૧૬૫.**

**અન્વયાર્થ :**—[ **शुद्धसम्प्रयोगात्** ] શુદ્ધસંપ્રયોગથી (શુભ ભક્તિભાવથી) [ **दुःखमोक्षः भवति** ] દુઃખમોક્ષ થાય છે [ **इति** ] એમ [ **यदि** ] જો [ **अज्ञानात्** ] અજ્ઞાનને લીધે [ **ज्ञानी** ] જ્ઞાની [ **मन्यते** ] [2]માને, તો તે [ **परसमयरतः जीवः** ] પરસમયરત જીવ [ **भवति** ] છે. ['અર્હંતાદિ પ્રત્યે ભક્તિ-અનુરાગવાળી મંદશુદ્ધિથી પણ ક્રમે મોક્ષ થાય છે' એવું જો અજ્ઞાનને લીધે (—શુદ્ધાત્મસંવેદનના અભાવને લીધે, રાગાંશને લીધે) જ્ઞાનીને પણ (મંદ પુરુષાર્થવાળું) વલણ વર્તે, તો ત્યાંસુધી તે પણ સૂક્ષ્મ પરસમયમાં રત છે.]

**ટીકા :**—આ, સૂક્ષ્મ પરસમયના સ્વરૂપનું કથન છે.

સિદ્ધિના સાધનભૂત એવા અર્હંતાદિ ભગવંતો પ્રત્યે ભક્તિભાવથી [3]અનુરંજિત

---

૧. આ નિરૂપણ સાથે સરખાવવા માટે શ્રી પ્રવચનસારની ૧૧મી ગાથા અને તેની તત્ત્વપ્રદીપિકા ટીકા જુઓ.

૨. માનવું = વલણ કરવું; ઇરાદો રાખવો; આશા ધરવી; ઇચ્છા કરવી; ગણના કરવી; અભિપ્રાય કરવો.

૩. અનુરંજિત = અનુરક્ત; રાગવાળી; સરાગ.

शुद्धसम्प्रयोगः। अथ खल्वज्ञानलवावेशाद्यदि यावत् ज्ञानवानपि ततः शुद्धसम्प्रयोगान्मोक्षो भवतीत्यभिप्रायेण खिद्यमानस्तत्र प्रवर्तते तदा तावत्सोऽपि रागलवसद्भावात्परसमयरत इत्युपगीयते। अथ न किं पुनर्निरङ्कुशरागकलिकलङ्कितान्तरङ्गवृत्तिरितरो जन इति॥१६५॥

अरहंतसिद्धचेदियपवयणगणणाणभत्तिसंपण्णो।
बंधदि पुण्णं बहुसो ण हु सो कम्मक्खयं कुणदि॥१६६॥

अर्हत्सिद्धचैत्यप्रवचनगणज्ञानभक्तिसम्पन्नः।
बध्नाति पुण्यं बहुशो न खलु स कर्मक्षयं करोति॥१६६॥

---

ચિત્તવૃત્તિ તે અહીં 'શુદ્ધસંપ્રયોગ' છે. હવે, [1]અજ્ઞાનલવના આવેશથી જો જ્ઞાનવાન પણ 'તે શુદ્ધસંપ્રયોગથી મોક્ષ થાય છે' એવા અભિપ્રાય વડે ખેદ પામતો થકો તેમાં (શુદ્ધસંપ્રયોગમાં) પ્રવર્તે, તો ત્યાંસુધી તે પણ [2]રાગલવના સદ્‌ભાવને લીધે [3]'પરસમયરત' કહેવાય છે. તો પછી નિરંકુશ રાગરૂપ ક્લેશથી કલંકિત એવી અંતરંગ વૃત્તિવાળો ઇતર જન શું પરસમયરત ન કહેવાય? (અવશ્ય કહેવાય જ.)[4] ૧૬૫.

જિન-સિદ્ધ-પ્રવચન-ચૈત્ય-મુનિગણ-જ્ઞાનની ભક્તિ કરે,
તે પુણ્યબંધ લહે ઘણો, પણ કર્મનો ક્ષય નવ કરે. ૧૬૬.

**અન્વયાર્થ** :—[ अर्हत्सिद्धचैत्यप्रवचनगणज्ञानभक्तिसम्पन्नः ] અર્હંત, સિદ્ધ, ચૈત્ય

---

૧. અજ્ઞાનલવ = જરાક અજ્ઞાન; અલ્પ અજ્ઞાન.

૨. રાગલવ = જરાક રાગ; અલ્પ રાગ.

૩. પરસમયરત = પરસમયમાં રત; પરસમયસ્થિત; પરસમય પ્રત્યે વલણવાળો; પરસમયમાં આસક્ત.

૪. આ ગાથાની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં આ પ્રમાણે વિવરણ છે :—

કોઈ પુરુષ નિર્વિકાર-શુદ્ધાત્મભાવનાસ્વરૂપ પરમોપેક્ષાસંયમમાં સ્થિત રહેવા ઇચ્છે છે, પરંતુ તેમાં સ્થિત રહેવાને અશક્ત વર્તતો થકો કામક્રોધાદિ અશુભ પરિણામના વંચનાર્થે અથવા સંસારસ્થિતિના છેદનાર્થે જ્યારે પંચપરમેષ્ઠી પ્રત્યે ગુણસ્તવનાદિ ભક્તિ કરે છે, ત્યારે તે સૂક્ષ્મ પરસમયરૂપે પરિણત વર્તતો થકો સરાગ સમ્યગ્દ્રષ્ટિ છે; અને જો તે પુરુષ શુદ્ધાત્મભાવનામાં સમર્થ હોવા છતાં પણ, તેને (શુદ્ધાત્મભાવનાને) છોડીને 'શુભોપયોગથી જ મોક્ષ થાય છે' એમ એકાંતે માને, તો તે સ્થૂલ પરસમયરૂપ પરિણામ વડે અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ થાય છે.

उक्तशुद्धसम्प्रयोगस्य कथञ्चिद्बन्धहेतुत्वेन मोक्षमार्गत्वनिरासोऽयम्।

अर्हदादिभक्तिसम्पन्नः कथञ्चिच्छुद्धसम्प्रयोगोऽपि सन् जीवो जीवद्रागलवत्वाच्छुभोपयोगतामजहत् बहुशः पुण्यं बध्नाति, न खलु सकलकर्मक्षयमारभते। ततः सर्वत्र रागकणिकाऽपि परिहरणीया परसमयप्रवृत्तिनिबन्धनत्वादिति।।१६६।।

**जस्स हिदएणुमेत्तं वा परदव्वम्हि विज्जदे रागो।**
**सो ण विजाणदि समयं सगस्स सव्वागमधरो वि।।१६७।।**

---

(—અર્હંતાદિની પ્રતિમા), પ્રવચન (—શાસ્ત્ર), મુનિગણ અને જ્ઞાન પ્રત્યે ભક્તિસંપન્ન જીવ [बहुशः पुण्यं बध्नाति] ઘણું પુણ્ય બાંધે છે, [न खलु सः कर्मक्षयं करोति] પરંતુ તે ખરેખર કર્મનો ક્ષય કરતો નથી.

ટીકા :—અહીં, પૂર્વોક્ત શુદ્ધસંપ્રયોગને [1]કથંચિત્ બંધહેતુપણું હોવાથી તેનું મોક્ષમાર્ગપણું [2]નિરસ્ત કર્યું છે (અર્થાત્ જ્ઞાનીને વર્તતો શુદ્ધસંપ્રયોગ નિશ્ચયથી બંધહેતુભૂત હોવાને લીધે તે મોક્ષમાર્ગ નથી એમ અહીં દર્શાવ્યું છે).

અર્હંતાદિ પ્રત્યે ભક્તિસંપન્ન જીવ, કથંચિત્ [3]'શુદ્ધસંપ્રયોગવાળો' હોવા છતાં પણ, [4]રાગલવ જીવતો (વિદ્યમાન) હોવાથી 'શુભોપયોગીપણા'ને નહિ છોડતો થકો, ઘણું પુણ્ય બાંધે છે, પરંતુ ખરેખર સકળ કર્મનો ક્ષય કરતો નથી. તેથી સર્વત્ર રાગની કણિકા પણ પરિહરવાયોગ્ય છે, કેમ કે તે પરસમયપ્રવૃત્તિનું કારણ છે. ૧૬૬.

**અણુમાત્ર જેને હૃદયમાં પરદ્રવ્ય પ્રત્યે રાગ છે,**
**હો સર્વઆગમધર ભલે, જાણે નહીં સ્વક-સમયને. ૧૬૭.**

---

૧. કથંચિત્ = કોઈ પ્રકારે; કોઈ અપેક્ષાએ (અર્થાત્ નિશ્ચયનયની અપેક્ષાએ). [જ્ઞાનીને વર્તતા શુદ્ધસંપ્રયોગને કદાચિત્ વ્યવહારથી ભલે મોક્ષનો પરંપરાહેતુ કહેવામાં આવે, પરંતુ નિશ્ચયથી તો તે બંધહેતુ જ છે કારણ કે અશુદ્ધિરૂપ અંશ છે.]

૨. નિરસ્ત કરવું = ખંડિત કરવું; રદબાતલ કરવું; નિષિદ્ધ કરવું.

૩. સિદ્ધિના નિમિત્તભૂત એવા જે અર્હંતાદિ તેમના પ્રત્યેના ભક્તિભાવને પૂર્વે શુદ્ધસંપ્રયોગ કહેવામાં આવ્યો છે. તેમાં 'શુદ્ધ' શબ્દ હોવા છતાં તે 'શુભ' ઉપયોગરૂપ રાગભાવ છે. ['શુભ' એવા અર્થમાં જેમ 'વિશુદ્ધ' શબ્દ કદાચિત્ વપરાય છે તેમ અહીં 'શુદ્ધ' શબ્દ વપરાયો છે.]

૪. રાગલવ = જરાક રાગ; અલ્પ રાગ.

પં. ૩૦

यस्य हृदयेऽणुमात्रो वा परद्रव्ये विद्यते रागः।
स न विजानाति समयं स्वकस्य सर्वागमधरोऽपि॥१६७॥

स्वसमयोपलम्भाभावस्य रागैकहेतुत्वद्योतनमेतत्।

यस्य खलु रागरेणुकणिकाऽपि जीवति हृदये न नाम स समस्तसिद्धान्तसिन्धुपारगोऽपि निरुपरागशुद्धस्वरूपं स्वसमयं चेतयते। ततः स्वसमयप्रसिद्ध्यर्थं पिञ्जनलग्नतूलन्यासन्यायमधिदधताऽर्हदादिविषयोऽपि क्रमेण रागरेणुरपसारणीय इति॥१६७॥

धरिदुं जस्स ण सक्कं चित्तुब्भामं विणा दु अप्पाणं।
रोधो तस्स ण विज्जदि सुहासुहकदस्स कम्मस्स॥१६८॥

---

અન્વયાર્થ :—[ यस्य ] જેને [ परद्रव्ये ] પરદ્રવ્ય પ્રત્યે [ अणुमात्रः वा ] અણુમાત્ર પણ (લેશમાત્ર પણ) [ रागः ] રાગ [ हृदये विद्यते ] હૃદયમાં વર્તે છે [ सः ] તે, [ सर्वागमधरः अपि ] ભલે સર્વઆગમધર હોય તોપણ, [ स्वकस्य समयं न विजानाति ] સ્વકીય સમયને જાણતો (—અનુભવતો) નથી.

ટીકા :—અહીં, સ્વસમયની ઉપલબ્ધિના અભાવનો, રાગ એક હેતુ છે એમ પ્રકાશ્યું છે (અર્થાત્ સ્વસમયની પ્રાપ્તિના અભાવનું રાગ જ એક કારણ છે એમ અહીં દર્શાવ્યું છે).

જેને રાગરેણુની કણિકા પણ હૃદયમાં જીવતી છે તે, ભલે સમસ્ત સિદ્ધાંતસાગરનો પારંગત હોય તોપણ, [1]નિરુપરાગ-શુદ્ધસ્વરૂપ સ્વસમયને ખરેખર ચેતતો (—અનુભવતો) નથી. માટે, '[2]પીંજણને ચોંટેલ રૂ'નો ન્યાય લાગુ પડતો હોવાથી, જીવે સ્વસમયની પ્રસિદ્ધિ અર્થે અર્હંતાદિવિષયક પણ રાગરેણુ (—અર્હંતાદિ પ્રત્યેની પણ રાગરજ) ક્રમે દૂર કરવાયોગ્ય છે. ૧૬૭.

મનના ભ્રમણથી રહિત જે રાખી શકે નહિ આત્મને,
શુભ વા અશુભ કર્મો તણો નહિ રોધ છે તે જીવને. ૧૬૮.

---

૧. નિરુપરાગ-શુદ્ધસ્વરૂપ = ઉપરાગરહિત (–નિર્વિકાર) શુદ્ધ જેનું સ્વરૂપ છે એવા.

૨. જેમ પીંજણને ચોંટેલું થોડું પણ રૂ, પીંજવાના કાર્યમાં વિઘ્ન કરે છે, તેમ થોડો પણ રાગ સ્વસમયની ઉપલબ્ધિરૂપ કાર્યમાં વિઘ્ન કરે છે.

धर्तुं यस्य न शक्यम् चित्तोद्भ्रामं विना त्वात्मानम्।
रोधस्तस्य न विद्यते शुभाशुभकृतस्य कर्मणः।।१६८।।

**रागलवमूलदोषपरम्पराख्यानमेतत्।**

**इह खल्वर्हदादिभक्तिरपि न रागानुवृत्तिमन्तरेण भवति। रागाद्यनुवृत्तौ च सत्यां बुद्धिप्रसरमन्तरेणात्मा न तं कथञ्चनापि धारयितुं शक्यते। बुद्धिप्रसरे च सति शुभस्याशुभस्य वा कर्मणो न निरोधोऽस्ति। ततो रागकलिविलासमूल एवायमनर्थसन्तान इति।।१६८।।**

---

**અન્વયાર્થ :**—[यस्य] જે [चित्तोद्भ्रामं विना तु] (રાગના સદ્ભાવને લીધે) ચિત્તના ભ્રમણ વિનાનો [आत्मानम्] પોતાને [धर्तुम् न शक्यम्] રાખી શકતો નથી, [तस्य] તેને [शुभाशुभकृतस्य कर्मणः] શુભાશુભ કર્મનો [रोधः न विद्यते] નિરોધ નથી.

**ટીકા :**—આ, રાગલવમૂલક દોષપરંપરાનું નિરૂપણ છે (અર્થાત્ અલ્પ રાગ જેનું મૂળ છે એવી દોષોની સંતતિનું અહીં કથન છે).

અહીં (આ લોકમાં) ખરેખર અર્હંતાદિ પ્રત્યેની ભક્તિ પણ રાગપરિણતિ વિના હોતી નથી. રાગાદિપરિણતિ હોતાં, આત્મા [1]બુદ્ધિપ્રસાર વિનાનો (–ચિત્તના ભ્રમણથી રહિત) પોતાને કોઈ પણ રીતે રાખી શકતો નથી; અને બુદ્ધિપ્રસાર હોતાં (–ચિત્તનું ભ્રમણ હોતાં), શુભ વા અશુભ કર્મનો નિરોધ હોતો નથી. માટે, આ અનર્થસંતતિનું મૂળ રાગરૂપ ક્લેશનો વિલાસ જ છે.

**ભાવાર્થ :**—અર્હંતાદિની ભક્તિ પણ રાગ વિના હોતી નથી. રાગથી ચિત્તનું ભ્રમણ થાય છે; ચિત્તના ભ્રમણથી કર્મબંધ થાય છે. માટે આ અનર્થોની પરંપરાનું મૂળ કારણ રાગ જ છે.[2] ૧૬૮.

---

૧. બુદ્ધિપ્રસાર = વિકલ્પોનો ફેલાવો; વિકલ્પવિસ્તાર; ચિત્તનું ભ્રમણ; મનનું ભટકવું તે; મનની ચંચળતા.

૨. આ ગાથાની શ્રી જયસેનાચાર્યદેવવિરચિત ટીકામાં નીચે પ્રમાણે વિવરણ કરવામાં આવ્યું છે :—
માત્ર નિત્યાનંદ જેનો સ્વભાવ છે એવા નિજ આત્માને જે જીવ ભાવતો નથી, તે જીવને માયા-મિથ્યા-નિદાનશલ્યત્રયાદિક સમસ્તવિભાવરૂપ બુદ્ધિપ્રસાર રોકી શકાતો નથી અને તે નહિ રોકાવાથી (અર્થાત્ બુદ્ધિપ્રસારનો નિરોધ નહિ થવાથી) શુભાશુભ કર્મનો સંવર થતો નથી; તેથી એમ ઠર્યું કે સમસ્ત અનર્થપરંપરાઓનું રાગાદિવિકલ્પો જ મૂળ છે.

तम्हा णिव्वुदिकामो णिस्संगो णिम्ममो य हविय पुणो।
सिद्धेसु कुणदि भत्तिं णिव्वाणं तेण पप्पोदि॥१६६॥

तस्मान्निवृत्तिकामो निस्सङ्गो निर्ममश्च भूत्वा पुनः।
सिद्धेषु करोति भक्तिं निर्वाणं तेन प्राप्नोति॥१६६॥

रागकलिनिःशेषीकरणस्य करणीयत्वाख्यानमेतत्।

यतो रागाद्यनुवृत्तौ चित्तोद्भ्रान्तिः, चित्तोद्भ्रान्तौ कर्मबन्ध इत्युक्तम्, ततः खलु मोक्षार्थिना कर्मबन्धमूलचित्तोद्भ्रान्तिमूलभूता रागाद्यनुवृत्तिरेकान्तेन निःशेषीकरणीया। निःशेषितायां तस्यां प्रसिद्धनैस्सङ्ग्यनैर्मम्यः शुद्धात्मद्रव्यविश्रान्तिरूपां पारमार्थिकीं

---

તે કારણે મોક્ષેચ્છુ જીવ અસંગ ને નિર્મમ બની
સિદ્ધો તણી ભક્તિ કરે, ઉપલબ્ધિ જેથી મોક્ષની. ૧૬૯.

અન્વયાર્થ :—[ तस्मात् ] માટે [ निवृत्तिकामः ] મોક્ષાર્થી જીવ [ निस्सङ्गः ] નિઃસંગ [ च ] અને [ निर्ममः ] નિર્મમ [ भूत्वा पुनः ] થઈને [ सिद्धेषु भक्तिं ] સિદ્ધોની ભક્તિ (—શુદ્ધાત્મદ્રવ્યમાં સ્થિરતારૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ) [ करोति ] કરે છે, [ तेन ] જેથી તે [ निर्वाणं प्राप्नोति ] નિર્વાણને પામે છે.

ટીકા :—આ, રાગરૂપ ક્લેશનો [૧]નિઃશેષ નાશ કરવાયોગ્ય હોવાનું નિરૂપણ છે.

રાગાદિપરિણતિ હોતાં ચિત્તનું ભ્રમણ થાય છે અને ચિત્તનું ભ્રમણ હોતાં કર્મબંધ થાય છે એમ (પૂર્વે) કહેવામાં આવ્યું, તેથી મોક્ષાર્થીએ કર્મબંધનું મૂળ એવું જે ચિત્તનું ભ્રમણ તેના મૂળભૂત રાગાદિપરિણતિનો એકાંતે નિઃશેષ નાશ કરવાયોગ્ય છે. તેનો નિઃશેષ નાશ કરવામાં આવતાં, જેને [૨]નિઃસંગતા અને [૩]નિર્મમતા પ્રસિદ્ધ થઈ છે એવો તે જીવ શુદ્ધાત્મ-

---

૧. નિઃશેષ = સંપૂર્ણ; જરાય બાકી ન રહે એવો.

૨. નિઃસંગ આત્મતત્ત્વથી વિપરીત એવો જે બાહ્ય-અભ્યંતર પરિગ્રહ તેનાથી રહિત પરિણતિ તે નિઃસંગતા છે.

૩. રાગાદિ-ઉપાધિરહિત ચૈતન્યપ્રકાશ જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વથી વિપરીત મોહોદય જેની ઉત્પત્તિમાં નિમિત્તભૂત હોય છે એવા મમકાર-અહંકારાદિરૂપ વિકલ્પસમૂહથી રહિત નિર્મોહપરિણતિ તે નિર્મમતા છે.

सिद्धभक्तिमनुबिभ्राणः प्रसिद्धस्वसमयप्रवृत्तिर्भवति। तेन कारणेन स एव निःशेषितकर्मबन्धः सिद्धिमवाप्नोतीति॥१६९॥

सपयत्थं तित्थयरं अभिगदबुद्धिस्स सुत्तरोइस्स।
दूरतरं णिव्वाणं संजमतवसंपउत्तस्स ॥१७०॥

सपदार्थं तीर्थकरमभिगतबुद्धेः सूत्ररोचिनः।
दूरतरं निर्वाणं संयमतपःसम्प्रयुक्तस्य॥१७०॥

अर्हदादिभक्तिरूपपरसमयप्रवृत्तेः साक्षान्मोक्षहेतुत्वाभावेऽपि परम्परया मोक्षहेतुत्वसद्भाव-द्योतनमेतत्।

---

દ્રવ્યમાં વિશ્રાંતિરૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ ધરતો થકો [1]સ્વસમયપ્રવૃત્તિની પ્રસિદ્ધિવાળો હોય છે. તે કારણથી તે જ જીવ કર્મબંધનો નિઃશેષ નાશ કરી સિદ્ધિને પામે છે. ૧૬૯.

સંયમ તથા તપયુક્તને પણ દૂરતર નિર્વાણ છે,
સૂત્રો, પદાર્થો, જિનવરો પ્રતિ ચિત્તમાં રુચિ જો રહે. ૧૭૦.

**અન્વયાર્થ :**—[ संयमतपःसम्प्रयुक्तस्य ] સંયમતપસંયુક્ત હોવા છતાં, [ सपदार्थं तीर्थकरम् ] નવ પદાર્થો તથા તીર્થંકર પ્રત્યે [ अभिगतबुद्धेः ] જેની બુદ્ધિનું જોડાણ વર્તે છે અને [ सूत्ररोचिनः ] સૂત્રો પ્રત્યે જેને રુચિ (પ્રીતિ) વર્તે છે, તે જીવને [ निर्वाणं ] નિર્વાણ [ दूरतरम् ] દૂરતર (વિશેષ દૂર) છે.

**ટીકા :**—અહીં, અર્હંતાદિની ભક્તિરૂપ પરસમયપ્રવૃત્તિમાં સાક્ષાત્ મોક્ષહેતુપણાનો અભાવ હોવા છતાં પરંપરાએ મોક્ષહેતુપણાનો [2]સદ્ભાવ દર્શાવ્યો છે.

---

૧. સ્વસમયપ્રવૃત્તિની પ્રસિદ્ધિવાળો = જેને સ્વસમયમાં પ્રવૃત્તિ પ્રસિદ્ધ થઈ છે એવો. [જે જીવ રાગાદિપરિણતિનો સંપૂર્ણ નાશ કરી નિઃસંગ અને નિર્મમ થયો છે તે પરમાર્થ-સિદ્ધભક્તિવંત જીવે સ્વસમયમાં પ્રવૃત્તિ સિદ્ધ કરી છે તેથી સ્વસમયપ્રવૃત્તિને લીધે તે જ જીવ કર્મબંધનો ક્ષય કરી મોક્ષને પામે છે, અન્ય નહિ.]

૨. ખરેખર તો એમ છે કે—જ્ઞાનીને શુદ્ધાશુદ્ધરૂપ મિશ્ર પર્યાયમાં જે ભક્તિ-આદિરૂપ શુભ અંશ વર્તે છે તે તો માત્ર દેવલોકાદિના ક્લેશની પરંપરાનો જ હેતુ છે અને સાથે સાથે જ્ઞાનીને જે (મંદશુદ્ધિરૂપ) શુદ્ધ અંશ પરિણમે છે તે સંવરનિર્જરાનો અને (તેટલા અંશે) મોક્ષનો હેતુ છે. ખરેખર આમ હોવા છતાં, શુદ્ધ અંશમાં રહેલા સંવર-નિર્જરા-મોક્ષહેતુત્વનો આરોપ તેની સાથેના ભક્તિ-આદિરૂપ શુભ અંશમાં કરીને તે શુભ ભાવોને દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા સહિત

यः खलु मोक्षार्थमुद्यतमनाः समुपार्जिताचिन्त्यसंयमतपोभारोऽप्यसम्भावितपरमवैराग्यभूमिकाधिरोहणसमर्थप्रभुशक्तिः पिञ्जनलग्नतूलन्यासन्यायेन नवपदार्थैः सहार्हदादिरुचिरूपां परसमयप्रवृत्तिं परित्यक्तुं नोत्सहते, स खलु न नाम साक्षान्मोक्षं लभते किन्तु सुरलोकादिक्लेशप्राप्तिरूपया परम्परया तमवाप्नोति।।१७०।।

**अरहंतसिद्धचेदियपवयणभत्तो परेण णियमेण।**
**जो कुणदि तवोकम्मं सो सुरलोगं समादियदि।।१७१।।**

---

જે જીવ ખરેખર મોક્ષને અર્થે ઉદ્યમી ચિત્તવાળો વર્તતો થકો, અચિંત્ય સંયમતપભાર સંપ્રાપ્ત કર્યો હોવા છતાં પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી [1]પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાથી, 'પીંજણને ચોંટેલ રૂ'ના ન્યાયે, નવ પદાર્થો તથા અર્હંતાદિની રુચિરૂપ (પ્રીતિરૂપ) પરસમયપ્રવૃત્તિનો પરિત્યાગ કરી શકતો નથી, તે જીવ ખરેખર સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી પરંતુ દેવલોકાદિના કલેશની પ્રાપ્તિરૂપ પરંપરા વડે તેને પ્રાપ્ત કરે છે. ૧૭૦.

**જિન-સિદ્ધ-પ્રવચન-ચૈત્ય પ્રત્યે ભક્તિ ધારી મન વિષે,**
**સંયમ પરમ સહ તપ કરે, તે જીવ પામે સ્વર્ગને. ૧૭૧.**

---

મોક્ષપ્રાપ્તિના હેતુભૂત કહેવામાં આવ્યા છે. આ કથન આરોપથી (ઉપચારથી) કરવામાં આવ્યું છે એમ સમજવું. [આવો કથંચિત્ મોક્ષહેતુત્વનો આરોપ પણ જ્ઞાનીને જ વર્તતા ભક્તિ-આદિરૂપ શુભ ભાવોમાં કરી શકાય છે. અજ્ઞાનીને તો શુદ્ધિનો અંશમાત્ર પણ પરિણમનમાં નહિ હોવાથી યથાર્થ મોક્ષહેતુ બિલકુલ પ્રગટ્યો જ નથી—વિદ્યમાન જ નથી ત્યાં પછી તેના ભક્તિ-આદિરૂપ શુભ ભાવોમાં આરોપ કોનો કરવો?]

૧. પ્રભુશક્તિ = પ્રબળ શક્તિ; ઉગ્ર શક્તિ; પુષ્કળ શક્તિ. [જે જ્ઞાની જીવે પરમ ઉદાસીનતાને પ્રાપ્ત કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નથી તે જ્ઞાની જીવ કદાચિત્ શુદ્ધાત્મભાવનાને અનુકૂળ, જીવાદિપદાર્થોનું પ્રતિપાદન કરનારાં આગમ પ્રત્યે રુચિ (પ્રીતિ) કરે છે, કદાચિત્ (જેમ કોઈ રામચંદ્રાદિ પુરુષ દેશાંતરસ્થિત સીતાદિ સ્ત્રીની પાસેથી આવેલા માણસોને પ્રેમથી સાંભળે છે, તેમનું સન્માનાદિ કરે છે અને તેમને દાન આપે છે તેમ) નિર્દોષ-પરમાત્મા તીર્થંકરપરમદેવોનાં અને ગણધરદેવ-ભરત-સગર-રામ-પાંડવાદિ મહાપુરુષોનાં ચરિત્રપુરાણો શુભ ધર્માનુરાગથી સાંભળે છે તથા કદાચિત્ ગૃહસ્થ-અવસ્થામાં ભેદાભેદરત્નત્રયપરિણત આચાર્ય-ઉપાધ્યાય-સાધુનાં પૂજનાદિ કરે છે અને તેમને દાન આપે છે—ઇત્યાદિ શુભ ભાવો કરે છે. આ રીતે જે જ્ઞાની જીવ શુભ રાગને સર્વથા છોડી શકતો નથી, તે સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી પરંતુ દેવલોકાદિના કલેશની પરંપરાને પામી પછી ચરમ દેહે નિર્વિકલ્પ-સમાધિવિધાન વડે વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળા નિજશુદ્ધાત્મામાં સ્થિર થઇ તેને (મોક્ષને) પ્રાપ્ત કરે છે.]

अर्हत्सिद्धचैत्यप्रवचनभक्तः परेण नियमेन।
यः करोति तपःकर्म स सुरलोकं समादत्ते॥१७१॥

अर्हदादिभक्तिमात्ररागजनितसाक्षान्मोक्षस्यान्तरायद्योतनमेतत् ।

यः खल्वर्हदादिभक्तिविधेयबुद्धिः सन् परमसंयमप्रधानमतितीव्रं तपस्तप्यते, स तावन्मात्ररागकलिकलङ्कितस्वान्तः साक्षान्मोक्षस्यान्तरायीभूतं विषयविषद्रुमामोदमोहितान्तरङ्गं स्वर्गलोकं समासाद्य, सुचिरं रागाङ्गारैः पच्यमानोऽन्तस्ताम्यतीति॥१७१॥

तम्हा णिव्वुदिकामो रागं सव्वत्थ कुणदु मा किंचि।
सो तेण वीदरागो भविओ भवसायरं तरदि॥१७२॥

---

અન્વયાર્થ :—[यः] જે (જીવ), [अर्हत्सिद्धचैत्यप्रवचनभक्तः] અર્હંત, સિદ્ધ, ચૈત્ય (—અર્હંતાદિની પ્રતિમા) અને પ્રવચન (—શાસ્ત્ર) પ્રત્યે ભક્તિયુક્ત વર્તતો થકો, [परेण नियमेन] પરમ સંયમ સહિત [तपःकर्म] તપકર્મ (—તપરૂપ કાર્ય) [करोति] કરે છે, [सः] તે [सुरलोकं] દેવલોકને [समादत्ते] સંપ્રાપ્ત કરે છે.

ટીકા :—આ, માત્ર અર્હંતાદિની ભક્તિ જેટલા રાગથી ઉત્પન્ન થતો જે સાક્ષાત્ મોક્ષનો અંતરાય તેનું પ્રકાશન છે.

જે (જીવ) ખરેખર અર્હંતાદિની ભક્તિને આધીન બુદ્ધિવાળો વર્તતો થકો [1]પરમસંયમપ્રધાન અતિતીવ્ર તપ તપે છે, તે (જીવ), માત્ર તેટલા રાગરૂપ ક્લેશથી જેનું નિજ અંતઃકરણ કલંકિત (—મલિન) છે એવો વર્તતો થકો, વિષયવિષવૃક્ષના [2]આમોદથી જ્યાં અંતરંગ (—અંતઃકરણ) મોહિત હોય છે એવા સ્વર્ગલોકને—કે જે સાક્ષાત્ મોક્ષને અંતરાયભૂત છે તેને—સંપ્રાપ્ત કરીને, સુચિરકાળ પર્યંત (—ઘણા લાંબા કાળ સુધી) રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો અંદરમાં સંતપ્ત (—દુઃખી, વ્યથિત) થાય છે. ૧૭૧.

તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ;
વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે. ૧૭૨.

---

૧. પરમસંયમપ્રધાન = ઉત્કૃષ્ટ સંયમ જેમાં મુખ્ય હોય એવું

૨. આમોદ = (૧) સુગંધ; (૨) મોજ.

तस्मान्निर्वृत्तिकामो रागं सर्वत्र करोतु मा किञ्चित्।
स तेन वीतरागो भव्यो भवसागरं तरति॥१७२॥

साक्षान्मोक्षमार्गसारसूचनद्वारेण शास्त्रतात्पर्योपसंहारोऽयम्।

साक्षान्मोक्षमार्गपुरस्सरो हि वीतरागत्वम्। ततः खल्वर्हदादिगतमपि रागं चन्दननगसङ्गतमग्निमिव सुरलोकादिक्लेशप्राप्त्याऽत्यन्तमन्तर्दाहाय कल्पमानमाकलय्य साक्षान्मोक्षकामो महाजनः समस्तविषयमपि रागमुत्सृज्यात्यन्तवीतरागो भूत्वा समुच्छलज्ज्वलद्दुःखसौख्यकल्लोलं कर्माग्नितप्तकलकलोदभारप्राग्भारभयङ्करं भवसागरमुत्तीर्य, शुद्धस्वरूपपरमामृतसमुद्रमध्यास्य सद्यो निर्वाति॥

अलं विस्तरेण। स्वस्ति साक्षान्मोक्षमार्गसारत्वेन शास्त्रतात्पर्यभूताय वीतराग-

---

અન્વયાર્થ :—[ तस्मात् ] તેથી [ निर्वृत्तिकामः ] મોક્ષાભિલાષી જીવ [ सर्वत्र ] સર્વત્ર [ किञ्चित् रागं ] કિંચિત્ પણ રાગ [ मा करोतु ] ન કરો; [ तेन ] એમ કરવાથી [ सः भव्यः ] તે ભવ્ય જીવ [ वीतरागः ] વીતરાગ થઈ [ भवसागरं तरति ] ભવસાગરને તરે છે.

ટીકા :—આ, સાક્ષાત્મોક્ષમાર્ગના સાર-સૂચન દ્વારા શાસ્ત્રતાત્પર્યરૂપ ઉપસંહાર છે (અર્થાત્ અહીં સાક્ષાત્મોક્ષમાર્ગનો સાર શો છે તેના કથન દ્વારા શાસ્ત્રનું તાત્પર્ય કહેવારૂપ ઉપસંહાર કર્યો છે).

સાક્ષાત્મોક્ષમાર્ગમાં અગ્રેસર ખરેખર વીતરાગપણું છે. તેથી ખરેખર [1]અર્હંતાદિગત રાગને પણ, ચંદનવૃક્ષસંગત અગ્નિની માફક, દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતર્દાહનું કારણ સમજીને, સાક્ષાત્ મોક્ષનો અભિલાષી મહાજન સઘળાય પ્રત્યેના રાગને છોડી, અત્યંત વીતરાગ થઈ, જેમાં બળબળતા દુઃખસુખના કલ્લોલો ઊછળે છે અને જે કર્માગ્નિ વડે તપ્ત, કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી ભયંકર છે એવા ભવસાગરને પાર ઊતરી, શુદ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્રને અવગાહી, શીઘ્ર નિર્વાણને પામે છે.

—વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો વીતરાગપણું કે જે સાક્ષાત્મોક્ષમાર્ગનો સાર હોવાથી શાસ્ત્રતાત્પર્યભૂત છે.

---

૧. અર્હંતાદિગત રાગ = અર્હંતાદિ પ્રત્યેનો રાગ; અર્હંતાદિવિષયક રાગ; અર્હંતાદિનો રાગ. [જેમ ચંદનવૃક્ષનો અગ્નિ પણ ઉગ્રપણે બાળે છે, તેમ અર્હંતાદિનો રાગ પણ દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતરંગ બળતરાનું કારણ થાય છે.]

**त्वायेति। द्विविधं किल तात्पर्यम्—सूत्रतात्पर्यं शास्त्रतात्पर्यञ्चेति। तत्र सूत्रतात्पर्यं प्रतिसूत्रमेव प्रतिपादितम्। शास्त्रतात्पर्यं त्विदं प्रतिपाद्यते। अस्य खलु पारमेश्वरस्य शास्त्रस्य, सकलपुरुषार्थसारभूतमोक्षतत्त्वप्रतिपत्तिहेतोः पञ्चास्तिकायषड्द्रव्यस्वरूपप्रतिपादनेनोपदर्शितसमस्तवस्तुस्वभावस्य, नवपदार्थप्रपञ्चसूचनाविष्कृतबन्धमोक्षसम्बन्धिबन्धमोक्षायतनबन्धमोक्षविकल्पस्य, सम्यगावेदितनिश्चयव्यवहाररूपमोक्षमार्गस्य, साक्षान्मोक्षकारणभूतपरमवीतरागत्वविश्रान्तसमस्तहृदयस्य, परमार्थतो वीतरागत्वमेव तात्पर्यमिति। तदिदं वीतरागत्वं व्यवहारनिश्चयाविरोधेनैवानुगम्यमानं भवति समीहितसिद्धये,**

---

તાત્પર્ય દ્વિવિધ હોય છે : [૧]સૂત્રતાત્પર્ય અને શાસ્ત્રતાત્પર્ય. તેમાં, સૂત્રતાત્પર્ય સૂત્રદીઠ (ગાથાદીઠ) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે; અને શાસ્ત્રતાત્પર્ય હવે પ્રતિપાદિત કરવામાં આવે છે :—

સર્વ [૨]પુરુષાર્થોમાં સારભૂત એવા મોક્ષતત્ત્વનું પ્રતિપાદન કરવાના હેતુથી જેમાં પંચાસ્તિકાય અને ષડ્દ્રવ્યના સ્વરૂપના પ્રતિપાદન વડે સમસ્ત વસ્તુનો સ્વભાવ દર્શાવવામાં આવેલ છે, નવ પદાર્થના વિસ્તૃત કથન વડે જેમાં બંધ-મોક્ષના સંબંધી (સ્વામી), બંધ-મોક્ષનાં આયતન (સ્થાન) અને બંધ-મોક્ષના વિકલ્પ (ભેદ) પ્રગટ કરવામાં આવ્યાં છે, નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું જેમાં સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે તથા સાક્ષાત્ મોક્ષના કારણભૂત પરમવીતરાગપણામાં જેનું સમસ્ત હૃદય રહેલું છે—એવા આ ખરેખર [૩]પારમેશ્વર શાસ્ત્રનું, પરમાર્થે વીતરાગપણું જ તાત્પર્ય છે.

તે આ વીતરાગપણાને વ્યવહાર-નિશ્ચયના [૪]અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે, પરંતુ અન્યથા નહિ (અર્થાત્ વ્યવહાર અને નિશ્ચયની સુસંગતતા રહે એવી રીતે વીતરાગપણાને અનુસરવામાં આવે તો જ ઇચ્છિતની સિદ્ધિ થાય છે,

---

૧. એકેક ગાથાસૂત્રનું તાત્પર્ય તે સૂત્રતાત્પર્ય છે અને આખા શાસ્ત્રનું તાત્પર્ય તે શાસ્ત્રતાત્પર્ય છે.

૨. પુરુષાર્થ = પુરુષ-અર્થ; પુરુષ-પ્રયોજન. [પુરુષાર્થોના ચાર વિભાગ પાડવામાં આવે છેઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ; પરંતુ સર્વ પુરુષ-અર્થોમાં મોક્ષ જ સારભૂત (તાત્ત્વિક) પુરુષ-અર્થ છે.]

૩. પારમેશ્વર = પરમેશ્વરના; જિનભગવાનના; ભાગવત; દૈવી; પવિત્ર.

૪. છઠ્ઠા ગુણસ્થાને મુનિયોગ્ય શુદ્ધપરિણતિ નિરંતર હોવી તેમ જ મહાવ્રતાદિસંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે નિશ્ચય-વ્યવહારના અવિરોધનું (સુમેળનું) ઉદાહરણ છે. પાંચમા ગુણસ્થાને તે ગુણસ્થાનને યોગ્ય શુદ્ધપરિણતિ નિરંતર હોવી તેમ જ દેશવ્રતાદિસંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે પણ નિશ્ચય-વ્યવહારના અવિરોધનું ઉદાહરણ છે.

**न पुनरन्यथा। व्यवहारनयेन भिन्नसाध्यसाधनभावमवलम्ब्यानादिभेदवासितबुद्धयः सुखेनैवावतरन्ति तीर्थं प्राथमिकाः। तथाहि—इदं श्रद्धेयमिदमश्रद्धेयमयं श्रद्धातेदं श्रद्धानमिदं ज्ञेयमिदमज्ञेयमयं ज्ञातेदं ज्ञानमिदं चरणीयमिदमचरणीयमयं चरितेदं चरणमिति कर्तव्याकर्तव्यकर्तृकर्मविभागावलोकनोल्लसितपेशलोत्साहाः शनैःशनैर्मोह-मल्लमुन्मूलयन्तः, कदाचिदज्ञानान्मदप्रमादतन्त्रतया शिथिलितात्माधिकारस्यात्मनो**

---

બીજી રીતે થતી નથી).

(ઉપરોક્ત વાત વિશેષ સમજાવવામાં આવે છે :—)

**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે [1]ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને [2]સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે (અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે). જેમ કે : '(૧) આ શ્રદ્ધેય (શ્રદ્ધવાયોગ્ય) છે, (૨) આ અશ્રદ્ધેય છે, (૩) આ શ્રદ્ધનાર છે અને (૪) આ શ્રદ્ધાન છે; (૧) આ જ્ઞેય (જાણવાયોગ્ય) છે, (૨) આ અજ્ઞેય છે, (૩) આ જ્ઞાતા છે અને (૪) આ જ્ઞાન છે; (૧) આ આચરણીય (આચરવાયોગ્ય) છે, (૨) આ અનાચરણીય છે, (૩) આ આચરનાર છે અને (૪) આ આચરણ છે;'—એમ (૧) કર્તવ્ય (કરવાયોગ્ય), (૨) અકર્તવ્ય, (૩) કર્તા અને (૪) કર્મરૂપ વિભાગોના અવલોકન વડે જેમને કોમળ (—મંદ) ઉત્સાહ ઉલ્લસિત થાય છે એવા તેઓ (પ્રાથમિક જીવો) ધીમે ધીમે મોહમલ્લને (રાગાદિને) ઉખેડતા જાય છે; કદાચિત્ અજ્ઞાનને લીધે (—સ્વસંવેદનજ્ઞાનના અભાવને લીધે) મદ (કષાય) અને પ્રમાદને વશ થવાથી પોતાનો આત્મ-અધિકાર (આત્માને વિષે અધિકાર) શિથિલ થઈ જતાં પોતાને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવવા માટે તેઓ પ્રચંડ દંડનીતિનો પ્રયોગ કરે છે; ફરી ફરીને (પોતાના આત્માને) દોષાનુસાર પ્રાયશ્ચિત્ત દેતા થકા તેઓ સતત**

---

૧. મોક્ષમાર્ગપ્રાપ્ત જ્ઞાની જીવોને પ્રાથમિક ભૂમિકામાં, સાધ્ય તો પરિપૂર્ણ શુદ્ધતાએ પરિણત આત્મા છે અને તેનું સાધન વ્યવહારનયે (આંશિક શુદ્ધિની સાથે સાથે રહેલ) ભેદરત્નત્રયરૂપ પરાવલંબી વિકલ્પો કહેવામાં આવે છે. આ રીતે તે જીવોને વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારનાં કહેવામાં આવ્યા છે. (નિશ્ચયનયે સાધ્ય અને સાધન અભિન્ન હોય છે.)

૨. સુખે કરીને = સુગમપણે; સહજપણે; કઠિનતા વિના. [જેમણે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનાં શ્રદ્ધાનાદિ કરેલ છે એવા સમ્યગ્જ્ઞાની જીવોને તીર્થસેવનની પ્રાથમિક દશામાં (—મોક્ષમાર્ગસેવનની પ્રારંભિક ભૂમિકામાં) આંશિક શુદ્ધિની સાથે સાથે શ્રદ્ધાનજ્ઞાનચારિત્ર સંબંધી પરાવલંબી વિકલ્પો (ભેદરત્નત્રય) હોય છે, કારણ કે અનાદિ કાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત પરિણતિ ચાલી આવે છે તેનો તુરત જ સર્વથા નાશ થવો કઠિન છે.]

**न्यायपथप्रवर्तनाय प्रयुक्तप्रचण्डदण्डनीतयः, पुनः पुनः दोषानुसारेण दत्तप्रायश्चित्ताः सन्ततोद्यताः सन्तोऽथ तस्यैवात्मनो भिन्नविषयश्रद्धानज्ञानचारित्रैरधिरोप्यमाणसंस्कारस्य भिन्नसाध्यसाधनभावस्य रजकशिलातलस्फाल्यमानविमलसलिलाप्लुतविहितोषपरिष्वङ्ग-मलिनवासस इव मनाङ्मनाग्विशुद्धिमधिगम्य निश्चयनयस्य भिन्नसाध्यसाधनभावाभावाद्दर्शन-ज्ञानचारित्रसमाहितत्वरूपे विश्रान्तसकलक्रियाकाण्डाडम्बरनिस्तरङ्गपरमचैतन्यशालिनि निर्भरानन्दमालिनि भगवत्यात्मनि विश्रान्तिमासूत्रयन्तः क्रमेण समुपजातसमरसीभावाः**

---

ઉદ્યમવંત વર્તે છે; વળી, [1]ભિન્નવિષયવાળાં શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર વડે (—આત્માથી ભિન્ન જેના વિષયો છે એવા ભેદરત્નત્રય વડે) જેનામાં સંસ્કાર આરોપાતા જાય છે એવા ભિન્નસાધ્યસાધનભાવવાળા પોતાના આત્માને વિષે—ધોબી દ્વારા શિલાની સપાટી ઉપર ઝીંકવામાં આવતા, નિર્મળ જળ વડે પલાળવામાં આવતા અને ક્ષાર (સાબુ) લગાડવામાં આવતા મલિન વસ્ત્રની માફક—થોડી થોડી [2]વિશુદ્ધિ પ્રાપ્ત કરીને, તે જ પોતાના આત્માને નિશ્ચયનયે ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે, દર્શનજ્ઞાનચારિત્રનું સમાહિતપણું (અભેદપણું) જેનું રૂપ છે, સકળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે (—અભાવને લીધે) જે નિસ્તરંગ પરમચૈતન્યશાળી છે તથા જે નિર્ભર આનંદથી સમૃદ્ધ છે એવા ભગવાન આત્મામાં વિશ્રાંતિ રચતા થકા (અર્થાત્ દર્શનજ્ઞાનચારિત્રના ઐક્યસ્વરૂપ, નિર્વિકલ્પ પરમચૈતન્યશાળી તથા ભરપૂર-આનંદયુક્ત એવા ભગવાન આત્મામાં પોતાને

---

૧. વ્યવહાર-શ્રદ્ધાનજ્ઞાનચારિત્રના વિષયો આત્માથી ભિન્ન છે; કારણ કે વ્યવહારશ્રદ્ધાનનો વિષય નવ પદાર્થો છે, વ્યવહારજ્ઞાનનો વિષય અંગ-પૂર્વ છે અને વ્યવહારચારિત્રનો વિષય આચારાદિ-સૂત્રકથિત મુનિ-આચારો છે.

૨. જેવી રીતે ધોબી પાષાણશિલા, પાણી અને સાબુ વડે મલિન વસ્ત્રની શુદ્ધિ કરતો જાય છે, તેવી રીતે પ્રાક્‌પદવીસ્થિત જ્ઞાની જીવ ભેદરત્નત્રય વડે પોતાના આત્મામાં સંસ્કાર આરોપી તેની થોડી થોડી શુદ્ધિ કરતો જાય છે એમ વ્યવહારનયે કહેવામાં આવે છે. પરમાર્થ એમ છે કે તે ભેદરત્નત્રયવાળા જ્ઞાની જીવને શુભ ભાવોની સાથે જે શુદ્ધાત્મસ્વરૂપનું આંશિક આલંબન વર્તતું હોય છે તે જ ઉગ્ર થતું થતું વિશેષ શુદ્ધિ કરતું જાય છે. માટે ખરેખર તો, શુદ્ધાત્મસ્વરૂપનું આલંબન કરવું તે જ શુદ્ધિ પ્રગટાવવાનું સાધન છે અને તે આલંબનની ઉગ્રતા કરવી તે જ શુદ્ધિની વૃદ્ધિ કરવાનું સાધન છે. સાથે રહેલા શુભભાવોને શુદ્ધિની વૃદ્ધિનું સાધન કહેવું તે તો માત્ર ઉપચારકથન છે. શુદ્ધિની વૃદ્ધિના ઉપચરિતસાધનપણાનો આરોપ પણ તે જ જીવના શુભભાવોમાં આવી શકે છે કે જે જીવે શુદ્ધિની વૃદ્ધિનું ખરું સાધન (--શુદ્ધાત્મસ્વરૂપનું યથોચિત આલંબન) પ્રગટ કર્યું હોય.

परमवीतरागभावमधिगम्य, साक्षान्मोक्षमनुभवन्तीति।

अथ ये तु केवलव्यवहारावलम्बिनस्ते खलु भिन्नसाध्यसाधनभावावलोकनेनाऽनवरतं नितरां खिद्यमाना मुहुर्मुहुर्धर्मादिश्रद्धानरूपाध्यवसायानुस्यूतचेतसः, प्रभूतश्रुतसंस्काराधिरोपितविचित्रविकल्पजालकल्माषितचैतन्यवृत्तयः, समस्तयतिवृत्तसमुदायरूपतपःप्रवृत्तिरूपकर्मकाण्डोड्डमराचलिताः, कदाचित्किञ्चिद्रोचमानाः, कदाचित्किञ्चिद्विकल्पयन्तः, कदाचित्किञ्चिदाचरन्तः; दर्शनाचरणाय कदाचित्प्रशाम्यन्तः, कदाचित्संविजमानाः, कदाचिदनुकम्पमानाः, कदाचिदास्तिक्यमुद्वहन्तः, शङ्काकाङ्क्षाविचिकित्सामूढदृष्टितानां व्युत्थापननिरोधाय नित्यबद्धपरिकराः, उपबृंहणस्थितिकरणवात्सल्यप्रभावनां भावयमाना

---

સ્થિર કરતા થકા), ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી પરમ વીતરાગભાવને પ્રાપ્ત કરી સાક્ષાત્ મોક્ષને અનુભવે છે.

[હવે કેવળવ્યવહારાવલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :—]

પરંતુ જેઓ કેવળવ્યવહારાવલંબી (કેવળ વ્યવહારને અવલંબનારા) છે તેઓ ખરેખર ★ભિન્નસાધ્યસાધનભાવના અવલોકન વડે નિરંતર અત્યંત ખેદ પામતા થકા, (૧) ફરીફરીને ધર્માદિના શ્રદ્ધાનરૂપ અધ્યવસાનમાં તેમનું ચિત્ત લાગ્યા કરતું હોવાથી, (૨) પુષ્કળ શ્રુતના (દ્રવ્યશ્રુતના) સંસ્કારથી ઊઠતા વિચિત્ર (અનેક પ્રકારના) વિકલ્પોની જાળ વડે તેમની ચૈતન્યવૃત્તિ ચિત્રવિચિત્ર થતી હોવાથી અને (૩) સમસ્ત યતિ-આચારના સમુદાયરૂપ તપમાં પ્રવર્તનરૂપ કર્મકાંડની ધમાલમાં તેઓ અચલિત રહેતા હોવાથી, (૧) ક્યારેક કાંઈકની (કોઈક બાબતની) રુચિ કરે છે, (૨) ક્યારેક કાંઈકના (કોઈક બાબતના) વિકલ્પ કરે છે અને (૩) ક્યારેક કાંઈક આચરણ કરે છે; દર્શનાચરણ માટે—તેઓ કદાચિત્ પ્રશમિત થાય છે, કદાચિત્ સંવેગ પામે છે, કદાચિત્ અનુકંપિત થાય છે, કદાચિત્ આસ્તિક્યને ધારે છે, શંકા, કાંક્ષા, વિચિકિત્સા અને મૂઢદૃષ્ટિતાના ઉત્થાનને અટકાવવા અર્થે નિત્ય કટિબદ્ધ રહે છે, ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને

---

★ ખરેખર સાધ્ય અને સાધન અભિન્ન હોય છે. જ્યાં સાધ્ય અને સાધન ભિન્ન કહેવામાં આવે ત્યાં 'આ સત્યાર્થ નિરૂપણ નથી પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કર્યું છે' એમ સમજવું જોઈએ. કેવળવ્યવહારાવલંબી જીવો આ વાતને ઊંડાણથી નહિ શ્રદ્ધતા થકા અર્થાત્ 'ખરેખર શુભભાવરૂપ સાધનથી જ શુદ્ધભાવરૂપ સાધ્ય પ્રાપ્ત થશે' એવી શ્રદ્ધા ઊંડાણમાં સેવતા થકા નિરંતર અત્યંત ખેદ પામે છે. [વિશેષ માટે ૨૨૧ મા પાનાની બીજી તથા પાંચમી ફૂટનોટ જુઓ.]

**वारंवारमभिवर्धितोत्साहा; ज्ञानाचरणाय स्वाध्यायकालमवलोकयन्तो, बहुधा विनयं प्रपञ्चयन्तः, प्रविहितदुर्धरोपधानाः, सुष्ठु बहुमानमातन्वन्तो, निह्नवापत्तिं नितरां निवारयन्तोऽर्थव्यञ्जनतदुभयशुद्धौ नितान्तसावधानाः; चारित्राचरणाय हिंसानृतस्तेया-ब्रह्मपरिग्रहसमस्तविरतिरूपेषु पञ्चमहाव्रतेषु तन्निष्ठवृत्तयः, सम्यग्योगनिग्रहलक्षणासु गुप्तिषु नितान्तं गृहीतोद्योगा, ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गरूपासु समितिष्वत्यन्त-निवेशितप्रयत्नाः; तपआचरणायानशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरित्यागविविक्त-शय्यासनकायक्लेशेष्वभीक्ष्णमुत्सहमानाः, प्रायश्चित्तविनयवैयावृत्त्यव्युत्सर्गस्वाध्यायध्यान-परिकराङ्कुशितस्वान्ता; वीर्याचरणाय कर्मकाण्डे सर्वशक्त्या व्याप्रियमाणाः; कर्म-चेतनाप्रधानत्वाद्दूरनिवारिताऽशुभकर्मप्रवृत्तयोऽपि समुपात्तशुभकर्मप्रवृत्तयः, सकल-क्रियाकाण्डाडम्बरोत्तीर्णदर्शनज्ञानचारित्रैक्यपरिणतिरूपां ज्ञानचेतनां मनागप्यसम्भावयन्तः,**

---

પ્રભાવનાને ભાવતા થકા વારંવાર ઉત્સાહને વધારે છે; જ્ઞાનાચરણ માટે—સ્વાધ્યાયકાળને અવલોકે છે, બહુ પ્રકારે વિનયને વિસ્તારે છે, દુર્ધર ઉપધાન કરે છે, સારી રીતે બહુમાનને પ્રસારે છે, નિહ્નવદોષને અત્યંત નિવારે છે, અર્થ, વ્યંજન અને [૧]તદુભયની શુદ્ધિમાં અત્યંત સાવધાન રહે છે; ચારિત્રાચરણ માટે—હિંસા, અસત્ય, સ્તેય, અબ્રહ્મ અને પરિગ્રહની સર્વવિરતિરૂપ પંચમહાવ્રતોમાં તલ્લીન વૃત્તિવાળા રહે છે, સમ્યક્ યોગનિગ્રહ જેનું લક્ષણ છે (–યોગનો બરાબર નિરોધ કરવો તે જેનું લક્ષણ છે) એવી ગુપ્તિઓમાં અત્યંત ઉદ્યોગ રાખે છે, ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને ઉત્સર્ગરૂપ સમિતિઓમાં પ્રયત્નને અત્યંત જોડે છે; તપાચરણ માટે—અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશમાં સતત ઉત્સાહિત રહે છે, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત્ય, વ્યુત્સર્ગ, સ્વાધ્યાય અને ધ્યાનરૂપ [૨]પરિકર વડે નિજ અંતઃકરણને અંકુશિત રાખે છે; વીર્યાચરણ માટે—કર્મકાંડમાં સર્વ શક્તિ વડે [૩]વ્યાપૃત રહે છે; આમ કરતા થકા, કર્મચેતનાપ્રધાનપણાને લીધે—જોકે અશુભકર્મપ્રવૃત્તિને તેમણે અત્યંત નિવારી છે તોપણ—શુભકર્મપ્રવૃત્તિને જેમણે બરાબર ગ્રહણ કરી છે એવા તેઓ, સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિરૂપ જ્ઞાનચેતનાને જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા, પુષ્કળ પુણ્યના

---

૧. તદુભય = તે બંને (અર્થાત્ અર્થ તેમ જ વ્યંજન બંને)

૨. પરિકર = સમૂહ; સામગ્રી.

૩. વ્યાપૃત = રોકાયેલ; ગૂંથાયેલ; મશગૂલ; મગ્ન.

प्रभूतपुण्यभारमन्थरितचित्तवृत्तयः, सुरलोकादिक्लेशप्राप्तिपरम्परया सुचिरं संसारसागरे भ्रमन्तीति। उक्तञ्च—''चरणकरणप्पहाणा ससमयपरमत्थमुक्कवावारा। चरणकरणस्स सारं णिच्छयसुद्धं ण जाणंति''॥

येऽत्र केवलनिश्चयावलम्बिनः सकलक्रियाकर्मकाण्डाडम्बरविरक्तबुद्धयोऽर्धमीलित-

---

ભારથી [1]મંથર થઈ ગયેલી ચિતવૃત્તિવાળા વર્તતા થકા, દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા વડે ઘણા લાંબા કાળ સુધી સંસારસાગરમાં ભમે છે. કહ્યું પણ છે કે—[2]चरण-करणप्पहाणा ससमयपरमत्थमुक्कवावारा। चरणकरणस्स सारं णिच्छयसुद्धं ण जाणंति॥ [અર્થાત્ જેઓ ચરણપરિણામપ્રધાન છે અને સ્વસમયરૂપ પરમાર્થમાં વ્યાપારરહિત છે, તેઓ ચરણપરિણામનો સાર જે નિશ્ચયશુદ્ધ (આત્મા) તેને જાણતા નથી.][3]

[હવે કેવળનિશ્ચયાવલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :—]

હવે, જેઓ કેવળનિશ્ચયાવલંબી છે, સકળ ક્રિયાકર્મકાંડના આડંબરમાં વિરક્ત બુદ્ધિવાળા વર્તતા થકા, આંખો અર્ધી-વિંચેલી રાખી કાંઈક પણ સ્વબુદ્ધિથી અવલોકીને

---

૧. મંથર = મંદ; જડ; સુસ્ત.

૨. આ ગાથાની સંસ્કૃત છાયા આ પ્રમાણે છે : चरणकरणप्रधानाः स्वसमयपरमार्थमुक्तव्यापाराः। चरणकरणस्य सारं निश्चयशुद्धं न जानन्ति॥

૩. શ્રી જયસેનાચાર્યદેવકૃત તાત્પર્યવૃત્તિ-ટીકામાં વ્યવહાર-એકાંતનું નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે :—

જે કોઈ જીવો વિશુદ્ધજ્ઞાનદર્શનસ્વભાવવાળા શુદ્ધાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચયમોક્ષમાર્ગથી નિરપેક્ષ કેવળશુભાનુષ્ઠાનરૂપ વ્યવહારનયને જ મોક્ષમાર્ગ માને છે, તેઓ તેના વડે દેવલોકાદિના ક્લેશની પરંપરા પામતા થકા સંસારમાં પરિભ્રમણ કરે છે; પરંતુ જો શુદ્ધાત્માનુભૂતિલક્ષણ નિશ્ચયમોક્ષમાર્ગને માને અને નિશ્ચયમોક્ષમાર્ગનું અનુષ્ઠાન કરવાની શક્તિના અભાવને લીધે નિશ્ચયસાધક શુભાનુષ્ઠાન કરે, તો તેઓ સરાગ સમ્યગ્દ્રષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે.—આમ વ્યવહાર-એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાક્ય કહેવામાં આવ્યાં.

[અહીં જે 'સરાગ સમ્યગ્દ્રષ્ટિ' જીવો કહ્યા તે જીવોને સમ્યગ્દર્શન તો યથાર્થ જ પ્રગટ્યું છે પરંતુ ચારિત્ર-અપેક્ષાએ તેમને મુખ્યપણે રાગ હયાત હોવાથી તેમને 'સરાગ સમ્યગ્દ્રષ્ટિ' કહ્યા છે એમ સમજવું. વળી તેમને જે શુભ અનુષ્ઠાન છે તે માત્ર ઉપચારથી જ 'નિશ્ચયસાધક (–નિશ્ચયના સાધનભૂત)' કહેવામાં આવ્યું છે એમ સમજવું.]

**विलोचनपुटाः किमपि स्वबुद्ध्यावलोक्य यथासुखमासते, ते खल्ववधीरितभिन्न-साध्यसाधनभावा अभिन्नसाध्यसाधनभावमलभमाना अन्तराल एव प्रमादकादम्बरीमद-भरालसचेतसो मत्ता इव, मूर्च्छिता इव, सुषुप्ता इव, प्रभूतघृतसितोपलपायसासादित-सौहित्या इव, समुल्बणबलसञ्जनितजाड्या इव, दारुणमनोभ्रंशविहितमोहा इव, मुद्रितविशिष्टचैतन्या वनस्पतय इव, मौनीन्द्रीं कर्मचेतनां पुण्यबन्धभयेनानवलम्बमाना अनासादितपरमनैष्कर्म्यरूपज्ञानचेतनाविश्रान्तयो व्यक्ताव्यक्तप्रमादतन्त्रा अरमागतकर्मफल-**

---

[1]યથાસુખ રહે છે (અર્થાત્ સ્વમતિકલ્પનાથી કાંઈક ભાસ કલ્પી લઈને મરજી મુજબ —જેમ સુખ ઊપજે તેમ—રહે છે), તેઓ ખરેખર [2]ભિન્નસાધ્યસાધનભાવને તિરસ્કારતા થકા, અભિન્નસાધ્યસાધનભાવને નહિ ઉપલબ્ધ કરતા થકા, અંતરાળમાં જ (–શુભ તેમ જ શુદ્ધ સિવાયની બાકી રહેલી ત્રીજી અશુભ દશામાં જ), પ્રમાદમદિરાના મદથી ભરેલા આળસુ ચિત્તવાળા વર્તતા થકા, મત્ત (ઉન્મત્ત) જેવા, મૂર્છિત જેવા, સુષુપ્ત જેવા, પુષ્કળ ઘી-સાકર-ખીર ખાઈને તૃપ્તિ પામેલા (–ધરાયેલા) હોય એવા, જાડા શરીરને લીધે જડતા (–મંદતા, નિષ્ક્રિયતા) ઊપજી હોય એવા, દારુણ બુદ્ધિભ્રંશથી મૂઢતા થઈ ગઈ હોય એવા, જેનું વિશિષ્ટચૈતન્ય બિડાઈ ગયું હોય છે એવી વનસ્પતિ જેવા, મુનીંદ્રની કર્મચેતનાને [3]પુણ્યબંધના ભયથી નહિ અવલંબતા થકા અને પરમ

---

૧. યથાસુખ = મરજી મુજબ; જેમ સુખ ઊપજે તેમ; યથેચ્છપણે. [જેમને દ્રવ્યાર્થિકનયના (નિશ્ચય-નયના) વિષયભૂત શુદ્ધાત્મદ્રવ્યનું સમ્યક્ શ્રદ્ધાન કે અનુભવ નથી તેમ જ તેને માટે ઝંખના કે પ્રયત્ન નથી, આમ હોવા છતાં જેઓ નિજ કલ્પનાથી પોતાને વિષે કાંઈક ભાસ થતો કલ્પી લઈને નિશ્ચિતપણે સ્વચ્છંદપૂર્વક વર્તે છે, 'જ્ઞાની મોક્ષમાર્ગી જીવોને પ્રાથમિક દશામાં આંશિક શુદ્ધિની સાથે સાથે ભૂમિકાનુસાર શુભ ભાવો પણ હોય છે'—એ વાતને શ્રદ્ધતા નથી, તેમને અહીં કેવળનિશ્ચયાવલંબી કહ્યા છે.]

૨. મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને સવિકલ્પ પ્રાથમિક દશામાં (છઠ્ઠા ગુણસ્થાન સુધી) વ્યવહારનયની અપેક્ષાએ ભૂમિકાનુસાર ભિન્નસાધ્યસાધનભાવ હોય છે અર્થાત્ ભૂમિકા પ્રમાણે નવ પદાર્થો સંબંધી, અંગ-પૂર્વ સંબંધી અને શ્રાવક-મુનિના આચારો સંબંધી શુભ ભાવો હોય છે.—આ વાત કેવળનિશ્ચયાવલંબી જીવો માનતા નથી અર્થાત્ (આંશિક શુદ્ધિ સાથેની) શુભભાવવાળી પ્રાથમિક દશાને તેઓ શ્રદ્ધતા નથી અને પોતે અશુભ ભાવોમાં વર્તતા હોવા છતાં પોતાને વિષે ઊંચી શુદ્ધ દશા કલ્પી લઈ સ્વચ્છંદી રહે છે.

૩. કેવળનિશ્ચયાવલંબી જીવો પુણ્યબંધના ભયથી ડરીને મંદકષાયરૂપ શુભભાવો કરતા નથી અને પાપબંધના કારણભૂત અશુભભાવોને તો સેવ્યા કરે છે. આ રીતે તેઓ પાપને જ બાંધે છે.

**चेतनाप्रधानप्रवृत्तयो वनस्पतय इव केवलं पापमेव बध्नन्ति। उक्तञ्च—— ''णिच्छयमालंबंता णिच्छयदो णिच्छयं अयाणंता। णासंति चरणकरणं बाहरि-चरणालसा केई।।''**

---

**નૈષ્કર્મ્યરૂપ જ્ઞાનચેતનામાં વિશ્રાંતિ નહિ પામ્યા થકા, (માત્ર) વ્યક્ત-અવ્યક્ત પ્રમાદને આધીન વર્તતા થકા, પ્રાપ્ત થયેલા હલકા (નિકૃષ્ટ) કર્મફળની ચેતનાના પ્રધાનપણાવાળી પ્રવૃત્તિ જેને વર્તે છે એવી વનસ્પતિની માફક, કેવળ પાપને જ બાંધે છે. કહ્યું પણ છે કે—— [1]णिच्छयमालंबंता णिच्छयदो णिच्छयं अयाणंता। णासंति चरणकरणं बाहरिचरणालसा केई।। [અર્થાત્ નિશ્ચયને અવલંબનારા પરંતુ નિશ્ચયથી (ખરેખર) નિશ્ચયને નહિ જાણનારા કેટલાક જીવો બાહ્ય ચરણમાં આળસુ વર્તતા થકા ચરણપરિણામનો નાશ કરે છે.][2]**

---

૧. આ ગાથાની સંસ્કૃત છાયા આ પ્રમાણે છે : **निश्चयमालम्बन्तो निश्चयतो निश्चयमजानन्तः। नाशयन्ति चरणकरणं बाह्यचरणालसाः केऽपि।।**

૨. શ્રી જયસેનાચાર્યદેવરચિત ટીકામાં (વ્યવહાર-એકાંતનું સ્પષ્ટીકરણ કર્યા પછી તુરત જ) નિશ્ચય-એકાંતનું નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે :——

વળી જેઓ કેવળનિશ્ચયાવલંબી વર્તતા થકા રાગાદિવિકલ્પરહિત પરમસમાધિરૂપ શુદ્ધ આત્માને નહિ ઉપલબ્ધ કરતા હોવા છતાં, મુનિએ (વ્યવહારે) આચરવાયોગ્ય ષડ્-આવશ્યકાદિરૂપ અનુષ્ઠાનને તથા શ્રાવકે (વ્યવહારે) આચરવાયોગ્ય દાનપૂજાદિરૂપ અનુષ્ઠાનને દૂષણ દે છે, તેઓ પણ ઉભયભ્રષ્ટ વર્તતા થકા, નિશ્ચયવ્યવહાર-અનુષ્ઠાનયોગ્ય અવસ્થાંતરને નહિ જાણતા થકા પાપને જ બાંધે છે (અર્થાત્ કેવળ નિશ્ચય-અનુષ્ઠાનરૂપ શુદ્ધ અવસ્થાથી જુદી એવી જે નિશ્ચય-અનુષ્ઠાન અને વ્યવહાર-અનુષ્ઠાનવાળી મિશ્ર અવસ્થા તેને નહિ જાણતા થકા પાપને જ બાંધે છે); પરંતુ જો શુદ્ધાત્માનુષ્ઠાનરૂપ મોક્ષમાર્ગને અને તેના સાધકભૂત (વ્યવહારસાધનરૂપ) વ્યવહારમોક્ષમાર્ગને માને, તો ભલે ચારિત્રમોહના ઉદયને લીધે શક્તિનો અભાવ હોવાથી શુભ-અનુષ્ઠાન રહિત હોય તથાપિ——જોકે તેઓ શુદ્ધાત્મભાવનાસાપેક્ષ શુભ-અનુષ્ઠાનરત પુરુષો જેવા નથી તોપણ——સરાગ સમ્યક્ત્વાદિ વડે વ્યવહારસમ્યગ્દ્રષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે. ——આમ નિશ્ચય-એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાક્ય કહેવામાં આવ્યાં.

[અહીં જે જીવોને 'વ્યવહારસમ્યગ્દ્રષ્ટિ' કહ્યા છે તેઓ ઉપચારથી સમ્યગ્દ્રષ્ટિ છે એમ ન સમજવું પરંતુ તેઓ ખરેખર સમ્યગ્દ્રષ્ટિ છે એમ સમજવું. તેમને ચારિત્ર-અપેક્ષાએ મુખ્યપણે રાગાદિ હયાત હોવાથી સરાગ સમ્યક્ત્વવાળા કહીને 'વ્યવહારસમ્યગ્દ્રષ્ટિ' કહ્યા છે. શ્રી જયસેનાચાર્યદેવે પોતે જ ૧૫૦–૧૫૧મી ગાથાની ટીકામાં કહ્યું છે કે——જ્યારે આ જીવ આગમભાષાએ કાળાદિલબ્ધિરૂપ અને અધ્યાત્મભાષાએ શુદ્ધાત્માભિમુખ પરિણામરૂપ સ્વસંવેદન-જ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે પ્રથમ તો તે મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ અને ક્ષયોપશમ વડે સરાગ-સમ્યગ્દ્રષ્ટિ થાય છે.]

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ये तु पुनरपुनर्भवाय नित्यविहितोद्योगमहाभागा भगवन्तो निश्चयव्यवहारयो-रन्यतरानवलम्बनेनात्यन्तमध्यस्थीभूताः शुद्धचैतन्यरूपात्मतत्त्वविश्रान्तिविरचनोन्मुखाः प्रमादोदयानुवृत्तिनिवर्तिकां क्रियाकाण्डपरिणतिं माहात्म्यान्निवारयन्तोऽत्यन्त-मुदासीना यथाशक्त्याऽऽत्मानमात्मनाऽऽत्मनि सञ्चेतयमाना नित्योपयुक्ता निवसन्ति, ते खलु स्वतत्त्वविश्रान्त्यनुसारेण क्रमेण कर्माणि सन्न्यसन्तोऽत्यन्तनिष्प्रमादा

---

[હવે નિશ્ચય-વ્યવહાર બન્નેનો [૧]સુમેળ રહે એવી રીતે ભૂમિકાનુસાર પ્રવર્તનારા જ્ઞાની જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :—]

પરંતુ જે, અપુનર્ભવને (મોક્ષને) માટે નિત્ય ઉદ્યોગ કરનારા [૨]મહાભાગ ભગવંતો, નિશ્ચય-વ્યવહારમાંથી કોઈ [૩]એકને જ નહિ અવલંબતા હોવાથી (—કેવળનિશ્ચયાવલંબી કે કેવળવ્યવહારાવલંબી નહિ હોવાથી) અત્યંત મધ્યસ્થ વર્તતા, શુદ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વમાં વિશ્રાંતિના [૪]વિરચન પ્રત્યે અભિમુખ વર્તતા, પ્રમાદના ઉદયને અનુસરતી વૃત્તિને નિવર્તાવનારી (ટાળનારી) ક્રિયાકાંડપરિણતિને માહાત્મ્યમાંથી વારતા (—શુભ ક્રિયાકાંડપરિણતિ હઠ વિના સહજપણે ભૂમિકાનુસાર વર્તતી હોવા છતાં અંતરંગમાં તેને માહાત્મ્ય નહિ અર્પતા), અત્યંત ઉદાસીન વર્તતા, યથાશક્તિ આત્માને આત્માથી આત્મામાં સંચેતતા (અનુભવતા) થકા નિત્ય-ઉપયુક્ત રહે છે, તેઓ (—તે મહાભાગ ભગવંતો), ખરેખર સ્વતત્ત્વમાં વિશ્રાંતિ અનુસાર ક્રમે કર્મનો સંન્યાસ કરતા (—સ્વતત્ત્વમાં સ્થિરતા થતી જાય તેના પ્રમાણમાં શુભ ભાવોને છોડતા), અત્યંત નિષ્પ્રમાદ વર્તતા, અત્યંત નિષ્કંપમૂર્તિ હોવાથી જેમને વનસ્પતિની ઉપમા આપવામાં

---

૧. નિશ્ચય–વ્યવહારના સુમેળની સ્પષ્ટતા માટે ૨૪૧મા પાનાની બીજી ફૂટનોટ જુઓ.

૨. મહાભાગ = મહા પવિત્ર; મહા ગુણિયલ; મહા ભાગ્યશાળી.

૩. મોક્ષને માટે નિત્ય ઉદ્યમ કરનારા મહાપવિત્ર ભગવંતોને (—મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને) નિરંતર શુદ્ધદ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનું સમ્યક્ અવલંબન વર્તતું હોવાથી તે જીવોને તે અવલંબનની તરતમતા પ્રમાણે સવિકલ્પ દશામાં ભૂમિકાનુસાર શુદ્ધપરિણતિ તેમ જ શુભપરિણતિનો યથોચિત સુમેળ (હઠ વિના) હોય છે તેથી તે જીવો આ શાસ્ત્રમાં (૨૪૬મા પાને) જેમને કેવળનિશ્ચયાવલંબી કહ્યા છે એવા કેવળનિશ્ચયાવલંબી નથી તેમ જ (૨૪૫મા પાને) જેમને કેવળવ્યવહારાવલંબી કહ્યા છે એવા કેવળવ્યવહારાવલંબી નથી.

૪. વિરચન = વિશેષપણે રચવું તે; રચના; રચવું તે.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

नितान्तनिष्कम्पमूर्तयो वनस्पतिभिरुपमीयमाना अपि दूरनिरस्तकर्मफलानुभूतयः कर्मानुभूति-निरुत्सुकाः केवलज्ञानानुभूतिसमुपजाततात्त्विकानन्दनिर्भरतरास्तरसा संसारसमुद्रमुत्तीर्य शब्दब्रह्मफलस्य शाश्वतस्य भोक्तारो भवन्तीति।।१७२।।

मग्गप्पभावणट्ठं पवयणभत्तिप्पचोदिदेण मया।
भणियं पवयणसारं पंचत्थियसंगहं सुत्तं।।१७३।।

मार्गप्रभावनार्थं प्रवचनभक्तिप्रचोदितेन मया।
भणितं प्रवचनसारं पञ्चास्तिकसङ्ग्रहं सूत्रम्।।१७३।।

कर्तुः प्रतिज्ञानिर्व्यूढिसूचिका समापनेयम्।

मार्गो हि परमवैराग्यकरणप्रवणा पारमेश्वरी परमाज्ञा; तस्याः प्रभावनं

---

આવતી હોવા છતાં જેમણે કર્મફળાનુભૂતિ અત્યંત નિરસ્ત (નષ્ટ) કરી છે એવા, કર્માનુભૂતિ પ્રત્યે નિરુત્સુક વર્તતા, કેવળ (માત્ર) જ્ઞાનાનુભૂતિથી ઉત્પન્ન થયેલ તાત્ત્વિક આનંદથી અત્યંત ભરપૂર વર્તતા, શીઘ્ર સંસારસમુદ્રને પાર ઊતરી, શબ્દબ્રહ્મના શાશ્વત ફળના (—નિર્વાણસુખના) ભોક્તા થાય છે. ૧૭૨.

મેં માર્ગ-ઉદ્યોતાર્થ, પ્રવચનભક્તિથી પ્રેરાઈને,
કહ્યું સર્વપ્રવચન-સારભૂત 'પંચાસ્તિસંગ્રહ' સૂત્રને. ૧૭૩.

અન્વયાર્થ :—[ प्रवचनभक्तिप्रचोदितेन मया ] પ્રવચનની ભક્તિથી પ્રેરિત એવાં મેં [ मार्गप्रभावनार्थं ] માર્ગની પ્રભાવના અર્થે [ प्रवचनसारं ] પ્રવચનના સારભૂત [ पञ्चास्तिकसङ्ग्रहं सूत्रम् ] 'પંચાસ્તિકાયસંગ્રહ' સૂત્ર [ भणितम् ] કહ્યું.

ટીકા :—આ, કર્તાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવનારી સમાપ્તિ છે (અર્થાત્ અહીં શાસ્ત્રકર્તા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પોતાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવતાં શાસ્ત્રસમાપ્તિ કરે છે).

માર્ગ એટલે પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી પરમ આજ્ઞા (અર્થાત્ પરમ વૈરાગ્ય કરવાની પરમેશ્વરની પરમ આજ્ઞા); તેની પ્રભાવના એટલે પ્રખ્યાપન

**प्रख्यापनद्वारेण प्रकृष्टपरिणतिद्वारेण वा समुद्योतनम्; तदर्थमेव परमागमानुराग-वेगप्रचलितमनसा संक्षेपतः समस्तवस्तुतत्त्वसूचकत्वाददतिविस्तृतस्यापि प्रवचनस्य सारभूतं पञ्चास्तिकायसंग्रहाभिधानं भगवत्सर्वज्ञोपज्ञत्वात् सूत्रमिदमभिहितं मयेति। अथैवं शास्त्रकारः प्रारब्धस्यान्तमुपगम्यात्यन्तं कृतकृत्यो भूत्वा परमनैष्कर्म्यरूपे शुद्धस्वरूपे विश्रान्त इति श्रद्धीयते।।१७३।।**

**इति समयव्याख्यायां नवपदार्थपुरस्सरमोक्षमार्गप्रपञ्चवर्णनो द्वितीयः श्रुतस्कन्धः समाप्तः।।**

---

દ્વારા અથવા પ્રકૃષ્ટ પરિણતિ દ્વારા તેનો સમુદ્યોત કરવો તે; [પરમ વૈરાગ્ય કરવાની જિનભગવાનની પરમ આજ્ઞાની પ્રભાવના એટલે (૧) તેની પ્રખ્યાતિ— જાહેરાત— કરવા દ્વારા અથવા (૨) પરમવૈરાગ્યમય પ્રકૃષ્ટ પરિણમન દ્વારા, તેનો સમ્યક્ પ્રકારે ઉદ્યોત કરવો તે;] તેના અર્થે જ (–માર્ગની પ્રભાવના અર્થે જ), પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું મન અતિ ચલિત થતું હતું એવા મેં આ 'પંચાસ્તિકાયસંગ્રહ' નામનું સૂત્ર કહ્યું—કે જે ભગવાન સર્વજ્ઞ વડે ઉપજ્ઞ હોવાથી (–વીતરાગ સર્વજ્ઞ જિનભગવાને સ્વયં જાણીને પ્રણીત કરેલું હોવાથી) 'સૂત્ર' છે, અને જે સંક્ષેપથી સમસ્તવસ્તુતત્ત્વનું (સર્વ વસ્તુના યથાર્થ સ્વરૂપનું) પ્રતિપાદન કરનારું હોવાથી, અતિ વિસ્તૃત એવા પણ પ્રવચનના સારભૂત છે (–દ્વાદશાંગરૂપે વિસ્તીર્ણ એવા પણ જિનપ્રવચનના સારભૂત છે).

આ રીતે શાસ્ત્રકાર (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ) પ્રારંભેલા કાર્યના અંતને પામી, અત્યંત કૃતકૃત્ય થઈ, પરમનૈષ્કર્મ્યરૂપ શુદ્ધસ્વરૂપમાં વિશ્રાંત થયા (—પરમ નિષ્કર્મપણારૂપ શુદ્ધસ્વરૂપમાં સ્થિર થયા) એમ શ્રદ્ધવામાં આવે છે (અર્થાત્ એમ અમે શ્રદ્ધીએ છીએ). ૧૭૩.

આ રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) સમયવ્યાખ્યા નામની ટીકામાં **નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગ-પ્રપંચવર્ણન** નામનો દ્વિતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

[ હવે, 'આ ટીકા શબ્દોએ કરી છે, અમૃતચંદ્રસૂરિએ નહિ' એવા અર્થનો એક છેલ્લો શ્લોક કહીને અમૃતચંદ્રાચાર્યદેવ ટીકાની પૂર્ણાહુતિ કરે છે : ]

**स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-**
**र्व्याख्या कृतेयं समयस्य शब्दैः।**
**स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति**
**कर्तव्यमेवामृतचन्द्रसूरेः ॥८॥**

**इति पञ्चास्तिकायसंग्रहाभिधानस्य समयस्य व्याख्या समाप्ता।**

---

[શ્લોકાર્થ :—] પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (–યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ આ સમયની વ્યાખ્યા (–અર્થસમયનું વ્યાખ્યાન અથવા પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્રની ટીકા) કરી છે; સ્વરૂપગુપ્ત (–અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત) અમૃતચંદ્રસૂરિનું (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી. [ ૮ ]

આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પંચાસ્તિકાયસંગ્રહ નામના સમયની અર્થાત્ શાસ્ત્રની (શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત સમયવ્યાખ્યા નામની) ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

**સમાપ્ત**

# श्री पंचास्तिकायसंग्रहनी वर्णानुक्रम गाथासूची


| | गाथा | पृष्ठ |
|---|---|---|
| **अ** | | |
| अगुरुलघुगेहिं सया | ८४ | १२८ |
| अगुरुलहुगा अणंता | ३१ | ५६ |
| अण्णाणादो णाणी | १६५ | २३१ |
| अण्णोण्णं पविसंता | ७ | १८ |
| अत्ता कुणदि सभावं | ६५ | १०३ |
| अभिवंदिऊण सिरसा | १०५ | १५३ |
| अरसमरूवमगंधं | १२७ | १७७ |
| अरहंतसिद्धचेदिय | १६६ | २३२ |
| अरहंतसिद्धचेदिय | १७१ | २३८ |
| अरहंतसिद्धसाहुसु | १३६ | १८६ |
| अविभत्तमणण्णत्तं | ४५ | ७६ |
| अंडेसु पवड्ढंता | ११३ | १६३ |
| **आ** | | |
| आगासकालजीवा | ६७ | १४२ |
| आगासकालपोग्गल | १२४ | १७५ |
| आगासं अवगासं | ६२ | १३७ |
| आदेसमेत्तमुत्तो | ७८ | ११८ |
| आभिणिसुदोधिमण | ४१ | ७२ |
| आसवदि जेण पुण्णं | १५७ | २१७ |
| **इ** | | |
| इंदसदवंदियाणं | १ | ४ |
| इंदियकसायसण्णा | १४१ | १९५ |
| **उ** | | |
| उदयं जह मच्छाणं | ८५ | १२६ |
| उदएण उवसमेण य | ५६ | ९३ |
| उद्दंसमसयमक्खिय | ११६ | १६६ |
| उप्पत्ती व विणासो | ११ | २७ |
| उवओगो खलु दुविहो | ४० | ७१ |
| उवभोज्जमिंदिएहिं | ८२ | १२५ |
| उवसंतखीणमोहो | ७० | ११० |
| **ए** | | |
| एक्को चेव महप्पा | ७१ | १११ |
| एदे कालागासा | १०२ | १४८ |
| एदे जीवणिकाया | १२० | १७० |
| एदे जीवणिकाया | ११२ | १६२ |
| एयरसवण्णगंधं | ८१ | १२४ |
| एवमभिगम्म जीवं | १२३ | १७४ |
| एवं कत्ता भोत्ता | ६६ | १०६ |
| एवं पवयणसारं | १०३ | १४६ |
| एवं भावमभावं | २१ | ४२ |
| एवं सदो विणासो | १६ | ३७ |
| एवं सदो विणासो | ५४ | ९० |
| **ओ** | | |
| ओगाढगाढणिचिदो | ६४ | १०३ |

| | गाथा | पृष्ठ |
|---|---|---|
| **क** | | |
| कम्ममलविप्पमुक्को | २८ | ५४ |
| कम्मस्साभावेण य | १५१ | २०८ |
| कम्मं कम्मं कुव्वदि | ६३ | १०२ |
| कम्मं पि सगं कुव्वदि | ६२ | ९९ |
| कम्मं वेदयमाणो जीवो | ५७ | ९४ |
| कम्माणं फलमेक्को | ३८ | ६८ |
| कम्मेण विणा उदयं | ५८ | ९५ |
| कालो त्ति य ववदेसो | १०१ | १४७ |
| कालो परिणामभवो | १०० | १४६ |
| कुव्वं सगं सहावं | ६१ | ९९ |
| केचित्तु अणावण्णा | ३२ | ५६ |
| कोधो व जदा माणो | १३८ | १९१ |
| **ख** | | |
| खंधं सयलसमत्थं | ७५ | ११४ |
| खंधा य खंधदेसा | ७४ | ११३ |
| खीणे पुव्वणिबद्धे | ११६ | १६६ |
| **ग** | | |
| गदिमधिगदस्स देहो | १२९ | १८० |
| **च** | | |
| चरियं चरदि सगं | १५९ | २२० |
| चरिया पमादबहुला | १३९ | १९२ |
| **छ** | | |
| छक्कापक्कमजुत्तो | ७२ | १११ |
| **ज** | | |
| जदि हवदि गमणहेदू | ९४ | १३९ |
| जदि हवदि दव्वमण्णं | ४४ | ७८ |
| जम्हा उवरिट्ठाणं | ९३ | १३८ |
| जम्हा कम्मस्स फलं | १३३ | १८५ |
| जस्स जदा खलु पुण्णं | १४३ | १९७ |
| जस्स ण विज्जदि रागो | १४६ | २०१ |
| जस्स ण विज्जदि रागो | १४२ | १९६ |
| जस्स हिदएणुमेत्तं | १६७ | २३३ |
| जह पउमरायरयणं | ३३ | ६१ |
| जह पोग्गलदव्वाणं | ६६ | १०५ |
| जह हवदि धम्मदव्वं | ८६ | १३० |
| जं सुहमसुहमुदिण्णं | १४७ | २०४ |
| जाणदि पस्सदि सव्वं | १२२ | १७२ |
| जादो अलोगलोगो | ८७ | १३१ |
| जादो सयं स चेदा | २९ | ५६ |
| जायदि जीवस्सेवं | १३० | १८० |
| जीवसहावं णाणं | १५४ | २१३ |
| जीवा अणाइणिहणा | ५३ | ८६ |
| जीवाजीवा भावा | १०८ | १५८ |
| जीवा पोग्गलकाया | ६७ | १०६ |
| जीवा पोग्गलकाया | २२ | ४४ |
| जीवा पोग्गलकाया | ४ | १० |
| जीवा पोग्गलकाया | ९१ | १३७ |
| जीवा पोग्गलकाया | ९८ | १४३ |
| जीवा संसारत्था | १०९ | १६० |
| जीवो त्ति हवदि चेदा | २७ | ५२ |
| जीवो सहावणियदो | १५५ | २१५ |
| जूगागुंभीमक्कण | ११५ | १६५ |
| जे खलु इन्दियगेज्झा | ९९ | १४४ |
| जेण विजाणदि सव्वं | १६३ | २२८ |
| जेसिं अत्थि सहाओ | ५ | १३ |

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦




| | गाथा | पृष्ठ |
|---|---|---|
| जेसिं जीवसहावो | ३५ | ६४ |
| जो खलु संसारत्थो | १२८ | १७६ |
| जोगणिमित्तं गहणं | १४८ | २०५ |
| जो चरदि णादि पेच्छदि | १६२ | २२७ |
| जो परदव्वम्हि सुहं | १५६ | २१६ |
| जो सव्वसंगमुक्को | १५८ | २१८ |
| जो संवरेण जुत्तो | १४५ | १९९ |
| जो संवरेण जुत्तो | १५३ | २१२ |
| **ण** | | |
| ण कुदोचि वि उप्पण्णो | ३६ | ६५ |
| णत्थि चिरं वा खिप्पं | २६ | ४६ |
| ण य गच्छदि धम्मत्थी | ८८ | १३२ |
| ण वियप्पदि णाणादो | ४३ | ७७ |
| ण हि इंदियाणि जीवा | १२१ | १७१ |
| ण हि सो समवायादो | ४९ | ८५ |
| णाणं धणं च कुव्वदि | ४७ | ८२ |
| णाणावरणादीया भावा | २० | ३६ |
| णाणी णाणं च सदा | ४८ | ८३ |
| णिच्चो णाणवगासो | ८० | १२२ |
| णिच्छयणएण भणिदो | १६१ | २२४ |
| णेरइयतिरियमणुया | ५५ | ९२ |
| **त** | | |
| तम्हा कम्मं कत्ता | ६८ | १०८ |
| तम्हा धम्माधम्मा | ९५ | १४० |
| तम्हा णिव्वुदिकामो | १६९ | २३६ |
| तम्हा णिव्वुदिकामो | १७२ | २३९ |
| ति त्थावरतणुजोगा | १११ | १६२ |
| तिसिदं व भुक्खिदं | १३७ | १९० |
| ते चेव अत्थिकाया | ६ | १६ |
| **द** | | |
| दवियदि गच्छदि | ९ | २३ |
| दव्वं सल्लक्खणियं | १० | २४ |
| दव्वेण विणा ण गुणा | १३ | २९ |
| दंसणणाणचरित्ताणि | १६४ | २२९ |
| दंसणणाणसमग्गं | १५२ | २१० |
| दंसणणाणाणि तहा | ५२ | ८७ |
| दंसणमवि चक्खुजुदं | ४२ | ७६ |
| देवा चउण्णिकाया | ११८ | १६७ |
| **ध** | | |
| धम्मत्थिकायमरसं | ८३ | १२७ |
| धम्मादीसद्दहणं | १६० | २२२ |
| धम्माधम्मागासा | ९६ | १४० |
| धरिदुं जस्स ण सक्कं | १६८ | २३४ |
| **प** | | |
| पज्जयविजुदं दव्वं | १२ | २८ |
| पयडिट्ठिदिअणुभाग | ७३ | ११२ |
| पाणेहिं चदुहिं जीवदि | ३० | ५८ |
| पुढवी य उदगमगणी | ११० | १६१ |
| **ब** | | |
| बादरसुहुमगदाणं | ७६ | ११६ |
| **भ** | | |
| भावस्स णत्थि णासो | १५ | ३२ |
| भावा जीवादीया | १६ | ३३ |


Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦




| | गाथा | पृष्ठ |
|---|---|---|
| भावो कम्मणिमित्तो | ६० | ६८ |
| भावो जदि कम्मकदो | ५६ | ६७ |
| **म** | | |
| मग्गप्पभावणट्ठं | १७३ | २५० |
| मणुसत्तणेण णट्ठो | १७ | ३५ |
| मुणिऊण एतदट्ठं | १०४ | १५१ |
| मुत्तो फासदि मुत्तं | १३४ | १८६ |
| मोहो रागो दोसो | १३१ | १८३ |
| **र** | | |
| रागो जस्स पसत्थो | १३५ | १८८ |
| **व** | | |
| वण्णरसगंधफासा | ५१ | ८७ |
| ववगदपणवण्णरसो | २४ | ४६ |
| ववदेसा संठाणा | ४६ | ८० |
| विज्जदि जेसिं गमणं | ८६ | १३४ |
| **स** | | |
| सण्णाओ य तिलेस्सा | १४० | १६३ |
| सत्ता सव्वपयत्था | ८ | १८ |
| सद्दो खंधप्पभवो | ७६ | १२० |
| सपयत्थं तित्थयरं | १७० | २३७ |
| सब्भावसभावाणं | २३ | ४५ |
| समओ णिमिसो कट्ठा | २५ | ४८ |
| समणमुहुग्गदमट्ठं | २ | ६ |
| समवत्ती समवाओ | ५० | ८६ |
| समवाओ पंचण्हं | ३ | ८ |
| सम्मत्तणाणजुत्तं | १०६ | १५४ |
| सम्मत्तं सद्दहणं | १०७ | १५६ |
| सव्वत्थ अत्थि जीवो | ३४ | ६३ |
| सव्वे खलु कम्मफलं | ३६ | ७० |
| सव्वेसिं खंधाणं | ७७ | ११७ |
| सव्वेसिं जीवाणं | ९० | १३६ |
| सस्सदमध उच्छेदं | ३७ | ६७ |
| संठाणा संघादा | १२६ | १७७ |
| संबुक्कमादुवाहा | ११४ | १६४ |
| संवरजोगेहिं जुदो | १४४ | १९८ |
| सिय अत्थि णत्थि उहयं | १४ | ३० |
| सुरणरणारयतिरिया | ११७ | १६६ |
| सुहदुक्खजाणणा वा | १२५ | १७६ |
| सुहपरिणामो पुण्णं | १३२ | १८४ |
| सो चेव जादि मरणं | १८ | ३६ |
| **ह** | | |
| हेदुमभावे णियमा | १५० | २०८ |
| हेदू चदुव्वियप्पो | १४९ | २०६ |


Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250